मुख्यमंत्री जी के नेतृत्व में एक नई जैव प्रौद्योगिकी नीति 2022-27 की घोषणा की गई है। गुजरात जैव प्रौद्योगिकी नीति जैव प्रौद्योगिकी के क्षेत्र में आत्मनिर्भर गुजरात से आत्मनिर्भर भारत के सपने को साकार करने में मदद करेगी। नई जैव प्रौद्योगिकी नीति के साथ, गुजरात को देश के अग्रणी राज्यों में स्थान प्राप्त होगा। राज्य में औद्योगिक क्षेत्र में 20,000 करोड़ रुपये से अधिक के निवेश की उम्मीद है। 1 लाख 20 हजार से अधिक रोजगार के नए अवसर सृजित होंगे। नई जैव प्रौद्योगिकी नीति राज्य में नवाचार पारिस्थितिकी तंत्र को और मजबूत करेगी। इसका उद्देश्य गुजरात को नए निवेश के लिए पसंदीदा स्थान बनाना है। इसमें सेक्टर में निवेशकों को सुविधाओं का प्रावधान भी शामिल है।

**राजस्व प्रबंधन**

राजस्व विभाग के राजस्व उन्मुख दृष्टिकोण की नींव में छह सिद्धांतों का योगदान महत्वपूर्ण रहा है। (1) पारदर्शिता और मैत्रीपूर्ण प्रशासन (2) बदलती आवश्यकताओं के अनुसार नीति निर्माण (3) प्रशासन में विकेन्द्रीकरण (4) प्रक्रियाओं का सरलीकरण (5) उचित भूमि प्रबंधन (6) कार्य का निर्माण और जिम्मेदार तंत्र का गठन। ये बुनियादी राजस्व सिद्धांतों के द्वारा सार्वजनिक कार्यों के प्रति सरकार की प्रतिबद्धता के दर्शन होते हैं।

यदि शासन का एक महत्वपूर्ण पहलू है, तो वह राजस्व प्रबंधन है। प्रदेश का प्रत्येक व्यक्ति अपने प्रश्नों-समस्याओं या अपने किसी कार्य के लिए राजस्व विभाग से जुड़ा रहता है। लोक कल्याण के इस मुद्दे को ध्यान में रखते हुए, राज्य सरकार ने राजस्व विभाग में आमूल परिवर्तन लाने और नागरिकों की सेवा के साथ प्रशासन में पारदर्शिता लाने के साथ-साथ लोगों के प्रश्नों-समस्याओं के त्वरित समाधान के लिए जनहित में कई महत्वपूर्ण निर्णय लिए हैं।

- मेरी सरकार द्वारा निश्चित सरकारी सेवाओं में शपथ पत्र सेल्फ-घोषणा को छूट देने का ऐतिहासिक निर्णय लिया गया है। साथ ही डिजिटली प्रमाणित प्रॉपटी कार्डऑनलाइन जारी करने तथा गैर कृषि आदेशों के बाद ऑटो जनरेशन के माध्यम से प्रापर्टी कार्ड उपलब्ध कराने का निर्णय लिया गया है।
- डिजिटल गुजरात के निर्माण के लिए, ई-गवर्नेंस के माध्यम से राज्य के लोगों को घर बैठे राजस्व सुविधा प्रदान करने के लिए और समुदाय उन्मुख सेवाओं को अधिक पारदर्शी रूप से प्रदान करने के उद्देश्य से, कोई भी व्यक्ति घर से निर्धारित शुल्क का भुगतान किसी भी प्रकार के ऑनलाइन माध्यम से कर, एक आधिकारिक प्रति प्राप्त

कर सकता हैं।

- राजस्व मेलों के आयोजन का एक नया प्रयोग मेरी सरकार द्वारा नागरिकों के राजस्व संबंधी प्रश्नों का मौके पर ही त्वरित निस्तारण करने के उद्देश्य से किया गया है। जिसके अनुसार हाल ही में नवसारी, वलसाड और आणंद में राजस्व मेलों का आयोजन किया गया, जिसमें प्राप्त कुल 813 आवेदनों में से 313 का मौके पर ही निस्तारण कर दिया गया.

**स्टाम्प के क्षेत्र में महत्वपूर्ण नागरिकोन्मुख पहल**

- भौतिक गैर-न्यायिक पत्रों की बिक्री पर रोक लगाकर नागरिकों को 4566केंद्रों पर आसानी से ई-स्टांपिंग प्रमाण पत्र उपलब्ध कराने की व्यवस्था की गई है।
- नागरिकों को अनिवार्य पंजीकरण योग्य दस्तावेजों में स्टाम्प शुल्क के लिए ई-भुगतान सुविधा का विकल्प दिया जाता है।
- हाल ही में राज्य के गुजरात भू-राजस्व अधिनियम-1879 में संशोधन करके (1) राजस्व अधिकारी/प्राधिकरण/न्यायालय के आदेश की सूचना, (2) बैंक द्वारा ऑनलाइन अधिभार दाखिल करने की सूचना, (3) जिन मामलों में बैंकों द्वारा ऑनलाइन अधिभारदर्ज किया गया है, उन मामलों में ऑनलाइन अधिभार कम करने की सूचना समेत तीन प्रकार की सूचनाओं के मामले में 135 (डी) की नोटिस के पश्चात आपत्ति दर्ज कराने की समय सीमा 30 दिनों से घटाकर 10 दिनों की करने का प्रजाहित का निर्णय किया गया है।
- इसके अलावा, राज्य सरकार ने मुंबई भू-राजस्व अधिनियम-1879 की धारा 73-एए के तहत आदिवासी लोगों द्वारा धारित भूमि के हस्तांतरण की प्रक्रिया को ऑनलाइन करने का निर्णय लिया है।

**वन और पर्यावरण** जलवायु परिवर्तन की वैश्विक चुनौती के बीच, गुजरात सरकार लोगों द्वारा मानव को दिए गए अमूल्य वन संसाधनों और पर्यावरण को संरक्षित करने और लोगों को उन्मुख तरीके से खेती करने के लिए काम कर रही है।

राज्य में वन विभाग द्वारा प्रति वर्ष वन उत्सव, मैंग्रोव रोपण, समुद्री जीवन का संरक्षण, शून्य कार्बन उत्सर्जन को बढ़ावा देना, एशिया की सबसे बड़ी बन्नी ग्रासलैंड सीमांकन की विभिन्न परियोजनाएं, स्टैच्यू ऑफ यूनिटी की विभिन्न परियोजनाएं, सीवरेज़ के पानी के लिए रिट्रीट और पुन: उपयोग का संचालन की नीतियां तुरंत ही अपना ध्यान आकर्षित करती हैं।

- गुजरात राज्य में अद्वितीय मानी जानेवाली वन्यजीव समृद्धि है। वन्यजीवों के संरक्षण और संवर्धन के लिए विभिन्न योजनाएं लागू की जा रही हैं जिसके अंतर्गत अब तक कुल 844 से अधिक व्हेल शार्क को बचाया जा चुका है। चिड़ियाघर प्रजनन कार्यक्रम के तहत सकरबाग चिड़ियाघर में अब तक 55 शेर शावकों और 45 भेड़ियों के शावकों का जन्म और पालन-पोषण हुआ है। वन्यजीवों के बचाव और अन्य शिकायतों के निवारण के लिए वन्यजीव हेल्पलाइन नंबर स्थापित किया गया है। मकरसंक्रांति (उत्तरायण) के दौरान पतंग की डोर से घायल हुए पक्षियों को बचाने और उनका इलाज करने के लिए करूणा अभियान चलाया जाता है।वन्य जीवों से मानव जाति एवं नुकसान के मुआवज़े में हाल ही में बढ़ोत्तरी कर मानव मृत्यु के लिए पाँच लाख रुपये का मुआवजा दिया जाता है।

**सामाजिक वनीकरण योजना**

- गुजरात वन विभाग द्वारा की गई 2021 वृक्ष गणना के अनुसार 39.75 करोड़ वृक्ष हो गए हैं। यह 2003 की तुलना में वृक्षों की संख्या में 58.36% की वृद्धि है।

**पर्यावरण**

- गुजरात बायोमेडिकल वेस्ट मैनेजमेंट के मामले में पूरे देश में सबसे आगे है। कोविड महामारी के दौरान उत्पन्न बायोमेडिकल वेस्ट का प्रभावी ढंग से निस्तारण किया गया।
- आजादी का अमृत महोत्सव के तहत राज्य के 800 से अधिक गांवों में औद्योगिक घरानों की मदद से 100 मीट्रिक टन से अधिक प्लास्टिक कचरे को एकत्र और पुनर्चक्रित किया गया।
- देवभूमि द्वारका जिले के देवभूमि शिवराजपुर बीच को अंतरराष्ट्रीय स्तर के ब्लू फ्लैग बीच के रूप में मान्यता दी गई है, जो एक अधिक आकर्षक पर्यटन स्थल प्रदान करता है।

**खेल, युवा एवं सांस्कृतिक गतिविधियाँ** राज्य सरकार राज्य के युवाओं को खेल के क्षेत्र में बढ़ावा देने और उन्हें राष्ट्रीय और अंतरराष्ट्रीय स्तर पर स्थापित करने के लिए प्रतिबद्ध है। राज्य सरकार ने तत्कालीन मुख्यमंत्री और देश के प्रधानमंत्री श्री नरेंद्र भाई मोदी के “खेलेगा गुजरात, जीतेगा गुजरात” मंत्र को साकार करने के लिए खेल को कई नए आयाम दिए हैं। नतीजतन, राज्य के कई युवा प्रतिभाशाली खिलाड़ियों ने गुजरात का गौरव बढ़ाया है।

- गुजरात खेल प्राधिकरण नडियाद (जिला-खेड़ा) में विभिन्न खेलों के लिए "उच्च प्रदर्शन केंद्र" कार्यरत है। इसमें अत्याधुनिक तीरंदाजी, एथलेटिक्स, ताइक्वांडो, वॉलीबॉल और कुश्ती अकादमियां कार्यरत हैं। जिसमें कुल 17 विशेषज्ञ प्रशिक्षकों द्वारा 97 पुरूषों और 65 महिलाओं के साथ वैज्ञानिक तरीके से कुल 162 खिलाड़ियों को प्रशिक्षित किया जा रहा है।
- खेलो इंडिया की वॉलीबॉल और एथलेटिक्स अकादमी भी नडियाद (जी-खेड़ा) में "हाई परफॉर्मेंस सेंटर" में काम कर रही है। जिसमें फिलहाल खेलो इंडिया के कुल 28 खिलाड़ी प्रशिक्षण ले रहे हैं।
- नडियाद (जिला-खेड़ा) में राज्य स्तरीय हाई परफॉर्मेंस सेंटर में खिलाड़ियों को विशेषज्ञ प्रशिक्षकों द्वारा वैज्ञानिक रूप से प्रशिक्षित किया जा रहा है। खिलाड़ियों को राष्ट्रीय और अंतरराष्ट्रीय स्तर पर बेहतर प्रदर्शन करने में सक्षम बनाने के लिए स्ट्रेंथ एंड कंडीशनिंग ट्रेनर,

स्पोर्ट्स फिजियोथेरेपिस्ट, स्पोर्ट्स न्यूट्रिशनिस्ट और स्पोर्ट्स मसाज जैसी सुविधाएं प्रदान की जाती हैं।

- नडियाद में कार्यरत विभिन्न खेल अकादमियों के खिलाडियों ने राष्ट्रीय व अंतरराष्ट्रीय पदक जीतकर प्रदेश व देश को गौरवान्वित किया है। जिसमें से सरिता गायकवाड़ को एशियन गेम्स में गोल्ड मेडल मिला है, जो राज्य और देश के लिए बड़े गर्व की बात है।
- नडियाद (जिला-खेड़ा) में हाई परफॉर्मेंस सेंटर की तरह ही राज्य सरकार द्वारा राज्य में अन्य जगहों पर भी विभिन्न खेलों के लिए हाई परफॉर्मेंस सेंटर विकसित किए जाएंगे।

**शक्तिदूत योजना**

- राष्ट्रीय और अंतरराष्ट्रीय स्तर पर उपलब्धियां हासिल करने और राज्य और राष्ट्र का नाम रोशन करने के लिए राज्य के खेल के क्षेत्र में प्रतिभाशाली खिलाड़ियों के लिए वर्ष 2006 में गुजरात सरकार द्वारा शक्तिदूत योजना लागू की गई है।
- खिलाड़ियों के प्रदर्शन और भविष्य में उनकी आवश्यकताओं के अनुसार अच्छा प्रदर्शन करने की संभावनाओं को ध्यान में रखते हुए पौष्टिक आहार, अत्याधुनिक खेल सुविधाएं, अत्याधुनिक उपकरण, खेल किट, प्रतियोगिता खर्च, विशेषज्ञ प्रशिक्षकों की सेवाएं, मेडिक्लेम उपलब्ध कराने के साथ-साथ मनोवैज्ञानिक कार्यशालाओं और खेल चिकित्सा जैसी चीजों के लिए खिलाड़ियों को आवश्यकता (नीड बेस) समर्थन के अनुसार प्रोत्साहन प्रदान करने का प्रावधान है।
- शक्तिदूत योजना में (1) सुश्री अंकिता रैना (टेनिस)(2) कु. ईलावेनिल वलारिवन (शूटिंग) (3) सुश्री. माना पटेल (तैराकी) उनके खेल से संबंधित गहन प्रशिक्षण के लिए प्रदान की गई वित्तीय सहायता ने हाल ही में टोक्यो ओलंपिक खेलों में देश का प्रतिनिधित्व करके उनका गौरव बढ़ाया है। जबकि (1) सुश्री भाविना पटेल (पैरा - टेबल टेनिस) (2) सुश्री पारुल परमार (पैरा-बैडमिंटन) और (3) सुश्री सोनल पटेल (पैरा - टेबल टेनिस) ने हाल ही में टोक्यो ओलंपिक खेलों में राज्य की ओर से देश का प्रतिनिधित्व करते हुए गौरव बढ़ाने के बदले में शक्तिदूत योजना अंतर्गत वित्तीय सहायता प्रदान की गई है।
- **"राष्ट्रीय शायर झवेरचंद मेघाणी" की 125वीं जयंती के उत्सव के उपलक्ष** में 28/08/2021 को गांधीनगर स्थित महात्मा के मंदिर में राज्य स्तरीय कार्यक्रम मनाया गया। जहां माननीय मुख्यमंत्री, गुजरात राज्य द्वारा श्री मेघाणीजी की जीवन गाथा और कार्यों पर वेबपोर्टल का शुभारंभ किया गया। झवेरचंद मेघाणीजी का साहित्य राज्य के 282 जिलों और तहसील केंद्रों में कार्यरत सरकारी पुस्तकालयों में जनता के लिए उपलब्ध कराया गया है और हर सरकारी पुस्तकालय में "मेघाणी साहित्य कॉर्नर" स्थापित किया गया है।
- राज्य के जूनागढ़, अहमदाबाद, मेहसाणा, वडोदरा और राजकोट में जिला स्तरीय सरकारी पुस्तकालयों को 500 लाख रुपये की लागत से अत्याधुनिक सुविधाओं से लैस "स्मार्ट लाइब्रेरी" में बदल दिया गया है।
- गांधीनगर नगर निगम के सहयोग से, गांधीनगर में सरकारी जिला पुस्तकालय को 15 करोड़ रुपये की लागत से अत्याधुनिक सेवाओं से लैस एक बहुमंजिला इमारत में बदल दिया गया है।

- स्टैच्यू ऑफ यूनिटी पर 25 करोड़ रुपये की लागत से भारत के 562 राज्यों, जो कि स्वतंत्रता के समय देश के साथ जुड़कर अखंड भारत के निर्माण में सहभागी बने थे उन राज्यों की विरासत को दर्शाने वाले अत्याधुनिक संग्रहालय पर कार्य प्रगति में है।

**वित्त प्रबंधन**

राज्य सरकार 'सबका साथ सबका विकास और सबका विश्वास' के माध्यम से गुजरात को विकास की ओर ले जाने के लक्ष्य के साथ आगे बढ़ी है। आज गुजरात सूचना प्रौद्योगिकी का अधिकतम उपयोग कर सर्वोत्तम वित्तीय प्रबंधन और सर्वोत्तम वित्तीय अनुशासन के माध्यम से देश का रोल मॉडल साबित हो रहा है।

- सभी बजट संचालन ऑनलाइन किए जाते हैं। विधानसभा में बजट पेश होते ही वित्त विभाग की वेबसाइट पर जनता को कर एवं नियोजन की जानकारी ऑनलाइन उपलब्ध हो जाती है।
- राज्य के सभी 33 जिला कोषालय कार्यालयों में वेतन, पेंशन और सरकारी दावों का भुगतान सीधे ई-पेमेंट के माध्यम से लाभार्थी के खाते में जमा किया जाता है।
- आरबीआई के ई-कुबेर पोर्टल के साथ आईएफएमएस का एकीकरण किया गया है। जिसके तहत राज्य के सभी जिला कोषालय कार्यालयों/पीएओ/पीपीओ से ई-कुबेर के माध्यम से ई-भुगतान शुरू किया गया है।ऐसा करने से व्यक्ति को शीघ्र भुगतान किया जा सकेगा।
- डिजिटल गुजरात के तहत छात्रों को देय छात्रवृत्ति और यूनिफॉर्म सहायता की राशि आधार के माध्यम से ई-भुगतान द्वारा लाभार्थी के खाते में जमा होता है।
- दिनांक 01/04/2021 से दिनांक 31/12/2021 तक **तेईस हजार छह सौ पिचहत्तर करोड़ रूपये के उन्नतीस लाख सतासी हजार दो सौ पिचानवे** व्यवहारों का एकाउन्टिंग सफलतापूर्वक पूर्ण कर लिया गया है।
- साइबर ट्रेजरी पोर्टल राज्य करों के समय पर ऑनलाइन संग्रह के लिए काम कर रहा है।
- एकीकृत वित्तीय प्रबंधन प्रणाली के तहत राज्य करदाताओं को इंटरनेट बैंकिंग सुविधा के माध्यम से अपने करों का ऑनलाइन भुगतान करने की सुविधा उपलब्ध कराई गई है। फिलहाल जीएसटी, प्रोफेशनल टैक्स, रॉयल्टी, रोड टैक्स, लेबर फीस और सिक्योरिटी डिपॉजिट, स्टांप ड्यूटी आदि ऑनलाइन वसूले जाते हैं।
- प्रदेश के लगभग **चार लाख सतासी हजार चार सौ तेरह** पेंशनभोगियों की पेंशन का भुगतान कोषागार कार्यालयों के माध्यम से ई-पेमेंट द्वारा किया जाता है। जिन्हें प्रतिमाह लगभग **एक हजार छह सौ करोड़** पेंशन का भुगतान किया जाता है।
- राज्य सरकार ने अब तक अहमदाबाद, गांधीनगर, वडोदरा, राजकोट, सूरत जिलों में अलग-अलग पेंशन भुगतान कार्यालय शुरू किए हैं, ताकि जिन जिलों में पेंशनभोगियों की संख्या अधिक है, वहां पेंशनभोगियों को परेशानी न हो।
- **"जीवन प्रमाण पोर्टल"** की सुविधा उपलब्ध कराई गई है ताकि पेंशनभोगी घर पर अपने अस्तित्व का सत्यापन कर सकें।
- पेंशनभोगियों को बड़ी राशि जैसे कि पेंशन का पूंजीकृत रूपांतरण, ग्रेच्युईटी की राशि का भुगतान ई-भुगतान द्वारा किया जाता है।

- गुजरात सामूहिक समूह दुर्घटना बीमा योजना के अंतर्गत कुल 3.88 करोड़ से अधिक लाभार्थी शामिल किए गए हैं।
- इस योजना के लाभार्थियों में खाताधारक किसान और खाताधारक किसान के पति / पत्नी और उसके सभी बच्चे, असंगठित मजदूर, गुजरात के प्राथमिक से कॉलेज तक के छात्र, पुलिस कर्मी, विधवाएं, विकलांग, हीरा कारीगर शामिल हैं।
- **सूचना एवं प्रसारण** राज्य सरकार के महत्वपूर्ण निर्णय और लोक कल्याण योजना का आधिकारिक विवरण, प्रमुख कार्यक्रम की जानकारी, प्रेस सूची, लेख, फोटो, टीवी कवरेज, वेबसाइट, वेब कास्टिंग, ई-मेल के माध्यम से विभिन्न मीडिया को नियमित रूप से दिया जाता है।
- मान्यता प्राप्त पत्रकारों की सुरक्षा के लिए राज्य सरकार ने पत्रकारों के लिए सामूहिक बीमा योजना लागू की है। इस योजना के तहत प्राकृतिक मृत्यु के मामले में 25 से 60 वर्ष की आयु के बीच के प्रतिष्ठित पत्रकारों को शामिल कर प्राकृतिक मृत्यु होने पर 1 लाख रुपये और दुर्घटना में मृत्यु होने पर 5 लाख रुपये का बीमा कवर प्रदान किया जाता है। जिसके तहत 1226 मान्यता प्राप्त पत्रकारों को बीमा कवर प्रदान किया गया है।

  राज्य सरकार की विभिन्न कल्याणकारी योजनाओं की जानकारी शीघ्रता से प्राप्त करने के लिए राज्य के भीतरी इलाकों के लोगों के लिए वृत्तचित्र फिल्मों, विशेष मल्टीमीडिया वृत्तचित्रों के साथ-साथ टीवी क्विकी / जिंगल का निर्माण किया गया है।
- **क्लाइमेट चेन्ज** प्रदेश में स्वच्छ एवं हरित विद्युत उत्पादन को बढ़ावा देने के लिए राज्य सरकार द्वारा घोषित पवन ऊर्जा नीति-2016 के तहत चालू वर्ष के दौरान जनवरी-2022 तक प्रदेश में 488 मेगावाट क्षमता के पवन ऊर्जा फार्म चालू कर दिये गये हैं। इस प्रकार राज्य की कुल पवन ऊर्जा उत्पादन क्षमता बढ़कर 8987 मेगावाट हो गई है।

प्रदेश में स्वच्छ एवं हरित विद्युत उत्पादन को बढ़ावा देने के लिए राज्य सरकार द्वारा घोषित सौर ऊर्जा नीति-2021 के तहत चालू वर्ष के दौरान जनवरी-2022 तक कुल 1997 मेगावाट क्षमता के सौर ऊर्जा संयंत्र चालू किए जा चुके हैं।इस प्रकार राज्य की कुल सौर उत्पादन क्षमता बढ़कर 6269 मेगावाट हो गई है।

**आयोजन** विकेंद्रीकृत जिला योजना कार्यक्रम के तहत वर्ष 2021-22 के दौरान एक हजार तीन सौ पाँच करोड़ रुपये का प्रावधान स्वीकृत किया गया। जिसके तहत अप्रैल-2021 से जनवरी-2022 के दौरान कुल 35,219 कार्य पूरे किए जा चुके हैं। इस योजना के तहत मुख्य रूप से ग्रामीण सड़कें, प्राथमिक शिक्षा के लिए प्राथमिक विद्यालय के कमरे, प्राथमिक स्वास्थ्य केंद्रों / उप केंद्रों के लिए भवन और परिसर की दीवार, एम्बुलेंस वैन / शववाहिनी की खरीद, नए विद्युतिकरण कार्य, आंगनबाड़ी घरों और परिसर की दीवार और जलापूर्ति आदि कार्यों से सामूहिक स्तर पर ग्रामीण वर्ग के लोगों की जरूरतों को पूरा किया जाएगा।

**अन्न, नागरिक आपूर्ति और ग्राहक मामलों का विभाग**

गुजरात सरकार यह सुनिश्चित करने के लिए लगातार प्रयास कर रही है कि सभी नागरिकों को पर्याप्त और समय पर भोजन मिले।खाद्य, नागरिक आपूर्ति और उपभोक्ता मामले विभाग का

मुख्य उद्देश्य **'सर्वजन हिताय, सर्वजन सुखाय'** के आदर्श वाक्य को अपनाकर नागरिकों को खाद्य सुरक्षा और पोषण सुरक्षा प्रदान करना है।

- सार्वजनिक वितरण प्रणाली को और अधिक पारदर्शी और प्रभावी बनाने के लिए, अब नागरिकों को राशन कार्ड, भोजन वितरण, उचित मूल्य की दुकान का विवरण और सेवाएं My Ration Mobile App से केवल मोबाइल ऐप पर ही उपलब्ध कराई जा रही हैं।
- राज्य सरकार द्वारा जनहितपूर्ण निर्णय के रूप में दाल के दाम 50/- रूपये प्रति किलो कर यदि भविष्य में दाल के दाम बढ़ जाए तो सब्सिडी के माध्यम से भरपाई की जाएगी और सत्रह हजार से अधिक पंडित दीनदयाल ग्राहक भंडार के संचालकों के कमिशन में बढ़ोतरी करने का निर्णय किया गया है।
- कानूनी माप विज्ञान प्रणाली द्वारा वजन माप लाइसेंस, प्रमाण पत्र और पंजीकरण के लिए इज़ ऑफ डूईंग बिजनेस के तहत एक ऑनलाइन प्रणाली लागू की गई है। इस प्रशासन तंत्र ने दिसंबर 2021 तक एक लाख से अधिक इकाइयों का निरीक्षण किया और अभियोजन के मामले दर्ज कर 80 लाख रुपये की राशि के समान अपराध मंडावली फीस की वसूली की है।
- **ई-दखिल**-प्रदेश में ग्राहकों की शिकायतों के निवारण हेतु ऑनलाइन प्रकरण दर्ज करने की सुविधा दिनांक 24/12/2020 से प्रारम्भ की गयी है। इससे ग्राहक अपनी शिकायत ऑनलाइन दर्ज करा सकता है।
- राज्य उपभोक्ता विवाद आयोगों में दर्ज मामले 100% ऑनलाइन अपलोड किए जाते हैं। इसकी जानकारी पार्टियों को 24 घंटे के भीतर एसएमएस के जरिए दी जाती है।

ऐसे समय में जब स्वतंत्रता का 75वां वर्ष एक से अधिक कारणों से यादगार बनता जा रहा है, गुजरात, जिसका ध्येय सर्वांगीण विकास के माध्यम से सभी का कल्याण करना है, जिसका लक्ष्य सुशासन, सुरक्षा, समृद्धि की स्थापना करना है और सुरक्षा, समृद्धि और प्रगति जिसकी नीति रही है, पारदर्शी प्रशासन जिसकी कार्यप्रणाली रही है, उस राज्य के रूप में चौदहवीं विधानसभा के आप सभी सम्मानित सदस्यों को इस सत्र के मंगल प्रारंभ के अवसर पर संबोधित करते हुए मुझे खुशी हो रही है। मेरी सरकार ने कोरोनाकाल की इस अत्यंत विकट स्थिति के बावजूद प्रजा को इस वैश्विक महामारी से सुरक्षा प्रदान करने के लिए चरणों में नागरिकों के साथ-साथ व्यापारियों के हित में निर्णय लेकर एक आदर्श और पारदर्शी सरकार की भूमिका निभाई है। सुशासन सप्ताह, आत्मनिर्भर ग्राम यात्रा, सेवासेतु कार्यक्रम और गरीब कल्याण मेला जैसे जनहितलक्षी कार्यक्रमो के माध्यम से जन जन तक, ज्यादा से ज्यादा योजनाओ से लाभान्वित करने हेतु मेरी सरकार का सुदृढ आयोजन सराहनीय है।

आप सभी ने जनता के प्रतिनिधियों ने संसदीय लोकतंत्र की प्रणाली के अनुसार 14वीं विधानसभा के सदस्यों के रूप में कार्य किया है। मेरी सरकार आर्थिक प्रगति और जनशक्ति विकास के लिए प्रतिबद्ध है, जो मानवीय संवेदनाओं से प्रेरित है और उसके लिए सामाजिक और आर्थिक परिवर्तन को एक नया मोड़ प्रदान करने के लिए मेरी सरकार प्रतिबद्ध रहेगी। लोगों के कल्याण की अवधारणा को साकार करने के लिए **"सबका साथ, सबका विकास और सबका प्रयास"** के सूत्र से मेरी सरकार द्वारा किए गए भगीरथ प्रयासों के परिणामस्वरूप,

गुजरात के लोगों में सरकार के प्रति अपनापन पनपा है। भविष्य में भी गुजरात के विकास को प्रजाकल्याण के कार्यों के माध्यम से और अधिक ऊंचाईयों पर ले जाने के लिए अधिक से अधिक समुदाय उन्मुख निर्णयों में सहभागी बनकर सवा छह करोड़ गुजरातियों के समग्र विकास और उत्कर्ष के लिए सक्रिय रूप से प्रयास करेंगे, इसी विश्वास के साथ आप सभी को मेरी शुभकामनाएँ व्यक्त करता हूँ।

**जय जय गरवी गुजरात**

**जय हिंद**

*****

માનનીય અધ્યક્ષ મહોદયા તથા વિધાનસભાના માનનીય સદસ્યશ્રીઓ,

ચૌદમી ગુજરાત વિધાનસભાના દસમાં સત્રના મંગલ પ્રારંભે આપ સૌનું હૃદયપૂર્વક સ્વાગત કરું છું. આ સત્રના શુભારંભે સૌ પ્રથમ અહિંસાના પૂજારી અને સત્યના સાધક રાષ્ટ્રપિતાશ્રી મહાત્મા ગાંધીજી, અખંડ ભારતના નિર્માતા શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ, મૂક સેવક પૂજ્યશ્રી રવિશંકર મહારાજ તથા આ વર્ષને આપણે આઝાદીનું ૭૫મું વર્ષ 'આઝાદીના અમૃત મહોત્સવ' તરીકે ઉજવી રહ્યાં છીએ ત્યારે દેશની આઝાદીમાં અમુલ્ય ફાળો આપનાર તમામ સ્વાતંત્ર્ય સેનાનીઓનું સ્મરણ કરીને તેઓને શ્રદ્ધાપૂર્વક વંદન કરું છું.

ગુજરાત વિધાનસભાના ઈતિહાસમાં પ્રથમ વખત મહિલા અધ્યક્ષ અધ્યક્ષપદ સુશોભિત કરી રહ્યાં છે જે ગુજરાતની મહિલા સશક્તિકરણમાં પ્રગતિ અને કટિબદ્ધતા દર્શાવે છે.

ગુજરાત એટલે સુખ, શાંતિ,સલામતી અને સ્થિર શાસનનો પર્યાય. ગુજરાત એટલે વિકાસના દરેક ક્ષેત્રમાં મોખરે રહેવા કટિબદ્ધ રાજ્ય. ગુજરાતની આ છબી પાછળ રાજ્યને છેલ્લા બે દાયકામાં મળેલું કુશળ અને દીર્ઘદ્રષ્ટિપૂર્ણ નેતૃત્વ રહ્યું છે. ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને હાલના દેશના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ રાજ્યના સર્વાંગી વિકાસ માટે અથાગ પ્રયાસો કર્યા, જેના પરિણામે ગુજરાત વિશ્વના નકશામાં સૌથી ઝડપી વિકસી રહેલા પ્રદેશ તરીકે ઊભરી આવ્યુંછે. રાજ્યમાં સૌથી વધુ મૂડી રોકાણ, ઉદ્યોગોનો વિકાસ, પ્રવાસીઓની સંખ્યામાં વધારો. આ બધાનું શ્રેય ગુજરાત સરકારને જાય છે.

મારી સરકારે જનહિત માટે શું કર્યું એનું સરવૈયું અને આગામી સમયમાં ભવ્ય અને દિવ્ય ગુજરાતના નિર્માણ માટેના પ્રગતિપથના રોડમેપની અનુભૂતિનો આ સુવર્ણકાળ છે. પ્રત્યેક ગુજરાતી બાંધવને જનહિતલક્ષી કાર્યો, નીતિઓ, યોજનાઓની સુપેરે જાણકારી આપવાનો આ સમય છે.

ભારતના લોક લાડીલા પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ કંડારેલા ગુજરાતના વિકાસપથ પર મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને તેમની ઉર્જાવાન ટીમ ગુજરાતે નવા આત્મવિશ્વાસ સાથે સુરાજ્યના સ્વપ્નને સાકાર કરવાના નવા અધ્યાયનો આરંભ કર્યો છે. જેના ભાગ સ્વરૂપે છેવાડાના માનવીને પ્રજાલક્ષી સેવાઓનો લાભ સરળતાથી ઉપલબ્ધ થાય તે માટે શક્ય તેટલા નીતિ નિયમો સરળ બનાવી સામાન્ય પ્રજાની સુખાકારીમાં વધારો કરવા મારી સરકાર કટિબદ્ધ છે.

૨૬ જુલાઈ ૨૦૦૮ના રોજ અમદાવાદમાં આતંક ફેલાવવાના હેતુથી જાહેર તથા ભીડભાડવાળા સ્થળો ઉપર થયેલ શ્રેણીબદ્ધ બૉંબ વિસ્ફોટના પરિણામે ૫૬ લોકોનાં મોત થયા હતા અને ૨૪૦ લોકો વિવિધ પ્રકારની ઈજા પામેલ હતા ઉપરાંત સુરત પોલીસ દ્વારા શહેરના જુદા જુદા વિસ્તારોમાંથી ૨૯ બોમ્બ રિકવર કરેલ હતા. ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદી અને રાજ્યમંત્રી (ગૃહ) શ્રી અમિતભાઇ શાહ દ્વારા આ ઘટનાની ખૂબ જ ગંભીરતાથી નોંધ લેવામાં આવેલ અને તેઓએ સૂઝબૂઝથી નિર્ણય કર્યો હતો કે આ પ્રકારની આતંકવાદી પ્રવૃત્તિઓ માત્ર ગુજરાતમાં જ નહિ પરંતુ સમગ્ર દેશમાંથી બંધ થવી જોઈએ. શ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં ગુજરાત સરકારે આ કેસો શોધી કાઢવા અને આ જઘન્ય ગુનાના ગુનેગારોને પકડવા માટે વિશેષ પોલીસ ટીમ બનાવવામાં આવેલ જેઓ દ્વારા કરવામાં આવેલ ઘનિષ્ઠ તપાસના આધારે વિશેષ નિયુક્ત ન્યાયાધીશની અદાલત દ્વારા કેસની ટ્રાયલ ચલાવવામાં આવેલ જેમાં ૪૯ આરોપીઓને દોષિત ઠેરવતા ૩૮ આરોપીઓને મૃત્યુદંડ (ફાંસી)ની સજા તથા ૧૧ આરોપીઓને આજીવન (જીવે ત્યાં સુધી) કેદની સજા કરવામાં આવેલ છે. તપાસ અને ત્યારબાદના ચુકાદાએ સુનિશ્ચિત કર્યું છે કે રાષ્ટ્ર વિરોધી આતંકવાદી પ્રવૃત્તિઓને સહન કરવામાં આવશે નહીં અને તેની સાથે સંકળાયેલ તમામ વ્યક્તિઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.

કોરોના મહામારીથી દેશના નાગરિકોને સુરક્ષિત કરવા વિશ્વના સૌથી મોટા મફત સામૂહિક રસીકરણનું અભિયાન પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ શરૂ કરવામાં આવેલ છે. જેમાં ગુજરાત હંમેશા અન્ય રાજ્યોની સરખામણીમાં અગ્રેસર રહ્યું છે. રાજ્યના ગ્રામીણ તથા શહેરી વિસ્તારોમાં આરોગ્યકર્મીઓએ તનતોડ મહેનત કરી મહત્તમ નાગરિકોને રસીકરણથી સુરક્ષિત બનાવ્યાં છે. ગુજરાતના રસીકરણ અભિયાનમાં એક વર્ષ જેટલા સમયમાં જ ૧૮ વર્ષથી ઉપરની ૯૯.૩ ટકા વસતીને પ્રથમ ડોઝ તથા ૯૫.૫ ટકા વસતીને રસીના બંને ડોઝ અપાઈ ચૂક્યાં છે. જે બાબત સરકારની પ્રજાને આરોગ્ય સુવિધાઓ પુરી પાડવાની કટિબદ્ધતા દર્શાવે છે. રાજ્યના આઠ કોર્પોરેશન, દસ જિલ્લા, ૧૩૬ તાલુકા,

## તા. ૨જી માર્ચ ૨૦૨૨

## રાજ્યપાલશ્રીનું સંબોધન

૧૬,૯૪૬ ગામોમાં પહેલા ડોઝનું ૧૦૦ ટકા રસીકરણ પૂર્ણ કરવામાં આવ્યું છે. આ ઉપરાંત તાજેતરમાં જ શરૂ કરવામાં આવેલ ૧૫ થી ૧૮ વર્ષના કિશોરોના રસીકરણમાં પણ રાજ્યના ૮૪.૪ ટકાથી વધુ કિશોરોને પ્રથમ ડોઝ તથા ૭૬.૧ ટકાથી વધુ કિશોરોને રસીના બંન્ને ડોઝ અપાઈ ચુક્યા છે. રાજ્યના નાગરિકોને કોરોનાથી સુરક્ષિત કરવા નક્કર કામગીરી હાથ ધરી પ્રિકોશન ડોઝ આપવાની કામગીરીના ભાગરૂપે રાજ્યમાં ૨૦.૩૭ લાખ ડોઝ આપવામાં આવ્યાં છે. આમ, ગુજરાતમાં અત્યાર સુધીમાં કુલ ૧૦.૨૯ કરોડથી વધુ રસીના ડોઝ સાથે ગુજરાતે કોરોના રસીકરણ ક્ષેત્રે આગવી સિદ્ધિ મેળવી છે. જેમાં શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વવાળી મારી સરકારે શાસનના ૧૪૫ દિવસોમાં ૫ કરોડથી વધુ રસીના ડોઝ આપવાની સિદ્ધી હાંસલ કરેલ છે. કોરોના રસીકરણમાં ગુજરાતે મેળવેલ સિદ્ધિની વિગતો પર નજર કરીએ તો વિશ્વના અગ્રણી વિકસીત દેશો કરતાં પણ વધુ ઝડપથી રસીકરણ કરી દેશમાં ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે અને તેની સફળતાનો શ્રેય મારા આરોગ્યકર્મીઓ તથા ગુજરાતની ખમીરવંતી પ્રજાને છે.

સુશાસન એ સ્વરાજ સમયથી નાગરિકોની ઝંખના હતી. આઝાદી મળી ત્યારથી દેશને સ્વરાજ મળ્યું હતું પરંતુ સુરાજ્ય નહીં. પૂર્વ વડાપ્રધાન સ્વ. શ્રી અટલ બિહારી વાજપેયીજીએ સુરાજ્યની વ્યાખ્યા કરી હતી. આપણા લોકલાડીલા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દરેક આયામોમાં સુશાસનની કલ્પના દેશ સમક્ષ પ્રસ્તુત કરી છે. દેશના મુખ્ય તમામ રાજ્યો વચ્ચે રહેલી સુશાસન સ્પર્ધાની સ્પર્ધાત્મક સૂચકાંકમાં ગુજરાત સમગ્ર દેશમાં પ્રથમ રહ્યું છે જે દરેક ગુજરાતીઓ માટે ગૌરવની વાત છે. આમ મારી સરકારે ગુડ ગવર્નન્સ દ્વારા મિનિમમ ગવર્નમેન્ટ થી મેક્સિમમ ગવર્નન્સ આપી પ્રજાની અપેક્ષા ઉપર ખરા ઉતરવા પૂરતી નિષ્ઠા અને કટિબદ્ધતાથી કામ કર્યું છે.

સુશાસન નિમિત્તે 'સ્વાગત ઑનલાઇન કાર્યક્રમ'ને સમયાનુકૂળ વધુ અદ્યતન સુવિધાઓ સાથે સુદ્રઢ બનાવી રહ્યા છીએ. રાજ્યમાં ઝડપી અને સરળ વહીવટની નેમ સાથે ગુજરાતની હાલની વહીવટી કાર્યપદ્ધતિને સંપૂર્ણપણે પેપરલેસ કરવા તેમજ સરકારના વિભાગો વચ્ચે સંકલન અને સુદ્રઢીકરણ માટે 'ઇ-સરકાર' ઍપ્લિકેશનનો પણ પ્રારંભ કર્યો છે. આ ઍપ્લિકેશન સચિવાલયના વિભાગો, ખાતાના વડાની કચેરીઓ તથા કલેક્ટર કચેરી, જિલ્લા વિકાસ અધિકારીઓની કચેરી જેવી જિલ્લા કક્ષાની કચેરીઓ અને તાલુકા કક્ષાની કચેરીઓ સુધી કાર્યરત થશે. આ ઉપરાંત રાજ્ય સરકાર દ્વારા વિવિધ ગુડ ગવર્નન્સ પહેલનો પ્રારંભ કરાવામાં આવ્યો છે.જેમાં જાહેર વિતરણ વ્યવસ્થા વધુ પારદર્શક અને અસરકારક બનાવતી – My Ration Mobile App, સ્વરોજગારની ડિજિટલ સેવા આપતાં ઈ-કુટીર પોર્ટલ, વન વિભાગ દ્વારા ટિંબર ટ્રાન્ઝિટ પાસ મંજૂરી માટેના પોર્ટલ, પાણીપુરવઠા વિભાગની સુગ્રથિત વ્યાપક કાર્યપદ્ધતિ માટે એન્ટરપ્રાઇઝ ઍપ્લિકેશન પ્લૅટફૉર્મ અને મોબાઇલ ઍપનો સમાવેશ થાય છે.ગુજરાતે સુશાસનની દિશામાં શ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વ અને દિશાદર્શનમાં આજથી બે-અઢી દાયકા પહેલાં જ નક્કર પરિણામદાયી ડગ માંડી દીધાં હતાં.

મારી સરકારના કાર્યકાળ દરમિયાન ગુજરાતના વિકાસની રફતાર અને વિકાસદરની વૃદ્ધિ સરકારની દ્રઢ નિર્ણાયકતાની મજબૂત ગવાહી આપે છે. જનહિત માટે ઝડપી નિર્ણયો તથા તેનો અસરકારક અમલ "ટીમ ગુજરાત" ની નિર્ણાયકતાને પ્રતિબિંબિત કરે છે. ''કરુણા અભિયાન''થી અબોલ પશુપંખી માટેની કાળજીથી માંડીને જનજનની સુરક્ષા અને સુખાકારીની શ્રેણીબદ્ધ યોજનાઓ દ્રૃઢ નિર્ણાયકતાની સાક્ષી આપે છે. મહેસુલી કાયદાઓમાં મોટાપાયે જનહિતલક્ષી પરિવર્તનો કરી રાજ્યના સામાન્ય જનની સુખાકારીને પ્રાધાન્ય અપાયું છે. ખેડૂત કલ્યાણ, ઉદ્યોગ, શિક્ષણ,પંચાયતીરાજ,અનુસૂચિત જાતિ-જનજાતિ, અન્ય પછાત વર્ગો અને વંચિતોના વિકાસ,યુવાનોનું કૌશલ્ય નિર્માણ અને નારી સશક્તીકરણના ક્ષેત્રને વધુ વેગ મળ્યો છે. ગુજરાત આજે અનેક ક્ષેત્રમાં અગ્રેસર છે અને એટલે જ રાજ્યના જનજનને સરકારની નિર્ણાયકતા અને પારદર્શકતાની પ્રતીતિ થઈ રહી છે. માથાદીઠ આવક અને માથાદીઠ ખર્ચમાં ગુજરાત દેશમાં મોખરે રહ્યું  છે. નીતિ આયોગ દ્વારા જાહેર કરાયેલા એક્સપોર્ટ કોમ્પિટેટિવનેસ ઇન્ડેક્સ-૨૦૨૦ મુજબ નિકાસ ક્ષેત્રે સમગ્ર દેશમાગુજરાત નંબર વન છે.

દેશમાં વિકાસના રોલ મૉડલ રહેલા ગુજરાતની ગૌરવગાથામાં વધુ એક સિદ્ધિનું સિમાચિહ્ન ઉમેરાયું છે. ભારત સરકારના વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયે પ્રસિદ્ધ કરેલા લોજિસ્ટિક્સ ઇઝ અક્રોસ ડિફરન્ટ સ્ટેટસ ઇન્ડેક્સ (LEADS)-2021માં ગુજરાતે માલ સામાનની સરળતાથી હેરફેરની કાર્યદક્ષતામાં દેશભરમાં સતત ત્રીજી વાર પ્રથમ સ્થાન મેળવ્યું છે. ગુજરાતે આ અગાઉ ૨૦૧૮ અને ૨૦૧૯ માં LEADSઇન્ડેક્સમાં પ્રથમ ક્રમ મેળવવાની સિદ્ધિ મેળવેલી છે.

આપત્તિઓમાં એક નીડર સરકારના નિર્ણાયક નેતૃત્વ હેઠળ પારદર્શક, પ્રગતિશીલ નિર્ણયોના દર્શન દરેક ગુજરાતીઓએ કર્યા છે. કોરોના મહામારી સામે આખું વિશ્વ લડી રહ્યું છે ત્યારે મારી સરકાર સામાજિક, આર્થિક, શૈક્ષણિક અને આરોગ્ય વિષયક અનેક મહત્ત્વપૂર્ણ નિર્ણયો લઈ ગુજરાતની જનતાની પડખે સતત ઊભી રહી છે. આજે ગુજરાતના વિકાસની સરખામણી દેશના અન્ય રાજ્યો જ નહીં પરંતુ વિશ્વના વિકસિત દેશો સાથે થઈ રહી છે.

ગુજરાતની બહુવિધ ક્ષેત્રોની ગૌરવ સિદ્ધિમાં વધુ એક મોરપીંછ વર્લ્ડ હેરિટેજ સાઈટસની જાહેર કરેલી યાદીમાં કચ્છના હડપ્પન સંસ્કૃતિના પ્રાચીનત્તમ નગર ધોળાવીરાને સ્થાન આપ્યું તે છે. યુનેસ્કોએ ગુજરાતને ચાર-ચાર વર્લ્ડ હેરિટેજ સાઈટ્સ ધરાવતા રાજ્યનું ગૌરવ પ્રદાન કર્યું છે.આ અગાઉ ૨૦૦૪માં ચાંપાનેરને, ૨૦૧૪માં રાણકી વાવને, ૨૦૧૭માં અમદાવાદને વિશ્વના પ્રથમ વર્લ્ડ હેરિટેજ સિટીની ગૌરવ સિદ્ધિ સાંપડી છે. હવે, ૨૦૨૧માં યુનેસ્કોએ કચ્છના ધોળાવીરાનો વર્લ્ડ હેરિટેજ સાઈટની યાદીમાં સમાવેશ કરીને વિશ્વ વિરાસત નકશામાં ગુજરાતના મહત્ત્વમાં વધુ એક યશકલગીનો ઉમેરો થયો છે.

## ફાલ્ગુન ૧૧, શાકે ૧૯૪૩
## રાજ્યપાલશ્રીનું સંબોધન

જન સામાન્યના વિકાસની નવતર પરિભાષા અનુભવી શકાય છે જેમાંજળસંચય, જળસંવર્ધન અને જળવિતરણ માટેનો સુજલામ, સુફલામ જળઅભિયાન સ્વરૂપે ભગીરથ પ્રયાસ ગુજરાતે દેશ અને દુનિયાને બતાવ્યો છે. લોકોના પ્રશ્નો અને મુશ્કેલીઓ તેમના દ્વારે જઈને સેવાસેતુના માધ્યમથી ઉકેલવામાં આવ્યા છે. શહેરો અને ગામોના સમતોલ વિકાસની પરિભાષા ગુજરાતમાં અંકિત થઈ છે. ખેડૂતો, મહિલાઓ, યુવાનો, વંચિતો, વનબંધુઓ સમાજના તમામ લોકોને વિકાસની મુખ્યધારામાં લાવવાના સમુચિત પ્રયાસો "ટીમ ગુજરાત" ના દ્રઢ નિર્ણયો અને પરિણામલક્ષી કાર્યપ્રણાલીને કારણે શક્ય બન્યાં છે.

મારી સરકાર દ્વારા દેશની આઝાદીનાં ૭૫ વર્ષ પૂર્ણ થવાના અવસરે ઊજવાઈ રહેલા 'આઝાદી કા અમૃત મહોત્સવ' અંતર્ગત ત્રિદિવસીય આત્મનિર્ભર ગ્રામ યાત્રાનો ઐતિહાસિક ખેડા જિલ્લાના મહેમદાવાદથી રાજ્યવ્યાપી પ્રારંભ કર્યો હતો. ગામડાઓના સર્વાંગી વિકાસ થકી ગુજરાતને 'આત્મનિર્ભર' બનાવવાનો રાજ્ય સરકારનો સંકલ્પ છે.'આત્મનિર્ભર ગ્રામયાત્રા'દ્વારા રાજ્યના ૯૯૩ રૂટ ઉપર પરિભ્રમણ કરી ૧૦૯૦જિલ્લા પંચાયત બેઠકોને આવરી લેવાઇ હતી. આ યાત્રા થકી ગ્રામજનોને વિવિધ યોજનાકીય બાબતો અંગે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતું. જે અંતર્ગત રૂ. ૯૬૭.૮૨ કરોડના વિવિધ વિકાસ કામોના ખાતમુહૂર્ત, રૂ. ૪૪૧.૮૯ કરોડના વિવિધ લોકાર્પણ તેમજ રૂ. ૧૬૭.૫૪ કરોડની વિવિધ વ્યક્તિલક્ષી યોજનાકીય લાભોના એક સહાય વિતરણ મળી કુલ ૧૫૭૭.૨૬ કરોડના કામો / સહાય વિતરણ કરવામાં આવી હતી.

સુશાસન સપ્તાહની ઉજવણીદરમ્યાન રૂ. ૯૭૮.૫૮ કરોડના ૨૦,૧૯૦ કામોના ખાતમૂર્હુત તથા રૂ. ૬૬૩.૧૦ કરોડના ૨૨,૪૯૦ કામોના લોકાર્પણ કરવામાં આવ્યાંછે. તથા બે લાખ સીત્તેર હજાર સાતસોથી વધુ સરકારી પ્રમાણપત્ર, દસ્તાવેજી સહાયના કામો અને નાણાકીય લાભવાળી યોજનાના સંદર્ભે ૪૦,૭૦૭ લાભાર્થીઓને કુલ ૮૧.૦૯ કરોડની સહાય આપવામાં આવી છે.

રાજ્ય સરકારના વહીવટી તંત્રને પારદર્શક અને વેગવંતુ બનાવવાના હેતુથી નાગરિકોનીવ્યકિતલક્ષી રજૂઆતોનો સ્થળ પર નિકાલ થાય,તે માટે રાજ્યના ખૂણે ખૂણાનો પ્રવાસ કરી લોકોનો પ્રત્યક્ષ સંપર્ક સાધી તેમના પ્રશ્નોને હલ કરવાનો આગવો અભિગમ મારી સરકારે અપનાવ્યો છે. જેના ભાગરૂપે'સેવા સેતુ કાર્યક્રમ' હેઠળ કુલ સાત તબક્કામાં મળેલ કુલ બે કરોડ છેતાળીસ લાખ કરતાં વધુ અરજીઓ પૈકી ૯૯.૮૭ % અરજીઓનો સ્થળ પર જ નિકાલ કરવામાં આવેલ છે.

રાજ્યના ગરીબ પરિવારોને આર્થિક રીતે સ્વનિર્ભર બનાવવા અને સ્વરોજગારી માટે સહાયરૂપ થવા માટે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ તા.૨૪ થી ૨૬ ફેબ્રુઆરી દરમિયાન રાજયવ્યાપી ગરીબ કલ્યાણ મેળાના ૧૨મા તબક્કાનું આયોજન કરી આ ત્રણેય દિવસો દરમિયાન ૫૭,૨૩૧ લાભાર્થીઓને ૧૫૪.૪૪ કરોડની સહાય સ્થળ ઉપર ચુકવવામા આવી છે.

રાજ્યમાં સુશાસનના ૧૨૧ દિવસની જનસેવાની પરિશ્રમ યાત્રાના ભાગરૂપે મુખ્યમંત્રીશ્રી અને તેમની ઊર્જાવાન ટીમ ગુજરાત દ્વારા ઘર આંગણે ગુણવત્તાસભર આરોગ્ય સેવાઓ, લોકાભિમુખ વહીવટ, સરળ ઝડપી અને પારદર્શક મહેસૂલી સેવાઓ, સૌને પોષણ અને સૌને આહાર, નારી ગૌરવ મહિલા સશક્તિકરણ, સૌને આશરો સૌને આવાસ, ખુશહાલ ખેડૂત હરીયાળુ ગુજરાત, સ્માર્ટ સીટી, સુદ્રઢ પરીવહન સેવાવગેરે જેવી અનેક બાબતો પર ચોક્કસ આયોજન સાથેની નિશ્ચિત સમયમર્યાદામાં પ્રજાને અર્પિત કરેલી સેવાઓને હું હ્રદયપૂર્વક બિરદાવું છું અને હજુ પણ આવનાર દિવસોમાં વધુને વધુ પ્રજાલક્ષી નિર્ણયો દ્વારા રાજ્યની સુખાકારીમાં ઉત્તરોઉત્તર વધારો કરવા રાજ્ય સરકાર ચોક્કસપણે કામ કરશે તેનો હું વિશ્વાસ અપાવું છું.

કોરોનાના કપરા કાળમાં રાતદિવસ ગુજરાતની પ્રજાની સેવામાંસમર્પિત મારી સરકારે વિકાસના અન્ય પાસા જેવા કે જગતના તાત એવા ખેડૂતો માટે વિવિધ ખેડૂત કલ્યાણની યોજનાઓ, રાજ્યના સુંદર ભવિષ્યના નિર્માણ માટે નવી શિક્ષણ નીતિની ઘોષણા,સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ પોલિસી ૨.૦ અનેનવી ગુજરાતબાયો-ટેક્નોલોજી પોલિસીની જાહેરાત,તાલુકા કક્ષા સુધીના વહીવટી માળખાને સુદ્રઢ કરતી ઈ-સરકાર એપ્લિકેશન, વિવિધ આરોગ્ય કાર્યક્રમ થકી જનતાના આરોગ્યની ચિંતા અને તેમની સુખાકારી માટે લીધેલ અસરકારક પગલા, પ્રજાને લગતી વિવિધ મહેસૂલી સેવાઓનો ઘરઆંગણે જ ઉકેલ લાવવાની દિશામાં મહેસૂલી મેળાઓનું આયોજન, રાજ્ય સરકારના વિવિધ વિભાગોની ખાલી જગ્યાઓ પર કરાયેલ બહોળી ભરતી, રાજ્યના સર્વાંગી વિકાસ માટે અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, અન્ય પછાત વર્ગોઅને વંચિતોના વિકાસ માટે વિવિધ પ્રજાલક્ષી યોજનાઓ, રાજ્યના ઈન્ફોર્મેશન ટેક્નોલોજી ક્ષેત્રે હરણફાળ ભરવા નવી આઈ.ટી. પોલિસીની જાહેરાત વિગેરે બાબતો થકી મારી સરકારે ગુજરાતના આગવા અને સર્વવ્યાપક વિકાસ થકી ભારતના વિકાસની એક ઉમદા ભાવનાને ચરિતાર્થ કરેલ છે જેને હું આજના પ્રસંગે બિરદાવું છું અને ઉત્તરોત્તર મારી સરકાર વિકાસના વધુને વધુ નવા આયોમો સર કરવા પ્રતિબદ્ધ છે તેનો વિશ્વાસ પણ અપાવું છું.

માનનીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના વડપણવાળી કેન્દ્ર સરકારના સહકારથીરાજ્યનો સર્વવ્યાપી વિકાસ:

- પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના-મુખ્યમંત્રી અમૃતમ યોજનાહેઠળ અત્યાર સુધીમાં કુલ ૧.૧૮ કરોડ લાભાર્થીઓની નોંધણી "પી.એમ.જે.એ.વાય.-મા " સોફ્ટવેરમાંકરી આયુષ્માન કાર્ડ આપવામા આવેલ છે. આ યોજના હેઠળ અત્યાર સુધીમાં કુલ રૂ. ૧૩૩૫.૮ કરોડના દાવાઓ મંજૂર કરેલ છે.
- ભારત સરકાર દ્વારા જલ જીવન મિશન હેઠળ ગ્રામ્ય વિસ્તારના તમામ ઘરોને વર્ષ ૨૦૨૪ સુધી નળથી પાણી આપવા "નલ સે જલ" યોજનાની જાહેરાત કરેલ છે. જે અંતર્ગત ગુજરાત રાજ્યમાં ૯૩.૦૭ ટકા ઘરોમાં નળથી પીવાનું પાણી

પૂરું પાડવામાં આવે છે. તેમજ ગાંધીનગર, મહેસાણા, પોરબંદર, બોટાદ, આણંદ, વડોદરા, જૂનાગઢ, ડાંગ, ગીર-સોમનાથ, કચ્છ, મોરબી અને પાટણ જિલ્લાઓને અને ૧૩૦ તાલુકાઓને ૧૦૦% પૂર્ણ જાહેર કરેલ છે.ગત વર્ષના ૧૦.૯૪ લાખ ઘરો પૂર્ણ કર્યા પછી, ચાલુ વર્ષમાં અત્યાર સુધીમાં ૮.૨૪ લાખ ઘરોને નળ જોડાણ આપવામાં આવેલ છે.

- કેન્દ્ર સરકાર દ્વારા ખેડૂતોના હિતાર્થે પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ યોજના હેઠળ ગુજરાતના ખેડૂતોને આજદીન સુધીમાં દસ હપ્તાના કુલ રૂપિયા દસ હજાર ત્રણસો બત્રીસ કરોડનું ચુકવણું ૬૧.૭૩ લાખ લાભાર્થીના બેંક એકાઉન્ટમાં સીધું જમા કરવામાં આવેલ છે.
- મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી (મનરેગા) યોજના હેઠળ રાજ્યના ગ્રામ્ય વિસ્તારમાં રહેતા દરેક કુટુંબની જીવનનિર્વાહની તકો વધારવા માટે નાણાંકીય વર્ષમાં કુટુંબદિઠ વધુમાં વધુ ૧૦૦ દિવસની સવેતન રોજગારી આપવામાં આવે છે. જેનો પ્રતિ દિન વેતનનો દર રૂ. ૨૨૯/- છે. મનરેગા યોજના અંતર્ગત નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨માં વિવિધ લાઈન ડિપાર્ટમેન્ટ સાથે કન્વર્ઝન કરી ૮૭૦૦૦થી વધુ વ્યક્તિગત તથા સામુહિક ટકાઉ અસ્ક્યામતના નિર્માણ કરવામાં આવેલ છે તેમજ ૨.૫૦ લાખથી વધુ કામો પ્રગતિ હેઠળ છે. જેમાં કૃષિ અને તેને સંલગ્ન કામો જેવા કે જળસંચય, જળસંગ્રહ, કુદરતી સંશાધન વ્યવસ્થાપન, વનીકરણ, નર્સરી, કેટલ શેડ, જમીન વિકાસ, બાગાયત વિગેરે અને માળખાગત સુવિધાના કામો જેવા કે રસ્તાઓ, ગ્રામ પંચાયત ઘર, આંગણવાડી કેન્દ્રો વિગેરેના સમાવેશ થાય છે.આ યોજના અંતર્ગત ગ્રામીણ વિસ્તારના લોકોને ૫૨૪.૬૬ લાખ માનવદિન રોજગારી પુરી પાડવામાં આવેલ છે. જેમાં કુલ એક હજાર છસો તેત્રીસ કરોડના માતબર ખર્ચે લોકોપયોગી કામો પૂર્ણ કરવામાં આવેલ છે.
- પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) અંતર્ગત ત્રણ લાખ છ હજાર બસો ચુમોતેર આવાસો પૂર્ણ કરવામાં આવેલ છે અને એક લાખ ઓગણીસ હજાર ત્રણસો છેતાલીસ આવાસો પ્રગતિ હેઠળ છે."આઝાદીકા અમૃત મહોત્સવ" અંતર્ગત "આત્મનિર્ભર ગ્રામ યાત્રા''ની ઉજવણી દરમિયાન પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) અંતર્ગત કુલ રૂ. ૧૨૩.૨૬ કરોડના કુલ ૮૦૭૭ આવાસોના લોકાર્પણ કરવામાં આવેલ છે તથા ૧૩,૩૨૯ લાભાર્થીઓને કુલ ૫૩.૩૧ કરોડની સહાય આપવામાં આવેલ છે. ''સુશાસન સપ્તાહ'' ની ઉજવણીના ભાગરૂપે તા. ૩૧/૧૨/૨૦૨૧ ના રોજ પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) અંતર્ગત કુલ રૂ. ૧૧૦.૬૪ કરોડના કુલ ૭૨૫૦ આવાસોના ખાતમુહૂર્ત અને કુલ રૂ. ૧૩૪.૬૦ કરોડના કુલ ૮૮૨૦ આવાસોના લોકાર્પણ કરવામાં આવેલ છે તથા ૧૪૬૪૬ લાભાર્થીઓને કુલ ૬૧.૯૫ કરોડની સહાય આપવામાં આવેલ છે.
- પ્રધાનમંત્રી આવાસ યોજના - હાઉસીંગ ફોર ઓલ (શહેરી) હેઠળ રાજ્યના શહેરો/નગરોને ઝુંપડપટ્ટી મુકત કરી શહેરી વિસ્તારના શહેરી ગરીબો અને મધ્યમ વર્ગના લાભાર્થીઓને વ્યાજબી કિંમતના આવાસો પૂરા પાડવાના ઉમદા હેતુ સાથે આ યોજના શરૂ કરેલ છે જે અન્વયે ૭૭,૫૧૬ નવા આવાસો મંજૂર કરવામાં આવેલ છે અને ૬૮,૯૨૭ આવાસોની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે.આજ દિન સુધીમાં આ યોજના અંતર્ગત કુલ૮.૬૧ લાખ જેટલા આવાસોના આયોજન સામે ૫.૭૨ લાખ જેટલા આવાસોની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે આ યોજનાના અમલીકરણમાં ગુજરાત સમગ્ર દેશમાં પ્રથમ ક્રમે છે.
- સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ)ભાગ-૨ અંતર્ગત ગામને ખુલ્લામાં શૌચમુક્ત જાહેર કરવા માટે ઘન કચરાના વ્યવસ્થાપન અંતર્ગત જૈવિક કચરાના નિકાલ માટે ૧૨,૫૪૧ સામુહિક કમ્પોસ્ટ પીટ અને ૧,૪૯૭ વ્યક્તિગત કમ્પોસ્ટ પીટના બાંધકામ પૂર્ણ કરવામાં આવેલ છે. ઘન કચરાના વ્યવસ્થાપનની કામગીરીના ભાગરૂપે હાલમાં ૪,૮૧૮ ગામોમાં કચરાનું ડોર ટુ ડોર કલેક્શન થાય છે અને ૧,૦૧૭ સેગ્રીગેશન શેડનું બાંધકામ પૂર્ણ કરવામાં આવેલ છે. પ્લાસ્ટિક કચરાના વ્યવસ્થાપન માટે ૪૩૧ MOU કરીને ૫૪૯ ગામોને આવરી લેવામાં આવેલ છે. "આઝાદી કા અમૃત મહોત્સવ" અંતર્ગત "આત્મનિર્ભર ગ્રામ યાત્રા" ની ઉજવણી દરમિયાન "ગોબરધન યોજના" અંતર્ગત કુલ ૨૮ ગોબરધન પ્રોજેક્ટના ભૂમિપૂજન કરવામાં આવેલ છે.સ્વચ્છ ભારત મિશન (શહેરી) હેઠળ મહાનગરપાલિકા અને નગરપાલિકામાં કુલ પાંચ લાખ સાઈઠ હજારથી વધુશૌચાલયો બનાવવામાં આવેલ છે તેમજરાજ્યની ૧૬૪ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓના ૧૩૬૧ વોર્ડમાં ઘન કચરાનું ૧૦૦% ડોર ટુ ડોર કલેક્શન થાય છે તથા રાજયની ૮ મહાનગરપાલીકા અને ૧૫૫ નગરપાલિકાઓમાં પ્લાસ્ટીક વેસ્ટ મેનેજમેન્ટ બાયલોઝ પ્રસિધ્ધ કરી તેનો અમલ કરવામાં આવેલ છે. સમગ્ર ભારતમાં શહેરી વિસ્તારમાં ગુજરાત રાજ્ય સૌ પ્રથમ ખુલ્લામાં શૌચક્રિયા મુક્ત (ODF) જાહેર થયેલ છે.
- ભારત સરકારદ્વારા COVID- 19 થી અસરગ્રસ્ત શેરી ફેરીયાઓ તેઓની આજીવિકા માટે તેમનો વ્યવસાય શરૂ કરી શકે તે હેતુથી શેરી ફેરીયાઓને વર્કીંગ કેપિટલ લોન અપાવવા "PM Street Vendors AtmaNirbhar Nidhi (PM SVANidhi)", ખાસ સૂક્ષ્મ ધિરાણ સુવિધા લાગુ કરવામાં આવેલ છે. જે અન્વયે અત્યાર સુધીમાં

કુલ બે લાખ ઓગણચાલીસ હજાર સાતસો નવ્વાણું લોન મંજૂરી કરી એક લાખ બાણું હજાર ત્રણસો તેર ફેરિયાઓને લોન પૂરી પાડવામાં આવી છે.

- શહેરી વિસ્તારોમાં માળખાકીય સુવિધાઓ ઉભી કરવા અમૃત યોજના યોજના અંતર્ગત રાજ્યના અલગ અલગ શહેરોમાં પાણી પુરવઠા, ગટર વ્યવસ્થાપન, વરસાદી પાણીના નિકાલ, ગાર્ડન અને શહેરી પરિવહન જેવા વિકાસ કાર્યો માટે રૂપિયા સોળ હજાર બસો છોતેર કરોડના ખર્ચે કુલ ૩૨૮ પ્રોજેક્ટસ પૂર્ણ કરવામાં આવેલ છે.
- કેન્દ્ર સરકારશ્રીની જૂન-૨૦૧૬માંબહાર પાડેલ 'નેશનલ સીવીલ એવીએશન પોલિસી-૨૦૧૬'અંતર્ગત 'ઉડાન' યોજના (ઉડેદેશ કા આમ નાગરિક) હેઠળ અમદાવાદથી પોરબંદર, જેસલમેર, કંડલા, જલગાંવ, ઉદયપુર, કિશનગઢ, બેલગાંવ અને નાસિક તેમજ સુરતથી કિશનગઢ અને બેલગાંવ, જામનગરથી બેંગલુરું, હૈદરાબાદ અને કંડલાથી મુંબઈ અને પોરબંદરથી મુંબઈ ફ્લાઈટ શરૂ કરવામાં આવેલ છે. પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના અન્વયે રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા હેઠળ તાજેતરમાં જરૂરિયાતમંદ વધુ ૧૦ લાખ કુટુંબોને આવરી લઈને ૭૦ લાખથી વધુ કુટુંબોની અંદાજિત ૩.૪૬ કરોડ જનસંખ્યાને પોષણયુક્ત આહાર પૂરો પાડવાના ઉમદા હેતુથી ઘઉં, ચોખા, તુવરદાળ, ખાદ્ય તેલ, ખાંડ અને મીઠું તદ્દન રાહત દરે પૂરું પાડવામાં આવે છે. કોરોના મહામારી દરમ્યાન પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના હેઠળ રાજ્યના આશરે ૭૦ લાખ કુટુંબોને ૧૯ મહિના સુધી તેઓને મળવા પાત્ર રાશન ઉપરાંત વધુ પાંચ કિલો અનાજ વિનામૂલ્યે પૂરું પાડવામાં આવેલ છે. આમ, કુલ ૨૮.૫૦ લાખ મેટ્રીક ટન અનાજ અને કઠોળ પૂરું પાડેલ છે.
- મહિલાઓને સ્વચ્છ ઇંધણ પૂરું પાડવાના હેતુથી "પ્રધાનમંત્રી ઉજ્વલા યોજના 2.0" અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા ટૂંકાગાળામાં અંદાજિત ૫.૩૫ લાખ જેટલા ગેસકનેક્શન તથા તેને આનુષાંગિક સાધનો વિનામૂલ્યે આપવામાં આવેલ છે.
- રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન અન્વયે "આઝાદી કા અમૃત મહોત્સવ" અંતર્ગત "આત્મનિર્ભર ગ્રામ યાત્રા"ની ઉજવણી દરમિયાન રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન(NRLM) અંતર્ગત ૪૯,૨૩૦ સ્વસહાય જૂથોને રિવોલ્વીંગ ફંડ અને કલસ્ટર ઇન્વેસ્ટમેન્ટ ફંડ તરીકે રૂ. ૨૨.૬૮ કરોડનું વિતરણ કરવામાં આવ્યુ. "સુશાસન સપ્તાહ" ની ઉજવણીના ભાગરૂપે રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન(NRLM) અંતર્ગત ૨,૪૪૦ સ્વસહાય જૂથોને રૂ. ૧૦.૦૦ કરોડની સહાય આપવામાં આવેલ છે.
- પર ડ્રોપ મોર ક્રોપ યોજના હેઠળ ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨માં કુલ ૬૩,૩૧૩ હેક્ટર વિસ્તારમાં સૂક્ષ્મ પિયત પદ્ધતિ પ્રસ્થાપિત કરી ૪૬,૩૫૩ થી વધુ ખેડૂતોએ આ યોજનાનો લાભ મેળવેલ છે.
- સ્માર્ટ સીટી મિશન અંતર્ગત અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, ગાંધીનગર અને દાહોદ એમ કુલ ૬ શહેરની પસંદગી ભારત સરકાર દ્વારા કરવામાં આવેલ છે. આ મિશન અંતર્ગત કુલ ૩૩૯ પ્રોજેક્ટસના રૂપિયા બાર હજાર છસો એકત્રીસ કરોડમાંથી રૂપિયા પાંચ હજાર ચારસો એકાણું કરોડના ૨૧૨ પ્રોજેક્ટસ પૂર્ણ થયેલ છે.

**આપત્તિ વ્યવસ્થાપન**

અગાઉ ક્યારેક ન જોયું હોય એવું ભયાનક તીવ્રતા સાથે તાઉ-તે વાવાઝોડું ત્રાટક્યું ત્યારે મારી સરકારેઝીરો કેઝ્યુઆલિટીના અભિગમ સાથે વહીવટીતંત્રને આગોતરી તૈયારીઓ કરવા સુચનાઓ આપી સમયસૂચકતા વાપરી સતત ત્રણ દિવસ ડિઝાસ્ટર મેનેજમેંટ ઑથોરિટીના કંટ્રોલ રૂમમાં રાઉન્ડ ધ ક્લોક મોનિટરિંગ કરી બચાવ કામગીરી માટે વહીવટી તંત્રને માર્ગદર્શન આપેલ જેના પરિણામે જાનમાલનું નજીવું નુકસાન થયેલ. આ આપત્તિ સમયે બે લાખથી વધુ લોકો તેમજ પશુપાલકો-પશુઓ અને માછીમારોનું સલામત સ્થળે સ્થળાંતર કરવામાં આવ્યું હતું. આમ, ''ટીમ ગુજરાત'' કોઈપણ કુદરતી આપત્તિને પહોંચી વળવા કટિબદ્ધ છે.

- દેશમાં આપત્તિ વ્યવસ્થાપન ક્ષેત્રે અમૂલ્ય યોગદાન બદલ ભારત સરકાર દ્વારા જાહેર કરાયેલ **'સુભાષચંદ્ર બોઝ આપદા પ્રબંધન પુરસ્કાર ૨૦૨૨'** ની સંસ્થાકીય શ્રેણીમાં ગુજરાત ઈન્સ્ટિટ્યૂટ ઓફ ડિઝાસ્ટર મેનેજમેન્ટને શ્રેષ્ઠ કાર્ય બદલ બિરદાવવામાં આવેલ છે.

**તાલીમ પ્રભાગ**

- સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા (સ્પીપા) ગુજરાત સરકારની પ્રતિષ્ઠિત તાલીમ સંસ્થા છે. સ્પીપા દ્વારા એક નાગરિક કેન્દ્રિત અભિગમ સાથે માનવ સંશાધન કૌશલ્ય વર્ધન દ્વારા સુશાસનને સરળ બનાવવાનો હેતુ પરિપૂર્ણ કરવા રાજ્ય વ્યાપી પ્રવૃતિઓ અંતર્ગત વિવિધ તાલીમ કાર્યક્રમો અને કૌશલ્ય વિકાસની પરીક્ષાઓનું આયોજન થાય છે. તેમજ ગુજરાતના પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને યુ.પી.એસ.સી. સિવિલ સર્વિસ પરીક્ષામાં મોટી સંખ્યામાં સફળ થાય તે માટે યુ.પી.એસ.સી. તાલીમ કેન્દ્ર સ્પીપા દ્વારા શરૂ કરવામાં આવેલ છે. આજ દિન સુધીમાં **કુલ ૨૩૮** ઉમેદવારો યુ.પી.એસ.સી.ની પરીક્ષામાં સફળ થયેલ છે.

**કર્મચારીગણ પ્રભાગ**

## તા. ૨જી માર્ચ ૨૦૨૨
## રાજ્યપાલશ્રીનું સંબોધન

રાજ્યમાં રોજગારીની ઉજ્જવળ તકો ઉપલબધ કરાવવા રોજગારીના ક્ષેત્રે ગુજરાત હંમેશા દેશભરમાં અગ્રેસર રહ્યું છે. આમ, રાજ્યમાં રોજગારીની તકોનું નિર્માણ થાય તે હેતુથી સામાન્ય વહીવટ વિભાગ દ્વારા સમયબદ્ધ ભરતીનું આયોજન કરવામાં આવ્યુ છે.

- કોરોના મહામારીના કહેર દરમિયાન થયેલ વિલંબના લીધે યુવાનો વયમર્યાદાના કારણે પરિક્ષાથી વંચિત ન રહે તે માટે સરકારે સ્પર્ધાત્મક પરિક્ષામાં બેસવા માંગતા વિદ્યાર્થીઓની **વય મર્યાદામાં એક વર્ષનો વધારો** કરવાનો યુવાહિતલક્ષી નિર્ણય કર્યો છે.

**વંચિતોનો વિકાસ**

ગુજરાતના રહેવાસી એવા અનુસૂચિત જાતિનો વર્ગ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો, દિવ્યાંગ, નિરાધાર, વૃદ્ધ તેમજ થર્ડ જેન્ડર જેવા ભિન્ન ભિન્ન વર્ગોના લોકોની વિશિષ્ટ આવશ્યકતાઓને ધ્યાનમાં રાખી સમગ્ર ગુજરાતમાં વખતોવખત ખાસ કાર્યક્રમો, અભિયાનોતથા યોજનાઓ દ્વારા વંચિત સમુદાયના લોકોનું જીવનધોરણ ઊંચું લાવવાના મારી સરકાર દ્વારા અવિરત પ્રયાસો કરવામાં આવ્યાં છે. રાજ્ય સુશાસન સપ્તાહની ઉજવણીના ભાગરૂપે હાલની પ્રક્રિયા વધુ સરળ અને ઝડપી કરી વધુને વધુ લોકાભિમુખ વહીવટ બનાવવાનો પ્રયત્ન કરવામાં આવેલ છે.રાજ્ય સુશાસન સપ્તાહની ઉજવણીના ભાગરૂપે એકજ દિવસે એકજ સ્થળેથી સમગ્ર રાજ્યના કુલ ૬,૬૭૫ જેટલા લાભાર્થીઓને કુલ **ઈક્કોતેર કરોડ સોળ લાખની** લોન/સહાયનું ઓનલાઈન માધ્યમથી લાભાર્થીના બેંક ખાતામાં ચૂકવણું કરવામાં આવ્યું છે.

**અનુસૂચિત જાતિ કલ્યાણ**

- શૈક્ષણિક ,આર્થિક ઉત્કર્ષ ,આરોગ્ય અને વસવાટની યોજનાઓ દ્વારા અનુસૂચિત જાતિના લોકોના સર્વાંગી વિકાસ માટે વર્ષ ૨૦૨૧-૨૨માં જાન્યુઆરી-૨૦૨૨ સુધીમાં રૂપિયા **છસો ચોવીસ કરોડનો** ખર્ચ કરવામાં આવેલ છે.
- પ્રિ.મેટ્રિક શિષ્યવૃતિની યોજનામાં વિદ્યાર્થીઓને રૂ. ૫૦૦ થી રૂ. ૩૦૦૦ ની શિષ્યવૃતિ આપવામાં આવે છે. રૂપિયા **છ્યાંસી કરોડ અડતાલીસ લાખનો** ખર્ચ કરી **ચાર લાખ પાંચ હજાર** કરતાં વધુ વિદ્યાર્થીઓને લાભાન્વિત કરવામાં આવ્યા છે તથા પોસ્ટ મેટ્રિક શિષ્યવૃતિ યોજનામાં હોસ્ટેલરને રૂ. ૪૦૦૦ થી રૂ. ૧૩૫૦૦ તથા ડેસ્કોલરને રૂ. ૨૫૦૦ થી રૂ. ૭૦૦૦ની વાર્ષિક શિષ્યવૃતિ તથા નિયમોનુસાર ટ્યુશન ફી આપી રૂપિયા **બસો છત્રીસ કરોડ તેત્રીસ લાખનો** ખર્ચ કરી સતાણું હજાર ત્રણસો ચૌદ વિદ્યાર્થીઓને લાભ આપ્યો છે.
- ડૉ.આંબેડકર આવાસ યોજનામાં રૂપિયા ૩૯.૩૬ કરોડનો ખર્ચ કરી ૯૦૨૩ લાભાર્થીઓને મકાન બાંધવા માટે સહાય આપવામાં આવેલ છે.

**વિકસતી જાતિ કલ્યાણ**

- રાજ્યના સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગો, આર્થિક રીતે પછાતવર્ગો, લઘમુતીઓ અને વિચરતી વિમુકત જાતિઓના સંર્વાગી વિકાસ માટે જાન્યુઆરી-૨૦૨૨ સુધીમાં રૂપિયા **એક હજાર ઓગણસાઈઠ કરોડનો** ખર્ચ કરવામાં આવેલ છે.
- રાજ્ય સરકાર દ્વારા વિકસતી જાતિઓના શૈક્ષણિક વિકાસ માટે અનેકવિધ પગલા લેવામાં આવી રહ્યા છે. જેમાં આ જાતિઓના અંદાજે ૪૦.૫૩ લાખ વિદ્યાર્થીઓને વિવિધ શૈક્ષણિક યોજનાઓ હેઠળ આશરે રૂપિયા **ત્રણસો સડસઠ કરોડ અડસઠ લાખની** શિષ્યવૃતિ તેમજ પ્રાથમિક ધો.૧ થી ૮માં અભ્યાસ કરતા ૩૩.૩૪ લાખ વિદ્યાર્થીઓને રૂપિયા **એકસો નવ્વાણું કરોડ ચોપ્પન લાખની** ગણવેશ સહાયની રકમ ઓનલાઈન માધ્યમથી વિદ્યાર્થીઓના બેંક ખાતામાં જમા કરવામાં આવી છે.
- સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે પછાત વર્ગની કન્યાઓને મામેરા માટે આપવામાં આવતી સહાય રૂ.૧૦,૦૦૦થી વધારીને રૂ.૧૨,૦૦૦તથા વિદેશમાં ઉચ્ચ કક્ષાના અભ્યાસક્રમો માટે જાન્યુઆરી-૨૨ સુધીમાં અંદાજે ૨૬૦ વિદ્યાર્થીઓને રૂ.૧૪.૭૦ કરોડની લોન આપી વિદેશમાં કોમ્પ્યુટર, આઇ.ટી., એમ.બી.એ., જેવા ઉચ્ચ કક્ષાના અભ્યાસક્રમો માટે મોકલવામાં આવ્યા છે.
- કુંવરબાઇનું મામેરું યોજના અંતર્ગત સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની કુમારીકાઓના લગ્નપ્રસંગે **ત્રેવીસ હજાર ચારસો છેતાલીસ** કુમારિકાઓના મામેરા માટેરૂ. ૨૪.૭૭ કરોડની સહાય આપવામાં આવી છે તથા ૭૧૮ યુગલોને સમૂહ લગ્ન માટે રૂપિયા **ત્રાણું લાખની** સહાય આપવામાં આવી છે.
- પંડિત દિન દયાળ ઉપાધ્યાય આવાસ યોજના અંતર્ગત છેવાડાના અતિપછાત ,વિચરતી વિમુકત જાતિ ,બી.પી.એલ. સહિત સામાજિક અને શૈક્ષણિક પછાતવર્ગ અને આર્થિક પછાતવર્ગના **તેર હજાર સત્તાણું** લાભાર્થીઓને મકાન બાંધવા માટે રૂપિયા **સો કરોડ ચોર્યાશી લાખની** સહાય ચુકવવામાં આવી છે.

**બિનઅનામત વર્ગનો સર્વાંગી વિકાસ**

- રાજ્યના બિનઅનામત વર્ગોના વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે. આ માટે બિન અનામત નિગમ કાર્યરત કરીને વિવિધ યોજનાકીય લાભો રાજ્ય સરકાર દ્વારા પૂરા પાડવામાં આવે છે. આ યોજનાના લાભો લાભાર્થીને સરળતાથી મળી રહે તે માટે તમામ પ્રક્રિયા ઓનલાઈન કરવામાં આવી છે.

**સમાજ સુરક્ષા**

- ચાલુ વર્ષ ૨૦૨૧-૨૨ માં જાન્યુઆરી-૨૦૨૨ સુધીમાં દિવ્યાંગ શિષ્યવૃત્તિની યોજના હેઠળ કુલ **આઠ હજાર નેવ્યાશી** લાભાર્થીઓને રૂપિયા **સત્તાણું લાખ ઓગણીસ હજારની,** દિવ્યાંગ સાધન સહાય યોજના હેઠળ કુલ **આઠ હજાર સાતસો છન્નું** લાભાર્થીઓને રૂપિયા **બે કરોડ બાર લાખની,** દિવ્યાંગ વ્યક્તિને એસ.ટી બસમાં મફત મુસાફરી હેઠળ **ત્રણ લાખ બાર હજાર આઠસો આઠ** લાભાર્થીઓની પાછળ કુલ રૂપિયા **ચૌદ કરોડ ચાલીસ લાખની,** દિવ્યાંગ લગ્ન સહાય યોજના હેઠળ કુલ **એક હજાર તોતેર** લાભાર્થીઓને કુલ રૂપિયા **પાંચ કરોડ છત્રીસ લાખની**સહાય આપવામાં આવેલ છે
- તીવ્ર દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિને નાણાકીય સહાય આપવાની પેન્શન યોજના હેઠળ જાન્યુઆરી-૨૦૨૨ સુધીમાં કુલ ૪૩,૨૯૮ લાભાર્થીઓને કુલ રૂપિયા **બાવીસ કરોડ ત્યાંશી લાખની** સહાય ચૂકવેલ છે.
- પાલક માતા પિતા યોજના હેઠળ વર્ષ ૨૦૨૧-૨૨માં જાન્યુઆરી-૨૦૨૨ સુધીમાં કુલ **અઢાર હજાર બસો ઓગણસાઈઠ** લાભાર્થીઓને કુલ રૂપિયા **સુડતાલીસ કરોડ ત્રેસઠ લાખની** સહાય ચૂકવવામાં આવેલ છે.
- નિરાધાર વૃદ્ધો અને દિવ્યાંગોને આર્થિક સહાય યોજના હેઠળ વર્ષ ૨૦૨૧-૨૨માં જાન્યુઆરી-૨૦૨૨ અંત સુધીમાં કુલ **એક લાખ ત્રીસ હજાર પાંચસો બે** લાભાર્થીઓને કુલ રૂપિયા **સો કરોડ ત્રીસ લાખની** સહાય ચૂકવેલ છે
- રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન અને વય વંદના યોજના હેઠળ વર્ષ ૨૦૨૧-૨૨ માં જાન્યુઆરી-૨૦૨૨ સુધીમાં કુલ **આઠ લાખ સીત્તેર હજાર બસો પચાસ** લાભાર્થીઓને કુલ રૂપિયા **છસો ત્રેસઠ કરોડ ચોપન લાખની** સહાય ચૂકવેલ છે.

**આદિજાતિ વિકાસ**

રાજ્યની પૂર્વપટ્ટીમાં અંબાજીથી ઉમરગામ સુધી વસતા આદિવાસી સમાજ આદિ અનાદિકાળથી સંસ્કૃતિ, પ્રકૃતિ અને પર્યાવરણની જાળવણી કરી રહ્યો છે. મારી પારદર્શક અને નિર્ણાયક સરકારે સૌનો સર્વસમાવેશક સમતોલ વિકાસ કર્યો છે. રાજ્યના અંતરિયાળ તથા સાવ છેવાડાના વિસ્તારોમાં પણ મહાનગરોની માફક જ અનેક વિકાસ પ્રોજેક્ટસ મૂકીને મારી સરકારે ગુજરાત મોડલને સ્માર્ટ સ્ટેટ બનાવવાની દિશા તરફ ડગ માંડ્યા છે. આદિજાતિ વિસ્તારોમાં વનબંધુઓના સમતોલ વિકાસ માટે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ શરૂ કરેલ વિવિધ કલ્યાણકારી યોજનાઓ દ્વારા આદિજાતિઓ અને માળખાકીય સુવિધા દ્વારા વિસ્તારનો સર્વાંગી વિકાસમારી સરકાર આગળ ધપાવી રહી છે.

- નાણાકીયવર્ષ ૨૦૨૧-૨૨ માટે **"વનબંધુ કલ્યાણ યોજના"** અંતર્ગત રૂપિયા **ચૌદ હજાર ચારસો છત્રીસ કરોડ,** અનુ.જનજાતિના કલ્યાણ માટે રૂપિયા **બે હજાર છસો છપ્પન કરોડ ચાલીસ લાખની** જોગવાઈ કરવામાં આવેલ છે.
- અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ માટેની પ્રિ.એસ.એસ.સી. શિષ્યવૃતિની યોજના હેઠળ રૂપિયા **એકસો સુડતાલીસ કરોડ પચાસ લાખના** ખર્ચે **બાર લાખ બોતેર હજાર સાતસો છેતાલીસ** વિદ્યાર્થીઓને લાભ આપવામાં આવેલ છે.
- જાન્યુઆરી-૨૦૨૨ સુધીમાં ધોરણ-૧ થી ૮માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને રૂપિયા **છોતેર કરોડ ત્રીસ લાખના** ખર્ચે **બાર લાખ ઈકોતેર હજાર છસો અઠ્ઠાસી** વિદ્યાર્થીઓને ગણવેશ સહાય તથા ધોરણ-૬થીધોરણ-૧૨ના તેજસ્વી વિદ્યાર્થીઓને ઉત્તમ કક્ષાના આવાસીય વિદ્યાલયોમાં સર્વશ્રેષ્ઠ શિક્ષણ વિનામૂલ્યે "ટેલેન્ટ પુલ યોજના" હેઠળ કુલ **એક હજાર સાતસો એકાણુ** વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવેલ છે.
- મારી સરકારની હળપતિ જાતિના લાભાર્થીઓ માટે ચાલુ વર્ષે ૨૦૨૧-૨૨ માં ૩૩૦૦ મકાનોના લક્ષ્યાંક સામે ૧૫૬૮મકાનોની કાર્યવાહી પૂર્ણ થયેલ છે તેમજ ૧૨૨૪ મકાનોની કાર્યવાહી પ્રગતિમાં છે. જે માટે ચાલુ વર્ષે આવાસ દીઠ રૂ. ૧,૨૦,૦૦૦ની સહાય મુજબ રૂપિયા **ઓગણચાલીસ કરોડ સાઈઠ લાખની** જોગવાઈ મળી અનુ.જનજાતિની વ્યક્તિગત આવાસ યોજના હેઠળ કુલ રૂપિયા **સડસઠ કરોડ દસ લાખની** જોગવાઈ કરવામાં આવેલ છે.
- અનુસૂચિત જનજાતિ અને અન્ય પરંપરાગત આદિવાસીઓને વન અધિકાર અધિનિયમ-૨૦૦૬ અન્વયે તેઓના કબ્જા હેઠળની માન્ય જમીનના રહેણાક તેમજ જમીન ખેડવાના **બાણું હજાર ચારસો સત્તાણું** દાવા માટે માન્ય કરેલ જમીન **એક લાખ છપ્પન હજાર આઠસો અઠ્ઠાવન** એકર છે. સામુદાયીક દાવા હેઠળ **બાર લાખ પાંત્રીસ હજાર નવસો પાંસઠ** એકર જમીનના ૪,૭૪૬ દાવા માન્ય કરવામાં આવ્યા છે. માળખાકીય સુવિધાઓ માટે કુલ ૧૭૬૦ એકર જમીન ૧,૬૨૧ દાવાઓ માટે માન્ય કરવામાંઆવી છે.
- આદિજાતિ વીર સ્વાતંત્ર્ય સેનાનીઓની પ્રેરક યાદમાં રાજ્યના નર્મદા જિલ્લા ખાતે **રૂપિયા ૧૩૭** કરોડના ખર્ચે **"રાષ્ટ્રીય કક્ષાનું આદિવાસી વીર સ્વાતંત્ર્ય સેનાનીઓનું"** મ્યુઝિયમ ઉભું કરવામાં આવી રહ્યું છે.
- કેન્દ્ર અને રાજ્ય સરકાર સહાયિત અનુક્રમે ૩૫ અને ૧૦ એકલવ્ય મોડેલ રેસીડન્સીયલ સ્કૂલમાં પ્રતિ વિદ્યાર્થી અનુક્રમે રૂ.૧,૦૯,૦૦૦અને રૂ.૭૦,૦૦૦, ગર્લ્સ લીટરસી રેસીડન્સીયલ સ્કૂલમાં અનુક્રમે રૂ.૨૭,૧૦૦ અને રૂ.૩૦,૦૦૦ એમ મળીને કુલ રૂ. ૫૭,૧૦૦, મોડલ સ્કૂલમાં પ્રતિ વિદ્યાર્થી રૂ.૨૨,૫૦૦તથા સૈનિક સ્કૂલમાં પ્રતિ વિદ્યાર્થી રૂ.૭૦,૦૦૦નોખર્ચ કરવામાં આવે છે.

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ**

તા. ૨જી માર્ચ ૨૦૨૨

રાજ્યપાલશ્રીનું સંબોધન

સર્વાંગી પ્રગતિ માટે શારીરિક સ્વસ્થતા અત્યંત અનિવાર્ય છે. સ્વસ્થ અને તંદુરસ્ત વ્યક્તિ જ સ્વસ્થ સમાજ-રાજ્ય અને દેશ નિર્માણમાં પોતાનું યોગદાન આપી શકે છે. આ જ લક્ષ્યને ધ્યાનમાં રાખી મારી સરકાર ગુજરાતના તમામ નાગરિકોને ગુણવત્તાસભર આરોગ્ય સેવાઓ મળી રહે અને તેમનું આરોગ્ય જળવાય તે માટે સુદ્રઢ આરોગ્ય માળખું ઊભું કરવા માટે કમર કસી છે. જેમાં પાયાની આરોગ્ય સેવાઓથી લઈને સુપર સ્પેશ્યાલીટી સેવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે. આરોગ્ય વિભાગ માનવ વિકાસના સૂચકાંકને મધ્ય નજરે રાખીને કાર્યરત થવા સતત પ્રયત્નશીલ છે.

સમગ્ર વિશ્વ છેલ્લા બે વર્ષથી વધુ સમયથી કોરોના મહામારી સામે સંઘર્ષ કરી રહ્યુ છે. આ મહામારીએ તમામ આર્થિક પ્રવૃતિઓ અને જનજીવનને ગંભીર અસરો પહોંચાડી છે. પરંતુ, આફતથી ડરીને બેસી રહેવું એ ગુજરાતીઓના સ્વભાવમાં નથી. કોઈપણ આપત્તિ હોય, તેનો મુકાબલો સમગ્ર ગુજરાતે હંમેશા પૂરી મક્કમતાથી કર્યો છે. સમગ્ર દેશે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કોરોના સામે જંગ લડ્યો અને સફળતા મેળવી છે, ત્યારે ગુજરાતે પણ કોવિડ મેનેજમેન્ટનું શ્રેષ્ઠ ઉદાહરણ પુરું પાડ્યું છે.

**કોવિડ-૧૯ રસીકરણ - એક ઐતિહાસિક પગલુ:**

- સમગ્ર દેશમાં અને રાજ્યમાં તા.૧૬મી જાન્યુઆરી, ૨૦૨૧ના રોજ કામગીરીની શરૂઆત કરવામાં આવેલ છે. સમગ્ર રાજ્યમાં તા. ૨૬.૦૨.૨૦૨૨ સુધી ૧૮ વર્ષથી વધુ વયના ૪.૮૯ કરોડ (૯૯.૩%) લાભાર્થીઓને પ્રથમ ડોઝ, ૪.૬૯ કરોડ (એલીજીબલના ૯૫.૫%) લાભાર્થીઓને બીજો ડોઝ, ૧૫-૧૭ વર્ષના વય જૂથના ૩૦.૧૭ લાખ (૮૪.૪%) લાભાર્થીઓને પ્રથમ ડોઝ,૧૯.૯૩ લાખ(એલીજીબલના ૭૬.૧%) લાભાર્થીને બીજો ડોઝ તથા ૨૦.૩૭ લાખ લાભાર્થીઓને પ્રિકોશન ડોઝ મળી કુલ ૧૦.૨૯ કરોડથી વધુ રસીના ડોઝ આપવામાં આવેલ છે જે એક અતિ મહત્ત્વપૂર્ણ સિધ્ધિ છે.
- ગુજરાત સરકાર દ્વારા ૩૦ વર્ષ કે તેથી વધુ વય ધરાવતા લોકોને બિનચેપી રોગોનાં સ્ક્રીનીંગથી સારવાર સુધીની સેવાઓ તદ્દન નિ:શુલ્ક પુરી પાડવા, આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણીના ભાગ રૂપે તા. ૧૨.૧૧.૨૦૨૧ના રોજ બનાસકાંઠા જિલ્લાના પાલનપુર ખાતેથી મારી સરકાર દ્વારા આરોગ્ય સુખાકારી કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવેલ જે અંતર્ગત આરોગ્ય સુખાકારી માટે આજ દિન સુધી રાજ્યમાં કુલ **છપ્પન લાખ ત્રાણું હજાર નવસોથી વધુ** લોકોની તપાસ કરવામાં આવેલ છે.
- અમદાવાદની યુએન મહેતા ઈન્સ્ટિટ્યૂટ ઓફ કાર્ડિયોલોજી એન્ડ રિસર્ચ સેન્ટરને કોવિડ-૧૯ દરમિયાન **'એક્સલન્સ ઈન હોસ્પિટલ મેનેજમેન્ટનો ધી ઈકોનોમિક્સ ટાઇમ્સ હેલ્થ કેર એવોર્ડ-૨૦૨૧'નો ગૌરવવંતો એવોર્ડ** એનાયત કરવામાં આવેલ છે.

**રાષ્ટ્રીય ક્ષય નિર્મૂલન કાર્યક્રમ**

- ટીબીના દર્દીના નિદાન માટે ૨૦૯૭ ડેઝીગ્નેટેડ માઈક્રોસ્કોપી સેન્ટર ,ડ્રગ રેઝીસ્ટન્ટ (પીએમડીટી) ટીબીના દર્દીના નિદાન માટે **૩** કલ્ચર અને ડીએસટી લેબોરેટરી **૭૨** સીબીનાટ લેબોરેટરીઓ અને **૭૭** ટ્રુનાટ લેબોરેટરી બનાવવામાં આવી છે.
- નિક્ષય પોષણ યોજના અંતર્ગત ટીબીના દર્દીઓને પોષણયુક્ત આહાર માટે ટીબીની દવા ચાલુ રહે ત્યાં સુધી દર માસે રૂપિયા **૫૦૦** દર્દીના બેન્ક ખાતામાં જમા કરવામાં આવે છે. **ફેબ્રુઆરી ૨૦૨૨** સુધીમાં એક લાખ ઓગણસાઈઠ હજાર આઠસોથી વધુ દર્દીઓના બેંક ખાતામાં**૩૮.૨ કરોડ** રૂપિયા જમા કરવામાં આવ્યા છે.
- **સઘન મિશન ઈન્દ્રધનુષ ૨.૦:** સઘન મિશન ઈન્દ્રધનુષનો પ્રથમ તબક્કો જુલાઇ-૨૦૨૧થી સપ્ટેમ્બર-૨૦૨૧ કરવામાં આવેલ છે. જેમાં અત્યાર સુધી કુલ **એક લાખ પંદર હજાર ઈક્કોતેર** બાળકો અને ૬,૮૦૦ સગર્ભા માતાને આવરી લેવામાં આવેલ છે.
- **કુપોષણ મુક્ત ગુજરાત મહા અભિયાન:** વર્ષ ૨૦૨૧-૨૨માં જાન્યુઆરી-૨૦૨૨ સુધીમાં કુલ ૫૬ લાખ બાળકોમાંથી ૨૪.૮૦ લાખ બાળકોને ફિલ્ડ વર્કર મારફતે સ્ક્રીનીંગ કરી સામુદાયિક સ્તરે સારવાર આપી સુપોષિત કરવામાં આવ્યાં છે.

**હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર :**

આયુષ્માન ભારત અંતર્ગત જાહેર આરોગ્ય સુવિધાઓનો ઉપયોગ વધારવા અને વ્યાપક પ્રાથમિક સંભાળને વિસ્તૃત કરવા માટે નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨માંઅત્યાર સુધી કુલ ૭૦૪૯ હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર સફળતાપૂર્વક કાર્યરત કરવામાં આવેલ છે.

**ટેલિમેડિસિનઅને ઇ-સંજીવની ઓ.પી.ડી:**

- આરોગ્યલક્ષી સેવાઓ બને તેટલી ઝડપથી અને શક્ય હોય તો ઘેર બેઠા ઉપલબ્ધ કરાવી શકાય તેવા મારી સરકારના નૂતન અભિગમના ભાગરૂપે ટેલિમેડિસિન સુવિધા શરૂ કરવામાં આવેલ છે. જેમાં સ્ત્રીરોગ નિષ્ણાત, ફીઝીશીયન, બાળ રોગ નિષ્ણાત, જનરલ સર્જન, સ્કીન સ્પેશ્યાલીસ્ટની સેવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવે છે.
- ઇ-સંજીવની ઓપીડીમાં ૧૭મી ફેબ્રુઆરી સુધીમાં કુલ ૬,૩૫,૧૦૧ પરામર્શ પૂર્ણ કરવામાં આવેલ છે.
- ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરીટી દ્વારા કરવામાં આવેલ ફુડ સેફટી ઇન્ડેક્ષ સર્વેક્ષણમાં સમગ્ર દેશમાં **ગુજરાત રાજયને પ્રથમ સ્થાન** મેળવેલ છે અને રાજ્યને મોડેલ સ્ટેટ તરીકેનો ગૌરવપૂર્ણ દરજ્જો આપવામાં આવેલ છે.

**શિક્ષણ**

આજના સમયે શિક્ષણ મૂળભૂત જરૂરિયાત છે ત્યારે ગુજરાતમાં બાળકોને બાળમંદિરથી લઈને ઉચ્ચ શિક્ષણ સુધી શિક્ષાની દિક્ષા આપવા માટે રાજ્ય સરકારે શિક્ષણનું સુદ્રઢ માળખુ વધુ સારી રીતે વિકસિત કરીને નવા આયામો સાથે લાખો બાળકોને તેમના સર્વાંગી વિકાસ માટે શિક્ષિત કરી રહી છે. સમયની સાથે કદમ મિલાવીને આજની જરૂરિયાત પ્રમાણે શિક્ષણ વ્યવસ્થા સરકારી સ્કૂલો-કોલેજોમાં કરવામાં આવી રહી છે અને સરકારી સ્કૂલો-કોલેજો સ્માર્ટ બની રહી છે. ટેક્નોલોજીના આ સમયની સાથે રાજ્ય સરકારે શહેરથી લઈને ગ્રામીણ વિસ્તારોમાં સ્માર્ટ એજ્યુકેશન પર ભાર મૂક્યો છે. ક્વૉલિફાઈડ શિક્ષકો સાથે ગુણવત્તાસભર શિક્ષણ વ્યવસ્થાના કારણે વાલીઓને સરકારી શાળાઓ-કોલેજોની શિક્ષણ વ્યવસ્થા પર વિશ્વાસ વધી ગયેલ છે.

- શિક્ષણનો અધિકાર (Right to Education) અંતર્ગત ખાનગી પ્રાથમિક શાળાઓમાં પ્રવેશ લીધો હોય તેવા **ચાર લાખ અડતાલીસ હજાર** વિદ્યાર્થીઓને આવરી લેવા વર્ષ ૨૦૨૧-૨૨ માં કુલ રૂપિયા **પાંચસો પાંસઠ કરોડ ચોર્યાશી લાખની** જોગવાઈ કરવામાં આવેલ છે.
- **આર.એમ.એસ.એ.શાળાઓ:** ભારત સરકાર દ્વારા આર.એમ.એસ.એ. અંતર્ગત વર્ષ ૨૦૧૦ અને ત્યારબાદ મંજૂર થયેલ પૈકી ૫૨૫ શાળાઓમાં ૫૨૦૩૨ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. તેમજ કુલ ૧૩૯૩ શિક્ષકો કાર્યરત છે અને સુચારુ રૂપે શિક્ષણ કાર્ય ચાલી રહેલ છે. ૫ કિ.મી. વિસ્તારમાં જ્યાં માધ્યમિક શિક્ષણની સુવિધા ન હોય ત્યાં નવી માધ્યમિક શાળા શરુ કરી માધ્યમિક શિક્ષણ પૂરું પાડવાનો સરકારનો ઉદ્દેશ ફળીભુત થયેલ છે.
- **કસ્તુરબાગાંધીબાલિકાવિદ્યાલય(KGBV)**: રાજ્યમાં કન્યા કેળવણીને વેગ આપવા માટે ભારત સરકાર દ્વારા કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય (કેજીબીવી) યોજના અમલમાં મૂકેલ છે, જે અંતર્ગત અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, ઓ.બી.સી. અને લઘુમતિની શાળા બહારની (કદીએ શાળાએ ન ગયેલ અને ડ્રોપ આઉટ) તેમજ દુર્ગમ વિસ્તારોમાં રહેતી કન્યાઓ માટે નિવાસી શાળાઓની સવલત ઊભી કરવામાં આવેલ છે. કુલ ૨૪૫ નિવાસી શાળાઓ કાર્યરત છે. જેમાં હાલ ૨૬,૬૫૦ કન્યાઓ અભ્યાસ કરે છે.
- **"દીકરીની સલામ, દેશને નામ" :** માન. પ્રધાનમંત્રીશ્રીના ''બેટી બચાઓ બેટી પઢાઓ'' ફ્લેગશિપ કાર્યક્રમને વેગ આપવા માટે સમગ્ર શિક્ષા રાજ્યની તમામ શાળાઓમાં "દિકરીની સલામ દેશને નામ" કાર્યક્રમની ઉજવણી કરવામાં આવે છે. જેમાં દીકરી દ્વારા ધ્વજારોહણ, તથા તેમને પુરસ્કારો અને ઇનામોથી સન્માનિત કરવામાં આવે છે.
- **રાજ્યમાં TET પાસ ઉમેદવારોના પ્રમાણપત્રની વેલીડીટી** જે હાલમાં પાંચ વર્ષ હતી તે નવી વ્યવસ્થા અને નિયમો ન બને ત્યાં સુધી તમામ TET પાસ ઉમેદવારોના પ્રમાણપત્રની વેલીડીટી વધારીઆપવાના નિર્ણયથી પ્રાથમિક શિક્ષણના હજારો શિક્ષિત ઉમેદવારોને લાભ થયેલ છે.
- ૨૧મી સદીના શિક્ષણની સાથે જ આપણા બાળકો આપણા વારસા સાથે જળવાયેલા રહે અને પ્રાકૃતિક ખેતીની સમજ મેળવી ભવિષ્યમાં પ્રાકૃતિક ખેતી તરફ વળે તેવી ભાવનાથી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક કક્ષાએ બાળકોને પ્રાકૃતિક ખેતી વિશે અભ્યાસ કરવા ધો.૯થી ધો.૧૨ના અભ્યાસક્રમમાં પ્રાકૃતિક ખેતી વિષય સામેલ કરવાની નવતર અને સર્જનાત્મક પહેલમારી સરકાર દ્વારા કરવામાં આવેલ છે.
- **મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના(MYSY)** અંતર્ગત તેજસ્વી, આર્થિક રીતે નબળા અને જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણમાં આર્થિક સહાય પૂરી પાડવા માટે લાભ આપવામાં આવે છે. વર્ષ ૨૦૨૧-૨૨માં મેડીકલ અભ્યાસક્રમના ૩૧૦૨ વિદ્યાર્થીઓને રૂ. ૪૫.૮૦ કરોડ, ટેકનીકલ ડિગ્રી અને ડિપ્લોમા અભ્યાસક્રમના ૧૫૦૭૩ વિદ્યાર્થીઓને રૂ. ૫૮.૦૩ કરોડ, ઉચ્ચ શિક્ષણ અને અન્ય અભ્યાસક્રમના ૯૫૬૨ વિદ્યાર્થીઓને રૂ. ૧૦.૬૧ કરોડ એમ કુલ મળીને **સત્તાવીસ હજાર સાતસો સાડત્રીસ** વિદ્યાર્થીઓને રૂપિયા **એકસો ચૌદ કરોડ ચુમાલીસ લાખની** સહાય ચુકવવામાં આવેલ છે.
- **મુખ્યમંત્રી કન્યા કેળવણી નિધિ યોજના (MKKN)**અંતર્ગત MBBS અભ્યાસક્રમમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓને આર્થિક સહાય પૂરી પાડવા માટે લાભ આપવામાં આવે છે. વર્ષ ૨૦૨૧-૨૨માં MBBS અભ્યાસક્રમમાં અભ્યાસ કરતી કુલ ૭૯૬ વિદ્યાર્થીનીઓને કુલ રૂ. ૨૧.૯૨ કરોડની સહાય કરવામાં આવેલ છે.
- **સ્કીમ ઓફ ડેવલોપીંગ હાઈ ક્વોલીટી રીસર્ચ (SHODH) :** ગુજરાત રાજ્યમાં વધુમાં વધુ વિદ્યાર્થીઓને ઉચ્ચ કક્ષાના ગુણવત્તાયુક્ત સંશોધન પ્રતિ અભિમુખ કરવા માટે જરૂરી આર્થિક સહાય પૂરી પાડવાની આયોજના હેઠળ વર્ષ ૨૦૨૧-૨૨માં કુલ ૧૬૧૯ વિદ્યાર્થીઓને રૂ. ૧૮.૦૫ કરોડ સ્ટાઈપેન્ડ સહાય ચુકવવામાં આવેલ છે.
- ઉચ્ચ શિક્ષણમાં **આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણીના**ભાગરૂપે ઓનલાઈન વેબીનાર ઓન NEP, Fit-india, Run 2.0, Swachchhata Pakhwadiya,પંચપ્રકલ્પો (કોરોના વાયરસનું સંક્રમણ પ્રમાણ ઘટાડી, પર્યાવરણ, સ્વચ્છતા, જળસંરક્ષણ તેમજ જળસંચય, ગૌ આધારિત પ્રાકૃતિક ખેતી, નશાબંધી તેમજ કુરિવાજ નિવારણ, ફીટ ઈન્ડીયા) જેવા અલગ અલગ કુલ ૨૯ કાર્યક્રમોનું આયોજન ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે કરેલ છે.

તા. ૨જી માર્ચ ૨૦૨૨

રાજ્યપાલશ્રીનું સંબોધન

- **રાજ્યમાં નવી શિક્ષણ નીતિ ૨૦૨૦નું અમલીકરણ**: ભારત સરકાર દ્વારા જાહેર કરેલ નવી શિક્ષણ નીતિ અન્વયે પ્રાથમિક થી ઉચ્ચ શિક્ષણ સ્તરે તેના સફળ અને અસરકારક અમલીકરણ માટે બેઠકો કરી,અભિપ્રાયો મેળવી, સ્ટેક હોલ્ડરો સાથે વિચાર વિમર્ષ કરી તેનો રોડમેપ તૈયાર કરી અમલીકરણ કર્યું છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ પર ધ્યાન કેન્દ્રિત કરતી "International Conference of Academic Institutions (ICAI)" અમદાવાદ ખાતે ભારત સરકારના સંકલનમાં આયોજન કરેલ તેમાં પ્રાથમિક/માધ્યમિક તેમજ ઉચ્ચ શિક્ષણ ના રોડમેપ લોંચ કરવામાં આવેલ છે. નવી શિક્ષણ નીતિ ૨૦૨૦ હેઠળ લાંબા, મધ્યમ અને ટૂંકાગાળાની યોજનાઓનું અમલીકરણ સામેલ છે. ક્વોલીટી એજ્યુકેશન અને વર્લ્ડ ક્લાસ યુનિ.ના નિર્માણ અર્થે સ્ટેચ્યુ ઓફ યુનિટિ, કેવડીયા કોલોની ખાતે A Symposium of Vice-Chancellors on "Building World-Class Universities" (With a thrust on Quality Education, National and Global Rankings)નો સિમ્પોઝીયમ યોજવામાં આવ્યો.
- સરકારી પોલીટિકનિક ખાતે ડિપ્લોમા ઈન **ઈન્ફર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેક્નોલોજી** (ICT)નો અભ્યાસક્રમ શરૂ કરવાના શિક્ષણ વિભાગે કરેલ મહત્ત્વનો નિર્ણય ડિજિટલ ભારતના સ્વપ્નને સાકાર કરવા ક્ષેત્રે મદદરૂપ થશે.
- અગાઉની **સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન પોલિસીને** વધુ સુદ્રઢ બનાવી તેનો વ્યાપ વધારીને નવી ઘડાયેલી નીતિ જાન્યુઆરી, ૨૦૨૨થી માર્ચ, ૨૦૨૭ સુધી અમલમાં મુકવામાં આવેલ છે. જેમાં રાજ્યની ઓછામાં ઓછી ૧૦૦૦ ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓ અને ૧૦,૦૦૦ શાળાઓને આવરી લેતા લાખો વિદ્યાર્થીઓને ઇનોવેશન અને ઉદ્યોગ સાહસિકતા માટે જાગૃત કરવામાં આવશે.
- તાજેતરમાં ઉચ્ચ શિક્ષણના ક્ષેત્રે સરકારી આર્ટસ, કોમર્સ તથા સાયન્સ કોલેજોમાં આશરે ૫૦૦ જેટલા ઈનોવેટિવ ક્લબની સ્થાપના/રચના કરવામાં આવેલ છે.

**શ્રમિક કલ્યાણ**

કોરોનાની મહામારીમાં પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ શ્રમજીવીઓની ચિંતા કરીને કોરોના સંબંધે SOP ગાઈડલાઈન્સનું પાલન કરાવવાની સાથોસાથ શ્રમજીવીઓના આવકનું સાધન સચવાઈ રહે અને આર્થિક સંકડામણ ન ઉદ્ભવે તેવા ઉમદા હેતુથી વ્યાપાર ધંધા ચાલુ રહે તે બાબત સુનિશ્ચિત કરી હતી જેના ભાગરૂપે આગોતરા આયોજન અને કુનેહ વહીવટનો પરિચય આપી 'શ્રમેવ જયતે' અને 'શ્રમઃ કૌશલમ્' ની ભાવના સાકાર કરેલ છે.

- રાજ્ય સરકારે લોકોને રોજગારી આપતા ઉદ્યોગો,નાના નાના એકમો, રજિસ્ટર કોન્ટ્રાક્ટર્સને નિર્દેશ કર્યો કે,લોકડાઉન દરમિયાન તેઓ પોતાના કર્મચારીઓને નોકરીમાંથી છુટા ન કરે અને આવા કર્મચારીઓનો પગાર ન કાપે. રાજ્ય સરકાર દ્વારા સરકારી અને ખાનગી કન્સ્ટ્રકશન પ્રોજેક્ટ શરૂ કરવાનો નિર્ણય લેવાતા ૭૦૦થી પણ વધુ ખાનગી કન્સ્ટ્રકશન પ્રોજેક્ટમાં આશરે ત્રીસ હજાર જેટલા શ્રમયોગીઓ પોતાના કામ પર પરત ફર્યા છે.
- ભારત સરકાર દ્વારા અસંગઠિત શ્રમયોગીઓની રાષ્ટ્રવ્યાપી નોંધણી શરૂ કરવામાં આવેલ છે. ભારત સરકારે 'eShramપોર્ટલ' લોન્ચ કરીને તે પોર્ટલ પર તમામ રાજ્ય સરકારોને પોતપોતાના રાજ્યોમાં અસંગઠિત ક્ષેત્રમાં કામ કરતા શ્રમયોગીઓની નોંધણી કરાવવા સૂચના આપેલ જે અન્વયે રાજ્ય સરકારે 'eShramપોર્ટલ' ઉપર આશરે **પંચોતેર લાખ** જેટલા અસંગઠિત શ્રમયોગીઓની નોંધણી કરેલ છે. 'eShramપોર્ટલ' ઉપર નોંધણી થવાથી રાજ્યમાં કામ કરતા અસંગઠિત શ્રમયોગીઓનો ડેટાબેઝ તૈયાર થશે. આ શ્રમયોગીઓનું 'મેપીંગ' થવાથી ભારત સરકાર તથા રાજ્ય સરકાર દ્વારા ચલાવાતી વિવિધ સામાજિક સુરક્ષાની યોજનાઓનો લાભ તેઓને સરળતાથી આપી શકાશે.

**ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ**

- ધન્વન્તરી આરોગ્ય રથ યોજના હેઠળ રાજ્યના કુલ ૩૧ જિલ્લાઓમાં હાલ કુલ ૫૪ ધન્વન્તરી આરોગ્ય રથ કાર્યરત છે.જેમાં **નવ કરોડ પંચોતેર લાખ એકાણું હજારના** ખર્ચેગત વર્ષમાં **કુલ દસ લાખ બાર હજાર છસો છપ્પન** OPD કરેલ છે.
- શિક્ષણ સહાય યોજના હેઠળ નોંધાયેલ બાંધકામ શ્રમિકોના બે બાળકોને ધોરણ ૧ થી Ph.D.સુધીના અભ્યાસ માટે રૂપિયા ૫૦૦ થી રૂપિયા ૪૦,૦૦૦ સુધીની હોસ્ટેલ તથા પુસ્તક સહિતની **સોળ કરોડ તેર લાખની** સહાય અત્યાર સુધીમાં અપાયેલ છે.
- GO GREEN શ્રમિક યોજના હેઠળ બાંધકામ શ્રમિકો અને ઔદ્યોગિક શ્રમિકો બેટરી ઓપરેટેડ ટુ વ્હીલર વાહનની ખરીદી કરે તો વાહનની કિંમત (Ex Show Room Price)નાં ૫૦% અથવા રૂ. ૩૦,૦૦૦ પૈકી જે રકમ ઓછી હોય તેની મર્યાદામાં One Time Subsidy આપવામાં આવે છે.
- શ્રમિક અન્નપુર્ણા યોજના હેઠળ કુલ ૧૨ જિલ્લામાં ૩૬ શહેરોના ૧૧૯ ભોજન વિતરણ કેન્દ્રમાં શ્રમિક અન્નપુર્ણા યોજના કાર્યરત છે. શ્રમિક અન્નપુર્ણા યોજના અંતર્ગત નોંધાયેલા બાંધકામ શ્રમિકને રાહત દરે રૂપિયા૧૦માં પૌષ્ટિક આહાર આપવામાં આવે છે. સદરહુ યોજના અંતર્ગત **એક કરોડ પંદર લાખ** બાંધકામ શ્રમિકોને ભોજન વિતરણ થયેલ છે.

**રોજગાર**

વર્ષ ૨૦૨૧-૨૨માં ફેબ્રુઆરી-૨૦૨૨ સુધીમાં રાજ્યની રોજગાર કચેરીઓ દ્વારા તેમજ કુલ ૧૮૧૮ ઔદ્યોગિક ભરતીમેળાના આયોજનથી કુલ **બે લાખ ચોવીસહજાર નવસો પંદર** ઉમેદવારોને રોજગારી પૂરી પાડવામાં આવેલ છે.

- રાજ્યમાં આવેલ વિવિધ આઈ.ટી.આઈ.માં સુપરવાઈઝર ઈન્સ્ટ્રકટર વર્ગ-૩ની ખાલી જગ્યાઓ સામે તા.૨૫-૧૦-૨૦૨૧નાં રોજ ૧૪૩૫ ઉમેદવારોને નિમણૂંકપત્રો અનાયત કરવામાં આવેલ છે.

**કૌશલ્ય વિકાસ**

પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા શરૂ કરવામાં આવેલ સ્કીલ ઈન્ડીયા મિશનના ભાગરૂપે દેશભરમાં ૪૦ કરોડથી વધુ લોકોને વિવિધ કૌશલ્યમાં તાલીમ આપવાનું લક્ષ્ય નિર્ધારિત કર્યું છે. દેશના આ મિશનના ઉદ્વેશને સાકાર કરવા રાજ્યના યુવાધનને કૌશલ્યબદ્ધ કરવા 'કૌશલ્ય સાથે શિક્ષણ' અને 'દરેક યુવાનને કૌશલ્ય' મળી રહે તે હેતુ માટે અમદાવાદ ખાતે 'કૌશલ્યા'ધી સ્કીલ યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવેલ છે. જેનું સંપૂર્ણ સંચાલન રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવશે. જે તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની ઝિલ, વીલ અને સ્કીલની ભાવનાને ચરિતાર્થ કરશે.

'કૌશલ્યા' ધી સ્કીલ યુનિવર્સિટી વર્ટીકલ મોબીલીટીના માધ્યમથી કૌશલ્ય વિકાસને ઉચ્ચ શિક્ષણ સાથે જોડાણ કરવામાં એક સેતુનું કામ કરશે. જેના થકી રાજ્યના યુવાધન માટે પ્રગતિના દ્વાર ઉઘડશે તથા કારકિર્દીની નવી તકોનું સર્જન કરશે. 'કૌશલ્ય સાથે શિક્ષણ' ના અભિગમથી રાજ્યના યુવાનો કૌશલ્યક્ષમ થકી રોજગારક્ષમ બનશે. રાજ્યમાં આવનાર સમયમાં ઉભી થનાર કુશળ માનવબળની જરૂરિયાતની સાપેક્ષે કુશળ માનવબળ ઉભું કરી શકાશે. પરિણામે ઉદ્યોગોની ઉત્પાદકતામાં વધારો થશે.

- કારીગર તાલીમ યોજના (સી.ટી.એસ.) હેઠળ રાજ્યમાં ૨૮૮ સરકારી આઇ.ટી.આઇ., ૧૧૨ જી.આઇ.એ. અને ૧૯૭ સ્વનિર્ભર ઔદ્યોગિક તાલીમ કેન્દ્રો મળી કુલ-૫૯૭ આઇ.ટી.આઇ.માં **બે લાખ સત્તર હજાર સાતસો છોતેર** બેઠકો સાથે અભ્યાસક્રમની તાલીમીની સુવિધા ઉપલબ્ધ છે.જ્યારે વ્યવસાયિક તાલીમ માટે કુલ ૭૬એન.સી.વી.ટી. (નેશનલ કાઉન્સિલ ઓફ વોકેશનલ ટ્રેનીંગ) પેટર્નના તથા ૪૯ જી.સી.વી.ટી. (ગુજરાત કાઉન્સિલ ઓફ વોકેશનલ ટ્રેનીંગ) પેટર્નના મળીને કુલ૧૨૫ કોર્ષ ચલાવવામાં આવે છે.
- મુખ્યમંત્રીશ્રી એપ્રેન્ટિસશીપ તાલીમ યોજના હેઠળ ચાલુ વર્ષ ૨૦૨૧-૨૨માં ફેબ્રુઆરી-૨૦૨૨ સુધીમાં **૫૦૯૨૭** નવા તાલીમાર્થીઓ એપ્રેન્ટિસશીપ તાલીમમાં નોંધાયેલ છે.

**મહિલા અને બાળ કલ્યાણ**

મહિલાઓ તેમના અધિકારો માટે જાગૃત થાય તે સમયની જરૂરિયાત છે. આ બાબતને ધ્યાનમાં રાખીને મારી સરકાર દ્વારા મહિલાઓ અને આવતીકાલનું ભવિષ્ય એવા બાળકો માટે વિવિધ યોજનાઓના માધ્યમથી તેમના સશક્તિકરણ માટે કાર્ય કરી રહી છે. જે અન્વયે જેન્ડર બજેટ દ્વારા મહિલાઓને વિકાસના તમામ ક્ષેત્રે મુખ્ય પ્રવાહમાં લાવવા માટે રાજ્ય સરકારના વિવિધ વિભાગો દ્વારા મહિલાલક્ષી યોજનાઓ માટે નાણાકીય ફાળવણી કરવામાં આવે છે. આપણા જ ગુજરાતના પનોતા પુત્ર એવા આર્ય સમાજના સંસ્થાપક સ્વામી દયાનંદ સરસ્વતીજીએ પણ"સ્ત્રીઓને શિક્ષિત અને સુસંસ્કૃત કરવાથી દેશની સાચી અને સંપૂર્ણ ઉન્નતિ શક્ય બનશે.'' તેમ જણાવેલ છે.

**SAG - સ્કીમ ફોર એડોલેશન્સ ગર્લ્સ**

- ૧૧ થી ૧૪ વર્ષની શાળાએ ન જતી કિશોરીઓ માટે 'સ્કીમ ફોર એડોલેશન્ટ ગર્લ્સ' યોજના અમલી બનાવી કિશોરીઓને ન્યુટ્રીશન કમ્પોનન્ટ હેઠળ પૂરક પોષણ આહાર તથા નોન ન્યુટ્રીશન કમ્પોનન્ટ હેઠળ પોષણ, આરોગ્ય, શિક્ષણ,જીવન કૌશલ્ય તાલીમ,જાહેર સેવાઓની માહિતી આપવામાં આવે છે. ચાલુ નાણાકીય વર્ષે જાન્યુઆરી-૨૦૨૨ સુધીમાં આવી કિશોરીઓની સંખ્યા **પીસ્તાળીસ હજાર ચારસો ચોપ્પન** છે જે પૈકી **પીસ્તાળીસ હજાર ત્રણસો છ્યાંસી** કિશોરીઓને ૩૦૦ દિવસ માટે પૂરકપોષણ આહાર આપવામાં આવેલ છે.

**PURNA(પ્રિવેન્સન ઓફ અન્ડરન્યુટ્રીશન એન્ડ રીડકશન ઓફ ન્યુટ્રીશનલ એનિમિયા અમોંગ એડોલેશન્ટ ગર્લ્સ)**

- ૧૫ થી ૧૮ વર્ષની શાળાએ જતી અને શાળાએ ન જતી તમામ કિશોરીઓ માટે પૂર્ણાયોજના ૧૦૦% સ્ટેટ બર્ડનથી સમગ્ર રાજ્યમાં અમલમાં મૂકવામાં આવેલ છે. જે હેઠળ ૧૫ થી ૧૮ વર્ષની કિશોરીઓ માટે પૂરક પોષણ આહાર, પોષણ આરોગ્ય શિક્ષણ, જીવન કૌશલ્ય તાલીમ,વ્યવસાયિક તાલીમ, તથા લાભાર્થીઓને લોહતત્વની ગોળીઓ આપવામાં આવે છે. ચાલુ નાણાકીય વર્ષે જાન્યુઆરી-૨૦૨૨ સુધીમાં **અગિયાર લાખ છન્નું હજાર ત્રણસો ઓગણએંસી** કિશોરીઓને પૂરક પોષણનો લાભ આપવામાં આવેલ છે.
- **ગંગાસ્વરૂપા આર્થિક સહાય યોજના હેઠળ** નિરાધાર વિધવાઓ સન્માનપૂર્વક જીવી શકે તેવા હેતુથી આ યોજના શરૂ કરવામાં આવેલ છે. ચાલુ નાણાકીય વર્ષે જાન્યુઆરી-૨૦૨૨નાં અંતસુધીમાં રાજ્યના કુલ **અગિયાર લાખ સાડત્રીસ હજાર** લાભાર્થીઓને આયોજનાનો લાભ આપેલ છે. જે અન્વયે **એક હજાર પાંચસો ત્રીસ કરોડનો** ખર્ચ કરવામાં આવેલ છે.

- **વ્હાલી દીકરી યોજના હેઠળ** સમાજમાં દીકરીઓનું જન્મ પ્રમાણ વધારવા અને બાળ લગ્ન અટકાવવા તેમજ દીકરીઓની આર્થિક-સામાજિક સ્થિતિ મજબુત કરવા માટે આ યોજના અમલમાં મુકવામાં આવી. અત્યાર સુધીમાં કુલ **એક લાખ ચાર હજાર પાંચસો અઠ્ઠાવીસ** દીકરીઓએઆ યોજના અંતર્ગત સહાય આપવામાં આવેલ છે.

**ગુજરાત રાજ્ય મહિલા આયોગ**

- ગુજરાત રાજ્ય મહિલા આયોગને મહિલાઓને સંબિઘત શારીરિક માનસિક ત્રાસ, જાતિય સતામણી, દહેજ માંગણી, દહેજના કારણે અપમૃત્યુ, દુષ્કર્મ, લગ્નજીવનના પ્રશ્નો, અપહરણ, સર્વિસ પ્રોબ્લેમ, વિગેરે પ્રકારની અરજીઓ મળે છે. છેલ્લા એક વર્ષમાં આયોગને વિવિધ પ્રકાર ની કુલ-૨૩૦૭ અરજીઓ મળેલ હતી તથા અગાઉની પેન્ડીગ અરજીઓ **૫૮૭** આમ કુલ-**૨૮૯૪** અરજીઓ પૈકી-**૨૩૯૩** અરજીઓનો નિકાલ કરેલ છે. ૫૦૧ અરજીઓ સંબધિત વિભાગોને આગળની કાર્યવાહી માટે મોકલી આપવામાં આવેલ છે.
- છેલ્લા એક વર્ષમાં નારી અદાલતના માધ્યમથી **૫૦૦૦**થી વધુ કેસોનો નિકાલ કરવામાં આવેલ છે. શાળા કોલેજો, યુનિવર્સિટીમાં સ્ત્રીઓને કાયદાની સમજણ મળે તે હેતુથી કાયદા શિબિર, યુનિવર્સિટી સેમીનાર પણ આયોગ દ્વારા કરવામાં આવે છે.

**જળ વ્યવસ્થાપન**

ગુજરાત એક સમયે પાણીની અછત ધરાવતા રાજ્ય તરીકે ઓળખાતું હતું. પાણી એ વિકાસની પ્રથમ શરત છે. ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને હાલના દેશના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ પાણી એ પરમેશ્વરનો પ્રસાદ છે,ત્યારે પાણીના એક એક ટીપાનો વિવેકપૂર્ણ ઉપયોગ કરવા આહ્વાન કર્યું હતું. તેમણે ચીંધેલા માર્ગે ગુજરાતે આજે જળસંચય, જળસિંચન અને જળવ્યવસ્થાપન ક્ષેત્રે સમગ્ર દેશને નવી દિશા ચીંધી છે.

ગુજરાતે પાણીના સંચય, ખેતીમાં ટપક સિંચાઈ, નર્મદાના પાણીનું કુશળ વ્યવસ્થાપન, તળાવોની સુધારણા,ખેતરોમાં ખેત તલાવડીઓનું નિર્માણ, કાંપ નિવારણ, સપાટી પરના સ્ત્રોતો આધારિત પાણી પુરવઠા યોજનાઓ, મલિન જળ શુદ્ધિકરણ અને દરિયાના પાણીના નિસ્યંદન દ્વારા મીઠા પાણીની પ્રાપ્તિ જેવા વિવિધ ઉપાયોના વિનિયોગથી **'જળ એ જીવનપોષક'**ના સૂત્રને સાકાર કર્યું છે.

ગુજરાતના ખેડૂતોને સિંચાઈની પૂરતી સેવાઓ પૂરી પાડીને ખેડૂતોની આવક બમણી કરવાના મક્કમ નિર્ધાર સાથે રાજ્ય સરકાર આગળ વધી રહી છે. સરકારના આ પ્રયાસોના સુભગ પરિણામો ખેડૂતોને મળી રહ્યાં છે.

- સરદાર સરોવર યોજનાની સૌરાષ્ટ્ર બ્રાન્ચ કેનાલ મારફતે નર્મદાના પૂરનાં વધારાનાં પાણી પૈકી ૪૩૫૬૦ મીલીયન ઘન ફુટ પાણી મેળવી સૌરાષ્ટ્ર વિસ્તારના ૧૧ જિલ્લાના ૧૧૫ જળાશયો ભરવાની મહત્વાકાંક્ષી "સૌરાષ્ટ્ર નર્મદા અવતરણ (સૌની) યોજના"ની ચાર લીંક પાઈપલાઈન અંતર્ગત ૨૪ પેકેજોના કામ પૂર્ણ થયા છે. અને ૭ પેકેજોના કામ પ્રગતિ હેઠળ છે. પૂર્ણ થયેલ કામગીરી દ્વારા અત્યાર સુધીમાં ૫૩ જળાશયો,૧૩૧ ગામ તળાવો અને ૮૬૩ ચેકડેમોમાં આશરે ૪૦૬૦૦ મિલીયન ઘનફૂટ નર્મદાના નીર ભરી આશરે **એક લાખ એકસઠ હજાર આઠસો પંચોતેર** હેક્ટરમાં સિંચાઇ સુવિધા સુદ્રઢ થયેલ છે તેમજ રાજકોટ, ગોંડલ, જામનગર, ભાવનગર, બોટાદ, રાણપુર અને મોરબી જેવા શહેરોમાં પીવાના પાણીની સુવિધા સુદ્રઢ થયેલ છે. પ્રગતિ હેઠળની યોજનાની કામગીરી આગામી નાણાકીય વર્ષમાં પૂર્ણ કરી **ત્રણ લાખ તેત્રીસ હજાર આઠસો છાસઠ** હેક્ટર કરતાં વધુ વિસ્તારમાં સિંચાઇ સુવિધા સુદ્રઢ કરી રાજ્યના સેંકડો ગામોના ખેડૂતો અને પશુપાલકોની સર્વાંગી પ્રગતિ સાધવા મારી સરકાર કટિબદ્ધ છે.
- પાનમ જળાશય આધારિત પંચમહાલ જિલ્લાના પૂર્વ વિસ્તારના શહેરા, ગોધરા, કાલોલ અને ઘોઘંબા તાલુકાનાં જુદા જુદા ગામોના તળાવો ભરી સિંચાઇ માટેની યોજનાના રૂપિયા **ત્રણસો પંદર કરોડ ચાલીસ લાખની** રકમના કામો પ્રગતિમાં છે. જેનો લાભિત વિસ્તાર ૩૫૦૦૦ હેક્ટર છે. તથા પાનમ હાઇ લેવલ કેનાલ આધારિત પંચમહાલ જિલ્લાના શહેરા અને ગોધરા તાલુકાના કુલ ૩૮ ગામોના ૫૩ તળાવો તથા મહીસાગર જિલ્લાના લુણાવાડા તાલુકાના ૦૯ તળાવો મળી કુલ ૬૨ તળાવો ભરવાની યોજનાના રૂપિયા **એકસો સાડત્રીસ કરોડની** રકમના કામો પ્રગતિમાં છે. જેનો લાભ ૮૫૦૦ હેક્ટર વિસ્તારને મળનાર છે.
- **પાણી પુરવઠો**
- ભારત સરકાર દ્વારા જલ જીવન મિશન હેઠળ ગ્રામ્ય વિસ્તારના તમામ ઘરોને વર્ષ ૨૦૨૪ સુધી નળથી પાણી આપવા "નલ સે જલ" યોજનાની જાહેરાત કરેલ છે. જે અંતર્ગત ગુજરાત રાજ્યમાં ૯૩.૦૭ ટકા ઘરોમાં નળથી પીવાનું પાણી પૂરું પાડવામાં આવે છે. તેમજ ગાંધીનગર, મહેસાણા, પોરબંદર, બોટાદ, આણંદ, વડોદરા, જૂનાગઢ, ડાંગ, ગીર-સોમનાથ, કચ્છ, મોરબી અને પાટણ જિલ્લાઓને અને ૧૩૦ તાલુકાઓને ૧૦૦% પૂર્ણ જાહેર કરેલ છે. ગત વર્ષના ૧૦.૯૪ લાખ ઘરો પૂર્ણ કર્યા પછી, ચાલુ વર્ષમાં અત્યાર સુધીમાં ૮.૨૪ લાખ ઘરોને નળ જોડાણ આપવામાં આવેલ છે.

- રાજ્યમાં પાણીની ગુણવત્તાની ચકાસણી માટે ૧ સ્ટેટ લેબૉરેટરી(NABL Accredited),જિલ્લા કક્ષાની તમામ ૩૩ લેબૉરેટરી (NABL Accredited), અને તાલુકા કક્ષાની ૪૬ લેબૉરેટરી (જે પૈકી ૩૩ NABL Recognized) કાર્યાન્વિત કરવામાં આવેલ છે.
- "રાજ્ય વ્યાપી પાણી પુરવઠા ગ્રીડ" અંતર્ગત ૩૦૭૩ કિલોમીટરની મુખ્ય બલ્ક પાઇપલાઇનનું વિશાળ નેટવર્ક ઉભું કરી રાજ્યના ૧૪૦૩૯ ગામો અને ૨૩૮ શહેરી વિસ્તારોને પીવાના પાણીની સુવિધા પૂરી પાડવામાં રાજ્ય સરકારને સફળતા મળી છે.

**કલ્પસર ભાડભૂત બૅરેજ યોજના**

નર્મદા નદી ઉપર ભરૂચ જિલ્લાના ભાડભૂત ગામ પાસે નર્મદા નદીમાં ખારાશ અટકાવવા તથા ૫૯૯ મીલીયન ઘનમીટર જેટલા પાણીના સંગ્રહ માટે બૅરેજ બનાવવાનું બાંધકામ શરુ કરવામાં આવેલ છે. યોજનાનું બાંધકામ ઓકટોબર-૨૦૨૪ સુધીમાં રૂપિયા **પાંચ હજાર ત્રણસો બાવીસ કરોડના** ખર્ચે પૂર્ણ કરવાનું આયોજન છે.

**કૃષિ અને ખેડૂત કલ્યાણ**

કૃષિ એ માત્ર વ્યવસાય કે અનાજ ઉત્પાદન કરવાની કોઇ પદ્ધતિ નથી પરંતુ સમસ્ત વિશ્વના માનવ સમાજને ટકાવી રાખતી જીવનશૈલી છે,સંપૂર્ણ માનવ સમાજની અર્થવ્યવસ્થાનો આધાર છે.

કૃષિ અર્થતંત્રના વિકાસની દિશામાં અનેક નૂતન ક્ષિતીજો ખુલી રહી છે. કૃષિની સાથે જ જોડાયેલા છે બાગાયત અને પશુપાલનના વ્યવસાયો ગુણવત્તાયુક્ત અને ઉત્તમ પરિણામો આ ત્રણે ક્ષેત્રમાં મળે તો એક એક ખેડૂત સમૃદ્ધ થાયઅને સરવાળે રાષ્ટ્રનો સર્વાંગી વિકાસ થાય.

વાવણીથી વેચાણ સુધીની વિવિધ યોજનાઓ અમલી બનાવી ખેડૂતોને આત્મનિર્ભર બનાવવાનો મક્કમ નિર્ધાર મારી સરકારે કર્યો છે. રાજ્યના ખેડૂતોને આર્થિક રીતે વધુ સદ્ધર બનાવવા માટે મારી સરકાર કટિબદ્ધ છે. ગુજરાતે કૃષિ વિકાસ ક્ષેત્રે હરળફાળ ભરી છે. રાજ્ય સરકાર હંમેશા ગુજરાતની બીજી હરિયાળી ક્રાંતિના પથદર્શક બની રહેલા લાખો ખેડૂતોની પડખે અડીખમ ઉભી રહી છે અને રહેશે.

- **કૃષિ રાહત પેકેજ** : મે-૨૦૨૧ માં રાજ્યમાં આવેલ "તાઉ તે" વાવાઝોડાને કારણે ખેતી અને બાગાયત પાકો તથા ઝાડોને થયેલ નુકસાન સામે ૧.૭૦ લાખ ખેડૂતોને રૂ.૪૦૪.૮૮ કરોડની સહાયની ચુકવણી લાભાર્થીઓને કરવામાં આવેલ છે.
- રાજ્યમાં સપ્ટેમ્બર-૨૧ માસ દરમિયાન થયેલ ભારે વરસાદથી થયેલ પાક નુકસાન અન્વયે પ્રથમ તબક્કામાં ચાર જિલ્લાના ૨૩ તાલુકાના ૬૮૨ ગામોના ખેડૂતોને મદદરૂપ થવા માટે કુલ રૂ. ૫૪૭ કરોડનુ માતબર સહાય પેકેજ જાહેર કરેલ. જે અન્વયે ૨.૨૧ લાખ ખેડૂતો ને રૂ.૪૪૨.૬૯ કરોડનું ચૂકવણું થયેલ છે. તથા સપ્ટેમ્બર માસ દરમિયાન થયેલ ભારે વરસાદથી થયેલ પાક નુકસાન અન્વયે બીજા તબક્કામાં નવ (૯) જિલ્લાઓના સાડત્રીસ(૩૭) તાલુકાઓના ૧૫૩૦ ગામોના ખેડૂતોને મદદરૂપ થવા માટે કુલ રૂ. ૫૩૧ કરોડનું સહાય પેકેજ જાહેર કરેલ છે.
- ખેડૂતોને સ્માર્ટફોન ખરીદીમાં સહાય આપવા ખેડૂતહિતલક્ષી નિર્ણય કરી રાજ્યના ખેડૂતોને સ્માર્ટફોન ખરીદવા માટે સ્માર્ટફોનની કિમતના ૪૦%અથવા રૂપિયા ૬૦૦૦ સુધીની સહાય આપવાની યોજના અમલમાં મુકેલ છે અને આ સહાય લાભાર્થીઓના બેંક એકાઉન્ટમાં સીધા ટ્રાન્સફર કરવામાં આવી રહ્યા છે.
- રાજ્યના ખેડૂતોને ખેત પેદાશોના પોષણક્ષમ ભાવ મળી રહે તે માટે રાજ્યમાં ખરીફ-૨૧ માટે તા.૧૭.૦૨.૨૦૨૨ અંતિત કુલ ૧૫૫ ખરીદ કેન્દ્રો ખાતેથી કુલ ૪૯૯૪૩ ખેડૂતો પાસેથી રૂપિયા **૫૨૮.૫૫ કરોડના** મૂલ્યની કુલ **પંચાણું હજાર બસો તેત્રીસ** મેટ્રિક ટન મગફળી તથા અન્ય કઠોળની ટેકાના ભાવે ખરીદી કરવામાં આવેલ છે. સરકારની ટેકાના ભાવની સુદ્રઢ નીતિના કારણે રાજ્યના ખેડૂતોને તેઓના ખેત ઉત્પાદનોના ટેકાના ભાવ કરતાં પણ વધારે બજાર કિમત ઉપલબ્ધ થઈ રહી છે. જેનો લાભ રાજ્યના લાખો ખેડૂતોને મળી રહ્યો છે.
- રાજ્યમાં પ્રાકૃતિક કૃષિ પદ્ધતિને પ્રોત્સાહન મળે તે હેતુથી દેશી ગાય આધારિત પ્રાકૃતિક ખેતી કરતાં ખેડૂત કુંટુંબને એક ગાયના નિભાવ ખર્ચ માટે રૂ. ૧૦,૮૦૦ પ્રતિ વર્ષ સહાય આપવામાં આવે છે. જે અન્વયે અત્યાર સુધીમાં એક લાખ એંશી હજાર ચારસોથી વધુ લાભાર્થીઓને રૂ.એકસો સીત્તેર કરોડથી વધુનું ચુકવણું કરવામાં આવેલ છે.
- ડાંગ જિલ્લાને રાજ્યનો પ્રથમ રસાયણમુક્ત ખેતી કરતો જિલ્લો જાહેર કરી આ યોજના હેઠળ ૧૩,૪૭૮ લાભાર્થીઓને સંભંવિત ઉપજ ઘટ સરભર કરવા રૂ. ૬.૮૯ કરોડનું ચૂકવણું કરવામાં આવેલ છે. આ યોજનાના અમલથી અંદાજે બે લાખ જેટલા ખેડૂતો આશરે અઢી લાખ એકર જમીનમાં પ્રાકૃતિક કૃષિ અપનાવી રહ્યાં છે.
- રાજ્યના ખેડૂતોને પાક સંગ્રહ સ્ટ્રક્ચર બનાવવા માટે મુખ્યમંત્રી પાક સંગ્રહ સ્ટ્રક્ચર યોજના હેઠળ ચાલુ વર્ષે સહાયની રકમ રૂ. ૩૦,૦૦૦ થી વધારીને રૂ. ૫૦,૦૦૦ કરવામાં આવેલ છે.
- બાગાયતી ખેતી, જીરૂ, વરિયાળી તથા ધાણા જેવા મસાલા પાકોના ઉત્પાદનમાં તેમજ ઇસબગુલના પ્રોસેસીંગ અને નિકાસમાં દુનિયામાં ગુજરાત અગ્રેસર છે.

- કૃષિ યાંત્રિકીકરણનો વ્યાપ વધારવા માટે ચાલુ વર્ષમાં ટ્રેક્ટર તેમજ ટ્રેક્ટર સંચાલિત ખેત ઓજાર/સાધનની ખરીદી માટે રાજ્યના કુલ ૫૩૫૮૧ લાભાર્થીઓને રૂપિયા ૨૨૧ કરોડની નાણાકીય સહાય આપવામાં આવેલ છે.
- રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓ દ્વારા ૨૦૨૧-૨૨માં જુદા જુદા પાકોની કુલ ૩૫ સુધારેલ / હાઇબ્રીડ-વધુ ઉત્પાદન આપતી રોગ પ્રતિકારક જાતો અને જુદા જુદા પાકોની ખેતી પદ્ધતિઓ તેમજ કૃષિ, પશુપાલન, ડેરી, બાગાયત, વનીકરણ, કૃષિ ઇજનેરી, ફૂડ પ્રોસેસીંગ વગેરેને લગતી ૩૬૪ ટેક્નોલોજી વિકસાવેલ છે.
- વિવિધ વિસ્તરણ શિક્ષણની પ્રવૃતિઓ મારફત વર્ષ ૨૦૨૧-૨૨માં અંદાજીત ૬.૧૦ લાખ ખેડૂતો, મહિલાઓ અને ખેડૂત યુવાનોને તાલીમબદ્ધ કરવામાં આવેલ છે.

**પશુપાલન**

રાજ્યના આર્થિક અને સામાજિક વિકાસમાં પશુપાલન અને ડેરી ક્ષેત્રનું આગવું યોગદાન છે. ખાસ કરીને પશુપાલન પ્રવૃત્તિ સાથે સંકળાયેલા રાજ્યના લાખો કુંટુંબો માટે આર્થિક ઉપાર્જન માટે પશુપાલન એક સચોટ અને સરળ વિકલ્પ છે.

- ગુજરાત રાજ્ય દેશમાં દૂધ ઉત્પાદનમાં અગ્ર હરોળમાં છે. હાલમાં ૨૨ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘોની દૈનિક દૂધ એકત્રિત કરવાની ક્ષમતા ૨૯૨.૨૭ લાખ લીટર છે. વર્ષ ૨૦૨૦ - ૨૦૨૧ દરમ્યાન રાજ્યના દૂધ ઉત્પાદન સંઘો દ્વારા દૈનિક ૨૨૫ લાખ લીટર દૂધ એકત્રિત કરવામાં આવેલ છે.
- વર્ષ ૨૦૨૦-૨૧ દરમ્યાન રાજ્યમાં ૧૫૮.૫૩ લાખ મેટ્રીક ટન દૂધ,૧૭૮.૬૩ કરોડ નંગ ઈંડા અને ૨૦.૦૩ લાખ કિ.ગ્રા ઊન ઉત્પાદન નોંધાયેલ છે.
- જાન્યુઆરી-૨૦૨૨ અંતિત ઘાસચારા વિકાસ ક્ષેત્રે રૂપિયા ૨૦૮.૧૭ લાખના ખર્ચે કુલ ૪૯૦૬૬ સુધારેલ જાતના બિયારણ કીટનું વિતરણ તથા કુલ ૧,૩૦૯ વિદ્યુત સંચાલિત ચાફકટર માટે રૂપિયા ૨૩૫.૬૨ લાખની સહાય પૂરી પાડવામાં આવેલ છે.
- જાન્યુઆરી-૨૦૨૨ અંતિત પશુઆરોગ્ય ક્ષેત્રે ૫૦.૩૪ લાખ પશુ સારવાર અને ૪૧૨૬ પશુ આરોગ્ય મેળાની કામગીરી થયેલ છે.

**મત્સ્યોદ્યોગ**

ગુજરાતના ૧૬૦૦ કી.મી.ના વિશાળ દરિયાકિનારાના ૧૪ જિલ્લાઓના ૧૦૫૮ ગામો પૈકી ૨૬૦ ગામો દરિયાઈ મત્સ્ય પાલન પર આધારિત છે.

- ગુજરાત રાજ્યનું કુલ મત્સ્ય ઉત્પાદન **સાત લાખ ચુમાલીસ હજાર ચારસો પચ્ચીસ** મેટ્રિક ટન થયેલ છે. જેની કિંમત રૂપિયા આઠ હજાર સાતસો તોતેર કરોડ એકત્રીસ લાખ થયેલ છે.
- રાજ્યના દરીયામાં માછીમારી કરતી બોટોમાં માછીમારોની સુરક્ષા માટે લાઇફ સેવીંગ જેકેટ, જી.પી.એસ. જેવા સાધનો પૂરા પાડવામાં આવે છે અને દરીયામાં ઓઇલ/ગ્રીસના વપરાશથી ઉદભવેલ પ્રદુષણને નોંધપાત્ર ઘટાડો કરવા તેમજ માછીમારોને લાંબાગાળે આર્થિક રીતે ફાયદો થાય તે માટે ફાઇબર રોપ તથા નવા ડીઝલ એન્જિન ખરીદી ઉપર સહાય આપવામાં આવે છે.
- ૨૦ મીટરથી ઓછી લંબાઇની માછીમારી કરતી યાંત્રિક હોડીઓમાં વપરાતા હાઇસ્પીડ ડીઝલ પર વેચાણવેરા રાહત યોજના તળે વર્ષ ૨૦૨૧-૨૨ દરમ્યાન ડીઝલકાર્ડ ધારક બોટમાલિક માછીમારોને રૂપિયા **એકસો ઓગણપચાસ કરોડની** ડીઝલ વેટ રાહતની સહાય જાન્યુઆરી-૨૦૨૨ સુધી ચૂકવવામાં આવેલ છે.
  - મે-૨૦૨૧માં આવેલ 'તાઉ-તે' વાવાઝોડાને કારણે જાફરાબાદ, નવાબંદર, સૈયદ રાજપરા, શિયાળબેટ મત્સ્ય બંદર ખાતે થયેલ નુકસાન સબબ મરામત ખર્ચ પેટે રાજ્ય સરકારે રૂપિયા **ઓગણએંશી કરોડ પિસ્તાલીસ લાખનું** રાહત પેકેજ મંજૂર કરેલ છે. જેમાં હાઇમાસ્ટ ટાવર રીપેરીંગ, જેટી, વાર્ફવોલ, સ્લોપીંગ પીચીંગ, રોડ સર્ફેસ, પાર્કીંગ સુવિધા વગેરે કામો ઝડપથી થાય તે માટે મત્સ્યોદ્યોગ વિભાગ કક્ષાએથી પ્રયત્નો થઈ રહ્યા છે.

**પંચાયત**

ઝાઝા હાથ રળિયામણા અને સત્તાના વિકેન્દ્રીકરણના મૂળભૂત સિદ્ધાંતને ધ્યાનમાં રાખીરાજ્યના કોઇપણ છેવાડે વસતો,કોઇપણ સમુદાય ખભેખભા મિલાવીને રાજ્યના વિકાસમાં સીધા ભાગીદાર બને તેવી વિકાસલક્ષી નીતિ સાથે ગુજરાતમાં પંચાયતીરાજ વ્યવસ્થાનું અમલીકરણ થઇ રહ્યું છે. નાણાપંચની ગ્રાન્ટમાંથી વિકાસનાં કામો સહિત તેની પસંદગી અને કામોનો અગ્રતાક્રમ નક્કી કરવા સત્તાના સુત્રો પંચાયત શાસનની હાર્દ સમી ગ્રામસભાને સોંપવામાં આવેલ છે અને ગ્રામ પંચાયત ડેવલપમેન્ટ પ્લાન (GPDP)ના માધ્યમથી નક્કી કરે તેવો નિર્ણય કરીને પંચાયતીરાજને વધુ સુદ્રઢ બનાવ્યું છે. નવીન પંચાયત ઘર કમ તલાટી આવાસ યોજના,સ્વચ્છ ગામ સ્વસ્થ ગામ યોજના, મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન હેઠળ ગામડાઓમાં ડોર ટુ ડોર ઘન કચરાનું એકત્રીકરણ,ઇ-ગ્રામ વિશ્વગ્રામ યોજના,સમરસ યોજના, માનવબળની ભરતી વગેરે જેવી યોજનાઓ અને નિર્ણયો વડે ગુજરાતનાં ગામડાઓ પંચ ત્યાં પરમેશ્વરની ભાવનાને ચરિતાર્થ કરતાં આદર્શગામ બની રહ્યાં છેઅને વિકાસ માટે કેસ સ્ટડીરૂપ પુરવાર થઇ રહ્યાં છે.

**સમરસ ગ્રામ યોજના**

ફાલ્ગુન ૧૧, શાકે ૧૯૪૩

રાજ્યપાલશ્રીનું સંબોધન

ગ્રામ પંચાયતોમાં વ્યાપક સમજૂતીથી સર્વાનુમતે સંપ ત્યાં જંપના હેતુને ચરિતાર્થ કરવા સરપંચ સહિત તમામ વોર્ડોની બેઠકોના સભ્યો બિનહરીફ થાય તેવા સુંદર અભિગમથી સમરસ ગ્રામ પંચાયત યોજના અમલમાં મૂકેલ છે.જે અન્વયે સામાન્ય સમરસ અને મહિલા સમરસ ગ્રામ પંચાયતો જાહેર કરેલ છે જે અન્વયે તાજેતરમાં રાજ્યની કુલ ૧૦,૮૭૯ ગ્રામ પંચાયતોની યોજાયેલ ચૂંટણીમાં કુલ ૧૧૮૩ ગ્રામ પંચાયતો સમરસ જાહેર થઇ,તે પૈકી કુલ ૧૧૬ ગ્રામ પંચાયતો મહિલા સમરસ થઇ તેમજ તા.૩૧/૧૨/૨૦૨૧ ના રોજ યોજાયેલ સુશાસન દિવસના માન.મુખ્યમંત્રીશ્રીના રાજ્ય કક્ષાના કાર્યક્રમ નિમિત્તે ઓનલાઇન મારફત ૧૧૮૩ સમરસ થયેલ તમામ ગ્રામ પંચાયતોના ખાતામાં કુલ રૂપિયા ૬૨.૩૬ કરોડનું અનુદાન ત્વરિત જમા કરાવવામાં આવ્યું.

- ગુજરાતના ગ્રામ્ય વિસ્તારમાં રહેતા જમીન વિહોણા ખેત-મજૂરો, ગ્રામ્ય કારીગરો તથા પછાત લોકો માટે રાજ્ય સરકારની ઘરથાળના **મફત પ્લોટની યોજના** અમલમાં છે જે અંતર્ગત વર્ષ ૨૦૨૧-૨૨માં કુલ ૩૪૩૩ પ્લોટ્સની ફાળવણી કરવામાં આવી છે. આ પૈકી ૧૪૬૪ મફત પ્લોટસને સમતળ કરવા રૂપિયા ૧૪.૬૪ લાખનું અનુદાન ફાળવવામાં આવેલ છે.
- આ વિભાગની સી.ડી.પી-૫ યોજના અંતર્ગત રાજ્યની જર્જરીત ગ્રામ પંચાયતો અને ઘર વિહોણી ગ્રામ પંચાયતો માટે નવિન પંચાયત ઘર કમ તલાટી મંત્રી આવાસ બનાવવા રાજ્ય સરકાર દ્વારા અનુદાન આપવામાં આવે છે. જે અન્વયે વર્ષ ૨૦૨૧-૨૨માં હાલ કુલ ૨૮૫ ગ્રામ પંચાયત ઘર બનેલ છે અને વધુ બનાવવા માટે મારી સરકાર પ્રતિબદ્ધ છે.
- ચાલુ નાણાકીય વર્ષમાંવલસાડ અને મહેસાણા જિલ્લા પંચાયત તેમજ ધોળકા, મેઘરજ, સિંગવડ, માણાવદર, સાગબારા, ભિલોડા, સંજેલી, નવસારી એમ કુલ ૮ તાલુકા પંચાયત કચેરીઓના નવીન ભવન રેન વોટર હાર્વેસ્ટીંગ જેવી માળખાકીય સુવિધાઓ સાથે પૂર્ણ થયેલ છે તેમજ અનેક નવા ભવનના ભૂમિ પૂજન કરવામાં આવેલ છે.
- ગામડાના નાગરિકોને સરકારી સેવાઓની સરળતા માટે આવકના દાખલાની અવધિ એક વર્ષથી વધારીને ત્રણ વર્ષ કરવાનો અતિ મહત્ત્વપૂર્ણ નિર્ણય કરવામાં આવેલ છે.
- વ્યક્તિને વતન કે જે તનથી પણ વધુ વહાલું હોય છે તે ભાવનાને ચરિતાર્થ કરવા વતનપ્રેમ યોજના વતન પ્રેમ યોજનામાં દાતાશ્રી દ્વારા કામના ખર્ચના ૬૦% દાન સામે રાજ્ય સરકાર દ્વારા ૪૦% નું અનુદાનના ધારણે અમલમાં મુકેલ છે.
- તાલુકા વિકાસ અધિકારીઓની ખાલી જગ્યાઓ ભરવા ઝુંબેશ સ્વરૂપે તમામ ખાલી જગ્યાઓ ભરી વહીવટ વધુ ઝડપી થાય તેવી વ્યવસ્થા કરવામાં આવી છે.

**સોલર રૂફ ટોપ અને અદ્યતન રેકર્ડ રૂમ**

- વીજળીની બચત થાય તથા પર્યાવરણનું જતન થાય તે માટે સોલાર રૂફટોપ ઇન્સ્ટોલ કરવા ગીર સોમનાથ જિલ્લા પંચાયત, ખંભાળીયા, ભાણવડ, દ્વારકા, કલ્યાણપુર, દિયોદર, થરાદ, ખંભાત, રાણાવાવ એમ કુલ ૦૮ તાલુકા પંચાયતો અને ૧૪૭ ગ્રામ પંચાયતોને અનુદાન આપવામાં આવ્યું છે.
- ૨૧ જિલ્લા પંચાયતો ખાતે અદ્યતન રેકર્ડ રૂમ (કોમ્પેક્ટરની સુવિધાયુક્ત) ની કામગીરી કરવામાં આવેલ છે.
- **તાજેતરમાં પંચાયત વિભાગની વિવિધ ૧૭ સંવર્ગની વિક્રમજનક ભરતીની જાહેરાત** બહાર પાડવામાં આવેલ છે.

**ગ્રામ વિકાસ**

મહાત્મા ગાંધીજી કહેતા હતા સાચું હિન્દુસ્તાન દેશનાં સાત લાખ ગામડાઓમાં વસે છે. આજે ગુજરાત સરકારે આ વિધાનને સાર્થક બનાવ્યું છે. ગુજરાતનાં ગામડાં આદર્શ બની રહ્યાં છે. ગુજરાત સરકાર દ્વારા સમન્વિત ગ્રામીણ વિકાસના મહત્ત્વને સમજીને, ગ્રામીણ જીવનને વધુ સારું બનાવવા સતત પ્રયાસ કરવામાં આવતાં ઉત્કૃષ્ટ પરિણામો પ્રાપ્ત થયાં છે. ગુજરાત વિકાસ મોડલનો આધાર "જન ભાગીદારી" છે, કે જે એના સૂત્ર **''સૌનો સાથ સૌનો વિકાસ''** માં પ્રતિબિંબિત થાય છે. ગ્રામીણ વિકાસની જે ગાથાઓ ગુજરાતમાંથી ઉદ્ભવી રહી છે એ બતાવે છે કે રાજ્ય સરકાર આ મોડેલ દ્વારા લોકોના જીવનધોરણને ઊંચું લાવી રહી છે. ગુજરાત રાજ્યએ મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંયધરી યોજનાના ભંડોળનો ટકાઉ અને ઉપયોગી અસ્ક્યામતોના નિર્માણ, ગ્રામીણ અર્થવ્યવસ્થાનો વિકાસ, પર્યાવરણ સંરક્ષણ, ગ્રામીણ મહિલા સશક્તીકરણ, ગ્રામીણ શહેરી સ્થળાંતર ઘટાડવા અને સામાજિક સમાનતાને વેગ આપવામાં અસરકારક ઉપયોગ કરેલ છે.

- **શ્યામાપ્રસાદ મુખર્જી રૂર્બન મિશન** યોજનાનો મુખ્ય હેતુ ગામના સમુહને (ઝુમખા) માળખાકીય, આર્થિક/સામાજિક સવલતો પુરી પાડવાનો છે જેથી ગામના જૂથો તેમજ તેમના આસપાસના વિસ્તારની સુખાકારીમાં વધારો થાય. જે અંતર્ગત ફેઝ-૧, ૨ અને ૩ ના કુલ મળીને CGFના ૨૮૯ DPR માંથી ૨૮૭ DPR પ્રોજેક્ટ મંજૂર થયેલ છે. જેમાંથી ૧૩૦ પ્રોજેક્ટનું કામ પૂર્ણ થયેલ છે. ૧૧૮ પ્રોજેક્ટ પ્રગતિ હેઠળ છે અને કુલ ૯૯.૩૩ કરોડનો ખર્ચ થયેલ છે.
- “આઝાદીકા અમૃત મહોત્સવ” અંતર્ગત “આત્મનિર્ભર ગ્રામ યાત્રા” ની ઉજવણી દરમિયાન શ્યામાપ્રસાદ મુખર્જી રૂર્બન મિશન અંતર્ગત કુલ રૂ. ૨૬.૨૩ કરોડના કુલ ૩૪ પ્રોજેક્ટના લોકાર્પણ કરવામાં આવેલ છે અને કુલ રૂ. ૩.૬૯ કરોડના કુલ ૨ પ્રોજેક્ટના ખાતમુહૂર્ત કરવામાં આવેલ છે.

**કુટિર અને ગ્રામોદ્યોગ માનવ કલ્યાણ યોજના**

- આ યોજનામાં આર્થિક રીતે પછાત વર્ગોના સમુહને પુરતી આવક અને સ્વરોજગાર ઉભા કરવા માટે સહાયના રૂપમાં વધારાના ઓજારો-સાધનો આપવામાં આવે છે. સને ૨૦૨૧-૨૨ ના કુલ ૨૭ ટ્રેડમાં ૩૦,૫૬૪ લાભાર્થીઓની પસંદગી પૂર્ણ થયેલ છે.

**માર્કેટીંગ સપોર્ટ/પ્રદર્શન-સહ-વેચાણઃ**

- કુટિર ઉદ્યોગ ક્ષેત્રના કારીગરો માટે વર્ષ ૨૦૨૧-૨૨માં કુલ ૫૬ મેળાઓ અને ૫૯૦૦કારીગરોની સિધ્ધિ પ્રાપ્ત કરવામાં આવેલ છે. જેમાં રૂપિયા **તેર કરોડ અઠ્ઠાણું લાખ સાઈઠ હજાર ત્રણસો સત્તાવીસનું** વેચાણ કરેલ છે.

**નવીન પહેલ (સ્વાવલંબનથી સ્વરોજગારની ડિજિટલ સેવા)**

- અરજદારોને પડતી મુશ્કેલીઓ નિવારવાના આશયથી રાજ્ય સરકારશ્રી દ્વારા નાગરિકોની વિવિધ સેવાઓ આંગળીના ટેરવે લઇ શકે તે હેતુથી **'ઇ-કુટીર પોર્ટલ'** અમલમાં મૂકવામાં આવેલ છે.

**શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ**

ગુજરાતનાં નગરો-મહાનગરોની આજથી ૨૦-૨૫ વર્ષ પહેલાંની સ્થિતિ અને વર્તમાન સ્થિતિ વચ્ચેનો તફાવત ઊડીને આંખે વળગે તેવો છે. 'માનવી ત્યાં સુવિધા'ના મંત્ર સાથે ગુજરાતનાં શહેરોનો કાયાકલ્પ થઈ રહ્યો છે. મારી સરકારની આયોજનબદ્ધ શહેરી વિકાસની નીતિને પરિણામે ગુજરાતના શહેરો Liveble(લિવેબલ) અને Loveble (લવેબલ) બની રહ્યાં છે. રોડ-રસ્તા, બ્રિજ, બાગ-બગીચા, પીવાનું શુદ્ધ પાણી, ભૂગર્ભ ગટર વ્યવસ્થા, સ્વચ્છતા, વગેરે આંતરમાળખાકીય સુવિધાઓના વિકાસમાં ટેક્નોલોજીના વિનિયોગથી ગુજરાતનાં શહેરો સ્માર્ટ બની રહ્યાં છે.

**ગુજરાત આત્મનિર્ભર પેકેજ**

- રાજ્ય સરકારશ્રીએ કોવિડ-૧૯ અન્વયે મહાનગરપાલિકા અને નગરપાલિકા વિસ્તારમાં આવેલ હોટલ, રીસોર્ટસ, રેસ્ટોરેન્ટ, એમ્યુઝમેન્ટ પાર્કસ, સિનેમાઘરો, મલ્ટીપ્લેક્સ અને જીમ્નેશિયમને તા. ૦૧.૦૪.૨૦૨૧ થી તા. ૩૧.૦૩.૨૦૨૨ સુધી એક વર્ષના સમય માટે પ્રોપર્ટી ટેક્ષમાંથી મહાનગરપાલિકા વિસ્તારના ૧૩,૧૯૨ એકમોને રૂપિયા ૮૬.૯૫ કરોડ અને નગરપાલિકા વિસ્તારના ૫,૨૪૫ એકમોને રૂપિયા ૮.૦૮ કરોડ એમ મળીને કુલ ૧૮,૪૩૭ એકમોને કુલ રૂપિયા ૯૫.૦૩ કરોડની રાહત આપવામાં આવેલ છે.

**રેગ પીકર્સ, શ્રમજીવીઓના આર્થિક વિકાસ યોજના**

- રેગ પીકર્સ, શ્રમજીવી ભાઇઓ, બહેનો, શહેરમાં ફરીને પ્લાસ્ટીક કચરાનું વિણવાનું કામ કરી અને રોજગારી મેળવે છે જેમાંથી તેઓને વાજબી વળતર મળતુ નથી. તેઓનું જીવન ધોરણ ઉંચુ આવે તે માટે આરોગ્યની નિયમિત ચકાસણી થાય, કેન્દ્ર તથા રાજ્ય સરકારની વિવિધ યોજનાના લાભ મળે તે હેતુથી આ યોજના અમલમાં મુકેલ છે. તેઓએ એકઠો કરેલ પ્લાસ્ટિકના જથ્થાનો રેકોર્ડ મુજબ દર ૧૫ દિવસે એક કિલોના રૂપિયા ૩/- લેખે પ્રતિ દિન પ્રતિ વ્યક્તિ મહત્તમ ૧૦ કિલોની મર્યાદામાં વધારાની સહાય રાજ્ય સરકાર આપશે.
- મહાનગરપાલિકા/નગરપાલિકાઓ નોંધાયેલ રેગપીકર્સ શ્રમજીવીઓના આરોગ્ય રક્ષણ માટે આરોગ્ય કીટ તેમજ કેમ્પ કરી તાલીમ આપવામાં આવશે તથા સબસિડીની સહાય દર ૧૫ દિવસે રેગપિકર્સના આધાર સિડેડ બેન્ક એકાઉન્ટમાં Direct Benefit Transfer( DBT)દ્વારા જમા કરવામાંઆવશે.
- **સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના** હેઠળ શહેરી વિસ્તારોમાં વ્યસ્ત રેલ્વે ફાટક બંધ થવાથી વધતી જતી ટ્રાફિક સમસ્યાને હલ કરવા રાજ્ય સરકાર દ્વારા રેલ્વે ઓવર બ્રિજ/રેલ્વે અંડર બ્રિજના આજ દીન સુધી કુલ અંદાજીત રકમ રૂપિયા૧૯૬૩.૫૯ કરોડના કુલ ૮૫ કામો રેલ્વે સાથે ૫૦% કોસ્ટ શેરીંગ તથા ખાસ કિસ્સામા ૧૦૦% રાજ્ય સહાય અંતર્ગત મંજૂર કરવામાં આવેલ છે.

**ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન (જી.એમ.આર.સી.) લિમિટેડ**

- અમદાવાદ મેટ્રોરેલ પ્રોજક્ટ ફેઝ-૧કામપૂર્ણ કરી ભારતની આઝાદીના ૭૫મા વર્ષના ભાગરૂપે ઓગસ્ટ ૨૦૨૨માં સમગ્ર પ્રોજક્ટ પૂર્ણ કરવાનો લક્ષ્યાંક છે.

**અગ્નિ નિવારણ સેવાઓ**

- ફાયર સેફ્ટી ઓફિસર (FSO)નુ એનરોલમેન્ટ, તાલિમ તથા ફાયર સેફ્ટી સર્ટિફિકેટને ઓનલાઇન ઇસ્યુ/રિન્યુ કરવા માટે Fire Safety COP પોર્ટલ ડેવલપ કરી આ સમગ્ર પ્રક્રિયા ડીઝીટાઇઝ કરવામાં આવશે. જેથી અરજદારો ઓનલાઇન અરજી કરી સર્ટિફિકેટ મેળવી શકશે તથા ગુજરાત રાજ્ય અગ્નિ નિવારણ અને જીવન સુરક્ષા ઉપાય વિષયક અધિનિયમ-૨૦૧૩ ની કલમ-૧૨ની જોગવાઇ મુજબ બિલ્ડીંગ માલિક દ્વારા ફાયર સેફ્ટી ઓફિસર રાખવાની કામગીરી પણ ઓનલાઇન થશે.

**સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના**

- રાજ્યના શહેરોના સર્વાંગી વિકાસ માટે ગુજરાત સરકાર દ્વારા ભૌતિક અને સામાજિક આંતરમાળખાકિય સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાના ભાગરૂપે ટ્રાફિક સર્કલ, પાણી પુરવઠા, ભૂગર્ભ ગટર, સ્ટ્રોમ વોટર ડ્રેનેજ, જળસંચયના કામો,

તળાવ બ્યુટિફિકેશન, સ્મશાનગૃહના બાંધકામો, ફાયર સ્ટેશન, શાળા બાંધકામ, અર્બન હેલ્થ સેન્ટર, આંગણવાડી, લાઈબ્રેરી પાર્કીંગ વિગેરે જેવા કામો હાથ ધરી પ્રજાની સુખાકારીમાં વધારો થાય તેવા કામો હાથ ધરવામાં આવે છે.

**ખાનગી સોસાયટી જન ભાગીદારી યોજના**

- આ યોજના હેઠળ સોસાયટીના આંતરિક રસ્તા, પાણીની પાઈપલાઈન, સ્ટ્રીટ લાઈટ અને ગટર જેવા કામો માટે થતા કુલ અંદાજીત ખર્ચ પૈકી ૭૦% રકમ રાજ્ય સરકારશ્રી દ્વારા ૧૦% રકમ સ્થાનિક સંસ્થાનો ફાળો તથા ૨૦% રકમ સોસાયટીનો ફાળો એમ મળી કુલ ૧૦૦% કામગીરી પૂર્ણ કરવામાં આવે છે. વધુમાં જે ઘરો ગટર લાઈન સાથે જોડાયેલ ન હોય તેવા ઘરોની ગટરલાઈનને મુખ્ય ગટર લાઈન સાથે જોડવા પ્રતિ ઘર દીઠ રૂપિયા ૭૦૦૦ની મહત્તમ સહાય પણ આપવામાં આવે છે. રાજ્યની આ અતિ લોકપ્રિય યોજનાનો લાભ ખાનગી સોસાયટીઓ દ્વારા બહોળા પ્રમાણમાં લેવામાં આવી રહેલ છે.

**ભાવિલક્ષી શહેરી આયોજન**

- વિકાસ પરવાનગીની પ્રક્રિયા સાથે સંકળાયેલ વિવિધ સિવિલ ઈજનેરશ્રીઓ તથા આર્કીટેક્ટશ્રીઓ અને રાજ્યના મહાનગરપાલિકા, નગરપાલિકા, શહેરી વિસ્તાર વિકાસ સત્તામંડળોના સૂચનોને ધ્યાને લઈને વિકાસની પરવાનગીની પ્રક્રિયા સરળ, ઝડપી અને પારદર્શક બને તેવા શુભ આશયથી ૧૫ મીટર બાંધકામ ઉંચાઈ સુધીની તમામ વિકાસ પરવાનગીઓ ઓનલાઈન ડેવલપમેન્ટ પરમીશન સિસ્ટમ ૨.૦ અમલમાં મુકેલ છે.
- રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૨૧ દરમિયાન ૬ વિકાસ યોજના, ૨૦ મુસદ્દારૂપ નગર રચના, પાંચ પ્રારંભિક નગર રચના યોજના અને ૨૧ આખરી નગર રચના યોજના મંજૂર કરવામાં આવેલ છે.

**માર્ગ અને મકાન**

કોઈપણ રાજ્યના સુગ્રથિત વિકાસ માટે માર્ગ વિકાસના કામો મહત્ત્વના પુરવાર થાય છે. ઔદ્યોગિક વિકાસથી આંતર માળખાકીય સુવિધાઓ માટે પણ રસ્તાઓ જ મહત્ત્વનું પરિબળ બની રહે છે. આ માટે સરકારે માર્ગ વિકાસના કામોને પ્રાધાન્ય આપીને કામગીરી કરી છે. તે દેશભરમાં મોખરે રહી છે અને આ ક્ષેત્રે પણ ગુજરાત રોલ મોડલ પુરવાર થઈ રહ્યું છે.

ગુજરાત સરકારે રાજ્યભરમાં અત્યાધુનિક સુવિધાઓ ધરાવતા માર્ગોનું નિર્માણ કર્યું છે. રાજ્યમાં ૧ લાખ ૨૪ હજાર કિલોમીટરના પ્લાન અને નોન પ્લાન રસ્તાઓનું સુઆયોજિત નેટવર્ક બિછાવ્યું છે. એટલું જ નહીં તમામ ગામડાઓને પણ પાકા ડામરના રસ્તાથી જોડવાનું કામ પણ પૂરું કરી દીધું છે. એ જ રીતે યાત્રા ધામો, શૈક્ષણિક સંસ્થાઓ હોસ્પિટલો બસ અને રેલવે સ્ટેશનો સુધી સિંગલ લેનથી લઈ ફોર લેનના પાકા ડામરના રસ્તાઓનું નેટવર્ક પૂર્ણ કરાયું છે. ખેડૂતોને પાક વેચવા માટે APMC સુધી જવા માટે પણ પાકા ડામરના રસ્તાઓની સુવિધાઓ પૂરું પાડવામાં આવી રહી છે.

- ૨૦૯૪ કી.મી લંબાઈના રસ્તાઓનું રૂપિયા **ત્રણ હજાર એકસો ત્રીસ કરોડના** ખર્ચે ચાર માર્ગીયકરણ / ૧૦ મીટર / ૭ મી.પહોળા કરવાની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે,જયારે ૨૦૮૩ કિ.મી.લંબાઈના રસ્તાઓનું રૂપિયા **ચાર હજાર ત્રણસો ઓગણચાલીસ** કરોડની અંદાજીત રકમની આ કામગીરી પ્રગતિમાં છે.
- બગોદરા–તારાપુર-વાસદરસ્તાના૧૦૧.૯કી.મી.નાં છ-માર્ગીયકરણની કામગીરી રૂપિયા **એક હજાર છસો ચોપન કરોડની** રકમથી મંજૂર કરેલ છે, જે પૈકી તારાપુર-વાસદ રસ્તાના ૪૮.૧૦ કી.મી.નાં કામગીરી રૂપિયા **એક હજાર પાંચ કરોડના** ખર્ચે પૂર્ણ કરવામાં આવી છે જયારે બાકીની કામગીરી પ્રગતિમાં છે.
- ગાંધીનગર તથા અમદાવાદ શહેર ખાતે રૂ. ૧૭૩ કરોડની અંદાજીત રકમના 'બી' તથા 'સી' કક્ષાના નવા ૬૬૪ રહેણાક આવાસોનું બાંધકામ પૂર્ણ કરેલ છે તથા રૂ. ૩૮૦.૮૫ કરોડની અંદાજીત રકમના વિવિધ કક્ષાના નવા ૧૫૦૮ રહેણાક આવાસોનું બાંધકામ પ્રગતિ હેઠળ છે.
- અંદાજીત રૂ. ૧૭.૧૨ કરોડના ખર્ચે ગાંધીનગર ખાતે ટાઉનહોલ આધુનિકીકરણનું કામ પ્રગતિ હેઠળ છે.
- સોમનાથ અને સુરત (ફેઝ-૨) અતિથીગૃહનાં કામો રૂપિયા ૪૭.૫ કરોડના ખર્ચે પૂર્ણ થયા છે. જ્યારે નવસારી અતિથીગૃહનું કાર્ય પૂર્ણતાના આરે છે. ભાવનગર, પોરબંદર, દેવભુમિ દ્વારકા ખાતે અતિથીગૃહનાં કામો પ્રગતિ હેઠળ છે. ઉમરેઠ, સચિન, કોડીનાર, સંખેડા, સંતરામપુર ખાતે રૂપિયા ૧૪.૦૯ કરોડના ખર્ચે વિશ્રામગૃહની કામગીરી પૂર્ણ તેમજ વિજાપુર, વઘઈ, કુકરમુંડા અને મુન્દ્રા ખાતે વિશ્રામગૃહનાં કામો રૂ.૭.૨૫ કરોડના ખર્ચે પ્રગતિમાં છે.

**મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના**

- રાજ્યમાં મુખ્યમંત્રી ગ્રામ સડક યોજનાના પ્રથમ તબક્કામાં રૂપિયા **દસ હજાર એકસો છપ્પન કરોડની** રકમના ૨૯,૬૧૯ કિ.મી.લંબાઈના ૧૧,૧૦૦ રસ્તા / પુલોના કામોપૂર્ણતાને આરે છે.
- રાજ્યમાં મુખ્યમંત્રી ગ્રામ સડક યોજનાના બીજા તબક્કામાં રૂપિયા **નવ હજાર ત્રણસો તેત્રીસ કરોડની** રકમના ૨૭,૩૭૩ કિ.મી. લંબાઈના ૧૧,૪૬૩ રસ્તા / પુલોના કામો પૈકી ૫,૯૪૮ કિ.મી. લંબાઈના ૨૬૫૧ રસ્તા / પુલોના કામો પૂર્ણ થયેલ છે અને ૨૧,૪૨૫ કિ.મી. લંબાઈના ૮૮૧૨ રસ્તા / પુલોના કામો પ્રગતિમાં / હવે શરૂ થનાર છે.

**વાહન વ્યવહાર**

## તા. ૨જી માર્ચ ૨૦૨૨

## રાજ્યપાલશ્રીનું સંબોધન

'જ્યાં ગામ-શહેર કે માનવ વસ્તી હોય ત્યાં માર્ગ અને એસટી બસની સુવિધા' એવી પ્રતિબદ્ધતા સાથે ગુજરાત સરકારે પરિવહનનું વ્યાપક માળખું ઊભું કર્યું છે અને તેને સફળતાપૂર્વક ચલાવવામાં પણ આવી રહ્યું છે. આજે દૂર-સુદૂરનાં દુર્ગમ સ્થાનો ઉપર પણ એસટી બસની સેવા પ્રાપ્ત થઈ છે. એસટી બસોએ માત્ર લોકોને એક બીજા સ્થળે લઈ જવાનું જ નહીં પરંતુ બે સંસ્કૃતિ, સંસ્કાર, વિચારોને એક કરવાનું કામ કર્યું છે.

GSRTCએ સ્લીપર કોચ,એસી કોચ અને લાંબા અંતરની મુસાફરી માટે ઉચ્ચતમ લક્ઝરી કોચ સહિતની નવી પ્રકારની સેવાઓ શરૂ કરવા સાથે વિવિધ યાત્રાધામોને જોડીને યાત્રાળુઓ માટે પણ વિશેષ સેવા ઉપલબ્ધ બનાવી મુસાફરીને વધુ સરળ બનાવી છે.તેથી જ ગુજરાતનો નાગરિક મુસાફરી માટે એસટીને પ્રથમ પ્રાધાન્ય આપી રહ્યો છે.

- ગુજરાત સરકાર હંમેશા પર્યાવરણ મુદ્દે ગંભીર રહી છે અને એટલે જ પેટ્રોલ ડિઝલથી ચાલતા વાહનોના બદલે ઇલેક્ટ્રીક વાહનોને પ્રોત્સાહન આપવા ઇલેક્ટ્રીક વ્હીકલ પોલિસી અમલમાં લાવવાનો નિર્ણય લીધો છે. ભવિષ્યનું ભારત પ્રદૂષણમુક્ત હોય એની પહેલ ગુજરાત રાજ્યથી જ થઈ રહી છે.
- તા. ૦૧.૦૭.૨૦૨૧થી ખરીદાયેલા ઇલેક્ટ્રીક વાહનો પર સબસિડી DBT પદ્ધતિથી જેમાં ચાર વર્ષમાં એક લાખ દસ હજાર ટુ-વ્હીલર, સિત્તેર હજારથ્રી-વ્હીલર અને વીસ હજાર ફોર-વ્હીલર એમ કુલ બે લાખ ઇલેક્ટ્રીક વાહનો પર સબસિડી આપવામાં આવશે.
- વાહન વ્યવહાર ખાતાની ૨૦ સેવાઓ ઇ-કેવાયસીની મદદથી અને ૮ સેવાઓ મોબાઇલ OTPની મદદથી એમ કુલ ૨૮ સેવાઓ ફેસલેસ તરીકે શરુ કરવામાં આવી.
- મોટર વાહન ખાતા દ્વારા ચાલુ વર્ષે કુલ ૩૫ અત્યાધુનિક ઇન્ટરસેપ્ટર વાહનો ખરીદવામાં આવ્યા છે. જે સ્માર્ટ એન્ફોર્સમેન્ટના વિચાર દ્વારા સ્પીડ ગન, કેમેરા અને પબ્લીક એડ્રેસ સિસ્ટમથી સજ્જ છે.
- રાજ્યની કુલ ૫૮ ચેકપોઇન્ટ ઉપરાંત તમામ ચલણને ડીજીટલાઇઝ્ડ કરવાથી પારદર્શી અને સુવિધાયુક્ત એન્ફોર્સમેન્ટનું માળખુ ઉભું થયું છે.
- કોવીડ-૧૯ની પરિસ્થિતીમાં વાહન અસરગ્રસ્ત સેકટરને બેઠું કરવા, ધંધાના માલિકો અને સ્ટેક હોલ્ડરોમાં આત્મ વિશ્વાસ અને ધબકાર પૂરવા ટેક્ષમાં રાહત જાહેર કરેલ છે.જે હેઠળ ખાનગી લક્ઝરી બસો (કોંટ્રાક્ટ કેરેજ બસો) તથા જીપ, ટેક્ષી (મેક્સીકેબ) વગેરેના ધંધાને લોકડાઉનના કારણે માઠી અસર થયેલ હોવાથી ૧-એપ્રિલ-૨૦૨૧ થી ૩૦-જુન-૨૦૨૧ સુધીના ૩ મહિનાના મોટર વ્હીકલ ટેક્ષ (રોડ ટેક્ષ)ના કુલ ૨૦,૯૩૫ વાહનોને કુલ રૂપિયા **એકસો બાર કરોડ સુડતાલીસ લાખ** રાહત પેટે આપવામાં આવેલ છે. જ્યારે ગુડ્ઝ વાહનોને એપ્રિલ-૨૧ દરમ્યાન અર્ધ-વાર્ષિક/વાર્ષિક ટેક્ષ ભરવામા સરકારશ્રી દ્વારા ૧૦ તારીખની જગ્યાએ ૩૦ તારીખ સુધીની મુદત વધારી આપવામાં આવેલ હતી.
- ડ્રાયવર કક્ષામાં સીધી ભરતી અન્વયે કુલ-૨,૨૦૦ ઉમેદવારોને નિમણૂક આપવામાં આવેલ છે અને કંડકટર કક્ષામાં સીધી ભરતી અન્વયે કુલ-૨,૩૮૯ ઉમેદવારોને સંભવિત માર્ચ-૨૦૨૨ સુધીમાં સ્થળ પસંદગી કરાવીને નિમણૂક આપવામાં આવનાર છે.
- રાજ્ય સરકારશ્રીની સહાય થકી તા.૦૧/૦૧/૨૦૨૧ થી આજ દિન સુધી અંદાજીત રૂપિયા તેતાલીસ કરોડ અઢાર લાખના ખર્ચે તલોદ, સિદ્ધપુર, દિયોદર, અંકલેશ્વર (જીઆઇડીસી), ચુડા, દહેગામ, સાણંદ, લીમડી, સંતરામપુર, પાલનપુર, પીપળાવ, વાઘોડીયા, ડેમાઇ, મોરવાહડફ, સંજેલી, ઘોઘંબા, મુળી, વિંછીયા, મોઢેરા, સરા, સાયલા, ટંકારા તથા ગોંડલ એમ કુલ ૨૩(તેવીસ) બસ સ્ટેશનોનું લોકાર્પણ કરવામાં આવેલ છે. તેમજ અંદાજીત રૂપિયા **ચાર કરોડ પંચાવન લાખના** ખર્ચે ઉના અને ભાવનગર ડેપો વર્કશોપનું લોકાર્પણ કરવામાં આવેલ છે.
- રાજ્ય સરકારશ્રીના મૂડીકૃત બજેટમાંથી અંદાજીત રૂપિયા ૨૮૧.૯૧ લાખના ખર્ચે તૈયાર થયેલ ભાણવડ અને વસઇ બસ સ્ટેશનોનું જનતાની સુવિધા માટે લોકાર્પણ કરવામાં આવનાર છે.
- પબ્લીક પ્રાઇવેટ પાર્ટનરશીપના ધોરણે અંદાજીત રૂપિયા ૭૦ કરોડના ખર્ચે તૈયાર થયેલ પાલનપુર, અમરેલી અને ભરૂચ મળી કુલ ૩(ત્રણ) બસ સ્ટેશનોનું ટૂંક સમયમાં મુસાફર જનતાની સુવિધા માટે લોકાર્પણ કરવામાં આવનાર છે.
- નિગમના ૮૯ બસ સ્ટેશનો ખાતે મુસાફરોને ઇન્ટરનેટની સુવિધા મળી રહે તે હેતુથી ફ્રી વાઇ-ફાઇ સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

**બંદરો**

ગુજરાતને કુદરત તરફથી ૧૬૦૦ કિ.મી. લાંબા દરિયાકિનારાનું વરદાન પ્રાપ્ત થયું છે. સિંધુ ખીણની સભ્યતાના સમયથી જ વહાણવટા ક્ષેત્રે અગ્રિમ રહેલા ગુજરાતનાં વહાણવટાનો આજે ફરી એક વખત વિશ્વમાં ડંકો વાગી રહ્યો છે. ગુજરાત સરકાર ખાનગી ક્ષેત્રના સહયોગથી રાજ્યના બંદરોનો સર્વાંગી વિકાસ કરવા માટે જે પહેલ શરૂ કરી છે એનાં સારા પરિણામો આજે રાજ્યના અર્થતંત્રને વેગવાન બનાવવામાં યોગદાન આપી રહ્યા છે. કચ્છના લખપતથી ઉમરગામ સુધીના દરિયાઈ પટ્ટીમાં આવેલા રાજ્યનાં વિભિન્ન બંદરોએ આગવી ઓળખ ઊભી કરી છે. કંડલા ગુજરાતનું મોટું બંદર છે તો ભાવનગરનું અલંગ 'શિપ

બ્રેકિંગ' ક્ષેત્રે ખ્યાતિ મેળવી ચૂક્યું છે. સિક્કા અને માંગરોળ બંદરો મત્સ્ય ઉદ્યોગ માટે જાણીતાં છે. આ જ પ્રમાણે ચોક્કસ વસ્તુઓના આયાત-નિકાસ માટે નિશ્ચિત બંદરો દ્વારા પરિવહન કરવામાં આવે છે. એક સમયે સુરત દેશનું અતિ મહત્ત્વનું બંદર ગણાતું. દુનિયાભરના દેશો સાથે સુરતના દરિયા માર્ગે માલના આયાત-નિકાસ વડે વેપાર થતો. સુરત બંદરની અન્ય દેશોમાં પ્રસિદ્ધિ એટલી હદે થયેલી કે કહેવાય છે કે, ૮૪ દેશોનાં વહાણો સુરત બંદર ખાતે લાંગરેલાં રહેતાં. દેશ અને રાજ્યના મત્સ્ય ઉદ્યોગને વેરાવળ, પોરબંદર, માંગરોળ, ઓખા, જાફરાબાદ જેવાં બંદરો ધમધમતો રાખતા આવ્યા છે.

ગુજરાતનાં ૦૧ મેજર અને ૪૮ નોટિફાઇડ નોન મેજર બંદરો રાજ્ય અને રાષ્ટ્રના અર્થતંત્ર માટે કરોડરજ્જુ બની રહ્યાં છે. ૪૮ નોન મેજર બંદરો સાથે આજે ગુજરાત ભારતનું સૌથી વિકસિત દરિયાઇ સુવિધાઓ ધરાવતું રાજ્ય બની ચૂક્યું છે. રાજ્ય સરકારની દુરંદેશી આકર્ષક અને પારદર્શિતાવાળી નીતિઓ અને હકારાત્મક અભિગમને પરિણામે ગુજરાત સમગ્ર દેશમાં બંદરીય ક્ષેત્રે ટોચ પર રહેવામાં સફળ રહ્યું છે અને ઉત્તરોત્તર અનેક અકલ્પનીય કીર્તિમાન સ્થાપિત કરી રહ્યું છે. રાજ્ય સરકારના સબળ નેતૃત્વ અને સતત પ્રયત્નશીલરહેવાના અભિગમને લઇને બંદરોના વિકાસનું સ્વપ્ન ચોક્કસ હકીકતમાં પરિણમ્યું છે.

**ગુજરાત મેરીટાઇમ બોર્ડ**

- ૨૦૨૦-૨૧માં રાષ્ટ્રીય સ્તરે બંદરો થકી માલની હેરફેર આશરે૧૨૪૯.૮૬ MMT થઇ જ્યારે જીએમબી બંદરો થકી માલનું પરિવહન ૩૮૭.૫૭ MMT થઇ જે કુલ રાષ્ટ્રીય પરિવહનની ૩૧ ટકા તથા નોન-મેજર બંદરો પરના પરિવહનનો આશરે ૬૭ ટકા સિંહફાળો દર્શાવે છે. વર્ષ ૨૦૨૧-૨૨ માં જાન્યુઆરી-૨૦૨૨ સુધી ૩૩૩.૯૫ MMT નોંધાઇ ચૂક્યો છે.

**ગુજરાત મેરીટાઇમ યુનિવર્સિટી:**

- ગુજરાત સરકાર દ્વારા રાષ્ટ્રને કુશળ માનવ સંશાધન ઉપલબ્ધ કરાવી શકાય તે હેતુથી ગુજરાત મેરીટાઇમ યુનિવર્સિટીમાં SMLPA(સ્કૂલ ઓફ મેરીટાઇમ લૉ, પોલિસી એન્ડ એડમિનિસ્ટ્રેશન) વિભાગ અંતર્ગત વિવિધ અભ્યાસક્રમો, વર્ષ ૨૦૨૧- ૨૦૨૨ માં એલ.એલ.એમ. તેમજ પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા અને પી.એચ.ડી.માં કુલ ૪૮ વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવેલ છે તેમજ એમ.બી.એમાં કુલ ૧૧ વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવેલ છે.

**ગુજરાત ઈન્ટરનેશનલ મેરીટાઇમ આર્બિટ્રેશન સેન્ટર(GIMAC)**

- મેરીટાઇમ ક્ષેત્રને લગતા વાણિજ્યક અને કાયદાકીય વિવાદોના નિવારણ બાબતે વ્યુહાત્મક પહેલ થકી આર્બિટ્રેશન અને મેરીટાઇમ સેવાઓ ગુજરાતની જમીન પર ઉપલબ્ધ થાય તે માટે ગુજરાત ઈન્ટરનેશનલ મેરીટાઇમ અને આર્બિટ્રેશન સેન્ટર (GIMAC)(વૈકલ્પિક વિવાદ નિવારણ કેન્દ્ર) ગાંધીનગર ખાતે ગીફ્ટસિટીના પરિસરમાં **ભારતના પ્રથમ કોમર્શિયલ મેરીટાઇમ ક્લસ્ટર તરીકે કાર્યરત છે.**

**કાયદો અને વ્યવસ્થાપન**

મારી સરકાર પ્રજાના તમામ વર્ગો સુખ શાંતિથી રહે, રાજ્યની પ્રજાનો સર્વાંગી વિકાસ થાય, રાજ્યમાં એકંદરે શાંતિ અને સલામતી જળવાઇ રહે તે હેતુ ચરિતાર્થ કરવા તેમજ પોલીસ અને પ્રજા વચ્ચે વિશ્વાસનો સેતુ દ્રઢ બને, પરસ્પર સહકારથી વધુ ગુનાઓ બનતાં અટકાવી જનકલ્યાણના રચનાત્મક કાર્યો કરવા કટીબદધ્ધ છે. કાયદો અને વ્યવસ્થાની વાત આવે એટલે 'ગુજરાત'નું નામ જીભ પર આવ્યા વિના ન રહે. શાંતિ અને સલામતીનો પર્યાય એટલે ગુજરાત. એકદમ નીચો ક્રાઇમ રેટ ધરાવતું રાજ્ય એટલે ગુજરાત. તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને વર્તમાન પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ પોતાના કાર્યકાળથી જ રાજ્યમાં ગુનાખોરીને ડામવા ગુજકોકથી માંડીને અનેક કાયદામાં કરીને સુધારો કરી કાયદાને વધુ કડક બનાવ્યા. ગુન્ડા એક્ટથી માંડીને પોલીસ વિભાગને આધુનિક બનાવવા ઉપરાંત ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી સ્થાપી ઉચ્ચતમ ટેક્નોલોજીની મદદથી ગુનાખોરીને ડામવામાં આવી રહી છે. રાજ્યમાં ગરીબ પરિવારો, મહિલાઓને રંજાડતા તત્ત્વોને નાથવા માટે ગુજસીટોક, લેન્ડ ગ્રેબિંગ, ગુંડા નાબૂદી ધારા જેવા નવીન કાયદાઓ અમલી બન્યા છે. એટલું જ નહી મહિલાઓની સુરક્ષાને પ્રાધાન્ય આપી IPC, પાસા, ફિશરીઝના હયાત કાયદાઓમાં સુધારાઓ કરીને કાયદાકીય જોગવાઈઓ વધુને વધુ કડક બનાવીને આવા તત્ત્વોને જેલને હવાલે કરવાનુ ખૂબ મોટું કામ રાજ્ય સરકારે ઉપાડ્યું છે. સી.સી.ટી.વી. કેમેરાથી માંડીને બોડીવોર્ન કેમેરા આધુનિક ટેક્નોલોજીથી પોલીસ વિભાગને સજ્જ બનાવી ગુનાખોરી નાથવા રાજ્ય સરકાર એક પછી એક જડબેસલાક પગલાં ભરી રહી છે. આવાં જ કેટલાંક પગલાંની માહિતી અહીં આપવામાં આવી છે.

- રાજ્યમાં નશાબંધી નીતિને કારણે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સુચારુ છે અને સમાજના નબળા વર્ગના જીવન ધોરણમાં ઉલ્લેખનીય સુધારો થયેલો છે. નશાબંધીને કારણે રાજ્યમાં શાંતિ પ્રવર્તે છે, જેથી રાજ્યમાં ઔદ્યોગિકીકરણને પ્રોત્સાહન મળેલ છે. રાજ્યના દરેક ક્ષેત્રમાં ઉદ્યોગો સ્થપાતા એકંદરે, સમગ્ર રાજ્યનું જીવનધોરણ ઊંચુ આવેલ છે. નશાબંધી અને આબકારી ખાતાએ નાણાંકિય વર્ષ ૨૦૨૧-૨૨ના જાન્યુઆરી-૨૦૨૨ સુધીમાં આબકારી જકાતની રૂપિયા **એકસો અઢાર કરોડ સત્તાવન લાખની** આવક સરકારમાં જમા કરાવી છે. રાજ્યમાં એન.ડી.પી.એસ. એક્ટ હેઠળ દાખલ થતા ગુન્હાઓમાં બાતમીદારો તથા સરકારી કર્મચારીઓ/અધિકારઓને પુરસ્કાર મળે તે માટે રિવોર્ડ પોલિસી તા.૧૪/૧૦/૨૦૨૧ના રોજ તૈયાર કરી મારી સરકાર દ્વારા અમલમાં મૂકવામાં આવી છે.

તા. ૨જી માર્ચ ૨૦૨૨

રાજ્યપાલશ્રીનું સંબોધન

**કોરોનાને કારણે અવસાન પામેલ કોરોના વોરીયર્સના પરિવારો પ્રત્યે સહાનુભૂતિ :**

- COVID–19સંક્રમણ નિવારાત્મક પગલાં અન્વયે કાયદો અને વ્યવસ્થાની જાળવણી અર્થે બંદોબસ્ત દરમ્યાન પોલીસ દળના ૧૩૦ અધિકારી / કર્મચારીઓ, હોમગાર્ડ્ઝના ૨૧ સભ્યો, ગ્રામ રક્ષક દળના ૬ સભ્યો મળીને કુલ-૧૫૭ ના COVID–19 સંક્રમણને કારણે દુ:ખદ અવસાન થયેલ જેઓના પરીવારજનોને પ્રત્યેક પરીવાર દીઠ રૂપિયા પચ્ચીસ લાખ લેખે કુલ **ત્રણ કરોડ બાણું લાખ** સહાયની ચુકવણી મારી સરકાર દ્વારા કરવામાં આવેલ છે.

**પ્રધાનમંત્રીશ્રી દ્વારા મુલ્યાંકન - પ્રગતિ ડેશ બોર્ડમાં ગુજરાત રાજ્ય સતતપ્રથમ સ્થાન**

- માર્ચ-૨૦૧૫માં ભારતના પ્રધાનમંત્રીશ્રી દ્વારા મહત્ત્વાકાંક્ષી મલ્ટીપર્પઝ અને મલ્ટી મોડલ પ્લેટફોર્મ પ્રગતિ ડેશબોર્ડની શરૂઆત કરવામાં આવી હતી. **જેમાં ૩૧ મે, ૨૦૧૮થી ગુજરાત સતત પ્રગતિ ડેશબોર્ડમાં પ્રથમ સ્થાને રહ્યું છે. તા.૨૯/૧૨/૨૦૨૧ના રોજ ગુજરાત પ્રથમ ક્રમે છે.**
- પોલીસ વિભાગ માટે વિવિધ પ્રકારની બાંધકામની કામગીરી માટે પોલીસ આવાસ નિગમની રચના થયા બાદ નિગમ દ્વારા અત્યાર સુધીમાં રૂપિયા **ચાર હજાર ચારસો તેતાલીસ કરોડના** ખર્ચે વિવિધ કક્ષાના ૪૮,૬૫૦ જેટલાં નવાં રહેણાકના મકાનોનું બાંધકામ તથા રૂપિયા **બે હજાર ચારસો ચોત્રીસ કરોડના** ખર્ચે વિવિધ પ્રકારના ૩,૩૬૩ જેટલાં નવાં બિનરહેણાકના કામો હાથ પર લેવામાં આવેલ છે. તેમાંથી રૂપિયા **બે હજાર એકસો ઓગણસિત્તેર કરોડના** ખર્ચે કુલ ૩૭,૦૮૦ જેટલાં રહેણાકના મકાનોનું બાંધકામ અને રૂપિયા **એક હજાર સાતસો દસ કરોડના** ખર્ચે કુલ ૩૦૨૫ જેટલાં બિનરહેણાકના કામો પૂર્ણ કરેલ છે.
- **ઇ-ગુજકોપ પ્રોજેક્ટને** NCRB Good Practices in CCTNS/ICJS (Non CAS State 2021) એવોર્ડ તા.૧૬/૧૨/૨૦૨૧ના રોજ આપવામાં આવેલ છે.
- હોમગાર્ડ્ઝ, ગ્રામ રક્ષક દળઅને નાગરિક સંરક્ષણ દળના સભ્યોને **૨૬મી જાન્યુઆરી તથા ૧૫મી ઓગસ્ટ-૨૦૨૧માં મહામહિમ રાષ્ટ્રપતિશ્રીના કુલ ૧૩ ચંદ્રકો તથા માનનીય મુખ્યમંત્રીશ્રીના કુલ-૩૫ ચંદ્રક જાહેર થયેલ છે.**
- રાજ્યના પોલીસદળના કુલ ૦૩ અધિકારીઓને ૨૬મી  જાન્યુઆરી તથા ૧૫મી ઓગસ્ટ-૨૦૨૧માં **પ્રેસિડેન્ટ પોલીસ મેડલ** મળેલ છે.

**ગુમ થયેલા બાળકો શોધવાની કામગીરી**

- ગુજરાત રાજ્યમાં છેલ્લા પાંચ વર્ષમાં વર્ષ-૨૦૧૭ થી વર્ષ-૨૦૨૧માં કુલ-૧૬૯૮૦ ગુમ/અપહરણ થયેલ બાળકો પૈકી કુલ-૧૫૬૪૭ પરત શોધેલ છે જેની ટકાવારી ૯૨.૧૫% છે. આવા બાળકોની માહિતી મળી રહે તે સારું રાષ્ટ્ર લેવલની www.trackthemissingchildgov.in વેબસાઈટનું સુપર વિઝન અને મોનીટરીંગ કરવામાં આવે છે.

**કુટ પેટ્રોલીંગ**

- સરહદી જિલ્લામાં રણના રસ્તે ઉંટોની ગેરકાયદેસર અવર-જવરમાં ઉંટોના પગની છાપ શોધી કાઢવા માટે તથા કાચા રસ્તાઓ તથા ડુંગરાળ રસ્તાઓમાં ગેરકાયદેસર ઘુસી આવતા પરદેશીઓના પગેરા શોધવા પોલીસ પગીની ૨૫ નવી જગ્યાઓ ઉભી કરવાની મંજૂરી આપવામાં આવેલ છે.

**નાર્કોટીક્સ રિવોર્ડ**

- નાર્કોટીક ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપીક સબસ્ટન્સીસ એક્ટ,૧૯૮૫ના કડક અમલીકરણ માટે ભારત સરકારની ગાઈડલાઈન મુજબની રાજ્યની સ્વતંત્ર નાર્કોટીક્સ રિવોર્ડ પોલિસી તા. ૧૪-૧૦-૨૧ના ઠરાવથી બહાર પાડવામાં આવી.

**મહિલાઓની અભેદ્ય સુરક્ષા**(She Team)

- રાજ્યના શહેર/જિલ્લાઓમાં કુલ-૩૯ મહિલા પોલીસ સ્ટેશન કાર્યરત છે. "અભયમ"મહિલા હેલ્પ લાઈન મહિલાઓની સુરક્ષા માટે કાર્યરત છે. જે અંતર્ગત ચાલુ વર્ષે કુલ પંચાત્તેર લાખ નવ્વાંણુ હજારથી વધુ ફોન કોલ્સ મળેલ છે. રાજ્યની શાળાઓ અને કોલેજોમાં વિદ્યાર્થીનીઓને"ગુડ ટચ,બેડ ટચ" બાબતે જાગૃતિ લાવવા માટે વિવિધ પોલીસ સ્ટેશનોમાં ૧૩૮૪ સેમીનાર કરવામાં આવેલ છે. જેમાં શાળાઓ અને કોલેજોમાં અભ્યાસ કરતી એક લાખ આઠ હજારથી વધુ વિદ્યાર્થીનીઓને "ગુડ ટચ,બેડ ટચ"ની સમજ આપવામાં આવેલ છે.
- મહિલાઓની સુરક્ષાઓ માટે રાજયમાં ૩૩ વન સ્ટોપ ક્રાઈસીસ સેન્ટર શરૂ કરવામાં આવેલ છે. જેમાં મહિલાને કાયદાકીય, પોલીસ, તબીબી અને સામાજિક સહાય, મહિલા હેલ્પલાઈન આપવામાં આવે છે.
- મહિલાઓની સુરક્ષાઓ માટે "She Team"ની રચના કરવામાં આવેલ છે.

**મહિલા પોલીસ કર્મચારી માટે ઘોડીયા ઘર**

- રાજ્યમાં પોલીસ તંત્રમાં ફરજ બજાવતી મહિલા કર્મચારીઓના બાળકોની સાર સંભાળ ફરજ પરના સ્થળે લઈ શકાય અને મહિલા કર્મચારી નિશ્ચિંત થઈ ફરજ બજાવી શકે તે માટે રાજયની વડી કચેરી તેમજ જિલ્લા કચેરી ખાતે

સુવિધાયુકત ઘોડીયા ઘર બનાવવામાં આવેલ છે. જેની સંખ્યા ૧૬ છે. આગામી વર્ષોમાં તેની સંખ્યા વધારવાનું આયોજન છે.

**પોલીસ ખાતામાં નવા વાહનોની ખરીદી**

- રાજયમાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી અને ગુનાઓની વૈજ્ઞાનિક ઢબે તપાસ કરવા માટે પોલીસ તંત્ર પાસે આધુનિક અને સુવિધાયુકત વાહનો ખરીદવાની નીતિ અન્વયે છેલ્લા પાંચ વર્ષમાં મોટર સાયકલ, ઈનોવા કાર, ઓપન ટ્રક, લાઈટવાન, જીપ, બસ, પીસીઆર વાન / સી ટીમ, ઈન્ટરસેપ્ટર વ્હીકલ વગેરે મળીને **૫,૨૨૫** વાહનોની ખરીદી કરવામાં આવેલ છે.જેના લીધે કન્વીકશન રીસ્પોન્સ ટાઈમમાં ઘટાડો થયેલ છે. કન્વીકશન રેટ અને મોબીલીટીમાં વધારો થયેલ છે.

**ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ**

રાજ્યના નાગરિકોને ગુણવત્તાયુક્ત અને સસ્તી વીજળી પૂરી પાડવાના મક્કમ નિર્ધાર સાથે ગુજરાત સરકાર આગળ વધી રહી છે. ગ્રીન એનર્જી ક્લીન એનર્જીના નિર્માણ માટે રીન્યુએબલ એનર્જીના માધ્યમ થકી ગુજરાત દેશભરને રાહ ચીંધી રહ્યું છે. વિકસતા જતા યુગમાં રીન્યુએબલ એનર્જી જ ઉર્જા માટે પ્રેરકબળ બની રહેશે. કોલસા આધારિત વીજ વપરાશને ધીરે ધીરે ઘટાડી ક્લીન એન્ડ ગ્રીન એનર્જીનું મહત્તમ ઉત્પાદન કરવા સોલાર પોલિસી બનાવાઇ છે. રાજ્યમાં સામાજિક અને આર્થિક વિકાસ માટે વીજળી એક મુખ્ય માપદંડ છે. વર્ષ ૨૦૧૯-૨૦ માં દેશનો સરેરાશ માથાદીઠ વીજ વપરાશ ૧૨૦૮ યુનિટ હતો, જેની સરખામણીએ રાજ્યનો માથાદીઠ વીજ વપરાશ ૨૨૨૫ યુનિટ હતો. જે વર્ષ ૨૦૨૦-૨૧ માં ૨૧૪૩ યુનિટ થયેલ છે.

ગુજરાત સરકારના ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડ અંતર્ગતની ચારેય વીજ વિતરણ કંપનીઓ ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ (UGVCL),મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડ (MGVCL),દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ (DGVCL),અને પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ(PGVCL)એ વીજ સેવાઓ અને ગુણવત્તામાં સર્વશ્રેષ્ઠ દેખાવ કરીને સમગ્ર ભારતમાં પ્રથમ ચાર ક્રમાંક અંકે કર્યા છે. એટલું જ નહીં ભારત સરકાર દ્વારા અપાયેલા નવમા વાર્ષિક ઈન્ટિગ્રેટેડ રેટિંગમાં A+(એ-પ્લસ) નું સર્વોચ્ચ રેટિંગ મેળવ્યું છે.

- વર્ષ ૨૦૨૦-૨૧ દરમ્યાન રાજ્યના વીજ મથકો દ્વારા ૨૦૯૪૮ મિલિયન યુનીટ્સ વીજ ઉત્પાદન હાંસલ કરવામાં આવ્યું હતું.
- વિશ્વના સૌથી મોટા પુનઃપ્રાપ્ય ઊર્જા પાર્ક ખાવડા (કચ્છ) ખાતે ૩૩૨૫ મેગાવોટ રિન્યુએબલ ઊર્જા પ્રોજેક્ટના અમલીકરણ માટે જીએસઇસીએલને રાજ્ય સરકાર દ્વારા ફાળવાયેલ જમીન પર ૩૩૨૫ મેગાવોટ પુનઃપ્રાપ્ય ઉર્જા આધારિત પાર્ક વિકસાવવાનું કાર્ય હાથ ધરવામાં આવ્યું છે.
- વીજ પ્રવહન માટે રાજ્યમાં સ્થાપવામાં આવેલ સબ સ્ટેશનોની આસપાસ ઉપલબ્ધ સરકારી જમીન પર યોગ્યતા મુજબ વિવિધ વીજ ઉત્પાદન ક્ષમતા ધરાવતા સૌર ઊર્જા આધારીત ૨૫૦૦ મેગાવોટ સ્થાપિત ક્ષમતાના વીજ મથકો સ્થાપવાનું નવીનતમ અભિગમ હાથ ધરવામાં આવ્યો છે જેના દ્વારા વીજ પ્રવહન અને વિતરણમાં થતો વ્યય ઘટાડી શકાશે અને ગ્રાહકોને સસ્તા દરે તેમજ ખેડૂતોને ખાસ કરીને દિવસ દરમ્યાન વીજ પુરવઠો પૂરો પાડવાનું સ્વપ્ન સાર્થક થશે.
- ધુવારણ ખાતે ૭૫ મેગાવોટ વીજ ક્ષમતા ધરાવતુ સૌર ઊર્જા વીજ મથક તા. ૨૧/૩/૨૦૨૧ના રોજ કાર્યાન્વિત કરવામાં આવ્યું છે.
- રાધાનેસડા ખાતે રૂપિયા ૮૦૦ કરોડના ખર્ચે ૨ x ૧૦૦ મેગાવોટ વીજ ક્ષમતા ધરાવતું સૌર ઊર્જા વીજ મથક સ્થાપિત કરવાની કામગીરી ચાલી રહી છે. આ વીજમથકો માર્ચ-૨૦૨૨ તેમજ જૂન-૨૦૨૨ સુધીમાં કાર્યરત કરવાનું આયોજન છે.

**ઝૂંપડા વીજળીકરણ યોજના** હેઠળ વર્ષ ૨૦૨૧-૨૨માં જાન્યુઆરી-૨૦૨૨ સુધીમાં રૂપિયા ૧૬.૭૮ કરોડના ખર્ચે ૩૧,૫૫૯ ઝૂંપડાઓનું વીજળીકરણ કરેલ છે. **કુટીર જયોતિ યોજના હેઠળ** વર્ષ ૨૦૨૧-૨૨માં જાન્યુઆરી-૨૦૨૨ અંતે રૂપિયા ૪.૩૪ કરોડના ખર્ચે અનુસૂચિત જનજાતિના ગરીબ લાભાર્થીઓને ૮,૩૮૩ ઘર વપરાશના વીજ જોડાણોના આપેલ છે.

**આદિજાતિ વિસ્તારપેટા યોજના** હેઠળ વર્ષ ૨૦૨૧-૨૨માં જાન્યુઆરી-૨૦૨૨ સુધીમાં રૂપિયા ૨૧૪.૫૦ કરોડના ખર્ચે ૧૨,૫૫૫ કુવાનું વીજળીકરણ કરવામાં આવેલ છે.

**સાગર ખેડુ સર્વાંગી વિકાસ યોજના-**વર્ષ ૨૦૨૧-૨૨ દરમિયાન ,વીજ પ્રવહન તેમજ વીજ વિતરણ ડીસ્ટ્રીબ્યુશન નેટવર્કનાં સુદ્ઢીકરણની કામગીરી માટે રૂપિયા ૫૦.૦૦ કરોડની ગ્રાંટની જોગવાઇ અંતર્ગત ,જાન્યુઆરી-૨૦૨૨ સુધી ૧૩૫૫ કિમી કન્ડક્ટર ,૪૪૬૯ પોલ, ૩૧ કિમી એબીસી કેબલ વગેરે રૂપિયા ૩૦.૭૦ કરોડના ખર્ચે બદલવામાં આવેલ છેઅને નવા ૬૬ કે.વી.સબસ્ટેશનો ઉભા કરવાની કાર્યવાહી અને કુવાનાં વીજળીકરણ માટે રૂપિયા ૩૨૦ કરોડની શેર કેપીટલની જોગવાઇ અંતર્ગત ,જાન્યુઆરી-૨૦૨૨ સુધી રૂપિયા ૨૮૯.૨૮ કરોડના ખર્ચે ૮,૦૨૪ કુવાનાં વીજળીકરણ અને નવા સબસ્ટેશનો ઉભા કરવાની કામગીરી કરેલ છે.

**કિસાન હિત ઉર્જા શકિત યોજના (ખુશી)** -વર્ષ ૨૦૨૧-૨૨ માટે સદર યોજનામાં રૂપિયા ૫૫.૦૦ કરોડની જોગવાઇ કરવામા આવેલ છે. જે અંતર્ગત જાન્યુઆરી-૨૦૨૨ અંતે રૂપિયા ૨૦.૮૪ કરોડના ખર્ચે ૧૬૯૭ ઓછી ક્ષમતાના ડીસ્ટ્રીબ્યુશન ટ્રાન્સફોર્મર લગાડવામાં આવેલ છે.

**'સૂર્ય ગુજરાત'સોલાર રૂફટોપ યોજના**

- રાજ્યના રહેણાક હેતુના વીજ ગ્રાહકોમાં સોલાર એનર્જીના વપરાશને વધારવાના હેતુથી સોલાર રૂફ ટોપનો વ્યાપ વધારવા રાજ્ય સરકારશ્રી દ્વારા સૂર્ય ઉર્જા રૂફ ટોપ યોજના ('સૂર્ય-ગુજરાત') શરૂ કરવામાં આવી છે.આ યોજના અંતર્ગત અત્યાર સુધીમાં ૧૦૫૮ મેગાવોટની સોલાર સિસ્ટમનું સ્થાપન થયેલ છે. હાલ સોલાર રૂફટોપ સિસ્ટમ સ્થાપનમાં ગુજરાત દેશમાં પ્રથમ સ્થાનેછે. વર્ષ ૨૦૨૧-૨૨માં જાન્યુઆરી-૨૦૨૨ સુધીમાં ૫૧૦.૬૨ મેગાવોટની સોલાર સિસ્ટમનું સ્થાપન થયેલ છે.
- રાજ્ય સરકાર દ્વારા ટ્રાન્સમિશન લાઇન અને ટાવર સ્થાપન માટે જમીનના મૂલ્યના ૭.૫% ને બદલે ૧૫% લેખે ખેડૂતોને વળતર ચુકવવાનો તથા જંત્રીના દરના ૧૦% ચક્રવૃદ્ધિ વધારો ગણીને ચુકવણી કરવાનો ખેડૂતલક્ષી નિર્ણય કરાયેલ છે. જેનાથી ખેડૂતોને મળનાર વળતરમાં ૩ થી ૪ ગણો વધારો થશે.

**ગેસપરિવહન**: ગુજરાત સ્ટેટ પેટ્રોનેટ લિમિટેડે GSPC ની પેટા કંપની છે, જે ભારતની બીજા ક્રમની સૌથી મોટી ગેસ પરિવહન કરતી કંપની છે. જેણે ગેસના પરિવહન માટે કુલ **૨૭૧૪ કિમી** લાંબી કુદરતી ગેસ ટ્રાન્સમીશન પાઇપલાઇન નેટવર્ક વિકસાવેલ છે, જે ગુજરાતના મોટાભાગના જિલ્લાઓમાં કુદરતી ગેસનો પુરવઠો વ્યાપારી અને ઔદ્યોગિક એકમોને અને CNG સ્ટેશનોને મળતો રહે તે સુનિશ્ચિત કરે છે. હાલમાં GSPL સરેરાશ ૩૬ MMSCMD પ્રતિ દિવસના હિસાબે, કુદરતી ગેસનું પરિવહન કરે છે.

**ઉદ્યોગ**

નિર્ણાયક સરકારની કાર્યક્ષમ નીતિના પરિણામે ગુજરાત ઔદ્યોગિક ક્ષેત્રે અડીખમ રહ્યું છે. ગુજરાતના ઔદ્યોગિક વિકાસના પાયામાં મજબૂત મનોબળ, પારદર્શક નીતિ અને નવતર અભિગમ છે. ગુજરાતના સર્વાંગી વિકાસમાં ઔદ્યોગિક વિકાસનો સિંહફાળો છે. ગુજરાત દેશમાં સૌથી વધુ વિદેશી મૂડીરોકાણ ધરાવતું રાજ્ય છે. તેનું મુખ્ય કારણ ગુજરાતમાં સલામતી, માળખાકીય સુવિધાઓ, ઔદ્યોગિક નીતિ, કૌશલ્યવાન શ્રમિકો, વીજળી જેવી ઉપલબ્ધતા ખૂબ જ સરળતાથી મળી રહે છે. આના પરિણામે જ ગુજરાત બેસ્ટ અને સ્ટેબલ અર્થવ્યવસ્થા ધરાવતું રાજ્ય છે. આજે ગુજરાત રોકાણકારો અને ઉદ્યોગપતિઓના રોકાણ માટેનું પ્રથમ પસંદગીનું સ્થળ બન્યું છે.

- સ્કીમ ફોર ઈન્સેન્ટીવ ટુ ઈન્ડસ્ટ્રીઝ યોજનામાં ૧૪૯૪ એકમો થકી અંદાજિત રૂપિયા એક લાખ ઓગણપચાસ હજાર ચારસો સોળ કરોડ જેટલુ મૂડી રોકાણ થયેલ છે અને રુ. ૩૧૭.૩૭ કરોડની સહાય કરવામાં આવેલ છે.
- પ્લાસ્ટીક ઇન્ડસ્ટ્રીઝને સહાય યોજનામાં ૩૨૨ એકમો થકી અંદાજિત રૂ.૪૩૮૧.૨૬ કરોડ જેટલું મૂડી રોકાણ થયેલ છે અને રૂ. ૧૫૪.૯ કરોડની સહાય કરવામાં આવેલ છે.
- મેગા ઇનોવેટીવ પ્રોજેક્ટને સહાય યોજનામાં ૮ એકમો થકી અંદાજિત રૂપિયા આડત્રીસ હજાર બસો ઓગણપચાસ કરોડ જેટલું મૂડીરોકાણ થયેલ છે અને રૂ. ૨૮૪૪.૪૬કરોડની સહાય કરવામાં આવેલ છે.
- એરોસ્પેસ અને ડીફેન્સ સેકટરમાં ૪ એકમો થકી અંદાજિત રૂ.૫૯૧.૪૬ કરોડ જેટલું મૂડી રોકાણ થયેલ છે અને રૂ. ૧૨.૩૯ કરોડની સહાય કરવામાં આવેલ છે.
- કેપિટલ સબસિડી ટૂ લાર્જ ઇન્ડસ્ટ્રીઝ એન્ડ થ્રસ્ટ સેક્ટર યોજના જાહેર કરવામાં આવેલ છે. સહાયનું ધોરણ તાલુકાની કેટેગરીવાઇઝ ચુકવવામાં આવશે. આ યોજનામાં ૪૦ એકમો થકી અંદાજિત રૂ.૧૦,૨૭૦.૭૯કરોડ જેટલું મૂડી રોકાણ થયેલ છે
- સ્ટાર્ટઅપ-ઇનોવેશન યોજના- ૨૦૨૦ તથા સંશોધન અને વિકાસ યોજના - ૨૦૨૦ હેઠળ અત્યાર સુધી કુલ ૪૪ સંસ્થાઓને નોડલ ઇન્સ્ટિટ્યૂટ તરીકે માન્યતા આપવામાં આવેલ છે અને કુલ ૩૦૫ ઇનોવેટીવ પ્રોજેકટને માન્યતા આપેલ છે.

**તાજેતરમાં ગુજરાત સરકાર દ્વારા કરવામાં આવેલ એમ.ઓ.યુ. (MOU)**

- એમ.એસ.એમ.ઈ. ઉદ્યોગોને પ્રાથમિકતા આપીને ધિરાણ કરવા ૧૫ દિવસમાં ઇન-પ્રિન્સિપલ અપ્રુવલઆપવા માટે ભારતીય સ્ટેટ બેંક સાથે એમઓયુ કરવામાં આવ્યાછે.
- ઉદ્યોગ સાહસિકો નાણાકીય સહાય માટે સીધી અરજી કરી શકે તે હેતુથી બેંક ઓફ બરોડા સાથે એમ.ઓ.યુ. કરવામાં આવેલ છે.
- Make in India પહેલ હેઠળ સ્થાનિક ઉત્પાદકોને ૧૫થી વધુ વેબસાઇટ દ્વારા ૨૦૦ જેટલા દેશોમાં વિશ્વ બજાર ઉપલબ્ધ કરાવવા માટે ગુજરાત સરકારશ્રી દ્વારા Amazon સાથે MoU કરવામાં આવેલ છે.
- Udyam રજિસ્ટ્રેશન પોર્ટલમાં ગુજરાતના પાંચ લાખ સત્તાવન હજાર સાતસો પાંત્રીસ માઇક્રો, ઓગણચાલીસ હજાર આઠસો બાણું નાના અને ચાર હજાર બસો સીત્તેર મધ્યમ ઉદ્યોગોએ રજિસ્ટ્રેશન કરાવેલ છે.

**ધોલેરા ગ્રીન ફિલ્ડ એરપોર્ટ**

- ધોલેરા ગ્રીન ફિલ્ડ એરપોર્ટ ધોલેરા SIRને એરકનેક્ટિવિટી પૂરી પાડશે. અમદાવાદ એરપોર્ટની ક્ષમતા પૂરી થતા, સૂચિત ધોલેરા એરપોર્ટ વિકલ્પ તરીકે સેવાઓ પૂરી પાડશે.

**ધોલેરા સ્પેશિયલ ઇન્વેસ્ટમેન્ટ રિજયન**

- ધોલેરા SIRમાં ૨૨.૫૪ ચો.કિ.મી.ની બે ટાઉન પ્લાનિંગ સ્કીમ્સ રાજ્ય સરકાર દ્વારા મંજૂર કરવામાં આવેલ છે જેમાં ઇન્ફ્રાસ્ટ્રક્ચર પૂર્ણતાને આરે છે.

**ગુજરાત આંતરમાળખાકીય વિકાસ બોર્ડ(GIDB)**

- માન. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી દ્વારા ભારત દેશ માટે ખૂબજ અગત્યનો પી.એમ.ગતિશકિત નેશનલ માસ્ટર પ્લાન જાહેર કરવામાં આવ્યો. ગુજરાત ઇનફ્રાસ્ટ્રક્ચર ડેવલોપમેનટ બોર્ડ, ગતિ શકિત ગુજરાત ઇન્ટીગ્રેટેડ માસ્ટર પ્લાન હેઠળ જુદા-જુદા વિભાગો સાથે સંકલન કરી હાલના કાર્યરત પ્રોજેક્ટ તેમજ નવા આવનાર પ્રોજેક્ટની ઝડપી મંજૂરી, યોગ્ય આયોજન અને ઝડપી અમલીકરણ માટે ગુજરાત રાજ્યના તેમજ ભારત સરકારના ઇન્ફ્રાસ્ટ્રકચર પ્રોજેકટના સંકલનની કામગીરી કરશે.
- ગુજરાત ઇન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલોપમેન્ટ બોર્ડ દ્વારા રાજ્ય માટે ગુજરાત ઇન્ટીગ્રેટેડ લોજીસ્ટક એન્ડ લોજીસ્ટક પાર્ક પોલિસી – ૨૦૨૧ તૈયાર કરવામાં આવી આ પોલિસી હેઠળ રાજ્યની લોજીસ્ટીક સવલતોને મજબુત કરવાની , નવી લોજીસ્ટીક સવલતો તૈયાર કરવાની અને ખાનગી કંપનીઓને નવી ટેકનોલોજીનો ઉપયોગ કરી તેનો વિકાસ કરવા પ્રોત્સાહિત કરવામાં આવશે.

**ભૂસ્તર વિજ્ઞાન અને ખનિજ કમિશનરનીકચેરી:**

- રાજ્યમા ખનિજની બિનઅધિકૃત રીતે થતી પ્રવૃતિઓ જેવી કે ખનન, સંગ્રહ અને વહન અંગેની ફરીયાદો નોંધાવવા માટે ગુજમાઇન મોબાઇલ એપ્લિકેશન વિકસાવવામાં આવેલ છે. રાજ્યમાં બિનઅધિકૃત ખનિજ ખોદકામ, વહન અને સંગ્રહ અંગે માનનીય મુખ્યમંત્રીશ્રી દ્વારા પાયલોટ પ્રોજેક્ટ તરીકે **'ત્રિનેત્ર'** પ્રોજેક્ટ અમલમાં મુકેલ છે.અત્યાર સુધીમાં ડ્રોન સર્વેલન્સ દ્વારા કુલ ૧૪૯ કેસમાં રૂપિયા **ચાર કરોડ સાઈઠ લાખ** રકમ વસૂલ કરવામાં આવેલ છે.

## પ્રવાસન

પ્રવાસન ક્ષેત્રે ગુજરાત દેશમાં અગ્રસર રહ્યું છે.ગુજરાત વેરાઈટી એફ ટુરિઝમ સ્પોટ્સ ધરાવતું દેશનું એક માત્ર રાજ્ય છે. ગુજરાતમાં ડેઝર્ટ ટૂરિઝમ, એન્ડવેન્ચર ટૂરિઝમ, સ્પિરીચ્યુઅલ અને રિલિજિયસ ટૂરિઝમ તેમજ પૌરાણિક અને ઐતિહાસિક પ્રવાસન, સીમા દર્શન તથા સ્ટેચ્યુ ઓફ યુનિટી જેવા પેટ્રીઓટિક પ્રવાસન સ્થળ સાથે ગુજરાતે પ્રવાસન ક્ષેત્રના સર્વગ્રાહી અને સર્વસમાવેશી વિકાસને સાકાર કર્યો છે.

- કોરોનાની મહામારીના કારણે પ્રવાસન ક્ષેત્રને વધુ અસર પડી છે. પરંતુ આપત્તિને અવસરમાં પલટાવાની આગવી ખુમારી સાથે ગુજરાતે પ્રવાસન ઉદ્યોગ ક્ષેત્રના વ્યવસાયને ફરી ધમધમતો કરવામાં સફળ આયામો સર કર્યાં છે.
- **પ્રવાસન નીતિ:** પ્રવાસન નીતિ ૨૦૧૫-૨૦ને સારી સફળતા સાંપડી છે જેમાં ૩૨૫ જેટલા પ્રોજેકટ કાર્યરત થયેલ છે અને અંદાજીત ૧૪૦૦૦થી વધુ લોકોને રોજગારી મળી છે જયારે વધુ ૧૧૬ પ્રોજેકટ અમલીકરણના વિવિધ તબકકા હેઠળ છે. 'પ્રવાસન વૃદ્ધિ – પર્યાવરણ સમૃદ્ધિ'ના સમન્વય સાથે નવી પ્રવાસન નીતિ ૨૦૨૧-૨૫ જાહેર કરવામાં આવી છે, જે ૧ જાન્યુઆરી, ૨૦૨૧થી ૩૧ માર્ચ, ૨૦૨૫ સુધી અમલી રહેશે.
- **મહીસાગર જિલ્લાના રૈયોલિ ખાતે ડાઇનસોર મ્યુઝિયમનો વિકાસ, ફેઝ-૨** ઇન્ટરપ્રિટેશન સેન્ટરમાં બનાવેલ ડાઈનોસોર મ્યુઝિયમના એક્ષ્ટેન્શનની કામગીરીમાં રૂપિયા ૧૭.૫૦ કરોડના ખર્ચે થિયેટર,ડિજિટલ ફોરેસ્ટ, ૩૬૦ ડિગ્રી વર્ચ્યુઅલ રિયાલીટી, એક્સપેરિમેન્ટ લેબ, સેમી-સર્ક્યુલર પ્રોજેક્શન, મૂડ લાઇટ, ૩-ડી પ્રોજેક્શન મેપિંગ તથા હોલોગ્રામ ડાઈનોસોર જેવા મુખ્ય ઘટકો વિકસાવવામાં આવી રહેલ છે.
- **સ્કિલ ડેવલપમેન્ટઃ** વર્ષ ૨૦૨૦-૨૧ દરમિયાન ટુરીઝમ રીકવરી પોસ્ટ કોવિડ- ૧૯ ની તાલીમ આપવામાં આવેલ છે. જેમાં અંદાજે ૬૯૦૦ જેટલા લાભાર્થીઓને કૌશલ્યવર્ધનની તાલીમ આપવામાં આવી છે.

**યાત્રાધામ**

- રાજ્યના વિવિધ યાત્રાધામો ખાતે કુલ ૩૮૮૯ કિલો વોટની ક્ષમતાની સોલાર રૂફટોપની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે. જેનાથી વાર્ષિક ૫૬.૭૮ લાખ વીજ યુનિટ ઉત્પન્ન થશે અને વાર્ષિક અંદાજિત રૂપિયા **બે કરોડ ચોર્યાસી લાખની** વીજ બચતની સંભાવના છે.
- પાવાગઢ ખાતે, શ્રી મહાકાળી માતાજી મંદિરના વિકાસ કામ માટે કુલ રૂપિયા ૧૨૧ કરોડની અંદાજીત રકમના પ્રોજેકટમાં ફેઝ-૧ માં રૂપિયા ત્રેપન કરોડના અંદાજીત કિંમતના કામો પૂર્ણ થયેલ છે અને ફેઝ-૨ માં રૂપિયા સાઈઠ કરોડના અંદાજીત કિંમતની કામગીરી પ્રગતિમાં છે, જેમાં મંદિર પરિસરનો બેઇઝ વિસ્તાર વધારવાની તેમજ પાથવે પ ર ઇલેક્ટ્રીફિકેશન મુખ્યત્વે છે.

- એસ.સી.પી. યોજના હેઠળ અમદાવાદ, જમાલપુર ખાતે આવેલ શ્રી મહાકાળી માતાજી મંદિર તથા શ્રી બેચરસ્વામી (રાવત રામજી મંદિર) સિધ્ધપુર પાટણના વિકાસની કામગીરી પૂર્ણ કરેલ છે તેમજ શ્રી વીર મેઘમાયા સ્મારક પાટણ ખાતે વિકાસ કામગીરી પૂર્ણ થવાના આરે છે.

**નાગરિક ઉડ્ડયન**

- **મહેસાણા ખાતે ટ્રેનીંગ સ્કુલ:** રાજ્યના યુવાનોને વિમાન ઉડ્ડયન અંગેની તાલીમ મળી રહે તે હેતુથી રાજ્ય સરકારશ્રીની મહેસાણા ખાતે આવેલ હવાઈપટ્ટી ઉપર પાયલટ અંગેની ટ્રેનીંગ આપતી સંસ્થાને રાઇટ ટુ યુઝ ઓફ મહેસાણા એરસ્ટ્રીપ તરીકે જગ્યા ફાળવવામાં આવેલ છે. જ્યાંથી પાયલટ અંગેની ટ્રેનીંગ આપવામાં આવી રહેલ છે.

**સરદાર સરોવર યોજના**

ગુજરાતના સર્વાંગી વિકાસ માટે સરદાર સરોવર યોજના સાચા અર્થમાં જીવાદોરી પુરવાર થઈ રહી છે. સરદાર સરોવર બંધનું કામ પૂર્ણ થતા ગુજરાતની પ્રજાનું વર્ષો જૂનું સ્વપ્ન સાકાર થયું છે, જેના પરિણામે તબકકાવાર સિંચાઇનો લાભ મળતા કૃષિ ક્ષેત્રે અદ્ભૂત ક્રાંતિ થતાં રાજ્ય સરકારની કામગીરી પ્રત્યે ખેડૂતોનીખુશી વ્યક્ત થઇ રહી છે.

- સરદાર સરોવર યોજના ના બંન્ને પાવર હાઉસ કાર્યરત કરતા ૧૪૫૦ મેગાવોટની સ્થાપિત ક્ષમતા હાંસલ કરવામાં આવેલ છે. આ પાવર હાઉસમાંથી વર્ષ ૨૦૨૧-૨૨માં જાન્યુઆરી-૨૦૨૨ સુધી ૧૫૬.૩૭ કરોડ વીજ યુનિટનું ઉત્પાદન થયેલ છે. આમ, જાન્યુઆરી-૨૦૨૨ના અંત સુધીમાં કુલ ૫૧૨૮.૫૮ કરોડ વીજ યુનિટનું ઉત્પાદન થયેલ છે. આ વીજ ઉત્પાદનથી રાષ્ટ્રને આશરે રૂપિયા **૨૦,૫૧૪ કરોડની** આવક થયેલ ગણાય.
- નર્મદા યોજનાની વડોદરા, મિયાગામ, સૌરાષ્ટ્ર અને કચ્છ શાખા નહેર ઉપર જુદી જુદી જગ્યાએ લઘુ વીજ મથકોના બાંધકામની કામગીરી પ્રગતિ હેઠળ છે. આ લઘુ વીજ મથકો મારફત આશરે ૮૫.૪૬ મેગા વોટ વીજ ઉત્પાદન કરવાનું આયોજન છે. આ લઘુ વીજ મથકો થકી વર્ષ ૨૦૨૧-૨૨ દરમ્યાન જાન્યુઆરી-૨૦૨૨ સુધી ૫.૩૪ કરોડ વીજ યુનિટનું વીજ ઉત્પાદન થયેલ છે.આમ જાન્યુઆરી-૨૦૨૨ના અંત સુધીમાં કુલ ૨૪.૩૧ કરોડ વીજ યુનિટ ઉત્પાદન થયેલ છે.
- સૌરાષ્ટ્ર શાખા નહેર ઉપર બાંધવામાં આવેલ ૫ પંમ્પીગ સ્ટેશનની કામગીરી પૂર્ણ થયેલ છે અને કચ્છ શાખા નહેર ઉપર બાંધવામાં આવેલ ૩ પંમ્પીગ સ્ટેશનના વિસ્તરણની કામગીરી પ્રગતિમાં છે.
- જાન્યુઆરી-૨૦૨૨ સુધી કુલ અંદાજિત ૧૮ લાખ હેક્ટર પિયત વિસ્તાર માંથી ૧૬.૯૨ લાખ હેક્ટર વિસ્તારમાં પ્રશાખા નહેરો સુધીનાં કામ પૂર્ણ કરી, સિંચાઇ ક્ષમતા વિકસિત થયેલ છે. જ્યારે જાન્યુઆરી-૨૦૨૨ સુધી કુલ અંદાજિત ૧૮ લાખ હેક્ટર પિયત વિસ્તાર માંથી ૧૫.૨૧ લાખ હેક્ટર વિસ્તારમાં પ્રપ્રશાખા નહેરો સુધીનાં કામ પૂર્ણ કરી પિયત વિસ્તાર વિકસીત કરવામાં આવેલ છે.

**એકતા નગર**

કેવડીયાને તા. ૨૦/૧૨/૨૦૨૧થી એકતાનગર તરીકે ઓળખાણ આપવાનો મહત્ત્વપૂર્ણ નિર્ણય મારી સરકાર દ્વારા કરવામાં આવ્યો છે. સરદાર પટેલે એક ભારત બનાવ્યું તેને આજે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી શ્રેષ્ઠ ભારત બનાવી રહ્યાં છે. એકતા મોલથી યુનિટી ગ્લો ગાર્ડન સુધી ડેકોરેટીવ લાઈટીંગ, થોર બગીચો (Cactus Garden), એકતા નર્સરી, ખલવાણી ઈકો-ટુરીઝમ, રેડીયો યુનિટી, આદર્શ ગ્રામ (તબકકા-૧), વિશ્રામગૃહ, અધિકારી હોસ્ટેલ, એકતા સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર, વિશ્વ વન, રાજા સૌરસ ડાઈનોસોર પાર્ક, એકતા દ્વાર, એકતા ફૂડ કોર્ટ, સરદાર સરોવર નૌકા વિહાર, મિરર મેઝ, રીવર રાફટીંગ, વેલી ઓફ ફલાવર્સ, એકતાનગરનું સુશોભિત રોશનીકરણ, પ્રવાસીઓની રહેવા માટેની સગવડ (ટેન્ટ સીટી, શ્રેષ્ઠ ભારત ભવન, બજેટ સ્ટે, સરદાર સરોવર રીસોર્ટ)જેવી યોજનાઓ સ્ટેચ્યુ ઓફ યુનિટીના ઉદ્ઘાટન પછી વિકસાવવામાં આવેલ છે. સ્ટેચ્યુ ઓફ યુનિટીના પ્રવાસે આવતા દેશ-વિદેશના પ્રવાસીઓ અહીંથી વિશ્વભરમાં સરદાર પટેલનો એકતાનો સંદેશ લઈને જાય છે.

- તદુપરાંત જંગલ સફારીમાં નવા પ્રાણીઓના વિસ્તારો, વિવિધ આકર્ષણોની જાણકારી મળી રહે તે માટેના ઓરીએન્ટેશન સેન્ટર્સ, મેઝ ગાર્ડન, શૂલપાણેશ્વર નર્મદા ઘાટ,ઘાટ ઉપર એકવા સ્ક્રીન શો તેમજ મ્યુઝીકલ ફાઉન્ટેન શો જેવી યોજનાઓ પૂર્ણતાના તબકકામાં છે તથા મીયાવાકી ફોરેસ્ટ તેમજ કેસૂડા પ્લાન્ટેશન પ્રગતિમાં છે.
- એકતાનગર ખાતે રેડીયો યુનિટી, કમ્યુનિટી રેડીયો સ્ટેશન કાર્યરત કરવામાં આવેલ છે અને તેમાં સ્થાનિક આદિવાસી યુવા ભાઈ-બહેનોને રેડીયો જોકી તરીકે તાલીમ આપી તેમના થકી રેડીયોનું સંચાલન થાય તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવેલ છે.
- એકતાનગર ભારતનું પ્રથમ ઇ-વાહન ક્ષેત્ર બની રહ્યું છે.એકતાનગર સ્થિત વિવિધ પ્રવાસન સ્થળોની મુલાકાતે પધારતાં પ્રવાસીઓની સુવિધા માટે ઈ-રીક્ષાઓ સ્થાનિક મહિલાઓ દ્વારા ચલાવી રોજગારી પ્રાપ્ત કરવામાં આવી રહેલ છે.

**વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી**

ફાલ્ગુન ૧૧, શાકે ૧૯૪૩

રાજ્યપાલશ્રીનું સંબોધન

ગુજરાત દેશનું એક અગ્રણી પ્રગતિશીલ રાજ્ય છે. ગુજરાતનું વિકાસ મોડલ આજે પણ દેશનાં અનેક રાજ્યો માટે રોલ મોડલ બની રહ્યું છે. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના મુખ્યમંત્રીકાળ દરમિયાન જનસુવિધાઓ સામાન્ય અને છેવાડાના લોકો સુધી પહોંચે તેમજ રોજબરોજની જરૂરિયાતોમાં સરળતા આવે તેવા અભિગમનું સ્વપ્ન સેવ્યું હતું. આ સ્વપ્નને મારી સરકાર આગળ ધપાવી આજે સાચા અર્થમાં ચરિતાર્થ કરી રહી છે.

- રાજ્યનાના ગરિકોને એકજ પોર્ટલ દ્વારા દરેક વિભાગની નાગરિકલક્ષી સેવાઓ ઘરેબેઠા મળી રહે તે હેતુથી **ડીજીટલ ગુજરાત પોર્ટલ** લોંચ કરી હાલમાં વિવિધ વિભાગની ૧૧૮થી પણ વધુ સેવાઓ ઉપલબ્ધ છે તથા ૪૧થી વધારે સેવાઓની મોબાઇલ ઍપ્લિકેશન ઉપલ્બ્ધ છે.
- વિભાગોની વહીવટી પ્રક્રીયા ઝડપી અને ઓનલાઇન બનાવવા માટે તાજેતરમાં **ઈ-સરકાર એપ્લીકેશન** લોન્ચ કરી રાજ્યની સરકારી કચેરીઓની રોજિંદી કામગીરી જેવી કે ટપાલ, ફાઈલ, રેકર્ડ, મિટિંગ મેનેજમેન્ટ, અપોઇન્ટમેન્ટ મેળવવી, ફરિયાદ અરજી કરવી વગેરે બાબતો ઓનલાઇન કરવામાં આવેલ છે.આ પ્રોજેકટના અમલીકરણથી તમામ સરકારી કચેરીઓની કામગીરી સરળ, અસરકારક, ઝડપીઅને પારદર્શક બનશે. આ પ્રોજેકટના અમલીકરણથી રાજ્યમાં વહિવટી કક્ષાએ તમામ નાગરિકોને આર.ટી.આઈ. અરજી ઓનલાઈન દાખલ કરવા, તેમની વિવિધ ફરિયાદો સંબંધિત કચેરીઓમાં મોકલવાઅને અધિકારીઓની મુલાકાત માટે સમય મેળવવાનું કામ સરળ બનશે.
- **ડીજીટલ સેવાસેતુ કાર્યક્રમ** સફળતાપૂર્વક અમલમાં મુકવામાં આવેલ છે. જેમાં રાજ્યની ગ્રામ પંચાયતો ખાતે રાજ્યની આશરે ૩૧૨ જેટલી નાગરીકલક્ષી સેવાઓ ઓનલાઇન પૂરી પાડવામાં આવે છે.

**ગુજરાત બાયોટેકનોલોજી રિસર્ચ સેન્ટર**

- GBRCએ હાલમાં ગુજરાતમાં સૌથી પહેલા COVID-૧૯ ના Omicronવેરિઅંટ નું whole genome sequencing કર્યું છે અને ઓમીક્રૉન વેરિયન્ટને શોધવા માટે PCRપદ્ધતિનો વિકાસ કરવામાં આવેલ છે.

**સાયન્સ સિટી**

- સાયન્સ સિટી જાણે મુલાકાતીઓનું સ્વર્ગ છે. તેની વૈશ્વિક કક્ષાની ગેલેરીઓ, જેમાં એકવેટિક ગેલેરી, રોબોટિક ગેલેરી અને નેચર પાર્કનો સમાવેશ છે તે તમામ ઉંમરના મુલાકાતીઓને આકર્ષે છે એટલું જ નહીં પણ તેને રાજ્ય અને રાષ્ટ્રના એક મહત્ત્વપૂર્ણ વિજ્ઞાન પ્રવાસન સ્થળ તરીકે સ્થાપિત કરે છેઅનેછેલ્લા આઠ માસમાં કુલ **પાંચ લાખથી** વધુ લોકો મુલાકાત લઈ ચૂક્યા છે.
- ભારતનેટ પ્રોજેક્ટના બીજા તબક્કામાં ગુજરાત રાજ્યની કુલ ૭૯૯૧ ગ્રામપંચાયતને ઓપ્ટિકલ ફાઈબરથી સાંકળી લેવાનું આયોજન છે. જેની સામે જાન્યુઆરી-૨૦૨૨ સુધીમાં ૭૯૬૯ ગ્રામપંચાયતને આ નેટવર્કથી સાંકળી લેવામાં આવેલ છે અને જાન્યુઆરી-૨૦૨૨સુધી રૂપિયા **એક હજાર છસો બાવન કરોડનો** ખર્ચ આ યોજના હેઠળ કરવામાં આવેલ છે.
- **નવી ITઅને ITeS પોલિસીની જાહેરાત**: આઇ.ટી. ક્ષેત્રમાં રોકાણોને વેગ આપવા, રાજ્યના ડિજીટલ મિશન આગળ વધારવા તથા રોજગારીની નવી તક ઉભી કરવાના હેતુથી તાજેતરમાં જાહેર કરવામાં આવેલ રાજ્યની મહત્ત્વની એવી આઇ.ટી. પોલિસી (૨૦૨૨-૨૭) દ્વારા રાજ્યમાં વિશ્વ કક્ષાના આઇ.ટી. ઇન્ફ્રાસ્ટ્રક્ચરનું નિર્માણ કરવાના ઉચ્ચ કૌશલ્ય ધરાવતા માનવબળનો સ્ત્રોત ઉભો કરવાનો અને ગુજરાતમાં આઇ.ટી. ઇકો સિસ્ટમમાં પરિવર્તન લાવવાનો લક્ષ્યનો નિર્ધાર કરવામાં આવેલ છે આ સિવાય આ પોલિસી રાજ્યમાં ઉભરતી અને અદ્યતન ટેકનોલોજીનો વિકાસ કરવા તે ક્ષેત્રમાં રિસર્ચ અને ડેવલપમેન્ટ કરવા માટે ઇનોવેશન સેન્ટર સ્થાપવા, ડિજીટલ સાક્ષરતામાં સુધારો થવા, આઇ.ટી. ક્ષેત્રમાં લોકોની જાગૃતિમાં વધારો કરવા વગેરે જેવા ક્ષેત્ર પણ પ્રોત્સાહન પૂરું પાડી શકાશે. ટૂંકમાં પ્રસ્તુત પોલિસી આઇ.ટી. ક્ષેત્રે ગુજરાતને આ ક્ષેત્રે રોજગારી સર્જન, કૌશલ્ય વિકાસ, વાર્ષિક નિકાસમાં, રોકાણોમાં આઇ.ટી. ઇન્ફ્રાસ્ટ્રક્ચર્સ વગેરેમાં વધારો કરીને આત્મનિર્ભર બનાવવા તરફ દોરી જશે.
- **નવી ગુજરાત બાયો-ટેકનોલોજી પોલિસીની જાહેરાત:** માન.પ્રધાનમંત્રીશ્રીના આત્મનિર્ભર ભારતના વિઝનને સાકાર કરવા માન.મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વમાં નવી બાયોટેકનોલોજી પોલિસી ૨૦૨૨-૨૭ જાહેર કરવામાં આવેલ છે.
  ગુજરાત બાયોટેકનોલોજી પોલિસી બાયોટેકનોલોજી ક્ષેત્રે આત્મનિર્ભર ગુજરાતથી આત્મનિર્ભર ભારતનું વિઝન સાકાર કરવામાં મદદરૂપ થશે. નવી બાયોટેકનોલોજી પોલિસીથી સમગ્ર દેશમાં ગુજરાત અગ્રેસર રાજયોમાં સ્થાન પ્રાપ્ત કરશે. રાજયમાં ઔદ્યોગિક ક્ષેત્રે રૂ.૨૦,૦૦૦ કરોડથી વધારેનું મૂડી રોકાણ થવાની સંભાવના છે. ૧ લાખ ૨૦ હજારથી વધુ નવા રોજગાર અવસરોની સંભાવના થશે. નવી બાયોટેકનોલોજી પોલિસી રાજયમાં ઇનોવેશન ઇકોસિસ્ટમને વધુ સુદ્રઢ બનાવશે. નવા મૂડી રોકાણો માટે ગુજરાતને ડેસ્ટિનેશન ઓફ ચોઇસ બનાવવાની નેમ છે.

**મહેસૂલ વ્યવસ્થાપન**

તા. ૨જી માર્ચ ૨૦૨૨

રાજ્યપાલશ્રીનું સંબોધન

મહેસૂલ વિભાગના લોકાભિમુખ અભિગમના પાયામાં છ સિદ્ધાંતોનો ફાળો મહત્ત્વનો રહ્યો છે. (૧) પારદર્શકતા અને મૈત્રીપૂર્ણ વહીવટ (૨) બદલાતી જરૂરિયાતો મુજબ નીતિ ઘડતર (૩) વહીવટમાં વિકેન્દ્રીકરણ (૪) કાર્ય પદ્ધતિઓનું સરળીકરણ (૫) યોગ્ય ભૂમિ વ્યવસ્થાપન (૬) કામના નિર્માણ અને જવાબદાર તંત્રનું ગઠન. આ પાયાના મહેસૂલી સિદ્ધાંતો દ્વારા સરકારના જાહેર કામો માટેની પ્રતિબદ્ધતાના દર્શન થાય છે. શાસન વ્યવસ્થામાં અગત્યનું કોઈ પાસુ હોય તો તે છે મહેસૂલી વ્યવસ્થાપન. રાજ્યમાં પ્રત્યેક વ્યક્તિ તેના પ્રશ્નો-સમસ્યાઓ અથવા તો તેના કોઈને કોઈ કામ માટે મહેસૂલ વિભાગ સાથે જોડાયેલી રહે છે. પ્રજા કલ્યાણની આ બાબતને ધ્યાને લઈ મહેસૂલ વિભાગમાં આમૂલ પરિવર્તન આવે અને નાગરિકોની સેવાની સાથે વહીવટમાં પારદર્શકતા આવે તેમજ લોકોના પ્રશ્નો-સમસ્યાઓનું ઝડપી નિરાકરણ આવે તે માટે રાજ્ય સરકારે અનેક જન હિતકારી મહત્ત્વપૂર્ણ નિર્ણયો કર્યા છે.

- નિયત સરકારી સેવાઓમાં એફિડેવિટમાંથી મુક્તિ આપી સેલ્ફ ડેક્લેરેશન માન્ય રાખવાનો ઐતિહાસિક નિર્ણય મારી સરકાર દ્વારા કરવામાં આવ્યો છે. આ ઉપરાંત ડિજિટલી પ્રમાણિત પ્રોપટીકાર્ડ ઓનલાઇન આપવાનો તથા બિનખેતીના હુકમો બાદ ઓટો જનરેશનથી પ્રોપટીકાર્ડ ઉપલબ્ધ કરાવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.
- રાજ્યના ખેડૂત ખાતેદારો તેમજ નાગરિકોને ઈ-ગવર્નન્સના માધ્યમ દ્વારા ઘેર બેઠા મહેસૂલી સેવાઓ ઉપલબ્ધ કરાવી શકાય તે હેતુથી ઓનલાઇન માધ્યમથી નિયત ફી ભરીને ઈ-સાઈન તેમજ ઈ-સીલવાળી, ક્યુ-આર કોડ સાથેના મહેસૂલી દસ્તાવેજોની અધિકૃત નકલો મળી રહે તે મુજબનો પ્રજાલક્ષી સુધારો કરવામાં આવેલ છે.
- નાગરિકોના મહેસૂલી પ્રશ્નોના સ્થળ પર જ ત્વરિત નિકાલ કરી શકાય તે હેતુથી મારી સરકાર દ્વારા **મહેસૂલી મેળા** યોજવાનો નવતર પ્રયોગ હાથ ધરવામાં આવેલ છે. જે અન્વયે તાજેતરમાં નવસારી, વલસાડ અને આણંદમાં મહેસૂલી મેળાઓનું આયોજન કરવામાં આવેલ હતું, જેમાં મળેલ કુલ ૮૧૩ રજૂઆતોમાંથી ૩૧૩ રજૂઆતોનો સ્થળ પર જ હકારાત્મક નિકાલ કરવામાં આવેલ છે.

**સ્ટેમ્પ ક્ષેત્રે નાગરિકલક્ષી મહત્ત્વની પહેલ**

- ફીઝીકલ નોન જ્યુડિશિયલ પેપરનું વેચાણ બંધ કરી ૪૫૬૬ કેન્દ્રો ખાતે નાગરિકોને ઇ-સ્ટેમ્પીંગ સર્ટિફિકેટ સરળતાથી ઉપલ્બ્ધ થાય તેવી વ્યવસ્થા કરવામાં આવી છે.
- ફરજિયાત નોંધણીપાત્ર દસ્તાવેજોમાં સ્ટેમ્પ ડ્યુટી માટે નાગરિકોને ઇ-પેમેન્ટની સુવિધાનો વિકલ્પ આપવામાં આવ્યો છે.
- તાજેતરમાં રાજ્યના ગુજરાત જમીન મહેસૂલ અધિનિયમ-૧૮૭૯માં સુધારો કરીને (૧) મહેસૂલ અધિકારી/ઓથોરિટી/કોર્ટના હુકમની હુકમી નોંધ, (૨) બેંક દ્વારા ઓનલાઇન બોજો દાખલ કરવાની નોંધ,(૩) જે કિસ્સામાં બેંકો દ્વારા ઓનલાઇન બોજો દાખલ કરેલ હોય તેવા કિસ્સામાં ઓનલાઇન બોજો કમી કરવા અંગેની નોંધ એમ ત્રણ પ્રકારની નોંધોના કિસ્સામાં ૧૩૫ (ડી) ની નોટીસ બાદ વાંધો રજૂ કરવાની સમય મર્યાદા ૩૦ દિવસથી ઘટાડીને ૧૦ દિવસનો કરવાનો પ્રજાલક્ષી નિર્ણય કર્યો છે.
- વધુમાં, મુંબઈ જમીન મહેસૂલ અધિનિયમ-૧૮૭૯ની કલમ ૭૩-એએ હેઠળની આદિજાતિના લોકોએ ધારણ કરેલ જમીનની તબદીલી અંગેની કાર્યપધ્ધતિ ઓનલાઇન કરવા બાબતે રાજ્ય સરકારે નિર્ણય કરેલ છે.

  **વન અને પર્યાવરણ** જળવાયુ પરિવર્તનના વૈશ્વિક પડકાર વચ્ચે કુદરતે માનવને આપેલી અણમોલ વનસંપદા અને પર્યાવરણનું જતન તથા લોકાભિમુખ સંવર્ધન થાય એવી કાર્યશૈલી ગુજરાત સરકારની રહી છે.

  રાજ્યમાં વન વિભાગ દ્વારા પ્રતિ વર્ષ વન મહોત્સવ,મેન્ગ્રુવ વાવેતર,દરિયાઈ જીવસૃષ્ટિના સંરક્ષણ, ઝીરો કાર્બન એમિશનને પ્રોત્સાહન જેવી બાબતો સાથે એશિયાના સૌથી મોટા બન્ની ગ્રાસલેન્ડ ડિમાર્કેશન, સ્ટેચ્યુ ઓફ યુનિટીના વિવિધ પ્રોજેક્ટ, સીવેજ વોટર માટે રિટ્રીટ અને રિયુઝની નીતિ ઊડીને આંખે વળગે એવી છે.
- ગુજરાત રાજ્ય અદ્વિતીય ગણી શકાય તેવી વન્યજીવ સમૃદ્ધી ધરાવે છે. વન્યજીવોના સંરક્ષણ અને સંવર્ધન માટે વિવિધ યોજનાઓ અમલમાં છે જે અંતર્ગત અત્યાર સુધીમાં કુલ ૮૪૪ થી વધુ વ્હેલશાર્ક બચાવવાની અદ્ભુત કામગીરી કરવામાં આવેલ છે. તેમજ ઝૂ બ્રીડીંગ પ્રોગ્રામ હેઠળ સકકરબાગ ઝૂમાં પંચાવન જેટલા સિંહ બચ્ચાનો તથા વરૂના ૪૫ બચ્ચાના જન્મ અને ઉછેર કરવામાં આવેલ છે.વન્યજીવોના રેસ્કયુ તથા અન્ય ફરીયાદોના નિવારણ માટે વાઇલ્ડ લાઇફ હેલ્પલાઇન નંબર કાર્યરત કરવામાં આવેલ છે.ઉત્તરાયણ દરમ્યાન પતંગની દોરીથી ઘાયલ થતા પક્ષીઓને બચાવવા તથા સારવાર આપવા માટે કરૂણા અભિયાન ચલાવવામાં આવે છે. વન્યજીવોથી માનવજાત તથા નુકસાન સામે આપવામાં આવતા વળતરમાં તાજેતરમાં વધારો કરી માનવ મૃત્યુ માટે રૂપિયા પાંચ લાખ વળતર આપવામાં આવે છે.

**સામાજિક વનીકરણ યોજના**

- ગુજરાત વન વિભાગ દ્વારા કરાયેલ વર્ષ૨૦૨૧ ની વૃક્ષ ગણતરી મુજબ ૩૯.૭૫ કરોડ વૃક્ષો થયેલ છે. એટલે ૨૦૦૩ ની સરખામણીમાં ૫૮.૩૬% વૃક્ષો ની સંખ્યાનો વધારો નોંધાયેલ છે.

**પર્યાવરણ**

- સમગ્ર દેશમાં બાયોમેડિકલ વેસ્ટના વ્યવસ્થાપનમાં ગુજરાત મોખરે છે. કોવીડ મહામારી દરમિયાન ઉત્પન્ન થયેલ બાયોમેડિકલ વેસ્ટનો અસરકારક રીતે નિકાલ કરવામાં આવ્યો હતો.
- આઝાદીકા અમૃત મહોત્સવ અંતર્ગત રાજ્યમાં ૮૦૦થી વધુ ગામોમાં ઔદ્યોગિક ગૃહોની મદદથી ૧૦૦ મેટ્રિક ટનથી વધુ પ્લાસ્ટિકના કચરાનું એકત્રીકરણ કરાવી તેનુ રિસાયક્લિંગ કરવામાં આવ્યું.
- દેવભૂમિ દ્વારકા જિલ્લાના શિવરાજપુર બીચને આંતરરાષ્ટ્રીય કક્ષાની બ્લ્યુ ફ્લેગ બીચ તરીકે માન્યતા પ્રાપ્ત થતા પ્રવાસન નું એક વધુ આકર્ષક સ્થળ ઉપલબ્ધ થયેલ છે.

**રમતગમત,યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ**

રાજ્યના યુવાઓને ખેલકૂદ ક્ષેત્રે પ્રોત્સાહિત કરી રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રસ્થાપિત કરવા રાજ્ય સરકાર કટિબદ્ધ છે. તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને દેશના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના રમશે ગુજરાત જીતશે ગુજરાતના મંત્રને સાકાર કરવા રાજ્ય સરકારે ખેલકૂદ માટે અનેકવિધ નવતર આયામો હાથ ધર્યા છે. જેના પરિણામે રાજ્યના અનેક યુવા પ્રતિભાશાળી ખેલાડીઓએ ગુજરાતનું ગૌરવ વધાર્યું છે.

- સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત નડિયાદ (જિ-ખેડા) ખાતે વિવિધ રમતોનું "હાઈ પરફોર્મન્સ સેન્ટર" કાર્યરત છે. જેમાં રાજ્ય કક્ષાની આર્ચરી, એથ્લેટિકસ, ટેકવાન્ડો, વોલીબોલ અને કુસ્તી રમતની એકેડમી કાર્યરત છે. જેમાં કુલ ૧૭ નિષ્ણાંત કોચ દ્વારા વૈજ્ઞાનિક ઢબે ૯૭ ભાઈઓ અને ૬૫ બહેનો મળી કુલ- ૧૬૨ ખેલાડીઓ તાલીમ મેળવી રહેલ છે.
- નડિયાદ (જિ-ખેડા) ખાતે “હાઈ પરફોર્મન્સ સેન્ટર” માં ખેલો ઇન્ડિયાની વોલીબોલ અને એથ્લેટિકસ રમતની પણ એકેડમી કાર્યરત છે. જેમાં હાલમાં ખેલો ઈન્ડિયાના કુલ- ૨૮ ખેલાડીઓ તાલીમ મેળવી રહેલ છે.
- નડિયાદ (જિ-ખેડા) ખાતે રાજ્યકક્ષાનાં હાઈ પરફોર્મન્સ સેન્ટરમાં ખેલાડીઓને એક્ષપર્ટ કોચ દ્વારા વૈજ્ઞાનિક ઢબે તાલીમ આપવામાં આવી રહી છે. ખેલાડીઓ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ વધુ સારું પ્રદર્શન કરી શકે તે માટે સ્ટ્રેન્થ એન્ડ કન્ડીશનીંગ ટ્રેનર, સ્પોર્ટસ ફીઝીયોથેરાપિસ્ટ, સ્પોર્ટસ ન્યુટ્રિશનિસ્ટ અને સ્પોર્ટસ મસાર્જર જેવી સવલતો ઉપલબ્ધ કરાવવામાં આવે છે.
- નડિયાદ ખાતેની કાર્યરત વિવિધ રમતોની એકેડમીના ખેલાડીઓએ નેશનલ અને ઈન્ટરનેશનલ મેડલ મેળવીને રાજય અને રાષ્ટ્રને ગૌરવ અપાવેલ છે. જેમાંથી સરિતા ગાયકવાડ એશિયન ગેમ્સમાં ગોલ્ડ મેડલ મેળવેલ છે. જે રાજય અને રાષ્ટ્ર માટે ખૂબ જ ગૌરવની બાબત છે.
- નડિયાદ (જિ-ખેડા) ખાતે કાર્યરત હાઈ પરફોર્મન્સ સેન્ટરની જેમ રાજયમાં અન્ય જગ્યાએ વિવિધ રમતોના હાઈ પરફોર્મન્સ સેન્ટર રાજ્ય સરકાર દ્વારા વિકસાવવામાં આવશે.

**શક્તિદુત યોજના**

- રાજ્યના રમતગમત ક્ષેત્રે પ્રતિભાશાળી ખેલાડીઓ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ સિદ્ધિઓ હાંસલ કરી રાજ્ય અને રાષ્ટ્રનું નામ રોશન કરે તે માટે વર્ષ ૨૦૦૬માં ગુજરાત સરકાર દ્વારા ‘શક્તિદુત યોજના’ અમલમાં મુકવામાં આવેલ છે.
- ખેલાડીઓના દેખાવ અને ભવિષ્યમાં સારો દેખાવ કરવાની શક્યતાઓને ધ્યાને લઈ તેઓની જરૂરીયાત મુજબ પૌષ્ટિક આહાર, રમતગમતની અદ્યતન સુવિધા, આધુનિક સાધનો, સ્પોર્ટસ કીટ, સ્પર્ધા ખર્ચ, નિષ્ણાંત પ્રશિક્ષકોની સેવાઓ, મેડીક્લેમ ઉપલબ્ધ કરાવવાની સાથે સાથે મનોવૈજ્ઞાનિક કાર્યશિબિર અને સ્પોર્ટસ મેડીસીન જેવી બાબતો માટે જરૂરીયાત મુજબ(Need Base) સહાય તરીકે ખેલાડીઓને પ્રોત્સાહન આપવાની જોગવાઈ છે.
- શક્તિદૂત યોજનામાં (૧)કુ. અંકિતા રૈના (ટેનીસ) (૨) કુ. ઈલાવેનીલ વાલારીવન (શુટિંગ) (૩)કુ. માના પટેલ(સ્વીમીંગ)ને તેઓની રમતને લગતી ઘનિષ્ઠ તાલીમ મેળવવા આ યોજના હેઠળ આપવામાં આવેલ આર્થિક સહાયને કારણે તેઓએ તાજેતરમાં યોજાયેલ ટોક્યો ઓલમ્પિક ગેમ્સમાં રાજ્ય વતી દેશનું પ્રતિનિધિત્વ કરીને ગૌરવ વધારેલ છે જ્યારે (૧)સુશ્રી ભાવિના પટેલ(પેરા – ટેબલ ટેનીસ) (૨)કુ. પારુલ પરમાર (પેરા – બેડમિન્ટન) અને (૩)કુ. સોનલ પટેલ (પેરા – ટેબલ ટેનીસ) ને તાજેતરમાં યોજાયેલ ટોક્યો ઓલમ્પિક માં રાજ્ય વતી દેશનું પ્રતિનિધિત્વ કરીને ગૌરવ વધારવા બદલ શક્તિદૂત યોજનામાં હેઠળ આર્થિક સહાય આપવામાં આવી છે.
- **“રાષ્ટ્રીય શાયર” ઝવેરચંદ મેઘાણીની ૧૨૫મી જન્મ જયંતિની ઉજવણી** નિમિત્તે તા.૨૮.૦૮.૨૦૨૧ ના રોજ ગાંધીનગર ખાતે આવેલા મહાત્માં મંદિરમાં રાજ્યકક્ષાનાં કાર્યક્રમની ઉજવણી કરવામાં આવેલ. જ્યાં શ્રી મેઘાણીજીની જીવનગાથા અને કાર્યો અંગેના વેબ પોર્ટલનું માનનીય મુખ્યમંત્રીશ્રી, ગુજરાત રાજ્યના વરદ હસ્તે લોકાપર્ણ કરવામાં આવેલ. રાજ્યના ૨૮૨ જિલ્લા અને તાલુકા મથકે કાર્યરત સરકારી ગ્રંથાલયોમાં ઝવેરચંદ મેઘાણીજીનું સાહિત્ય પ્રજાજનો માટે ઉપલબ્ધ બનાવવામાં આવેલ છે તથા દરેક સરકારી ગ્રંથાલયોમાં “મેઘાણી સાહિત્ય કોર્નર” ની સ્થાપના કરવામાં આવેલ છે.

તા. ૨જી માર્ચ ૨૦૨૨

રાજ્યપાલશ્રીનું સંબોધન

- રાજ્યમાં જૂનાગઢ, અમદાવાદ, મહેસાણા, વડોદરા અને રાજકોટ ખાતેના જિલ્લાકક્ષાના સરકારી ગ્રંથાલયોને રૂપિયા૫૦૦ લાખના ખર્ચથી અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ "સ્માર્ટ લાયબ્રેરી"માં તબદીલ કરવામાં આવેલ છે.
- ગાંધીનગર મહાનગરપાલિકાના સહયોગથી ગાંધીનગર ખાતે આવેલ સરકારી જિલ્લા ગ્રંથાલયને અત્યાધુનિક સેવાઓથી સજ્જ બહુમાળી ભવનમા તબદિલ કરવાની કામગીરી રૂપિયા ૧૫ કરોડના ખર્ચે હાથ ધરવામાં આવેલ છે.
- રૂપિયા ૨૫ કરોડના ખર્ચે સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે ભારત દેશના ૫૬૨ રજવાડાઓ જે ભારત દેશ સાથે સ્વતંત્રતાના સમયમાં જોડાઈને અંખડ ભારત દેશ બનાવ્યો તે રજવાડાઓનો વારસો (Heritage)દર્શાવતું અત્યાધુનિક સંગ્રહાલયનું કામ પ્રગતિમાં છે.

## નાણા વ્યવસ્થાપન

સૌનો સાથ સૌનો વિકાસ અને સૌના વિશ્વાસ' થકી ગુજરાતને વિકાસતરફ લઈ જવાનુ લક્ષ્ય સાથે રાજ્ય સરકાર આગળ વધી છે. ઈન્ફર્મેશન ટેક્નોલોજીના મહત્તમ ઉપયોગ કરીને શ્રેષ્ઠ નાણાકીય વ્યવસ્થાપન અને શ્રેષ્ઠ નાણાકીય શિસ્ત થકી આજે ગુજરાત દેશનું રોલ મોડેલ પુરવાર થઇ રહ્યુ છે.

- અંદાજપત્રની તમામ કામગીરી ઓનલાઈન કરવામાં આવે છે. વિધાનસભામાં અંદાજપત્ર રજુ થવાની સાથે જ નાણા વિભાગની વેબસાઈટ પર ઉપલબ્ધ થતા પ્રજાને કર અને યોજનાકીય માહિતી ઓનલાઈન ઉપલબ્ધ છે.
- રાજ્યની તમામ ૩૩ જિલ્લા તિજોરી કચેરીઓમાં પગાર, પેન્શન તથા સરકારી દાવાઓના ચુકવણાં ઈ-પેમેન્ટથી સીધા લાભાર્થીના ખાતામાં જમા થાય છે.
- RBIના e-kuber Portal સાથે IFMSનું Integration કરવામાં આવેલ છે. જે અંતર્ગત રાજ્યની તમામ જિલ્લા તિજોરી કચેરીઓ/પીએઓ/પીપીઓ ખાતેથી e-kuber મારફતે e-Payment શરૂ કરવામાં આવેલ છે. આમ કરવાથી જે તે વ્યક્તિને ચુકવણું ઝડપથી કરી શકાય છે.
- Digital Gujaratહેઠળ વિદ્યાર્થીઓને ચુકવવાપાત્ર શિષ્યવૃતિ તથા ગણવેશ સહાયની રકમનું Aadhar Base દ્વારા e-Payment શરૂ થતાશિષ્યવૃતિના નાણા ઝડપથી જે તે લાભાર્થીના બેંક ખાતામાં જમા કરવામાં આવે છે.
- તા.૦૧/૦૪/૨૦૨૧થી તા.૩૧/૧૨/૨૦૨૧ સુધીમાં રૂપિયા **ત્રેવીસ હજાર છસો પંચોતેર કરોડના ઓગણત્રીસ લાખ સત્યાશી હજાર બસો પંચાણું** વ્યવહારોનું એકાઉન્ટીંગ સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવેલ છે.
- રાજ્યના કરની સમયસર ઓનલાઈન વસૂલાત માટે સાયબર તિજોરી પોર્ટલ કાર્યરત છે.
- સંકલિત નાણાકીય વ્યવસ્થાપન પધ્ધતિ અંતર્ગત ઇન્ટરનેટ બેન્કીંગ સુવિધા મારફત રાજ્યના કરદાતાઓને પોતાના કર ઓન લાઇન ભરવાની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવેલ છે. હાલ GST, પ્રોફેશનલ ટેક્સ, રોયલ્ટી, રોડ ટેક્સ, લેબર ફી અને સીક્યુરીટી ડિપોઝીટ, સ્ટેમ્પ ડ્યુટીવગેરે આવકનું ઓનલાઇન Collection થાય છે.
- રાજ્યના અંદાજીત**ચાર લાખ સત્યાશી હજાર ચારસો તેર** પેન્શનરોના પેન્શનનું ચુકવણુ તિજોરી કચેરીઓ દ્વારા ઇ-પેમેન્ટથી કરવામાં આવે છે.જેમને દર મહિને અંદાજે **એક હજાર છસો કરોડનું** પેન્શન ચુકવવામાં આવે છે.
- જે જિલ્લાઓમા પેન્શનરોની સંખ્યા વધુ હોય ત્યાં પેન્શનરોને હાલાકી ન પડે તે માટે રાજ્ય સરકાર દ્વારા અત્યાર સુધીમાં અમદાવાદ, ગાંધીનગર, વડોદરા, રાજકોટ, સુરત જિલ્લાઓમાં અલગ પેન્શન ચુકવણા કચેરી શરૂ કરવામાં આવેલ છે.
- પેન્શનરો ઘરેબેઠાં હયાતીની ખરાઈ કરી શકે તે માટે **"જીવન પ્રમાણ પોર્ટલ"** ની સુવિધા ઉપલબ્ધ કરાયેલ છે.
- પેન્શનરોને મોટી રકમ જેવી કે, પેન્શનનું મૂડીકૃત રૂપાંતર, ગ્રેજ્યુઈટીની રકમનું ચુકવણુ ઇ-પેમેન્ટથી ચુકવણું કરવામાં આવે છે.
- ગુજરાત સામુહિક જૂથ અકસ્માત વીમા યોજના હેઠળ કુલ ૩.૮૮ કરોડથી વધારે લાભાર્થીઓને આવરી લેવામાં આવેલ છે.
- આ યોજના હેઠળ ખાતેદાર ખેડૂત, અને ખાતેદાર ખેડૂતના પતિ/પત્ની તથા તેના તમામ સંતાન, અસંગઠિત શ્રમિકો, ગુજરાતના પ્રાથમિકથી કોલેજ સુધીના વિદ્યાર્થીઓ, પોલીસ કર્મચારીઓ, વિધવા, વિકલાંગ, હિરાઘસુ કારીગરો જેવા લાભાર્થીઓનો સમાવેશ કરવામાં આવે છે.

## માહિતી અને પ્રસારણ

- રાજ્ય સરકારના મહત્ત્વના નિર્ણયો અનેલોકકલ્યાણલક્ષી યોજનાકીય અધિકૃત વિગતો, ફ્લેગશીપ કાર્યક્રમની જાણકારી, અખબારી યાદીઓ, લેખો, ફોટોગ્રાફ્સ, ટી.વી. કવરેજ, વેબ સાઇટ, વેબ કાસ્ટીંગ, ઇ-મેલ દ્વારા નિયમિત રીતે વિવિધ માધ્યમોને પહોંચાડવામાં આવેછે.

- માન્ય પત્રકારોને રક્ષણ આપવા રાજ્ય સરકારે પત્રકારો માટે સામુહિક જૂથ વીમા યોજના અમલમાં મૂકી છે.આ યોજના હેઠળ ૨૫ થી ૬૦ વર્ષ વચ્ચેની વયના માન્ય પત્રકારોને આવરી લઈ કુદરતી મૃત્યુના કિસ્સામાં રૂપિયા એક લાખતથા અકસ્માત મૃત્યુના કિસ્સામાં રૂપિયા પાંચ લાખનું વીમા કવચ આપવામાં આવે છે. જે અંતર્ગત ૧,૨૨૬ માન્ય પત્રકારોને વીમા કવચ પૂરું પાડવામાં આવેલ છે.
- રાજ્ય સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓની જાણકારી રાજ્યના અંતરિયાળ વિસ્તારના લોકોને ઝડપથી મળે તે હેતુથી દસ્તાવેજી ફિલ્મો, ખાસ મલ્ટી મીડિયા દસ્તાવેજી ચિત્રો તેમજ ટી.વી ક્વિકી / ઝીંગલનુ નિર્માણ કરવામાં આવ્યું છે.
- **ક્લાઈમેટ ચેન્જ** રાજ્યમાં સ્વચ્છ અને હરીયાળા વીજ ઉત્પાદનને પ્રોત્સાહન પૂરું પાડવા રાજ્ય સરકારે જાહેર કરેલ પવન ઉર્જા નીતિ – ૨૦૧૬ હેઠળ ચાલુ વર્ષ દરમ્યાન રાજ્યમાં વધુ ૪૮૮ મેગાવોટ ક્ષમતાના વિન્ડફાર્મ જાન્યુઆરી-૨૦૨૨ સુધીમાં કાર્યરત કરાયા છે. આમ રાજ્યની કુલ પવન વિદ્યુત ઉત્પાદન ક્ષમતા વધીને ૮૯૮૭ મેગાવોટ થઇ છે.
- રાજ્યમાં સ્વચ્છ અને હરીયાળા વીજ ઉત્પાદનને પ્રોત્સાહન પૂરું પાડવા રાજ્ય સરકારે જાહેર કરેલ સૌર વિદ્યુત નીતિ-૨૦૨૧ હેઠળ ચાલુ વર્ષ દરમિયાન રાજ્યમાં ૧૯૯૭ મેગાવોટ કુલ ક્ષમતાના સોલાર પાવર પ્લાન્ટ જાન્યુઆરી-૨૦૨૨ સુધીમાં કાર્યરત કર્યા છે. આમ રાજ્યની કુલ સોલાર ઉત્પાદન ક્ષમતા વધીને ૬૨૬૯ મેગાવોટ થઇ છે.

**આયોજન**

વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ અંતર્ગત વર્ષ ૨૦૨૧-૨૨ દરમ્યાન રૂપિયા એક હજાર ત્રણસો પાંચ કરોડની જોગવાઈ મંજૂર કરવામાં આવેલ હતી. જે અંતર્ગત એપ્રિલ-૨૦૨૧ થી જાન્યુઆરી-૨૦૨૨ દરમ્યાન કુલ ૩૫,૨૧૯ કામો પૂર્ણ થયેલ છે. આ યોજના હેઠળ મુખ્યત્વે ગ્રામ્ય રસ્તાઓ, પ્રાથમિક શિક્ષણ માટે પ્રાથમિક શાળાના રૂમ, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો / પેટા કેન્દ્રો માટે મકાન અને કમ્પાઉન્ડ વોલ, એમ્બ્યુલન્સ વાન / શબવાહીનીની ખરીદી, વીજળીકરણના નવાં કામો, આંગણવાડીના મકાનો અને કમ્પાઉન્ડ વોલ, અને પાણી પુરવઠા વગેરે કામો સામૂહિક સ્તરે ગ્રામ્ય કક્ષાના લોકોની જરૂરીયાત પૂરી કરશે.

**અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોનો વિભાગ**

ગુજરાત સરકાર તમામ નાગરિકોને પૂરતું અને સમયસર અન્ન મળી રહે તે માટે સતત પ્રયત્નશીલ છે. અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબતોના વિભાગનું મુખ્ય ધ્યેય **'સર્વજન હિતાય, સર્વજન સુખાય'** સૂત્રને ચરિતાર્થ કરી નાગરિકોને અન્ન સલામતી અને પોષણ સલામતી પૂરી પાડવાનું છે.

- જાહેર વિતરણ વ્યવસ્થા વધુ પારદર્શક અને અસરકારક બને તે હેતુથી My Ration Mobile Appથી રાશનકાર્ડ, અનાજ વિતરણ, વાજબી ભાવની દુકાનની વિગતો તથા સેવાઓ નાગરિકોને હવે મોબાઈલ એપ પર જ ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે.
- રાજ્ય સરકાર દ્વારા જનહિતલક્ષી નિર્ણય તરીકે રૂ. ૫૦ પ્રતિ કિલો દાળનો ભાવ મુકરર કરી ભવિષ્યમાં જો દાળનો ભાવ વધશે તો સબસિડીના માધ્યમથી સરભર કરવામાં આવશે તથા સત્તર હજાર કરતાં વધુ પંડિત દિનદયાળ ગ્રાહક ભંડારના સંચાલકોના કમિશનમાં વધારો કરવાનો નિર્ણય કરવામાં આવેલ છે.
- કાનુની માપ વિજ્ઞાન તંત્ર દ્વારા વજન માપના પરવાના,પ્રમાણપત્રો અને રજિસ્ટ્રેશન માટે Ease of doing business હેઠળ ઓનલાઇન વ્યવસ્થા અમલમાં મૂકેલ છે. આ તંત્ર દ્વારા ડિસેમ્બર ૨૦૨૧ સુધીમાં એક લાખથી વધુ એકમોના નિરિક્ષણ કરીને પ્રોસિક્યુશન કેસો દાખલ કરીને રૂ.૮૦ લાખ જેટલી ગુન્હા માંડવાળ ફી વસૂલ કરવામાં આવેલ છે.
- **ઈ-દાખિલ** –ગ્રાહકોની ફરીયાદના નિવારણ માટે ઓનલાઈન કેસ દાખલ કરવાની સુવિધા રાજ્યમાં તા.૨૪/૧૨/૨૦૨૦ થી શરૂ કરવામાં આવેલ છે. જેનાથી ગ્રાહક પોતાની ફરીયાદ ઓનલાઈન નોંધાવી શકે છે.
- રાજ્યના ગ્રાહક તકરાર કમિશનોમાં દાખલ થતા કેસો ૧૦૦% ઓનલાઈન અપલોડ કરવામાં આવે છે.

આઝાદીનું ૭૫મું આ વર્ષ એક કરતાં વધુ કારણાસર યાદગાર બની રહ્યું છે ત્યારે ગુજરાત કે જેનું ધ્યેય સર્વતોમુખી વિકાસ થકી સૌનું કલ્યાણ કરવાનું છે,જેનું લક્ષ્ય સુશાસનથી સુરાજ્ય સ્થાપવાનું છે, સલામતિ, સમૃદ્ધિ અને પ્રગતિ જેની નીતિ રહી છે પારદર્શક પ્રશાસન જેની કાર્યપ્રણાલી રહી છે તે રાજ્યના રાજ્યપાલ તરીકે ચૌદમી ગુજરાત વિધાનસભાના આપ સૌ સન્માનીય સભ્યશ્રીઓને આ સત્રના મંગલ પ્રારંભે સંબોધતા હું આનંદની લાગણી અનુભવું છું. મારી સરકારે કોરોનાકાળની આ અત્યંત વિકટ પરિસ્થિતિમાં પણ પ્રજાને આ વૈશ્વિક મહામારીથી રક્ષણ આપવા તબક્કાવાર નાગરિકો તેમજ ધંધાર્થીઓના હિતમાં નિર્ણયો લઈ એક આદર્શ અને દાખલારૂપ સરકાર તરીકેની ભૂમિકા અદા કરી છે. ગુડ ગવર્નન્સ, આત્મનિર્ભર ગ્રામ યાત્રા, સેવાસેતુ કાર્યક્રમ, ગરીબ કલ્યાણ મેળા જેવા કાર્યક્રમો દ્વારા છેવાડાની પ્રજા સુધી પહોંચી વધુમાં વધુ યોજનાઓનો લાભ આપવાની મારી સરકારનું સુદ્રઢ આયોજન ઘણું સરાહનીય છે. આપ સૌ પ્રજાના પ્રતિનિધિઓએ ચૌદમી વિધાનસભા ગૃહના સભ્ય તરીકે સંસદીય લોકશાહીની પ્રણાલીકા અનુસાર કામગીરી કરી છે. મારી સરકાર માનવીય સંવેદનાથી ધબકતી આર્થિક પ્રગતિ અને માનવશક્તિના વિકાસને વરેલી છે અને તે માટે સામાજિક અને આર્થિક પરિવર્તનને નવો મોડ આપવા મારી સરકાર

પ્રતિબદ્ધ રહેવાની છે. મારી સરકારે પ્રજા કલ્યાણના સંકલ્પને સાકાર કરવા **'સૌનો સાથ, સૌનો વિકાસ અને સૌના પ્રયાસ'** ના સૂત્રથી કરેલા ભગીરથ પ્રયત્નોના પરિણામે ગુજરાતની પ્રજામાં સરકાર પ્રત્યે આપણાપણું પેદા થયું છે. આવનારા ભવિષ્યમાં ગુજરાતના વિકાસને પ્રજાકલ્યાણના કાર્યો થકી વધુ ઉંચાઇએ લઈ જવા આપ સૌ વધુને વધુ પ્રજાલક્ષી નિર્ણયોમાં સહભાગી બની સવા છ કરોડ ગુજરાતીઓના સર્વાંગી વિકાસ અને ઉત્કર્ષ માટે સક્રીય રીતે પ્રયત્નશીલ રહેશો તેવા વિશ્વાસ સાથે આપ સૌને મારી શુભકામનાઓ પાઠવું છું.

**જય જય ગરવી ગુજરાત**

**જય હિંદ**

*********

**રાજ્યપાલશ્રીના સંબોધન માટેનો આભાર પ્રસ્તાવ (રજૂઆત)**

શ્રી રાકેશભાઇ જ. શાહ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, રાજ્યપાલશ્રીને નીચે મુજબનો સંદેશો પાઠવવો.

''અમો આ સત્રમાં એકત્ર થયેલ ગુજરાત વિધાનસભાના સભ્યો રાજ્યપાલશ્રીએ આ સભાગૃહ સમક્ષ કરેલ સંબોધન બદલ તેમનો આભાર માનીએ છીએ.''

શ્રી અભેસિંહ મો. તડવી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી રાકેશભાઇ જ. શાહે જે આભાર પ્રસ્તાવ રજૂ કર્યો છે તેને હું અનુમોદન આપું છું.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શોકદર્શક ઉલ્લેખો**

**ભારતરત્ન સ્વર સામ્રાજ્ઞી સ્વ. લતા મંગેશકર, ગુજરાત વિધાનસભાના વિદ્યમાન સભ્ય સ્વ. ડો. આશાબેન દ્વારકાદાસ પટેલ તથા ગુજરાત રાજ્યના પૂર્વ રાજ્યકક્ષાના મંત્રી સ્વ. શ્રી પ્રતાપસિંહ હીરાભાઇ પટેલ, સ્વ.શ્રી વ્રજલાલ દુર્લભજી જાની, સ્વ.શ્રી અમૃતલાલ કાળીદાસ પટેલ અને સ્વ.શ્રી ઉપેન્દ્રસિંહ પ્રતાપસિંહ ગોહીલ તથા ગુજરાત રાજ્યના પૂર્વ સભ્ય સ્વ.શ્રી અંબાલાલ જયશંકર ઉપાધ્યાય, સ્વ.શ્રી જગદીશચંદ્રજી દોલજીભાઇ ડામોર અને સ્વ.શ્રી જોરૂભા જેઠુભા ચૌહાણના અવસાન અંગે.**

**સ્વર સામ્રાજ્ઞી ભારતરત્ન લતા મંગેશકરના અવસાન અંગે.**

**શ્રી ભૂપેન્દ્રભાઇ ર. પટેલ (સભાગૃહના નેતાશ્રીઃ) :** માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતા દુઃખ થાય છે કે, સંગીત જગતના સ્વર સામ્રાજ્ઞી ભારતરત્ન લતા મંગેશકરનું તારીખ છઠ્ઠી ફેબ્રુઆરી, ૨૦૨૨ના રોજ ૯૨ વર્ષની જૈફ વયે દુઃખદ અવસાન થયેલ છે. દેશ-દુનિયાના કરોડો લોકો પર પોતાના કંઠનું કામણ પાથરનારાં સ્વર કોકિલા લતા મંગેશકરનો જન્મ ૨૮ સપ્ટેમ્બર, ૧૯૨૯ના રોજ મધ્યપ્રદેશના ઇન્દોરમાં થયો હતો. તેમના પિતા પંડિત દીનાનાથ મંગેશકર સંગીતની દુનિયા તથા મરાઠી થિયેટરનું જાણીતું નામ હતું. લતાજીને સંગીતનું પ્રાથમિક શિક્ષણ એમનાં સંગીતકાર પિતા પાસેથી જ મળ્યું હતું. સ્વર્ગસ્થ લતાજીએ હિન્દી, મરાઠી, ઉર્દૂ, સંસ્કૃત, બંગાળી, ગુજરાતી સહિત ૩૬ થી વધુ પ્રાદેશિક ભારતીય ભાષાઓ અને કેટલીક વિદેશી ભાષાઓમાં એક હજારથી પણ વધુ ફિલ્મોમાં ૫૦ હજાર જેટલા ગીતોમાં પોતાનો મધુર અવાજ આપ્યો હતો. એમનું ''એ મેરે વતન કે લોગોં, જરા આંખ મેં ભર લો પાની,'' ગીત આજે પણ લોકોની આંખો અશ્રુભીની કરે છે. ભારતના કોકિલ કંઠી ગાયિકા લતાજીએ ગુજરાતી ફિલ્મોમાં પણ અનન્ય ફાળો આપ્યો હતો. એમનું ફિલ્મ '' મહેંદી રંગ લાગ્યો'' નું પ્રસિદ્ધ ગીત '' મહેંદી તે વાવી માળવે'' આજે પણ નવરાત્રીમાં ગરબાઓમાં વાગતું હોય છે.

સંગીત સાથે જોડાયેલ એવો ભાગ્યે જ કોઇ એવોર્ડ હશે જે સ્વ. લતા મંગેશકર પાસે નહીં હોય. સ્વ. લતાજીનું ગાયકીના ક્ષેત્રમાં તેમના અમૂલ્ય યોગદાન માટે વર્ષ ૧૯૬૯માં પદ્મભૂષણ, વર્ષ ૧૯૮૯માં વન ટાઇમ એવોર્ડ ફોર લાઇફ ટાઇમ એચિવમેન્ટ સહિત અનેક એવોર્ડસ વડે સન્માન કરવામાં આવેલું છે.

દેશનો સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર 'ભારત રત્ન' મેળવનાર લતાજી પ્રસિદ્ધ ગાયિકા એમ.એસ. સુબ્બુલક્ષ્મી પછીના બીજા મહિલા ગાયિકા હતા. તેઓશ્રી તા. ૨૨-૧૧-૧૯૯૯ થી તા. ૨૧-૧૧-૨૦૦૫ સુધી રાજ્ય સભાના નોમિનેટેડ સભ્ય હતા.

લતા મંગેશકર એ નામ છે, જે તેમના સૂરીલા અવાજને કારણે માત્ર ભારતમાં જ નહીં, પરંતુ સમગ્ર વિશ્વમાં ભારતની 'વોઇસ ક્વીન' અને 'વોઇસ નાઇટિંગલ' તરીકે જાણીતું છે. સ્વર કોકિલા, દીદી અને તાઇ જેવાં હુલામણાં નામોથી લોકપ્રિય લતાજી સંગીતના સાધકો માટે પ્રેરણારૂપ હતા. તેમના નિધનથી સંગીતની દુનિયામાં ક્યારેય પૂરી ન શકાય તેવી ખોટ પડી છે. અખંડ હિન્દુસ્તાનનો કંઠ હવે સદાયને માટે મૌન થઇ ગયો છે. માનનીય વડાપ્રધાનશ્રીના શબ્દોમાં કહું તો આવનારી પેઢી લતા દીદીને ભારતીય સંસ્કૃતિની એક દંતકથા તરીકે યાદ કરશે.

પ્રભુ તેમના આત્માને શાશ્વત શાંતિ આપે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

ફાલ્ગુન ૧૧, શાકે ૧૯૪૩

શોકદર્શક ઉલ્લેખો

**ગુજરાત વિધાનસભાના વિદ્યમાન સભ્યશ્રી ડો. આશાબેન દ્વારકાદાસ પટેલના અવસાન અંગે.**

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુઃખ થાય છે કે, ગુજરાત વિધાનસભાના વિદ્યમાન સભ્યશ્રી ડો. આશાબેન દ્વારકાદાસ પટેલનું તારીખ ૧૨મી ડિસેમ્બર, ૨૦૨૧ના રોજ ૪૪ વર્ષની યુવાન વયે દુઃખદ અવસાન થયેલ છે. સ્વર્ગસ્થ ડો. આશાબેનનો જન્મ છઠ્ઠી જાન્યુઆરી, ૧૯૭૭ના રોજ મહેસાણા જિલ્લાના ઊંઝા તાલુકાના વિસોળ મુકામે થયો હતો. તેઓશ્રીએ પી.એચ.ડી. સુધીનો અભ્યાસ કરેલ હતો. તેઓશ્રી સામાજિક અને શૈક્ષણિક ક્ષેત્રની પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલ હતા.

સ્વર્ગસ્થ ડો. આશાબેને પ્રવર્તમાન ચૌદમી ગુજરાત વિધાનસભામાં ઊંઝા મત વિસ્તારના સક્રિય ધારાસભ્ય તરીકે જનસમુદાયના કલ્યાણના તેમજ શૈક્ષણિક વિકાસનાં કામોને અગ્રતા આપેલ હતી. તેઓશ્રીના અવસાનથી રાજ્યએ મહિલા ઉત્કર્ષ સાથે સંકળાયેલ આશાસ્પદ યુવા સમાજ સેવિકા ગુમાવ્યા છે.

પ્રભુ તેમના આત્માને શાશ્વત શાંતિ આપે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

**ગુજરાતના પૂર્વ રાજ્યકક્ષાના મંત્રીશ્રી પ્રતાપસિંહ હીરાભાઇ પટેલના અવસાન અંગે**

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુઃખ થાય છે કે, ગુજરાતના પૂર્વ રાજ્યકક્ષાના મંત્રીશ્રી પ્રતાપસિંહ હીરાભાઇ પટેલનું તારીખ ૨૨મી ફેબ્રુઆરી, ૨૦૨૨ ના રોજ ૯૬ વર્ષની જૈફ વયે દુઃખદ અવસાન થયેલ છે. સ્વર્ગસ્થશ્રી પટેલનો જન્મ ૨૫મી જૂન, ૧૯૨૫ના રોજ પંચમહાલ જિલ્લાના ગોધરા તાલુકાના રામપુર મુકામે થયો હતો. સ્વર્ગસ્થશ્રી પટેલે બી.એ. સુધીનો અભ્યાસ કરેલ હતો. તેઓશ્રી ખેતીના વ્યવસાય સાથે તેમજ અનેકવિધ સામાજિક પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલ હતા.

સ્વર્ગસ્થશ્રી પટેલ સન ૧૯૫૨થી ૧૯૫૭ સુધી બૃહદ મુંબઇ વિધાનસભાના સભ્ય તરીકે તથા ચોથી અને નવમી ગુજરાત વિધાનસભામાં અનુક્રમે શહેરા તથા દેવગઢ બારીયા મત વિસ્તારમાંથી ચૂંટાઇ આવી જન પ્રતિનિધિ તરીકે અનેક કામો કર્યાં હતાં. સ્વર્ગસ્થશ્રી પટેલ ગુજરાત સરકારમાં સામાજિક વનીકરણ, રમત-ગમત અને યુવક સેવા વિભાગના રાજ્યકક્ષાના મંત્રીશ્રી તરીકે તેમજ વન, ગ્રામ ગૃહ નિર્માણ અને આદિજાતિઓનું કલ્યાણ તથા ખાણ અને ખનીજ વિભાગના નાયબ મંત્રીશ્રી તરીકે રહી અમૂલ્ય સેવાઓ આપેલ હતી. તેઓશ્રીના અવસાનથી રાજ્યએ એક કર્મઠ અને સંવેદનશીલ લોકસેવક ગુમાવ્યા છે.

પ્રભુ તેમના આત્માને શાશ્વત શાંતિ આપે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

**ગુજરાતના પૂર્વ રાજયકક્ષાના મંત્રીશ્રી વ્રજલાલ દુર્લભજી જાનીના અવસાન અંગે.**

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતા દુઃખ થાય છે કે ગુજરાતના પૂર્વ રાજયકક્ષાના મંત્રીશ્રી વ્રજલાલ દુર્લભજી જાનીનું તારીખ ૨૯મી જાન્યુઆરી, ૨૦૨૨ના રોજ ૮૭ વર્ષની જૈફ વયે દુઃખદ અવસાન થયેલ છે.

સ્વર્ગસ્થશ્રી જાનીનો જન્મ પંદરમી જૂન, ૧૯૩૪ના રોજ ભાવનગર જિલ્લાના મહુવા તાલુકાના બોરડી મુકામે થયો હતો.

સ્વર્ગસ્થશ્રી જાનીએ મેટ્રીક સુધીનું શિક્ષણ મેળવેલ હતું તથા ખેતીના વ્યવસાય સાથે સંકળાયેલ હતા.

સ્વર્ગસ્થશ્રી જાનીએ છઠ્ઠી તથા સાતમી ગુજરાત વિધાનસભામાં મહુવા મત વિસ્તારના જન પ્રતિનિધિ તરીકે પ્રજાલક્ષી અનેક કામો કર્યાં હતાં.

સ્વર્ગસ્થશ્રી જાનીએ ગુજરાત સરકારના ગૃહ અને પ્રવાસન ખાતાઓના રાજયકક્ષાના મંત્રીશ્રી તરીકે તા. ૧૩-૧૨-૧૯૮૮ થી તા. ૯-૧૨-૧૯૮૯ સુધી પદભાર સંભાળીને અમૂલ્ય યોગદાન આપ્યું હતું.

તેઓશ્રીના અવસાનથી રાજયએ પ્રજાના હિત સાથે આજીવન સંકળાયેલા એવા એક સંનિષ્ઠ સેવક ગુમાવ્યા છે.

પ્રભુ સદ્ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

**ગુજરાતના પૂર્વ રાજયકક્ષાના મંત્રીશ્રી અમૃતલાલ કાળીદાસ પટેલના અવસાન અંગે.**

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતા દુઃખ થાય છે કે ગુજરાતના પૂર્વ રાજયકક્ષાના મંત્રીશ્રી અમૃતલાલ કાળીદાસ પટેલનું તારીખ ૨૨ મી ફેબ્રુઆરી, ૨૦૨૨ ના રોજ ૮૧ વર્ષની વયે દુઃખદ અવસાન થયેલ છે.

સ્વર્ગસ્થશ્રી પટેલનો જન્મ પહેલી જાન્યુઆરી, ૧૯૪૧ના રોજ બનાસકાંઠા જિલ્લાના પાલનપુર તાલુકાના લક્ષ્મીપુરા મુકામે થયો હતો.

સ્વર્ગસ્થશ્રી પટેલે ઈન્ટર સાયન્સ સુધી શિક્ષણ મેળવેલ હતું તથા તેઓશ્રી ખેતી અને વેપાર સાથે સંકળાયેલ હતા.

સ્વર્ગસ્થશ્રી પટેલે છઠ્ઠી તથા નવમી ગુજરાત વિધાનસભામાં પાલનપુર મત વિસ્તારના ધારાસભ્ય તરીકે જનકલ્યાણ માટેનાં અનેક કામો કર્યાં હતાં.

સ્વર્ગસ્થશ્રી પટેલે તા. ૧-૧૧-૧૯૯૬ થી તા. ૨૫-૧૨-૧૯૯૭ સુધી ગુજરાત સરકારના કૃષિ અને પશુપાલન ખાતાના રાજયકક્ષાના મંત્રીશ્રી તરીકેની બહુમૂલ્ય સેવાઓ આપી હતી.

તેઓશ્રીના અવસાનથી રાજયએ સામાજિક અને શૈક્ષણિક પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા આગેવાન ગુમાવ્યા છે.

પ્રભુ સદ્ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

તા. ૨જી માર્ચ ૨૦૨૨

શોકદર્શક ઉલ્લેખો

**ગુજરાતના પૂર્વ રાજયકક્ષાના મંત્રીશ્રી ઉપેન્દ્રસિંહ પ્રતાપસિંહ ગોહિલના અવસાન અંગે.**

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુઃખ થાય છે કે, ગુજરાતના પૂર્વ રાજયકક્ષાના મંત્રીશ્રી ઉપેન્દ્રસિંહ પ્રતાપસિંહ ગોહિલનું તારીખ છઠ્ઠી ફેબ્રુઆરી, ૨૦૨૨ના રોજ ૬૭ વર્ષની વયે દુઃખદ અવસાન થયેલ છે.

સ્વર્ગસ્થશ્રી ગોહિલનો જન્મ સાતમી એપ્રિલ, ૧૯૫૪ ના રોજ વડોદરા જિલ્લાના અનગઢ મુકામે થયો હતો.

સ્વર્ગસ્થશ્રી ગોહિલે બી.એ. સુધીનો અભ્યાસ કરેલ હતો તથા ખેતીવાડી અને વેપાર સાથે સંકળાયેલા હતા.

સ્વર્ગસ્થશ્રી ગોહિલે નવમી તથા બારમી ગુજરાત વિધાનસભામાં વડોદરા ગ્રામ્ય તેમજ અગિયારમી ગુજરાત વિધાનસભામાં સાવલી મત વિસ્તારમાંથી ચૂંટાઇ આવી પ્રજાકલ્યાણ માટેના અનેક કામો કર્યાં હતાં.

સ્વર્ગસ્થશ્રી ગોહિલે તા. ૨૮-૧૦-૧૯૯૭થી તા. ૩-૩-૧૯૯૮ સુધી ગુજરાત સરકારના પર્યાવરણ વિભાગના રાજયકક્ષાના મંત્રીશ્રી તરીકેનો કાર્યભાર સંભાળેલ હતો.

તેઓશ્રીના અવસાનથી રાજયએ એક સામાજિક આગેવાન અને લોકસેવક ગુમાવ્યા છે.

પ્રભુ સદ્ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

**ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી અંબાલાલ જયશંકર ઉપાધ્યાયના અવસાન અંગે.**

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતા દુઃખ થાય છે કે, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી અંબાલાલ જયશંકર ઉપાધ્યાયનું તારીખ ત્રીજી નવેમ્બર, ૨૦૨૧ના રોજ ૮૯ વર્ષની જૈફ વયે દુઃખદ અવસાન થયેલ છે.

સ્વર્ગસ્થશ્રી ઉપાધ્યાયનો જન્મ ૨૬મી નવેમ્બર, ૧૯૩૧ના રોજ તત્કાલીન સાબરકાંઠા જિલ્લાના મોડાસા તાલુકાના લીંભોઇ મુકામે થયો હતો. તેઓશ્રીએ પ્રાથમિક શિક્ષણ મેળવેલ હતું અને તેઓશ્રી ખેતીના વ્યવસાય તથા સહકારી સંસ્થાઓની પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા હતા.

સ્વર્ગસ્થશ્રી ઉપાધ્યાય ચોથી તથા છઠ્ઠી ગુજરાત વિધાનસભામાં મોડાસા મત વિસ્તારમાંથી લોકપ્રતિનિધિ તરીકે ચૂંટાયા હતા અને સામાજિક તેમજ સહકારી પ્રવૃત્તિઓના વિકાસમાં તેઓશ્રીએ સક્રિય યોગદાન પૂરું પાડયું હતું.

તેઓશ્રીના અવસાનથી રાજયએ સહકારી માળખાના અગ્રણી એવા સામાજિક કાર્યકર ગુમાવ્યા છે.

પ્રભુ સદ્ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

**ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી જગદીશચંદ્રજી દોલજીભાઇ ડામોરના અવસાન અંગે**

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતા દુઃખ થાય છે કે, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી જગદીશચંદ્રજી દોલજીભાઇ ડામોરનું તા. ૨૨મી જાન્યુઆરી, ૨૦૨૨ના રોજ ૮૨ વર્ષની જૈફ વયે દુઃખદ અવસાન થયેલ છે.

સ્વર્ગસ્થશ્રી ડામોરનો જન્મ ૨૬મી ફેબ્રુઆરી, ૧૯૩૯ના રોજ સાબરકાંઠા જિલ્લાના ભિલોડા તાલુકાના ધંધાસણ મુકામે થયો હતો. તેઓશ્રીએ બી.એ.,એલ.એલ.બી. સુધીનો અભ્યાસ કરેલ હતો તથા વકીલાતના કાર્યક્ષેત્ર સાથે સંકળાયેલા હતા.

સ્વર્ગસ્થશ્રી ડામોર સન ૧૯૭૮ની પેટા ચૂંટણીમાં પાંચમી તથા છઠ્ઠી ગુજરાત વિધાનસભામાં ખેડબ્રહ્મા મત વિસ્તારમાંથી ધારાસભ્ય તરીકે ચૂંટાયા હતા અને તેમના વિસ્તારના પ્રશ્નોના ઉકેલની કામગીરીને અગ્રીમતા આપેલ હતી.

તેઓશ્રીના અવસાનથી રાજયએ સામાજિક ક્ષેત્ર સાથે સંકળાયેલા એક લોક પ્રતિનિધિ ગુમાવ્યા છે.

પ્રભુ સદ્ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

**ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી જોરુભા જેઠુભા ચૌહાણના અવસાન અંગે**

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતા દુઃખ થાય છે કે, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી જોરુભા જેઠુભા ચૌહાણનું તા. ૧૨મી ડિસેમ્બર, ૨૦૨૧ ના રોજ ૭૮ વર્ષની વયે દુઃખદ અવસાન થયેલ છે.

સ્વર્ગસ્થશ્રી ચૌહાણનો જન્મ ૩૧મી માર્ચ, ૧૯૪૩ના રોજ અમદાવાદ જિલ્લાના વિરમગામ તાલુકાના જક્સી મુકામે થયો હતો. તેઓશ્રીએ બી.ફાર્મ. સુધીનો અભ્યાસ કરેલ હતો તથા તેઓશ્રી કેમિકલ તથા મેડિકલના વેપાર ધંધા સાથે સંકળાયેલા હતા.

સ્વર્ગસ્થશ્રી ચૌહાણ આઠમી તથા નવમી ગુજરાત વિધાનસભામાં માંડલ મત વિસ્તારના જનપ્રતિનિધિ તરીકે વિવિધ ક્ષેત્ર પ્રજાહિતનાં કામો કર્યાં હતાં.

તેઓશ્રીના અવસાનથી રાજ્યએ એક લોકસેવક કર્મનિષ્ઠ ગુમાવ્યા છે.

પ્રભુ સદ્ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફતે તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

શ્રી સુખરામભાઇ હ. રાઠવા (વિરોધપક્ષના નેતાશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી, આપણા વિધાનસભા ગૃહમાં આપણા માનનીય ધારાસભ્યશ્રીઓ, રાજ્યસભાના સભ્ય સ્વ.લતા મંગેશકર, ૧૪મી વિધાનસભાના સભ્ય સ્વ.શ્રી આશાબેન પટેલ, સ્વ.શ્રી પ્રતાપસિંહ હીરાભાઇ પટેલ, સ્વ.શ્રી વ્રજલાલ જાની, સ્વ.શ્રી અમૃતલાલ કાળીદાસ પટેલ અને સ્વ.શ્રી ઉપેન્દ્રસિંહ પ્રતાપસિંહ ગોહિલ, તથા ગુજરાત રાજ્યના પૂર્વ સભ્ય સ્વ.શ્રી અંબાલાલ જયશંકર ઉપાધ્યાય, સ્વ.શ્રી

જગદીશચંદ્રજી દોલજીભાઇ ડામોર અને સ્વ.શ્રી જોરૂભા જેઠુભાઇ ચૌહાણ દિવગંત આત્માઓની શાંતિ માટે શોકદર્શક ઠરાવ લઇને આવ્યા છે એમાં હું મારો સૂર પુરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણા દેશની ફિલ્મ દુનિયામાં જે ફિલ્મો ચાલે છે એમાં વિવિધ ગીતોમાં સૂર સામ્રાજ્ઞી તરીકે પ્રખ્યાત આપણા લતાજીને આપણા દેશે ગુમાવ્યા છે. તેમનું યોગદાન વિવિધ ક્ષેત્રે રહ્યું છે. સ્વ. લતાજીને સરકારે ભારત રત્ન એવોર્ડ આપ્યો છે. સાથે સાથે મને ચોક્કસ ખ્યાલ છે કે આપણા પૂજ્ય મહાત્મા ગાંધીજીને ગમતું ભજન ''વૈષ્ણવજન તો તેને રે કહીએ, જે પીડ પરાઇ જાણે રે''. ખૂબ સરસ રીતે ગાયું હતું અને જે ગીત પ્રખ્યાત પણ હતું. સ્વ. લતાજીની ફિલ્મ જગતમાં ભારે મોટી ખોટ પડી છે. અને એમના સમોવડું અત્યારે કોઇ છે નહિ, ત્યારે આપણે ઇચ્છીએ કે એમના આશીર્વાદથી આ દેશમાં એમના સક્ષમ કોઇ કલાકાર પેદા થાય. તેઓના આત્માને ભગવાન ચિર શાંતિ આપે તેવી આપશ્રી મારફતે પ્રાર્થના કરીએ અને તેમના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

માનનીય અધ્યક્ષશ્રી, ડૉ.આશાબેન પટેલનું અવસાન ૧૨મી ડિસેમ્બરના રોજ થયું હતું. સ્વ. આશાબેન પટેલ માત્ર કોંગ્રેસમાં નહીં પણ ભાજપમાં પણ ચૂંટાયા હતા. સાથે સાથે તેમની એક વિશેષતા સમાજના પ્રશ્નો રજૂ કરવાની હતી. સાથે સાથે તેનો નિકાલ લાવવાની પણ વિશેષતા હતી. ઘણી વખત વિધાનસભાની લોંજમાં બહેનો સાથે ભેગા થઇએ ત્યારે તેઓ સામાજિક જ વાતો કરતા. પાર્ટીની વાતો કરતા નહીં. તેવા એક સામાજિક કાર્યકર આપણે ગુમાવ્યા છે, ત્યારે પ્રભુ સદ્ગતના આત્માને શાંતિ આપે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ. આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વ. પ્રતાપભાઇ હીરાભાઇ પટેલની સાથે મને નવમી વિધાનસભામાં કામ કરવાનો મોકો મળ્યો હતો. મને ચોક્કસ ખબર છે કે, તેઓ જયારે પણ તેમના મત વિસ્તારમાંથી નીકળતા ત્યારે બાજુના વિસ્તારના ધારાસભ્યશ્રીને જાણ કરતા. સામાજિક રીતે શું શું કામ લઇ શકાય તેની ચર્ચા કરતા. મને એક-બે વખતનો અનુભવ છે કે, તેઓ તેમની મિટિંગમાં જંગલની જમીનોનું જતન કઇ રીતે કરવું તેના માટેના સૂચનો ફોરેસ્ટ ખાતાના અધિકારીઓને આપતા હતા. સ્વ.પ્રતાપભાઇ અત્યારે આપણી વચ્ચે નથી, પ્રભુ સદ્ગતના આત્માને ચિર શાંતિ અર્પે તેના માટે આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વ.વ્રજલાલ દુર્લભજી જાની સાતમી વિધાનસભાના સભ્ય હતા. તેમની સાથે પણ મને કામ કરવાની તક મળી છે. હું તેમને કાયમ માટે જાનીકાકા કહેતો હતો. તેઓ મને એમ કહે કે, બોલ ભત્રીજા શું હતું ? ગૃહ વિભાગનું કામ હોય, ગામડાંના નાનાં મોટાં કામ હોય ત્યારે તેમની પાસે જતા તો તેનો નિકાલ લાવવા માટે કાયમ માટે પ્રયત્ન કરતા હતા. મને ખબર છે કે, તેઓની પાસે જ્યારે પણ ગયા હોય ત્યારે વિભાગના અધિકારીઓને બોલાવીને ગૃહ વિભાગમાં આમજનતા માટે પોલીસનો રોલ કેવો હોય તેનું માર્ગદર્શન આપતા. તેવા જાનીકાકા આજે આપણી વચ્ચે નથી. પ્રભુ સદ્ગતના આત્માને ચિર શાંતિ અર્પે તેવી પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફતે તેઓના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

માનનીય અધ્યક્ષશ્રી, માજી મંત્રી સ્વ. અમૃતભાઇ કાળીદાસ પટેલ સાથે પણ નવમી વિધાનસભામાં કામ કરવાની તક મળી હતી. સદ્ભાગ્ય એટલું કે, હમણાં મહિના પહેલાં તેઓના ઘરે જવાનો પણ મને અવસર મળેલો. તેમની સાથે ચર્ચા કરી તો તેમણે કહ્યું કે, બેટા તું હવે વિરોધપક્ષનો નેતા થયો છે ત્યારે ખેડૂતોના પ્રશ્નો, આમજનતાના પ્રશ્નો હાઉસમાં રજૂ થાય, ચર્ચા થાય અને ખેડૂતની કલ્યાણકારી યોજનામાં ઘણીબધી ગંભીરતાઓ અને ત્રુટિઓ રહેલી છે તે સુધારવા માટે તમે ચોક્કસ પ્રયત્ન કરજો. તેઓ હંમેશાં ખેડૂતો માટે જ વિચારતા. મને છેલ્લે છેલ્લે કહ્યું કે, મારો અહીંથી જવાનો એક રસ્તો બાકી છે. તે રસ્તો થઇ જાય તો તમારો વિરોધપક્ષના નેતા તરીકે આભાર માનીશ. આ કામ કરશો તો આ વિસ્તારની પ્રજાને એક રસ્તો મળશે અને સગવડતા મળશે. એવા સ્વ. અમૃતલાલ કાળીદાસ પટેલને આપણે ગુમાવ્યા છે ત્યારે પ્રભુ સદ્ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયકક્ષાના પૂર્વ મંત્રીશ્રી સ્વ.ઉપેન્દ્રસિંહ ગોહિલ અમારા વડોદરા જિલ્લાના હતા. અત્યારે છોટાઉદેપુર જિલ્લો થઇ ગયો છે. તેઓ વડોદરા જિલ્લાના સાવલી વિસ્તારના ધારાસભ્ય હતા. જિલ્લા પંચાયત વડોદરાના સભ્ય તરીકે રહી ચૂકેલા હતા. કાયમ માટે કામદારોના પ્રશ્નો હોય, ઔદ્યોગિક જગતનાં કામો હોય, ખેડૂતના પ્રશ્નો હોય તેમાં હંમેશાં રચ્યાપચ્યા રહેતા હતા. તેઓ નાના માણસની વાતો સાંભળતા હતા. તે એવા મક્કમ માણસ હતા કે, કોઇ કામ હાથ પર લીધું હોય તો તેને પૂરું કરીને જ જંપતા હતા. તેમની સામે જે આવ્યો હોય તેમને ન્યાય અપાવતા હતા. તેવા અમારા વડોદરા જિલ્લાના નેતાને અમે ગુમાવ્યા છે. પ્રભુ સદ્ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

માનનીય અધ્યક્ષશ્રી, પૂર્વ સભ્ય અંબાલાલ જયશંકર ઉપાધ્યાય, હું પ્રથમ વખત જયારે ચૂંટાઇને આવ્યો ત્યારે એ કઇી વિધાનસભામાં હતા, પણ એમને રહેવાનું ક્વાટર મારું ૬૬/૪ હતું એના ઉપર જ તેઓ રહેતા હતા. હું એમની પાસેથી કાયમ માટે વિધાનસભામાં શું બોલવું, શું ન બોલવું અને તારે આ જ બોલવું એનું મને માર્ગદર્શન આપતા હતા અને કહેતા કે છોકરા તું નવો નવો છે બેટા આટલું જ કરવાનું, આથી વધારે નહીં કરવાનું એવા માર્ગદર્શક હતા અને એમના જવાથી એ વિસ્તારના એક સારા કાર્યકર તરીકે એ વિસ્તારને ખોટ પડી છે, ત્યારે પ્રભુ સદ્ગતના આત્માને શાંતિ અર્પે એવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેમના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

તા. ૨જી માર્ચ ૨૦૨૨

શોકદર્શક ઉલ્લેખો

માનનીય અધ્યક્ષશ્રી, ખેડબ્રહ્મા વિસ્તારના પૂર્વ સભ્ય જગદીશચંદ્ર દોલજીભાઇ ડામોર એ અમારા આદિવાસી નેતા હતા, વખતો વખત એમની સાથે મળવાનું થતું. તેઓ અમરસિંહ ચૌધરી સાથે નિકટનો સંબંધ ધરાવતા હતા. કંઇક ચર્ચા થાય ત્યારે સીધા એમ કહે કે શ્રી સુખરામ તારે સ્વ. અમરસિંહભાઇને આમ કહેવું અને એમ કાયમ માટે આદિવાસીઓના પ્રશ્ન માટે લડતા હતા, આદિવાસીના પ્રશ્ન માટે હંમેશા ઝુઝારું રહેતા અને એમની સાથે શિસ્તના પાઠ અમને શીખવતા અને કહેતા કે તારે આટલું જ બોલાય, આટલું ન બોલાય એવું અમને માર્ગદર્શન આપતા હતા એવા અમારા સ્વ. જગદીશચંદ્રભાઇ આ સમયે આ ફાની દુનિયામાં નથી. તેઓના જવાથી ખેડબ્રહ્મા વિસ્તારના તમામ નાગરીકોને એક સામાજિક કાર્યકરની ખોટ પડી છે. પ્રભુ સદ્દગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે એવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પઠવીએ.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી જોરુભા જેઠુભા ચૌહાણ ૮મી અને ૯મી વિધાનસભામાં અમારી સાથે હતા અને તેમની સાથે પણ કામ કરવાનો મને મોકો મળ્યો છે. તેઓ હંમેશા ગરીબ કચડાયેલા વર્ગની વાતો વિધાનસભાના ફ્લોર ઉપર રજૂ કરતા અને આક્રમકતાથી કરતા, ઘણી વખત સાથે મળીને અમે ચર્ચા કરતા. આ વિસ્તારની પ્રજાએ એક કર્મનિષ્ઠ લોકસેવક ગુમાવ્યો છે ત્યારે પ્રભુ સદ્દગતના આત્માને ચિર શાંતિ અર્પે એવી પ્રાર્થના કરીએ અને તેઓના કુટુંબીજનો પર આવી પડેલ આફત સહન કરવાની ઇશ્વર શક્તિ આપે એવી પ્રાર્થના કરું છું અને આપના મારફત તેઓશ્રીના કુટુંબીજનોને શોક સંદેશો પાઠવીએ.

માનનીય અધ્યક્ષશ્રી, હાલમાં યુક્રેનમાં આપણો ભારતીય નાગરીક યુવાન મૃત્યુ પામ્યો છે ત્યારે હું સમજું છું કે માનનીય મુખ્ય મંત્રીશ્રી પણ એ વાત સાથે સંમત થશે અને એ જે યુવાન મૃત્યુ પામ્યો છે એમના આત્માને પણ પ્રભુ ચિર શાંતિ અર્પે અને ત્યાં જે આપણા નાગરીકો છે એ બધા નાગરીકો સહી સલામત ભારત પરત આવી જાય એવી પ્રાર્થના કરું છું અને આપણો વિદ્યાર્થી જે ત્યાં મૃત્યુ પામ્યો છે એમના કુટુંબીજનોને આપના મારફતે દિલસોજીનો સંદેશો પાઠવીએ.

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી(ભા.જ.પ.) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી જે શોક પ્રસ્તાવ લઇને આવ્યા છે અને જેને વિપક્ષના નેતાશ્રીએ સમર્થન કર્યું છે એમાં ટૂંકમાં મારી વાત કહેવા માગીશ.

માનનીય અધ્યક્ષશ્રી, સંગીત જગતના સ્વર સામ્રાજ્ઞી ભારતરત્ન લતા મંગેશકરજીનું ૬ઠ્ઠી ફેબ્રુઆરી ૨૦૨૨ના રોજ ૯૨ વર્ષની જૈફવયે અવસાન થયેલ છે. તેમનો જન્મ ૨૮ સપ્ટેમ્બર, ૧૯૨૯ના રોજ મધ્યપ્રદેશ ઇંદોરમાં થયેલો. માત્ર ૧૩ વર્ષની નાની ઉંમરમાં મરાઠી ફિલ્મમાં ગીત ગાઇને કારકિર્દીની શરૂઆત કરી હતી. લતા મંગેશકરના ૮ સૂરમય દાયકામાં પથરાયેલા સુદીર્ઘ સીંગિંગ કેરિયરમાં પોતાના સુમધૂર કંઠનો ક્યારેય ન ઓસરે એવો જાદુ છવાઇ ગયો હતો અને આજે બોલીવુડની વોકલ ક્વિન બની ગયા હતા. માનનીય અધ્યક્ષશ્રી, સ્વર્ગીય લતાજીએ હિન્દી, મરાઠી, ઉર્દૂ, બંગાળી, સંસ્કૃત, ગુજરાતી સહિત ૩૬થી વધુ પ્રાદેશિક ભારતીય ભાષાઓમાં ૫૦ હજાર જેટલા ગીતોમાં પોતાનો મધૂર અવાજ આપ્યો હતો અને તેમનું એ અત્યંત લોકપ્રિય ગીત એ મેરે વતન કે લોકો જરા આંખ મેં ભરલો પાની આજે પણ લોકોની આંખો ભીની કરે છે. વર્ષ ૧૯૭૪માં લંડનમાં Royal Albert Hall માં concert કરનાર તેઓ પ્રથમ ભારતીય હતા. વર્ષ ૧૯૭૪માં દુનિયામાં સૌથી વધુ ગીતો ગાવાનો ગીનીશ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ પણ સ્વ. લતાજીએ બનાવ્યો હતો. ગુજરાતી લોકપ્રિય ગીતો, ભજનો અને પ્રભાતીયા જેવા કે, **માને તો મનાવી લેજો રે એ ઓધાજી મારા વાલાને વઢીને કહેજો રે, દીકરી તો પારકી થાપણ કહેવાય, વૈષ્ણવજન તો તેને રે કહીએ** એવા ગીતોમાં પોતાનો અવાજ આપ્યો હતો જે આજે પણ ગુજરાતમાં લોકપ્રિય રીતે સંભળાય છે. તેમને પહેલો ફિલ્મફેર એવોર્ડ ૧૯૫૯માં ફિલ્મ મધુમતીના **આજા રે પરદેશી ગીત માટે** અને ત્યાર પછી બીજો ફિલ્મફેર એવોર્ડ બીસ સાલ બાદના **કહીં દીપ જલે કહીં દિલના ગીત માટે** મળ્યો હતો. દાદાસાહેબ ફાળકે એવોર્ડ, પદ્મભૂષણ, પદ્મવિભૂષણ, ભારત રત્ન, વન ટાઇમ એવોર્ડ ફોર લાઇફ ટાઇમ એચીવમેન્ટ અને અનેક એવોર્ડથી એમને સન્માનિત કરવામાં આવ્યા હતા.

આજે લતા મંગેશકર એ નામ છે કે તેમના સૂરીલા અવાજને કારણે ભારત માત્રમાં જ નહીં, પરંતુ સમગ્ર વિશ્વમાં voice queen અને voice nightingale તરીકે જાણીતું નામ થયુ છે. અખંડ હિન્દુસ્તાનનો કંઠ હવે સદાયને માટે મૌન થઇ ગયો છે. સરસ્વતી સ્વરૂપ આ લતાજીની વિદાયથી ભારતીય ફિલ્મ ઉદ્યોગ અને સંગીતનો સુવર્ણયુગ સમાપ્ત થઇ ગયો છે. સૂરોના લતા આપણી વચ્ચે નથી રહ્યાં, પણ સંગીતના ધબકારા ભવિષ્યની અનેક પેઢીઓની અંદર જીવતા રહેશે. પ્રભુ તેમના આત્માને શાશ્વત શાંતિ આપે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપના માધ્યમથી દિલસોજીનો સંદેશો પાઠવીએ.

એક જ વિધાનસભામાં એટલે કે આ ચૌદમી વિધાનસભામાં વિદ્યમાન અને બે વખત ચૂંટાઇને આવ્યા હોય એવા ઝુઝારું સભ્ય ડો.આશાબેન દ્વારકાદાસ પટેલનું ૧૨મી ડિસેમ્બર, ૨૦૨૧ના રોજ ૪૪ વર્ષની યુવાન વયે ઓચિંતું દુઃખદ અવસાન થયું છે અને આપણને છોડીને ગયા છે. સ્વર્ગસ્થ ડો.આશાબહેને પી.એચ.ડી. સુધીનો અભ્યાસ કર્યો હતો. સામાજિક અને શૈક્ષણિક ક્ષેત્રે પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા હતા. સ્પીકર તરીકે મને જયારે પણ મોકો મળતો અને તેમની આંગળી ઉંચી થાય તો હું તેમને પ્રશ્ન પૂછવાનો મોકો આપતો. જેમ શ્રીમતી ગેનીબહેનને પણ આપતો રહ્યો છું અને મને યાદ છે કે હજુ છેલ્લે છેલ્લે સ્પીકર તરીકે અન્ય પ્રદેશમાં છત્તીસગઢ ત્રણ દિવસના પ્રવાસે જવાનું થયું ત્યારે તે પ્રવાસમાં શ્રીમતી ગેનીબહેન પણ સાથે હતા અને માનનીય આશાબહેન પણ સાથે હતા અને એ દરમિયાનમાં જે વિસ્તારોમાં પ્રવાસ કર્યો હતો એમાં તેઓ અધિકારીઓને જે પ્રશ્નોત્તરી કરતા અને મ્યુઝિયમમાં ગયા હોઇએ તો તેમાં પણ ઝીણી ઝીણી બાબતો પૂછતા એવા આપણા આશાબહેન જે હવે આપણી વચ્ચે રહ્યા નથી. પ્રભુ સદ્ગતના આત્માને શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને

આપશ્રીના મારફતે તેઓના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ. અન્ય તમામ સ્વર્ગસ્થ માનનીય ધારાસભ્યશ્રીઓ સ્વર્ગસ્થશ્રી પ્રતાપભાઇ હીરાભાઇ પટેલ, સ્વર્ગસ્થશ્રી વ્રજલાલ દુર્લભજી જાની, સ્વર્ગસ્થશ્રી અમૃતલાલ કાળીદાસ પટેલ અને વડોદરાના સ્વર્ગસ્થશ્રી ઉપેન્દ્રસિંહ પ્રતાપસિંહ ગોહીલ, સ્વર્ગસ્થશ્રી અંબાલાલ જયશંકર ઉપાધ્યાય, સ્વર્ગસ્થશ્રી જગદીશચંદ્રજી દોલજીભાઇ ડામોર અને સ્વર્ગસ્થશ્રી જોરૂભા જેઠુભા ચૌહાણ, આ તમામ માનનીય ધારાસભ્યશ્રીઓએ જેમણે આદરણીય વિપક્ષના નેતાની સાથે કામ કરવાનો એમને મોકો મળ્યો છે તેમના અનુભવ તેમને મળ્યા છે અને તે આપણી સાથે શેર કર્યા છે હું આ તમામે તમામ માનનીય સદ્ગતના આત્માને શાંતિ મળે એ માટે વિનવું છું અને આપના માધ્યમથી દિલસોજીનો સંદેશો તમામને પાઠવીએ.

શ્રી શૈલેષ મ. પરમાર(ભા.રા.કો.) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના નેતા અને માનનીય મુખ્યમંત્રીશ્રી જે શોકદર્શક ઠરાવ લઇને આવ્યા છે જેમાં અમારા વિપક્ષના નેતાશ્રીએ પણ અનુમોદન આપ્યું છે તેમાં હું મારો સૂર પુરાવીને મારૂં અનુમોદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજે સ્વર્ગીય લતા મંગેશકરજી, સ્વર્ગીય ડો.આશાબહેન પટેલ, સ્વર્ગીય પ્રતાપસિંહ પટેલ, સ્વર્ગીયશ્રી વ્રજલાલ જાની, સ્વર્ગસ્થશ્રી અમૃતલાલ પટેલ, સ્વર્ગસ્થશ્રી ઉપેન્દ્રસિંહજી ગોહીલ, સ્વર્ગસ્થશ્રી અંબાલાલ ઉપાધ્યાય, સ્વ.શ્રી જગદીશચંદ્રજી દોલજીભાઇ ડામોર અને સ્વ.શ્રી જોરૂભા જેઠુભા ચૌહાણને શ્રદ્ધાંજલિ આપવા માટે માનનીય મુખ્યમંત્રીશ્રી જે પ્રસ્તાવ લઇને આવ્યા છે તેને હું સમર્થન આપું છું. લતાજી 'દીદી'ના નામે સુપ્રખ્યાત હતા. કોકિલ કંઠી, સ્વર કિન્નરી એવા લતાજીનો જન્મ થયો ત્યારે એમના પિતાશ્રીએ એમનું નામ 'હેમા' રાખ્યું હતું. તેઓ ફિલ્મ ઇન્ડસ્ટ્રીમાં આવ્યા અને ગીતો ગાવાની શરૂઆત કરી ત્યાર પછી લતાજી તરીકે સુપ્રસિદ્ધ થયા. લતાજી માટે જેટલું પણ કહીએ એટલું ઓછું છે. આવી મહાન હસ્તીનો શોકદર્શક ઉલ્લેખ ગુજરાત વિધાનસભા ગૃહમાં આવ્યો છે ત્યારે તેઓ દેશના પહેલા એવા વ્યક્તિ છે, ગાયિકા છે કે જેમણે ભારતની ૩૬ ભાષાઓમાં ગીતો ગાયા છે. સ્વર્ગીય લતાજીએ ૩૬ ભાષાઓમાં ૫૦૦૦૦ કરતાં પણ વધારે ગીતો ગાયા છે. માનનીય રાજેન્દ્રભાઇએ કહ્યું કે એમણે ૫૦,૦૦૦ ગીતો ગાયા છે. કોઇ ૨૫૦૦૦ ગીતો કહે છે તો કોઇ ૫૦૦૦૦ ગીતો કહે છે. ગીતોની સંખ્યા ગણી શકાય એવી નથી. એમણે એક બહુ સુંદર ગીત ગાયું છે કે, **'મેરી આવાજ હી મેરી પહેચાન હૈ.'** એમાં એમના દિલની લાગણી, એમનો ચહેરો બધું આવી જાય છે. ફિલ્મ જગતમાં ઘણી બધી હસ્તીઓ થઇ ગઇ, ઘણા બધા ગાયકો અને ગાયિકાઓ થઇ ગયા, પણ હું જાણું છું ત્યાં સુધી લતા દીદી પહેલા એવા વ્યક્તિ છે કે જેમને દેશનો સર્વોચ્ચ એવોર્ડ મળ્યો છે. એ પદ્મ વિભૂષણ હોય, પદ્મભૂષણ હોય, દાદા સાહેબ ફાળકે એવોર્ડ હોય, ભારત રત્ન હોય કે લાઇફ ટાઇમ એચિવમેન્ટ એવોર્ડ હોય એ તમામ એવોર્ડ જો કોઇએ પ્રાપ્ત કર્યા હોય તો એ માત્ર લતા દીદી છે. એમને સાત વખત ફિલ્મફેર એવોર્ડ પણ મળ્યા છે. મધ્યપ્રદેશ સરકાર અને મહારાષ્ટ્ર સરકાર દ્વારા પણ લતા મંગેશકર પુરસ્કારની સ્થાપના કરવામાં આવી છે. આવી વિરલ વ્યક્તિ કે જે થઇ નથી અને થવાની નથી. એમનો શોકદર્શક ઉલ્લેખ લાવ્યા છે ત્યારે આપણે બધા સાચા સ્વરૂપમાં શ્રદ્ધાંજલિ આપી રહ્યા છીએ. એમની યાદ તાજી રહે, એમના ગીતો તાજા રહે, એમણે કરેલા કામોની સુવાસ ફેલાતી રહે એ માટે હું આપના માધ્યમથી ગુજરાત સરકારને પણ વિનંતી કરું છું કે ગુજરાત સરકાર પણ લતા મંગેશકર પુરસ્કારની સ્થાપના કરે અને ગુજરાતની આવનારી પેઢીના યુવાનો અને યુવતીઓને પ્રોત્સાહન આપવાનું કાર્ય કરે.

ડૉ.આશાબેન પટેલ વર્ષોથી કૉંગ્રેસ પાર્ટી સાથે ખૂબ ખંતથી અને ખૂબ મહેનતથી કામ કરતાં હતાં. એક નાના ઘરમાં જન્મેલ દીકરીએ પી.એચ.ડી. સુધીનો અભ્યાસ કર્યો હતો અને અમારી સાથે પાર્ટીમાં હતા ત્યારે ખૂબ મહેનત કરતા હતા. પાર્ટીએ તેમને આ વિધાનસભા ગૃહમાં ધારાસભ્ય તરીકે બેસાડ્યા હતા. તેમના કાર્યકાળ દરમિયાન એમણે કરેલા આંદોલનો, કૉંગ્રેસ માટેનું એમનું કમિટમેન્ટ, કૉંગ્રેસ માટે એમણે કરેલી તમામ વાતો આજે પણ યાદ આવે છે. જ્યારે પાટીદાર આંદોલન થયું ત્યારે પાટીદાર સમાજને ન્યાય મળે એ માટે એમણે આંદોલનકારી નેતા તરીકે જે ભાગ ભજવ્યો હતો એ ખૂબ જ નોંધનીય છે. કડવા પાટીદાર તરીકેના વિવિધ ટ્રસ્ટો દ્વારા, વિવિધ સંસ્થાઓ દ્વારા પણ એમનું યોગદાન રહેલું છે. મહિલા સશક્તિકરણની વાત કરવી અને મહિલા સશક્તિકરણ તરીકે આ રાજ્યમાં કંઇક પૂરું પાડવું તેનું ઉત્તમ ઉદાહરણ ડૉ .આશાબેન પટેલે આપ્યું છે ત્યારે માનનીય મુખ્યમંત્રીશ્રી જે શોકદર્શક ઠરાવ લઇને આવ્યા છે એવા તમામને હું મારા વતી શોકાંજલિ આપું છું અને આપના દ્વારા તેમના પરિવારને શોક સંદેશો મોકલી આપવા અભ્યર્થના કરું છું .

શ્રી ઋષિકેશ ગ. પટેલ(ભા.જ.પ.) : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના નેતા અને માનનીય મુખ્યમંત્રીશ્રી અને વિપક્ષના નેતાએ જેમને ટેકો આપ્યો છે એવા લતાદીદી, અમારા સ્વ. ડૉ. આશાબેન, રાજ્યના ભૂતપૂર્વ રાજ્યકક્ષાના મંત્રી સ્વ. શ્રી પ્રતાપસિંહ હીરાભાઈ પટેલ,સ્વ. શ્રી વ્રજલાલ દુર્લભજી જાની, સ્વ.શ્રી અમૃતલાલ કાળીદાસ પટેલ, સ્વ.શ્રી ઉપેન્દ્રસિંહ પ્રતાપસિંહ ગોહીલ તથા ગુજરાત રાજ્યના પૂર્વ સભ્ય સ્વ.શ્રી અંબાલાલ જયશંકર ઉપાધ્યાય, સ્વ.શ્રી જગદીશચંદ્રજી દોલજીભાઈ ડામોર અને સ્વ.શ્રી જોરૂભા જેઠુભા ચૌહાણના અવસાન પ્રસંગે જે શોકદર્શક ઉલ્લેખો અને પ્રસ્તાવ લઈને આવ્યા છે તેના અનુમોદનમાં, તેના ટેકામાં હું મારી વાત કરવા ઊભો થયો છું .

માનનીય અધ્યક્ષશ્રી, આ તમામ મહાનુભાવોનું દેહાવસાન થયું છે. સૂર સંગીની, સૂર સામ્રાજ્ઞી લતાદીદીએ સમગ્ર ગુજરાત, દેશ અને દુનિયામાં એક અનોખી છાપ છોડી છે. તેઓ લોકોની યાદમાં ચિરંજીવ રહેવાના અને સંગીત દ્વારા એમના સૂર વર્ષો સુધી લોકોના કાનમાં ગુંજવાના છે. ઘણી બધી વાતો .....એ કદી પણ કોઇ એવૉર્ડના મોહતાજ ન હતા. એમના જીવન દરમિયાન લોકોએ, ભારત દેશની પ્રજાએ એમના સંગીતના કારણે એમને ઉચ્ચ સ્થાન ઉપર બેસાડ્યા. પાંચ વર્ષની

ઉંમરથી લઈ દેહાવસાન થયું ત્યા સુધી જે રીતે એમની સંગીતની સફર રહી તે રીતે તેઓ ૮૦ વર્ષની ઉંમરે પણ એ ગીત ગાઈ શકે, લોકોના મન ડોલાવી શકે, લોકોના આત્માને, મનને શાંતિ મળે એ પ્રકારનું સંગીત એમની પાસે હતું એ સદાય, વર્ષો સુધી ચિરંજીવ રહેવાનું છે. નરસિંહ મહેતા હોય, કવિ નાન્હાલાલ હોય કે આપણા ગુજરાતના અન્ય કવિઓ કે લેખકોએ એમની વાત ગુજરાત સમક્ષ એમના સંગીત દ્વારા, એમના ભજન દ્વારા, એમના લેખો દ્વારા, એમના સાહિત્ય દ્વારા મૂકી હોય ત્યારે ભલે એ પૃથ્વી ઉપર હયાત ન હોય, પરંતુ એમના આ કામોથી એમણે પોતે કરેલી આ સંગીત અથવા ભજન અથવા લેખો અથવા નવલકથાઓ દ્વારા કાયમ ચિરંજીવી રહેવાના છે. ભલે લતાજી આપણી વચ્ચે હયાત નથી, પરંતુ એમનો અવાજ અને એમની યાદ આપણે સતત રેડિયો અને ટેલીવિઝન ઉપર સાંભળવાના અને માણવાના પણ છીએ. લતાજીની યાદ કદી પણ ભારત ન વીસરી શકે એવા પ્રકારની હસ્તીએ જ્યારે વિદાય લીધી છે ત્યારે આપણે સૌ એમને વંદન કરી અને એમની ચિર આત્માને પ્રભુ ખૂબ શાંતિ આપે એવી પ્રાર્થના કરીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, એક સ્વ. આશાબેન જ આપણી આ વિધાનસભામાંથી કૉંગ્રેસમાંથી પણ ધારાસભ્ય રહ્યા અને ભારતીય જનતા પાર્ટીમાં પણ. એક જ ટર્મ દરમિયાન બંને વખતે બંને પાર્ટીઓમાં એમને કામ કરવાનો મોકો મળ્યો. મને કહેતાં આનંદ થાય છે કે પાટીદાર આંદોલન દરમિયાન પણ એમને જે વાત મૂકવાની હતી તે વાત મૂક્યા પછી જ્યારે સંતોષ થયો ત્યારે એમણે ભારતીય જનતા પાર્ટીની વિકાસની યાત્રામાં અને લોકોના પ્રશ્નો સાહજિકતાથી હલ થાય તેના માટે ખૂબ પ્રયત્નો કર્યા. તેઓ શિક્ષણવિદ્ હતાં અને વિસનગરની અમારી ઐતિહાસિક એમ. એન. સાયન્સ કૉલેજમાં પણ પ્રોફેસર તરીકે એમણે ખૂબ સારી કામગીરી કરી. કેટલાંય વિદ્યાર્થીઓ એમના હાથ નીચે માસ્ટર ગ્રેજ્યુએટ અને ગ્રેજ્યુએટ થયા અને વિવિધ જગ્યાએ અત્યારે કામ કરી રહ્યાં છે. અત્યારે આ બધા જ વિદ્યાર્થીઓ એમને ખૂબ હૃદયપૂર્વક યાદ પણ કરી રહ્યા છે. તેઓ એક ઝુઝારું મહિલા હતા. પોતાની કોઈ પણ સાચી વાત કહેવા માટે ક્યારેય પણ એમણે સંકોચ રાખ્યો ન હતો અને મહેસાણા જિલ્લાના ધારાસભ્ય હોવાથી ક્યાંક નાનાં મોટાં કામ, જિલ્લાની વાત, ઉત્તર ગુજરાતની વાત કરવાની હોય તો તરત જ સંપર્ક કરી અને સાથે બેસી, એની ચર્ચા કરી અને રાજ્ય સરકાર સુધી એ વાત કરવા માટે બધાંને સાથે લઈને ચાલતા આવા સ્વ. ડો.આશાબેન આજે આપણી વચ્ચે નથી અને ૪૪ વર્ષની ઉંમરે નિધન પામ્યા છે. મેં ઘણી વખતે એમને કહ્યું હતું કે બેન હવે લગ્ન માટેનો વિચાર કરો. પરંતુ બેન કાયમ એવું કહેતા કે મારે હવે લોકો સાથે કામ કરવું છે, સમાજ સેવા કરવી છે અને મારે કયારેય પણ લગ્ન કરવા નથી એવું એમણે મને કહેલું. આમ, બેનની પ્રજા પ્રત્યેની સતત નિષ્ઠા, પ્રજાનાં કરવાનાં કામો એમના મનમાં સતત વસતાં રહ્યાં હતાં અને પરિણામે જયારે એમનું અવસાન થયું, ઊંઝા ખાતે એમનો મૃતદેહ લાવવામાં આવ્યો, ત્યારે આખું ઊંઝા, મહેસાણા જિલ્લો અને ઉત્તર ગુજરાતના તમામ નેતાશ્રીઓ ત્યાં એમને શ્રદ્ધાંજલિ આપવા ઉમટી પડ્યા હતા. એ એમની લોકપ્રિયતાનો પુરાવો હતો અને સાથે આદરણીય શ્રી રાઠવા સાહેબે કહ્યું એ પ્રમાણે એમની સાથે કામ કરેલાં સૌ ધારાસભ્યશ્રીઓ એમની યાદ, અમીટ છાપ જે તે વિસ્તારમાં છોડીને ગયા છે, એ તમામને આ ગૃહ શ્રદ્ધાંજલિ આપે એવી પ્રાર્થના કરું છું.

શ્રી બ્રિજેશ મેરજા(ભા.જ.પ.) : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના માનનીય નેતાશ્રી આદરણીય ભૂપેન્દ્રભાઇ પટેલ જે શોકદર્શક ઠરાવ લાવ્યા છે અને તેમાં વિપક્ષના નેતાશ્રી, માનનીય સુખરામભાઇ રાઠવા સહિત ગૃહના સભ્યશ્રીઓએ જે સૂર પૂરાવ્યો છે, તેમાં હું પણ મારી લાગણી વ્યકત કરવા માગુ છું.

સૂર અને સ્વર ક્ષેત્રે એક દંતકથા બની ગયેલા સ્વ. શ્રી લતાજી, સ્વ. શ્રી પ્રતાપસિંહજી પટેલ, પાલનપુરના સ્વ. શ્રી એ. કે. પટેલ, સ્વ. શ્રી વજુભાઇ જાની, મહુવા, સ્વ.શ્રી ઉપેન્દ્રભાઇ ગોહિલ, સ્વ.શ્રી અંબાલાલ ઉપાધ્યાય, સ્વ.શ્રી જોરૂભાભાઇ ચૌહાણ, સ્વ.શ્રી જગદીશભાઇ ડામોર અને ખાસ કરીને પ્રવર્તમાન વિધાનસભાના સભ્યશ્રી સ્વ. ડો. આશાબેન સહિત દિવંગતોને ભાવાંજલિ અર્પું છું.

આપણા આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીજી સ્વ. શ્રી લતાજીનો ગુજરાત સાથેનો એમનો જે સંબંધ હતો એને તથા એમનો ગુજરાતીઓ સાથેનો જે સ્નેહભાવ હતો એને યાદ કરીને અવારનવાર એમના સ્મરણો વાગોળતા હતા. સ્વ. ડો.આશાબેન પટેલ ભલે કડવા પટેલ સમાજમાં જન્મ્યા, પરંતુ સૌ સમાજના કલ્યાણ માટે એમણે ભેખ લીધો હતો. હમણા આદરણીય શ્રી ઋષિકેશભાઇ પટેલે કહ્યું તેમ પ્રારંભિક કારકિર્દી અધ્યાપિકા તરીકે આરંભીને ડોક્ટરેટ થઇ આરાધ્ય દેવી જગતજનની એવા મા ઊમિયા માતાજીનું જયાં પ્રાગટ્ય થયું છે, તેવા ધાર્મિક સ્થળે તેમણે સેવાનો પ્રારંભ કર્યો. ઊંઝા કે જે વેપાર વણજ માટે વિશ્વભરમાં સુપ્રસિદ્ધ છે, તે માર્કેટયાર્ડના માધ્યમમાં પણ તેઓ સેવા આપતા રહ્યા અને એમાં સફળ પણ થયા. બબ્બે વખત ઊંઝાના લોકપ્રતિનિધિ તરીકે વિધાનસભામાં પ્રવેશ્યા, એ જ એમની તેજસ્વિતાનો પુરાવો, દાખલો છે. સ્વ. ડો. આશાબેનની કારકિર્દીનો સુરજ હજુ તો મધ્યાહ્ને તપતો હતો, ત્યાં જ જીવન સંધ્યા બની ગઇ તેનો ખૂબ અફસોસ સાલે છે. આવા આશાસ્પદ સ્વ. ડો. આશાબેનને ભાવવિભોર અંજલિ અર્પુ છું. હું તેમના દેહાવસાનના આગલા દિવસે હોસ્પિટલમાં તેમને મળવા માટે તથા તેમની તબિયત જોવા માટે ગયેલો ત્યારે કલ્પના ન હતી કે તેઓ બીજા દિવસે આ ફાની દુનિયાને છોડીને સિધાવી જશે. તેમની ભવ્ય અંતિમયાત્રા તેમના વતનના ગામથી નિકળેલી. એમાં આદરણીય શ્રી નીતિનભાઇ પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેમના અંતિમ સંસ્કાર વખતે સિદ્ધપુર ખાતે આદરણીય શ્રી વીજયભાઇ રૂપાણી પણ ઉપસ્થિત રહ્યા હતા. તે તબક્કે લોકોના દિલમાં પડેલું તેમનું સ્થાન, લોકહૃદયમાં અંકિત કરેલી કીર્તિ અને તેમને મળેલ ભવ્યથી ભવ્ય માન-સન્માન જોઇને, નજરે નિહાળીને અમે સૌ ગદ્ગદિત થયા હતા.

શોકદર્શક ઉલ્લેખો

શ્રી કાકાસાહેબ કાલેલકરે કહ્યું છે કે, શાણો માણસ લાભત નહીં, આવું સ્વ. ડો.આશાબેનના કિસ્સામાં પણ પુરવાર થયું તેનો વસવસો છે. હું સખેદ સ્વ. ડો. આશાબેનના આત્માને અદબભેર ભાવાંજલિ અર્પી ગૃહ વતી અંજલિ આપું છું.

શ્રી નીતિનભાઇ ર. પટેલ(ભા.જ.પ.) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી જે શોકદર્શક ઉલ્લેખ લાવ્યા છે અને માનનીય વિપક્ષના નેતાશ્રીએ તેને અનુમોદન આપ્યું છે તે શોકદર્શક પ્રસ્તાવમાં હું પણ મારું સમર્થન આપું છું અને મારો સૂર પુરાવું છું.

ભારતરત્ન સ્વર્ગસ્થ લતા મંગેશકરજીને આપણે અહીંયા શ્રદ્ધાંજલિ આપીએ છીએ. પણ દુનિયાભરમાં વસતા કોઇપણ ભારતીય એવા નહીં હોય કે એમણે મનથી પોત પોતાના સ્થાનેથી લતાજીને શ્રદ્ધાંજલિ ન આપી હોય. સ્વ. લતા મંગેશકરજી એટલે અભણ વ્યક્તિ હોય કે વિદ્વાન વ્યક્તિ હોય, ગરીબમાં ગરીબ વ્યક્તિ હોય કે તવંગર વ્યક્તિ હોય, બાળક હોય કે વૃદ્ધ હોય, દરેક વ્યક્તિના મનમાં, હૃદયમાં વસી ગયેલો એક સ્વર એટલે સ્વ. લતા મંગેશકરજી, અને અત્યાર સુધી ૮૦ વર્ષ સુધી એમણે જે ગીતો ગાયા, અનેક ભાષાઓમાં ગાયા, એનો લાભ, આનંદ, હૃદયથી મનથી કરોડો કરોડો ભારતીયોએ મેળવ્યો છે. અને આવનારી સદીઓ સુધી આ સ્વર અમર રહેવાનો છે એવા લતા મંગેશકરજીને આપણે સૌએ શ્રદ્ધાંજલિ અર્પી એમાં મારો સૂર પુરાવું છું.

આપણી ગુજરાત વિધાનસભાના વર્તમાન ધારાસભ્ય હતા અને અહીંયા જેમ કહેવામાં આવ્યું એ પ્રમાણે કદાચ એક માત્ર એવા ધારાસભ્ય, હું ખાતરીપૂર્વક નથી કહેતો પણ લગભગ એવું જ હશે. એક સત્રમાં બે પક્ષમાંથી ચૂંટાયા હોય અને એ જ સત્રમાં એમનું અવસાન થયું, એવા પ્રોફેસર ડોકટર આશાબેન પટેલ, ઊંઝાના ધારાસભ્ય, ખૂબ શક્તિશાળી, નીડર, બાહોશ ધારાસભ્ય હતા. કોઇપણ પ્રશ્ન હોય, જયારે પણ ઉભા થાય ત્યારે સ્વ. આશાબેનનું કામ એ પ્રશ્નનો નીવેડો કરવા માટે દોડતા કરવાનું, પોતાના સંબંધોનો, પોતાની સત્તાનો, પોતાની વગનો ઉપયોગ કરવાનો, અને એ વ્યક્તિ ખેડૂત હોય, નાગરિક હોય, ઊંઝાનો હોય કે મહેસાણા જિલ્લાનો હોય, વિદ્યાર્થી હોય કે શિક્ષણ જગતનો માણસ હોય, પણ બધાને મદદરૂપ થવાનું કામ આટલા ટૂંકા ગાળામાં જેમણે કર્યું છે એ બહુ ઓછા લોકો કરી શકે. એવું કામ કરીને એમના જીવનને પ્રજા માટે સમર્પિત છે એવી જે ભાવના હતી તે ચરિતાર્થ કરી બતાવ્યું છે. કમનસીબે ૪૪ વર્ષની નાની વયે એમનું અવસાન થયું છે. આમ તો એમનું ભવિષ્ય મહિલા કાર્યકર તરીકે ઘણું ઉજ્જ્વળ હતું, પણ ભગવાનને એ મંજૂર નહીં હોય તેથી આપણી વચ્ચેથી એમને લઇ લીધા છે. એમને હું શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું. સાથે સાથે સ્વર્ગસ્થ પ્રતાપસિંહ ભાઇ પટેલ, એમની સાથે પણ આ ગૃહમાં કામ કરવાની મને તક મળેલી છે. તેઓશ્રીને પણ હું શ્રદ્ધાંજલિ આપું છું. સ્વર્ગસ્થ વૃજલાલ ભાઇ જાનીને પણ શ્રદ્ધાંજલિ અર્પું છું. શ્રી અમૃતભાઇ કાળીદાસ પટેલ, પાલનપુરના પૂર્વ ધારાસભ્ય અને પૂર્વ મંત્રી, એમની સાથે પણ કામ કરવાની આ ગૃહમાં મને તક મળી છે અને એમના દીકરા શ્રી મહેશભાઇ પણ આપણા ગૃહના અત્યારે સભ્ય છે, એટલે એક પરિવાર પાલનપુરની પ્રજાની સેવા કરે, એવો લાભ ખૂબ ઓછા લોકોને એક પરિવારમાંથી ધારાસભ્ય તરીકે મળતો હોય છે. આ સ્વ. અમૃતભાઇના જે સત્કાર્યો હતા તેના માધ્યમથી આજે શ્રી મહેશભાઇ પણ પાલનપુરની જનતાની અને બનાસકાંઠાની જનતાની સેવા કરી રહ્યા છે. સ્વર્ગસ્થ શ્રી અમૃતભાઇને પણ હું શ્રદ્ધાંજલિ આપું છું. સ્વ. અમૃતભાઇ મોટા દાતા હતા ઉદ્યોગપતિ હતા,તેઓ ખૂબ નમ્ર અને વિવેકી અને ખૂબ ઓછા બોલા સ્વભાવે પણ મક્કમતાથી કામ કરનારાં હતાં. તેઓશ્રી અમારી સૌની વચ્ચે રહીને કામ કરતાં હતાં તેઓને પણ હું શ્રદ્ધાંજલિ અર્પું છું.

સ્વ. ઉપેન્દ્રસિંહ પ્રતાપસિંહ ગોહીલ તેઓ સાથે પણ કામ કરવાની તક મળી છે. તેઓ એક ઝૂઝારું ધારાસભ્ય હતા તેઓને પણ શ્રદ્ધાંજલિ અર્પું છું.

સ્વ. અંબાલાલ જયશંકર ઉપાધ્યાય અમારા વડીલ હતા. સાબરકાંઠા જિલ્લાના ઉત્તર ગુજરાતના જે તે સમયના અગ્રગણ્ય સમાજસેવક અને ધારાસભ્ય હતા તેઓને પણ શ્રદ્ધાંજલિ અર્પું છું.

સ્વ. જગદીશચંદ્રજી ડામોર તેઓ પણ ઉત્તર ગુજરાતના આદિવાસી સમાજના મહત્ત્વના પ્રજાસેવક હતા તેઓને પણ હું શ્રદ્ધાંજલિ અર્પું છું.

સ્વ. જોરૂભા ચૌહાણ તેઓ સાથે પણ મને કામ કરવાની તક મળી હતી. અમે સાથે જ પક્ષમાં ધારાસભ્ય તરીકે કામ કરતાં હતાં. તેઓ વિરમગામ મત વિસ્તારના ધારાસભ્ય હતા જયારે મારો બાજુનો જ વિસ્તાર કડીનો હું ધારાસભ્ય હતો એ થોડા વિકલાંગ અને દિવ્યાંગ હતા, છતાં પણ લોકોની સેવા કરતા હતા. પ્રજા માટે કામ કરવાનો ઉત્સાહ હતો તેઓશ્રીને પણ હું શ્રદ્ધાંજલિ અર્પું છું. આ બધાજ સ્વર્ગસ્થ આત્માઓના પરિવારજનોને દિલસોજી નો સંદેશો મોકલી આપવામાં આવે તેવી આપશ્રીને વિનંતી કરું છું.

શ્રી પરેશ ધાનાણી(ભા.રા.કો.) : માનનીય અધ્યક્ષશ્રી, સભાગૃહના નેતાશ્રી અને માનનીય મુખ્યમંત્રીશ્રી આ સન્માનનીય ગૃહ સમક્ષ નવ જેટલા સ્વ. મહાનુભાવો અને ધારાસભ્યશ્રીઓનો શોકદર્શક ઉલ્લેખ લઇને આવ્યા છે જેને મારા વિરોધપક્ષના નેતાશ્રી સુખરામભાઇ રાઠવાએ જેને ટેકો આપ્યો છે એની અંદર હું પણ મારો સૂર પૂરાવું છું.

સભાગૃહના સન્માનનીય વરિષ્ઠ સભ્યશ્રીઓએ જેમાં વાત કરી એ વાતને આગળ ધપાવીને વાત કરીશ કે કોકીલ કંઠી સ્વર સામ્રાજ્ઞી સ્વ. લતાજી આપણી વચ્ચે નથી રહ્યાં એના વિશે ઘણા ઉલ્લેખો થઇ શકે છે. તેઓશ્રી ઇન્દોરમાં જન્મ્યા હતા. ગુજરાતી માની કૂંખે જન્મ લઇને આ ભૂમિ સાથે નાતો જોડાયો. ૧૩ વર્ષની નાની ઉંમરે ગીત ગાવાની કારકિર્દીની શરૂઆત કરી. આયેગા આને વાલાથી એ ગીત ગાઇને દેશમાં અને દુનિયામાં સંગીત અને સૂરમાં અદકેરું સ્થાન આપ્યું. ભારતના લગભગ

તમામ ટોચના સંગીત નિર્દેશકો અને ગાયકો સાથે એણે ભાગીદારી કરીને ગીતો ગાવાનો અવસર પ્રાપ્ત થયો. ગુજરાતી સહિત કુલ ૩૬ જેટલી રાષ્ટ્રીય, પ્રાદેશિક ભાષાઓમાં એમણે સૂર રેલાવ્યો છે. ૫૦૦૦૦ કરતાં પણ વધારે ગીતો ગાયા છે. સન ૧૯૭૪માં સૌથી વધુ ગીતો ગાવાનો વિશ્વ વિક્રમ સ્થાપિત કર્યો. ભારતીય કોયલ લતાજીએ માત્ર ફિલ્મના ગીતો જ નહિ પરંતુ ગીતોની સાથે ગઝલ, રાષ્ટ્રપ્રેમના ગીતો, ભજનો, લોકસંગીત, મંત્રો, શાસ્ત્રીય સંગીતમાં પણ સૂર રેલાવવાનું કામ કર્યું છે.

સ્વર સામ્રાજ્ઞી લતા મંગેશકરજીના જીવનની કારકિર્દીમાં ભાગ્યે જ એવો એવોર્ડ હશે કે જેમણે નહિ મેળવ્યો હોય! ફિલ્મફેર એવોર્ડ, દાદાસાહેબ ફાળકે એવોર્ડ, પદ્મ વિભૂષણ, ભારત રત્ન, વન ટાઇમ એવોર્ડ ફોર લાઇફ ટાઇમ એચિવમેન્ટ. આ રીતે ગાયકીના ક્ષેત્રમાં દેશ અને દુનિયામાં સર્વશ્રેષ્ઠ સાબિત થયા છે અને દેશે અને દુનિયાએ એમને વિવિધ એવોર્ડથી સન્માન આપ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, ન્યૂયોર્ક યુનિવર્સિટી સહિત ૬ જેટલા વિશ્વ વિદ્યાલયોએ તેમને માનદ્ ડિગ્રી પણ અર્પણ કરી હતી અને સ્વ. લતાજીએ રાજ્યસભામાં નોમિનેટેડ સભ્ય તરીકે પણ આ દેશના ઘડતરમાં મહત્ત્વનું યોગદાન આપ્યું હતું.

સ્વ. લતાજીના નિધનથી સંગીતની દુનિયામાં ક્યારેય ન પૂરી શકાય એવી ખોટ પડી છે. અખંડ હિન્દુસ્તાનનો કંઠ હવે સદાયના માટે મૌન થયો છે. મને લાગે છે કે ભારતીય ફિલ્મ ઉદ્યોગ જગતમાં સંગીતનો સુવર્ણયુગ સમાપ્ત થયાનો સમગ્ર ભારતને અહેસાસ થાય છે. સ્વ. લતાજી તો આપણી વચ્ચે નથી પણ તેમનો સૂરીલો અવાજ દુનિયા રહેશે ત્યાં સુધી દેશ અને દુનિયાના લોકોના હૃદયમાં ધબકતો રહે એવી પરમ કૃપાળુ પરમેશ્વરને પ્રાર્થના કરું છું. તેમના આત્માને શાશ્વત શાંતિ પ્રાપ્ત થાય એવી પરમ કૃપાળુ પરમેશ્વરને પ્રાર્થના કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ વિધાનસભા ગૃહના સાથી સદસ્ય, ઊંઝાનું પ્રતિનિધિત્વ કરતા ડો. આશાબેન પટેલ આજે આપણી વચ્ચે રહ્યા નથી. માત્ર ૪૪ વર્ષની યુવાન વયે તેમનું અવસાન થયું. એ દુઃખની ઘડીને ઝીલવા તેમના પરિવારને શક્તિ મળે એવી પ્રાર્થના કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની દીકરી, ઊંઝાની અંદર જન્મી. ઊંઝાની ભૂમિ ઉપર રમી, સંઘર્ષ કરીને, ભણીગણીને પી.એચડી. સુધીની ડિગ્રી પ્રાપ્ત કરીને ઊંઝાની ભૂમિને કર્મભૂમિ બનાવીને તેમના જ્ઞાનભંડારનો આ વિધાનસભા ગૃહમાં લાભ આપ્યો. મને યાદ છે ૨૦૧૭ની ચૂંટણી પહેલાંના એ દિવસો. સંગઠનનું કાર્ય કરતા ઉત્તર ગુજરાતના પ્રવાસે હતો. ભાઇ, મને ચૂંટણી લડવા મળશે કે કેમ ? બેન ત્યારે નોકરી કરતા હતા. એ નોકરીમાં રાજીનામું આપવું કે કેમ? એમણે નોકરીમાંથી રાજીનામું આપ્યું. તેનું દુઃખ નથી. ઊંઝાની પ્રજાએ તેમને આશીર્વાદ આપીને ચૂંટીને મોકલ્યા હતા. તેમણે કોંગ્રેસ પક્ષમાંથી રાજીનામું આપ્યું તો પણ એક સાથી કાર્યકર્તા ગુમાવ્યાનું દુઃખ હતું. તેનો અફસોસ નથી પણ આજે જીવનપથ ઉપર રાજીનામુ આપીને અનંતની વાટે આગળ વધી ગયા એ ખોટ ક્યારેય નહીં પૂરાય. પરમ કૃપાળુ પરમેશ્વરને પ્રાર્થના કરું કે તેમના આત્માને શાશ્વત શાંતિ અર્પે અને તેમના પરિવાર પર આવેલા દુઃખને ઉઠાવવાની શક્તિ આપે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વજુબાપા જાની. અમારા સૌરાષ્ટ્રનું ગોહિલવાડ, ભાવનગરનો મહુવા તાલુકો. બોરડી ગામમાં જન્મ લીધો. મહુવાને જ જન્મભૂમિ અને કર્મભૂમિ બનાવીને જીવનપર્યંત સમાજ સેવામાં સક્રિય રહ્યા. આજે સ્વ. વજુબાપા આપણી વચ્ચે નથી. એવા જ સ્વ. શ્રી પ્રતાપસિંહ હીરાભાઇ પટેલ. જાહેર જીવનના ઉચ્ચ કોટિના કાર્યકર્તા આપણે ગુમાવવા પડ્યા છે. આ વિધાનસભા ગૃહના અમારા સન્માનનીય સાથી શ્રી મહેશભાઇ પટેલના પૂ. પિતાશ્રી સ્વ. અમૃતલાલ કાળીદાસ પટેલ. સ્વ. અમુદાદા આપણી વચ્ચે રહ્યા નથી. માનનીય વજુદાદાને મળવાનો અવસર પણ એક વખત પ્રાપ્ત થયો હતો. માનનીય અમુદાદાને પણ મળીને તેમના જીવનપથ ઉપર કરેલો સંઘર્ષ, તેનું જ્ઞાન મેળવવાનો અવસર પ્રાપ્ત થયો હતો. એવા જ આ વિધાનસભા ગૃહના પૂર્વ સાથી જેની સાથે મને મારી પહેલી ટર્મમાં કામ કરવાનો અવસર મળ્યો હતો એવા સ્વ. ઉપેન્દ્રસિંહ બાપુ પણ આપણી વચ્ચે રહ્યા નથી. સ્વ. અંબાલાલ દાદા. જેમ શ્રી નીતિનભાઇએ કહ્યું. સાબરકાંઠા જિલ્લાનું મોડાસા. ઉત્તર ગુજરાતનું ઘરેણું કહેવાય એવા સ્વ. અંબાલાલ દાદા પણ આપણી વચ્ચે રહ્યા નથી. સ્વ. જગદીશચંદ્ર ડામોર સાહેબ પણ આપણી વચ્ચે રહ્યા નથી. સ્વ. જોરૂભા ચૌહાણે પણ આપણી વચ્ચેથી વિદાય લીધી છે. પરમ કૃપાળુ પરમેશ્વર આ બધા જ સદ્ગત આત્માઓને શાશ્વત શાંતિ આપે એવી આપણે સૌ સાથે મળીને પ્રાર્થના કરીએ.

આ વિધાનસભાનું ગૃહ આજે મળી રહ્યું છે અને ગઇકાલે ભારતનો એક આશાસ્પદ યુવાન, કર્ણાટકમાં જન્મેલો સ્વર્ગીય નવીનકુમાર ત્રીજા વિશ્વયુદ્ધના પડઘમ વાગી રહ્યા છે ત્યારે યુક્રેનની અંદર જીવન મરણ વચ્ચે સંઘર્ષ કરતા એ રશીયન હુમલાનો ભોગ બન્યો છે. હજી અંદાજે ચાર-પાંચ હજાર ગુજરાતી સહિતના આપણા ભારતીય આશાસ્પદ યુવાનો, દીકરા-દીકરીઓ જીવન-મરણ વચ્ચે સંઘર્ષ કરી રહ્યા છે ત્યારે સ્વર્ગીય નવીનકુમારના આત્માને શાંતિ મળે, એમના પરિવાર ઉપર આવેલું દુઃખ ઉઠાવવાની શકિત મળે અને યુક્રેનની અંદર જીવન મરણ વચ્ચે સંઘર્ષ કરતા એ તમામ આશાસ્પદ યુવાન દીકરા-દીકરીઓ સહી સલામત પાછા આવે એવી પરમકૃપાળુ પરમેશ્વરને પ્રાર્થના સાથે ફરીથી ગૃહના નેતા જે શોક ઠરાવ લઇને આવ્યા છે, વિરોધ પક્ષના નેતાએ જેને સમર્થન આપ્યું છે એમાં મારો સૂર પુરાવું છું.

શ્રીમતી મનીષા વકીલ(ભા.જ.પ.) : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના નેતા અને માનનીય મુખ્યમંત્રીશ્રી જે શોકદર્શક ઉલ્લેખો લઇને આવ્યા છે અને વિપક્ષના નેતાશ્રીએ જેનું સમર્થન કર્યું છે તેમાં હું મારો સૂર પુરાવું છું. સ્વ. ડો. આશાબેન પટેલ, એક યુવા ધારાસભ્ય તરીકે, એક પાટીદાર નેતા તરીકે અને વિશેષ એક નીડર, બાહોશ અને ઉત્તર ગુજરાતના સાહસિક મહિલા નેતા તરીકે ખૂબ જાણીતા હતા. સ્વ. આશાબેનની ટૂંકી માંદગી બાદ નિધન થયું. એમની ડેંગ્યુની બીમારીની ઘનિષ્ઠ સારવાર

અમદાવાદ ખાતેની ઝાયડસ હોસ્પિટલમાં ચાલી રહી હતી. મલ્ટી ઓર્ગેન ફેઇલ્યોરના કારણે આશાબેનનું ખૂબ નાની ઉંમરે નિધન થયું. તેઓ મજબૂત નેતૃત્વ કરી શકે તેવી તાકાત ધરાવનાર મહિલા નેતા હતા અને એ એમણે ઘણી વખત સાબિત પણ કરી બતાવ્યું હતું. હાઇલી એજયુકેટેડ ધારાસભ્ય હોવાના નાતે પોતાની રજૂઆત મૌલિકતાથી કરી શકતા હતા. દિલ્હીની યાત્રા એમની છેલ્લી યાત્રા તરીકે રહી. એમની માનનીય વડાપ્રધાનશ્રીને મળવાની ખૂબ ઇચ્છા હતી અને આપની આગેવાનીમાં અમે સૌ મહિલા ધારાસભ્યો આપની સાથે આવ્યા હતા અને જયારે આપના કક્ષમાં રાત્રે અમે બેઠા હતા ત્યારે એમણે વાત પણ કરી હતી કે એમને જરા ઠીક નથી લાગતું ત્યારે આપશ્રી અને અમે સૌ બહેનોએ પણ વાત કરી કે આપ આપની તબિયતનું ધ્યાન રાખો અને આરામ કરો પણ એમની ઇચ્છા હતી કે રાષ્ટ્રપતિ ભવન મારે જોવું છે અને આપણે સૌ બહેનો રાષ્ટ્રપતિ ભવન ગયા હતા અને ત્યાં પણ એક-એક રૂમ ઝીણવટથી જોતા હતા અને એના વિશે માહિતી મેળવતા હતા અને અમારી સાથે રહ્યા હતા. બીજા દિવસે પણ જયારે એમને ઠીક નહોતું ત્યારે એમણે કોરોનાનો ટેસ્ટ કરાવ્યો, ડેંગ્યુનો ટેસ્ટ કરાવ્યો, ત્યારે એમને ખબર પડી કે એમને ડેન્ગ્યુ છે અને જયારે એ પાછા ફર્યા ત્યારે બીજા જ દિવસે એડમીટ પણ થયા. ત્યારે અમને બેન, એવું નહોતું લાગ્યું કે થોડા દિવસ પછી સ્વ. આશાબેન અમારી સાથે નહીં રહે. દિલ્હીની યાત્રા સદૈવ અમારા સૌ મહિલા ધારાસભ્યશ્રીઓને સ્મરણમાં રહેશે. અમે એક હોનહાર બહેન ગુમાવ્યા છે. ડો. આશાબેન પટેલ અને તમામ જેમનો ઠરાવમાં ઉલ્લેખ થયો છે એ તમામના પરિવારજનો ઉપર આવી પડેલા દુ:ખ અને આઘાત સહન કરવાની ઇશ્વર તેમને શકિત આપે અને સ્વર્ગસ્થના આત્માને સદગતી મળે એ જ ઇશ્વરને પ્રાર્થના.

શ્રીમતી નિમિષાબેન સુથાર(ભા.જ.પ.) : માનનીય અધ્યક્ષશ્રી, સ્વર સામ્રાજ્ઞી અને ભારતરત્ન સ્વ. લતા મંગેશકરજી તથા ગૃહના આઠ પૂર્વ સન્માનનીય સભ્યશ્રીઓના દુ:ખદ અવસાન પ્રસંગે માનનીય મુખ્યમંત્રીશ્રી જે શોકદર્શક ઉલ્લેખ લાવ્યા છે તથા વિપક્ષના નેતાશ્રી તથા અન્ય સભ્યશ્રીઓએ જેમાં સૂર પુરાવ્યો છે એમાં હું મારો સૂર પૂરાવું છું.

આ ગૃહના વિધમાન એવા સદસ્ય ડો. આશાબેન દ્વારકાદાસ પટેલનું તા. ૧૨, ડિસેમ્બર, ૨૦૨૧ના રોજ માત્ર ૪૪ વર્ષની યુવા વયે દુ:ખદ અવસાન થયેલ છે. ડો. આશાબેન શિક્ષણની સાથે સાથે પી.એચ.ડી. સુધીની ડીગ્રી ધરાવીને એક મહિલા સશકિતકરણનું મોટું ઉદાહરણ હતું. તેઓએ પોતાના વિસ્તારમાં લોક કલ્યાણ અને શૈક્ષણિક વિકાસના કાર્યો કર્યા હતા અને ડો. આશાબેન એના માટે સતત પ્રયત્નશીલ હતા. તા. ૭મી ડિસેમ્બર, ૨૦૨૧ના રોજ ગુજરાતના સન્માનનીય અધ્યક્ષશ્રી અને તમામ મહિલા ધારાસભ્યશ્રીઓ સાથે દિલ્હી ખાતે ડો. આશાબેન સાથે જવાનો મોકો મળ્યો હતો. ભારત દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ સાથે મુલાકાત કરી અને એમની સાથે વાતચીત કરવાનો મોકો મળ્યો. ડો. આશાબેન સાથે અગાઉ પણ છત્તીસગઢ રાજ્યમાં જ્યારે જવાનું થયું ત્યારે ડો. આશાબેન બહારથી નીડર, બાહોશ અને શક્તિશાળી મહિલા અને એની સાથોસાથ જ્યારે એમની સાથે રહેવાનો મોકો મળ્યો ત્યારે પોતાની કારકિર્દીની શરૂઆત કેવી રીતે કરી અને નીડર, બાહોશ નેતાની સાથે તેમનો અંતરાત્મા સંવેદનશીલ હતો એના દર્શન થયા. એ મૃદુ સ્વભાવના હતા. બિલકુલ સહજતાથી વાત કરતા. પોતાના મત વિસ્તાર માટે કઇ રીતે કામગીરી કરવી એ તમામ વાતો અને સંભારણા અમારી સાથે છે. ડો. આશાબેન આજે આપણી સાથે નથી પણ એમનું અંતિમ સંભારણું છે એ અમારા દરેકના હૃદયમાં એક સાચા મિત્ર, એક સારા સ્નેહીજન સાથેની વાતો હતી એ અમારા હૃદયમાં હરહંમેશ રહેવાની છે.

માનનીય અધ્યક્ષશ્રી, તાજેતરમાં તા. ૨૨-૨-૨૦૨૨ ના રોજ આપણા બૃહદ પંચમહાલનું અણમોલ રતન, વરિષ્ઠ અને તેજસ્વી દ્રઢ મનોબળ ધરાવતા સ્પષ્ટ વક્તા અને સમગ્ર વિસ્તારના લોક હૃદયમાં બિરાજમાન એવા ખેડૂતોના નિષ્ઠાવાન આગેવાન અને ગુજરાત રાજ્યના પૂર્વ વન મંત્રી એવા અમારા મોરવાહડફ તાલુકાના સ્વર્ગસ્થ પ્રતાપસિંહ હીરાભાઇ પટેલને ગુમાવ્યા છે. એમનું ૯૭ વર્ષની વયે અવસાન થયું. તેઓ વર્ષ ૧૯૫૨ની પ્રથમ લોકશાહી ચૂંટણીમાં બૃહદ મુંબઇ રાજ્યના દેવગઢ બારીઆ ધારાસભાની ચૂંટણીમાં ૩૩ હજારની લીડથી ખેડૂત નેતા તરીકે જીત્યા અને વિજેતા બન્યા. ભારત દેશમાં ૩૭૦૦ ધારાસભ્યોમાં સૌથી નાની વયે એટલે કે ૨૫ વર્ષ અને ૨ માસની ઉમરે The youngest MLA of India નો ખિતાબ પોતાના નામે કરનાર સ્વ. પ્રતાપસિંહ હીરાભાઇ પટેલનો જન્મ તા. ૨૫-૬-૧૯૨૫ ના રોજ પંચમહાલ જિલ્લાના મોરવાહડફ તાલુકાના રામપુર-કસનપુર ગામે થયો હતો. સ્વ. પ્રતાપસિંહ દાદા બચપણથી ખૂબ તેજસ્વી અને મુંબઇ યુનિવર્સિટીમાંથી બી.એ. (ઓનર્સ) અને અર્થશાસ્ત્ર સાથે ગ્રેજ્યુએટની ડિગ્રી ધરાવતા હતા. અંગ્રેજી ભાષા ઉપર એમનો ખૂબ પ્રભાવ હતો અને એમની વકૃત્વ કળાના લીધે ઇન્દુલાલ યાજ્ઞિક પ્રભાવિત થયા હતા. મને યાદ છે, વર્ષ ૨૦૧૩માં જ્યારે પ્રથમ ધારાસભ્ય તરીકે ચૂંટણી જીતી ત્યારે એમના મેં આશીર્વાદ લીધા. એમના આશીર્વાદ સાથે એમણે જે પંચમહાલ માટે કાર્ય કર્યું હતું એના માટે કામ કરવાના મને આશીર્વાદ આપ્યા હતા. મોરવાહડફને તાલુકાનો દરજ્જો અપાવવામાં એમનો સિંહફાળો રહ્યો છે. પરમ કૃપાળુ પરમાત્મા દિવંગત આત્માને પરમ શાંતિ આપે અને તેમના પરિવારને આઘાત સહન કરવાની શક્તિ આપે તેવી પ્રાર્થના.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર(ભા.રા.કો.): માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી આપણા ગૃહના સભ્ય રહી ચૂકયા છે અને જેઓ આપણી વચ્ચે નથી તેમના માટે જે શોક ઠરાવ લઇને આવ્યા છે, અમારા વિરોધ પક્ષના નેતાએ એમાં સમર્થન આપ્યું છે, રાજ્યના મંત્રીશ્રીઓ અને ધારાસભ્યશ્રીઓએ સમર્થન આપ્યું છે તેમાં હું મારો સૂર પુરાવું છું.

સ્વ. લતા મંગેશકર એટલે એક એવું નામ કે જેનું નામ સાંભળતા જ ગીત ગુંજી ઉઠે આપણા મનમાં એવા લતાજી આપણી વચ્ચે નથી. મધ્યપ્રદેશના ઇન્દોરમાં તેમનો જન્મ થયો હતો. સીંગિંગ કેરિયરમાં પોતાના સુમધુર કંઠનો કયારેય ન હોય તેવો જાદુ છવાઇ ગયો હતો. બોલીવુડની વોકલ ફેમ બની ગયા હતા. તેમણે જયશંકર, શંકર જયકિશન, અનિલ બિશ્વાસ,

શોકદર્શક ઉલ્લેખો

સલીલ ચૌધરી, નૌશાદ ગુલામ, મહંમદ મદન, લક્ષ્મીકાંત પ્યારેલાલ જેવા અનેક નિર્દેશકો સાથે કામગીરી કરીને ભારત દેશનું નામ રોશન કર્યું છે અને એમને ભારત રત્ન એવોર્ડ મળ્યો છે. તેમના માટે એમ કહેવાયું " એ મેરે વતન કે લોગોં જરા આંખમેં ભર લો પાની" જયારે આ દેશ સ્વતંત્ર થયો હતો ત્યારે ૧૯૬૪માં મુંબઇમાં બ્રેબોન સ્ટેડિયમમાં અને ૧૯૭૪માં લંડનમાં રોયલ આલ્બર્ટ હોલમાં દેશભક્તિનું ગીત ગાઇને લતાજીએ શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા હતા અને તમામ લોકોની આંખમાંથી આંસુ વહી ગયા હતા એવું ગીત સંભળાવીને એમણે આ દેશને રોશન કરવાનું કામ કર્યું છે. દુનિયામાં સૌથી વધુ ગવાતા ગીતોમાં ગીનીસ બુક ઓફ રેકોર્ડસમાં એમના નામે લતાજીએ રેકોર્ડ બનાવ્યો છે. માત્ર તમામ ભાષાઓ કરતા ગુજરાતી ભાષામાં નવરાત્રી ગરબા કે ગુજરાતીમાં લોકપ્રિય ગીતો માને તો મનાવી લેજો રે, ઓધાજી મારા વ્હાલાને વઢીને કહેજો રે. હે કાનુડા તારી ગોવાલણ, દીકરી તો પારકી થાપણ કહેવાય, વૈષ્ણવ જન તો તેને કહીએ એવા ગુજરાતી ગીતો ગાઇને ગુજરાતના નામને રોશન કરવા માટેનું કામ કર્યું છે એને કયારેય આપણે ભૂલી શકીએ તેમ નથી. રાજયસભાના સાંસદ તરીકે કામગીરી કરી આ દેશના વિકાસમાં કયાંકને કયાંક પોતાનો ફાળો આપ્યો છે એવા સ્વ. લતાજીના આત્માને પ્રભુ શાંતિ આપે એવી પ્રાર્થના કરું છું અને એમના કુટુંબીજનોને આ ગૃહમાં જે સભ્યોએ શોકદર્શક ઉલ્લેખમાં વાત કરી છે એવો સંદેશો આપના મારફત પાઠવીએ તેવી વિનંતી કરું છું.

આ ગૃહના સદસ્યા બહેનશ્રી સ્વ. આશાબેન સાથે ખાતરી સમિતિના સભ્ય તરીકે, તેમની સાથે પી.એ.સી.ના સભ્ય તરીકે કામગીરી કરવા માટેનો મને મોકો મળ્યો. પી.એ.સી. કમિટીને ૧૦૦ વર્ષ સંસદમાં પૂરા થયા છે. તેના માટેનો સેમિનાર યોજયો હતો. અમારી એક બેઠક હતી. બેઠકમાં મારી બાજુમાં બહેન બેઠા હતા. તેમને ઉધરસ આવી મેં તેમને કહ્યું કે બહેન, તબિયતની જાળવણી કરજો. એ મને હંમેશા કાકા કહેતા. તેમણે કહ્યું શ્રી વિરજીકાકા તમે સાંસદ રહ્યા છો. અમને સંસદ દેખાડવા અમારી સાથે આવો. પરંતુ તે વખતે એવી પરિસ્થિતિ હતી કે હું ન ગયો. પોતે પી.એ.સી. કમિટીમાં જે ૧૦૦ વર્ષ પૂરા થયાનો સેમિનાર હતો તેમાં ભાગ લીધો અને પોતાની તબિયતની પણ કાળજી ન લઇ શકયા અને આખરે પોતાનું જીવન કુદરતને પ્યારું કર્યું એવા બહેન આજે આપણી વચ્ચે નથી તેથી ખૂબ દુઃખની લાગણી અનુભવીએ છીએ. યુવાનો માટેની એમની નિષ્ઠા, પોતે અનમેરિડ હોવા છતાં પણ યુવાનો માટે પી.એચ.ડી. તરીકે કામગીરી કરીને યુવાનો માટે આંદોલન કર્યું અને યુવાનોને જે તક મળી, ૧૦ ટકા અનામતનો લાભ આપવા માટેના તે વખતના પાટીદાર આંદોલનમાં તે જોડાયા. અનેક યુવાનોના રાહબર બન્યા છે એવા સ્વ. આશાબેન આપણી વચ્ચે નથી. કોંગ્રેસના સદસ્યા પણ રહી ચૂકયા છે. જોગાનુજોગ એમને પાર્ટીમાં ફેરફાર કરવો પડયો છતાં પણ ભારતીય જનતા પાર્ટીમાં ગયા પછી પણ અમારી સાથેનો એમનો સબંધ કયારેય ભૂલી શકાય તેમ નથી તેવા સ્વ. આશાબેન આપણી વચ્ચે નથી. પ્રભુ એમના આત્માને શાંતિ આપે તેવી પ્રાર્થના કરું છું.

સ્વ. અમૃતલાલ કાળીદાસ પટેલ શ્રી મહેશભાઇના પૂજ્ય પિતાશ્રી આપણી વચ્ચે નથી. તેઓની સાથે એક સાથી સભ્યશ્રી તરીકે ૯મી ગુજરાત વિધાનસભામાં કામ કરવાની તક મળી છે, ત્યારે એમના આત્માને પ્રભુ શાંતિ આપે અને તેમનું જીવન લોકો માટેનું હતું, તે ખર્ચીને પણ તેઓ આ રાજ્યના વિકાસ માટે અમૂલ્ય ફાળો કયાંકને કયાંક આપી ગયા તેમને પણ યાદ કરીએ છીએ.

સ્વ. ઉપેન્દ્રસિંહ ગોહિલ એમની સાથે ધારાસભ્ય તરીકે કામ કરવા માટેની તક મળી હતી. ઉપેન્દ્રસિંહ આપણી વચ્ચે નથી. તેમના આત્માને પ્રભુ શાંતિ આપે તેવી પ્રાર્થના કરું છું. સ્વ. અંબાલાલ ઉપાધ્યાય એક સહકારી આગેવાન હતા. એમની સાથે સહકારી અગ્રણી તરીકે કામ કરવા માટેની તક મળી છે, ત્યારે એમની સહકાર માટેની જે દર્દનાક વ્યથા હતી. આ ગુજરાતમાં સહકારી માળખું મહત્ત્વનું માળખું બન્યું છે તેવા એક પૂર્વજ આપણી વચ્ચે નથી. તેમની આત્માને પ્રભુ શાંતિ આપે તેવી આપના વતી પ્રાર્થના કરું છું. માનનીય જગદીશચંદ્ર દોલજી ડામોર અને સ્વ. જોરૂભા ચૌહાણની શ્રી નીતિનભાઇએ વાત કરી. પોતાને ચાલવામાં તકલીફ હતી, પરંતુ વિધાનસભામાં કામ કરવાની તે વખતના સાથી સભ્યશ્રી તરીકે કામ કરવા માટેની છટા. આ ૯ આત્માઓ આપણી વચ્ચે નથી, પરંતુ દેશના રાહ માટે, દેશના વિકાસ માટે અને આપણા ૮ ધારાસભ્યશ્રી આપણી વચ્ચે નથી તેમણે રાજ્યના વિકાસમાં કઇકને કઇક ફાળો આપ્યો છે. અને એ ફાળો આપના માટે કઇકને કઇક રાહબર બને અને રાહબર બનીને એમના ચાલેલા રસ્તાને અપનાવીને આ ગુજરાતના વિકાસ માટે સહભાગી બનીએ તેવી લાગણી સાથે તમામે તમામ આત્માઓને પ્રભુ શાંતિ આપે. તેમના કુટુંબીજનો ઉપર આવેલી આફત સહન કરવાની શક્તિ આપે તેવો સંદેશો આપના મારફત તેમના કુટુંબીજનોને પાઠવીએ તેવી પ્રાર્થના કરું છું.

શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ(ભા.જ.પ.) : માનનીય અધ્યશ્રી, ગૃહના નેતાશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ જે શોકદર્શક ઉલ્લેખો લઇને આવ્યા છે અને વિપક્ષના નેતાશ્રીએ ટેકો જાહેર કર્યો છે. એમાં હું મારો સૂર પુરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સંગીતની દુનિયામાં ઉજ્જવલ નામ રોશન કરનાર એવા સ્વ. લતા મંગેશકરજીને ભારતરત્ન એવોર્ડ તો મળ્યો જ હતો, પણ સાથે સાથે લોકોના મૂખે હજુ પણ ભૂલી નહિ શકાય તેવા સ્વ. લતા મંગેશકરજી આપણી વચ્ચે નથી. એમને હું શ્રદ્ધાંજલિ પાઠવું છું.

૧૪મી વિધાનસભાના સભ્ય સ્વ. ડો.આશાબેન પટેલના દુઃખદ અવસાનથી અમને ખરેખર મહિલા ધારાસભ્યને ખૂબ જ દુઃખ થયું હતું. એમનું અવસાન થયું એના ચાર-પાંચ દિવસ પહેલા અમે એમની સાથે હતા. આપના માધ્યમથી દિલ્હી પ્રવાસે આવ્યા હતા. ત્યારે આશાબેન સાથે નજીક રહેવાનો અવસર મળ્યો હતો. એ અવસર દરમ્યાન જયારે એમની સાથે વાતચીતમાં ખબર પડી કે આ આશાબેન એકદમ સરળ સ્વભાવના, સાલસ હતા. ખરેખર નારિયેળ કહેવાય જે ઉપરથી કડક

અને અંદરથી કોમળ હોય છે તેવા આશાબેન આપણી વચ્ચે નથી. ખૂબ જ દુઃખની લાગણી અનુભવું છું. સાથે સાથે અમે જ્યારે સાથે વિધાનસભામાં અને લોબીમાં બેસતા ત્યારે એમની સાથે વાતચીત થતી ત્યારે તેઓ કહેતા કે હું તો સંઘ સાથે જોડાયેલ હતી. સાથે સાથે ભાજપ પ્રેરિત વિચારધારાથી જોડાયેલ હતા. એટલે કોંગ્રેસમાં એમનું મન લાગતું નહોતું. તેઓ કહેતા કે મને ક્યારનીય ભાજપમાં જોડાવવાની ઇચ્છા છે. એના પછી તેઓ ભાજપમાં આવ્યા. એમની આ પાર્ટી પ્રત્યેના શિષ્ટાચાર અને સંસ્કારોથી અમે ખૂબ જ પ્રભાવતી થયા હતા. એવી રીતે એમનું જીવન જ એક સંદેશ કહેવાય. જ્યારે એમનું અવસાન થયું ત્યારે અમે ઊંઝા ખાતે એમનો દેહ મૂક્યો હતો, ત્યાં મહિલા ધારાસભ્ય વતી અમે ત્યાં પહોંચ્યા હતા. ત્યાં લોકોની ચિક્કાર ગીરદી દેખાઇ એના ઉપરથી દેખાય છે કે એ એમની પ્રસિદ્ધિ કેટલી હતી. ખરેખર ખૂબ જ દુઃખની લાગણી અનુભવું છું કે સ્વ. આશાબેન આપણી વચ્ચે નથી. બધા મહિલા ધારાસભ્ય વતી દિલસોજી નો સંદેશો આપું છું. સાથે સાથે એમના પરિવારને દુઃખ સહન કરવાની હિંમત આપે તેવી ભગવાનને પ્રાર્થના કરું છું.

શ્રીમતી ગેનીબેન ન. ઠાકોર(ભા.રા.કો.) : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યના મુખ્યમંત્રી આ ગૃહની અંદર સ્વ.લતા મંગેશકરજી અને આ ગૃહના બીજા આઠ માજી સભ્યશ્રીઓનો જે શોકદર્શક સંદેશો લઇને આવ્યા છે અને તેમાં વિરોધપક્ષના નેતાશ્રીએ સમર્થન આપ્યું છે. હું પણ તેમાં મારો સૂર પુરાવું છું. ચૌદમી વિધાનસભામાં ડૉ. આશાબેન એક સાથી ધારાસભ્ય તરીકે આપણી વચ્ચે રહ્યા નથી. તેમની રાજકીય કારકિર્દી ઉત્તર ગુજરાત અને ઊંઝા હતી. ખાસ કરીને ઊંઝા જેવા કેપીટલમાં ચૌદમી ગુજરાત વિધાનસભામાં બંને પક્ષોમાંથી ચૂંટાઇને આવવું, એક સામાન્ય સીટ ઉપર મહિલા ધારાસભ્ય તરીકે ચૂંટાઇને આવ્યા તે તેમનું પોતાના વિસ્તારનું, તમામ સમાજના લોકોના સમર્થનથી ચૂંટાઇને આવ્યા હતા. તેઓ લોકપ્રિય હતા. સ્વ. આશાબેન પોતે એજ્યુકેટેડ હોવાને નાતે એક સાથી ધારાસભ્ય તરીકે કયાંક નાના મોટા પ્રશ્નોમાં શીખવા પણ મળ્યું છે. છેલ્લે છત્તીસગઢનો અમારી કમિટીનો પ્રવાસ તે વખતના ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શ્રી રાજેન્દ્રભાઇ ત્રિવેદી સાહેબના નેતૃત્વમાં અગિયાર સભ્યોની કમિટીએ યોજ્યો હતો. તે વખતે અમે છત્તીસગઢના પ્રવાસે ગયા ત્યારે તેમાં ત્રણ મહિલા ધારાસભ્યોમાં એક નિમીષાબેન સુથાર, બીજા સ્વ. આશાબેન પટેલ અને હું ગયા હતા. કદાચ સ્વ. આશાબેન સાથે રહેવાનો આ છેલ્લો મોકો અમને મળ્યો. ત્યાંની સંસ્કૃતિ, વિધાનસભાની પ્રણાલિકાઓ અને ત્યાંની યોજનાઓનો અભ્યાસ એક સાથી ધારાસભ્ય તરીકે અમે કર્યો હતો. સ્વ. આશાબેન સાથેનો આ છેલ્લો પ્રવાસ યાદગાર પ્રવાસ તરીકે અમને જિંદગીભર યાદ રહેશે. સ્વ. આશાબેન પૈકીના બીજા કમિટીના સભ્યો હતા તેમાં ત્રણ-ચાર સભ્યો એવા હતા કે રાજ્ય સરકાર બદલાઇ તેમાં તેઓ મંત્રી બન્યા. ત્યારે મેં સ્વ. આશાબેનને કહ્યું કે, તમારો વારો નથી આવ્યો ત્યારે મને સારી રીતે વાત કરી અને કહ્યું કે, બેન આશા અમર છે. તે શબ્દો એટલા પૂરતા સીમિત રહી ગયા. ઉત્તર ગુજરાતના મહિલા ધારાસભ્ય તરીકે સ્વ. આશાબેન સાથે ચાર વર્ષ સુધી કામ કર્યું. જયારે શ્રીમતી નિમિષાબેને મને ફોન કરીને સ્વ. આશાબેનના સમાચાર આપ્યા, ત્યારે મને થયું કે, આપણી ગુજરાત વિધાનસભા કાયમી ખંડિત રહે છે. ચાર વર્ષ થઇ ગયા અને બધાને એમ હતું કે આ ચૌદમી ગુજરાત વિધાનસભામાં હવન કરાવ્યો છે અને સૌ સલામત છે પણ જયારે સ્વ. આશાબેન આપણી વચ્ચે ના રહ્યા ત્યારે આ વિધાનસભા ખંડિત જ રહી. હું તેમને મારી શ્રદ્ધાંજલિ આપું છું. તેમના પરિવારને દિલસોજીનો સંદેશો આપના માધ્યમથી પાઠવો તેવી અપેક્ષા રાખું છું.

માનનીય અધ્યક્ષશ્રી, તેવા જ અમારા બનાસકાંઠા જિલ્લાના સ્વ. અમૃતભાઇ કાળીદાસ પટેલ કે જેમને એ.કે.પટેલના હુલામણા નામથી અમારો સમગ્ર જિલ્લો બોલાવતો હતો. તેઓશ્રીએ આ વિધાનસભામાં નેતૃત્વ કરીને બનાસકાંઠા અને પાલનપુરની સેવા કરી છે. તેઓશ્રી અનેક શૈક્ષણિક સંસ્થાઓ અને સામાજિક સંસ્થાઓ સાથે જોડાયેલા હતા. ભગવાનની મહેરબાનીથી તેઓ આર્થિક રીતે પગભર હતા તેથી અમારા વિસ્તારના ગરીબોને તેમના થકી નાના મોટા પ્રસંગોમાં કયાંક મદદ પણ મળતી હતી. તેઓ પોતે મંત્રી હતા ત્યારે વર્ષ ૧૯૯૬-૯૭માં હું તાલુકા પંચાયતની પ્રમુખ હતી. ત્યારે તેમની સાથે રાજકીય રીતે પણ કામ કરવા માટેનો મોકો મળ્યો હતો. તેઓના વહીવટી અનુભવના નાતે અમને તેમનું માર્ગદર્શન મળતું. તેમના પુત્ર શ્રી મહેશભાઇ આજે પણ આ ગુજરાત વિધાનસભામાં નેતૃત્વ કરે છે બીજી ટર્મ માટે નેતૃત્વ કરે છે એટલે ૧૫ વર્ષ સુધી પાલનપુરની જનતાએ સ્વ. એ. કે. પટેલના પરિવારને આશીર્વાદ આપીને સેવા કરવા માટેનો મોકો આપ્યો છે ત્યારે શ્રી મહેશભાઇ આજે આમ તો વિધાનસભામાં હાજર હોત પણ હજુ સુધી એમનું બેસણું અને વિધિ વગેરે ચાલુ હોવાથી અને મહેમાનો આવતા હોવાથી વિધાનસભામાં હાજર રહી શક્યા નથી. માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત એમના પરિવારને શોક સંદેશો પાઠવવામાં આવે એવી વિનંતી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વર્ગસ્થ લતા મંગેશકરજી માટે આપણા ગૃહના સભ્યશ્રીઓએ વિગતો સાથે એમના કામો અને એમના ગીતોનું અને એમના કંઠનું જે વર્ણન કર્યું છે ત્યારે એમાં વિશેષ ન કહેતા એટલું જરૂર કહેવું છે કે, અમારો જિલ્લો ઇન્ટરનેશનલ બોર્ડર પર આવેલો છે અને નડાબેટ બાજુ અમે જઇએ ત્યારે આજે પણ સ્વ. લતા મંગેશકરજીના ગીતો એ મેરે વતન કે લોગો અને બીજા જે ગીતો છે એ બધા જ લોકો વગાડતા હોય છે ત્યારે એમનો અવાજ દર શનિ-રવિ એ વિસ્તારમાં બી.એસ.એફ.ના જવાનો ઇન્ટરનેશનલ બોર્ડર ઉપર વગાડતા હોય છે એ સાંભળવાનો લ્હાવો આજે પણ અમને મળે છે. સ્વર્ગસ્થ લતાજીને પણ હું ભાવભરી શ્રદ્ધાંજલિ આપુ છું. એ સિવાયના જે મહાનુભાવો છે સ્વ. પ્રતાપસિંહજી, સ્વ. વૃજલાલ જાની, સ્વ. ઉપેન્દ્રસિંહજી, સ્વ. અંબાલાલ ઉપાધ્યાય, સ્વ. જગદીશચંદ્રજી, સ્વ.જોરુભા ચૌહાણ આ તમામ આ વિધાનસભાના માજી સભ્યો આજે આપણી વચ્ચે નથી રહ્યા એમને પણ હું મારી શ્રદ્ધાંજલિ આપુ છું અને દુઃખની લાગણી અનુભવું છું, આપના મારફત એમના કુટુંબીજનોને દિલસોજી નો સંદેશો પાઠવવા વિનંતી કરું છું.

તા. ૨જી માર્ચ ૨૦૨૨

શોકદર્શક ઉલ્લેખો

શ્રી કેતનભાઇ મ. ઇનામદાર(ભા.જ.પ.) : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના નેતા જે શોક પ્રસ્તાવ લઇને આવ્યા છે એમાં હું મારો સૂર પૂરવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વર્ગસ્થ લતાજી જેમના માટે શબ્દો પણ ખૂટી પડે અને જેટલું કહીએ એ ઓછું પડે અને ખરા અર્થમાં ભારત રત્ન કહી શકાય અને જે આ પેઢી અને આના પછીની પેઢી માટે પણ પ્રેરણાસ્ત્રોત છે એવા સ્વ. લતાજીને આપણે અહીંયાથી ભાવાંજલિ આપીએ છીએ. સાથે સાથે સ્વ. ડો. આશાબેન પણ આપણી સાથે આ ગૃહમાં કામ કરતા હતા અને દરેક વખતે જ્યારે એમને મળવાનો મોકો મળતો ત્યારે એમની એક આગવી છબિ, એક નિડર વક્તા અને જ્યારે પણ આપણી સાથે વાત કરતા હોય ત્યારે એમનામાં એક અલગ જોશ દેખાય આવતો હતો એવા સ્વ. ડો. આશાબેનને પણ આપણે સૌ અહીંયા ભાવાંજલિ આપીએ છીએ. સ્વ. ઉપેન્દ્રસિંહ પ્રતાપસિંહ ગોહીલ અમારા મત વિસ્તારનું વર્ષ ૨૦૦૨થી ૨૦૦૭માં એમણે પ્રતિનિધિત્વ કર્યું. વર્ષ ૧૯૭૮ની સાલમાં તેઓ સરપંચ તરીકે ચૂંટાયા ત્યારથી મંત્રી સુધીનો એમનો કાર્યકાળ વડોદરા જિલ્લા માટે અને અમારા મત વિસ્તાર માટે ખૂબ લોક ઉપયોગી રહ્યો. હું આપ સમક્ષ એમની એક વાત મૂકવા માગુ છું કે, જ્યારે વર્ષ ૨૦૦૨થી ૨૦૦૭ તેઓ ધારાસભ્ય તરીકે સાવલી મત વિસ્તારનું પ્રતિનિધિત્વ કરતા હતા એમના હાથ નીચે મને કામ કરવાનો મોકો મળ્યો, રાજકીય રીતે મને ટ્રેઇન્ડ થવાનો મોકો મળ્યો અને વર્ષ ૨૦૦૭થી ૨૦૧૨માં તેઓ વડોદરા તાલુકાના ધારાસભ્ય તરીકે ગયા ત્યારે પણ મારે એમની સાથે પારિવારીક સંબંધ હતો. વર્ષ ૨૦૧૨માં એક એવી ઘટના બની કે વર્ષ ૨૦૧૨ની વિધાનસભામાં સ્વ. ઉપેન્દ્રસિંહજી અને મારે સામે સામે ચૂંટણી લડવાનો વારો આવ્યો. એ પહેલાની એક ઘટના હું આપને કહીશ, એ એટલા માટે કહીશ કે એ ઘટના મારા જીવનની અંદર કાયમ માટે યાદ રહી ગઇ છે. વર્ષ ૨૦૧૨માં જ્યારે સ્વ. ઉપેન્દ્રસિંહનું સાવલી મત વિસ્તારમાંથી ચૂંટણી લડવા માટે જ્યારે એમનું નામ સંભળાયું ત્યારે મેં એમને ફોન કર્યો અને કહ્યું કે, બાપુ આપનું નામ સાવલી મત વિસ્તાર માટે છે તો કદાચ આ વિસ્તારની ટિકિટ આપને મળવાની છે? મને કહે કે કેતન ના હું નથી લડવાનો હું બીજેથી લડીશ. તો મેં કહ્યું કે બાપુ, હું મારી તૈયારી કરું ? તો કહે હા, મારા આશીર્વાદ તારી સાથે છે. જોગાનુજોગ વર્ષ ૨૦૧૨મા પાછા સ્વ. ઉપેન્દ્રસિંહજી ભારતીય જનતા પાર્ટીની સીટ પરથી તેમને ટિકિટ મળી અને તેમને ચૂંટણી લડવા માટે પક્ષે આદેશ કર્યો પણ એક વાત મને કાયમ યાદ આવે છે કે જયારે બાપુએ મને એવુ કહ્યું કે તું તૈયારી કર. વર્ષ ૨૦૧૨ની જયારે ચૂંટણી આવી અને તેની અંદર મેં ફોર્મ ભર્યું ત્યારથી હું જીત્યો ત્યાં સુધી મને કોઇ દિવસ ફોર્મ ભર્યા પછી ફોર્મ પાછું ખેંચવાનું ના કહ્યું. જીત્યા પછી પણ મારી જોડે એક વડીલનો જ ભાવ, એક મારા માર્ગદર્શક તરીકે મારી સાથે રહ્યા અને જીવ્યા ત્યાં સુધી જયારે પણ બાપુ પાસે હું ગયો હોઇશ ત્યારે મને એક પિતા પ્રેમ જ મળ્યો છે એવા સ્વર્ગસ્થને જયારે મેં ગુમાવ્યા છે ત્યારે મને પણ મારા જિલ્લાને અને રાજયને તમામને ખોટ પડી છે. સાથે સાથે બીજા અન્ય મહાનુભાવોને પણ હું મારી ભાવાંજલિ અર્પું છું અને આપશ્રી મારફત પ્રભુ સદ્ગતના આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના કરી અને આપની મારફત તેઓના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

શ્રી પુંજાભાઇ ભી. વંશ(ભા.રા.કો.) : માનનીય અધ્યક્ષશ્રી, સભાગૃહના નેતા અને માનનીય મુખ્યમંત્રીશ્રી શોક ઠરાવ લઇને આવ્યા છે જેમાં સ્વર્ગસ્થ લતા મંગેશકર, સ્વર્ગસ્થ ડો.આશાબહેન, સ્વર્ગસ્થશ્રી પ્રતાપસિંહ હીરાભાઇ પટેલ, સ્વર્ગસ્થશ્રી વ્રજલાલ દુર્લભજી જાની, સ્વર્ગસ્થશ્રી અમૃતલાલ કાળીદાસ પટેલ, સ્વર્ગસ્થશ્રી ઉપેન્દ્રસિંહ પ્રતાપસિંહ ગોહીલ, સ્વર્ગસ્થ અંબાલાલ જયશંકર ઉપાધ્યાય, સ્વર્ગસ્થ જગદીશચંદ્રજી દોલજીભાઇ ડામોર, સ્વર્ગસ્થશ્રી જોરૂભા જેઠુભા ચૌહાણના શોક ઠરાવમાં વિરોધપક્ષના નેતાશ્રીએ સૂર પૂરાવ્યો છે અને માનનીય સભ્યશ્રીઓએ અને માનનીય મંત્રીશ્રીઓએ જે સૂર પૂરાવ્યો છે તેમાં હું પણ મારૂં અનુમોદન આપી મારો સૂર પૂરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વર્ગસ્થ લતાદીદી માટે કહેવુ હોય તો એટલુ જ કહી શકાય કે **ન ભૂતો ન ભવિષ્યતિ** તેમના જવાથી સમગ્ર દેશે એક સૂર સામ્રાજ્ઞી આપણે ગુમાવ્યાં છે જેનું આપણને સૌને દુઃખ છે. તેમના આત્માને પરમકૃપાળુ પરમાત્મા શાંતિ અર્પે એવી પ્રાર્થના કરીએ. આ સિવાય બાકીના ચાર સભ્યો સાથે આ ગૃહમાં સાથે કામ કરવા માટેનો મોકો મળ્યો છે. ડો.આશાબહેન, સ્વર્ગસ્થ મહેશભાઇના પિતાશ્રી અમૃતભાઇ, ભાઇશ્રી ઉપેન્દ્રસિંહ ગોહીલ અને સ્વર્ગસ્થશ્રી જોરૂભા જેઠુભા ચૌહાણ સાથે કામ કરવાનો મોકો મળ્યો છે અને સાથી ધારાસભ્ય તરીકે ડો.આશાબહેન સાથે પણ કામ કરવાનો મોકો મળ્યો છે. ઘણા બધા સભ્યોએ અને મંત્રીશ્રીઓએ જે વાત કરી છે તેનુ પુનરાવર્તન ન કરતા ડો. આશાબહેન મારી પીએસી કમિટીના સભ્ય તરીકે કામ કરતા હતા. પીએસી કમિટીમાં પણ અભ્યાસ સાથે પોતાની વાત અને પ્રજાકીય પ્રશ્નોની અસરકારક રીતે રજૂઆત કરતા હતા. અહીંયા જેમ કહેવાયું તે પ્રમાણે ૪થી, ૫મી અને ૬ઠ્ઠી ડિસેમ્બરના રોજ જાહેર હિસાબ સમિતિના સો વર્ષ પૂર્ણ થયાની ઉજવણી માટે લોકસભાના સ્પીકર ઓમ બિરલાજીએ શતાબ્દી કાર્યક્રમ રાખેલો અને ચેરમેન તરીકે તેમાં ભાગ લેવાનો અને મારી સમિતિના સભ્ય તરીકે ડો.આશાબહેને પણ ભાગ લીધેલો. આપ પણ હાજર હતા એ સ્મૃતિઓ એટલા માટે નજર સમક્ષ યાદ આવે છે કે પાર્લામેન્ટના હોલમાં સાથે અરસ પરસ મળીને ફોટોગ્રાફી કરી મારા પત્ની પણ સાથે હતા અને અમારા બન્નેના ફોટોગ્રાફ પાર્લામેન્ટમાં ડો.આશાબહેને લીધેલાં અને જયારે તેના દુઃખદ સમાચાર ટી.વી.ઉપર આવ્યા મને તો ખબર પણ નહોતી મારા પત્નીએ મને ફોન કર્યો કે ડો.આશાબહેનના માઠાં સમાચાર આવ્યા છે. ત્યારે એમની આ યાદો કાયમ માટે યાદ રહેશે. વિપક્ષના ધારાસભ્ય તરીકે અહીંયા રહીને તેમણે પોતાની આક્રમકતાથી પ્રજાકીય પ્રશ્નોને અસરકારક રીતે વિધાનસભા ગૃહમાં રજૂ કર્યા છે અને સત્તા પક્ષના ધારાસભ્ય તરીકે પણ એમણે પ્રજાકીય કામોને અગ્રતા આપીને કામ કર્યા છે ત્યારે આજે તેઓ આપણી વચ્ચે નથી રહ્યા. બાકીના સભ્યો પણ આપણી વચ્ચે નથી રહ્યા ત્યારે તેમના કુટુંબીજનો ઉપર જે

દુ:ખ આવ્યું છે એ દુ:ખ સહન કરવાની શક્તિ પરમકૃપાળુ પરમાત્મા એમને આપે અને આપના મારફત એમના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

ડો. સી. જે. ચાવડા(ભા.રા.કો.) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના નેતા જે શોક પ્રસ્તાવ લઇને આવ્યા છે એવા સ્વ.લતા મંગેશકર, સ્વ. ડૉ. આશાબેન પટેલ, સ્વ. પ્રતાપસિંહ હીરાભાઇ પટેલ, સ્વ.શ્રી વ્રજલાલ દુર્લભજી જાની, સ્વ.શ્રી અમૃતલાલ કાળીદાસ પટેલ, સ્વ.શ્રી ઉપેન્દ્રસિંહ પ્રતાપસિંહ ગોહીલ, સ્વ.શ્રી અંબાલાલ જયશંકર ઉપાધ્યાય, સ્વ.શ્રી જગદીશચંદ્રજી દોલજીભાઇ ડામોર અને સ્વ.શ્રી. જોરૂભા જેઠુભા ચૌહાણ જ્યારે આપણી વચ્ચે નથી રહ્યા ત્યારે એમના કુટુંબીજનોને માતાજી અને પરમાત્મા સહન કરવાની શક્તિ આપે અને જે દુ:ખ વ્યક્ત કરું છું એ આપના માધ્યમથી એમના સુધી પહોંચે એવી વિનંતી કરું છું. આ તમામ આત્માઓ માટે હું એટલું જ કહીશ કે સહુ-સહુના ક્ષેત્રમાં આજે એમની ખોટ વર્તાય છે. એક કવિએ કહ્યું છે કે, '' છે અરમાનો જિંદગીના ઘણાય બાકી, પણ બે-ચાર સારાં કામ થાય તોય ઘણું છે. લવલેશ ડર હવે મોતનો નથી સતાવતો, પણ મૃત્યુ પછી મારી ક્યાંક ખોટ વર્તાય તોય ઘણું છે.'' આ તમામ દિવંગત આત્માઓની ખોટ આજે વર્તાઇ રહી છે. સ્વ. લતા મંગેશકર વિશે ઘણું બધું કહેવાયું અને એમને આખી દુનિયા જાણે છે. સ્વર સામ્રાજ્ઞી લતાજીનું એક ભજન મને બહુ ગમે છે કે, ''હંસલા ચાલો ને હવે સાચાં મોતિડાં નહિ મળે.'' ગુજરાતી ભાષામાં અને જુદી-જુદી ભાષાઓમાં ૫૦,૦૦૦ જેટલાં ગીતો ગાઇને એમણે વર્લ્ડ રેકોર્ડ તો રચ્યો છે, પણ સમગ્ર દેશના લોકોના દિલમાં એક આગવું સ્થાન જમાવીને લતાજી બેઠાં છે. ડૉ.આશાબેન પટેલ સાથે મારે કૌટુંબિક સંબંધો રહ્યા છે. મારી દીકરીનું નામ પણ ડૉ.આશાબેન છે અને અવાર-નવાર કૌટુંબિક કારણોના લીધે અમે મળતા રહેતા હતા. એક મહિલા તરીકે ખૂબ મહેનત કરીને પોતાના વિસ્તારમાં, શિક્ષણ જગતમાં, જ્યાં પ્રોફેસર તરીકે કામ કરતાં હતાં ત્યાં હંમેશા ઝઝૂમતા રહીને આગવું સ્થાન બનાવ્યું હતું, એને ભૂલાય એમ નથી. સ્વ.શ્રી અમૃતભાઇ કાળીદાસ પટેલ, સ્વ.શ્રી ભૂપેન્દ્રસિંહજી ગોહીલ અને સ્વ.શ્રી જોરૂભા ચૌહાણ સાથે હું અધિકારી રહ્યો. જ્યારે હું મુખ્યમંત્રીશ્રીના કાર્યાલયમાં ઓ.એસ.ડી. હતો ત્યારે અવાર-નવાર એમને મળવાનું થતું હતું. એ દિવસો ભૂલી શકાય એમ નથી. હું જ્યારે જિલ્લા પંચાયત, સાબરકાંઠામાં સરકારની સેવા બજાવતો હતો ત્યારે જિલ્લા પંચાયતના પ્રમુખ તરીકે અંબાલાલ ઉપાધ્યાય એક અદના આદમી હતા. એક સહકારી આગેવાન અને સહકારી ક્ષેત્રના પ્રણેતાને આપણે ગુમાવ્યા છે. આદિવાસી વિસ્તારમાં કામ કરતાં અને પંચાયતી રાજને સાક્ષાત કરતાં સ્વ.શ્રી જગદીશચંદ્રજી ડામોરની પ્રવૃત્તિઓ પણ મેં એ સમયગાળા દરમિયાન નિહાળી છે જે ભૂલી શકાય એમ નથી. આમ, માનનીય મુખ્યમંત્રીશ્રી જે શોક પ્રસ્તાવ લઇને આવ્યા છે એમાં હું મારું દુ:ખ વ્યક્ત કરું છું અને એમના કુટુંબીજનોને પરમાત્મા એ દુ:ખ સહન કરવાની શક્તિ આપે એ માટે પ્રાર્થના પણ કરું છું.

અધ્યક્ષશ્રી : સભાગૃહના નેતાશ્રી અને માનનીય મુખ્યમંત્રીશ્રીએ ભારતરત્ન, સ્વર સામ્રાજ્ઞી સ્વ .લતા મંગેશકરજી, ગુજરાત વિધાનસભાના વિદ્યમાન સભ્યશ્રી સ્વ .શ્રી ડૉ .આશાબેન પટેલ, પૂર્વ રાજ્યકક્ષા મંત્રી સ્વ .શ્રી પ્રતાપસિંહ હીરાભાઈ પટેલ, સ્વ .શ્રી વ્રજલાલભાઈ જાની, સ્વ .શ્રી અમૃતલાલ પટેલ, સ્વ .શ્રી ઉપેન્દ્રસિંહજી ગોહીલ તથા પૂર્વ સભ્ય સ્વ .શ્રી અંબાલાલ જયશંકર ઉપાધ્યાય, સ્વ .શ્રી જગદીશચંદ્રજી ડામોર અને સ્વ .શ્રી જોરૂભા જેઠુભા ચૌહાણના જે શોક પ્રસ્તાવ રજૂ કર્યા છે, તેને વિરોધ પક્ષના નેતાશ્રીએ અનુમોદન આપ્યું છે અને અન્ય સભ્યશ્રીઓએ સ્વર્ગસ્થશ્રીઓના જીવન-કથન સંવેદનસભર કાર્યકાળના ઉલ્લેખો કરી તેઓના વ્યક્તિત્વની ઝલક પ્રસ્તુત કરી છે તે જોતાં આપણને ખ્યાલ આવે છે કે તેઓ હંમેશા પ્રજા હિતના કાર્યો માટે જાગૃત રહેતા હતા. ઉપર્યુક્ત દિવ્ય આત્માઓ તેમના સમગ્ર જીવન દરમિયાન માનવ સેવા માટે હંમેશા પ્રયત્નશીલ રહ્યા હતા અને છેવાડાના માનવી સુધી વિકાસના ફળ મળે તે માટે સતત સેવાઓ આપી હતી. આપણે સૌ પણ તેમના જીવનમાંથી પ્રેરણા લઈ હંમેશા પ્રજા હિતના કાર્યો માટે પ્રયત્નશીલ રહીશું તે જ તેઓને સાચી શ્રદ્ધાંજલિ ગણાશે.

સ્વર સામ્રાજ્ઞી લતા મંગેશકરજીનું તા.૦૬/૦૨/૨૦૨૨ના રોજ દુઃખદ અવસાન થતાં સમગ્ર વિશ્વએ એક કોકિલકંઠી દિવ્ય આત્મા ગુમાવ્યો છે. સંગીતના છોડને પોતાના સૂરોથી વટવૃક્ષ બનાવનાર સ્વ. લતાજી આપણી વચ્ચે રહ્યા નથી, પરંતુ સંગીતના ધબકારા ભવિષ્યની અનેક પેઢીઓની અંદર સદાય જીવંત રહેશે. હું પણ આ દિવ્ય આત્માને મારી શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું .

આ સભાગૃહના આપણા સૌના સાથી અને મારા તો અંગત એવા ડૉ .આશાબેન પટેલને આપણે ગુમાવ્યા છે. સ્વ.આશાબેનનું તા.૧૨મી ડિસેમ્બર, ૨૦૨૧ના રોજ ૪૪ વર્ષની નાની ઉંમરે દુઃખદ અવસાન થયેલ છે. આશાબેન મારી નાની બેન જેવા હતાં અને તેમના અવસાનના થોડા દિવસ પહેલા અમે સૌ અમારી પબ્લિક એકાઉન્ટ કમિટીની કોન્ફરન્સમાં સાથે હતાં. પોતે સભ્ય હતા. ત્રણ દિવસ સતત સાથે રહ્યા, સાથે જમતા હતા, ખૂબ વાતો કરી, મારી સાથે એમના વિસ્તારની અનેક વાતો કરી હતી. તેમની તબિયત થોડીક નાજુક જણાતી હતી, એટલે સમયસર સારવાર લેવા પણ મેં આગ્રહ કર્યો. ડૉક્ટર તરીકે મેં તેમને ઘણી બધી સલાહો આપી, પરંતુ જે કંઈ ભાગ્યમાં લખ્યું હોય તે થાય. તેઓ પોતે ખૂબ શક્તિશાળી, એક યોદ્ધાની જેમ પોતાના વિસ્તારના કાર્યો કરવા હંમેશા તત્પર રહેતા હતાં. મને કહેતાં હતાં કે, રાત્રે ૧૨.૦૦ વાગે કોઈનો પણ ફોન આવે ને બેન, તો હું મારી ગાડી લઈને જાતે ચલાવીને ત્યાં પહોંચી જાઉં. આ એમનો સ્પિરિટ હતો, એટલે આવા સ્વ. આશાબેનને આપણે કહી શકીએ કે લોખંડી મહિલા હતાં. કામ કરવા માટે, સેવા કરવા માટે પોતાની નોકરી છોડીને આ રાજકારણમાં પ્રવેશ કર્યો હતો. એવા સ્વ. આશાબેનની વિદાયથી રાજ્યે મહિલા ઉત્કર્ષ સાથે સંકળયેલા એક આશાસ્પદ યુવા

સમાજસેવક ગુમાવ્યા છે. હું પણ આ દિવ્ય આત્માને મારા હૃદયથી શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું તથા આ દિવંગત આત્મા અને તમામ મહાનુભાવોને હું મારી શોકાંજલિ અર્પણ કરું. પ્રભુ આ તમામ સદ્ગતના આત્માને શાંતિ અર્પે અને તેઓના કુટુંબીજનો ઉપર આવી પડેલ આફત સહન કરવાની પરમકૃપાળુ પરમાત્મા શક્તિ આપે તેવી પ્રાર્થના કરું છું. આપણે સૌ સભાગૃહના તમામ સભ્યશ્રીઓ આ સદ્ગતના આત્માને મોક્ષગતિ પ્રાપ્ત થાય તે માટે પોતાની જગ્યા પર ઊભા રહી બે મિનિટ મૌન પાળીશું.

**(બે મિનિટ મૌન બાદ)**

અધ્યક્ષશ્રી : ઓમ શાંતિઃ, ઓમ શાંતિઃ. સૌ સભ્યો પોતાનું સ્થાન લે. સભાગૃહની આ લાગણી સદ્ગતના કુટુંબીજનોને મોકલી આપવામાં આવશે.

સભાગૃહનું કામકાજ મુલતવી રાખવા અંગે

શ્રી પંકજભાઇ વિ. દેસાઇ (મુખ્ય દંડકશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, વર્તમાન સભાગૃહના વિદ્યમાન ધારાસભ્યશ્રી સ્વ. ડો. આશાબેન પટેલનું અવસાન થયેલ છે. તેથી આ સભાગૃહની પ્રણાલિકા અનુસાર સભાગૃહ સમક્ષનું બાકીનું કામકાજ મુલતવી રાખવામાં આવે.

ડો. સી. જે. ચાવડા (વિપક્ષના દંડકશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, મુખ્ય દંડકશ્રી જે દરખાસ્ત લઇને આવ્યા છે, તેમાં હું વિપક્ષના સૌ સભ્યો વતી મારું અનુમોદન આપું છું.

અધ્યક્ષશ્રી : સભાગૃહની આજની બેઠકનું કામકાજ મુલતવી રાખવામાં આવે છે અને સભાગૃહની બેઠક આવતી કાલે બપોરે ૧૨-૦૦ કલાકે ફરી મળશે.

**સભાગૃહનું કામકાજ બપોરના ૦૨-૧૨ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર ગુરુવાર, તા. ૩જી માર્ચ, ૨૦૨૨ના રોજ બપોરના ૧૨-૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**ગુરુવાર, તા. ૩જી માર્ચ, ૨૦૨૨**
**ફાલ્ગુન-૧૨, શાકે ૧૯૪૩**
**સભાગૃહ બપોરના ૧૨-૦૦ વાગ્યે મળ્યું.**
**માનનીય અધ્યક્ષશ્રી ડૉ. નીમાબેન આચાર્ય અધ્યક્ષસ્થાને**

## તારાંકિત પ્રશ્નો

### નર્મદા યોજનાની કેનાલોનું બાકી કામ

* ૪૦૮૯૧ **શ્રી પુંજાભાઈ વંશ** (ઉના) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ સરદાર સરોવર નર્મદા યોજનાની વિવિધ કેનાલો બનાવવાનું કામ બાકી છે, તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ ક્યા પ્રકારની કેનાલનું કેટલા કિ.મી.નું કામ બાકી છે, અને | (૨) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ નર્મદા યોજનાની શાખા નહેરની સુધારેલ અંદાજીત લંબાઈ ૨૬૮૦.૨૪ પૈકી ૧૦.૧૦ કિ.મી., વિશાખા નહેરોની સુધારેલ અંદાજીત લંબાઈ ૪૬૧૯.૧૬ પૈકી ૧૮૩.૨૭ કિ.મી., પ્રશાખા નહેરોની સુધારેલ અંદાજીત લંબાઈ ૧૫૫૮૨.૯૭ પૈકી ૧૧૪૭.૮૪ કિ.મી., તથા પ્રપ્રશાખા નહેરોની સુધારેલ અંદાજીત લંબાઈ ૪૬૧૫૬.૭૨ પૈકી ૫૩૩૬.૫૯ કિ.મી. લંબાઈમાં કામ બાકી છે.<br>અંદાજીત લંબાઈમાં વધ ઘટ થવાનો સંભવ છે. |
| (૩) આ કામ ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ? | (૩) નહેર માળખાના પ્રશાખા નહેર સુધીના કામ, જમીન સંપાદન, અને અન્ય યુટીલીટી ક્રોસિંગ્સ જેવા કે રેલ્વે, રસ્તાઓ, ગેસ/ઓઈલ પાઈપલાઈન વિગેરેની સંબંધિત વિભાગોની મંજૂરી મળ્યા બાદ શક્ય તેટલી વહેલી તકે પૂર્ણ કરવાનું આયોજન છે.<br>પ્રપ્રશાખા નહેરના કામો ખેડૂતોની ભાગીદારી સાથે કરવાના થતા હોઈ, તબક્કાવાર, પિયત વિસ્તારના ખેડૂતોની સંમતિ મળ્યા બાદ વહેલી તકે પૂર્ણ કરવાનું આયોજન છે. |

શ્રી પુંજાભાઈ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નના જવાબમાં સરકારે જે જવાબ આપ્યો છે તેના ઉપરથી એવું સ્પષ્ટ લાગે છે કે ગતિશીલ સરકારને બદલે ગતિવિહિન સરકાર દેખાઇ આવે છે. મારો સવાલ નર્મદા યોજનાની કેનાલોનું જે કામ બાકી છે તે સંદર્ભે હતો અને સરકારે જે જવાબ આપ્યો છે તો આજથી થોડા વર્ષ પહેલાં માનનીય મંત્રીશ્રી તરફથી કહેવામાં આવેલું કે ગુજરાતની સ્થાપનાની સુવર્ણજયંતિ વર્ષ ૨૦૧૦ સુધીમાં નર્મદા યોજનાનું એકપણ કામ બાકી નહીં રહે. તેના ઉપર વિશેષ ધ્યાન આપવામાં આવશે. એવું આપની સરકારે અને અગાઉના મુખ્યમંત્રીશ્રીએ કહેલું. એવી જ રીતે થોડા વર્ષ પહેલા, તારીખ-૧લી મે, ૨૦૦૩ના એક કાર્યક્રમમાં પણ કહેવામાં આવેલું કે ગુજરાતમાં નર્મદા કેનાલ આવતાની સાથે જ ગુજરાતનો ખેડૂત રૂપિયો વાવીને ડોલર ઉગાડશે પણ વર્ષ ૨૦૧૩-૧૪નું સરદાર સરોવર નર્મદા નિગમનું અર્ધ વાર્ષિક સરવૈયું બહાર પાડ્યું ત્યારે એ સરવૈયાના ત્રીજા પેરામાં યોજનાનું બાંધકામ ચાલુ છે અને યોજના મોટા ભાગે પૂરી થઇ શકી નથી એવો ઉલ્લેખ વાંચવા મળ્યો. માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગું છું કે છેલ્લા ૨૫ વર્ષથી તમે રાજ્ય સરકારમાં છો અને હજી આટલા કેનાલોના કામ બાકી છે ત્યારે મારે જાણવું છે કે મૂળ નર્મદાનો કમાન્ડ એરીયા કેટલો હતો અને આજની તારીખે ડીકમાન્ડ કેટલા હેકટર કરવામાં આવ્યો છે?, જે કેનાલોના કામો બાકી છે એ કામો અત્યાર સુધી તમે કહેતા આવ્યા છો કે ઝડપથી પૂર્ણ કરવામાં આવશે તો આ બાકી રહેલા કેનાલોના કામો એ પછી પ્રશાખા હોય, પ્ર-પ્રશાખા હોય, વિશાખા શાખા હોય આ તમામ

પ્રકારના શાખાઓના બાકી રહેલા કામો કેટલા સમયની અંદર પૂર્ણ કરવામાં આવશે? નંબર-૩, સુધારેલ અંદાજીત લંબાઇ તો આ સુધારેલ અંદાજીત લંબાઇ કયારે સુધારવામાં આવી છે તેનો માનનીય મંત્રીશ્રી જવાબ આપે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આજે સરદાર સરોવર યોજના નહેર માળખાનો પ્રશ્ન પૂછીને મને લાગે છે કે ગુજરાતને આ ગૃહના માધ્યમથી એવી માહિતી મળી શકે કે આવતા વર્ષોમાં અને ભૂતકાળમાં ભારતીય જનતા પાર્ટીની સરકારે શું શું કર્યું. એમણે વિલંબના કારણો પૂછ્યા છે, સરદાર સરોવર યોજનાની મુખ્ય નહેરથી પ્રશાખા નહેર સુધી આશરે ૫૩ હજાર હેકટરથી પણ વધુ ખાનગી જમીન સંપાદન કરવાનું થાય છે. જે તબક્કાવાર સંપાદન કરવામાં આવે છે. વધુમાં જમીન સંપાદન અંગેનો નવો નિયમ વર્ષ ૨૦૧૩માં, વચ્ચે જમીન સંપાદનનો આખો જે કાયદો હતો એ કાયદો અટવાયેલો રહ્યો અને વર્ષ ૨૦૧૩માં આ કાયદો અમલમાં આવ્યો અને બાકીનું જે જમીન સંપાદન હતું એ મુજબ એ પ્રક્રિયા કરવાની થઇ, અદાલતમાં પેન્ડિંગ કેસો હોય એમાં  કેટલાએ વર્ષો નીકળી જાય, એ આપણને સૌને ખબર છે અને એના કારણે પણ જે વિલંબ થયો છે, આમ તો વિલંબ ના કહેવાય, પરંતુ ન્યાયીક પ્રક્રિયામાં જે કેસો કોર્ટમાં જતા હોય અને આપણે ના કરી શકતા હોઇએ, કયાંક મીસીંગ લીંક હોય, કયાંક લોકો કોર્ટમાં જઇ અને આગળ વધવા ના દેતા હોય, કયાંક ક્રોસીંગ હોય અને એ ક્રોસીંગ પણ ક્રોસ કર્યા પછી કેનાલ આગળ લઇ જવાનું થતું હોય, પરંતુ એવા કારણોસર આપણી મિસિંગ લિન્કની અંદર, ક્યાંક પરમિશનો ન મળવાના કારણે અને ક્યાંક અદાલતોમાં જે પેન્ડીંગ કેસો છે એના કારણે આપણે એને આગળ વધારી શક્યા ન હતા. અદાલતોમાં પણ નીચેની કોર્ટ, ઉપરની કોર્ટ અને એના ઉપરની કોર્ટ, આમ આખો સમયગાળો છે એ ખૂબ લંબાઇ જતો હોય છે. યોજના માટે ૩૬,૧૫૭ કિલોમિટર લંબાઇની પ્રશાખાઓનું બાંધકામ કરવાનું હતું. અગાઉની નીતિ મુજબ અગાઉ જ્યારે આ યોજના મંજૂર થઇ એ વખતે આ બધું ખેડૂતોના માથે નાખી દેવામાં આવ્યું હતું કે ખેડૂત એનું કમિશનીંગ કરે, એના પૈસા ખેડૂતે ભોગવવાના થાય. પરંતુ આપણી ભારતીય જનતા પાર્ટીની સરકારે ખેડૂતોને પણ એ ખર્ચમાંથી બચાવી લીધા.  એમની સહભાગિતા રાખી પણ એ માત્ર ૧૦ ટકા. પરંતુ ૯૦ ટકા ખર્ચ સરકાર ભોગવે એ પ્રકારનો નિર્ણય લઇને ખેડૂતોને ખૂબ મોટી રાહત પહોંચાડી છે. યુટિલિટીના ક્રોસિંગ માટે  રેલ્વે લાઇન, ગેસ અને ઓઇલ પાઇપલાઇન માટે સંબંધિત વિભાગોની મંજૂરી લેવાની હોય છે. કેન્દ્ર સરકાર દ્વારા ૨૦૦૯થી ચાલતી આ બધી યોજનાઓને પ્રાથમિકતા આપી પૂરી કરવાની શરૂઆત કરેલી. જેનું ગુજરાતમાં પણ અમલીકરણ કરવામાં આવેલ છે. ભારતમાલા જેવો પ્રોજેક્ટ યુદ્ધના ધોરણે ૩ વર્ષમાં પૂર્ણ કરવામાં આવનાર છે. જેના કારણે નર્મદાના ક્રોસિંગની પરવાનગી તેમજ તેના માટે વિશેષ વ્યવસ્થા ઉભી કરવાની થાય છે. સરદાર સરોવર યોજનામાં ૫૯,૫૦૦ કિલોમિટર જેટલી લંબાઇની નહેરોનું બાંધકામ કરવાનું થાય છે. કોઇપણ બંધનું નિર્માણ, આટલું મોટું માળખુ અને લંબાઇના કારણે સમય માગી લે છે.  એના જીવંત ઉદાહરણ રૂપે જોઇએ તો ભાખરા નાંગલ ડેમ ૪૫ વર્ષે પૂરો થયો, કોશીને ૪૦ વર્ષ થયા, ગંડકને ૪૦ વર્ષ, નાગાર્જુન સાગરને ૩૫ થી વધુ વર્ષ લાગ્યા.  (અંતરાય)

અધ્યક્ષશ્રી : નર્મદાનો ખૂબ ગંભીર પ્રશ્ન છે. શ્રી પુંજાભાઇ લઇને આવ્યા છે. શાંતિથી બધા સાંભળશો. સવાલ ખૂબ અગત્યનો હતો એટલે જવાબ કિલયર મળે એ જરૂરી છે. બધાને નર્મદા વિશે જાણવું છે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ઓકટોબર-૨૦૦૦માં નર્મદા કન્ટ્રોલ ઓથોરિટીની સમીક્ષા સમિતિએ ઇરિગેશન બાયપાસ ટનલના બાંધકામ માટે મંજૂરી આપી. આપણે તો પહેલેથી કામ ચાલુ કર્યું હતું અને વર્ષ ૨૦૦૦ પછી એને વેગ આપ્યો. મને કહેતા ખૂબ દુઃખ થાય છે, એટલા માટે થાય છે કે રાજ્યના શાસકોએ ઉંચાઇ વધારવા માટે ઉપવાસ ઉપર બેસવું પડે એનાથી મોટી કમનસીબી કઇ હોઇ શકે?  એના માટે પણ અહીંથી ડેલિગેશન જાય. (અંતરાય)

અધ્યક્ષશ્રી : ખૂબ સારો પ્રશ્ન છે, બધાને જાણ કરવી જરૂરી છે. કોઇપણ જાતના ડિસ્ટર્બન્સ વગર માનનીય મંત્રીશ્રીનો જવાબ સાંભળો. તમારો જવાબ આપે છે. આપ પહેલાં જવાબ સાંભળો પછી પ્રશ્ન પૂછવો હોય તો પૂછજો.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : શ્રી પુંજાભાઇએ પણ શરૂઆત એ જ રીતે કરી હતી એટલે મારે આ કહેવું પડે છે.

અધ્યક્ષશ્રી : શોર્ટમાં જવાબ આપો.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : શોર્ટમાં જ આપી રહ્યો છું.

અધ્યક્ષશ્રી : કોઇપણ રાજકીય અવલોકન કર્યા વગર શોર્ટમાં જવાબ આપો.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : આખા ગુજરાતની પ્રજાને લાગુ પડે છે. આપ ગુજરાતની પ્રજામાં નથી?  આપને સાંભળવું નથી કે અત્યારે આપણે ક્યાં આગળ છીએ?  લગભગ મેઇન કેનાલ આપણે પૂરી કરી છે.  બ્રાન્ચ કેનાલ ૧૦ કિલોમિટર બાકી છે. ડિસ્ટ્રીબ્યુટરી કેનાલ ૯૨ ટકા પૂરી કરી છે. માઇનોર અને સબ માઇનોર પણ આપણે ૯૬ ટકાની આજુબાજુ પૂરી કરી છે. લગભગ નર્મદા યોજનાની અંદર હવે જેટલી મિસિંગ લિન્કો જ્યાં બાકી છે અને આપણો ટોટલ કમાન્ડ વિસ્તાર જે પ્લાનીંગ કમિશનમાં ૧૮.૩૨ લાખ હેકટર હતો, જે એનું સિંચાઇ ક્ષેત્ર છે એમાં ૧૭.૯૨ લાખ હેકટર ઇરિગેશન પોટેન્શિયલ છે. આ ફેરફાર થવાનું કારણ એટલું જ છે કે જ્યાં આપણી કેનાલો જાય છે અને જે વખતે આપણો ઇરિગેશન કમાન્ડ વિસ્તાર નક્કી કર્યો હતો. એ વખતે એનું ફીઝીબલ કયાંક ઉંચાઇ ઉપર હોય આપણે પહોંચાડી ન શકતા હોઇએ એના કારણે આખો કમાન્ડ વિસ્તાર જે ઓરીજીનલ પ્લાનીંગ કમિશનમાં હતું એના કારણે ઘટયો છે. અત્યારે ૧૭,૦૦,૦૯૨ માંથી ૧૬,૦૦,૦૯૨ હેકટરની અંદર આપણે પિયત કરવાનું ચાલુ કરી દીધું છે. પ્રશાખાઓ, માઇનોર, સબમાઇનોર કામ પૂરું કરી દીધું છે. હવે નાના મોટા જે હર્ડલ્સ આવી રહ્યા છે તેમાં પણ મારે કહેવું છે. (અંતરાય)

## તારાંકિત પ્રશ્નો

અધ્યક્ષશ્રી : શાંતિ રાખો તમે. મંત્રીશ્રી જવાબ આપે છે એ જવાબ શાંતિથી સાંભળો. આપ બેસો. હું કહું છું. બહુ લાંબો જવાબ ન આપતા. ટૂંકમાં પૂરી માહિતી આપો.

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, ત્રણ મિનિટનો લાંબો સવાલ એમણે પૂછયો છે. પરીક્ષાની અંદર એક સવાલ આવેને તો એનો જવાબ લાંબો જ હોય. પ્રશ્ન ભલે ટૂંકો હોય અને એમણે તો લાંબો સવાલ પૂછયો છે.

અધ્યક્ષશ્રી : બધા શાંતિથી જવાબ સાંભળો .

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, નેશનલ હાઇવેને વર્ષ ૨૦૦૭ની અંદર એડમિનિસ્ટ્રેટીવ એપ્રુઅલ મળી અને ૨૦૦૯માં આપણે કામ ચાલુ કરી દીધું. રેલ્વેમાં વર્ષ ૨૦૦૫માં વહીવટી મંજૂરી મળી આપણે ૨૦૦૫માં જ કામ ચાલુ કરી દીધું. અદાણી પાઇપલાઇનમાં વર્ષ ૨૦૧૮માં વહીવટી મંજૂરી મળી વર્ષ ૨૦૧૮માં જ કામ ચાલુ કરી દીધું જી.એસ.પી.એલ.એ આમ જયારે પણ આ બાકીના કેનાલના કામો માટે આપણે જરૂર પડી છે ત્યારે અને વહીવટી મંજૂરી મળ્યા પછી તાત્કાલીક ચાલુ કરવાનું કામ આ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે.

શ્રી શશીકાન્ત મ. પંડ્યા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ ખૂબ સારો જવાબ આપ્યો છે. નર્મદા મૈયા આપણા (અંતરાય) સાંભળો, સાંભળવાની તૈયારી રાખવી પડે. નર્મદાનો લાભ તમારે નથી લેવાનો? તમે તો દરવાજા પણ નહોતા મૂકવા દીધા. હવે ભુલી ગયા છો? વાતો કરો છો.

અધ્યક્ષશ્રી : માનનીય શશીકાંતભાઇ, આપ સીધા પ્રશ્ન ઉપર આવો.

શ્રી શશીકાન્ત મ. પંડ્યા : માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા એ સૌના માટે જીવાદોરી સમાન છે. માનનીય મંત્રીશ્રીએ ખૂબ સારો જવાબ આપ્યો છે. મારે એ પૂછવું છે કે જિલ્લાવાર કુલ કેટલી સિંચાઇ ક્ષમતા વિકસિત થયેલી છે એ માનનીય મંત્રીશ્રી જવાબ આપે એવી મારી વિનંતી છે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછયો છે વર્ષો જુનું સ્વપ્ન, ગુજરાતનું સ્વપ્ન, આપણું સ્વપ્ન, આપણા સૌનું સ્વપ્ન અને આપણો જે કમાન્ડ વિસ્તાર અને જે ઈરીગેટેડ એરિયા કરવાનો હતો એ ઈરીગેટેડ એરિયામાં પ્રશાખા નહેરો સુધીના કામો પૂર્ણ જાન્યુઆરી-૨૦૦૦ અંતિત સિંચાઇ ક્ષમતા જિલ્લાવાર કહું તો અમદાવાદમાં ૨,૯૩,૦૩૮ આણંદમાં ૭૪ હેકટર, બનાસકાંઠામાં ૧,૬૭,૩૦૫ હેકટર, ભરુચમાં ૧,૫૬,૭૫૫ હેકટર, ભાવનગરમાં ૪૪,૨૨૨ હેકટર, બોટાદમાં ૪૯,૪૯૩ છોટાઉદેપુરમાં ૩૮,૯૮૯, ગાંધીનગરમાં ૧૨,૬૬૩ અને કચ્છની અંદર ૫૯,૯૩૪ હેકટર સિંચાઈનું કામ આપણે પૂરું કર્યું છે. ખેડામાં ૩૬,૯૦૯, મહેસાણામાં ૬૨,૬૬૯, મોરબીમાં ૬૫,૦૦૦, નર્મદામાં ૧૮,૮૭૩, પંચમહાલમાં ૩,૭૨૫ પાટણમાં ૨,૦૩,૬૪૪, સુરેન્દ્રનગરમાં ૨,૬૪,૦૨૭, વડોદરામાં ૨,૧૪,૯૩૬ આમ ૧૬,૯૨,૨૫૮ હેકટરમાં આજે આપણે ઈરીગેશનની ક્ષમતાએ પહોંચ્યા છીએ. હું એટલા માટે કહી રહ્યો છું કે ૨૦૦૦ ની અંદર આપણને જે મંજૂરી મળી બાયપાસ ટનલની અને બાયપાસ ટનલથી ઈરીગેશન થતું હોય છે એટલે ૨૧ વર્ષની અંદર આપણે ૯૫-૯૬ ટકા ઈરીગેશન સુધી પહોંચી ગયા છીએ.

શ્રીમતી ગેનીબેન ન. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે મારા મત વિસ્તાર વાવ, ભાભર, સુઇ ગામ અને થરાદમાં તા. ૩૧-૩-૨૦૨૧ના રોજ અમારા વિસ્તારના ૨૫ ગામ વાવ અને સુઇગામ અને વાવ તાલુકાના ૧૧ ગામ એમ મળીને ૩૬ ગામ માટે ૧૦૩ કરોડની યોજનાની સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવી છે. મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આ યોજના પૂરી કરવા માટે એની વહીવટી મંજૂરી કયારે આપવામાં આવી છે? કેટલા સમય મર્યાદામાં આ યોજના પૂરી કરવામાં આવશે? જે વિસ્તાર કમાન્ડ એરિયામાં નથી આવતા તો આવા ગામોને તળાવો સાથે જોડાણ કરીને ખેડૂતોને પાણી આપવા માગો છો કે કેમ?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ગેનીબેન અમને અભિનંદન આપી દો. માનનીય મુખ્યમંત્રીશ્રીએ આની સૈદ્ધાંતિક મંજૂરી આપી દીધી છે.

શ્રીમતી ગેનીબેન ન. ઠાકોર : ગઇ વખતે બજેટમાં મેં માગણી કરી હતી. માગણીને વાંચા આપીને ૧૦૩ કરોડની યોજના મંજૂર કરી છે, તે ટાઇમે હું જાહેરામાં ગૃહમાં બોલી હતી કે સરકારનો આભાર માનીશ. એટલે સરકારનો આભાર માનું છું. પણ સમય-મર્યાદામાં આ યોજના પૂર્ણ કરવામાં આવે તેવી વિનંતી. (અંતરાય)

શ્રી ઋષિકેશ ગ. પટેલ : ભારતીય જનતા પાર્ટીનાં સારાં કામને આખી પ્રજા ગુજરાતને અભિનંદન આપી રહી છે. માનનીય ગેનીબેને વાવ-સૂઈ ગામ માટે તળાવો ભરવાની અને નર્મદાનું પાણી પહોંચાડવાની વાત કરી. આદરણીય મુખ્યમંત્રીશ્રી સાહેબે સૌદ્ધાંતિક મંજૂરી આપી દીધી. એમાં કયાંય બાકી રહેતા નથી. બધા જ ગામો આપની માગણી મુજબના પાઇપલાઇનથી ભરવાના તમામ ગામો એમાં ધરધરા, દેથલી.. નામ સાંભળવા છે?

અધ્યક્ષશ્રી : શ્રીમતી ગેનીબેન બેસો. તમે પ્રશ્ન પૂછ્યો છે અને માનનીય મંત્રીશ્રી જવાબ આપે છે. વચ્ચે ડિસ્ટર્બ ન કરો.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : ૨૨ જેટલા ગામો છે. કહેતા હોય તો લિસ્ટ વાંચું. તમારે અહીયા સાંભળવું હોય તો. પછી કહેશો કે જવાબ મોટો થાય છે. તમારો હક્ક છે. તમારા ગામના નામો સાંભળવા હોય તો.

અધ્યક્ષશ્રી : એમને લિસ્ટ આપી દેજો.

## તા. ૩જી માર્ચ ૨૦૨૨

## તારાંકિત પ્રશ્નો

શ્રી ઋષિકેશ ગ. પટેલ : ઘરઘરા, દેથલી, ભડવેલ, ઇશ્વરિયા, જનાવાડા, ભાંખોડ, સાવપૂરા, વસરદા,રામપુરા, ખડોલ, ભીમસરા,ચલા, કુંભરકા, સેઢાવ, ધુધવા, બેનપ, સુઇગામ, લીંબુની, માતપુરા, મસોલી, જલોયા અને મુળીખા. લગભગ તમારા બધા ગામો આવી ગયા છે. ત્યારે આ નર્મદા...

અધ્યક્ષશ્રી : આપ બેસો. ૪-૫ જણાએ પ્રશ્ન પૂછ્યો છે તો મારે બધાને તક આપવાની છે. માનનીય શ્રી રમણભાઇ. (અંતરાય) આપ બેસો. આપને પણ તક આપીશ. પ્રશ્ન પૂરો થવા દો. પ્રશ્ન ખૂબ અગત્યનો છે. બધાને જાણવાનો અધિકાર છે.

શ્રી રમણભાઇ ધુ. પટેલ : સરદાર સરોવર યોજના ગુજરાતની જીવાદોરી છે અને આ યોજનાને પરિપૂર્ણ કરવા માટે જો કોઇનું મોટું યોગદાન હોય તો ગુજરાતના પનોતા પુત્ર એવા આજના વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી સાહેબનું છે.

અધ્યક્ષશ્રી : શ્રી રમણભાઇ, સીધા પ્રશ્ન ઉપર આવો.

શ્રી રમણભાઇ ધુ. પટેલ : આપના માધ્યમથી મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે સરદાર સરોવર યોજના માટે પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજનાના ત્વરિત સિંચાઇ લાભ કાર્યક્રમ હેઠળ આજ દિન સુધી કુલ કેટલી કેન્દ્રીય સહાય મળેલ છે ? છેલ્લાં ૫ વર્ષમાં કેટલી મળી છે એનો વિસ્તૃત જવાબ આપો?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સરદાર સરોવર યોજના માટે પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજનાના ત્વરિત સિંચાઇ યોજનાના લાભ કાર્યક્રમ હેઠળ વર્ષ ૧૯૯૬-૯૭થી ૨૦૨૧-૨૨ જાન્યુઆરી-૨૦૨૨ સુધી કુલ રૂપિયા ૪૦૩૦.૫૦ કરોડની કેન્દ્રીય લોન મળી છે. સાથે ૯,૨૦૨ કરોડની રકમની આપણને કેન્દ્રીય સહાય મળી છે. આમ, વર્ષ ૨૦૧૪-૧૫થી જાન્યુઆરી-૨૦૨૨ સુધી રૂ. ૪,૪૩૦ કરોડની સહાય આપણને મળી છે. મારે એક ધ્યાન દોરવું છે કે આ સહાય મળી એમાં વર્ષ ૨૦૧૪-૧૫થી ૨૦૨૧-૨૨ સુધી રૂ. ૪,૪૪૦ કરોડની સહાય મળી છે. હકીકતની અંદર જે બાકીના વર્ષોમાં સહાય મળી એ બંને ૫૦-૫૦ ટકા થાય છે. માનનીય અધ્યક્ષશ્રી, ૧૯ વર્ષમાં ૫૦ ટકા અને ૭ વર્ષમાં ૫૦ ટકા. આદરણીય પ્રધાનમંત્રી મોદી સાહેબના કારણે છે.

શ્રી વિક્રમભાઇ અ. માડમ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, હમણાં તેમણે જે જિલ્લાઓની યાદી બહાર પાડી તેમાં જામનગર જિલ્લો અને દેવભૂમિ દ્વારકા જિલ્લો તો કયાંય છે જ નહીં. ત્યાં એક શાની ડેમ છે. બે વર્ષથી આ ડેમને તોડી નાખવામાં આવ્યો છે. સરકારે મને બે વર્ષ પહેલાં ખાતરી આપી હતી કે, ત્રણ વર્ષમાં આ ડેમનું કામ પૂરું થઇ જશે. આખો જિલ્લો શાની ડેમ આધારિત છે. નર્મદા કેનાલ કયારે આવશે, કયારે પીવાનું પાણી મળશે, ખેતી તો સાઇડમાં રહી. લોકોને પીવાનું પાણી પણ નથી મળતું. જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં શું સ્થિતિ છે તેનો ટૂંકમાં જવાબ આપે. લાંબી લાંબી વાતો નહીં, ફકત ટૂંકમાં જવાબ આપશે તો આનંદ થશે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીનું સૂચન છે, આના માટે અલગ નોટીસથી પ્રશ્ન પૂછવામાં આવશે તો ચોક્કસ જવાબ મળશે.

શ્રી મહેશકુમાર ક. રાવલ : માનનીય અધ્યક્ષશ્રી, મધ્ય ગુજરાતના આણંદ અને ખેડા જિલ્લો તે સંપૂર્ણ સિંચાઇ આધારિત જિલ્લો છે. મહી-કડાણા સિંચાઇ યોજના દ્વારા આ બંને જિલ્લાઓને રાજ્ય સરકાર દ્વારા પાણી પૂરું પાડવામાં આવે છે. ગત ચોમાસામાં મોડું થતાં ખેડૂતોને ખેતી કરવી મુશ્કેલ બની હતી ત્યારે રૂપાણી સાહેબની અને નીતિનભાઇ સાહેબની સરકારે...

અધ્યક્ષશ્રી : આપ સીધા પ્રશ્ન ઉપર આવો. ઘણા લાંબા સવાલ કર્યા વગર સીધા પ્રશ્ન ઉપર આવો.

શ્રી મહેશકુમાર ક. રાવલ : માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્ન ઉપર જ આવું છું કે, રૂપાણી સાહેબ અને નીતિનભાઇ સાહેબે આ સિંચાઇ યોજના થકી ગત ચોમાસામાં ખેડૂતોની ખેતી બરબાદ ન થાય તેના માટે ડેમમાં પાણી ન હોવા છતાં પાણી આપ્યું હતું. ત્યારે મારે માનનીય મંત્રીશ્રીને પૂછવું છે કે, જાન્યુઆરી-૨૦૨૨ ના અંતે કયા પ્રકારની કુલ કેટલી લંબાઇના નહેરોના કામો કરવાના છે, તે પૈકી હાલમાં કેટલી લંબાઇના કામો પૂર્ણ થયેલ છે?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અગાઉ પણ મેં મારા પ્રશ્નના જવાબમાં કહ્યું હતું. માનનીય સભ્યશ્રીએ વિગતવાર જવાબ માગ્યો છે. તા.૩૧-૧-૨૦૨૨ની સ્થિતિએ નહેરોની કુલ લંબાઇ પૈકી નીચે મુજબના એટલે કે આ પત્રક જે આપ્યું છે તે પ્રમાણે કામ થયા છે. મેઇન કેનાલનું સો એ સો ટકા કામ પૂર્ણ થયું છે. ૪૫૮.૩૨ કિલોમિટરની મેઇન કેનાલ હતી તેમાંથી ૪૫૮.૩૨ એટલે કે સો ટકા કામગીરી થઇ ગઇ છે. શાખા નહેર એટલે કે, બ્રાન્ચ કેનાલ ૨૬૮૦.૨૪ કિલોમિટર હતી તેમાંથી ૨૬૭૧.૮૯ એટલે કે ૯૯.૭૯ ટકા એટલે કે ખાલી ૧૦ જ કિલોમિટરનું કામ બાકી છે. બ્રાન્ચ કેનાલનું બાકીનું બધું કામ પૂર્ણ કર્યું છે. ડીસ્ટ્રીબ્યુટરી કેનાલ ૪૬૧૯.૧૬ કિલોમિટર કરવાની હતી તેમાંથી ૪૪૩૭.૨૭ કિલોમિટરનું કામ પૂર્ણ થયું છે એટલે કે ૯૬ ટકા કામ આપણે પૂર્ણ કર્યું છે. માઇનોર કેનાલમાં ૧૫૫૮૨.૫૭ કિલોમિટરનું કામ કરવાનું હતું તેમાંથી ૧૪૪૪૪.૭૯ એટલે કે ૯૨.૭૦ ટકા કામ પૂર્ણ કર્યું છે. જે સબ માઇનોરના કામ છે તે પહેલાં ખેડૂતોએ કરવાની હતી તે સબ માઇનોર સરકારે તેના માથે લીધી છે. સરકાર આ કામગીરી કરવાની છે તેમાં ૪૬૧૫૬.૭૨ કિલોમિટરના કામ કરવાના હતા તેમાંથી ૪૦૮૫૭.૦૯ કિલોમિટર એટલે કે ૮૮.૫૨ ટકાની કામગીરી આપણે પૂર્ણ કરી છે. કેનાલના કામ બાકી છે, કેનાલના કામ બાકી છે તેમ કહે છે તો તેમાં ગુજરાત જાણી લે, આપ પણ જાણી લો. ખૂબ ઝડપથી એટલે કે ઓકટોબર-૨૦૦૦ ની સાલથી આ ૨૧ વર્ષમાં ૯૫ ટકાની કામગીરી પૂર્ણ કરી છે.

અધ્યક્ષશ્રી : ઘણા સભ્યશ્રીઓને પ્રશ્નો પૂછવા છે. આપ ટૂંકમાં જવાબ આપો.

## તારાંકિત પ્રશ્નો

શ્રી ભગાભાઈ ધા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી મારે જાણવું છે કે, મારા વિસ્તારના સુત્રાપાડા, વેરાવળનો જે વિસ્તાર છે એ મોટે ભાગે દરિયા કાંઠાનો વિસ્તાર છે. અમારા વિસ્તારમાં ખારા પાણીનો વ્યાપ દિવસે દિવસે જમીનમાં આગળ વધતો જાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી મારે જાણવું છે કે, વર્ષ ૨૦૧૯માં તત્કાલિન મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી દ્વારા હિરણ નદી ઉંડી ઉતારવા માટેના પ્રોજેકટને મંજૂરી આપવામાં આવી હતી તો એ જે યોજનાને મંજૂરી આપવામાં આવી છે એ યોજનાનું કામ હજુ સુધી ચાલુ થયું નથી તો એ કામ ક્યા તબક્કે છે અને, કેટલા સમયમાં એ નદી ઉંડી ઉતારવાનું કામ છે એ કરવા માગીએ છીએ?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, બાકી કેનાલનાં કામોનો આ વિષય છે. માનનીય સભ્યશ્રી પૂછે છે એ દરિયા કાંઠાના વિસ્તારનો સેલિનિટીનો પ્રશ્ન છે એટલે બંને પ્રશ્ન અલગ હોય આની અલગથી સૂચના આપ્યેથી એનો જવાબ આપવામાં આવશે.

શ્રીમતી માલતી કિ. મહેશ્વરી : માનનીય અધ્યક્ષશ્રી, કચ્છ જિલ્લાને વધારાના પાણીની વહીવટી મંજૂરી આપવા બદલ સમગ્ર કચ્છની જનતા વતી હું માનનીય મુખ્ય મંત્રીશ્રી આદરણીય ભૂપેન્દ્રભાઈ પટેલ અને માનનીય મંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલનો ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરું છું. માનનીય અધ્યક્ષશ્રી, આપણને સૌને ખ્યાલ છે કે કચ્છ ગુજરાતનો સૌથી મોટો જિલ્લો છે અને કચ્છ જિલ્લો છે એ નર્મદાના નીર આધારીત છે ત્યારે પીવાનું પાણી વડા પ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ ખૂબ પહેલા આપીને કચ્છને જીવંત બનાવ્યું જ છે ત્યારે આજે વડા પ્રધાનના કાર્યો થકી માનનીય મુખ્ય મંત્રીશ્રી દ્વારા વધારાનું પાણી આપવા માટે વહીવટી મંજૂરી આપવામાં આવી છે ત્યારે એમનો આભાર માનું છું.

અધ્યક્ષશ્રી : આપ સીધા પ્રશ્ન ઉપર આવો બેન,

શ્રીમતી માલતી કિ. મહેશ્વરી : માનનીય અધ્યક્ષશ્રી, ટૂંકમાં બાકી રહેલાં નર્મદા નહેરનાં જે કામો છે એ પૂર્ણ કરવા માટે ક્યા ક્યા પગલાં લેવામાં આવેલાં છે?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, કચ્છમાં હમણા જ આદરણીય ભૂપેન્દ્રભાઈ પટેલ સાહેબે..(અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, કચ્છ શાખાની (અંતરાય)

અધ્યક્ષશ્રી : આપ એકદમ ટૂંકમાં જવાબ આપો. (અંતરાય) આપ બેસો, બેને પૂછેલા પ્રશ્નનો ટૂંકમાં જવાબ આપે છે. (અંતરાય) માનનીય મંત્રીશ્રી ટૂંકમાં જવાબ આપે છે. (અંતરાય) આપ બેસો, સમય જાય છે આપ એમનો જવાબ સાંભળી લો. આપ બેસો, આપ બેસો. (અંતરાય) પ્રશ્ન ક્રમાંકઃ૩

### ગીર સોમનાથ અને રાજકોટ જિલ્લામાં પકડાયેલા નશીલા પદાર્થો

* ૪૦૮૮૭ **શ્રી ભગાભાઈ બારડ** (તાલાલા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ગીર સોમનાથ અને રાજકોટ જિલ્લામાંથી જિલ્લાવાર વિદેશી દારૂ, દેશી દારૂ, બિયર અને નશીલા પદાર્થોનો કેટલી કિંમતનો કેટલો જથ્થો પકડાયો,

(૨) ઉક્ત પકડાયેલ જથ્થા અન્વયે ઉક્ત જિલ્લાવાર કેટલા ઈસમોની ધરપકડ કરવામાં આવી,

(૩) ઉક્ત જિલ્લાવાર કેટલા ઈસમોની ધરપકડ કરવાની બાકી છે, અને

(૪) ઉક્ત ધરપકડ કરવાના બાકી ઈસમોને પકડવા માટે શું કાર્યવાહી કરી ?

**જવાબ**

(૧) પત્રક મુજબ.

(૨)

| જિલ્લા / શહેર | ધરપકડ કરી |
|---|---|
| ગીર સોમનાથ | ૫૯૩૪ |
| રાજકોટ જિલ્લો | ૭૨૨૨ |
| રાજકોટ શહેર | ૬૭૯૭ |

(૩)

| જિલ્લા / શહેર | ધરપકડ બાકી |
|---|---|
| ગીર સોમનાથ | ૨૦ |
| રાજકોટ જિલ્લો | ૪૪ |
| રાજકોટ શહેર | ૫૬ |

(૪) પકડવાના બાકી આરોપીઓને તેમના રહેણાંક, મિત્ર વર્તુળ, સગા સંબંધી તથા મળી આવવાની સંભવિત જગ્યાઓએ તપાસ તજવીજ કરાવેલ છે. જે આરોપીઓના મોબાઈલ નંબર મળેલ છે તેની કોલ ડીટેઈલ મેળવી લોકેશન પર તપાસ તજવીજ કરાવેલ છે. આરોપીઓ બાબતે

તા. ૩જી માર્ચ ૨૦૨૨

તારાંકિત પ્રશ્નો

સી.આર.પી.સી. કલમ-૭૦ મુજબનું વોરંટ મેળવવામાં આવેલ છે તેમજ સી.આર.પી.સી. કલમ-૮૨, ૮૩ મુજબની કાર્યવાહી કરવામાં આવેલ છે.

**પત્રક**

**તા.૦૧-૦૧-૨૦૨૦ થી તા.૩૧-૧૨-૨૦૨૦**

| જિલ્લો / શહેર | વિદેશી દારૂ (બોટલ) | | દેશી દારૂ (લીટર) | | બિયર (બોટલ) | | ગાંજો | | ચરસ | | હેરોઈન | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | કિંમત | જથ્થો | કિંમત | જથ્થો | કિંમત | જથ્થો | કિંમત | જથ્થો | કિંમત | જથ્થો | કિંમત | જથ્થો |
| ગીર સોમનાથ | ૪૧,૨૧,૫૧૮ | ૩૦૯૧૯ | ૨,૬૮,૪૬૦ | ૧૩૪૨૩ | ૪,૭૬,૫૦૦ | ૪૭૬૫ | ૫૭,૯૦૦ | ૫.૭૪૦ કિ.ગ્રા. | ૧૫,૦૦૦ | ૧૦૦ ગ્રામ | ૦ | ૦ |
| રાજકોટ ગ્રામ્ય | ૨,૧૮,૪૬,૬૧૫ | ૫૬૯૧૯ | ૪,૪૦,૮૫૦ | ૨૧૯૧૬ | ૮૯,૧૮૫ | ૮૭૦ | ૫,૮૩,૩૮૦ | ૮૬.૮૬૨ કિ.ગ્રા. | ૦ | ૦ | ૦ | ૦ |
| રાજકોટ શહેર | ૫,૧૫,૮૮,૫૯૨ | ૬૩૬૭૦૧ | ૬,૨૯,૩૫૦ | ૨૦૭૫૨ | ૧,૮૫,૭૦૦ | ૧૭૭૦ | ૯,૦૮,૭૯૮ | ૭૧.૭૬૭ કિ.ગ્રા. | ૦ | ૦ | ૫,૫૧,૨૫૦ | ૧૦૩ ગ્રામ ૯૮ મીલીગ્રામ |

| જિલ્લો / શહેર | મોરફીન | | કેનાબીજ | |
|---|---|---|---|---|
| | કિંમત | જથ્થો | કિંમત | જથ્થો |
| ગીર સોમનાથ | ૦ | ૦ | ૦ | ૦ |
| રાજકોટ જિલ્લો | ૪,૦૪,૫૦૦ | ૧૨.૭૩ ગ્રામ | ૦ | ૦ |
| રાજકોટ શહેર | ૦ | ૦ | ૫,૯૬૪ | ૩૦ ગ્રામ ૯૫ મીલીગ્રામ |

**તા.૦૧-૦૧-૨૦૨૧ થી તા.૩૧-૧૨-૨૦૨૧**

| જિલ્લો / શહેર | વિદેશી દારૂ (બોટલ) | | દેશી દારૂ (લીટર) | | બિયર (બોટલ) | | અફીણ | | ગાંજો | | ચરસ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | કિંમત | જથ્થો | કિંમત | જથ્થો | કિંમત | જથ્થો | કિંમત | જથ્થો | કિંમત | જથ્થો | કિંમત | જથ્થો |
| ગીર સોમનાથ | ૨૫,૩૯,૭૯૮ | ૩૫૪૩૨ | ૨,૫૧,૩૪૦ | ૧૨૫૬૭ | ૨,૭૮,૭૦૦ | ૨૭૮૭ | ૦ | ૦ | ૯,૦૦૦ | ૯૦૦ ગ્રામ | ૦ | ૦ |
| રાજકોટ જિલ્લો | ૩,૭૦,૬૪,૩૭૨ | ૧૦૯૯૬૩ | ૬,૧૭,૬૯૦ | ૨૧૦૭૮.૫ | ૬,૯૦,૩૦૦ | ૬૮૮૨ | ૦ | ૦ | ૮,૦૫,૨૯૫ | ૧૧૮.૭૨૩ ગ્રામ | ૨૧,૪૫૦ | ૧૪૩ ગ્રામ |
| રાજકોટ શહેર | ૫,૧૨,૯૮,૬૭૫ | ૯૪૧૪૧ | ૮,૩૦,૪૪૦ | ૪૧૪૧૭ | ૩,૨૧,૭૭૦ | ૩૨૦૨ | ૫૧,૨૨૫ | ૮૦૭ ગ્રામ | ૯,૬૫,૯૬૪ | ૧૦૩.૭૫ કિ.ગ્રા. | ૪૯,૫૦૦ | ૩૩ ગ્રામ |

| જિલ્લો / શહેર | મેથા ફેટામેન્ટ | | મોરફીન | | અન્ય | |
|---|---|---|---|---|---|---|
| | કિંમત | જથ્થો | કિંમત | જથ્થો | કિંમત | જથ્થો |
| ગીર સોમનાથ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| રાજકોટ જિલ્લો | ૦ | ૦ | ૧,૨૭,૫૦૦ | ૧૨.૭૫ ગ્રામ | ૦ | ૦ |
| રાજકોટ શહેર | ૪,૫૦૦ | ૪૫ મીલીગ્રામ | ૦ | ૦ | ૧,૩૨,૧૦૦ | ૧૪.૦૩ કિ.ગ્રા. કેનાબીજ |

શ્રી ભગાભાઇ ધા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું અને પૂછવા માગું છું કે, છેલ્લા ઘણાં સમયથી ગાંધીના ગુજરાતમાં દારુની રેલમછેલ હતી..(અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, સીધા પ્રશ્ન પર આવો, વિવરણ ન કરો.

શ્રી ભગાભાઇ ધા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, સીધા પ્રશ્ન પર જ આવું છું. માનનીય અધ્યક્ષશ્રી, ત્યાં સુધી તો બરાબર હતું પણ થોડા સમયથી ગુજરાત રાજયની અંદર ડ્રગ્સના પોર્ટો ઉપર આખા કન્ટેનરો ઉતરે..(અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, તમને બજેટની ચર્ચામાં આ બધું કહેવાનો ટાઇમ મળશે. તમે અત્યારે સીધા પ્રશ્ન ઉપર આવો.

શ્રી ભગાભાઇ ધા. બારડ : ગામે ગામ સુધી આ દૂષણ યુવાનોને બરબાદ કરવા માટેનું જ્યારે ચાલતું હોય ત્યારે સરકારે આમાં ગંભીરતાપૂર્વક વિચારવું જોઇએ. અહીંયા બેઠેલાં તમામ સભ્યશ્રીઓએ પણ ગંભીરતાપૂર્વક વિચારવું જોઇએ.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, આપ સીધા પ્રશ્ન ઉપર આવો, પ્રશ્ન પૂછવા માગો છો આપ? પ્રશ્ન પૂછવો હોય તો સીધા પ્રશ્ન ઉપર આવો. ભાષણ કરવાનો આ વિષય નથી, પ્રશ્નોતરીનો અગત્યનો આ સમય છે.

શ્રી ભગાભાઇ ધા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રશ્ન ઉપર જ આવું છું. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે, ગીર સોમનાથ જિલ્લામાં જે મને દેશી દારુથી લઇ અને વિલાયતી દારુના જે આંકડાઓ આપ્યા છે. તેની અંદર ગીર સોમનાથ જિલ્લામાં ધરપકડ કરવાના બાકીના ૨૦ લોકોની ધરપકડ કરવાની બાકી છે ત્યારે મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવુ છે કે, સીઆરપીસીની કલમ-૮૨-૮૩ મુજબની કાર્યવાહી કરવામાં આવેલ છે તો એ કલમ નીચે કઇ

કાર્યવાહી કરવામાં આવે છે અને એ જો આવતી હોય તો અત્યાર સુધીની કાર્યવાહીમાં કેટલાની ધરપકડ કરવાની બાકી છે તે તહોમતદારોની મિલકત જપ્ત કરવામાં આવી છે કે નહીં તે હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું.

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, સર્વપ્રથમ તો હું માનનીય સભ્યશ્રી ભગાભાઇ બારડનો આભાર માનુ છું કે તેમના પ્રશ્ન થકી આજે ગુજરાત રાજયમાં આદરણીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના અધ્યક્ષસ્થાને જે પ્રકારે સરકાર ખાસ કરીને દારૂબંધી માટે અને ગુજરાતની અંદર ડ્રગ્સ રોકવા માટે કામગીરી કરે છે એ માનનીય સભ્યશ્રીના પ્રશ્નથી આજે આ સભાગૃહમાં આ વિષય મૂકવાનો મને અવસર મળ્યો છે. સાથે સાથે હું ખાસ કરીને લલિતભાઇનો પણ આભાર માનવા માગું છું કારણ કે, ત્રણ નંબરનો પ્રશ્ન કયારે આવે તેમાં ચાર વખત દરવાજો ખોલી ખોલીને જોયુ..અંતરાય.. હું આભાર માનું છું.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી સીધો પ્રશ્નનો જવાબ આપો.

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, તમે યુવાઓ માટે કેટલા ચિંતિત છો, યુવાઓ માટે એક સારા પ્રશ્નની રાહ જોઇને જે બેસેલા તેના માટે હું આભાર માનું છું કારણ કે સારી વાત છે. ખાસ કરીને ગીર સોમનાથ રાજકોટ શહેરનો પ્રશ્ન જે આની અંદર પૂછ્યો છે તેમાં વર્ષ ૨૦૨૦માં ટોટલ ૨૪૨૧ ગુન્હાઓ નોંધાયેલા છે વર્ષ ૨૦૨૧માં ૨૬૦૦ જેટલાં ગુન્હાઓ નોંધાયા. રાજકોટ શહેરમાં ૨૮૫૬ અને ૨૦૨૧માં ૩૫૦૦ ગુન્હાઓ નોંધવામાં આવ્યા. આ જ રીતે રાજકોટ ગ્રામ્યમાં ૨૯૭૭ અને ૨૦૨૧માં ૨૮૮૪ ગુન્હાઓ નોંધેલા છે.

માનનીય અધ્યક્ષશ્રી, કુલ ગણીઓ તો વર્ષ ૨૦૨૦માં ૮૨૫૪ ગુન્હાઓ અને એ જ રીતે વર્ષ ૨૦૨૧માં હજુ વધુ મજબૂતાઇથી પગલાંઓ ભર્યા અને ૮,૯૮૬ લોકો ઉપર ગુન્હા નોંધવામાં આવ્યા. હું માનનીય સભ્યશ્રીને આપના થકી જણાવવા માગું છું કે, આ બે જિલ્લાઓમાં ખાસ કરીને ગીર સોમનાથમાં વર્ષ ૨૦૨૦માં ૫૨૩૬ રેડ પાડવામાં આવી...(અંતરાય).. આપ જવાબ શાંતિથી સાંભળો, ખૂબ મહત્ત્વનો સવાલ છે અને મહત્ત્વના સવાલનો હું સંપૂર્ણ જવાબ આપુ છું. આ જ રીતે રાજકોટ શહેરમાં વર્ષ ૨૦૨૦માં ૩,૦૮૫ અને વર્ષ ૨૦૨૧માં ૩,૭૭૭ રેડો પાડવામાં આવી. ગ્રામ્યમાં વર્ષ ૨૦૨૦માં ૧૨,૩૦૫ એ જ રીતે વર્ષ ૨૦૨૧માં ૧૨૩૯૦ રેડો પાડવામાં આવી. આ બેઉ જિલ્લાઓનો કુલ આંકડો આપણે ગણીએ તો ૨૦,૬૨૬ રેડો વર્ષ ૨૦૨૦માં અને ૨૦૨૧માં ૨૦,૪૭૭ રેડો પાડવામાં આવી. તેમણે કહ્યું કે આ લોકો ઉપર કયા પ્રકારના પગલાંઓ બાકી છે જેને ભરતાં હોઇએ છીએ અને એક્ટની વાત કરી. આપણે સૌ જાણીએ છીએ કે ગુજરાતમાં દારૂબંધીનો કડક અમલ વર્ષોથી થઇ રહ્યો છે. વર્ષ ૨૦૨૦માં ગીર સોમનાથમાં પ્રોહિબીશન એટલે કે જે હદપારી છે, જે પાસાનો કાયદો છે આ તમામનો કડકપણે અમલ કરવામાં આવ્યો છે. અમારા તત્કાલિન ગૃહમંત્રી આદરણીય પ્રદીપસિંહ જાડેજા સાહેબ અને આદરણીય પૂર્વ મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબના નિર્દેશનમાં ગુજરાતમાં કડકમાં કડક દારૂબંધીનો અમલ કરવામાં આવતો હતો. તેમાં ગુજરાત પોલીસે આ તમામ જિલ્લાઓમાં ખૂબ જ કડક હાથે કામ લીધું છે. વર્ષ ૨૦૨૦માં પ્રોહિબીશનમાં ૭૭૫ કેસો અને હદપારી ૩ જણને કરવામાં આવી. ૧૦ લોકોને પાસામાં મોકલવામાં આવ્યા. આ જ રીતે ગીર સોમનાથમાં ૨૦૨૧માં પ્રોહિબીશનમાં ૧,૭૦૬, હદપારીમાં ૨૦ અને ૧૦ લોકોને ફરી પાસા કરવામાં આવ્યા.

માનનીય અધ્યક્ષશ્રી, એ જ રીતે રાજકોટ (શહેર)માં ખૂબ મોટો આંકડો છે. અમે કડક હાથે કામ લીધું છે. વર્ષ ૨૦૨૦માં પ્રોહિબિશનમાં ૨,૩૪૮ લોકો, હદપારીમાં ૧૫૧ લોકો અને ૩૬ લોકોને પાસા કરવામાં આવ્યો. વર્ષ ૨૦૨૧માં પ્રોહિબિશનમાં ૨૫૨૬ લોકોને, હદપારીમાં ૧૬૭ લોકોને અને ૩૬ લોકોને પાસામાં મોકલવામાં આવ્યાં. રાજકોટ (ગ્રામ્ય)માં ૮૧૦ લોકોને પ્રોહિબિશનમાં, હદપારીમાં ૫૦ લોકોને અને ૧૨ લોકોને પાસા કરવામાં આવ્યો. વર્ષ ૨૦૨૧માં ૧,૦૪૬ લોકોને પ્રોહિબિશનમાં, ૧૦૮ લોકોને હદપારીમાં અને ૨૨ લોકોને પાસામાં મોકલવામાં આવ્યા. વર્ષ ૨૦૨૦માં કુલ મળીને ૩,૯૩૩ લોકોને પ્રોહિબિશનમાં, ૨૦૪ લોકોને હદપારીમાં અને ૫૮ લોકોને પાસામાં મોકલવામાં આવ્યા. એ જ રીતે વર્ષ ૨૦૨૧માં હજુ વધુ મજબૂતાઇથી કામ કરવામાં આવ્યું. ૫,૨૭૮ લોકોને પ્રોહિબિશનમાં, ૨૯૫ લોકોને હદપારીમાં અને ૬૮ લોકોને પાસામાં મોકલવામાં આવ્યા. ગુજરાતમાં અને ખાસ કરીને ભારતીય જનતા પાર્ટીની સરકારમાં લૉ એન્ડ ઓર્ડર જળવાય છે અને ગાંધીના આ ગુજરાતમાં ક્યારેય દારૂબંધી હળવી કરવામાં નહિ આવે. આ જ રીતે મજબૂતાઇથી કડકમાં કડક પગલાં લેતાં આવ્યા છીએ અને આવનારા સમયમાં લઇશું.

શ્રી કેતનભાઇ મ. ઇનામદાર : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના તત્કાલિન મુખ્યમંત્રી અને દેશના પ્રધાનમંત્રીશ્રી મોદી સાહેબના નશામુક્ત ગુજરાતની પરિકલ્પનાને સાકાર કરવા ગુજરાત પોલીસ દ્વારા આધુનિક ટૅકનૉલૉજીના ઉપયોગથી નશીલા પદાર્થોના પ્રવેશને રોકવા જે નક્કર પગલાં લેવામાં આવી રહ્યાં છે તેને હું બિરદાવું છું. ગુજરાતમાં ડાર્ક વૅબ દ્વારા નશીલા પદાર્થોનો વેપાર થતો હોય તેવી કોઇ ઘટના ધ્યાનમાં આવેલ છે? જો હા તો તેની વિગતો મારે જાણવી છે?

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્ન ખૂબ મહત્ત્વનો છે અને હું સભાગૃહને વિનંતી કરું છું કે આ પ્રશ્નને પક્ષ - વિપક્ષ તરીકે ન લેવો જોઇએ. આ પ્રશ્ન આવનાર સમયની સૌથી મોટી સમસ્યા છે. માત્ર ભારત જ નહિ, ગુજરાત જ નહિ પણ દુનિયાભરના તમામ ટૅકનૉક્રૅટ દેશો ડાર્ક વૅબની ચુંગાલમાં ફસાયેલા છે. ગુજરાત પોલીસ દ્વારા એક અદભૂત કાર્ય કરવામાં આવ્યું છે. ખાસ કરીને અમદાવાદ જિલ્લાની ટીમને આજે હું આ સભાગૃહમાં અભિનંદન આપવા માગું છું કે જે પ્રકારે ડાર્ક વૅબ દ્વારા ડ્રગ્સનો વેપાર ચાલતો હતો અને જે પ્રકારે આ કેસને ક્રેક કરવામાં આવ્યો છે એ આવનારા દિવસોમાં સૌથી મોટી ચુનૌતી છે. આ ચુનૌતીનો સામનો ગુજરાત પોલીસ કેવી રીતે કરી રહી છે એને ધ્યાનપૂર્વક સાંભળો. આવનાર દિવસોમાં આપણે એક થઇને આ સમસ્યા સામે લડવાનું છે. અમદાવાદ (ગ્રામ્ય) એસ.ઓ.જી. અને એમની ટીમ દ્વારા ચોક્કસ બાતમીના આધારે

## તા. ૩જી માર્ચ ૨૦૨૨

### તારાંકિત પ્રશ્નો

તા.૧૬/૧૧/૨૦૨૧ના રોજ રાત્રીના સમયે બોપલ ખાતે હાઇ પ્રોફાઇલ સલૂન ચલાવતાં વંદિત ભરતભાઇ પટેલ અને તેના સાગરિતને પ્રતિબંધિત ડ્રગ્સની હેરા-ફેરી કરતાં મોંઘીદાટ કિઆ સોનેટ ગાડી સાથે અમેરિકન ગાંજો, લૉકલ ચરસ, મૅજિક મશરૂમ, અમેરિકન સેટર જેવા નશાકારક પદાર્થો જેનું કુલ વજન ૧ કિલો ૨૯૯ ગ્રામ હતું તેની સાથે ઝડપી પાડવામાં આવેલ હતો. આ માલની કિંમત કદાચ બહુ વધારે નહિ હોય પણ આ મૉડસ ઓપરેન્ડીને સમજવી ખૂબ જરૂરી છે. આ ગુનામાં પકડાયેલ બંને આરોપીની તપાસ કરતાં એ હકીકત જાણવા મળેલ કે મુખ્ય આરોપી ઇન્ટરનેટનો ઉપયોગ કરીને ટોર બ્રાઉઝર મારફતે ડાર્ક વૅબ ઉપર ઇન્ટરનેશનલ ડ્રગ્સ ડિલરના કૉન્ટેક્ટ કરી નશાકારક ડ્રગ્સ મંગાવતો હતો. આ આરોપી પાસેથી જપ્ત કરવામાં આવેલ મોબાઇલ, લૅપટૉપની ફૉરેન્સિક તપાસ કરવામાં આવી ત્યારે જાણવા મળ્યું કે આ આરોપી દ્વારા ડાર્ક વૅબ ઉપર અલગ-અલગ માર્કેટ ઉપરથી અલગ-અલગ પ્રકારના ઘણાં બધાં ડ્રગ્સના ઓર્ડર આપવામાં આવેલ અને તેનું પેમેન્ટ ક્રિપ્ટો કરન્સીથી કરવામાં આવતું હતું. આ ખૂબ મોટી સમસ્યા છે. આ પેમેન્ટ કરવા માટે ઉપયોગમાં લેવામાં આવેલ QR કોડ, આરોપીના મોબાઈલ તથા તેના ડ્રગ્સ રાખવાના ઠેકાણા પરથી કબજે કરવામાં આવેલ છે. મજબૂત કેસ બનાવવામાં આવ્યો, ક્યારેય છૂટી ન શકે અને ફરી આવા વેપારની અંદર જોડાય નહિ અને યુવાનોનું ભવિષ્ય ન બગાડે તે પ્રકારની કામગીરી અમદાવાદ જિલ્લા પોલીસ દ્વારા કરવામાં આવી. તપાસ દરમિયાન ૭૫થી વધારે ઈન્ટરનેશનલ ડ્રગ્સ માફિયાના નામો મેળવેલ છે. આ આરોપી દ્વારા અત્યાર સુધીમાં કરેલ તમામ ડ્રગ્સના ઓર્ડર બાબતે તમામ વિગતો એકઠી કરવામાં આવેલ છે. તપાસમાં .....(અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, ડ્રગ્સનો આટલો મહત્ત્વનો વિષય છે. પ્રશ્નો ઊભા કરવા છે પણ જવાબ સાંભળવા નથી. દુઃખની વાત છે, આ યુવાઓના ભવિષ્યની વાત છે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, આપ લક્ષમાં લીધા વગર આપની વાત કરો. આપ ખૂબ સારો જવાબ આપી રહ્યા છો. તેની ચિંતા ના કરો. ઘણા બધા લોકોને પૂછવું છે. જવાબ શાંતિથી સાંભળો.

શ્રી હર્ષ ર. સંઘવી : આ યુવાઓના ભવિષ્ય સાથે જોડાયેલો વિષય છે. આવા વિષયમાં પણ મજાક! માનનીય શૈલેષભાઈ આવા વિષયમાં રાજનીતિ! આ તો અમદાવાદની વાત છે. આપની પાસે આવી અપેક્ષ ન હતી.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી તેની ચિંતા ના કરો. તે હું કરીશ. માનનીય શૈલેષભાઈ, આપ બેસો.

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, જાણવા મળેલ કે આરોપી દ્વારા આજ દિન સુધી ગુજરાત, રાજસ્થાન સહિતના ૧૦૦ થી વધારે અલગ-અલગ નામ-સરનામા રૂ. ૧૦ કરોડનો અઢીસો કિલોથી પણ વધારે પ્રમાણમાં નશાકારક ડ્રગ્સ વિદેશથી એરકાર્ગોના માધ્યમથી આ લોકો મંગાવવાની કોશિષ કરતા હતાં. જે ક્રેક કરવામાં આવ્યું. આ પ્રકારના કેસો આ કદાચ હોઈ શકે છે કે આ ગુજરાતમાં આજે આપણે વિસ્તૃત ચર્ચા કરી આ જ પ્રકારે અલગ-અલગ રાજ્યોમાં ડાર્ક વેબના માધ્યમથી આ પ્રકારનો પ્રયાસ થતો હોય છે. હું માનું છું ગુજરાતમાં આપણે આ પ્રકારના કેસો પર પ્રોએક્ટિવલી કામ કરીએ છીએ એટલે ડ્રગ્સ પકડાવવાનું જ છે. કારણ કે આપણે માર્કેટ સુધી ડ્રગ્સને પહોંચવા દેતા નથી. ડ્રગ્સ માર્કેટ સુધી પહોંચે તે પહેલા પકડવાની ગુજરાત પોલીસ મક્કમતાથી કામગીરી કરી રહી છે.

અધ્યક્ષશ્રી : માનનીય શ્રી લલિતભાઈ કગથરા.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યના .....

અધ્યક્ષશ્રી : વચ્ચે ક્રોસ ટોક કરો નહિ. સમય જાય છે. અગત્યના પ્રશ્નો છે. પ્લીઝ

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યના ગૃહમંત્રી જે યુવા છે એ યુવાધનની ચિંતા કરી રહ્યા હતાં. આ પ્રશ્ન ખરેખર ગીર-સોમનાથ અને રાજકોટનો છે પણ માનનીય મંત્રીશ્રીએ અમદાવાદનો ઉલ્લેખ કરીને આ પ્રશ્નને આખો ઓપન કરી દીધો છે એવું મને ચોક્કસ લાગે છે.

અધ્યક્ષશ્રી : માનનીય કેતનભાઈ બેસો. માનનીય સભ્યશ્રી આપ સીધો પ્રશ્ન પૂછો.

શ્રી શૈલેષ મ. પરમાર : આ ગતિશીલ ગુજરાત, પ્રગતિશીલ ગુજરાત, વાયબ્રન્ટ ગુજરાત એ આવનારા દિવસોમાં ઉડતા ગુજરાત તરફ જઈ રહ્યું છે એવું ચોક્કસ આજે લાગી રહ્યું છે.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી આપ પ્રશ્ન પૂછો.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રીએ ખૂબ ચિંતા કરી. ગુજરાતનું યુવાધન કે જે બેરોજગારી અને બેકારી તરફ જઈ રહ્યું છે તેને કઈ તરફ લઈ જવા માગે છે? મારે માનનીય મંત્રીશ્રીને ફક્ત એટલો જ પ્રશ્ન પૂછવો છે કે આજની વિધાનસભાની બુકલેટમાં રાજ્યના અલગ-અલગ જિલ્લાના અલગ-અલગ શહેરના આંકડા કોષ્ટકમાં આપેલા છે. એ કોષ્ટકના આધારે મને માનનીય મંત્રીશ્રી જવાબ આપે કે છેલ્લાં બે વર્ષમાં ગુજરાતમાં દારૂબંધી છે પણ દારૂ ખુલ્લેઆમ વેચાય છે અને ખુલ્લેઆમ પકડાય છે. દારૂ વેચાય છે, દારૂ પકડાય છે. તો દારૂ આવે છે કયાંથી? આ પણ એક પ્રશ્નાર્થ છે. બોર્ડરો ખુલ્લી છે અને બોર્ડરો ખુલ્લી હોવાના કારણે બોર્ડરોના એસ.પી હોય કે ગુજરાતની બોર્ડર પર બેઠેલ એસ.પી હોય એના હપ્તા સિસ્ટમના કારણે આ બધો દારૂ ગુજરાતમાં આવે છે.

અધ્યક્ષશ્રી : આપ પ્રશ્ન પુછો, આપ પ્રશ્ન પુછો શ્રી શૈલેષભાઇ.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીના યુવાધનની હું ચિંતા કરું છું. યુવાન ધારાસભ્ય છે, યુવાન મંત્રી છે, એટલે મારે એ યુવાન મંત્રીની કદર પણ કરવી જોઇએ અને ચિંતા પણ કરવી જોઇએ અને એના ભાગરૂપે હું સરકારને પૂછવા માગું છું કે, દારૂબંધીની વાત થતી હતી તો દારૂ તો પકડાય છે. આજે ગુજરાતમાં ડ્રગ્સ એ ઘર કરી ગઇ છે અને

આવનારા દિવસો ગુજરાતના યુવાનો માટે ચિંતાજનક અને ભયસ્થાન છે. મારે મંત્રીશ્રીને એટલો જ પ્રશ્ન પૂછવો છે કે, મંત્રીશ્રી જે રીતે કહી રહ્યા છે કે અમે આ આ કાર્યો કર્યા. મારે એટલું જ પૂછવું છે કે છેલ્લા બે વર્ષની અંદર દારૂબંધી હોવા છતાં પણ રકમ રૂપિયા ૨૧૫ કરોડ ૬૨ લાખ અને ૫૨ હજારનો દારૂ પકડાયો છે. ગુજરાતમાંથી દેશી દારૂ રકમ રૂપિયા ૪ કરોડ ૩૩ લાખ ૭૮ હજારનો પકડવામાં આવ્યો છે. બિયર રકમ રૂપિયા ૧૬ કરોડ ૨૦ લાખ ૫ હજારનું પકડવામાં આવ્યું છે અને માનનીય મંત્રીશ્રી ચિંતા કરી રહ્યા છે.

અધ્યક્ષશ્રી : પ્રશ્ન પુછો, પ્રશ્ન.

શ્રી શૈલેષ મ. પરમાર : આ પ્રશ્ન જ છે માનનીય અધ્યક્ષશ્રી. દારૂબંધી હોવા છતાં પણ આટલો દારૂ પકડાય છે. દુઃખની વાત તો ત્યાં છે કે, આ રાજ્યની અંદર અફીણ હોય, ચરસ હોય, ગાંજો હોય, હેરોઇન હોય એની માત્રા જે છેલ્લા બે વર્ષમાં પકડાઇ છે તે રકમ રૂપિયા ૩૭૦ કરોડ ૨૫ લાખ ૪૮ હજારની છે.

અધ્યક્ષશ્રી : પ્રશ્ન પુછોને.

શ્રી શૈલેષ મ. પરમાર : સરકારને એ પણ પુછવું છે કે, રાજ્યના અદાણી પોર્ટ ઉપરથી રકમ રૂપિયા ૨૧ હજાર કરોડનું જે ડ્રગ્સ પકડાયું હતું એની સામે સરકારે શું કાયદાકીય પગલા લીધેલા છે? ગુજરાતની અનેક પોર્ટો ઉપરથી મોટા પ્રમાણમાં ડ્રગ્સ પકડાય છે. દેવભૂમિ દ્વારકા જયાં ભગવાન સ્વયં વસે છે ત્યાંથી પણ ડ્રગ્સ પકડાયું છે એમાં સરકારે શું પગલા ભર્યા છે? અને સરકાર આ માટે શું કહેવા માગે છે? એનો મને મંત્રીશ્રી જવાબ આપે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી.

ડો. સી. જે. ચાવડા : ગૃહમંત્રીશ્રીએ રાજીનામું આપવું જોઇએ. (સતત ઘોંઘાટ)

શ્રી હર્ષ ર. સંઘવી : શ્રી શૈલેષભાઇ, જવાબ સાંભળવો નથી. (સતત અંતરાય) જવાબ સાંભળવો છે? જવાબ સાંભળવો છે? આ મહત્ત્વનો સવાલ છે. (સતત ઘોંઘાટ) મારા વડીલ મિત્ર સભ્યશ્રીએ ખૂબ મહત્ત્વનો સવાલ પુછયો છે. હવે જવાબ સાંભળો. (સતત ઘોંઘાટ) (અંતરાય)

અધ્યક્ષશ્રી : શાંતિ રાખો, આપ સૌ બેસો. (સતત અંતરાય) માનનીય મંત્રીશ્રી આપ એમના પ્રશ્નનો જવાબ આપો. શ્રી શૈલેષભાઇ, આપ બેસો. આપ બેસશો તો માનનીય મંત્રીશ્રી જવાબ આપશે. શ્રી શૈલેષભાઇ, આપ બેસો અને આપના સભ્યોને બેસાડો. (સતત ઘોંઘાટ) આપે પૂછેલા પ્રશ્નનો જવાબ જોઇતો હોય તો આપના સભ્યોને બેસાડો.

**( આ તબકકે વિરોધપક્ષના સભાગૃહમાં હાજર રહેલ ધારાસભ્યશ્રીઓ બેનરો લઇ પોતાના સ્થાન ઉપર ઉભા થઇ, સતત સૂત્રોચ્ચાર કરવા લાગ્યા.)**

શ્રી પંકજભાઇ વિ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, અમારા માનનીય મંત્રીશ્રી જવાબ આપી રહ્યા છે તે પૂરેપૂરો સાંભળો. (સતત ઘોંઘાટ)

અધ્યક્ષશ્રી : શ્રી શૈલેષભાઇ, જવાબ સાંભળવો હોય તો આપના સભ્યોને બેસાડો. માનનીય મંત્રીશ્રી જવાબ આપી રહ્યા છે. આપ બેસો. (સતત ઘોંઘાટ) જવાબ સાંભળો.

શ્રી હર્ષ ર. સંઘવી : શ્રી શૈલેષભાઇ, આપને જવાબ જોઇતો નથી? માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યના યુવાનો જોડે આ મજાક થઇ રહી છે. **(સતત ઘોંઘાટ-અંતરાય)**

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : ફરિયાદ કરવી છે અને જવાબ નથી સાંભળવો?

અધ્યક્ષશ્રી : આપ બેસો.

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : તમારો લંબાણપૂર્વકનો પ્રશ્ન હતો. હવે સરસ મજાનો જવાબ સાંભળવો જોઇએ.

શ્રી હર્ષ સંઘવી : આ જવાબ સાંભળવો નથી?

અધ્યક્ષશ્રી : પ્રશ્ન પૂછો તો જવાબ સાંભળવો પડે. માનનીય શૈલેષભાઇ, તમારા સભ્યશ્રીઓને બેસાડો.

શ્રી પંકજભાઇ દેસાઇ : એમણે પ્રશ્ન પૂછયો છે અને માનનીય મંત્રીશ્રી જવાબ આપવા બંધાયેલા છે અને જવાબ આપવા માગે છે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી જવાબ આપો.

શ્રી હર્ષ સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, આ કાર્યથી આ કાર્ય દર્શાવે છે કે મારા સામેના સાથી મિત્રો ડ્રગ્ઝ બાબતમાં અને ડ્રગ્ઝનું દૂષણ દૂર કરવા માટે કેટલા ગંભીર છે. મારા સાથી મિત્રો ડ્રગ્ઝનું દૂષણ દૂર કરવાની બાબતમાં ગંભીર નથી, માત્ર રાજ નીતિ કરે છે. આ વિષય રાજ નીતિનો નથી. આ વિષય રાજયના અનેક યુવાનોના જીવન સાથે જોડાયેલો છે. હું માનનીય શૈલેષભાઇને વિનંતી કરું છું કે આ પ્રકારે રાજયના યુવાનોના ભવિષ્યને ઉજ્જવળ કરવા માટે રાજય સરકાર કામગીરી કરી રહી હોય ત્યારે આપણે સાથે મળીને આ કામગીરી કરવી જોઇએ. (સતત અંતરાય)

અધ્યક્ષશ્રી : શ્રી શૈલેષભાઇના પ્રશ્નનો જવાબ આપો. આપ બેસો, માનનીય મંત્રીશ્રી જવાબ આપે છે.

શ્રી હર્ષ સંઘવી : મારા જેવા નવા મંત્રીશ્રી જયારે જવાબ આપવા માગતા હોય અને સાચી વાત રજૂ કરવા માગતા હોય ત્યારે આ પ્રકારનું વર્તન યોગ્ય નથી.

અધ્યક્ષશ્રી : માનનીય ઇમરાનભાઇ, આપની જગ્યા ઉપર બેસો, મારે પગલાં લેવા પડશે. આપ આપની જગ્યા ઉપર જાવ.

શ્રી હર્ષ સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, અમને રક્ષણ આપો.

અધ્યક્ષશ્રી : આપ આપની જગ્યા ઉપર બેસો. નહીંતર મારે પગલાં લેવા પડશે. આ રીતે આપ દેખાવો નથી કરી શકતા. (સતત અંતરાય-ઘોંઘાટ) પ્રશ્નોત્તરીના સમય સુધી હું સભાગૃહ મુલતવી રાખું છું. સભાગૃહ બપોરના ૧-૦૦ વાગ્યે ફરી મળશે.

**(બપોરના ૧૨-૫૩ મિનિટે સભાગૃહ મુલતવી રહ્યું)**

**અતારાંકિત પ્રશ્નો**

(તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

**બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં પકડાયેલા નશીલા પદાર્થો**

૪૦૮૨૨ **શ્રી મહેશકુમાર પટેલ** (પાલનપુર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર બનાસકાંઠા અને પાટણ જિલ્લામાંથી જિલ્લાવાર વિદેશી દારૂ, દેશી દારૂ, બિયર અને નશીલા પદાર્થોનો કેટલી કિંમતનો કેટલો જથ્થો પકડાયો,

(૨) ઉક્ત પકડાયેલ જથ્થા અન્વયે ઉક્ત જિલ્લાવાર કેટલા ઈસમોની ધરપકડ કરવામાં આવી,

(૩) ઉક્ત જિલ્લાવાર કેટલા ઈસમોની ધરપકડ કરવાની બાકી છે, અને

(૪) ઉક્ત ધરપકડ કરવાના બાકી ઈસમોને પકડવા માટે શું કાર્યવાહી કરી ?

**જવાબ**

(૧) પત્રક ૧ અને ૨ મુજબ.

(૨) અને (૩)

| જિલ્લા | ધરપકડ કરી | ધરપકડ બાકી |
|---|---|---|
| બનાસકાંઠા | ૧૦૨૫૧ | ૧૨૧ |
| પાટણ | ૮૩૯૯ | ૧૦૧ |

(૪) પકડવાના બાકી આરોપીઓને તેમના રહેણાંક, મિત્ર વર્તુળ, સગા સંબંધી તથા મળી આવવાની સંભવિત જગ્યાઓએ તપાસ તજવીજ કરાવેલ છે. જે આરોપીઓના મોબાઈલ નંબર મળેલ છે તેની કોલ ડીટેઈલ મેળવી લોકેશન પર તપાસ તજવીજ કરાવેલ છે. આરોપીઓ બાબતે સી.આર.પી.સી. કલમ-૭૦ મુજબનું વોરંટ મેળવવામાં આવેલ છે તેમજ સી.આર.પી.સી. કલમ-૮૨, ૮૩ મુજબની કાર્યવાહી કરવામાં આવેલ છે.

**પત્રક-૧**

| તા.૦૧-૦૧-૨૦૨૦ થી તા.૩૧-૧૨-૨૦૨૦ | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| શહેર / જિલ્લો | વિદેશી દારૂ (બોટલ) | | દેશી દારૂ (લીટર) | | બિયર (બોટલ) | | અફીણ | | ગાંજો | | ચરસ | |
| | કિંમત | જથ્થો | કિંમત | જથ્થો | કિંમત | જથ્થો | કિંમત | જથ્થો | કિંમત | જથ્થો | કિંમત | જથ્થો |
| બનાસકાંઠા | ૫૧૫૯૮૩૩૫ | ૨૦૯૫૧૭ | ૫૦૮૭૮૦ | ૨૫૪૩૯ | ૪૫૫૪૯૦૦ | ૪૫૫૪૯ | ૫૩૮૫૩૯ | ૭ કિ.ગ્રા. ૧૩૯ ગ્રામ ૩૯ મીલીગ્રામ | ૪૭૮૪૭૪૭ | ૪૮૬ કિ.ગ્રા. ૮૧૨ ગ્રામ | ૧૧૪૨૦૭૦૦ | ૨૧.૪૬૬ કિ.ગ્રા. |
| પાટણ | ૧૯૮૪૨૩૯૦ | ૭૨૩૨૨ | ૬૩૧૪૪૦ | ૩૧૪૭૨ | ૪૪૦૯૫૯ | ૩૪૪૪ | ૮૫૦૦૦ | ૩૮.૫૦૦ કિ.ગ્રા. | ૩૦૬૩૮૫૦ | ૩૩૨.૫૧૫ કિ.ગ્રા. | ૦ | ૦ |



| શહેર / જિલ્લો | પાશડોડા / પાવડર | | મેથા ફેટામેન્ટ | | અન્ય | |
|---|---|---|---|---|---|---|
| | કિંમત | જથ્થો | કિંમત | જથ્થો | કિંમત | જથ્થો |
| બનાસકાંઠા | ૨૬૬૧૧૦૮ | ૫૮૯.૯૫૬ કિ.ગ્રા. | ૪૯૮૪૦૦ | ૪૯ ગ્રામ ૮૪૦ મીલીગ્રામ | ૧૪૭૮૫૦ | ૨૯ ગ્રામ ૫૭૦ મીલીગ્રામ (માદક પદાર્થ-પાવડર) |
| પાટણ | ૦ | ૦ | ૦ | ૦ | ૯૧૨૨ | કેફી ઔષધની સીરપ બોટલ ૬૪ ટેબલેટ નંગ ૩૨૫ |

**પત્રક-૨**

| તા.૦૧-૦૧-૨૦૨૧ થી તા.૩૧-૧૨-૨૦૨૧ | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| શહેર / જિલ્લો | વિદેશી દારૂ (બોટલ) | | દેશી દારૂ (લીટર) | | બિયર (બોટલ) | | અફીણ | | ગાંજો | | ચરસ | |
| | કિંમત | જથ્થો | કિંમત | જથ્થો | કિંમત | જથ્થો | કિંમત | જથ્થો | કિંમત | જથ્થો | કિંમત | જથ્થો |
| બનાસકાંઠા | ૭૨૪૧૪૯૬૭ | ૩૩૯૬૯૩ | ૪૨૬૨૨૨૦ | ૨૦૯૦૫ | ૨૫૩૫૦૦ | ૨૫૩૫ | ૧૦૧૧૬૫૦ ૧૬૫૦૦ | ૮ કિ.ગ્રા. ૩૫૪ ગ્રામ ડોડા ૩.૦૬૦ | ૬૨૪૯૬૫૧ | ૬૫૨ કિ.ગ્રા. ૧૧૨ ગ્રામ ૬૮૦ | ૫૦૩૧૦૦ | ૩.૩૫૪ કિ.ગ્રા. |

| | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | કિ.ગ્રા. | | મીલીગ્રામ | | |
| પાટણ | ૯૧૬૦૪૦૦ | ૫૨૧૩૬ | ૨૬૯૭૬૦ | ૧૩૪૮૭.૫ | ૬૬૧૩૩૮ | ૫૪૯૦ | ૩૧૭૩૨૦૦ | ૩૧૭.૩૨૦ કિ.ગ્રા. | ૧૦૭૪૦૦૦ | ૧૦૭.૪૫૦ કિ.ગ્રા. | ૦ | ૦ |

| શહેર / જિલ્લો | પોશડોડા / પાવડર | | હેરોઈન | | મેથા ફેટામેન્ટ | | અન્ય | |
|---|---|---|---|---|---|---|---|---|
| | કિંમત | જથ્થો | કિંમત | જથ્થો | કિંમત | જથ્થો | કિંમત | જથ્થો |
| બનાસકાંઠા | ૬૮૩૯૧ | ૨૨.૭૯૭ કિ.ગ્રા. | ૧૦૦૬૩૦૦ | ૧૦૦ ગ્રામ ૬૩ મીલીગ્રામ | ૭૧૮૭૨૦૦ | ૭૧૭ ગ્રામ ૯૧ મીલીગ્રામ | ૪૪૫૧૬ | પ્રતિબંધિત દવાઓ નાના બોક્ષ નંગ-૭૬ ટેબલેટ નંગ-૭૧૬૪ |
| પાટણ | ૩૩૮૯૫૦૦ | ૫૦૩.૭૦૪ કિ.ગ્રા. | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |

- - - - - - - - -

**રાજકોટ અને પોરબંદર જિલ્લામાં કાર્યરત જી.આઈ.ડી.સી.**

૪૦૮૬૮ **શ્રી લલિત વસોયા** (ધોરાજી) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રાજકોટ અને પોરબંદર જિલ્લામાં તાલુકાવાર કેટલી જી.આઇ.ડી.સી. કાર્યરત છે,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર એકપણ જી.આઇ.ડી.સી. ન હોય તેવા તાલુકા કેટલા છે,

(૩) ઉક્ત જી.આઇ.ડી.સી. પૈકી છેલ્લા બે વર્ષમાં કેટલી નવી જી.આઇ.ડી.સી. સ્થાપવામાં આવી, અને

(૪) ઉક્ત તાલુકાવાર જી.આઇ.ડી.સી. ન હોય તેવા તાલુકામાં નવી જી.આઇ.ડી.સી. સ્થાપવા શી કાર્યવાહી કરવામાં આવી ?

**જવાબ**

(૧)

| જિલ્લો | તાલુકો | કાર્યરત જી.આઇ.ડી.સી. ની સંખ્યા |
|---|---|---|
| રાજકોટ | રાજકોટ | ૦૪ |
| | ધોરાજી | ૦૧ |
| | ગોંડલ | ૦૨ |
| | જસદણ | ૦૧ |
| | જેતપુર | ૦૧ |
| | કોટડા સાંગાણી | ૦૧ |
| | લોધીકા | ૦૧ |
| | ઉપલેટા | ૦૧ |
| | પડધરી | ૦૧ |
| પોરબંદર | પોરબંદર | ૦૧ |

(૨) રાજકોટ – ૦૨
પોરબંદર – ૦૧

(૩) એકપણ નહીં.

(૪) ઔદ્યોગિક વસાહતની સ્થાપનાથી આર્થિક પ્રવૃત્તિને વેગ મળે તે ઉમદા આશયથી ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ દ્વારા રાજ્યના તમામ જિલ્લાઓના વિસ્તારમાં નવી ઔદ્યોગિક વસાહત વિકસાવવા/સ્થાપવા માટે એક જથ્થે ઉપલબ્ધ સરકારી જમીન, નજીકના શહેરથી સૂચિત જગ્યાનું અંતર, ટ્રાન્સપોર્ટ ફેસીલીટીની સગવડ, અંડર ગ્રાઉન્ડ કે ઓવરહેડ વીજ લાઇનની અને ઇલેક્ટ્રીક સબ સ્ટેશન તથા તેની ક્ષમતાની સુવિધા, નેશનલ/સ્ટેટ હાઇવે અથવા બ્રોડગેજ રેલવે લાઇનથી અંતર તથા સૂચિત જગ્યાને હયાત રોડથી મળતો એપ્રોચની સગવડ, ઔદ્યોગિક એકમ માટે જરૂરી પુરતા પ્રમાણમાં પાણીની સગવડ વગેરે પરિબળો ધ્યાને લઇ, ઉપલબ્ધ સરકારી જમીનની માહિતી

જી.આઇ.ડી.સી. દ્વારા તેમની ક્ષેત્રિય કચેરીઓ પાસેથી મેળવવામાં આવી રહી છે. તેવી માહિતી મળ્યાબાદ વસાહત સ્થાપવી પોષણક્ષમતા જણાએથી જે-તે જિલ્લાના કલેક્ટરશ્રીને સરકારી જમીન ફાળવવા દરખાસ્ત કરવામાં આવે છે. સરકારી જમીન જી.આઇ.ડી.સી.ને ફાળવવામાં આવે ત્યારે વસાહત સ્થાપવાની બાબતે વિચારણા કરી શકાય.

- - - - - - - - -

**આણંદ અને કચ્છ જિલ્લામાં પકડાયેલા નશીલા પદાર્થો**

૪૦૯૦૮ **શ્રી પુનમભાઈ પરમાર** (સોજીત્રા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર આણંદ અને કચ્છ જિલ્લામાંથી જિલ્લાવાર કયા પ્રકારના નશીલા પદાર્થોનો કેટલી કિંમતનો કેટલો જથ્થો પકડાયો,

(૨) ઉક્ત પકડાયેલ જથ્થા અન્વયે ઉક્ત જિલ્લાવાર કેટલા ઇસમોની ધરપકડ કરવામાં આવી,

(૩) ઉક્ત જિલ્લાવાર કેટલા ઇસમોની ધરપકડ કરવાની બાકી છે, અને

(૪) ઉક્ત ધરપકડ કરવાના બાકી ઇસમોને પકડવા માટે શું કાર્યવાહી કરી ?

**જવાબ**

(૧) પત્રક-૧.

(૨) અને (૩)

| જિલ્લા | ધરપકડ કરેલ ઈસમોની સંખ્યા | ધરપકડ કરવાના બાકી ઈસમોની સંખ્યા |
|---|---|---|
| આણંદ | ૪૩ | ૯ |
| કચ્છ | ૯૫ | ૧૦ |

(૪) પકડવાના બાકી ઇસમોને તેમના રહેણાંક, મિત્ર વર્તુળ, સગા સંબંધી તથા મળી આવવાની સંભવિત જગ્યાઓએ તપાસ તજવીજ કરાવેલ છે. જે આરોપીઓના મોબાઈલ નંબર મળેલ છે તેની કોલ ડીટેઈલ મેળવી લોકેશન પર તપાસ તજવીજ કરાવેલ છે. આરોપીઓ બાબતે સી.આર.પી.સી. કલમ-૭૦ મુજબનું વોરંટ મેળવવામાં આવેલ છે તેમજ સી.આર.પી.સી. કલમ-૮૨, ૮૩ મુજબની કાર્યવાહી કરવામાં આવેલ છે.

**પત્રક**

| તા.૦૧-૦૧-૨૦૨૦ થી તા.૩૧-૧૨-૨૦૨૦ | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| જિલ્લો | ગાંજો | | પોશ ડોડા | | કોડીન કફ સીરપ | | ચરસ | | પોશ ડોડા પાવડર | |
| | કિંમત (રૂપિયા) | જથ્થો (કિ.ગ્રા.) | કિંમત (રૂપિયા) | જથ્થો (કિ.ગ્રા.) | કિંમત (રૂપિયા) | જથ્થો | કિંમત (રૂપિયા) | જથ્થો (કિ.ગ્રા.) | કિંમત (રૂપિયા) | જથ્થો (કિ.ગ્રા.) |
| આણંદ | ૭,૪૦,૩૯૫ | ૭૪.૧૦૬ | ૨૫,૫૫,૭૧૫ | ૮૫૧.૯૦૫ | ૫૨,૧૨૫ | ૩૮૫ બોટલ | ૦ | ૦ | ૦ | ૦ |
| કચ્છ | ૧,૭૬,૫૩૨ | ૨૫.૩૧૬ | ૦ | ૦ | ૦ | ૦ | ૨૦,૬૪,૪૫,૦૦૦ | ૧૩૭૬.૫ | ૮,૫૭,૫૧૪ | ૨૮૫.૮૩૭ |

| તા.૦૧-૦૧-૨૦૨૧ થી તા.૩૧-૧૨-૨૦૨૧ | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| જિલ્લો | ગાંજો | | પોશ ડોડા | | પોશ ડોડા પાવડર | | ચરસ | |
| | કિંમત (રૂપિયા) | જથ્થો (કિ.ગ્રા.) | કિંમત (રૂપિયા) | જથ્થો (કિ.ગ્રા.) | કિંમત (રૂપિયા) | જથ્થો (કિ.ગ્રા.) | કિંમત (રૂપિયા) | જથ્થો (કિ.ગ્રા.) |
| આણંદ | ૮૮,૪૩,૨૩૦ | ૮૮૪.૩૨૩ | ૬,૬૬,૯૯૪ | ૨૧૯.૨૮૪ | ૦ | ૦ | ૫૧,૩૦૦ | ૩૪૨ |
| કચ્છ | ૭,૪૬,૫૦૦ | ૮૩.૬૪૭ | ૧,૧૨,૦૪૪ | ૩૭.૩૪૮ | ૬,૨૦૧ | ૨.૦૬૭ | ૨,૨૬,૫૭,૯૫૦ | ૧૫૧.૦૫૩ |

| તા.૦૧-૦૧-૨૦૨૧ થી તા.૩૧-૧૨-૨૦૨૧ | | | | | | |
|---|---|---|---|---|---|---|
| જિલ્લો | અફીણ રસ | | નશીલી સીરપ | | નશીલી ટેબલેટ | |
| | કિંમત (રૂપિયા) | જથ્થો | કિંમત (રૂપિયા) | જથ્થો | કિંમત (રૂપિયા) | જથ્થો |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| આણંદ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| કચ્છ | ૧૫,૨૦૦ | ૧૫૨ ગ્રામ | ૧૪૦ | ૨ નંગ | ૫૫૪.૪૭ | ૮૯ નંગ |

- - - - - - - - -

**સુરત અને રાજકોટ શહેરમાં સસ્તા ભાડા પર આવાસો ઉપલબ્ધ કરાવા બાબત**

૪૧૨૭૫ **શ્રી સુરેશભાઈ પટેલ** (મણીનગર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી ગૃહ નિર્માણ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં એફોર્ડેબલ રેન્ટલ હાઉસીંગ કોમ્પલેક્ષિસ નીતિ અંતર્ગત સુરત અને રાજકોટ શહેરમાં કુલ કેટલા આવાસો બનાવવામાં આવેલ છે, અને

(૨) તેમાંથી કેટલી રકમનું પોઝિટિવ પ્રિમિયમ પ્રાપ્ત થનાર છે ?

**જવાબ**

(૧)

| ક્રમ | શહેર | આવાસોની સંખ્યા |
|---|---|---|
| ૧ | સુરત | ૩૯૩ |
| ૨ | રાજકોટ | ૬૯૮ |
| | **કુલ** | **૧૦૯૧** |

(૨)

| ક્રમ | શહેર | પોઝિટિવ પ્રિમિયમની રકમ (કરોડમાં) |
|---|---|---|
| ૧ | સુરત | ૧૮.૦૦ |
| ૨ | રાજકોટ | ૧૮.૦૮ |
| | **કુલ** | **૩૬.૦૮** |

- - - - - - - - -

**ગાંધીનગર અને મોરબી જિલ્લામાં પકડાયેલા નશીલા પદાર્થો**

૪૦૮૪૪ **ડો. સી. જે. ચાવડા** (ગાંધીનગર ઉત્તર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ગાંધીનગર અને મોરબી જિલ્લામાંથી જિલ્લાવાર વિદેશી દારૂ, દેશી દારૂ, બિયર અને નશીલા પદાર્થોનો કેટલી કિંમતનો કેટલો જથ્થો પકડાયો,

(૨) ઉક્ત પકડાયેલ જથ્થા અન્વયે ઉક્ત જિલ્લાવાર કેટલા ઈસમોની ધરપકડ કરવામાં આવી,

(૩) ઉક્ત જિલ્લાવાર કેટલા ઈસમોની ધરપકડ કરવાની બાકી છે, અને

(૪) ઉક્ત ધરપકડ કરવાના બાકી ઈસમોને પકડવા માટે શું કાર્યવાહી કરી ?

**જવાબ**

(૧) પત્રક મુજબ.

(૨) અને (૩)

| જિલ્લા | ધરપકડ કરેલ ઈસમોની સંખ્યા | ધરપકડ કરવાના બાકી ઈસમોની સંખ્યા |
|---|---|---|
| ગાંધીનગર | ૬૮૭૬ | ૮૧ |
| મોરબી | ૬૦૧૮ | ૩૨ |

(૪) પકડવાના બાકી ઈસમોને તેમના રહેણાંક, મિત્ર વર્તુળ, સગા સંબંધી તથા મળી આવવાની સંભવિત જગ્યાઓએ તપાસ તજવીજ કરાવેલ છે. જે આરોપીઓના મોબાઈલ નંબર મળેલ છે તેની કોલ ડીટેઈલ મેળવી લોકેશન પર તપાસ તજવીજ કરાવેલ છે. આરોપીઓ બાબતે સી.આર.પી.સી. કલમ-૭૦ મુજબનું વોરંટ મેળવવામાં આવેલ છે તેમજ સી.આર.પી.સી. કલમ-૮૨, ૮૩ મુજબની કાર્યવાહી કરવામાં આવેલ છે.

**પત્રક**

| તા.૦૧-૦૧-૨૦૨૦ થી તા.૩૧-૧૨-૨૦૨૦ | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| શહેર / જિલ્લો | વિદેશી દારૂ | | દેશી દારૂ | | બિયર | | નશીલા પદાર્થો | | | | | | | | |
| | | | | | | | અફીણ | | ગાંજો | | ચરસ | | પોશડોડા / પાવડર | | |
| | કિંમત (રૂપિયા) | જથ્થો (બોટલ) | કિંમત (રૂપિયા) | જથ્થો (લીટર) | કિંમત (રૂપિયા) | જથ્થો (બોટલ) | કિંમત (રૂપિયા) | જથ્થો (કિ.ગ્રા.) | કિંમત (રૂપિયા) | જથ્થો (કિ.ગ્રા.) | કિંમત (રૂપિયા) | જથ્થો (ગ્રામ) | કિંમત (રૂપિયા) | જથ્થો (ગ્રામ) | |
| ગાંધીનગર | ૨,૭૨,૯૫,૩૦૦ | ૮૯,૬૨૯ | ૪,૪૭,૭૨૦ | ૨૨,૩૮૬ | ૯૭,૦૯૭ | ૯૧૬ | ૭૮,૫૦૦ | ૪૪૦ છોડ (નંગ) | ૩,૧૯,૧૮૬ | ૪૯.૩૫૩ | ૭,૪૭,૫૦૦ | ૭૪.૭૫૦ | ૦ | ૦ | |
| મોરબી | ૧,૫૦,૭૬,૫૭૫ | ૪૩,૯૬૪ | ૪,૪૦,૮૪૦ | ૨૨,૦૪૨ | ૮૧,૪૨૦ | ૧,૩૩૮ | ૧૮,૦૪,૫૬૦ | ૨૨૫.૫૭ | ૫૭,૧૯૦ | ૫.૭૧૯ | ૦ | ૦ | ૮,૮૮૦ | ૨,૯૬૦ | |

| તા.૦૧-૦૧-૨૦૨૧ થી તા.૩૧-૧૨-૨૦૨૧ | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| શહેર / જિલ્લો | વિદેશી દારૂ | | દેશી દારૂ | | બિયર | | નશીલા પદાર્થો | | | | | | | |
| | | | | | | | અફીણ | | ગાંજો | | ચરસ | | પોશડોડા / પાવડર | |
| | કિંમત (રૂપિયા) | જથ્થો (બોટલ) | કિંમત (રૂપિયા) | જથ્થો (લીટર) | કિંમત (રૂપિયા) | જથ્થો (બોટલ) | કિંમત (રૂપિયા) | જથ્થો (ગ્રામ) | કિંમત (રૂપિયા) | જથ્થો (કિ.ગ્રા.) | કિંમત (રૂપિયા) | જથ્થો (ગ્રામ) | કિંમત (રૂપિયા) | જથ્થો (ગ્રામ) |
| ગાંધીનગર | ૨,૮૩,૫૪,૩૮૭ | ૯૫,૨૮૦ | ૫,૯૩,૪૪૦ | ૨૯,૬૭૨ | ૧૩,૯૬,૩૦૨ | ૧૧,૮૮૫ | ૦ | ૦ | ૧,૯૮,૭૭૦ | ૬૪.૬૭૨ કિ.ગ્રા. | ૦ | ૦ | ૦ | ૦ |
| મોરબી | ૨,૪૦,૧૬,૪૩૨ | ૬૭,૭૭૬ | ૬,૩૮,૪૨૦ | ૩૧,૯૨૧ | ૨,૬૯,૭૦૦ | ૨,૬૯૫ | ૩૧,૦૦૦ | ૩૧૦ | ૪,૬૦૦ | ૪૬૦ ગ્રામ | ૧,૩૨,૦૦૦ | ૮૮૦ | ૦ | ૦ |

- - - - - - - - -

## આણંદ અને અમદાવાદ જિલ્લામાં પકડાયેલા નશીલા પદાર્થો

૪૦૯૦૨ **શ્રી રાજેન્દ્રસિંહ પરમાર**(બોરસદ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર આણંદ અને અમદાવાદ જિલ્લામાંથી જિલ્લાવાર વિદેશી દારૂ, દેશી દારૂ, બિયર અને નશીલા પદાર્થોનો કેટલી કિંમતનો કેટલો જથ્થો પકડાયો,

(૨) ઉક્ત પકડાયેલ જથ્થા અન્વયે ઉક્ત જિલ્લાવાર કેટલા ઈસમોની ધરપકડ કરવામાં આવી,

(૩) ઉક્ત જિલ્લાવાર કેટલા ઈસમોની ધરપકડ કરવાની બાકી છે, અને

(૪) ઉક્ત ધરપકડ કરવાના બાકી ઈસમોને પકડવા માટે શું કાર્યવાહી કરી ?

**જવાબ**

(૧) પત્રક મુજબ.

(૨) અને (૩)

| જિલ્લા | ધરપકડ કરેલ ઈસમોની સંખ્યા | ધરપકડ કરવાના બાકી ઈસમોની સંખ્યા |
|---|---|---|
| આણંદ | ૮૭૫૧ | ૧૦૩ |
| અમદાવાદ જિલ્લો | ૯૪૩૩ | ૧૭૯ |
| અમદાવાદ શહેર | ૨૧૯૨૨ | ૭૯ |

(૪) પકડવાના બાકી ઈસમોને તેમના રહેણાંક, મિત્ર વર્તુળ, સગા સંબંધી તથા મળી આવવાની સંભવિત જગ્યાઓએ તપાસ તજવીજ કરાવેલ છે. જે આરોપીઓના મોબાઈલ નંબર મળેલ છે તેની કોલ ડીટેઈલ મેળવી લોકેશન પર તપાસ તજવીજ કરાવેલ છે. આરોપીઓ બાબતે સી.આર.પી.સી. કલમ-૭૦ મુજબનું વોરંટ મેળવવામાં આવેલ છે તેમજ સી.આર.પી.સી. કલમ-૮૨, ૮૩ મુજબની કાર્યવાહી કરવામાં આવેલ છે.

**પત્રક**

| તા.૦૧-૦૧-૨૦૨૦ થી તા.૩૧-૧૨-૨૦૨૦ | | | | | | |
|---|---|---|---|---|---|---|
| જિલ્લા / શહેર | વિદેશી દારૂની કિંમત (રૂપિયા) | વિદેશી દારૂનો જથ્થો (બોટલ) | દેશી દારૂની કિંમત (રૂપિયા) | દેશી દારૂનો જથ્થો (લીટર) | બિયરની કિંમત (રૂપિયા) | બિયરનો જથ્થો (બોટલ) |
| આણંદ | ૩,૧૧,૩૧,૪૭૦ | ૧૨૫૧૨૯ | ૩,૨૩,૯૦૦ | ૧૬૧૯૫ | ૬,૮૧,૮૬૬ | ૬૬૬૦ |
| અમદાવાદ જિલ્લો | ૮૦૨૪૨૪૩૮ | ૧૯૬૭૫૧ | ૨૭૯૦૬૦ | ૧૩૯૫૩ | ૧૬૯૬૨૪૦ | ૧૬૧૨૩ |
| અમદાવાદ શહેર | ૩૬૫૫૨૬૯૪ | ૧૦૬૦૧૨ | ૨૨૩૧૩૦૬ | ૧૧૧૫૬૫ | ૧૩૦૫૫૫૨ | ૧૦૬૩૮ |

**નશીલા પદાર્થો**

| જિલ્લા / શહેર | ગાંજાની કિંમત (રૂપિયા) | ગાંજોના જથ્થો (કિ.ગ્રા.) | ચરસની કિંમત (રૂપિયા) | ચરસનો જથ્થો (કિ.ગ્રા.) | પોશડોડા / પાઉડર કિંમત (રૂપિયા) | પોશડોડા / પાઉડરનો જથ્થો (કિ.ગ્રા.) | કફસીરપની બોટલો નાની / મોટી કિંમત (રૂપિયા) | કફસીરપની બોટલો નાની / મોટી જથ્થો | મેથા ફેટામેન્ટની કિંમત (રૂપિયા) | મેથા ફેટામેન્ટનો જથ્થો (કિ.ગ્રા.) | કોડીન ધરાવતી નશીલી દવા (બોટલ) કિંમત (રૂપિયા) | કોડીન ધરાવતી નશીલી દવા (બોટલ) જથ્થો (કિ.ગ્રા.) | અન્યની કિંમત (રૂપિયા) | અન્યનો જથ્થો (કિ.ગ્રા.) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| આણંદ | ૭૪૦૩૯૫ | ૭૪.૧૦૬ | ૦ | ૦ | ૨૫૫૫૭૧૫ | ૮૫૧.૯૦૫ | ૦ | ૦ | ૦ | ૦ | ૫૨૧૨૫ | ૩૮૫ | ૦ | ૦ |

| જિલ્લા / શહેર | ગાંજાની કિંમત (રૂપિયા) | ગાંજોના જથ્થો (કિ.ગ્રા.) | ચરસની કિંમત (રૂપિયા) | ચરસનો જથ્થો (કિ.ગ્રા.) | પોશડોડા / પાઉડર કિંમત (રૂપિયા) | પોશડોડા / પાઉડરનો જથ્થો (કિ.ગ્રા.) | કફસીરપની બોટલો નાની / મોટી કિંમત (રૂપિયા) | કફસીરપની બોટલો નાની / મોટી જથ્થો | મેથા ફેટામેન્ટની કિંમત (રૂપિયા) | મેથા ફેટામેન્ટનો જથ્થો (કિ.ગ્રા.) | કોડીન ધરાવતી નશીલી દવા (બોટલ) કિંમત (રૂપિયા) | કોડીન ધરાવતી નશીલી દવા (બોટલ) જથ્થો (કિ.ગ્રા.) | અન્યની કિંમત (રૂપિયા) | અન્યનો જથ્થો (કિ.ગ્રા.) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | કિ.ગ્રા. | | | | | | | | | | | | |
| અમદાવાદ જિલ્લો | ૩૨૪૯૭૦ | ૩૧.૯૫૧ કિ.ગ્રા. | ૦ | ૦ | ૦ | ૦ | ૩૭૫૨૫૭૫ | સીરપ નંગ ૩૨૦૯૨ ટેબલેટ ૮૧૬૦૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| અમદાવાદ શહેર | ૩૨૧૫૭૭૦ | ૨૦૪.૮૧૭ કિ.ગ્રા. | ૨૯૭૬૫૪૨ | ૫.૯૬૦.૨૮૦ કિ.ગ્રા. મીલી | ૦ | ૦ | ૦ | ૦ | ૩૪૨૩૭૪૦ | ૩૪૨ ગ્રામ ૩૭૪ મીલી | ૦ | ૦ | મેફેડ્રોન ૯૯૫૦૦૦૦ કોરેક્ષ બોટલ ૮૨૪૬૦૦ | મેફેડ્રોન ૯૯૫ ગ્રામ કોરેક્ષ બોટલ ૮૧૦૨ |

| તા.૦૧-૦૧-૨૦૨૧ થી તા.૩૧-૧૨-૨૦૨૧ | | | | | | |
|---|---|---|---|---|---|---|
| **જિલ્લા / શહેર** | **વિદેશી દારૂની કિંમત (રૂપિયા)** | **વિદેશી દારૂનો જથ્થો (બોટલ)** | **દેશી દારૂની કિંમત (રૂપિયા)** | **દેશી દારૂનો જથ્થો (લીટર)** | **બિયરની કિંમત (રૂપિયા)** | **બિયરનો જથ્થો (બોટલ)** |
| આણંદ | ૩૭૧૮૫૮૮૮ | ૧૫૨૭૨૧ | ૩૮૩૫૪૦ | ૧૯૧૭૭ | ૯૯૭૮૩૫ | ૮૮૬૦ |
| અમદાવાદ જિલ્લો | ૧૩૧૬૨૮૯૭૫ | ૨૪૨૭૦૨ | ૬૮૧૯૯૦ | ૩૪૧૦૩ | ૩૫૨૧૦૫૦ | ૩૫૯૧૯ |
| અમદાવાદ શહેર | ૨૭૧૯૮૨૬૭ | ૧૦૮૩૭૨ | ૧૪૬૪૬૬૬ | ૭૩૨૩૩.૩૦ | ૧૧૮૧૦૮૪ | ૧૦૨૬૩ |

**નશીલા પદાર્થો**

| જિલ્લા / શહેર | અફીણ કિંમત (રૂપિયા) | અફીણ જથ્થો (કિ.ગ્રા.) | ગાંજાની કિંમત (રૂપિયા) | ગાંજોના જથ્થો (કિ.ગ્રા.) | ચરસની કિંમત (રૂપિયા) | ચરસનો જથ્થો (કિ.ગ્રા.) | બ્રાઉન સુગર કિંમત (રૂપિયા) | બ્રાઉન સુગર જથ્થો (કિ.ગ્રા.) | પોશડોડા / પાઉડર કિંમત (રૂપિયા) | પોશડોડા / પાઉડરનો જથ્થો (કિ.ગ્રા.) | કફસીરપની બોટલો નાની / મોટી કિંમત (રૂપિયા) | કફસીરપની બોટલો નાની / મોટી જથ્થો | મેથા ફેટામેન્ટની કિંમત (રૂપિયા) | મેથા ફેટામેન્ટનો જથ્થો (કિ.ગ્રા.) | મેફેડ્રોનની કિંમત (રૂપિયા) | મેફેડ્રોનનો જથ્થો (કિ.ગ્રા.) | નશાકારક સીરપ (બોટલ નંગ) કિંમત | નશાકારક સીરપ (બોટલ નંગ) જથ્થો |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| આણંદ | ૦ | ૦ | ૮૮૪૩૨૩૦ | ૮૮૪.૩૨૩ કિ.ગ્રા. | ૫૧૩૦૦ | ૩૪૨ ગ્રામ | ૦ | ૦ | ૬૬૬૯૯૪ | ૨૧૯.૨૮૪ કિ.ગ્રા. | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| અમદાવાદ જિલ્લો | ૦ | ૦ | ૧૮૪૭૧૬૦ | ૧૮૪.૧૫૪ કિ.ગ્રા. | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૯૨૨૦૦૨ | સીરપ નંગ ૬૨૪ | ૦ | ૦ | ૧૭૦૫૦૦ | ૧૭.૦૫૦ ગ્રામ | ૦ | ૦ |
| અમદાવાદ શહેર | ૧૧૫૦૪૨ | ૧.૧૫૦.૪૨ કિ.ગ્રા. મીલી | ૨૮૮૨૫૭૫ | ૨૮૮.૨૬૦.૨૭૪ કિ.ગ્રા. મીલી | ૪૪૭૧૬૬ | ૩.૧૪૭.૩૨૦ કિ.ગ્રા. મીલી | ૨૯૮૫૦ | ૫.૯૭૦ ગ્રામ મીલી ગ્રામ | ૧૮૬૮૫૦ | ૫૮.૯૫૦ કિ.ગ્રા. | ૦ | ૦ | ૩૦૩૯૨૦૦ | ૩૦૨.૮૦૩ ગ્રામ મીલી | ૪૨૩૧૬૦૦ | ૪૨૨.૩૩૨ ગ્રામ મીલી | ૬૬૭૦૬ | ૫૨૯ |

---------

**જામનગર અને દેવભૂમિ-દ્વારકા જિલ્લામાં પકડાયેલા નશીલા પદાર્થો**

૪૦૮૭૪ **શ્રી ચિરાગભાઈ કાલરીયા** (જામજોધપુર)**:માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જામનગર અને દેવભૂમિ-દ્વારકા જિલ્લામાંથી જિલ્લાવાર વિદેશી દારૂ, દેશી દારૂ, બિયર અને નશીલા પદાર્થોનો કેટલી કિંમતનો કેટલો જથ્થો પકડાયો,

(૨) ઉક્ત પકડાયેલ જથ્થા અન્વયે ઉક્ત જિલ્લાવાર કેટલા ઈસમોની ધરપકડ કરવામાં આવી,

(૩) ઉક્ત જિલ્લાવાર કેટલા ઈસમોની ધરપકડ કરવાની બાકી છે, અને

(૪) ઉક્ત ધરપકડ કરવાના બાકી ઈસમોને પકડવા માટે શું કાર્યવાહી કરી ?

**જવાબ**

(૧) પત્રક.

(૨)

| જિલ્લા | ધરપકડ કરી |
|---|---|
| જામનગર | ૮૯૦૧ |
| દેવભૂમિ-દ્વારકા | ૪૫૮૬ |

(૩)

| જિલ્લા | ધરપકડ બાકી |
|---|---|
| જામનગર | ૬૨ |
| દેવભૂમિ-દ્વારકા | ૨૯ |

(૪) જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનના અધિકારી અને પોલીસ ઈન્સપેક્ટર એલ.સી.બી./એસ.ઓ.જી. શાખાને સખત પેટ્રોલીંગ રાખી અંગત બાતમીદારો મારફતે અને

તા. ૩જી માર્ચ ૨૦૨૨

અતારાંકિત પ્રશ્નો

પોલીસ સ્ટેશનના સર્વેલન્સ સ્કોડ/એસ.ઓ.જી. કર્મચારી દ્વારા માહિતી મેળવી આવા ગુના શોધી કાઢવા સૂચના કરવામાં આવે છે અને મરીન પોલીસ સ્ટેશન દ્વારા દરિયાઈ પેટ્રોલીંગ કરવામાં આવેલ છે. આવી ગેરકાયદેસર પ્રવૃત્તિ કરનાર ઈસમોને ખાનગી બાતમીદારોથી માહિતી મેળવી તેઓની પ્રવૃત્તિ પર વોચ રાખવા સ્ટાફના માણસોને સૂચના કરવામાં આવેલ છે. ડ્રગ્સનું વેચાણ અને હેરાફેરી કરવાવાળા ઈસમો મળી આવ્યે કાયદેસરની કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવેલ છે.

**પત્રક**

**તા.૦૧-૦૧-૨૦૨૦ થી તા.૩૧-૧૨-૨૦૨૦**

| શહેર/ જિલ્લો | વિદેશી દારૂ (બોટલ) | | દેશી દારૂ (લીટર) | | બિયર (બોટલ) | | ગાંજો | | ચરસ | | અન્ય | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | કિંમત | જથ્થો | કિંમત | જથ્થો | કિંમત | જથ્થો | કિંમત | જથ્થો | કિંમત | જથ્થો | કિંમત | જથ્થો |
| જામનગર | ૧,૧૩,૨૬,૯૦૦ | ૨૨,૭૦૯ | ૪,૫૫,૯૭૫ | ૨૨,૨૧૪ | ૬૫,૭૦૦ | ૬૩૧ | ૧,૩૬,૫૦૦ | ૫.૫૧૦ કિ.ગ્રા. | ૦ | ૦ | ૨,૬૮,૫૦૦ | ૨૬.૮૫ મીલી ગ્રામ મેફેડ્રોન પાઉડર |
(૨) મોરબી અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં કોઇ

વર્ષવાર મોરબી અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં કઇ જેલોનું નિરીક્ષણ ક્યારે કરવામાં આવ્યું અને નિરીક્ષણ દરમ્યાન ક્યા પ્રકારની ક્ષતિઓ / ખામીઓ સામે આવી,

મધ્યસ્થ જેલ કે જિલ્લા જેલ અસ્તિત્વમાં નથી.

(૩) વર્ષમાં એકપણ વખત જેલનું નિરીક્ષણ કરવામાં ન આવ્યું હોય તો તેના કારણો શું છે, અને

(૪) ભવિષ્યમાં નિયમિત નિરીક્ષણ થાય તે માટે રાજ્ય સરકારે શાં પગલાં લીધાં ?

(૩) અને (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

**સુરત અને વલસાડ જિલ્લામાં પકડાયેલા નશીલા પદાર્થો**

૪૦૯૩૬ **શ્રી આનંદભાઇ ચૌધરી** (માંડવી) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સુરત અને વલસાડ જિલ્લામાંથી જિલ્લાવાર કયા પ્રકારના નશીલા પદાર્થોનો કેટલી કિંમતનો કેટલો જથ્થો પકડાયો,

(૧) પત્રક મુજબ.

(૨) ઉક્ત પકડાયેલ જથ્થા અન્વયે ઉક્ત જિલ્લાવાર કેટલા ઇસમોની ધરપકડ કરવામાં આવી,

(૩) ઉક્ત જિલ્લાવાર કેટલા ઇસમોની ધરપકડ કરવાની બાકી છે, અને

(૨) અને (૩)

| **જિલ્લા** | **ધરપકડ કરવામાં આવી** | **ધરપકડ કરવાની બાકી** |
|---|---|---|
| સુરત શહેર | ૧૫૪ | ૪૦ |
| સુરત ગ્રામ્ય | ૬૧ | ૨૦ |
| વલસાડ | ૪૧ | ૧૭ |

(૪) ઉક્ત ધરપકડ કરવાના બાકી ઇસમોને પકડવા માટે શું કાર્યવાહી કરી ?

(૪) પકડવાના બાકી આરોપીઓને તેમના રહેણાંક, મિત્ર વર્તુળ, સગા સંબંધી તથા મળી આવવાની સંભવિત જગ્યાઓએ તપાસ તજવીજ કરાવેલ છે. આરોપીઓના કોલ ડીટેઇલ મેળવી તપાસ તજવીજ કરાવેલ છે. સી.આર.પી.સી. મુજબની કાર્યવાહી કરવામાં આવેલ છે.

**પત્રક**

**તા.૦૧-૦૧-૨૦૨૦ થી તા.૩૧-૧૨-૨૦૨૦**

| **જિલ્લા** | **અફિણની કિંમત (રૂપિયા)** | **અફિણ (કિ.ગ્રા.)** | **ગાંજાની કિંમત (રૂપિયા)** | **ગાંજો (કિ.ગ્રા.મી.)** | **ચરસની કિંમત (રૂપિયા)** | **ચરસ (કિ.ગ્રા.)** | **એમ.ડી.ની કિંમત (રૂપિયા)** | **એમ.ડી. (કિ.ગ્રા.મી.)** | **મેથાફેટામેન્ટની કિંમત (રૂપિયા)** | **મેથાફેટામેન્ટ (ગ્રામ)** |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| સુરત શહેર | ૫૭૩૭૦૦ | ૪.૮૯૧ | ૮૨૦૩૧૨૦ | ૯૮૪.૧૭૧ | ૮૪૧૨૦૦ | ૬.૫૨૪ | ૧૪૨૯૦૫૦૦ | ૧.૫૨૧.૧૯૦ | ૦૦ | ૦૦ |
| સુરત ગ્રામ્ય | ૧૨૧૦૦૦ | ૧.૨૧૦ | ૮૦૯૬૨૧૪ | ૮૬૦.૫૯૩ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| વલસાડ | ૧૯૮૦૦૦ | ૧.૯૮૦ | ૧૧૩૨૯૧૨ | ૧૧૩.૨૯૧.૨૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૧૪૧૩૦૦ | ૧૪.૧૩ |

**તા.૦૧-૦૧-૨૦૨૧ થી તા.૩૧-૧૨-૨૦૨૧**

| **જિલ્લા** | **અફિણની કિંમત (રૂપિયા)** | **અફિણ (કિ.ગ્રા.)** | **ગાંજાની કિંમત (રૂપિયા)** | **ગાંજો (કિ.ગ્રા.)** | **ચરસની કિંમત (રૂપિયા)** | **ચરસ (કિ.ગ્રા.)** | **અમ્ફેટામાઇન / મેથાડેટા-માઇનની કિંમત (રૂપિયા)** | **અમ્ફેટામાઇન / મેથાડેટા-માઇનનો જથ્થો** | **મેથાએમ્ફેટા-માઇનની કિંમત (રૂપિયા)** | **મેથાએમ્ફેટા-માઇનનો જથ્થો (ગ્રામ)** | **પોષ ડોડાની કિંમત (રૂપિયા)** | **પોષ ડોડાનો જથ્થો (કિ.ગ્રા.)** |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| સુરત શહેર | ૭૪૦૦૭૬ | ૪.૨૬૪ | ૧૬૮૦૩૪૫૭ | ૧૬૫૦.૩૯૧ | ૨૫૮૬૦૦૦ | ૫.૧૭૨ | ૬૯૨૯૮૦૦ | ૬૯૩.૯૭ | ૦૦ | ૦૦ | ૧૦૨૧૩૫ | ૩૪.૦૪૫ |
| સુરત ગ્રામ્ય | ૦૦ | ૦૦ | ૩૩૭૯૮૧૯૦ | ૩૪૦૬.૫૫૯ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| વલસાડ | ૦૦ | ૦૦ | ૪૫૭૭૯૪૦ | ૪૫૭.૭૯૬ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૫૮૩૬૦૦ | ૫૮.૩૬ | ૨૨૫૮૪ | ૭.૫૨૮ |

- - - - - - - - -

**અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં જેલોનું નિરીક્ષણ**

૪૦૮૪૩ **શ્રી જશુભાઇ પટેલ** (બાયડ) : **માનનીય જેલમંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યના જેલ મેન્યુઅલ મુજબ આઇ.જી.પી. કક્ષાના અધિકારીએ જેલોના વોર્ડ, યાર્ડ, બેરેક કે અન્ય નિરીક્ષણ કરવાનું હોય છે તે હકીકત સાચી છે,

(૧) હા, જી.

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં કઇ જેલોનું નિરીક્ષણ ક્યારે કરવામાં આવ્યું અને નિરીક્ષણ દરમ્યાન ક્યા પ્રકારની ક્ષતિઓ/ખામીઓ સામે આવી,

(૨)

| જેલનું નામ | નિરીક્ષણની તારીખ |
|---|---|
| હિંમતનગર જિલ્લા જેલ સાબરકાંઠા જિલ્લો | ૧૭-૦૮-૨૦૨૦<br>૨૩-૧૧-૨૦૨૦ |
| અરવલ્લી જિલ્લો | મધ્યસ્થ કે જિલ્લા જેલ આવેલ નથી. |

નિરીક્ષણ દરમિયાન કોઇ ક્ષતિ/ખામી જણાય આવેલ નથી.

(૩) વર્ષમાં એકપણ વખત જેલનું નિરીક્ષણ કરવામાં ન આવ્યું હોય તો તેના કારણો શું છે, અને

(૩) કોવીડ-૧૯ મહામારી તેમજ વહીવટી કારણોસર વર્ષ ૨૦૨૧માં હિંમતનગર જિલ્લા જેલનું નિરીક્ષણ થઇ શકેલ નથી.

(૪) ભવિષ્યમાં નિયમિત નિરીક્ષણ થાય તે માટે રાજ્ય સરકારે શાં પગલાં લીધાં?

(૪) જેલ મેન્યુઅલની જોગવાઇ મુજબ નિયમિત નિરીક્ષણ થાય તે માટે જેલોના ઇન્સ્પેક્ટર જનરલશ્રીને ગૃહ વિભાગ દ્વારા તા.૦૬-૦૩-૨૦૧૮ તથા તા.૧૭-૦૨-૨૦૨૦ના પત્રોથી સૂચના આપવામાં આવેલ છે.

- - - - - - - - -

**ગાંધીનગર જિલ્લામાં ખનિજ ચોરી**

૪૧૮૪૯ **શ્રી બળદેવજી ઠાકોર** (કલોલ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ-ખનિજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર ખનિજચોરી અંગેની કેટલી ફરિયાદો સરકારને મળી,

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર ખનિજ ચોરી અંગેની નીચે મુજબ ફરિયાદો મળેલ છે.

| તાલુકા | તા.૦૧/૦૧/૨૦૨૦થી તા.૩૧/૧૨/૨૦૨૦ | તા.૦૧/૦૧/૨૦૨૧થી તા.૩૧/૧૨/૨૦૨૧ | કુલ |
|---|---|---|---|
| ગાંધીનગર | ૩૨ | ૩૪ | ૬૬ |
| માણસા | ૨૫ | ૧૯ | ૪૪ |
| દહેગામ | ૦૯ | ૧૧ | ૨૦ |
| કલોલ | ૦૬ | ૦૪ | ૧૦ |
| **કુલ** | **૭૨** | **૬૮** | **૧૪૦** |

(૨) ઉક્ત સ્થિતિએ મળેલ ફરિયાદો અન્વયે શું કાર્યવાહી કરવામાં આવી, અને

(૨) મળેલ ફરિયાદો અન્વયે ઉક્ત સ્થિતિએ કુલ ૫૩ ફરિયાદ અરજીઓમાં કુલ રૂ.૧૫૦.૫૭ લાખની વસૂલાત કરવામાં આવેલ છે. ૦૧ ફરિયાદ અરજી અન્વયે કુલ રૂ. ૭.૧૦ લાખની દંડકીય વસૂલાત અંગે હુકમ કરવામાં આવેલ છે. તથા અન્ય ૦૧ ફરિયાદ અરજીમાં ૧.૧૨ લાખની વસૂલાત અન્વયે નોટીસ પાઠવવામાં આવેલ છે. અન્ય ૭૭ ફરીયાદ અરજીઓમાં ગેરરીતિ જોવા મળેલ નહી તેમજ ૦૮ ફરિયાદ અરજીઓ કાર્યવાહી હેઠળ છે.

(૩) ઉક્ત સ્થિતિએ ખનિજચોરી કરતા ઇસમો પાસેથી દંડ પેટે કેટલી રકમ વસૂલ કરવામાં આવી?

(૩) ઉક્ત સ્થિતિએ કુલ ૫૩ ફરિયાદ અરજીઓ અન્વયે કુલ ૧૦૧ ઇસમો પાસેથી કુલ દંડકીય રકમ રૂ. ૧૫૦.૫૭ લાખ રકમની વસૂલાત કરવામાં આવેલ છે.

- - - - - - - - -

**બનાસકાંઠા અને કચ્છ જિલ્લામાં કાર્યરત જી.આઇ.ડી.સી.**

૪૦૮૧૫ **શ્રી ગુલાબસિંહ રાજપૂત** (થરાદ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

તા. ૩જી માર્ચ ૨૦૨૨

અતારાંકિત પ્રશ્નો

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ બનાસકાંઠા અને કચ્છ જિલ્લામાં તાલુકાવાર કેટલી જી.આઈ.ડી.સી. કાર્યરત છે,

(૧)

| જિલ્લો | તાલુકો | કાર્યરત જી.આઈ.ડી.સી.ની સંખ્યા |
|---|---|---|
| બનાસકાંઠા | દાંતા | ૦૧ |
| | ડીસા | ૦૧ |
| | દિયોદર | ૦૧ |
| | કાંકરેજ (શિહોરી) | ૦૧ |
| | પાલનપુર | ૦૨ |
| કચ્છ | અંજાર | ૦૧ |
| | ભુજ | ૦૩ |
| | ગાંધીધામ | ૦૩ |
| | માંડવી | ૦૧ |
| | મુન્દ્રા | ૦૨ |

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર એકપણ જી.આઈ.ડી.સી. ન હોય તેવા તાલુકા કેટલા છે,

(૨) બનાસકાંઠા-૦૯
કચ્છ-૦૩

(૩) ઉક્ત જી.આઈ.ડી.સી. પૈકી છેલ્લા બે વર્ષમાં કેટલી નવી જી.આઈ.ડી.સી. સ્થાપવામાં આવી, અને

(૩) બનાસકાંઠા-૦૦
કચ્છ-૦૧

(૪) ઉક્ત તાલુકાવાર જી.આઈ.ડી.સી. ન હોય તેવા તાલુકામાં નવી જી.આઈ.ડી.સી. સ્થાપવા શી કાર્યવાહી કરવામાં આવી ?

(૪) ઔદ્યોગિક વસાહતની સ્થાપનાથી આર્થિક પ્રવૃત્તિને વેગ મળે તે ઉમદા આશયથી ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ દ્વારા રાજ્યના તમામ જિલ્લાઓના વિસ્તારમાં નવી ઔદ્યોગિક વસાહત વિકસાવવા/સ્થાપવા માટે એક જથ્થે ઉપલબ્ધ સરકારી જમીન, નજીકના શહેરથી સૂચિત જગ્યાનું અંતર, ટ્રાન્સપોર્ટ ફેસીલીટીની સગવડ, અંડર ગ્રાઉન્ડ કે ઓવરહેડ વિજ લાઈનની અને ઈલેક્ટ્રીક સબ સ્ટેશન તથા તેની ક્ષમતાની સુવિધા, નેશનલ/સ્ટેટ હાઈવે અથવા બ્રોડગેજ રેલવે લાઈનથી અંતર તથા સુચિત જગ્યાને હયાત રોડથી મળતો એપ્રોચની સગવડ, ઔદ્યોગિક એકમ માટે જરૂરી પૂરતા પ્રમાણમાં પાણીની સગવડ વગેરે પરિબળો ધ્યાને લઈ, ઉપલબ્ધ સરકારી જમીનની માહિતી જીઆઈડીસી દ્વારા તેમની ક્ષેત્રિય કચેરીઓ પાસેથી મેળવવામાં આવી રહી છે. તેવી માહિતી મળ્યા બાદ વસાહત સ્થાપવી પોષણક્ષમતા જણાએથી જે-તે જિલ્લાના કલેક્ટરશ્રીને સરકારી જમીન જીઆઈડીસીને ફાળવવામાં આવે ત્યારે વસાહત સ્થાપવાની બાબતે વિચારણા કરી શકાય.

---------

**ભરૂચ અને નવસારી જિલ્લામાં જેલોનું નિરીક્ષણ**

૪૦૯૩૩ **શ્રી સંજયભાઈ સોલંકી** (જંબુસર) : **માનનીય જેલમંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યના જેલ મેન્યુઅલ મુજબ આઈ.જી.પી. કક્ષાના અધિકારીએ જેલોના વોર્ડ, યાર્ડ, બેરેક કે અન્ય નિરીક્ષણ કરવાનું હોય છે તે હકીકત સાચી છે,

(૧) હા, જી.

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ભરૂચ અને નવસારી જિલ્લામાં કઇ જેલોનું નિરીક્ષણ ક્યારે કરવામાં આવ્યું અને નિરીક્ષણ દરમ્યાન કયા પ્રકારની ક્ષતિઓ/ખામીઓ સામે આવી,

(૨)

| જેલનું નામ | નિરીક્ષણની તારીખ |
|---|---|
| ભરૂચ જિલ્લા જેલ ભરૂચ જિલ્લો | ૧૨-૧૦-૨૦૨૦ |
| નવસારી જિલ્લો | મધ્યસ્થ કે જિલ્લા જેલ આવેલ નથી. |

નિરીક્ષણ દરમિયાન કોઈ ક્ષતિ/ખામી ધ્યાને આવેલ નથી.

(૩) વર્ષમાં એકપણ વખત જેલનું નિરીક્ષણ કરવામાં ન આવ્યું હોય તો તેના કારણો શું છે, અને

(૩) કોવીડ-૧૯ મહામારી તેમજ વહીવટી કારણોસર વર્ષ ૨૦૨૧માં નડીયાદ જિલ્લા જેલનું નિરીક્ષણ થઈ શકેલ નથી.

(૪) ભવિષ્યમાં નિયમિત નિરીક્ષણ થાય તે માટે રાજ્ય સરકારે શાં પગલાં લીધાં ?

(૪) જેલ મેન્યુઅલની જોગવાઈ મુજબ નિયમિત નિરીક્ષણ થાય તે માટે જેલોના ઈન્સ્પેક્ટર જનરલશ્રીને ગૃહ વિભાગ દ્વારા તા.૦૬-૦૩-૨૦૧૮ તથા તા.૧૭-૦૨-૨૦૨૦ના પત્રોથી સૂચના આપવામાં આવેલ છે.

---------

**નર્મદા અને છોટાઉદેપુર જિલ્લામાં પકડાયેલા નશીલા પદાર્થો**

૪૦૯૩૦ **શ્રી પ્રેમસિંહભાઇ વસાવા** (નાંદોદ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર નર્મદા અને છોટાઉદેપુર જિલ્લામાંથી જિલ્લાવાર કયા પ્રકારના નશીલા પદાર્થોનો કેટલી કિંમતનો કેટલો જથ્થો પકડાયો,

(૧) પત્રક મુજબ.

(૨) ઉક્ત પકડાયેલ જથ્થા અન્વયે ઉક્ત જિલ્લાવાર કેટલા ઈસમોની ધરપકડ કરવામાં આવી,

(૩) ઉક્ત જિલ્લાવાર કેટલા ઇસમોની ધરપકડ કરવાની બાકી છે, અને

(૨) અને (૩)

| જિલ્લા | ધરપકડ કરવામાં આવી | ધરપકડ કરવાની બાકી |
|---|---|---|
| નર્મદા | ૨૦ | ૦૩ |
| છોટાઉદેપુર | ૨૦ | ૦૨ |

(૪) ઉક્ત ધરપકડ કરવાના બાકી ઇસમોને પકડવા માટે શું કાર્યવાહી કરી?

(૪) પકડવાના બાકી આરોપીઓને તેમના રહેણાંક, મિત્ર વર્તુળ, સગા સંબંધી તથા મળી આવવાની સંભવિત જગ્યાઓએ તપાસ તજવીજ કરાવેલ છે. જે આરોપીઓના કોલ ડીટેઇલ મેળવી તપાસ તજવીજ કરાવેલ છે. સી.આર.પી.સી. મુજબની કાર્યવાહી કરવામાં આવેલ છે.

**પત્રક**

**તા.૦૧-૦૧-૨૦૨૦ થી તા.૩૧-૧૨-૨૦૨૦**

| જિલ્લા | ગાંજાની કિંમત (રૂપિયા) | ગાંજો (કિ.ગ્રા.) | અફીણ પોષ ડોડા ભુક્કાની કિંમત (રૂપિયા) | અફીણ પોષ ડોડા ભુક્કાનો જથ્થો (ગ્રામ) |
|---|---|---|---|---|
| નર્મદા | ૩૧૧૫૩૫૦ | ૪૦૬.૫૯૫ | ૧૩૮૦ | ૪૬૦ |
| છોટાઉદેપુર | ૧૩૮૨૬૦ | ૧૩.૮૨૬ | ૦૦ | ૦૦ |

**તા.૦૧-૦૧-૨૦૨૧ થી તા.૩૧-૧૨-૨૦૨૧**

| જિલ્લા | ગાંજાની કિંમત (રૂપિયા) | ગાંજો (કિ.ગ્રા.) |
|---|---|---|
| નર્મદા | ૬૬૦૫૨૦ | ૬૬.૦૫૨ |
| છોટાઉદેપુર | ૨૯૯૧૮૨૪૦ | ૨૯૯૧.૮૨૪ |

---------

**(મુલતવી રહેલ સભાગૃહ બપોરના ૧-૦૦ વાગ્યે ફરી મળ્યું)**

તા. ૩જી માર્ચ ૨૦૨૨
અતારાંકિત પ્રશ્નો

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

**પોઇન્ટ ઓફ ઓર્ડર**

**પ્રશ્નોત્તરીની બૂકમાં પૂછાયેલ પ્રશ્નોના સાચા જવાબ આપવા અંગે**

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, આજની પ્રશ્નોત્તરીમાં કચ્છ જિલ્લામાં  પકડાયેલા નશીલા પદાર્થો અંગેના અગ્રતાક્રમ નંબર ૫, ૨૨, ૨૭, ૨૮, ૩૭, ૪૧, ૪૬, ૧૪૬, ૧૫૮ ક્રમાંકના પ્રશ્નો છે. માનનીય ગૃહમંત્રીશ્રીએ ડ્રગ્સ બાબતે જવાબ આપ્યો ત્યારે સ્પેસિફિક રીતે જે ધારાસભ્યશ્રીએ પ્રશ્ન પૂછ્યો છે, એમાં કચ્છ જિલ્લામાં આવેલ અદાણી પોર્ટસ ઉપરથી ૨૧ હજાર કરોડનું ડ્રગ્સ પકડાયેલ છે, એનો જવાબ આપવાનું સરકારે ટાળ્યું છે. માનનીય ધારાસભ્યશ્રીએ આ પ્રશ્ન લેખિતમાં પૂછ્યો છે. તેમ છતાં એનો જવાબ મંત્રીશ્રીએ આપવાનું ટાળ્યું છે. સરકાર આનો જવાબ આપવામાંથી અળગી થઇ છે એવું આના ઉપરથી સ્પષ્ટ થયું છે. ગુજરાતમાં પકડાયેલ છે, ગુજરાતમાં ફરિયાદ થઇ છે અને કાયદેસર કાર્યવાહી પણ અહીંયા કરવામાં આવી છે. તેમ છતાં જવાબ આપવામાં આવ્યો નથી, ત્યારે આનો જવાબ રાજય સરકારે લેખિતમાં માનનીય ધારાસભ્યશ્રીને આપવો જોઇએ. જે એનો હક્ક અને અધિકાર છે.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રીનો આ પોઇન્ટ ઓફ ઓર્ડર જ નથી, પોઇન્ટ ઓફ કલેરીફિકેશન છે. સરકારે આનો જવાબ આપ્યો છે  તેમ છતાં જરૂર લાગે તો મને બીજી નોટિસ આપજો.

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, આ પોઇન્ટ ઓફ ઓર્ડર છે જ નહિ. માનનીય સભ્યશ્રી માનનીય મંત્રીશ્રી પાસેથી એવી અપેક્ષા ન  રાખી શકે. આવી રીતે ચાલી જ ન શકે. અહીંયા આ વાત પૂરી થઇ જાય છે.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, આની ફરિયાદ ગુજરાતમાં જ થઇ છે એટલે એ જાણવાનો અમારો હક્ક અને અધિકાર છે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, આપ પણ બેસી જાવ. પોઇન્ટ ઓફ ઓર્ડરનો વિષય જ ઉપસ્થિત થતો નથી.  નેકસ્ટ.

શ્રી પંકજભાઇ વિ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, આપે કહ્યું કે આ પોઇન્ટ ઓફ ઓર્ડર થતો નથી તેથી આ જે કંઇ ચર્ચા થઇ એ રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવે.

અધ્યક્ષશ્રી : આ પોઇન્ટ ઓફ ઓર્ડર છે જ નહિ. ધીસ ઇઝ નોટ પોઇન્ટ ઓફ ઓર્ડર. મારે બીજું કામ પૂરું કરવાનું છે. માનનીય પરેશભાઇ, આપ બેસી જાવ. આ પોઇન્ટ ઓફ ઓર્ડર છે જ નહિ એટલે આ બાબતે હું ચર્ચા કરવા દેવા માગતી નથી.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીઓનો જાણવાનો હક્ક અને અધિકાર છે.

અધ્યક્ષશ્રી : એના માટે બીજી નોટિસ આપજો. મેં આ અંગે નિર્ણય આપી દીધો છે.

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, એક વખત કોઇ બાબત ઉપર સ્પીકર સાહેબનો નિર્ણય આવી જાય પછી એના ઉપર કોઇ ટીકા ટિપ્પણ ન થઇ શકે એ અંગેની માનનીય સભ્યશ્રીને જાણકારી હોવા છતાં  તેઓ આ સભાગૃહનું અપમાન કરી રહ્યાં છે, સભાગૃહનો કિમતી સમય બગાડી રહ્યાં છે.એક વખત કોઇ બાબત ઉપર સ્પીકર સાહેબનો નિર્ણય આવી જાય પછી એના ઉપર કોઇ ચર્ચા ન હોઇ શકે.

અધ્યક્ષશ્રી : મેં નિર્ણય આપી દીધો છે એટલે આપ બેસી જાવ. મારે બીજી કામગીરી કરવાની છે એટલે સૌ બેસી જાય. આ અંગે બીજો પ્રશ્ન પૂછજો, બીજી નોટિસ આપજો. મેં આ અંગે નિર્ણય આપી દીધો છે. (અંતરાય)પોઇન્ટ ઓફ ઓર્ડર બનતો નથી. મેં કહી દીધું. તેની સામે દલીલ ન હોય. પ્લીઝ. કોઇ પોઇન્ટ ઓફ ઓર્ડર નથી. મંત્રીશ્રીએ જે જવાબ આપવાનો હતો એ આપી દીધો છે. આપ જે રીતે કહો તે રીતે મંત્રીશ્રી જવાબ ન આપે. જે જવાબ આપ્યો છે તેના માટે નિયમ મુજબ હું ફોર્સ કરી શકતી નથી એટલે આપ બેસો. પ્લીઝ બેસો.(અંતરાય) ક્લેરીફિકેશન પણ આમાં કંઇ ન હોય. જે જવાબ આપ્યો છે તેનો સ્વીકાર કરવો પડે. નિયમ મુજબ હું તેમને ફોર્સ કરી શકતી નથી, એટલે તમારે બીજો જવાબ જોઇતો હોય તો બીજી નોટિસ આપવી પડે એવું મેં રુલીંગ આપ્યું છે. પ્લીઝ. બેસો. તેની સામે દલીલ ન કરો. આ મારા અધિકારની વાત છે. પ્લીઝ બેસો. (અંતરાય) તમે બોલી લીધું? બીજું કામ મારે કરવાનું કે તમારું જ સાંભળ્યા કરવાનું? ગૃહનો ખોટો સમય ન બગાડો. પ્લીઝ. બીજા બધા સભ્યોના સમયની પણ કિંમત હોય છે. પ્લીઝ બેસો. શ્રી પરેશભાઇ, આપ બેસો પ્લીઝ. (અંતરાય) મને આગળનું કામ કરવા દો. તમે ગૃહને ડિસ્ટર્બ ન કરો. ગૃહનો સમય ન બગાડો.(અંતરાય) પ્લીઝ બેસો. અગત્યનું બજેટ શરૂ થાય છે. તમે શાંતિ રાખો અને બેસો. (અંતરાય) કોઇ પોઇન્ટ ઓફ ઓર્ડર બનતો નથી. બેસો બધા. શ્રી પરેશભાઇનું માઇક ચાલુ કરો. બધાને બેસાડો, પછી વાત કરો. (અંતરાય) પહેલાં તમારા સભ્યોને બેસાડો પછી વાત કરો. (સતત અંતરાય)

શ્રી પરેશ ધાનાણી : ડ્રગ માફિયાઓએ આ સરકારની સ્થિતિ..(અંતરાય)

શ્રી પંકજભાઇ વિ. દેસાઇ : અમારા મંત્રીશ્રીએ બજેટ રજૂ કરવાનો સમય થઇ ગયો છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : તમે બધાને બેસાડો, તો સંભળાશે. શ્રી પરેશભાઇ વાત કરે છે. આપ સૌ બેસો. બોલો, શ્રી પરેશભાઇ.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આપનો ખૂબ ખૂબ આભાર. આ મુદ્દો રાજકીય મદ્દો નથી. આ સમગ્ર ગુજરાતમાં મારા-તમારા સૌના બાળકોની ચિંતા છે. આપે વિરોધપક્ષનું રક્ષણ કર્યું, પહેલાં આપનો આભાર માનું છું. આપનું ધ્યાન દોરવા માગું છું. પુંજાભાઇએ જે પ્રશ્ન ઉપસ્થિત કર્યો, સરકાર ગૃહની અંદર સાચો જવાબ આપવા બંધાયેલી છે. આ ગૃહને સત્ય જાણવાનો અધિકાર છે. પ્રશ્ન ક્રમાંક-૫ (અંતરાય) તમે જવાબ આપજો. તમે સરકાર છો. જવાબ આપજો. *(**xxx**) માનનીય રાજેન્દ્રભાઇ, *(**xxx**) કચ્છમાં ૨૧,૦૦૦ કરોડ રૂપિયાનું ડ્રગ્ઝ પકડાયું. પોણા બે લાખ કરોડ રૂપિયાનું ડ્રગ્ઝ ભારતમાં ઘૂસી ગયું. તમે રેકર્ડ ઉપર એ સત્ય સ્વીકારતા કેમ નથી? આ સરકારે..(અંતરાય)

અધ્યક્ષશ્રી : પ્લીઝ. પરેશભાઇ, હું ઉભી છું. આપ સૌ બેસો. બધા સભ્યો બેસો, પ્લીઝ. પરેશભાઇ આપની વાત કરો. જે કંઇ મુદ્દો હોય તે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું સ્પષ્ટ રીતે આજની તારાંકિત પ્રશ્નોત્તરીના પ્રશ્ન ક્રમાંક-૫ તરફ આપનું ધ્યાન દોરવા માગું છું. આણંદ અને કચ્છ જિલ્લામાં (અંતરાય) મને માનનીય અધ્યક્ષશ્રીએ મંજૂરી આપી છે, હવે તમે માનનીય અધ્યક્ષશ્રીને સલાહ આપશો?, મને અધ્યક્ષશ્રીએ મંજૂરી આપી છે.. શ્રી રાજેન્દ્રભાઇ આપ બેસો. મને અધ્યક્ષશ્રીએ મંજૂરી આપી છે, આપ બેસો.

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

તા. ૩જી માર્ચ ૨૦૨૨

અતારાંકિત પ્રશ્નો

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : જયારે પણ પોઇન્ટ ઓફ ઓર્ડર હોય તો કોઇપણ સભ્યશ્રી જે બોલી રહ્યા હોય એમણે બેસવું જોઇએ આ એક વાત અને બીજી વાત કે જે વિષય ઉપર માનનીય અધ્યક્ષશ્રીનો નિર્ણય આવી જાય ત્યાર પછી એ નિર્ણય ઉપર ફરી પોઇન્ટ ઓફ ઓર્ડર ના હોઇ શકે, આ બહુ સ્પષ્ટ છે એટલા માટે પણ માનનીય પરેશભાઇ જે પ્રશ્ન કરી રહ્યા છે એ પ્રશ્ન ના હોઇ શકે. મારી વિનંતી છે કે ફરી એમને આ બાબતમાં તક આપવાનો પ્રશ્ન રહેતો નથી, બીજી કોઇ બાબત હોય તો જુદી વાત છે.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આ વિધાનસભા વિધાનસભાના નિયમોના નિયમ પ્રમાણે ચાલે છે. માનનીય પરેશભાઇ ધાનાણી આ સભાગૃહની અંદર વિરોધ પક્ષના નેતા પદે રહી ચૂકયા છે. આપશ્રી દ્વારા એક કરતા અનેક વખત એમને વિનંતી કર્યા બાદ અને માનનીય સંસદીય મંત્રીશ્રીએ પણ એમાં દરમિયાનગીરી કરી છે છતાં પણ એમણે *(xxx) એ પ્રમાણેના જે શબ્દો વાપર્યા છે તો પહેલાં અમારી વિનંતી એ છે કે આ પ્રકારના શબ્દો પાછા ખેંચે અને પછી જ એમને કોઇપણ વાત કહેવાનો અધિકાર છે ત્યાં સુધી એ પોતે કોઇ વાત ના કહી શકે એવી એક સભ્ય તરીકે મારી લાગણી છે.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી પ્રદિપસિંહજીએ જે વાત કરી છે એ મુજબ જે શબ્દો *(xxx) એ શબ્દોને હું રેકર્ડ ઉપરથી દૂર કરું છું.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આપનો આભાર. (સતત અંતરાય) હવે સાંભળો, *(xxx) મારો પ્રશ્ન બહુ સ્પષ્ટ છે. (અંતરાય) આપે જે તક આપી છે, આપ મારા અધિકારનું રક્ષણ કરશો એવી હું વિનંતી કરું છું.

અધ્યક્ષશ્રી : આપ બેસો હવે, વિષય પૂરો કરોને હવે, પોઇન્ટ ઓફ ઓર્ડર બનતો નથી અને આપ જે શબ્દો બોલ્યા છો તે શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરવાના છે એ સિવાય કોઇ વિષય નથી. (અંતરાય) હવે પ્લીઝ આપ બેસો પરેશભાઇ, આગળની કાર્યવાહી કરવા દો. મેં તમને તક આપી, તમે આટલા સિનિયર સભ્ય થઇને આ રીતે કરશો? પ્લીઝ બેસો.. આપ બેસો..(અંતરાય)

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આપે મને બોલવાનો સમય નથી આપ્યો.

અધ્યક્ષશ્રી : તમને સમય આપ્યો છે, આપ બેસો. મેં જવાબ આપી દીધો છે. કોઇ બીજો પ્રશ્ન પૂછવો હોય તો તમને છૂટ છે. તમે પૂછજો. આજનો વિષય પૂરો થયો, આ પોઇન્ટ ઓફ ઓર્ડર નથી, આપ પ્લીઝ બેસો. મેં એક વખત રૂલીંગ આપી દીધું છે, આપ બેસો. સમય બરબાદ ના કરો... નેકસ્ટ.. (અંતરાય) બજેટ જેવા અગત્યના વિષયમાં તમે આવું કરો છો અને ખોટો સમય બગાડો છો? તમને બજેટમાં ઇન્ટરેસ્ટ છે કે નહીં? તમને સમય આપ્યો પછી પણ આવી વાતો કરો તો કેમ ચાલે? (અંતરાય) પણ એ વાત જ એવી કરે છે, પોઇન્ટ ઓફ ઓર્ડર તો છે નહીં, કોઇ વિષય જ નથી. એમને જે કંઇ જાણ કરવી હતી

એ પોઇન્ટ ઓફ ક્લેરીફીકેશનનું તો કહી દીધું છે. કોઇ પોઇન્ટ ઓફ ઓર્ડર બનતો નથી. (અંતરાય) (સૂત્રોચ્ચાર) માનનીય શૈલેષભાઇ, આપના સભ્યોને સંભાળો, બધા બેસો, શ્રી શૈલેષભાઇ, શ્રી પરેશભાઇને બેસાડો...(અંતરાય) બધા બેસો..

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્ન એટલો જ છે, હોબાળો બન્ને તરફ થયો છે. આપે અધ્યક્ષશ્રી તરીકે એમને એલાઉ કર્યા છે. મારી વિનંતી છે કે એમની વાત પૂરી થઇ જવા દો.

અધ્યક્ષશ્રી : એમની વાત પૂરી થઇ. એમણે જે રીતે રજૂઆત કરી એ યોગ્ય નથી. સરકાર ઉપર આક્ષેપો કરીને આવા શબ્દો નથી વાપરી શકાતા. એમના એ શબ્દો મેં રદ કરી દીધા છે.

શ્રી શૈલેષ મ. પરમાર : પ્રણાલી મુજબ સાચું છે પણ એમની વાત પૂરી થઇ જાય પછી બજેટ રજૂ કરો તો વાંધો શું છે? (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રીએ ફક્ત એટલું જ રુલિંગ આપ્યું છે કે જે શ્રી પ્રદિપસિંહે પ્રશ્ન ઉપાડ્યો હતો કે શબ્દો બોલ્યા હતા એ બદલ માફી માગે અને પાછા ખેંચે. આપે કહ્યું શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કર્યા છે એ રુલિંગ આપ્યું છે.

અધ્યક્ષશ્રી : મેં કહ્યું છે કે આ પોઇન્ટ ઓફ ઓર્ડર બનતો નથી અને જે વાત કરી છે એ શબ્દો પાછા ખેંચવામાં આવે એવી ક્લિયર વાત કરેલ છે. શ્રી પરેશભાઇ તમારો બીજો કોઇ વિષય રહેતો નથી. તમારો પોઇન્ટ ઓફ ઓર્ડર હોય તો વાત કરો, નહીં તો તમારો વિષય પૂરો થયો છે.

શ્રી પરેશ ધાનાણી : આજની પશ્નોત્તરીના પ્રશ્ન ક્રમાંક-૫ તરફ આપનું ધ્યાન દોરું છું. મારે કોઇ રાજકીય ટીકા-ટિપ્પણ નથી કરવી. અમારા સભ્યશ્રીનો વિષય હતો કે સરકારે છેલ્લા બે વર્ષમાં આણંદ અને કચ્છ જિલ્લામાંથી કેટલા નશીલા પદાર્થો પકડયા. મારે આપના મારફત સરકારનું ધ્યાન દોરવું છે. મુંદ્રા પોર્ટ એ કચ્છ જિલ્લાનો હિસ્સો છે. સરકારે એ વાત જાહેરમાં સ્વીકારી છે કે મુંદ્રા પોર્ટ ઉપરથી ૨૧ હજાર કરોડનું ડ્રગ પકડાયું. પહેલાં પણ પોણા બે લાખ કરોડનું ડ્રગ એ જ કંપનીના એ જ પોર્ટથી (અંતરાય)

અધ્યક્ષશ્રી : આપ બેસો. આમાં કોઇ પોઇન્ટ ઓફ ઓર્ડર બનતો નથી. પ્લીઝ બેસો. પૂરેપૂરો જવાબ એમણે આપેલો છે. મેં જવાબ જોયેલો છે. જવાબ બહુ સ્પષ્ટ છે, એમાં કશું છુપાવવામાં આવ્યું નથી. પોઇન્ટ ઓફ ઓર્ડર બનતો નથી. આપ બેસો. મેં તક આપી છે. શ્રી પરેશભાઇ, પ્લીઝ બેસો. મેં આપને તક આપી, આપનો પોઇન્ટ ઓફ ઓર્ડર બનતો નથી. પ્લીઝ બેસો.

**સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો**

સન ૨૦૨૨નો ગુજરાત જમીન પચાવી પાડવા પર (પ્રતિબંધ)(સુધારા) વટહુકમ

**શ્રી રાજેન્દ્ર ત્રિવેદી ( મહેસૂલ મંત્રીશ્રી ) :** માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૨૨નો વટહુકમ ક્રમાંક-૧- સન ૨૦૨૨નો ગુજરાત જમીન પચાવી પાડવા પર (પ્રતિબંધ) (સુધારા) વટહુકમ તથા આ વટહુકમ બહાર પાડવા અંગેના સંજોગો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વટહુકમ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

સન ૨૦૧૯-૨૦નો ગુજરાત શહેરી વિકાસ કંપની લિમિટેડનો વાર્ષિક અહેવાલ

**શ્રી વિનોદભાઇ અ. મોરડીયા ( રાજ્યકક્ષાના શહેરી વિકાસ મંત્રીશ્રી ) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત શહેરી વિકાસ કંપની લિમિટેડનો સન ૨૦૧૯-૨૦નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, ઓડિટ અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં**

સન ૨૦૨૧-૨૨ નો બહુચરાજી રેલ કોર્પોરેશન લિમિટેડનો વાર્ષિક અહેવાલ

**શ્રી જગદીશ વિશ્વકર્મા (પંચાલ) ( રાજ્યકક્ષાના ઉદ્યોગ મંત્રીશ્રી ) :** માનનીય અધ્યક્ષશ્રી, હું બહુચરાજી રેલ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૨૦-૨૧નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કોર્પોરેશનની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, ઓડિટ અહેવાલ તથા સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

**SB /** સન ૨૦૨૦-૨૧ નો ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન લિમિટેડનો વાર્ષિક અહેવાલ

**શ્રી વિનોદભાઇ અ. મોરડીયા ( રાજ્યકક્ષાના શહેરી વિકાસ મંત્રીશ્રી ) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૨૦-૨૧નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કોર્પોરેશનની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, ઓડિટ અહેવાલ તથા સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં**

સન ૨૦૧૮-૧૯ નો ગુજરાત ઘેટા અને ઊન વિકાસ નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ

**શ્રી રાઘવજીભાઇ હં. પટેલ ( પશુપાલન મંત્રીશ્રી ) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ઘેટા અને ઊન વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૮-૧૯નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

તા. ૩જી માર્ચ ૨૦૨૨

સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

**ઓડિટ અહેવાલ, વાર્ષિક અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં**

૨૦૧૮-૧૯ નો ધોલેરા ખાસ મૂડી રોકાણ પ્રાદેશિક વિકાસ સત્તામંડળનો વાર્ષિક અહેવાલ

**શ્રી જગદીશ વિશ્વકર્મા (પંચાલ)( રાજ્યકક્ષાના ઉદ્યોગ મંત્રીશ્રી ) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ધોલેરા ખાસ મૂડી રોકાણ પ્રાદેશિક વિકાસ સત્તામંડળનો સન ૨૦૧૮-૧૯નો વાર્ષિક અહેવાલ અને વાર્ષિક હિસાબો તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, હિસાબો તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં**

સન ૨૦૧૯-૨૦ના ગુજરાત મેરીટાઇમ બોર્ડના વાર્ષિક હિસાબો

**શ્રી રાઘવજીભાઇ હં. પટેલ ( બંદરો પ્રભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી ) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત મેરીટાઇમ બોર્ડના સન ૨૦૧૯-૨૦ના વાર્ષિક હિસાબો તેમજ આ હિસાબોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક હિસાબો તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

સન ૧૯૭૨ના ગુજરાત આવશ્યક સેવા જાળવણી અધિનિયમ હેઠળનું ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનું જાહેરનામું

**શ્રી મુકેશભાઇ ઝી. પટેલ ( રાજ્યકક્ષાના ઉર્જા મંત્રીશ્રી ) :** માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૧૯૭૨ના ગુજરાત આવશ્યક સેવા જાળવણી અધિનિયમ હેઠળ વીજ ઉત્પાદન, વીજ પ્રવહન, વીજ વિતરણ, ઉપરાંત ટ્રેડિંગ ઓફ ઇલેક્ટ્રિકલ પાવર એન્ડ કો-ઓર્ડીનેશન એક્ટિવિટી કરતા હોય તેવા ઉદ્યોગોમાંના તમામ રોજગારને આવશ્યક સેવાઓ તરીકે જાહેર કરતું ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનું તા.૧૫-૨-૨૦૨૨નું જાહેરનામા ક્રમાંક-ઘઇ/૨૦૨૨-૧૦/જીયુવી-૧૧૨૦૧૦-૨૮૬૧-ક(પાર્ટ-૨) સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**જાહેરનામું સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યું.**

અનુમતિ મળેલા વિધેયકો

**સચિવશ્રી:** માનનીય અધ્યક્ષશ્રી, હું ચૌદમી ગુજરાત વિધાનસભાના નવમા સત્રમાં વિધાનસભાએ પસાર કરેલ અને જેને રાજ્યપાલશ્રીની અનુમતિ મળી છે તેવા સન ૨૦૨૧ના વિધેયક ક્રમાંક-૨૧, ૨૨ અને ૨૪ વિધાનસભાના મેજ ઉપર મૂકું છું.

**અનુમતિ મળેલા વિધેયકો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં**

**કામકાજ સલાહકાર સમિતિનો અહેવાલ**

**કામકાજ સલાહકાર સમિતિનો તેરમો અહેવાલ**

અધ્યક્ષશ્રી : ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૯૨ અન્વયે મળેલ સત્તાની રૂએ હું કામકાજ સલાહકાર સમિતિનો તેરમો અહેવાલ રજૂ કરું છું.

સમિતિની બેઠક સોમવાર, તા. ૨૮ મી ફેબ્રુઆરી, ૨૦૨૨ના રોજ બપોરના ૧-૦૦ વાગ્યે અધ્યક્ષશ્રીના સમિતિ ખંડમાં મળી હતી. સમિતિએ આ બેઠકમાં નીચે મુજબની ભલામણો કરી છે.

૧. બુધવાર, તા. ૨/૩/૨૦૨૨ નીચે દર્શાવેલ ક્રમમાં સરકારી વિધેયકો દિવસના કામકાજની યાદીમાં વિચારણા અર્થે દર્શાવવા અને તા. ૪/૩/૨૦૨૨ ના રોજ તેની ચર્ચા વિચારણા પૂરી કરવી.

(૧) સન ૨૦૨૨નું વિધેયક ક્રમાંક-૧-સન ૨૦૨૨નું ગુજરાત જમીન પચાવી પાડવા પર (પ્રતિબંધ) (સુધારા) વિધેયક.

(૨) સન ૨૦૨૨નું વિધેયક ક્રમાંક-૨- સન ૨૦૨૨નું ગુજરાત ઓર્ગેનિક કૃષિ યુનિવર્સિટી(સુધારા) વિધેયક.

૨. કોંગ્રેસ પક્ષના ઉપનેતા શ્રી શૈલેષભાઇ પરમારે દસમા સત્રની સભાઓની તારીખવાર યાદીમાં દર્શાવેલ ડબલ બેઠકોની સંખ્યા ઘટાડવા અને આવી બેઠકો કેટલાક શનિવારે રાખવા માટે રજૂઆત કરી. જેના અનુસંધાને સંસદીય બાબતોના મંત્રીશ્રીએ માનનીય સભ્યશ્રીઓને ચર્ચા માટે પૂરતો સમય મળી રહેતો હોવાથી સભાઓની તારીખવાર યાદીમાં કોઇ ફેરફાર જરૂરી ન હોવાનું જણાવ્યું. ત્યારબાદ ચર્ચા વિચારણાઓના અંતે સમિતિએ માનનીય સભ્યશ્રી શૈલેષભાઇ પરમારની રજૂઆતનો અસ્વીકાર કર્યો અને સભાઓની તારીખવાર યાદીમાં કોઇ ફેરફાર ન કરવાનો નિર્ણય કર્યો.

**સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ**

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી **(** વૈધાનિક અને સંસદીય બાબતો મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે આ સભાગૃહ કામકાજ સલાહકાર સમિતિના તેરમા અહેવાલ સાથે સંમત થાય.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**ખર્ચના પૂરક પત્રકની રજૂઆત**

**સન ૨૦૨૧-૨૦૨૨ના નાણાકીય વર્ષના ખર્ચનું પૂરક પત્રક**

શ્રી કનુભાઇ મો. દેસાઇ **(** નાણા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૨૧-૨૦૨૨ ના નાણાકીય વર્ષના ખર્ચના પૂરક પત્રક રજૂ કરવાની રજા લઉં છું.

**ખર્ચનું પૂરક પત્રક રજૂ કરવામાં આવ્યું.**

ફાલ્ગુન ૧૨, શાકે ૧૯૪૩

અંદાજપત્રની રજૂઆત

## અંદાજપત્રની રજૂઆત

## સન ૨૦૨૨-૨૦૨૩ના નાણાકીય વર્ષ માટેના અંદાજપત્રની રજૂઆત

શ્રી કનુભાઇ મો. દેસાઇ ( નાણા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૨૨-૨૦૨૩ના નાણાકીય વર્ષ માટેનું અંદાજપત્ર રજૂ કરવા માટે ઉભો થયો છું.

**માનનીય અધ્યક્ષ મહોદયા,**

ગુજરાત રાજ્યનાઆ ગૌરવવંતા ગૃહના પ્રથમ મહિલા અધ્યક્ષ તરીકે આપશ્રીની વરણી થયેલ છે, ત્યારે હું આપશ્રીને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું.

દેશની આઝાદીના ૭૫ વર્ષ પૂર્ણ થવા જઇ રહ્યા છે. આઝાદીના આ અમૃત મહોત્સવમાં આપણું રાજ્ય **સૌનો સાથ અને સૌનો વિકાસ**ના ધ્યેય સાથે પ્રગતિના પંથે આગળ વધી રહ્યું છે. હવે **સૌનો વિશ્વાસ અને સૌનો પ્રયાસ**ની કડી ઉમેરી ગુજરાતને વિકાસના સર્વોચ્ચ શિખર પર લઇ જવા અમારી સરકારકટીબદ્ધ છે. **આત્મનિર્ભર ગુજરાતથી આત્મનિર્ભર ભારત** બનાવવાના આ ભગીરથ કાર્યના ભાગરૂપે રાજ્યનું અંદાજપત્ર રજૂ કરવાનું ગૌરવ મને પ્રથમવાર પ્રાપ્ત થયું છે, તે બદલ હું હર્ષની લાગણી અનુભવું છું.

ગુજરાતના પનોતા પુત્ર અને લોકલાડીલા માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં આપણો દેશ સુશાસન અને આર્થિક વિકાસના લક્ષ્ય તરફ મક્કમપણે આગળ વધી રહેલ છે. કોરોના જેવી મહામારીની સામે વિશ્વનું સૌથી મોટું રસીકરણ અભિયાન શરૂ કરી,અત્યાર સુધીમાં ૧૭૭ કરોડથી વધુ સ્વદેશી રસીના ડોઝ નિ:શુલ્ક આપી, દેશની જનતાને સુરક્ષિત કરવાની કામગીરીનેસમગ્ર વિશ્વ બિરદાવી રહ્યું છે.આ અભિયાનમાં સૌના સહકારથી માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની આગેવાની હેઠળની અમારી સરકારે પણ પાત્રતા ધરાવતી ૧૫ વર્ષથી ઉપરની વયની અંદાજિત સવા પાંચ કરોડ વસતિ સામે ૧૦ કરોડથી વધુ ડોઝનું વિનામૂલ્યે રસીકરણ પૂર્ણ કરી આ મહામારી સામે લોકોને સુરક્ષા કવચ પૂરું પાડ્યું છે.

**"પડકારો અમને હંફાવી ન શક્યા,**<br>**અમે પરિશ્રમથી પ્રગતિની કેડી કંડારી છે;**<br>**કર્મયોગથી લોકસેવા કરતા કરતા,**<br>**અમે'અમૃતકાળ'ની વાટ પકડી છે."**

માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના માર્ગદર્શન હેઠળ અનેક પડકારોનો સામનો કરી,દેશની અર્થવ્યવસ્થા દુનિયાના મોટા દેશોમાં સૌથી ઝડપી વિકાસ દર ધરાવતી અર્થવ્યવસ્થા બની છે. આપણો દેશ આવતા વર્ષોમાં પાંચ ટ્રિલિયન ડોલર ઈકોનોમી ક્લબમાં સામેલ થવા જઇ રહ્યો છે. ભારતની આ વિકાસ કૂચમાં ગુજરાતનો ફાળો નોંધપાત્ર છે.આદરણીય નરેન્દ્રભાઇએ જ્યારે વર્ષ ૨૦૦૨માં રાજ્યની ધૂરા સંભાળી ત્યારે રાજ્યનું એકંદર ઘરગથ્થુ ઉત્પાદનફક્ત સવા લાખ કરોડ હતું. અમારી સરકારોના પ્રામાણિક અને પરિણામલક્ષી વહીવટ તેમજ અવિરત પ્રયત્નોથી બે દશક પછી રાજ્યનું એકંદર ઘરગથ્થુ ઉત્પાદન વીસ લાખ કરોડને વટાવી ચૂક્યું છે. રાજ્યના નાગરિકોની માથાદીઠ આવકમાં પણ ધરખમ વધારો થઇ વીસ વર્ષ પછી માથાદીઠ આવક **રૂ. ૧૯,૮૨૩** થી વધીને **રૂ. ૨,૧૪,૮૦૯** સુધી પહોંચી છે.

સરળ, સહજ અને સૌમ્ય સ્વભાવના આપણા માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નિર્ણાયક નેતૃત્વ હેઠળ લોકસેવાને વરેલી અમારી સરકારના પ્રયાસોના ફળ સ્વરૂપે ભારત સરકારના ગુડ ગવર્નન્સ ઇન્ડેક્ષમાં ગુજરાતે રાષ્ટ્રીય કક્ષાએ પ્રથમ ક્રમ હાંસલ કરેલ છે. તે માટેબધા કર્મયોગીઓ અને નાગરિકોને અભિનંદન આપું છું. રેશનકાર્ડ, જન્મ-મૃત્યુના પ્રમાણપત્ર, આવકના દાખલા, મહેસૂલી દસ્તાવેજ જેવી ૨૮૦ સેવાઓને અમારી સરકારે ડિજિટલ સેવા સેતુના માધ્યમથી ઘર આંગણે પહોંચાડેલ છે. સરકારી યોજનાઓનો લાભ લેવા રજૂ કરવાના થતાં આવકના દાખલાની મુદત ત્રણ વર્ષ સુધી વધારેલ છે. સ્ટેમ્પ પેપર ઉપર કરવાના થતા એફિડેવિટની જગ્યાએ સેલ્ફ ડેકલેરેશનને માન્યતા આપી અમે વહીવટી સરળતાની દિશામાં અગત્યનું પગલું ભર્યું છે.

માનનીય વડાપ્રધાનશ્રીએ જન-ધન યોજના,આધાર કાર્ડ અને મોબાઇલ નંબરને જોડી દરેક વ્યકિતને સંસ્થાગત નાણાકીય માળખામાં લાવી સાચા લાભાર્થીઓ સુધી સરકારની યોજનાઓનો લાભ પહોંચે તેવો સંકલ્પ વ્યકત કરેલ છે.આ સંકલ્પને સાકાર કરવા અમારી સરકારે ડિજિટલ ગુજરાત પોર્ટલ મારફતે વિવિધ યોજનાઓ માટેની ઓનલાઇન અરજીઓ સ્વીકારી, લાભાર્થીના બેન્ક ખાતામાં વિના વિલંબે સહાયની રકમ જમા થાય તે માટે, ડાયરેક્ટ બેનીફીટ ટ્રાન્સફરની પદ્ધતિ અમલી બનાવેલ છે.દર વર્ષે અંદાજે **રૂ. ૨૦ હજાર કરોડ** જેટલી સહાયની રકમ ડી.બી.ટી. થકી સીધી રીતે લાભાર્થીના ખાતામાં જમા કરવામાં આવે છે. સરકારી આવકો સ્વીકારવા સાયબર ટ્રેઝરી હેઠળ ઇલેક્ટ્રોનિક પદ્ધતિ અમલમાં મૂકીસરકારે ડિજિટલ ટ્રાન્ઝેકશનને વેગ આપેલ છે.

તા. ૩જી માર્ચ ૨૦૨૨

અંદાજપત્રની રજૂઆત

ખેડૂતોની આવકમાં ઉત્તરોત્તર વધારો થાય અને ખેતી વધારે પોષણક્ષમ બને તે માટે સરકારે અનેકવિધ પગલાં લીધેલ છે. ખેડૂતો ઓછા ખર્ચે વધુ આવક મેળવી શકે તે માટે પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવામાં આવી રહેલ છે. ડાંગ સંપૂર્ણ પ્રાકૃતિક ખેતી કરતો પ્રથમ જિલ્લો બનેલ છે.ધરતીપુત્ર ખેડૂતો ઉપર આવી પડતી કુદરતી આપદાઓના સમયેપણ સરકારે વિના વિલંબે રાહતના પગલાં લીધા છે.કૃષિ ક્ષેત્રે હાલ ખરીફ પાક માટે ટૂંકી મુદતના ધિરાણો ઉપર વ્યાજ સહાયની યોજના અમલી છે. **ખેડૂતોને રવી તેમજ ઉનાળુ પાક માટે પણ વ્યાજ સહાય મળી રહે તે માટે, હું નવી યોજનાની જાહેરાત કરું છું.**

પશુપાલકો અને માછીમારો તરફથી ખેડૂતોની જેમ કિસાન ક્રેડીટ કાર્ડ આપી ધિરાણ પર વ્યાજ સહાય આપવાની માંગણી ઘણા સમયથી થતી હતી. આ બંને ક્ષેત્રોને પણ બેન્કીંગ વ્યવસ્થાથી જોડી, ઉત્પાદકતા વધારવા માટે **પશુપાલકો અને માછીમારોને કૃષિ સમકક્ષ ટૂંકી મુદતના ધિરાણ પર વ્યાજ રાહત આપવાની યોજનાની, હું જાહેરાત કરું છું.** આ યોજનાથી આ બંને ક્ષેત્રોમાં દર વર્ષે અંદાજિત **રૂ.૮ થી ૧૦ હજાર કરોડ**નું ધિરાણ મેળવી શકાશે.

ભારતીય સંસ્કૃતિમાં ગાયની મહત્તા અતુલ્ય છે. દ્વારકાધીશ શ્રીકૃષ્ણના સમયથી જ ગૌસેવા, ગૌપાલન અને ગૌરક્ષાને મહત્ત્વ આપવામાં આવે છે. ગૌધનના સંરક્ષણ અને સંવર્ધન તથાદેશી ગૌવંશની જાળવણીને પ્રોત્સાહન આપવા અમારી સરકાર કાર્યરત છે. ગૌવંશના નિભાવ અને જીવદયા માટે સરકાર સાથે બિનસરકારી અને સેવાભાવી સંસ્થાઓ પણ અમૂલ્ય ફાળો આપી રહેલ છે. રાજ્યમાં આવી સેવાભાવી સંસ્થાઓ દ્વારા હજારોની સંખ્યામાં ગાયો અને મૂંગા પશુઓની પાંજરાપોળ અને ગૌશાળાઓમાં સેવા થઇ રહી છે.ગૌવંશ પ્રત્યે અમારી સરકારના આ સંકલ્પને પરિપૂર્ણ કરવા **ગૌશાળા અને પાંજરાપોળમાં નિભાવ અને જાળવણી માટે મુખ્યમંત્રી ગૌમાતા પોષણયોજનાની, હું જાહેરાત કરું છું.** આ યોજના માટે આગામી વર્ષે **રૂ. ૫૦૦ કરોડ**ની જોગવાઈ કરેલ છે. વધુમાં,રખડતાં અને નિરાધાર પશુઓની સમસ્યાઓમાંથી મુક્તિ મેળવવા શહેરી અને ગ્રામીણ વિસ્તારોમાં ખાસ પ્રયત્નો માટે **રૂ. ૧૦૦ કરોડ**ની જોગવાઈ કરવામાં આવેલ છે.

ઉત્તમ અને ગુણવત્તાયુક્ત શિક્ષણ દ્વારા બાળકોનો સર્વાંગી વિકાસ થાય તે હેતુથી વિશ્વ બેન્કના સહયોગથી **રૂ. ૧૦હજાર કરોડ** જેવી માતબર રકમના ખર્ચે **સ્કૂલ્સ ઓફ એક્સેલન્સ પ્રોજેક્ટ** હાથ ધરવાનું નક્કી કરવામાં આવેલ છે. આ પ્રોજેક્ટના માધ્યમથી ૭૦ લાખ કરતાં વધારે વિદ્યાર્થીઓને વધુ સારી માળખાકીય સગવડો અને શિક્ષણ પદ્ધતિ દ્વારા ગુણવત્તાયુકત શિક્ષણ આપી ગુજરાતની ભાવિપેઢીનું ભવિષ્ય ઉજ્જ્વળ કરવાનો નિર્ધાર છે.

મહિલાઓ તેમજ બાળકો સમાજના આધારસ્તંભ છે. આજની કિશોરીઓ આવતી કાલની માતાઓ છે. જીવનચક્રના દરેક તબક્કે મહિલાઓના આરોગ્ય તેમજ પોષણની કાળજી તંદુરસ્ત ભાવિ પેઢી માટે જરૂરી છે. મહિલાની સગર્ભાવસ્થાથી બાળક બે વર્ષનું થાય ત્યાં સુધીનો સમય સગર્ભા તેમજ ધાત્રી માતાઓ અને બાળકોના સ્વાસ્થ્ય માટે સ્વર્ણિમ સમય ગણાય છે. જેથી કિશોરીઓ, સગર્ભા અને ધાત્રી માતાઓના આરોગ્ય તેમજ પોષણને સુદૃઢ કરવા સરકારે વિવિધ યોજનાઓ અમલમાં મૂકવાનો નિર્ણય કરેલ છે. તેમના આહારમાં અન્ન સાથે પ્રોટીન, ફેટ તેમજ માઇક્રો-ન્યુટ્રીએન્ટ પણ ઉપલબ્ધ થાય તે માટે આવતા પાંચ વર્ષમાં **રૂ. ૪ હજાર કરોડ**ના ખર્ચે અમલી થનાર **સુપોષિત માતા-સ્વસ્થ બાળ યોજનાદ્વારા સગર્ભા અને ધાત્રી માતાઓને ૧૦૦૦ દિવસ સુધી વિનામૂલ્યે એક કિલો તુવેરદાળ, બે કિલો ચણા અને એક લીટર ખાદ્યતેલ દર મહિને આપવાની હું જાહેરાત કરું છું.**

માનનીય વડાપ્રધાનશ્રીના **પી.એમ. ગતિશક્તિ કાર્યક્રમ** હેઠળ દેશમાં આંતર-માળખાકીય સગવડોને સુદૃઢ કરવા માટે નેશનલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર પાઇપલાઇન યોજના હેઠળ **રૂ. ૧૦૦ લાખ કરોડ**ના વિવિધ પ્રોજેકટોનું આયોજન કરવામાં આવેલ છે. અમારી સરકારોના અથાગ પરિશ્રમથી ગુજરાતમાં આંતરમાળખાકીય સગવડોમાં,

- પરિવહન ક્ષેત્રે ગામેગામ પહોંચતું ૧ લાખ ૨૪ હજાર કિલોમીટર સડકોનું સુયોજિત નેટવર્ક;
- ઊર્જાના ક્ષેત્રે બારેમાસ ૨૪ કલાક વીજળી પૂરી પાડતું ૧૭ લાખ કિલોમીટરથી વધુનું ડીસ્ટ્રીબ્યુશન તેમજ અંદાજે ૭૦ હજાર કિલોમીટરનું ટ્રાન્સમિશન નેટવર્ક;
- ગેસ વિતરણ ક્ષેત્રે દેશનાઅન્ય કોઇ રાજ્યમાં ન હોય એવું૨૭૦૦કિલોમીટરનું બલ્ક ટ્રાન્સમિશન પાઇપલાઇન તેમજ ૩૧ હજાર કિલોમીટરનું વિતરણ પાઇપલાઇન નેટવર્ક;
- સિંચાઇ ક્ષેત્રે પાણીની અછતમાંથી મહદંશે મુક્તિ આપતી સરદાર સરોવર પરિયોજનાનું ૬૩ હજાર કિલોમીટરનું વિશાળ કેનાલ નેટવર્ક;
- પીવાના પાણી માટે૩ હજાર કિલોમીટરની બલ્ક પાઇપલાઇન અને ૧ લાખ ૨૦ હજાર કિલોમીટરથી વધુ લંબાઇની વિતરણ પાઇપલાઇનનું વિશાળ નેટવર્ક તૈયાર થયેલ છે.

આગામી દિવસોમાં માળખાકીય ક્ષેત્રે વધુ રોકાણ કરી ગુજરાતના લોકોની સુખાકારી તેમજ અર્થતંત્રને વેગ આપવા સરકાર કૃત સંકલ્પ છે.

નૈસર્ગિક સોગાત સમા ૧૬૦૦ કિલોમીટર દરિયાકિનારે અમારી સરકારે સુયોજિત **બંદર નીતિ** થકી નાના મોટા ૪૦ કરતા વધારે બંદરો અને સંખ્યાબંધ જેટીઓનો વિકાસ કરેલ છે. દેશના આયાત-નિકાસમાં ગુજરાત ૨૨ ટકા ફાળા સાથે આજે સર્વોચ્ચ સ્થાને છે. આમ, ગુજરાત દેશ માટે વૈશ્વિક વ્યાપારનું ગેટ-વે બનેલ છે.

હાલમાં વિદેશોમાં થતાં સોના-ચાંદીના સોદાઓની સુવિધા દેશમાં જ મળી રહે તે હેતુથી ગોલ્ડ-સિલ્વર ટ્રેડીંગ માટે દેશનું પહેલું **બુલીયન માર્કેટ** ગુજરાતની ગિફટસિટીમાં શરૂ થનાર છે.વૈશ્વિક કક્ષાની બેન્કીંગ, લીઝીંગ, ઇન્સ્યોરન્સ, ફાયનાન્સ

અને આર્બીટ્રિશનની સુવિધાઓ ગિફ્ટ સિટીમાં આકાર લઇ રહી છે, તેથી આવનારા દિવસોમાં ગુજરાત વૈશ્વિક નાણાકીય વ્યાપારનું પણ કેન્દ્ર બનશે.

સુયોજિત પરિવહન માળખાના કારણે માલસામાનની સરળતાથી હેરફેર અંગેના કેન્દ્ર સરકારના **લોજીસ્ટીક ઇન્ડેક્ષ(LEADS)**માં ગુજરાત સતત ત્રીજા વર્ષે પણ સમગ્ર દેશમાં પ્રથમ ક્રમે આવેલ છે. રાજ્યનાસર્વગ્રાહી વિકાસ અને અમારા લોકાભિમુખ સુશાસનની ફળશ્રુતિના સ્વરૂપે વર્ષ ૨૦૨૦-૨૧માં દેશનું સૌથી વધુ **રૂ. ૧ લાખ ૬૩ હજાર કરોડનું વિદેશી મૂડી રોકાણ(FDI)**ગુજરાતમાં આવેલ છે. જે દેશના કુલ રોકાણના ૩૭ ટકા જેટલું થાય છે,જે સાબિત કરે છે કે ગુજરાત હંમેશા બેસ્ટ ડેસ્ટીનેશન ફોર ઇન્વેસ્ટમેન્ટ છે.જયારે મોટા પ્રમાણમાં મૂડી રોકાણ થકી ગુજરાતમાં રોજગારીની નવી તકોનું સર્જન થઇ રહ્યું છે ત્યારે રાજ્યના યુવાનો વધુ કૌશલ્ય મેળવી સુસજ્જતા સાથે તેનો લાભ મેળવી શકે તે હેતુથી અમારી સરકારે **કૌશલ્યા-ધી સ્કીલ યુનિવર્સિટી**ની સ્થાપના કરેલ છે.

નવા ભારતના નિર્માણમાં સ્ટાર્ટ-અપનું મહત્ત્વધ્યાને લઇ માનનીય વડાપ્રધાનશ્રીએ ૧૬ જાન્યુઆરીને નેશનલ સ્ટાર્ટ-અપ ડે જાહેર કરેલ છે. ભારતના સ્ટાર્ટ-અપનો સ્વર્ણિમ યુગ શરૂ થઇ રહ્યો છે ત્યારે ગુજરાતના યુવાનો તેની સાથે તાલ મેળવી શકે તે હેતુથી અમારી સરકારે યુવાનોને આર્થિક મદદ કરતી **સ્ટુડન્ટ સ્ટાર્ટ અપ એન્ડ ઇનોવેશન પોલિસી-૨.૦** જાહેર કરેલ છે.

અત્યાધુનિક ટેકનોલોજી અને ડ્રોનના ઉપયોગથી સર્વિસ ડિલિવરીની કાર્યક્ષમતા વધારવા અને વહીવટી પ્રક્રિયાઓમાં સુધારાઓ કરવા સરકાર સંકલ્પબદ્ધ છે. રાજ્યમાં આગામી દિવસોમાં ડ્રોન સર્વિસ પ્રોવાઇડરોની ક્ષમતાવર્ધન માટે **ડ્રોન સંશોધન અને વિકાસ કેન્દ્ર તેમજ ડ્રોન તાલીમ સંસ્થા**ઓસ્થાપી કૃષિ, જમીનમાપણી, આરોગ્ય, માળખાકીય કામો તથા કાયદો અને વ્યવસ્થા જેવા ક્ષેત્રોમાં તેનો ઉપયોગ વધારવાનું આયોજન છે.

માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વમાં અમારી સરકારે રોજગારીની નવી તકો ઊભી કરવા, ઇન્ફર્મેશન ટેકનોલોજીના ક્ષેત્રમાં રોકાણોને વેગ આપવા નવી **આઇ.ટી. નીતિ**ની જાહેરાત કરેલ છે. આ નીતિ અંતર્ગત વિશ્વકક્ષાના આઇ.ટી. ઇન્ફ્રાસ્ટ્રક્ચરનું નિર્માણ કરી ઉચ્ચ કૌશલ્ય ધરાવતા માનવબળ થકી ગુજરાતમાં આઇ.ટી. ઇકો સિસ્ટમમાં પરિવર્તન લાવવાનું લક્ષ્ય છે.બાયોપ્લાસ્ટિકથી લઇને જિન સ્પ્લાઈસીંગ અને સ્ટેમ સેલ થેરાપી જેવા ક્ષેત્રોને પ્રોત્સાહન આપવા માટે સરકારે **બાયોટેકનોલોજી નીતિ**ની જાહેરાત કરેલ છે.આ નીતિઓથી આઇ.ટી. અને બી.ટી. એક્સ્પોર્ટમાં ધરખમ વધારો થવાથી રાજ્યમાં ૨ લાખ કરતા વધુ નવી રોજગારીની તકોનું નિર્માણ થશે.

ઉત્તમ અને પરિણામલક્ષી વહીવટ માટે સારું નાણાકીય વ્યવસ્થાપન અનિવાર્ય છે.નીતિ આયોગ દ્વારા જાહેર કરવામાં આવેલ નાણાકીય વ્યવસ્થાપનના માપદંડોમાં ગુજરાત સમગ્ર દેશમાં પ્રથમ ક્રમે છે. છેલ્લાં બે દશકમાં ગુજરાતે ઉત્તરોત્તર વૃદ્ધિ સાથેનું બજેટ રજૂ કરી વિકાસ કાર્યો માટે કયારેય પણ ઓવરડ્રાફ્ટ લીધા વગર નાણાંની ફાળવણી કરી છે.કોરોનાની મહામારીના કારણે અર્થવ્યવસ્થા પર આવી પડેલ સંકટમાંથી બહાર નીકળી રાજ્યઆ વર્ષે **જી.એસ.ડી.પી.માં ૧૩ ટકા જેવો ડબલ ડિજિટ વૃદ્ધિ દર** મેળવશે તેવી ધારણા છે.

સદીની સૌથી ભયાનક મહામારીના કારણે ઉદ્‌ભવેલ આર્થિક સંકટ વચ્ચે પણ નાણાકીય જોગવાઇઓમાં વધારો કરીને વિકાસને વેગ આપતું તેમજ સમાજના તમામ વર્ગોની સુખાકારીમાં વધારો કરતું વર્ષ ૨૦૨૨-૨૩નું **રૂ.૨ લાખ ૪૩ હજાર ૯૬૫ કરોડ**નું અંદાજપત્ર આસન્માનનીય ગૃહ સમક્ષ હું રજૂકરું છું.

**કૃષિ,ખેડૂત કલ્યાણ અને સહકાર** **કૃષિ,ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ માટે કુલ રૂ.૭૭૩૭ કરોડની જોગવાઇ**

માનનીય વડાપ્રધાનશ્રીએ કૃષિ ક્ષેત્રે નવતર પ્રયોગોઅનેઆધુનિક ટેકનોલોજીદ્વારાખેડૂતોની આવકમાં વધારો કરવાની સાથે પ્રાકૃતિક ખેતી તરફ વળવા હાકલ કરી છે. પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિની વાત હોય કે કુદરતી સંકટ સમયે સહાયરૂપ થવાની વાત હોય, અમારી સરકારખેડૂત કલ્યાણ માટેદિવસ-રાત અવિરતપણે કાર્યરત છે.

ખેડૂત કલ્યાણને કેન્દ્ર સ્થાને રાખી પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના અંતર્ગત પ્રત્યેક ખેડૂત ખાતેદારને વાર્ષિક **રૂ. ૬ હજાર** સહાય આપવાની યોજના અમલી બનાવી છે. આ યોજના અંતર્ગત, આજ સુધી ગુજરાતનાં આશરે ૬૧ લાખ જેટલા ખેડૂત ખાતેદારોને સીધે સીધા તેમના બેન્ક ખાતામાં **રૂ.૧૦ હજાર કરોડ** પ્રાપ્ત થયેલ છે.

ખેડૂતોને વીજ જોડાણ તેમજ રાહત દરે વીજળી ઉપલબ્ધ કરાવવા **રૂ. ૮ હજાર ૩૦૦ કરોડ** જેવી માતબર રકમની સબસિડી આપવામાં આવે છે. વીજ જોડાણ માટે હાલમાં પડતર બધી અરજીઓનો આઝાદીના અમૃત મહોત્સવ પર્વ પહેલા નિકાલ કરી ખેડૂતોને વીજ જોડાણ આપવામાં આવશે.

- પાક કૃષિ વ્યવસ્થાની વિવિધ યોજનાઓ માટે જોગવાઇ **રૂ. ૨૩૧૦ કરોડ.**
- કૃષિ યાંત્રિકીકરણ અંતર્ગત ટ્રેક્ટર તેમજ વિવિધ ફાર્મ મશીનરીની ખરીદીમાં સહાય આપવા જોગવાઇ **રૂ. ૨૬૦ કરોડ.**
- રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજના અંતર્ગત કૃષિ અને સંલગ્ન ક્ષેત્રોના વિવિધ પ્રોજેક્ટ માટે જોગવાઇ **રૂ. ૨૩૧કરોડ.**
- સંપૂર્ણ દેશી ગાય આધારિત પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોને ગાયના નિભાવ ખર્ચ માટે જોગવાઇ **રૂ. ૨૧૩ કરોડ.**

- મુખ્યમંત્રી પાક સંગ્રહ યોજના અંતર્ગત ખેતરમાં નાના ગોડાઉન બનાવવા માટે જોગવાઈ **રૂ. ૧૪૨ કરોડ.**
- પ્રાકૃતિક ખેતીને વેગ આપવા માટે **ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ**ની રચના કરવામાં આવેલ છે. આ બોર્ડ ખેડૂતોને આ અભિયાન સાથે જોડી કૃષિ ઉત્પાદન વધારવા માટે કાર્ય કરશે તે માટે જોગવાઈ **રૂ.૧૦૦ કરોડ.**
- સર્વગ્રાહી કૃષિ વ્યવસાય નીતિ અંતર્ગત એગ્રો અને ફુડ પ્રોસેસિંગ એકમોને સહાય આપવા જોગવાઈ **રૂ. ૧૦૦ કરોડ.**
- ખેડૂત ખાતેદાર અકસ્માત વીમા યોજના અંતર્ગત જોગવાઈ **રૂ.૮૧ કરોડ.**
- ખેડૂતોને મલ્ટીપર્પઝ ઉપયોગ માટે એક ડ્રમ તથા પ્લાસ્ટિકના બેટોકર વિનામૂલ્યે આપવા માટે જોગવાઈ **રૂ.૫૪ કરોડ.**
- ડ્રોનના ઉપયોગથી ખાતર અને જંતુનાશક દવાઓનો છંટકાવ કરી ઉત્પાદન વધારવા અને કૃષિ ઇનપુટનો ખર્ચ ઘટાડવા જોગવાઈ **રૂ.૩૫ કરોડ.**
- ડાંગ જિલ્લાના પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોને સંપૂર્ણ રસાયણમુક્ત ખેતી માટે પ્રોત્સાહિત કરવા જોગવાઈ **રૂ. ૩૨ કરોડ.**
- વન્યપ્રાણીઓ દ્વારા પાકને થતું નુકસાન અટકાવવા ખેતરની ફરતે સોલાર પાવર ફેન્સીંગમાં સહાય માટે જોગવાઈ **રૂ.૨૦ કરોડ.**
- ખેડૂતોને સમયસર અને પૂરતા જથ્થામાં રાસાયણિક ખાતર પૂરુ પાડવા ખાતર સંગ્રહ માટે જોગવાઈ **રૂ. ૧૭ કરોડ.**
- કૃષિ ઉત્પાદનોના પરિવહન માટે માલવાહક વાહનની ખરીદી ઉપર સહાય આપવા જોગવાઈ **રૂ.૧૫ કરોડ.**
- રાજ્યના સ્થાનિક ઉત્પાદકો દ્વારા વિકસાવવામાં આવેલ કૃષિ સાધન **સનેડો**ના ઉપયોગને સહાય આપી પ્રોત્સાહિત કરવા જોગવાઈ **રૂ.૧૦ કરોડ.**

**બાગાયત**

બાગાયત ખાતાની યોજનાઓ માટે જોગવાઈ **રૂ.૩૬૯ કરોડ.**

- **કમલમ્ (ડ્રેગનફ્રુટ)**ના વાવેતર વિસ્તારમાં વધારો થાય તે માટે જોગવાઈ **રૂ.૧૦ કરોડ.**
- **મધ ક્રાંતિ**ને વેગ આપવા રાજ્યના ૧૦ હજાર ખેડૂતોને મધ ઉત્પાદનમાં જોડવા જોગવાઈ **રૂ.૧૦ કરોડ.**
- કોમ્પ્રિહેન્સીવ હોર્ટીકલ્ચર ડેવલોપમેન્ટ પ્રોગ્રામ હેઠળ જોગવાઈ **રૂ.૭ કરોડ.**
- અમદાવાદ, જામનગર અને ખેડા જિલ્લામાં બાગાયતી પાકોના સેન્ટર ઓફ એક્સેલેન્સ ઊભા કરવા માટે જોગવાઈ **રૂ.૭કરોડ.**

**કૃષિ યુનિવર્સિટીઓ**

- કૃષિ યુનિવર્સિટીઓ હસ્તક કૃષિ સંશોધન અને શિક્ષણના કાર્યક્રમોને સઘન બનાવવા જોગવાઈ **રૂ.૭૫૭ કરોડ.**

**પશુપાલન**

- **પશુપાલકોને ટૂંકી મુદતના ધિરાણ પર વ્યાજ રાહત માટે જોગવાઈ રૂ.૩૦૦ કરોડ.**
- ગૌશાળા, પાંજરાપોળો અને ટ્રસ્ટ સંચાલિત સંસ્થાઓને ગૌવંશ નિભાવતેમજ માળખાકીય સગવડોના વિકાસ માટે **મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજના** અંતર્ગત જોગવાઈ **રૂ.૫૦૦ કરોડ.**
- ગ્રામ્ય વિસ્તારમાં રખડતા તેમજ નિરાધાર ઢોરના નિભાવ તેમજ વ્યવસ્થા માટે જોગવાઈ **રૂ.૫૦ કરોડ.**
- ગ્રામ્ય કક્ષાએ સ્વરોજગારી માટે ડેરી ફાર્મ તેમજ પશુ એકમ સ્થાપવા સહાય પૂરી પાડવા જોગવાઈ **રૂ.૮૦ કરોડ.**
- ફરતા પશુદવાખાનાની સેવાઓ ચાલુ રાખવા તેમજ સઘન બનાવવા માટે જોગવાઈ **રૂ.૫૮ કરોડ.**
- ગાભણ તેમજ વિયાણ બાદના પશુઓ માટે ખાણદાણ સહાય યોજના થકી પશુપાલકોને લાભ આપવા માટે જોગવાઈ **રૂ.૪૪ કરોડ.**
- મુખ્યમંત્રી નિ:શુલ્ક પશુ સારવાર યોજના માટે જોગવાઈ **રૂ.૨૪ કરોડ.**
- ગ્રામ્ય દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓને દૂધ ઘર/ગોડાઉન બાંધકામ માટે જોગવાઈ **રૂ.૧૨ કરોડ.**
- કરુણા એનિમલ એમ્બ્યુલન્સ - ૧૯૬૨ માટેજોગવાઈ **રૂ.૮ કરોડ.**

**કામધેનુ યુનિવર્સિટી**

કામધેનુ યુનિવર્સિટીના સંચાલન તેમજ કૃષિ સંશોધનના કાર્યક્રમોને વેગ આપવા માટે જોગવાઈ **રૂ.૧૩૭ કરોડ.**

**મત્સ્યોદ્યોગ**

મત્સ્યોદ્યોગ પ્રભાગ માટે જોગવાઇ **રૂ.૮૮૦ કરોડ.**

- માછીમારોને મળતા રાહત દરના ડીઝલની મર્યાદામાં દરેક સ્તર પર ૨ હજાર લીટરનો વધારો કરવાના સરકારના નિર્ણયની હું જાહેરાત કરું છું. સાગરખેડુઓને **હાઇસ્પીડ ડીઝલ વેટ રાહત યોજના** માટે જોગવાઇ **રૂ.૨૩૦ કરોડ.**
- **સાગરખેડુઓને ટૂંકી મુદતના ધિરાણ પર વ્યાજ સહાય આપવા જોગવાઇ રૂ.૭૫ કરોડ.**
- પાંચ બારમાસી મત્સ્ય બંદરો નવાબંદર, વેરાવળ-૨, માઢવાડ, પોરબંદર-૨ અને સુત્રાપાડાના વિકાસ તેમજ મત્સ્યોદ્યોગ કેન્દ્રોના નિર્માણની યોજના હેઠળ જોગવાઇ **રૂ.૨૦૧ કરોડ.**
- સાગરખેડુઓને આધુનિક સાધનો, સલામતી અને નફાકારક ઉત્પાદન વધારવા માટેની યોજનાઓ માટે જોગવાઇ **રૂ. ૪૦ કરોડ.**
- હાલના બંદરોના રખરખાવ અને મૂળભૂત સુવિધાઓને સુદૃઢ બનાવવા તથા ચોરવાડ અને ઉમરસાડી ખાતે ફ્લોટીંગ જેટીની સુવિધા પૂરી પાડવા માટે જોગવાઇ **રૂ.૨૬૪ કરોડ.**
- પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા યોજના માટે જોગવાઇ **રૂ.૩૦ કરોડ.**
- આંતરદેશીય મત્સ્યોદ્યોગ સાથે સંકળાયેલ લાભાર્થીઓને સાધન સહાય માટે જોગવાઇ **રૂ.૨૫ કરોડ.**
- ભાંભરા પાણી મત્સ્યોદ્યોગના વિકાસ માટે જિંગા ઉછેર ફાર્મને માળખાકીય સવલતો પૂરી પાડવા જુદીજુદી યોજનાઓ માટે જોગવાઇ **રૂ.૫ કરોડ.**

**સહકાર**

- **ખેડૂતોને ખરીફ, રવી તેમજ ઉનાળુ પાક માટે વ્યાજ રાહતની યોજના માટે જોગવાઇ રૂ.૧૨૫૦ કરોડ.**
- કૃષિ બજારવ્યવસ્થાના સંચાલન તેમજ સુદૃઢીકરણ માટે જોગવાઇ **રૂ.૫૦ કરોડ.**
- સહકારી ખાંડ મીલોને પુન: કાર્યાન્વિત કરવા લોન પેટે **રૂ.૧૦ કરોડ.**
- ખાંડ સહકારી મંડળીઓને ટૂંકા તેમજ લાંબા ગાળાની વ્યાજ રાહત માટે જોગવાઇ **રૂ.૧૩ કરોડ.**
- ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિઓમાં હમાલોને માલસામાનની હેરફેર માટે ટ્રોલી ઉપલબ્ધ કરાવવા માટે જોગવાઇ **રૂ.૨ કરોડ.**

**જળસંપત્તિ**

**જળસંપત્તિ પ્રભાગ માટે રૂ.૫૩૩૯ કરોડની જોગવાઇ**

રાજ્યની જીવાદોરી સમી **સરદાર સરોવર યોજના**નું કામ મહદંશે પૂર્ણ થતા ૬૯ લાખ હેકટર વિસ્તારમાં સિંચાઇ સુવિધા ઉપલબ્ધ થઇ સમગ્ર રાજ્યને જળ સુરક્ષાનું કવચ મળેલ છે. **પર ડ્રોપ મોર ક્રોપ**ના સિદ્ધાંતને ધ્યાને લઇ જળ સંસાધનોના અસરકારક વપરાશ માટે રાજ્ય સરકાર સતત કાર્યરત છે.

- સૌરાષ્ટ્ર વિસ્તારમાં **સૌની યોજના**ના ૧૩૭૧ કિલોમીટર લંબાઇના ૨૪ પેકેજની કામગીરી પૂર્ણ થયેલ છે. જયારે ૧૧૫૦ કિલોમીટર પાઇપલાઇનના ૭ પેકેજોના કામો પ્રગતિ હેઠળ છે. આ કામગીરીથી ૫૩ જળાશયો,૧૩૦ જેટલા તળાવો અને ૮૦૦ કરતાં વધુ ચેકડેમોમાં **મા નર્મદા**ના પાવન નીર વહેવડાવવામાં આવેલ છે. રાજકોટ, સુરેન્દ્રનગર, બોટાદ, મોરબી, જામનગર, ભાવનગર જેવા શહેરોને પીવાનું પાણી પૂરુ પાડતા જળાશયોને નર્મદા યોજનાના પાણીથી ભરતા આ શહેરોની પાણીની સમસ્યાનો મહદંશે ઉકેલ આવેલ છે. આ યોજના માટે જોગવાઇ **રૂ.૭૧૦ કરોડ.**
- **કચ્છ વિસ્તારમાં નર્મદાના પૂરના વધારાના ૧ મિલિયન એકર ફીટ પાણીથી સિંચાઇ સુવિધાઓના આયોજન માટે રૂ.૪૩૬૯ કરોડની યોજના**ને મંજૂરી આપવામાં આવેલ છે. આ યોજનાના પ્રથમ તબક્કામાં કચ્છ જિલ્લાના ૬ તાલુકાના અંદાજે ૧ લાખ ૧૪ હજાર હેકટર વિસ્તારને સિંચાઇનો લાભ મળશે. આ યોજના માટે જોગવાઇ **રૂ.૨૭૨ કરોડ.**
- કચ્છમાં આગામી પાંચ વર્ષમાં **રૂ.૩૫૦ કરોડ**ના ખર્ચે મોટા ચેકડેમો અનેપાણી સંગ્રહ માટેના હાઇડ્રોલીક સ્ટ્રક્ચરો તબક્કાવાર બનાવવાનું આયોજન છે. આ કામગીરી માટે જોગવાઈ **રૂ.૬૫ કરોડ.**
- **સુજલામ સુફલામ યોજના** અંતર્ગત નર્મદા આધારિત **રૂ.૧૬૦૦ કરોડ**ની કસરા-દાંતીવાડા પાઇપલાઇનની કામગીરી થકી પાટણ અને બનાસકાંઠા જિલ્લાના વિસ્તારોને પૂરક સિંચાઇનો લાભ આપવા જોગવાઈ **રૂ.૯૩ કરોડ.**
- બનાસકાંઠા જિલ્લાના થરાદ, લાખણી, ડીસા અને દાંતીવાડા તાલુકાના વિસ્તારોને પૂરક સિંચાઈનો લાભ આપવા પ્રગતિ હેઠળની થરાદથી સીપુ ડેમ સુધીની પાઇપલાઇન માટે જોગવાઈ **રૂ.૭૦ કરોડ.**
- વાત્રક નદીમાંથી અરવલ્લી જિલ્લાના માલપુર, મેઘરજ અને મોડાસા તાલુકાઓના ૭૨ તળાવો થકી સિંચાઇનો લાભ આપવા માટે **રૂ.૧૮૬ કરોડ**ની યોજના અને શામળાજી પાસે આવેલ મેશ્વો જળાશયમાંથી પાણી ઉદવહન કરી ભિલોડા તથા મેઘરજ તાલુકાના ૩૦ તળાવોથી સિંચાઇનો લાભ આપવા માટે **રૂ.૭૫ કરોડ**ની યોજના. બંને યોજના માટે કુલ જોગવાઇ **રૂ.૪૫ કરોડ.**

તા. ૩જી માર્ચ ૨૦૨૨
અંદાજપત્રની રજૂઆત

- સાબરમતી નદી પર **રૂ.૨૦૦ કરોડ**ના ખર્ચે હાથ ધરવામાં આવી રહેલ હીરપુરા અને વલાસણા બૅરેજ માટે જોગવાઇ **રૂ.૩૫ કરોડ.**
- ધરોઇ બંધ પરિક્ષેત્રને વિશ્વ કક્ષાના પ્રવાસન સ્થળ અને યાત્રાધામ તરીકે વિકસાવવા **રૂ.૨૦૦ કરોડ**ના આયોજન હેઠળ બૅરેજ બનાવવા માટે જોગવાઇ **રૂ.૩૦ કરોડ.**
- કપડવંજ, કઠલાલ, મહેમદાવાદ, મહુધા, ગળતેશ્વર, બાલાસિનોર, લુણાવાડા, બાયડ વગેરે તાલુકાઓમાં આગામી પાંચ વર્ષમાં **રૂ.૨૦૦ કરોડ**નીકિંમતની રીચાર્જવેલ,પાણીના સ્ત્રોતો સાથે નેટવર્કીંગ, તળાવોની કેપેસીટી વધારવી વગેરે કામગીરીઓ તબક્કાવાર કરવાનું આયોજન છે. આ માટે જોગવાઈ **રૂ.૧૪ કરોડ.**
- અમદાવાદ જિલ્લાના નળકાંઠા વિસ્તારના સાણંદ,બાવળા અને વિરમગામ તાલુકાના સિંચાઈ સુવિધાથી વંચિત રહેલ ગામોને સિંચાઈનો લાભ આપવા માટે જોગવાઈ **રૂ.૨૫ કરોડ.**
- ખોરસમ – માતપુર – ડીંડરોલ પાઈપલાઈનને લંબાવી મુકતેશ્વર જળાશયમાં નર્મદાનાપૂરના વધારાના પાણી પહોંચાડવાની કામગીરી માટે જોગવાઈ **રૂ.૧૯ કરોડ.**
- વડોદરા જિલ્લાના સાવલી તાલુકામાં સિંચાઈ સુવિધા અને રીચાર્જીંગ માટે **રૂ.૩૦૮** કરોડની પોઈચા વિયરની કામગીરી માટે જોગવાઈ **રૂ.૧૫ કરોડ.**
- કડાણા નહેર આધારિત પાઇપલાઇન દ્વારા કડાણા,સંતરામપુર અને લુણાવાડા તાલુકાનાં વિવિધ તળાવો ભરવાની યોજનાના કામો માટે જોગવાઇ**રૂ.૧૦ કરોડ.**
- સુરત જિલ્લાના ઉમરાપાડા તથા નર્મદા જિલ્લાના ડેડીયાપાડા તાલુકાના કુલ ૭૩ ગામોમાં સિંચાઇ સુવિધાનો લાભ આપવા માટે પ્રગતિ હેઠળની **રૂ. ૭૧૧ કરોડ**ની તાપી-કરજણ લીંક પાઇપલાઇન યોજનાના કામો માટે જોગવાઇ **રૂ.૧૬૧ કરોડ.**
- પંચમહાલ જિલ્લામાં પાનમ ઉચ્ચ સ્તરીય કેનાલ/જળાશય આધારિત સિંચાઈ સુવિધા આપવા માટે **રૂ.૪૫૨ કરોડ**ની કામગીરી માટે જોગવાઈ **રૂ.૧૬૦ કરોડ.**
- દક્ષિણ ગુજરાતમાં પાર,નાર,તાન,અંબિકા,દમણગંગા વગેરે નદીઓ ઉપર મોટા ચેકડેમો/ બૅરેજો/ વિયર **રૂ.૫૦૦ કરોડ**ના ખર્ચે આગામી પાંચ વર્ષમાં તબક્કાવાર બનાવવાનું આયોજન છે. આ કામગીરી માટે જોગવાઈ **રૂ.૯૪ કરોડ.**
- હાથ ધરાયેલ ઉદવહન સિંચાઈ યોજનાઓ સોનગઢ-ઉચ્છલ-નિજર, કાકરાપાર-ગોરધા-વડ, કરજણ જળાશય આધારિત પાઈપલાઈનોપૂર્ણ કરી સિંચાઈ વિતરણ વ્યવસ્થા માટે જોગવાઈ **રૂ.૧૯૫ કરોડ.**
- કડાણા-દાહોદ પાઈપલાઈનનું વિસ્તૃતિકરણ કરી સિંચાઈ સુવિધામાં વધારો કરવા માટે **રૂ.૨૨૬ કરોડ**ની યોજના માટે જોગવાઈ **રૂ.૭૦ કરોડ.**
- પાનમ જળાશય આધારિત વાંકડી ગામ પાસેથી સંતરામપુર તાલુકાના ગામોના તળાવો ભરવા માટે **રૂ.૧૩૩ કરોડ**ની ઉદવહન સિંચાઇ યોજના અંતર્ગત ૨૩ ગામોનેલાભ આપવા માટે જોગવાઇ **રૂ.૩૫ કરોડ.**
- મહીસાગર જિલ્લાના કડાણા તાલુકાના જુદા જુદા ૧૧ ગામોના આશરે ૧૬૦૦ હેક્ટર વિસ્તારને સિંચાઇ સુવિધા આપવા માટે રૂ.**૮૪ કરોડ**ની યોજના માટે જોગવાઇ **રૂ.૨૫ કરોડ.**
- નવસારી જિલ્લાના ગણદેવી તાલુકાના ગામોને સિંચાઇનો લાભ આપવા,બિલિમોરા નગરપાલિકા અને આજુબાજુના ગામોને પીવાનું પાણી ઉપલબ્ધ કરાવવા,દરિયાઇ ખારાશ આગળ વધતી અટકાવવા તેમજ ભૂગર્ભ જળ રીચાર્જ કરવા **રૂ.૨૫૦ કરોડની** વાઘરેજ રિચાર્જ યોજનાનું આયોજન.
- પૂર્ણા નદી ઉપર વિરાવળ-કસ્બાપર ગામ પાસે ટાઇડલ રેગ્યુલેટરના બાંધકામ માટે **રૂ.૨૫૦ કરોડ**ની યોજનાનું આયોજન.
- કર્લી રિચાર્જ જળાશય વિસ્તારને પર્યાવરણીય સ્થળ તરીકે વિકાસ કરવા તેમજ ક્ષાર પ્રવેશ નિયંત્રણની કામગીરીને સુદ્રઢ કરવા જોગવાઈ **રૂ.૨૦ કરોડ.**
- કચ્છમાં ક્ષાર પ્રવેશ નિયંત્રણ તેમજ જળસંગ્રહ કરવાના હેતુસર બંધારાની કામગીરી માટે જોગવાઈ **રૂ.૮ કરોડ.**

**ભાડભૂત બૅરેજ**

- નર્મદા નદીઉપર **રૂ.૫૩૨૨ કરોડ**ના ખર્ચે મીઠા પાણીનું સરોવર બનાવવાની મહત્વાકાંક્ષી ભાડભૂત બૅરેજ યોજનાનું કામ ચાલુ છે. આ યોજના માટે જોગવાઈ **રૂ.૧૨૪૦ કરોડ.**

**નર્મદા યોજના**

નર્મદા યોજના માટે જોગવાઈ **રૂ.૬૦૯૦ કરોડ.**

સરદાર સરોવર ડેમનું બાંધકામ વર્ષ ૨૦૧૭માં પૂર્ણ થયેલ છે. આ યોજનાના પાણીનો સિંચાઇ, જળવિદ્યુત ઉત્પાદન, પીવાના પાણી અને ઔદ્યોગિક વપરાશ માટે ઉપયોગ કરવામાં આવે છે. આગામી વર્ષે કચ્છ બ્રાંચ કેનાલ અને તેના આનુષંગિક નેટવર્કનું કામ પૂર્ણ કરી માંડવી તાલુકા સુધી નર્મદાના નીર પહોંચાડવાનું આયોજન કરવામાં આવેલ છે. તદુપરાંત

ઉત્તર ગુજરાતમાં નર્મદા યોજનાની હયાત કેનાલોના સુદઢીકરણ અને સૌરાષ્ટ્રમાં મીસીંગ લીંક પૂર્ણ કરવા માટે વિશેષ આયોજન કરવામાં આવેલ છે.

**સૂક્ષ્મ સિંચાઇ**

ગુજરાતે સૂક્ષ્મ સિંચાઇના ક્ષેત્રે પહેલ કરી નોંધપાત્ર પ્રગતિ કરેલ છે. આ પદ્ધતિથી પાણીના કરકસરભર્યા વપરાશ સાથે વધુ ઉત્પાદન મેળવી શકાય છે. છેલ્લાં બે દશકમાં અંદાજે ૨૧ લાખ હેક્ટર વિસ્તારમાં સૂક્ષ્મ પિયત પદ્ધતિ પ્રસ્થાપિત કરી ૧૩ લાખ ખેડૂતોને લાભ આપવામાં આવેલ છે. આગામી વર્ષમાં વધુ ૧ લાખ હેકટરમાં આ યોજનાનો વ્યાપ વધારવા માટે જોગવાઇ **રૂ.૫૦૦ કરોડ.**

**પાણી પુરવઠા પાણી પુરવઠા પ્રભાગ માટે રૂ.૫૪૫૧ કરોડની જોગવાઇ**

ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં સલામત અને પર્યાપ્ત પીવાનું પાણી આપવા રાજ્યવ્યાપી પાણી પુરવઠાગ્રીડનું નિર્માણ કરવામાં આવેલ છે, જેનાથી ૨૩૮ શહેરો અને ૧૪ હજારથી વધુ ગામોને જોડવામાં આવેલ છે. માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ અમલમાં મૂકેલ **નલ સે જલ યોજના** દ્વારા **૯૩ ટકાથી વધુ ઘરોમાં નળ જોડાણ**ની સિદ્ધિ મેળવેલ છે. આવનારા સમયમાં બાકી રહેલા ઘરોને પીવાનું પાણી પહોંચાડી૧૦૦ ટકાની સિદ્ધિ મેળવવા સરકાર કૃતસંકલ્પ છે. શહેરી વિસ્તારોમાં ભૂગર્ભ ગટર વ્યવસ્થા સુનિશ્ચિત કરવા અને ગટરનાં પાણીને શુદ્ધ કરી તેને પુન: ઉપયોગમાં લઇ, પર્યાવરણની જાળવણી અને પાણીના સ્ત્રોતોનો યોગ્ય ઉપયોગ કરવાની દિશામાં સરકાર અગ્રેસર છે.

- **જલ જીવન મિશન** અંતર્ગત હર ઘર જલ યોજના દ્વારા દરેક ઘરને પીવાનું શુદ્ધ પાણી પૂરું પાડવા કેન્દ્ર સરકારના **રૂ.૨૫૦૦ કરોડ** અને રાજ્ય સરકારના **રૂ.૩૦૪૦ કરોડ** સહિત કુલ **રૂ.૫૫૪૦ કરોડ**નું આયોજન.
- આદિજાતિ વિસ્તારના ૬૬૨૭ ગામ-ફળીયાને પીવાના પાણીની સુવિધા આપવા પ્રગતિ હેઠળની **રૂ.૬૬૫૩ કરોડ**ની જૂથ પાણી પુરવઠા યોજના હેઠળના ૧૨૩ કામો માટે જોગવાઇ **રૂ.૭૦૯ કરોડ.**
- સૌરાષ્ટ્ર વિસ્તારમાં પીવાના પાણીની વ્યવસ્થા સુદઢ કરવા નાવડા-બોટાદ-ગઢડા-ચાવંડ અને બુધેલથી બોરડા સુધીની ૧૪૩ કિલોમીટર બલ્ક પાઇપલાઇનના અંદાજિત **રૂ.૧૦૨૦ કરોડ**ના કામો પ્રગતિ હેઠળ છે. જે માટે જોગવાઇ **રૂ.૩૧૦ કરોડ.**
- ભાવનગર,ગીર-સોમનાથ,અમરેલી,બોટાદ,જુનાગઢ,રાજકોટ અને પોરબંદર જિલ્લાઓને પાણી પૂરું પાડવા ઢાંકીથી નાવડા સુધીની ૯૭ કિલોમીટર ૫૦૦ એમ.એલ.ડી ક્ષમતાની નવી બલ્ક પાઇપલાઇનનું આયોજન કરેલ છે જેની અંદાજિત કિંમત **રૂ.૧૦૪૪ કરોડ** છે.જેનાથી આ યોજનામાં સમાવિષ્ટ જિલ્લાઓ માટે ૫૦ કરોડ લીટર પાણીનો વધારાનો જથ્થો ઉપલબ્ધ થશે. આ કામ માટે જોગવાઇ **રૂ.૫૦૦ કરોડ.**
- સૌરાષ્ટ્ર અને કચ્છના દરિયાકાંઠાના છેવાડાના ગામોમાં જળસલામતી પ્રદાન કરવા માટે ચાર જુદી જુદી જગ્યાએ ૨૭ કરોડ લીટર (૨૭૦ એમ.એલ.ડી.) ક્ષમતાના ડિસેલીનેશન પ્લાન્ટ સ્થાપવાના કામો માટે જોગવાઈ **રૂ.૪૦૦ કરોડ.**
- રિયુઝ ઓફ ટ્રીટેડ વેસ્ટ વોટરનીતિ અંતર્ગત શહેરી વિસ્તારોનાંસુએઝ વોટરને ટ્રીટ કરી તેના પુન:ઉપયોગ માટે જોગવાઈ **રૂ.૧૦૦કરોડ.**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ માટે કુલ રૂ.૧૨,૨૪૦ કરોડની જોગવાઇ**

સામાજિક અને આર્થિક વિકાસ, તેમજ સ્વસ્થ અને સુખી વ્યકિત માટે, આરોગ્ય એક પ્રાથમિક જરૂરિયાત છે. પ્રાથમિક સેવાઓથી માંડી ગંભીર રોગોના કિસ્સામાં લોકોને સહેલાઇથી ગુણવત્તાયુકત આરોગ્ય સેવાઓ મળી રહે તે સરકારની પ્રાથમિકતા છે.

**જાહેર આરોગ્ય,પરિવાર કલ્યાણ અને તબીબી સેવાઓ**

- કિશોરીઓ તેમજ મહિલાઓને માસિક ધર્મ અંગે જાગૃતિ લાવવા અને સેનેટરીપેડ વિના મૂલ્યે ઉપલબ્ધ કરાવવા જોગવાઇ **રૂ.૪૫ કરોડ.**
- કિશોરીઓમાં આયર્ન તત્ત્વની ઊણપના કારણે એનીમીયાનું પ્રમાણ જોવા મળે છે. આવનાર સમયમાં માતૃત્વ ધારણ કરનાર આ કિશોરીઓમાં હિમોગ્લોબીનનું મોનીટરીંગ કરવા તેમજ આયર્ન તત્ત્વની ઊણપ દૂર કરવા તેમને આયર્ન સુક્રોઝના ઇન્જેકશન આપવાની યોજનામાં સમાવેશ કરવા માટે જોગવાઇ **રૂ.૫ કરોડ.**
- બાળકોને સઘન પોષણ આપવા **બાલ-અમૃત પોષણ યોજના** હેઠળ જોગવાઇ **રૂ.૨૦ કરોડ.**

નવજાત શિશુ અને માતાને ઘર સુધી પહોંચાડવા માટે **નવા ૯૦ ખિલખિલાટ વાહનો** ઉપલબ્ધ કરાવવા માટે જોગવાઈ **રૂ.૫ કરોડ.**

- સગર્ભા માતાઓ અને બાળકોને પોષણ સહાય આપવા પ્રધાનમંત્રી માતૃ વંદના યોજના માટે જોગવાઈ **રૂ.૧૫૦ કરોડ.**

તા. ૩જી માર્ચ ૨૦૨૨

અંદાજપત્રની રજૂઆત

- શહેરી ક્ષેત્રોમાં આરોગ્ય સેવાઓ વધારે સુદ્રઢ કરવા સી.એચ.સી. અને પી.એચ.સી. શરૂ કરવામાં આવેલ છે. આ વિસ્તારોમાં આયોજન મુજબ બાકી રહેતી તમામ સી.એચ.સી. અને પી.એચ.સી. શરૂ કરવામાં આવશે. વધુમાં આ કેન્દ્રો પર આરોગ્ય કર્મીઓની ૧૨૩૮ નવી જગ્યાઓ ઊભી કરવામાં આવશે. જે માટે જોગવાઈ **રૂ.૧૬ કરોડ.**
- **પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના- મુખ્યમંત્રી અમૃતમ(મા)યોજના**માં રાજ્યના ૮૦ લાખ કરતા વધુ કુટુંબોને **રૂ.૫ લાખ** સુધીની મફત તબીબી સારવાર માટે આવરી લેવાયેલ છે. આ યોજના માટે જોગવાઈ **રૂ.૧૫૫૬ કરોડ.**
- **૧૫મા નાણાંપંચ** અંતર્ગત આરોગ્ય કેન્દ્રોની માળખાકિય સગવડોના વિકાસ માટે આગામી પાંચ વર્ષમાં **રૂ.૩૩૪૧ કરોડ**નું આયોજન કરવામાં આવેલ છે. આગામી વર્ષ માટે જોગવાઇ **રૂ.૬૨૯ કરોડ.**
- સીંગરવા(અમદાવાદ) અને ડીસા(બનાસકાંઠા)ની પેટા જિલ્લા કક્ષાની હોસ્પિટલોને અપગ્રેડ કરી જિલ્લા કક્ષાની હોસ્પિટલ બનાવવા માટે **રૂ.૩૬ કરોડ**ના આયોજન પૈકી જોગવાઈ **રૂ.૮ કરોડ.**
- વાપીમાં ૧૦૦ બેડની નવી સબ-ડીસ્ટ્રીક્ટ હોસ્પિટલ બનાવવામાં આવશે.
- ઊંઝા સબ-ડીસ્ટ્રીક્ટ હોસ્પિટલને અપગ્રેડ કરી ૧૦૦ બેડની હોસ્પિટલ બનાવવામાં આવશે.
- આરોગ્ય સંસ્થાઓ ખાતે ટેલી- રેડીયોલોજી,ટેલી-આઇ.સી.યુ., ટેલી-મેડિસીન અને ટેલી-મેન્ટલ હેલ્થની સેવાઓ માટે જોગવાઈ **રૂ.૨ કરોડ.**
- એમ્બ્યુલન્સ સેવાઓનો વ્યાપ વધારવા નવી ૧૦૦ એમ્બ્યુલન્સ વાન અને ૧૦ મોબાઇલ સંજીવની વાન પૂરી પાડવા માટે જોગવાઈ **રૂ.૨૨ કરોડ.**
- ટેલી-મેડિસીનકન્સલ્ટેશન અંતર્ગત ૬૦ વર્ષથી વધુ વયના લોકોને ઘરે બેઠા લેબૉરેટરી ટેસ્ટ સેમ્પલ કલેક્શન યોજના માટે જોગવાઇ **રૂ.૫ કરોડ.**
- છોટા ઉદેપુર અને કચ્છ જિલ્લામાં આવેલ તમામ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રને ૨૪ X ૭ ચાલુ રાખી આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ કરાવવા જોગવાઇ **રૂ.૨ કરોડ.**
- દુર્ગમ વિસ્તારોમાં આરોગ્ય સેવાઓ પહોંચાડવા માટે મોટર સાયકલ આધારિત ૫૦ મોબાઈલ હેલ્થ યુનિટ શરૂ કરવા જોગવાઈ **રૂ.૨ કરોડ.**

**તબીબી શિક્ષણ અને સંશોધન**

- તબીબી શિક્ષણનો વ્યાપ વધારી વધુ ડોકટર્સ ઉપલબ્ધ થાય તે માટે રાજ્યમાં ૩૧ મેડીકલ કોલેજ કાર્યરત છે. જેમાં ૫૭૦૦ એમ.બી.બી.એસ.ની અને ૨૦૦૦ પી.જી.ની સીટો ઉપલબ્ધ છે. હાલ બીજી ૫ મેડીકલ કોલેજો શરૂ કરવાનું કાર્ય પ્રગતિ હેઠળ છે. આ ઉપરાંત બોટાદ, જામખંભાળીયા અને વેરાવળ ખાતે નવી મેડીકલ કોલેજો શરૂ કરવામાં આવશે.
- નાગરિકોને ઉચ્ચકક્ષાની આરોગ્યલક્ષી સેવાઓ આપવાના માસ્ટરપ્લાન પ્રોજેક્ટ અંતર્ગત અમદાવાદ, સુરત, રાજકોટ, વડોદરા, જામનગર તથા ભાવનગરની સરકારી મેડીકલ કોલેજોમાં અદ્યતન સુવિધાઓ વિકસાવવા તેમજ આધુનિકીકરણ માટે જોગવાઇ **રૂ.૧૦૬ કરોડ.**
- દર્દીઓને તમામ સુવિધાઓ મળી રહે તે માટે એસ.એસ.જી. હોસ્પિટલનું આધુનિકીકરણ કરી તેમાં સ્પાઇન, કીડની અને આંખોના રોગોની ઘનિષ્ઠ સારવાર માટે **રૂ.૨૦૦ કરોડ**ના આયોજન પૈકી જોગવાઇ **રૂ.૩૦ કરોડ.**
- દર્દીઓને હ્રદય રોગ સંબંધિત બીમારીઓની સારવાર અર્થે અનસુયા ગ્રાઉન્ડ, વડોદરા ખાતે અત્યાધુનિક કાર્ડીએક કેથ લેબ અને હોસ્પિટલની સ્થાપના કરવા માટે **રૂ.૧૫૦ કરોડ**ના આયોજન પૈકી જોગવાઇ **રૂ.૨૩ કરોડ.**
- સિવિલ હોસ્પિટલ, અમદાવાદમાં ૯૦૦ બેડની સુવિધા સાથે નવીનીકરણ માટે **રૂ.૪૫૦ કરોડ**ના આયોજન પૈકી જોગવાઇ **રૂ.૬૮કરોડ.**
- સુરત સિવિલ હોસ્પિટલમાં નવા ઓપીડી બિલ્ડીંગ તેમજ હયાત સુવિધાઓનાં વિસ્તૃતિકરણ માટે **રૂ.૧૫૦ કરોડ**નાં આયોજન પૈકી જોગવાઇ **રૂ.૨૩ કરોડ.**
- પાંચ સામુહિક આરોગ્ય કેન્દ્રોને પેટા જિલ્લા કક્ષાની હોસ્પિટલમાં અપગ્રેડ કરવા **રૂ.૧૦૦ કરોડ**ના આયોજન પૈકી જોગવાઇ **રૂ.૧૦ કરોડ.**
- મેડિકલ કોલેજોનાં વિદ્યાર્થીઓને મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના હેઠળ સહાય માટે જોગવાઇ **રૂ.૫૦કરોડ.**
- પીડીયુ હોસ્પિટલ, રાજકોટ ખાતે ૫૦૦ પથારીની ક્ષમતા ધરાવતી મેટરનિટી અને ચાઇલ્ડ હોસ્પિટલના બાંધકામ માટે જોગવાઇ **રૂ.૧૪ કરોડ.**
- તબીબી શિક્ષણ અને સંશોધન માટે મેડિકલ યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવશે.

**આયુર્વેદ અને અન્ય સેવાઓ**

- સુરેન્દ્રનગર ખાતે આયુર્વેદ કોલેજ શરૂ કરવાનું આયોજન છે. જેના માટે જોગવાઇ **રૂ.૧૨ કરોડ.**
- નવસારી જિલ્લાના બિલિમોરા ખાતે સરકારી આયુર્વેદિક હોસ્પિટલના નવા મકાનનાં બાંધકામ માટે જોગવાઇ **રૂ.૧ કરોડ.**
- કામદાર રાજ્ય વીમા યોજનાનાં દવાખાનાઓમાં નોંધાયેલ ન હોય તેવા લોકો પણ હવે આરોગ્ય સુવિધા સાથે સરકારી હોસ્પિટલના ધોરણે નિ:શુલ્ક દવાઓ મેળવી શકે તે માટે જોગવાઇ **રૂ.૫ કરોડ.**
- ખોરાક અને ઔષધ નિયમનતંત્ર હેઠળ ટેસ્ટીંગનો વ્યાપ વધારવા સુરત ખાતે નવી લેબૉરેટરી સ્થાપવામાં આવશે. જે માટે જોગવાઇ **રૂ.૩ કરોડ.**
- સસ્તા દરે ઉત્કૃષ્ટ ગુણવત્તાની દવાઓ મળી રહે તે માટે જેનરીક સ્ટોરને પ્રોત્સાહન માટે જોગવાઇ **રૂ.૨ કરોડ.**

**મહિલા અને બાળ વિકાસ મહિલા અને બાળ વિકાસ વિભાગ માટે કુલ રૂ.૪૯૭૬ કરોડની જોગવાઇ**

મહિલાઓ અને બાળકોના આરોગ્ય અને પોષણની જરૂરિયાતને ધ્યાને રાખીને સરકારે આંગણવાડી તેમજ અન્ય પાયાને સ્પર્શતી યોજનાઓ અમલમાં મુકેલ છે. આ યોજનાઓ દ્વારા તેમના જીવનચક્રના બધા જ તબક્કાઓ ઉપર ભાર મૂકી સંતુલિત, શારીરિક અને માનસિક વિકાસ સુનિશ્ચિત કરવાની સરકારની નેમ છે. આ વર્ગની મહત્તા જોતા, હું ગત વર્ષની સરખામણીએ વિભાગની જોગવાઇમાં **૪૨ ટકા** જેટલો ધરખમ વધારો ગૃહ સમક્ષ રજૂ કરું છું.

- સગર્ભા,ધાત્રી માતા અને બાળકને પોષણક્ષમ આહાર મળી રહે તે માટે **સુપોષિત માતા-સ્વસ્થ બાળ યોજના** હેઠળ કુટુંબને ૧ હજાર દિવસ સુધી દર મહિને ૧ કિલો તુવેર દાળ,૨ કિલો ચણા અને ૧ લીટર ખાદ્યતેલ વિનામૂલ્યે આપવા માટે આગામી વર્ષ માટે જોગવાઇ**રૂ.૮૧૧ કરોડ.**
- આંગણવાડી કાર્યક્રમમાં બાળકોનાં પોષણ,પૂર્વ શિક્ષણ અને અન્ય સવલતો માટે જોગવાઇ **રૂ.૧૧૫૩ કરોડ.**
- ૩ થી ૬ વર્ષનાં બાળકોને ઘરે ઘરે સુખડીનું વિતરણ કરવા તથા બાળકો, કિશોરીઓ અને સગર્ભા-ધાત્રી માતાઓને ટેક હોમ રેશન પૂરું પાડવા જોગવાઇ**રૂ.૧૦૫૯ કરોડ.**
- ગંગા સ્વરૂપા બહેનોને મદદરૂપ થવા સરકારે આર્થિક સહાય આપવા માટેનાં ધોરણો ઉદાર કર્યા છે. જેથી ત્રણ વર્ષમાં આ યોજના હેઠળ બહેનોની સંખ્યા ૧.૫ લાખથી વધી આજે ૧૧ લાખ સુધી પહોંચેલ છે. આ યોજના અંતર્ગત સહાય આપવા જોગવાઇ **રૂ.૯૧૭ કરોડ.**
- ૧૧ થી ૧૮ વર્ષની કિશોરીઓ માટે પૂરક પોષણ અને આરોગ્યલક્ષી શિક્ષણ આપતી **પૂર્ણા યોજના** માટે જોગવાઇ **રૂ.૩૬૫ કરોડ.**
- આદિજાતિ વિસ્તારના ૧૦ તાલુકાઓમાં સગર્ભા માતાઓને પૂરક પોષણ આપતી **પોષણ સુધા યોજના** અમલમાં છે. આ યોજનાનો વ્યાપ વધારી આદિજાતિ વસતિનું બાહુલ્ય ધરાવતા ૭૨ તાલુકામાં આ યોજના વિસ્તારવાની અને પ્રતિ વ્યકિત થતા ખર્ચમાં ૫૦ ટકા જેટલો વધારો કરવાની, હું જાહેરાત કરું છું. આ યોજના માટે જોગવાઇ **રૂ.૧૧૮ કરોડ.**
- વ્હાલી દીકરી યોજના અંતર્ગત ૧ લાખ જેટલી દીકરીઓને જીવનના વિવિધ તબક્કે **રૂ.૧ લાખ** સુધીની નાણાકીય સહાય આપવા માટે એલ.આઇ.સી.ને પ્રીમિયમ આપવા માટે જોગવાઇ **રૂ.૮૦ કરોડ.**
- ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં નંદઘર બાંધકામ અને અન્ય માળખાકીય સુવિધાઓ માટેજોગવાઈ **રૂ.૩૧ કરોડ.**
- નારીગૃહોની સુરક્ષા સુનિશ્ચિત કરવા તેમજ ત્યાં રહેતી બહેનોને રોજગારલક્ષી સગવડો પૂરી પાડવા આ ગૃહોને સી.સી.ટી.વી.તથા ઈન્ટરનેટથી જોડવા માટે જોગવાઇ **રૂ.૧ કરોડ.**

**અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતો અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગ માટે કુલ રૂ.૧૫૨૬ કરોડની જોગવાઈ**

રાજ્યના દરેક કુટુંબની અન્ન સલામતી સુનિશ્ચિત કરવી અને રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા હેઠળ નોંધાયેલ ૭૦ લાખ કુટુંબોને રાહત દરે અનાજઅને અન્ય આવશ્યક ખાદ્ય વસ્તુઓ પૂરી પાડવી એ અમારી સરકારની પ્રાથમિકતા છે. કોરોનાની ગંભીર મહામારીથી ઉત્પન્ન થયેલ આકરી પરિસ્થિતિમાં માનનીય વડાપ્રધાનશ્રી દ્વારા શરૂ કરાયેલ પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના થકી રાજ્યના તમામ એન.એફ.એસ.એ. લાભાર્થી કુટુંબોને વધુ **૨૮ લાખ ટન અન્ન વિનામૂલ્યે પૂરું પાડવાનું ભગીરથ કાર્ય** સરકારે કર્યુ છે. દરેક કુટુંબ દ્વારા ઉપાડવામાં આવેલ જથ્થાની વિગતો માય રેશન મોબાઇલ એપ દ્વારા ઓનલાઇન કરી ડિજિટાઇઝેશનના માધ્યમથી જાહેર વિતરણ વ્યવસ્થામાં સરળતા અને પારદર્શિતા લાવવાનો પ્રયત્ન રાજ્ય સરકારે કરેલ છે. આ પ્રક્રિયાને વધુ વેગ આપી રાજ્યનીતમામવાજબીભાવનીદુકાનોમાં ઇલેકટ્રોનિક વજનકાંટાઉપલબ્ધ કરાવવામાં આવશે. ગત વર્ષની સરખામણીએ વિભાગની જોગવાઇમાં **૨૪ ટકા** જેટલો માતબર વધારો, હું ગૃહ સમક્ષ રજૂ કરું છું.

- જાહેર વિતરણ વ્યવસ્થા અંતર્ગત એન.એફ.એસ.એ. કુટુંબોને અન્ન વિતરણ કરવા જોગવાઇ **રૂ.૬૨૧ કરોડ.**

તા. ૩જી માર્ચ ૨૦૨૨

અંદાજપત્રની રજૂઆત

- જાહેર વિતરણ વ્યવસ્થા અંતર્ગત એન.એફ.એસ.એ. હેઠળ નોંધાયેલ કુટુંબોના ભોજનમાં પ્રોટીનનું પ્રમાણ વધારવા તુવેરદાળ વિતરણ કરવાની યોજના સરકારે શરૂ કરેલ છે. તુવેરદાળ ઉપર પ્રતિ કિલો **રૂ.૨૦** ની સહાય આપવામાં આવતી હતી જેના કારણે બજારભાવમાં થતા વધારાને કારણે લાભાર્થીને મળનાર ભાવમાં ફેરફાર જોવા મળતો હતો. સબસિડીની રકમ **રૂ.૪૦** થી વધુ કરી આ યોજના હેઠળ **રૂ.૫૦ પ્રતિ કિલોના ફિક્સ ભાવે તુવેરદાળ** પૂરી પાડવાનું નક્કી કરવામાં આવેલ છે. વધારાની સબસિડી સાથે આ યોજના માટે જોગવાઇ **રૂ.૨૨૫ કરોડ.**
- જાહેર વિતરણ વ્યવસ્થા અંતર્ગત એન.એફ.એસ.એ. કુટુંબોને ખાદ્યતેલ વિતરણ કરવા માટે જોગવાઇ **રૂ.૯૮ કરોડ.**
- તંદુરસ્તી માટે સૂક્ષ્મ પોષક તત્ત્વોનો સમાવેશ રોજિંદા ભોજનમાં થાય તે જરૂરી છે. રાજ્યમાં હાલમાં જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ સીંગલ ફોર્ટીફાઇડ આયોડીનયુકત મીઠું આપવામાં આવે છે. હવે આયોડીન ઉપરાંત આયર્ન ફોર્ટીફિકેશન કરવામાં આવેલ **ડબલ ફોર્ટીફાઈડ મીઠું તમામ ૭૦લાખ એન.એફ.એસ.એ. કુટુંબોને દર માસે ફકત રૂ.૧ પ્રતિ કિલોના ભાવે** આપવામાં આવશે જે માટે જોગવાઈ **રૂ.૭૬કરોડ.**
- ૫૦ વિકાસશીલ તાલુકામાં આવેલ એન.એફ.એસ.એ. લાભાર્થીઓના ભોજનમાં કઠોળનો વપરાશ વધારવા માટે દર માસે કુટુંબ દીઠ તુવેરદાળ ઉપરાંત **એક કિલો ચણાનું વિતરણરૂ.૩૦ પ્રતિ કિલોના ફિક્સ ભાવે** કરવા માટે જોગવાઈ **રૂ.૫૦કરોડ.**
- ગ્રાહક સુરક્ષાની પ્રવૃત્તિઓ માટે જોગવાઇ **રૂ.૨૧ કરોડ.**

**શિક્ષણ**

**શિક્ષણ વિભાગ માટે કુલ રૂ.૩૪,૮૮૪ કરોડની જોગવાઇ**

विद्याधनं सर्व धनं प्रधानम्।

સર્વ ધનમાં વિદ્યાધન મુખ્યછે.

આપણી સંસ્કૃતિ જ્ઞાનની ઉપાસનાને વરેલી છે. માળખાગત તેમજ ગુણવત્તાલક્ષી પ્રયોગો દ્વારા શૈક્ષણિક સ્તરને ઉચ્ચ કક્ષાએ લઇ જવા અમારી સરકાર કટિબદ્ધ છે.

માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના દૂરંદેશી માર્ગદર્શન હેઠળ બાળકો અને યુવાનોના સશક્તિકરણ માટે નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ઘડવામાં આવી છે. આ નીતિમાં સંશોધન અને સર્જનાત્મકતા(ઇનોવેશન),કૌશલ્ય નિર્માણ અને રોજગારી પર ભાર મૂકવામાં આવેલ છે.લિંગ સમાનતા અને શાળામાં નામાંકન સુનિશ્ચિત કરીને ગુણવત્તાયુક્ત શિક્ષણ માટેની દિશા નક્કી કરવામાં આવેલ છે. આ નીતિમાં આઇ.સી.ટી.-સક્ષમતા, સ્માર્ટ ક્લાસ-રૂમ,ડિજિટલ લર્નિંગ, માળખાકીય સુવિધાઓ અને લેબોરેટરીઓ પર વધુ ધ્યાન આપવામાં આવશે.

**પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ**

- **મિશન સ્કૂલ્સઓફ એકસેલન્સ યોજના** હેઠળ રાજ્યની જુદી જુદી શાળાઓની માળખાકીય સગવડો તેમજ શિક્ષણની પદ્ધતિમાં સુધારાઓ માટે જોગવાઇ **રૂ.૧૧૮૮ કરોડ.**
- પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં જર્જરિત ઓરડાઓમાં તેમજ નવા ઓરડાઓના નિર્માણ માટેનું સઘન અભિયાન સરકારે હાથ ધર્યું છે હાલમાં અઢી હજાર ઓરડાઓનું કામ પ્રગતિ હેઠળ છે અને આગામી વર્ષે ૧૦ હજાર નવા ઓરડાઓના નિર્માણનું લક્ષ્યાંક રાખેલ છે. આ માટે જોગવાઈ **રૂ.૯૩૭ કરોડ.**
- આઝાદીના અમૃત મહોત્સવના અવસરે ગુજરાત રાજ્યના પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને ઉચ્ચ ગુણવત્તાયુકત શિક્ષણ નિવાસી ધોરણે આપી શકાય તે માટે**૫૦ જ્ઞાન શકિત રેસિડેન્શીયલ સ્કૂલ્સ સામાજિક ભાગીદારીના ધોરણે શરૂ કરી ૧ લાખ વિદ્યાર્થીઓને શિક્ષણ** આપવાનું નક્કી કરેલ છે. આ યોજના અંતર્ગત આગામી વર્ષ માટે જોગવાઇ **રૂ.૯૦ કરોડ.**
- સૈનિક સ્કૂલ બાલાચડી, જામનગરને નવતર સુવિધાઓથી સુસજ્જ બનાવવા અને તેમાં રાજ્યની સરકારી શાળાઓમાં ભણતા વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવે તો તેમને શિક્ષણ અને અન્ય તમામ સેવાઓ વિના મૂલ્યે મળે તે માટે જોગવાઇ **રૂ.૨૮ કરોડ.**
- દૂધ સંજીવની યોજનાનો વ્યાપ વધારી જાંબુઘોડાઅને મોરવા-હડફ તાલુકાનો સમાવેશ કરવામાં આવશે. અંદાજે ૫૦ લાખ બાળકોને મધ્યાહ્ન ભોજન યોજના,અન્ન સંગમ યોજના,દૂધ સંજીવની યોજના અને સુખડી યોજનાનો લાભ આપવા માટે જોગવાઈ**રૂ.૧૦૬૮ કરોડ.**
- રાઇટ ટુ એજ્યુકેશન એકટ અંતર્ગત રાજ્યમાં ખાનગી શાળાઓમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ માટે જોગવાઇ **રૂ.૬૨૯ કરોડ.**
- અંદાજે ૧૧ લાખ વિદ્યાર્થીઓને એસ.ટી.બસ ફ્રી પાસ કન્સેશન માટે જોગવાઈ **રૂ.૨૦૫ કરોડ.**
- માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વોકેશનલ એજ્યુકેશન અંતર્ગત જોગવાઈ **રૂ.૧૨૯ કરોડ.**

- છેવાડાના તથા અંતરિયાળ વિસ્તારોમાં ૨૪૫ કસ્તુરબા ગાંધી વિદ્યાલયમાં અભ્યાસ કરતી ૨૭ હજાર જેટલી બાળાઓ માટે મફત રહેવા તથા ભોજનની વ્યવસ્થા માટે જોગવાઈ**રૂ.૧૨૨ કરોડ.**
- ઘરથી શાળાનું અંતર એક કિલોમીટર થી વધુ હોય તેવા ૨ લાખ ૩૦ હજાર કરતાં વધુ પ્રાથમિક શાળાના બાળકોને શાળાએ લાવવા-લઈ જવા માટે જોગવાઈ **રૂ.૧૦૮ કરોડ.**
- શાળા બહારના બાળકોને શાળા સુધી લાવવાના પ્રયત્નો તેમજ આવા બાળકોને અભ્યાસ તેમજ અન્ય ખાસ પ્રકારની તાલીમ આપવા માટે જોગવાઈ **રૂ.૮૭ કરોડ.**
- વીજળીકરણ અને પીવાના પાણીની સુવિધાઓની ખૂટતી કડી પૂરી કરવા અને શાળાઓને સ્વચ્છતા સહાય માટે જોગવાઈ **રૂ.૮૧ કરોડ.**
- સરકારી અને ગ્રાન્ટેડ પ્રાથમિક,માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતા તમામ જાતિના વિદ્યાર્થીઓને વિનામૂલ્યે પાઠ્યપુસ્તકો પૂરા પાડવા જોગવાઈ **રૂ.૧૪૫ કરોડ.**
- ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની અંદાજે ૧૦ લાખ વિદ્યાર્થીનીઓ તથા તમામ દિવ્યાંગ વિદ્યાર્થીઓની પરીક્ષા ફી માફી માટે જોગવાઈ **રૂ.૩૭ કરોડ.**
  - શાળાઓમાં અભ્યાસ કરતા દિવ્યાંગ બાળકો માટે થેરાપીની સગવડ વિકસાવવાતેમજ વિશિષ્ટ જરૂરિયાતવાળા બાળકોને સાધન સહાય આપવા માટે જોગવાઈ **રૂ.૨૧ કરોડ.**
- મોડલ શાળાઓમાં ગર્લ્સ હોસ્ટેલના બાંધકામ માટે જોગવાઇ **રૂ.૧૨ કરોડ.**
- ભારત સરકાર દ્વારા સંચાલિત સૈનિક શાળાઓ જેવી જ રક્ષા શક્તિ શાળાઓ રાજ્ય સરકાર દ્વારા સામાજિક ભાગીદારીથી શરૂ કરવા જોગવાઈ રૂ**.૫ કરોડ.**
- સંસ્કૃત સાધના યોજના અંતર્ગત હયાત સંસ્કૃત ગુરુકુળોમાં શૈક્ષણિક પ્રવૃત્તિઓ માટે જોગવાઈ **રૂ.૮ કરોડ.**
- સંસ્કૃતના અભ્યાસ માટે સામાજિક ભાગીદારીથી નવા સંસ્કૃત ગુરુકુળો શરૂ કરવા સંસ્કૃત શકિત ગુરુકુળ યોજના માટે જોગવાઈ **રૂ.૩ કરોડ.**
- પ્રાથમિક શાળાઓ ખાતે CCTV કેમેરાની સુવિધા માટે જોગવાઈ **રૂ.૨૦ કરોડ.**
- વડનગર ખાતે પ્રેરણા કેન્દ્ર શરૂ કરવા માટે જોગવાઈ **રૂ.૨ કરોડ.**

**ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ**

- મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અંતર્ગત ઉચ્ચ શિક્ષણના અભ્યાસક્રમોમાં વિદ્યાર્થીઓને ટ્યુશન ફી તથા હોસ્ટેલ અને ભોજન ખર્ચમાં શિષ્યવૃત્તિ સહાય પૂરી પાડવા માટે જોગવાઈ**રૂ.૩૫૦ કરોડ.**
- માઈન્ડ ટુ માર્કેટના કન્સેપ્ટથી વિદ્યાર્થીઓને ઈનોવેશન અને ઉદ્યોગ સાહસિકતા માટે પ્રેરીત કરવા સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ અને ઈનોવેશન પોલિસી2.0અંતર્ગત ૧ હજાર ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓ અને ૧૦ હજાર શાળાઓમાં અંદાજે ૫૦ લાખ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા માટે પાંચ વર્ષ માટે **રૂ.૩૦૦ કરોડ**નું આયોજન કરેલ છે. આગામી વર્ષ માટે જોગવાઈ **રૂ.૬૦ કરોડ.**
- **નમો ટેબ્લેટ યોજના** અંતર્ગત ૩ લાખ જેટલા વિદ્યાર્થીઓને ટેબ્લેટ આપવા જોગવાઈ **રૂ.૨૦૦ કરોડ.**
- ટેકનિકલ શિક્ષણ આપતી સંસ્થાઓમાં માળખાકીય સગવડો માટે જોગવાઈ **રૂ.૧૧૭ કરોડ.**
- ડિજિટલ શિક્ષણને પ્રોત્સાહન આપવા માટે **ડિજિટલ એજ્યુકેશન ડેવલોપમેન્ટ ફંડ** તરીકે જોગવાઈ **રૂ.૩૦ કરોડ.**
- સરકારી કોલેજોના મકાન બાંધકામ, પુસ્તકો, આઇ.ટી. અને લેબોરેટરીના સાધનો માટે જોગવાઈ **રૂ.૨૬ કરોડ.**
- પી.એચ.ડી. ના ૧ હજાર વિદ્યાર્થીઓને સંશોધન તથાઅન્ય ખર્ચને પહોંચી વળવાવિદ્યાર્થીદીઠ રૂ.૨લાખની સહાય પૂરી પાડતી શોધ યોજના અંતર્ગત જોગવાઈ **રૂ.૨૦ કરોડ.**
- **ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી** માટે ટોય હાઉસ, પુસ્તક પ્રકાશન અને આઇ.ટી. ઉપકરણ માટે જોગવાઈ **રૂ.૨ કરોડ.**
- સરકારી ઈજનેરી કોલેજો અને પોલિટેકનિક માટે બાંધકામ,સાધન-સામગ્રી,પુસ્તકો અને ખૂટતા ફર્નિચર માટે જોગવાઈ **રૂ.૩૭ કરોડ.**
- આઇ.આઇ.ટી.આર.એ.એમ. ખાતે ડ્રોન ટેકનોલોજી, આર્ટીફિશીયલ ઈન્ટેલીજન્સ અને મશીન લર્નીંગ અને વિવિધ સુવિધાઓ પૂરી પાડવા માટે જોગવાઈ **રૂ.૬ કરોડ.**
- લિંબાયત(સુરત), જસદણ(રાજકોટ), બગસરા(અમરેલી), પાલીતાણા(ભાવનગર), વરાછા (સુરત) અને સંતરામપુર (મહીસાગર) ખાતે નવી સરકારી કોલેજોશરૂ કરવામાં આવશે.
- આદિજાતિ વિસ્તારોના કાછલ(સુરત), ડેડીયાપાડા(નર્મદા) અને ખેરગામ(નવસારી) ખાતેની હયાત કોલેજોમાં વિજ્ઞાન પ્રવાહ શરૂ કરવામાં આવશે.
- એન.સી.સી., એન.એસ.એસ., સ્કાઉટ અને ગાઇડ માટેની વિવિધ યોજનાઓ માટે જોગવાઈ **રૂ.૯ કરોડ.**

**સામાજિક ન્યાય અને અધિકારીતા** **સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ માટે કુલ રૂ.૪૭૮૨ કરોડની જોગવાઈ**

તા. ૩જી માર્ચ ૨૦૨૨

અંદાજપત્રની રજૂઆત

અનુસૂચિત જાતિ, વિકસતી જાતિ,વિચરતી અને વિમુકત જાતિ, લઘુમતિઓ, આર્થિક રીતે પછાત વર્ગ તેમજ દિવ્યાંગો, વૃદ્ધો અને નિરાધારોના સશક્તિકરણ, સર્વાંગી વિકાસ અને સામાજિક સુરક્ષા પૂરી પાડવા માટે વિવિધ કલ્યાણકારી યોજનાઓનો સરકાર અમલ કરી રહી છે. આ યોજનાઓમાં લાભાર્થીઓને મળનાર રકમમાં વધારો કરી વધુ સારી રીતે સહાયભૂત થવા સરકારે નિર્ણય કરેલ છે.

- **નિરાધાર વૃધ્ધ પેન્શન યોજના**ના ૬૦ થી ૮૦ વર્ષના લાભાર્થીઓને હાલ **રૂ.૭૫૦** માસિક પેન્શન આપવામાં આવે છે. જેમાં **રૂ.૨૫૦**નો વધારો કરી **રૂ.૧૦૦૦ માસિક પેન્શન** આપવામાં આવશે. ૮૦ વર્ષ ઉપરના લાભાર્થીઓને હાલ **રૂ.૧૦૦૦** માસિક પેન્શન આપવામાં આવે છે. જેમાં **રૂ.૨૫૦**નો વધારો કરી **રૂ.૧૨૫૦ માસિક પેન્શન** આપવામાં આવશે. જેનો લાભ આશરે ૧૧ લાખ લાભાર્થીઓને મળશે. આ યોજના માટે જોગવાઇ **રૂ.૯૭૭ કરોડ.**
- **રાષ્ટ્રીય દિવ્યાંગ પેન્શન યોજના** અને **સંત સૂરદાસ દિવ્યાંગ પેન્શન યોજના**માં લાભાર્થીઓને હાલ **રૂ.૬૦૦** માસિક પેન્શન આપવામાં આવે છે. જેમાં **રૂ.૪૦૦**નો વધારો કરી **રૂ.૧૦૦૦માસિક પેન્શન** આપવામાં આવશે. આ યોજના માટે જોગવાઇ **રૂ.૩૫ કરોડ.**
- ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ દ્વારા આર્થિક અને સામાજિક વિકાસ માટે અમલમાં મૂકાયેલ વિવિધ યોજનાઓ માટે જોગવાઇ **રૂ.૫૦૦ કરોડ.**
- ધોરણ ૧ થી ૧૦ માં અભ્યાસ કરતા અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિના અંદાજે ૪૩લાખ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિમાં દરેક સ્તરે **રૂ.૨૫૦**નો વધારો કરવામાં આવશે. આ યોજના માટે જોગવાઇ **રૂ.૪૪૬ કરોડ.**
- પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા અનુસૂચિત જાતિ, વિકસતી જાતિ, લઘુમતિ અને આર્થિક રીતે પછાત વર્ગના અંદાજે ૩૬ લાખ વિદ્યાર્થીઓને ગણવેશ સહાય માટે હાલ**રૂ.૬૦૦** આપવામાં આવે છે. જેમાં **રૂ.૩૦૦**નો વધારો કરી ગણવેશ સહાય માટે **રૂ.૯૦૦**આપવામાં આવશે. આ યોજના માટે જોગવાઇ **રૂ.૩૭૪ કરોડ.**
- અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિના ગ્રાન્ટ-ઇન-એઇડ છાત્રાલય અને આશ્રમશાળામાં રહેતા અંદાજે ૧ લાખ વિદ્યાર્થીઓને નિભાવ ભથ્થાં પેટે માસિક રકમ **રૂ.૧૫૦૦** આપવામાં આવે છે જેમાં **રૂ.૬૬૦**નો વધારો કરી માસિક રકમ **રૂ.૨૧૬૦** આપવામાટે જોગવાઈ **રૂ.૨૮૮ કરોડ.**
- આંબેડકર આવાસ યોજનાઅને પંડિત દીન દયાળ આવાસ યોજના માટે જોગવાઇ **રૂ.૨૦૫ કરોડ.**
- અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિના કોલેજ સંલગ્ન છાત્રાલયોમાં વિદ્યાર્થીઓને ભોજન બિલ પેટે સહાય માટે જોગવાઈ **રૂ.૧૯ કરોડ.**
- અનુસૂચિત જાતિ,વિકસતી જાતિ અને દિવ્યાંગોના શૈક્ષણિક, આર્થિક અને સામાજિક વિકાસ માટે સરકારે ૯ જેટલા ખાસ નિગમોની રચના કરી છે. જેના થકી લાભાર્થીઓને લોન આપવા માટે જોગવાઇ**રૂ.૧૦૫ કરોડ.**
- ધોરણ ૯ માં અભ્યાસ કરતી અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિની અંદાજે ૧ લાખ ૭૦ હજાર કન્યાઓને વિનામૂલ્યે સાયકલ આપવા સરસ્વતી સાધના યોજના માટે જોગવાઇ **રૂ.૭૦ કરોડ.**
- દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટે પ્રાથમિક, માધ્યમિક તેમજ ઉચ્ચ શિક્ષણ એવા દરેક સ્તરે શિષ્યવૃત્તિમાં **રૂ.૫૦૦**નો વધારો કરવામાં આવશે.
- **માનવ ગરિમા યોજના** હેઠળ સ્વરોજગારી માટે અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિના લાભાર્થીઓને સાધનો પૂરા પાડવા જોગવાઈ **રૂ.૫૨ કરોડ.**
- **કુંવરબાઇનું મામેરું યોજના** હેઠળ અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિની કન્યાઓને સહાય માટે જોગવાઇ **રૂ.૪૨ કરોડ.**
- **સંકટ મોચન યોજના** અંતર્ગત ગરીબી રેખા હેઠળનાં કુટુંબનાં મુખ્ય કમાનાર વ્યકિતના દુ:ખદ અવસાનથી આવી પડેલ મુશ્કેલભરી પરિસ્થિતિમાં કુટુંબને સહાય માટે જોગવાઇ **રૂ.૨૧ કરોડ.**
- **ડૉ.સવિતા આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના**માં હાલની સહાય **રૂ.૧ લાખ** આપવામાં આવે છે. જેમાં **રૂ.૧.૫ લાખ**નો માતબર વધારો કરી **રૂ.૨ લાખ ૫૦ હજાર** સહાય આપવામાં આવશે. જેના માટે જોગવાઇ **રૂ.૧૫ કરોડ.**
- સાતફેરા સમુહ લગ્ન સહાય યોજના હેઠળ જોગવાઇ**રૂ.૯ કરોડ.**
- ગ્રાન્ટ-ઇન-એઇડ છાત્રાલયોનું મકાન ભાડું વિદ્યાર્થીદીઠ ગ્રામ્ય વિસ્તારમાં માસિક **રૂ.૫૦** માંથી વધારી **રૂ.૧૦૦**, નગરપાલિકા વિસ્તારમાં માસિક **રૂ.૭૦** માંથી વધારી **રૂ.૧૪૦** અને મહાનગરપાલિકા વિસ્તારમાં માસિક **રૂ.૯૦** માંથી વધારી **રૂ.૧૮૦** કરવામાં આવશે.

- વિકસતી જાતિ માટેની ડે-સ્કોલર અને હોસ્ટેલર માટે અપાતી પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિમાં **રૂ.૬૦૦થી રૂ.૨૨૦૦** સુધીનો વધારો કરવામાં આવશે.
- અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિના એન્જિનિયરીંગના વિદ્યાર્થીઓ માટેની સાધન ખરીદવા હાલ **રૂ.૫૦૦૦** સહાય આપવામાં આવે છે જેમાં **રૂ.૩૦૦૦** નો વધારો કરી **રૂ.૮૦૦૦** સહાય આપવામાં આવશે.
- પી.એચ.ડી. જેવા ઉચ્ચ અભ્યાસ કરનારાં અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિના વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા માટે સહાય **રૂ.૩૦ હજાર** આપવામાં આવે છે જેમાં **રૂ.૭૦ હજાર**નો માતબર વધારો કરી **રૂ.૧ લાખ**ની સહાય આપવામાં આવશે.
- દિવ્યાંગજનોને ભાવનાત્મક ટેકો આપવા સાંકેતિક ભાષાની વીડિઓ કોલ સહિતરાજ્યકક્ષાની નવી ૨૪X૭ હેલ્પ લાઇન સુવિધા શરૂ કરવામાં આવશે.

**વિરામનો સમય રદ કરવા અંગે**

શ્રી પંકજ દેસાઇ (મુખ્ય દંડકશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી દ્વારા ૨૦૨૨-૨૩ના વર્ષ માટેના અંદાજપત્રનું પ્રવચન ચાલે છે અને ઉકત પ્રવચન પૂરું થાય ત્યાં સુધી વિરામનો સમય રદ કરવામાં આવે.

ડો. સી. જે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, મૂકેલી દરખાસ્તને મારો ટેકો છે.

અધ્યક્ષશ્રી: માનનીય નાણામંત્રીશ્રીનું પ્રવચન પૂરું થાય ત્યાં સુધી વિરામનો સમય રદ કરી અને સમય લંબાવવામાં આવે છે.

**આદિજાતિ વિકાસ આદિજાતિ વિકાસ વિભાગ માટે કુલ રૂ.૨૯૦૯ કરોડની જોગવાઇ**

ગુજરાતના આદિજાતિ બંધુઓ પોતાની આગવી સાંસ્કૃતિક ઓળખ જાળવીને વિકાસની યાત્રામાં જોડાઇ રાજ્યની પ્રગતિમાં પોતાનો ફાળો આપી રહ્યા છે. રાજ્યના તત્કાલિન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ આદિજાતિ વિસ્તારોના સર્વાંગી વિકાસ માટે **વનબંધુ કલ્યાણ યોજના** શરૂ કરેલ હતી. આ કલ્યાણ કાર્યક્રમને આગળ ધપાવતાં અમારી સરકારે પાંચ વર્ષ માટે **રૂ.૧ લાખ કરોડ**ની **વનબંધુ કલ્યાણ યોજના-૨** શરૂ કરેલ છે.

- આજના ઇલેક્ટ્રોનિક યુગમાં ૧૦૮ એમ્બ્યુલન્સ સેવા, સરકારી યોજનાકીય લાભો, ઓનલાઇન બેન્કીંગ સેવા, નોકરી-કોન્ટ્રાકટ માટે ઓનલાઇન અરજી, ઓનલાઇન શિક્ષણ, ઇ-કોમર્સ જેવી તમામ સેવાઓ માટે મોબાઇલ નેટવર્ક મુખ્ય માળખાકીય સુવિધા તરીકે ઉપસી આવેલ છે. આદિજાતિ વિસ્તારમાં મોબાઇલ નેટવર્કની સુવિધા સહેલાઇથી મળી શકે તે માટે **૫૦૦ નવા મોબાઇલ ટાવર**આવતા બે વર્ષમાં ઊભા કરવામાં આવશે. જે માટે જોગવાઇ**રૂ.૧૦૦ કરોડ.**
- નિવાસી શાળાઓનાં માધ્યમથી ગુણવત્તાસભર શિક્ષણ આપવાના હેતુથી આદિજાતિ વિસ્તારોમાં સામાજિક ભાગીદારીથી **૨૫ બિરસા મુંડા જ્ઞાનશકિત રેસીડિન્સીયલ સ્કૂલ્સ ઓફ એકસેલેન્સ** શરૂ કરવામાં આવશે. જેમાં **અનુસૂચિત જનજાતિના ૫૦ હજાર વિદ્યાર્થીઓ**ને પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ આપવામાં આવશે. જે માટેજોગવાઈ **રૂ.૪૫કરોડ.**
- આદર્શ નિવાસી શાળાઓ, ઈ.એમ.આર.એસ. અને જી.એલ.આર.એસ. મળી કુલ ૧૭૭ જેટલી શાળાઓના અંદાજિત ૪૬ હજાર જેટલા વિદ્યાર્થીઓને નિવાસી શાળા શિક્ષણ આપવા માટે જોગવાઈ **રૂ.૨૦૯ કરોડ.**
- અનુસૂચિત જનજાતિના ગ્રાન્ટ-ઇન-એઇડ છાત્રાલય અને આશ્રમશાળામાં રહેતા અંદાજે ૧ લાખ ૪૩ હજાર વિદ્યાર્થીઓને નિભાવ ભથ્થા પેટે હાલ માસિક રકમ **રૂ.૧૫૦૦** આપવામાં આવે છે. જેમાં **રૂ.૬૬૦**નો વધારો કરી માસિક રકમ **રૂ.૨૧૬૦** આપવામાં આવશે. જે માટે જોગવાઈ **રૂ.૫૦૩ કરોડ.**
- અનુસૂચિત જનજાતિના આશરે બે લાખ વિદ્યાર્થીઓને પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિનો લાભ આપવા માટે જોગવાઈ **રૂ.૪૦૦ કરોડ.**
- દૂધ સંજીવની યોજના અંતર્ગત ૫૩ આદિજાતિ તાલુકાનાં ૮ લાખ જેટલા વિદ્યાર્થીઓને પોષણક્ષમ આહાર આપવા માટે જોગવાઈ **રૂ.૧૪૭ કરોડ.**
- આદિજાતિ ખેડૂતોને વ્યક્તિગત/સામુહિક સિંચાઈ કૂવા સાથે ૩ એચ.પી.સોલાર પંપની સહાય આપવા માટે જોગવાઈ **રૂ.૭૫ કરોડ.**
- હળપતિઓ અને આદિમ જૂથોને પાયાની ૬ સુવિધાઓ માટે અને સી.સી.ડી. પ્રોજેકટ હેઠળ જોગવાઈ **રૂ.૬૭ કરોડ.**
- હળપતિ બોર્ડ દ્વારા ૩૫૦૦ જેટલા હળપતિ આવાસોનાં નિર્માણ માટે જોગવાઈ **રૂ.૪૨ કરોડ.**

તા. ૩જી માર્ચ ૨૦૨૨

અંદાજપત્રની રજૂઆત

- પ્રાથમિક શાળાઓમાં ભણતા અનુસૂચિત જનજાતિના અંદાજે ૧૩ લાખ વિદ્યાર્થીઓને હાલ **રૂ.૬૦૦**ગણવેશ સહાય આપવામાં આવે છે જેમાં **રૂ.૩૦૦**નો વધારો કરી **રૂ.૯૦૦** ગણવેશ સહાય આપવામાં આવશે. આ યોજના માટે જોગવાઈ**રૂ.૮૧ કરોડ.**
- આદિજાતિ વિસ્તારમાં ખેતીમાં પાવર ટીલર્સના ઉપયોગને પ્રોત્સાહન આપવા ખેડૂતોને સહાયની નવી યોજના હેઠળ જોગવાઈ **રૂ.૩૮ કરોડ.**
- ધોરણ ૧થી ૧૦માં અભ્યાસ કરતા અનુસૂચિત જનજાતિના અંદાજે ૧૩ લાખ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિમાં દરેક સ્તરે **રૂ.૨૫૦**નો વધારો કરવામાં આવશે. આ યોજના માટે જોગવાઈ **રૂ.૧૩૯ કરોડ.**
- આદિજાતિ ક્ષેત્રોમાં રોજગારીની તકોનું સર્જન કરવા તેમજ ઉદ્યોગ સાહસિકતાને વેગ આપવા ૮ નવા MSME જી.આઇ.ડી.સી. એસ્ટેટની રચના કરવામાં આવશે. આ માટે જોગવાઈ **રૂ.૪૦ કરોડ.**
- આદિજાતિ વિસ્તારમાં સહકારી ક્ષેત્રે આવેલ ખાંડ મીલોને પુન: કાર્યાન્વિત કરવા તેમજ શેરમૂડી માટે લોન સહાય પેટે જોગવાઈ **રૂ.૪૦ કરોડ.**
- આદિજાતિ લાભાર્થીઓ માટે સંકલિત ડેરી વિકાસ યોજના હેઠળ જોગવાઈ **રૂ.૨૭ કરોડ.**
- આદિજાતિ લાભાર્થીઓ માટે કૃષિ વૈવિધ્યકરણ યોજના હેઠળ જોગવાઈ **રૂ.૩૦ કરોડ.**
- અદ્યતન સુવિધાવાળા સમરસ છાત્રાલયોની યોજના અંતર્ગત અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને નિવાસી સુવિધા ઉપલબ્ધ કરાવવા માટે જોગવાઈ **રૂ.૨૩ કરોડ.**
- ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશન દ્વારા સ્વરોજગારી માટે જોગવાઈ **રૂ.૨૦કરોડ.**
- ધોરણ ૯માં અભ્યાસ કરતી અનુસૂચિત જનજાતિની વિદ્યાર્થીનીઓને સાયકલ આપવા વિદ્યા સાધના યોજના હેઠળ જોગવાઈ **રૂ.૧૭ કરોડ.**
- બિરસા મુંડા આદિજાતિ યુનિવર્સિટીના સંચાલન, શૈક્ષણિક પ્રવૃત્તિઓ અને સંશોધન કાર્યો માટે જોગવાઈ **રૂ.૧૭ કરોડ.**
- માનવ ગરિમા યોજના હેઠળ સ્વરોજગારીની કીટ આપવા જોગવાઈ **રૂ.૧૫ કરોડ.**
- ટેલેન્ટ પુલ યોજના અંતર્ગત વિદ્યાર્થીઓને શિક્ષણ હેતુસર સહાય આપવા જોગવાઈ **રૂ.૧૩ કરોડ.**
- ટી.બી., કેન્સર, રકતપિત્ત અને સીકલસેલ એનીમીયા જેવા રોગોની સારવારની મફત તબીબી સહાય યોજના હેઠળ જોગવાઈ **રૂ.૧૧ કરોડ.**
- અનુસૂચિત જનજાતિના લાભાર્થીઓ માટે ઉત્પાદન-સહવેચાણનાં હેતુસર હાટ બજાર વ્યવસ્થાના સહયોગ માટે જોગવાઈ **રૂ.૩ કરોડ.**
- આદિજાતિ જિલ્લાઓમાં દૂધ મંડળીનાં બાંધકામ સહાય માટે જોગવાઈ **રૂ.૩ કરોડ.**
- પી.એચ.ડી. જેવા ઉચ્ચ અભ્યાસ કરનારા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા માટે હાલ સહાય **રૂ.૨૫ હજાર** આપવામાં આવે છે. જેમાં **રૂ.૭૫ હજાર**નો ધરખમ વધારો કરીને સહાય **રૂ.૧ લાખ** આપવામાં આવશે.

**પંચાયત અને ગ્રામ વિકાસ પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ માટે કુલ રૂ.૯૦૪૮ કરોડની જોગવાઈ**

દરેક ગામમાં માળખાકીય સુવિધાઓનો વિકાસ કરી આરોગ્ય અને સુખાકારીના ક્ષેત્રે વધારે પ્રગતિ થાય તે સરકારનો સંકલ્પ છે. ગ્રામ અસ્મિતાની જાળવણી થાય તેમજ નવતર સગવડો ઉત્તરોત્તર વિકાસ પામે તે જ અમારી લોકાભિમુખ સરકારનો મૂળમંત્ર છે. ગામોને ઇન્ટરનેટ અને મોબાઇલ કનેક્ટિવિટી પૂરી પાડી ડિજિટલ ડીવાઇડ ઘટાડવા માટે ભારતનેટ યોજના અંતર્ગત કામગીરી હાલ પ્રગતિ હેઠળ છે. ગ્રામ્ય કક્ષાએ વધુ સારી કનેક્ટિવિટી ઉપલબ્ધ કરાવી ૧૦૮ એમ્બ્યુલન્સ સેવા, ડિજિટલ પોર્ટલના માધ્યમથી ઉપલબ્ધ કરાવેલ સરકારી યોજનાકીય લાભો, ઓનલાઇન બેન્કીંગ સેવા, ઓનલાઇન શિક્ષણ જેવી તમામ સેવાઓ ગામ લોકોને હાથવગી ઉપલબ્ધ કરાવવા ફ્રી વાઇ-ફાઇની સુવિધા પૂરી પાડવામાં આવશે.

- ૧૫મા નાણાંપંચ હેઠળ પંચાયતોને માળખાકીય સગવડો માટે **રૂ.૧૫ હજાર ૬૫૦ કરોડ** મળનાર છે. તે પૈકી આગામી વર્ષ માટેની જોગવાઈ **રૂ.૨૪૪૬ કરોડ.**
- ગ્રામ પંચાયતોમાં માળખાગત સુવિધાઓનો વિકાસ કરી, ગ્રામજનોનું જીવનધોરણ ઊંચું લાવવા, જાહેર ગ્રંથાલયો બનાવવાં, ગામ લોકોના સ્વાસ્થ્યના સુધારા માટે કસરતના સાધનો પૂરા પાડવા, સ્મૃતિ સ્મારકોનું રિપેરીંગ કરવા, ગામનું ગેઝેટીયર બનાવવા, ગ્રામ પંચાયત કચેરી પર સોલર રૂફ ટોપ લગાડવા જેવી બાબતોનો સમાવેશ કરતી **મુખ્યમંત્રી ગ્રામ અસ્મિતા યોજના** શરૂ કરવામાં આવશે.
- **ઇ-ગ્રામ સેન્ટર**ની સગવડોને વધારે સઘન તેમજ સુદઢ બનાવી ૨૦૦ જેટલી સેવાઓ પૂરી પાડવા જોગવાઈ **રૂ.૩૫ કરોડ.**

- રાજ્યનાં બધા ગામોમાં તબક્કાવાર વિનામૂલ્યે વાઇ-ફાઇ સેવા કરવાની યોજનાના પ્રથમ તબક્કામાં અંદાજે **૪ હજાર ગામોમાં વિનામૂલ્યે વાઇ-ફાઇની સગવડ** પૂરી પાડવા જોગવાઇ **રૂ.૭૧ કરોડ.**
- આઠ શહેરી વિકાસ સત્તામંડળોના વિસ્તારમાં આવેલ ગ્રામ પંચાયતોમાં ઘન કચરાના નિકાલની વ્યવસ્થા ઊભી કરવા જોગવાઇ **રૂ.૭૫ કરોડ.**
- રસીકરણ, જન્મ મરણ નોંધણી, નળ કનેક્શન, મહિલા અને બાળકોમાં પોષણ જેવા માપદંડોને આધારે સ્માર્ટ વિલેજ જાહેર કરી તેમને પ્રોત્સાહન આપવા માટે જોગવાઇ **રૂ.૨ કરોડ.**
- પંચાયત વિભાગના વહીવટી માળખાને સુદ્રઢ કરવાના ભાગરૂપે ૧૩ હજાર જેટલી જગ્યાઓ ભરવા માટે ભરતીની પ્રક્રિયા હાલ પ્રગતિ હેઠળ છે.

**ગ્રામવિકાસ**

ગ્રામીણ વિસ્તારમાં લોકોના જીવન ધોરણમાં સુધારો કરવા, રોજગારી, કૌશલ્ય વિકાસ અને માળખાકીય સુવિધાઓ માટે અનેકવિધ યોજનાઓ અમલમાં છે. જેમાં મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના,પ્રધાનમંત્રી આવાસ યોજના– ગ્રામીણ, સ્વચ્છ ભારત મિશન – ગ્રામીણ, રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન, શ્યામાપ્રસાદ મુખર્જી રૂર્બન મિશન અને સાંસદ આદર્શ ગ્રામ યોજનાનો સમાવેશ થાય છે.

- ૨૦૨૪ સુધીમાં સૌને આવાસના ઉદ્ધેશને પરિપૂર્ણ કરવા **પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ)** હેઠળ, આવતા બે વર્ષમાં **૪ લાખ જેટલા નવા આવાસો** બનાવવાના ભગીરથ પ્રયાસો સરકારે આદર્યા છે. આ યોજના માટે જોગવાઇ **રૂ.૯૩૩ કરોડ.**
- **મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર યોજના** અંતર્ગત જોગવાઇ **રૂ.૯૦૦ કરોડ.**
- આંગણવાડી, શાળાના ઓરડા, મધ્યાહન ભોજન શેડ,વન-નર્સરી, સામુદાયિક કૂવા, કેટલ શેડ વગેરે લોકોપયોગી અસ્ક્યામતો મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર યોજનાના જોડાણથી ઊભી કરવા મટીરિયલ કમ્પોનન્ટ માટે જોગવાઇ**રૂ.૫૦૦ કરોડ.**
- **સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ)** અંતર્ગત ગ્રામ્ય કક્ષાએ સફાઇનાં ધોરણ સુધારવા માટે જોગવાઇ **રૂ.૪૬૭ કરોડ.**
  - મહિલાઓનાં સશક્તિકરણ અને આર્થિક વિકાસ માટે **નેશનલ રૂરલ લાઇવલીહુડ મિશન (આજીવિકા)** અંતર્ગત જોગવાઇ **રૂ.૨૩૧ કરોડ.**
  - ગ્રામ્યસ્તરે પાયાની સેવાઓ અને આર્થિક ઉન્નતિને પ્રોત્સાહન આપવા **શ્યામાપ્રસાદ મુખર્જી રૂર્બન મિશન** હેઠળ જોગવાઇ **રૂ.૯૧ કરોડ.**
  - નવા મંજૂર થયેલ આવાસની સાથે બાથરૂમસુવિધા માટે પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) અંતર્ગત જોગવાઇ **રૂ.૩૮ કરોડ.**
  - મહિલા સ્વસહાય જૂથોને ધિરાણ પર વ્યાજ સહાય આપવા જોગવાઇ **રૂ.૧૮ કરોડ.**

**શહેરી વિકાસ શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ માટે કુલ રૂ.૧૪,૨૯૭ કરોડની જોગવાઇ**

શહેરીકરણના દરમાં વધારો થતાં રાજ્યની લગભગ ૪૮ ટકા વસતિ શહેરોમાં રહે છે. શહેરમાં રહેતા લોકોના જીવનસ્તરમાં સુધારા માટે માળખાકીય સગવડો સાથે નવતર સેવાઓનો વ્યાપ વધારવા માટે રાજ્ય સરકાર સતત કાર્યરત છે. મહાનગરપાલિકા, નગરપાલિકા તેમજ શહેરી સત્તામંડળોમાં પાયાની માળખાકીય સુવિધાઓ માટે અમલમાં મૂકેલ **સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના**ને વર્ષ ૨૦૨૪ સુધી લંબાવવામાં આવેલ છે.

કેન્દ્ર સરકારનાં સ્વચ્છ સર્વેક્ષણ ૨૦૨૧માં દેશના ટોપ-૧૦ સ્વચ્છ શહેરોની યાદીમાં ગુજરાતના ત્રણ શહેરો- સુરત,વડોદરા અને અમદાવાદ અનુક્રમે બીજા, આઠમા અને દસમા ક્રમે આવેલ છે. ગાંધીનગર દેશનું સૌથી સ્વચ્છ પાટનગર બન્યું છે.

- **સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના** હેઠળ રાજ્યની મહાનગરપાલિકાઓ, નગરપાલિકાઓ અને શહેરી વિકાસ સત્તામંડળો માટે જોગવાઇ**રૂ.૫૨૦૩ કરોડ.**
- ઓક્ટ્રોય નાબૂદી વળતરમાં આગામી વર્ષે ૧૦ ટકાનો વધારો કરવામાં આવશે. આ યોજના અંતર્ગત જોગવાઇ **રૂ.૩૦૪૧ કરોડ.**
- શહેરી વિસ્તારમાં નવા ૫૫ હજાર આવાસોના નિર્માણ અર્થે સહાય આપવા જોગવાઇ **રૂ.૯૪૨ કરોડ.**
- આઝાદીના અમૃત મહોત્સવના ભાગરૂપે વિવિધ નગરપાલિકાઓમાં ૭૫ ઓપન જીમયુકત ગાર્ડન બનાવવામાટે જોગવાઇ **રૂ.૫ કરોડ.**
- ૧૫મા નાણાંપંચ હેઠળ આગામી પાંચ વર્ષમાં સ્થાનિક વિકાસનાં કામો માટે અંદાજે **રૂ.૬ હજાર ૫૦૦ કરોડ**નું આયોજન કરવામાં આવેલ છે. આગામી વર્ષ માટેની જોગવાઇ **રૂ.૧૦૬૨ કરોડ.**

- મહાનગરપાલિકાઓમાં મેટ્રોરેલ અને મેટ્રોલાઇટની સેવાઓ પૂરી પાડવા માટે જોગવાઇ **રૂ.૭૨૨ કરોડ.**
- **સ્માર્ટ સિટી યોજના** હેઠળ અમદાવાદ, સુરત, રાજકોટ, વડોદરા અને ગાંધીનગર મહાનગરપાલિકાઓ તથા દાહોદ નગરપાલિકાને માળખાકીય સગવડો માટે જોગવાઇ **રૂ.૭૦૦ કરોડ.**
- **અમૃત યોજના-૨** અંતર્ગત પાણીપુરવઠા,ગટરવ્યવસ્થા,વરસાદી પાણીનો નિકાલ, તળાવનો વિકાસ અને પરિવહન વ્યવસ્થા માટે જોગવાઇ **રૂ.૩૫૦ કરોડ.**
- શહેરી વિસ્તારોને રેલ્વે ફાટક મુકત બનાવવાના અભિયાન અંતર્ગત ઓવર બ્રિજ બનાવવા માટે જોગવાઇ **રૂ.૨૭૧ કરોડ.**
- સ્વચ્છ ભારત મિશન તથા નિર્મળ ગુજરાત યોજના હેઠળ જોગવાઇ **રૂ.૨૨૪ કરોડ.**
- દીનદયાળ અંત્યોદય યોજના-નેશનલ લાઇવલીહુડ મિશન હેઠળ જોગવાઇ **રૂ.૧૬૩ કરોડ.**
- મહાનગરપાલિકા અને નગરપાલિકાઓને અગ્નિશમન વાહનો અને બીજા અત્યાધુનિક સાધનો પૂરા પાડવા તેમજ ૧૬ નગરપાલિકાઓમાં મોડલ ફાયર સ્ટેશન બનાવવા માટે જોગવાઇ **રૂ.૧૫૭ કરોડ.**
- નગરપાલિકાઓ દ્વારા સ્ટ્રીટ લાઇટ,વોટર વર્ક્સ અને સુએઝ વર્ક માટે ૧૫૦ મેગાવોટ વીજળી બિનપરંપરાગત સ્ત્રોતોથી મેળવી ઉર્જા ક્ષેત્રે નગરપાલિકાઓને આત્મનિર્ભર બનાવવા માટે **રૂ.૬૦૦ કરોડ**ના ખર્ચે ગૃપ કેપ્ટીવ સોલાર અને વીન્ડ એનર્જી પાર્ક સ્થાપવામાં આવશે. જે યોજના માટે જોગવાઈ **રૂ.૬૦ કરોડ.**
- વર્લ્ડબેન્ક સહાયિત ગુજરાત રેઝિલીયન્ટ સિટી ડેવલપમેન્ટ પ્રોગ્રામ હેઠળ અમદાવાદ મહાનગરપાલિકાના **રૂ.૩ હજાર કરોડ**ના માળખાકીય સુવિધાઓ અંગેના પ્રોજેક્ટને મંજૂરી.
- સુરતમાં તાપી નદીકાંઠાના ડેવલપમેન્ટ માટે વર્લ્ડબેન્ક સહાયિત **રૂ.૧૯૯૧ કરોડ**ના પ્રોજેક્ટને મંજૂરી.
- ઔડા વિસ્તારમાં માળખાગત સુવિધાઓ માટે એશિયન ડેવલપમેન્ટ બેન્ક સહાયિત **રૂ.૧૯૦૦ કરોડ**ના પ્રોજેક્ટને મંજૂરી.
- રાજ્યની અ-વર્ગની ૨૨ નગરપાલિકાઓમાં નાગરિકોને આપવામાં આવતી જુદી-જુદી સેવાઓ તાત્કાલિક મળી શકે તે માટે સિવિક સેન્ટરો ઊભા કરવા માટે જોગવાઇ **રૂ.૧૧ કરોડ.**
- શહેરમાં રખડતાં તેમજ નિરાધાર ઢોરના નિભાવ તેમજ વ્યવસ્થા માટે જોગવાઇ **રૂ.૫૦ કરોડ.**
- ધાર્મિક સ્થળોની સેવા-પૂજા કરનાર વ્યકિતના ધાર્મિક પરિસરમાં આવેલ રહેઠાણના મકાનને મિલકત વેરામાંથી મુક્તિ આપવામાં આવશે.

**ગિફ્ટ સિટી**

ગિફ્ટ સિટી ભારતનું પ્રથમ અને એકમાત્ર આંતરરાષ્ટ્રીય નાણાકીય સેવાઓનું કેન્દ્ર છે. જયાં હવે બધી રેગ્યુલેટરી સત્તાઓ ધરાવતી IFSCઓથોરીટી કાર્યરત થયેલ છે. ભારત અને વિદેશની નામાંકિત બેન્કો,ઇન્શ્યોરન્સ કંપનીઓ,આંતરરાષ્ટ્રીય એક્સચેન્જો સાથે જોડાયેલ ઇન્ટરમીડિઅરીઝ પણ ત્યાં કાર્યરત છે. એરક્રાફ્ટ લીઝિંગ એન્ડ ફાઇનાન્સિંગ, ગ્લોબલ ઇન હાઉસ સેન્ટર્સ, શીપ લીઝિંગ એન્ડ ફાઇનાન્સિંગ, ગ્લોબલ ટ્રેઝરી જેવી સેવાઓને મંજૂરી મળતા તેવી સેવાઓ પણ ચાલુ થયેલ છે. ભારત સરકારે ગિફ્ટ સિટીને બુલીયન એકસ્ચેંજ તરીકે પણ માન્યતા આપેલ છે.

ગિફ્ટ સિટીમાં નાણાકીય વ્યવસ્થાપન, ફીનટેક, વિજ્ઞાન, ટેકનોલોજી, એન્જિનિયરીંગ, ગણિત અભ્યાસક્રમો ઓફર કરતી વિદેશી યુનિવર્સિટીઓને માન્યતા આપવાનો નિર્ણય કેન્દ્ર સરકારે જાહેર કરેલ છે. ગિફ્ટ સિટીમાં આંતરરાષ્ટ્રીય આર્બીટ્રિશન સેન્ટરની સ્થાપના કરવામાં આવશે. ગિફ્ટ સિટીમાં સસ્ટેનેબલ કલાઇમેટ માટે ગ્લોબલ ફાયનાન્સની સેવાઓ ઉપલબ્ધ થશે. ભારત સરકાર દ્વારા ઓફ શોર્ડ ડેરીવેટીવ,શીપ લીઝીંગ તેમજ પોર્ટ ફોલીયો મેનેજમેન્ટની સેવાઓમાંથી મળેલ આવક માટે કરમુકિત જાહેર કરેલ છે. આમ, ગિફ્ટ સિટી ઝડપથી આંતરરાષ્ટ્રીય કક્ષાના નાણાકીય કેન્દ્ર તરીકે ઉપસી રહેલ છે.

**ઉદ્યોગ અને ખાણ ઉદ્યોગ અને ખાણ વિભાગ માટે કુલ રૂ.૭૦૩૦ કરોડની જોગવાઇ**

ગુજરાતીઓએ પોતાની ઉદ્યમશીલતા અને પરિશ્રમથી સમગ્ર વિશ્વમાં આગવી ઓળખ ઊભી કરેલ છે. આજે આપણું રાજ્ય દેશના ગ્રોથ એન્જીન તરીકે ઓળખાય છે. રાજ્યે દેશમાં ઔદ્યોગિક ઉત્પાદન, ફેકટરીઓની સંખ્યા અને નિકાસના ક્ષેત્રે મોખરાનું સ્થાન મેળવેલ છે.

વાંસી-બોરસી, જિલ્લો નવસારી ખાતે કેન્દ્ર સરકારની PM MITRAયોજના હેઠળ રોજગારીના વિપુલ અવસરો ઊભા કરવા અદ્યતન સુવિધા ધરાવતા ટેક્ષટાઈલ પાર્કની સ્થાપના કરવાનું આયોજન.

- ટેક્ષટાઇલ ઉદ્યોગોને પ્રોત્સાહન આપી ટેક્ષટાઇલ વેલ્યુ ચેઇન પૈકીના ખાસ ક્ષેત્રોને મજબૂત કરવા માટે જોગવાઇ **રૂ.૧૪૫૦ કરોડ.**

- નિકાસની નવી તકો સાથે રોજગારીના વિપુલ અવસરોનું નિર્માણ કરવા મોરબી ખાતે **રૂ.૪૦૦ કરોડ**ના ખર્ચે વૈશ્વિક કક્ષાની સુવિધા ધરાવતું ઇન્ટરનેશનલ સિરામિક પાર્ક સ્થાપવાનું આયોજન.
- એમ.એસ.એમ.ઇ. ઉદ્યોગોના સર્વાંગી વિકાસ અને સ્પર્ધાત્મકતા વધારવા માટે સ્કીમ ફોર ફાયનાન્સિયલ આસિસ્ટન્સ ટુ ઈન્ડસ્ટ્રીઝ યોજના હેઠળ સહાય આપવા જોગવાઇ **રૂ.૧૩૬૦ કરોડ.**
- નવા ઉદ્યોગ સાહસિકોને પ્રોત્સાહિત કરવા માટે તથા રાજ્યમાં સ્ટાર્ટ-અપ ઇકો સિસ્ટમને વધુ સુદૃઢ બનાવવા અર્થે સ્ટાર્ટ-અપ-વેન્ચર ફાયનાન્સ યોજના માટે **રૂ.૧૦૦૦ કરોડ**નું ફંડ ઊભું કરવાનું આયોજન કરેલ છે. જે માટે આગામી વર્ષ માટે જોગવાઇ **રૂ.૨૦૦ કરોડ.**
- ઔદ્યોગિક ટ્રીટેડ પાણીના નિકાલ માટે સરીગામ, વાપી, સુરત અને અંકલેશ્વરમાં ડીપ-સી પાઇપલાઇન નાખવામાં આવશે. જેના માટે જોગવાઇ **રૂ.૪૮૦ કરોડ.**
- ભારતના પ્રથમ ગ્રીન ફીલ્ડ સ્માર્ટ સિટી ધોલેરામાં વધુ મૂડી રોકાણ આકર્ષી રોજગારીની તકો સર્જવા તેમજ રોકાણકારોને પ્રોત્સાહન આપવા ધોલેરા ઈન્ડસ્ટ્રીયલ ઇન્વેસ્ટમેન્ટ પ્રમોશન સ્કીમ હેઠળ જોગવાઇ **રૂ.૪૦ કરોડ.**
- બાજપાઇ બેન્કેબલ યોજના અન્વયે અંદાજે ૩૭ હજાર લાભાર્થીઓને ધિરાણ માટે વ્યાજ સહાય આપવા જોગવાઇ **રૂ.૨૩૮ કરોડ.**
- માનવકલ્યાણયોજનાઅન્વયે નાના પ્રકારના ધંધા રોજગાર કરતા ૩૪ હજાર લાભાર્થીઓને ૨૭ ટ્રેડ માટે સાધન-ઓજાર સ્વરૂપે સહાય આપવા માટે જોગવાઇ **રૂ.૪૮ કરોડ.**
- રાજ્યના વાયેબલ માંદા ઔદ્યોગિક એકમોના પુનર્વસનમાટે જોગવાઇ **રૂ.૪૫ કરોડ.**
- ભારત સરકાર દ્વારા જાહેર કરેલ નેશનલ હાઇડ્રોજન મિશન અને વિવિધ પ્રોડકશન લીન્ક ઇન્સેન્ટીવ સ્કીમોને સુસંગત રહીને,પસંદ કરેલા સેકટરોમાં મોટા પ્રમાણમાં રોજગારી ઊભી કરવા તેમજ મૂડીરોકાણને આકર્ષવા નવી ઔદ્યોગિક પ્રોત્સાહન યોજના તથા તે અંગેના સંશોધન અને વિકાસ અર્થે ગ્રીન ઇનોવેશન ફંડ માટે મૂડી જોગવાઇ **રૂ.૫૦ કરોડ.**
- સંશોધન અને વિકાસ યોજના-૨૦૨૦ અન્વયે સંસ્થાઓને સંશોધન/પ્રોડક્ટ ડેવલપમેન્ટ સેન્ટર સ્થાપવા સહાય આપવા માટે જોગવાઇ **રૂ.૨૦ કરોડ.**
- રાજ્યમાં પાંચ સ્થળોએ એગ્રો-ફુડ પાર્કની સ્થાપના કરવાનું આયોજન.
- મત્સ્યોદ્યોગને પ્રોત્સાહન આપી નિકાસને વેગ આપવા પાંચ સી-ફુડ પાર્કની સ્થાપના કરવાનું આયોજન.

**પ્રવાસન, યાત્રાધામ અને નાગરિક ઉડ્ડયન**

પ્રવાસન ઉદ્યોગથકી રોજગારીની વિપુલ તકો ઊભી થતી હોઇ પ્રવાસનવિકાસ માટે જોગવાઇ **રૂ.૪૬૫ કરોડ.**

- પ્રવાસીઓને આધુનિક સુવિધાઓ માટે જોગવાઇ **રૂ.૨૮૮ કરોડ.**
- ઐતિહાસિક અને બૌદ્ધ ધર્મના વૈશ્વિક કેન્દ્ર સમા વડનગર ખાતે પ્રેરણા શાળામાં તાલીમ કેન્દ્ર અને સુવિધાઓ માટે **રૂ.૫૦ કરોડ**નું આયોજન.
- રાજ્યના મુખ્ય શહેરોથી નજીક પિકનિક સ્પોટના વિકાસ માટે **રૂ.૨૦ કરોડ**નું આયોજન.
- વર્લ્ડ હેરિટેજ સાઇટ ચાંપાનેર ખાતે વિવિધ પ્રવાસી સુવિધાઓ પૂરી પાડવા **રૂ.૨૦ કરોડ**નું આયોજન.
- વિશ્વ પ્રસિદ્ધ સફેદ રણ અને બીજા પ્રવાસન સ્થળોએ કેરેવાન પાર્કના વિકાસ માટે **રૂ.૧૦ કરોડ**નું આયોજન.
- સુરતના ભીમરાડને ઐતિહાસિક પર્યટન સ્થળ તરીકે વિકસાવવા તેમજ ગાંધી સ્મારકના વિકાસ માટે **રૂ.૧૦ કરોડ**નું આયોજન.
- યુનેસ્કો દ્વારા જાહેર કરેલ વર્લ્ડ હેરિટેજ સાઇટ ધોળાવીરા ખાતે પ્રવાસી સુવિધાઓ વિકસાવવા માટેજોગવાઇ **રૂ.૫ કરોડ.**
- પ્રવાસન દ્વારા સ્વ-રોજગારીને પ્રોત્સાહન આપવા ગાઈડ તરીકેની ઓનલાઇન ટ્રેનિંગનું નવું પ્લેટફોર્મ ઊભું કરવા જોગવાઇ **રૂ.૭ કરોડ.**
- વલસાડના પારડી બીચને પ્રવાસીઓ માટે સુવિધાસભર બનાવવા **રૂ.૫ કરોડ**નું આયોજન.
- મહીસાગર જિલ્લાના પ્રવાસન સ્થળોની સર્કિટના વિકાસ માટે **રૂ.૨ કરોડ**નું આયોજન.

**સ્ટેચ્યુ ઓફ યુનિટી-એકતા નગર**

માનનીય વડાપ્રધાનશ્રીની દીર્ઘદષ્ટિભરી પરિકલ્પના મુજબ સ્ટેચ્યુ ઓફ યુનિટી તથાતેની આજુબાજુ વિવિધ પ્રવાસન આકર્ષણોના વિકાસ સાથે આ સમગ્ર વિસ્તારની કાયાપલટ થઇ છે,જેનો મહત્તમ લાભ સ્થાનિક લોકોને મળી રહ્યો છે. એક ભારત શ્રેષ્ઠ ભારતની ભાવનાને ચરિતાર્થ કરતા આ પ્રવાસન સ્થળને ટૂંક સમયમાં જ પ્રવાસીઓનો અભૂતપૂર્વ પ્રતિસાદ

સાંપડ્યો છે. અત્યાર સુધી ૭૮ લાખ કરતા વધારે પ્રવાસીઓએ એકતા નગરની મુલાકાત લીધી છે જેનાથી હજારો લોકોને પ્રત્યક્ષ અથવા અપ્રત્યક્ષ રીતે રોજગારીના અવસર પ્રાપ્ત થયા છે. એકતા નગર પર્યાવરણની જાળવણી તેમજ સંવર્ધન સાથે વિકાસના સમન્વયનું પ્રતિક બન્યું છે.

- એકતાનગર ખાતે ટ્રોમા સેન્ટરની સુવિધા સાથે ૧૦૦ બેડની પેટા જિલ્લા કક્ષાની આધુનિક હોસ્પિટલ બનાવવામાં આવશે.
- સાંસ્કૃતિક અને ઐતિહાસિક વારસા, મહાગુજરાત ચળવળ, રાજ્યના સર્જન અને વિકાસગાથા પ્રત્યે જાગૃતિ લાવવા ગુજરાત વંદના મ્યુઝિયમના નિર્માણનું આયોજન છે.
- એકતા નગર તથા ગરુડેશ્વર તાલુકાના બાવન ગામોને ભારતનેટ ફેઝ-૨ પ્રોજેક્ટ હેઠળ હાઇ-સ્પીડ કનેક્ટિવિટીથી જોડવામાં આવશે.

એકતાનગર વિકાસની વિવિધ કામગીરીઓ માટે જોગવાઇ **રૂ.૬૫૨ કરોડ.**

**નાગરિક ઉડ્ડયન**

- સી-પ્લેન સેવાઓ માટે વોટર એરોડ્રામ અને આનુષંગિક સગવડો વિકસાવવા તેમજ દ્વારકા ખાતે નવું એરપોર્ટ વિકસાવવા જોગવાઇ **રૂ.૧૯ કરોડ.**

**યાત્રાધામ**

- સ્ટેચ્યુ ઓફ યુનિટીથી સાપુતારારૂટમાં આદિજાતિ વિસ્તારના ધાર્મિક સ્થળોની સર્કિટમાં સુવિધાઓ વિકસાવવા જોગવાઇ **રૂ.૪ કરોડ.**
- યાત્રાધામોમાં ‘લાઇટ એન્ડ સાઉન્ડ શો’અને આઠ મહત્ત્વનાં યાત્રાધામો ખાતે સી.સી.ટી.વી અને વાઈ-ફાઈ માટે જોગવાઇ **રૂ.૯ કરોડ.**
- અનુસૂચિત જનજાતિ સમાજ માટે **મા શબરી**ની સ્મૃતિમાં શ્રી રામ જન્મભૂમિ શબરી સ્મૃતિ યાત્રા માટે જોગવાઇ **રૂ.૧ કરોડ.**

**વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ માટે કુલ રૂ.૬૭૦ કરોડની જોગવાઇ**

રાજ્યમાં ડિજિટલ સેવાઓનો વ્યાપ વધારવા માટે આંતર માળખાકીય સેવાઓ તેમજ રોજગારીની તકોનું સર્જન કરવા આઇ.ટી. ક્ષેત્રને પ્રોત્સાહન આપવા સરકાર કાર્યરત છે. અમારી સરકારે ભારત નેટ પ્રોજેકટ દ્વારા ઇન્ટરનેટ ગામેગામ પહોંચાડ્યું છે.

- આઇ.ટી. અને બી.ટી. પોલિસી અંતર્ગત લાયકાત ધરાવતાં એકમો/વ્યકિતઓને સહાય આપવા માટે જોગવાઇ **રૂ.૧૧૧ કરોડ.**
- ભારતનેટ પ્રોજેકટ દ્વારા રાજ્યની ૧૪ હજારથી વધુ ગ્રામ પંચાયતોને ઓપ્ટીકલ ફાયબર નેટવર્ક દ્વારા ઈન્ટરનેટથી જોડાણ કરી ગુજરાત દેશમાં સર્વ પ્રથમ સિદ્ધિ હાંસલ કરનાર રાજ્ય બન્યું છે. આ હાઇસ્પીડ ઈન્ટરનેટ કનેક્ટિવિટીથી ગામમાં આવેલી શાળાઓ,આંગણવાડી,સ્વાસ્થ્ય કેન્દ્ર,પોલીસ સ્ટેશન,બીજી સરકારી અને સહકારી સંસ્થાઓને જોડાણ આપવા માટે જોગવાઈ **રૂ.૭૩ કરોડ.**
- સાયન્સ સિટીમાં માનવ અને જીવવિજ્ઞાન ગેલેરી સ્થાપવા માટે **રૂ.૨૫૦ કરોડ**ના ખર્ચે આયોજન કરવામાં આવેલ છે જે પૈકી આગામી વર્ષે જોગવાઈ **રૂ.૪૫ કરોડ.**
- ૩ મહાનગરો સુરત ,જામનગર અને જુનાગઢ ખાતે પ્રાદેશિક વિજ્ઞાન કેન્દ્રોના વિકાસ અને ૨૫ જિલ્લાઓમાં જિલ્લા વિજ્ઞાન કેન્દ્રોના વિકાસના કામો હાથ ધરવામાં આવશે. જે માટે જોગવાઈ **રૂ.૨૫ કરોડ.**
- સરકારના આઈ.ટી. માળખાને સાઈબર જોખમો સામે રિયલટાઇમ સુરક્ષા પૂરી પાડવા સિક્યુરિટી ઓપરેશન સેન્ટર પ્રોજેકટ માટે જોગવાઈ **રૂ.૧૦ કરોડ.**
- ઈલેક્ટ્રોનિક સિસ્ટમ ડીઝાઇન અને ઉત્પાદન ક્ષેત્રમાં ગુજરાતને રોકાણનું હબ બનાવવા અને પ્રોત્સાહનો દ્વારા ઉદ્યોગોને આકર્ષવા રાજ્યમાં ઈલેક્ટ્રોનિકસ મિશનની સ્થાપના કરવાનું આયોજન.

**શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ માટે કુલ રૂ.૧૮૩૭ કરોડની જોગવાઇ**

યુવાધન પોતાની સાથે રાજ્યના વિકાસમાં સહભાગી બને તેવા અભિગમથી અમારી સરકારે કૌશલ્ય વિકાસને પ્રાધાન્ય આપી આગામી વર્ષમાં ૫ લાખ યુવાનોને કૌશલ્યબદ્ધ કરવાનો નિર્ણય કર્યો છે જે લક્ષ્યાંક ગત વર્ષ કરતા બમણો છે. કૌશલ્યયુકત શિક્ષણના વિકાસ માટે કૌશલ્યા-ધી સ્કીલ યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવેલ છે અને સરકારે કૌશલ્ય વિકાસ માટે નવા કમિશનરેટની સ્થાપના કરવાનો પણ નિર્ણય કરેલ છે.

- યુવાનોનું ઉદ્યોગો તેમજ બીજા ક્ષેત્રોની જરૂરિયાત મુજબનું કૌશલ્યવર્ધન થાય તે માટે ૫૧ નવા ભવિષ્યલક્ષી કોર્સ દ્વારા ૫૦ હજાર તાલીમાર્થીઓને તાલીમ આપવાનો નિર્ણય કરેલ છે. હાલના ૫૦ અને નવા ૫૧ કોર્સ મળી ૧૦૧ કોર્સ મારફત તાલીમ આપવા માટે જોગવાઇ **રૂ.૫૨૧ કરોડ.**

- સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ ખાતે માળખાકીય સુવિધા તેમજ બાંધકામ માટે જોગવાઇ **રૂ.૧૯૦ કરોડ.**
- ગુજરાત સ્કીલ ડેવલપમેન્ટ મિશન અંતર્ગત ૫૦ હજાર યુવાનોને રોજગારલક્ષી તાલીમ આપવા માટે જોગવાઇ **રૂ.૧૫૦ કરોડ.**
- મુખ્યમંત્રી એપ્રેન્ટીસ યોજના અંતર્ગત ૧ લાખ જેટલા યુવાનોને તાલીમબદ્ધ કરવા માટે જોગવાઇ **રૂ.૫૨ કરોડ.**
- કૌશલ્યા - ધી સ્કીલ યુનિવર્સિટીના બાંધકામ તથા આનુષંગિક સવલતો માટે જોગવાઇ **રૂ.૪૩ કરોડ.**
- ગુજરાત એપેક્ષ ટ્રેનિંગ ઈન્સ્ટિટયૂટની સ્થાપના કરી સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટરને ટ્રેનિંગ ઓફ ટ્રેઇનરના માધ્યમથી તાલીમબદ્ધ કરવા જોગવાઇ **રૂ.૩૬ કરોડ.**
- ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓના અપગ્રેડેશન માટે જોગવાઇ **રૂ.૨૫ કરોડ.**
- ડ્રોન સ્કીલ ઈન્સ્ટિટયૂટની સ્થાપના માટે જોગવાઈ **રૂ.૨૦ કરોડ.**
- તાલીમાર્થીઓને અનુભવ આધારિત શિક્ષણ માટે ૫૦ આઇ.ટી.આઇ. ખાતે ઓગમેન્ટેડ રિયાલીટી અને વર્ચ્યૂઅલ રિયાલીટી લેબોરેટરી માટે જોગવાઇ **રૂ.૧૫ કરોડ.**
- શ્રમિક અન્નપૂર્ણા યોજના અંતર્ગત ભોજનનો દર **રૂ.૧૦**થી ઘટાડીને **રૂ.૫** કરવાનો અને ગુજરાતના તમામ જિલ્લાઓનો આ યોજનામાં સમાવેશ કરવાનો નિર્ણય સરકારે કરેલ છે. આ યોજના માટે જોગવાઇ **રૂ.૩૪ કરોડ.**
- પ્રધાનમંત્રી શ્રમિક માનધન યોજના અંતર્ગત બાંધકામ શ્રમિકોને પેન્શન આપવા જોગવાઇ **રૂ.૫૦ કરોડ.**
- ધન્વંતરી આરોગ્ય રથ દ્વારા શ્રમિકોની આરોગ્ય સારવાર માટે નવા ૧૦૦ રથ માટે જોગવાઇ **રૂ.૪૦કરોડ.**
- પ્રધાનમંત્રી જીવન જ્યોતિ બીમા યોજના હેઠળ બાંધકામ શ્રમિકોને રૂ.૨ લાખનું વીમા કવચ આપવા માટે જોગવાઇ **રૂ.૨૩ કરોડ.**
- મહાત્મા ગાંધી શ્રમ સંસ્થાનનું નવીનીકરણ કરવા જોગવાઇ **રૂ.૧૫ કરોડ.**
- નોંધાયેલાં બાંધકામ શ્રમિકોના ઉચ્ચ શિક્ષણના અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવાં માંગતાં તેજસ્વી અને જરૂરિયાતમંદ બાળકોની કારકિર્દીના ઘડતર માટે અંદાજે ૩૦ હજાર બાળકો માટે ʻʻશિક્ષણસહાયʼʼ યોજના અંતર્ગત જોગવાઇ **રૂ.૧૨કરોડ.**
- તાલુકા કક્ષાએ કૌશલ્ય વર્ધનની તાલીમ માટે સક્ષમ યોજના માટે જોગવાઇ **રૂ.૧૦ કરોડ.**
- શ્રમ નિકેતન યોજના હેઠળ ૫ જગ્યાએ શ્રમયોગી હોસ્ટેલના નિર્માણ માટે જોગવાઇ **રૂ.૯ કરોડ.**
- નોંધાયેલા મહિલા બાંધકામ શ્રમિકોને પ્રસૂતિ સહાય યોજના માટે જોગવાઈ **રૂ.૭કરોડ.**
- નોંધાયેલા બાંધકામ શ્રમયોગીને હેલ્થ - ચેક અપ માટે સહાય આપવા જોગવાઇ **રૂ.૩ કરોડ.**
- શ્રમયોગી કલ્યાણ બોર્ડ મારફત વધુ આઠ નવી મોબાઈલ મેડિકલ વાન દ્વારા શ્રમયોગીઓને વિનામૂલ્યે તબીબી સારવાર આપવા જોગવાઇ **રૂ.૩ કરોડ.**
- ઈ- શ્રમ પોર્ટલ પર નોંધાયેલ અસંગઠિત શ્રમિકો માટે **રૂ.૨કરોડ**ના સામાજિક સુરક્ષા ફંડની જોગવાઇ.

**માર્ગ અને મકાન માર્ગ અને મકાન વિભાગ માટે કુલ રૂ.૧૨,૦૨૪કરોડની જોગવાઈ**

રાજ્યની આર્થિક અને સામાજિક પ્રગતિ માટે પરિવહનની સુયોજિત અને સુદ્રઢ વ્યવસ્થા અનિવાર્ય છે. છેલ્લાં બે દશકમાં રાજ્ય ધોરીમાર્ગો તેમજ ગ્રામ્ય રસ્તાઓમાં વિસ્તૃતિકરણ અને સુદ્રઢીકરણ માટે થયેલા કામોને પરિણામે રાજ્યમાં આજે આંતરરાષ્ટ્રીય સ્તરના રસ્તાઓનું નેટવર્ક પથરાયેલ છે. આ ગતિને વધુ વેગ આપી અંતરિયાળ વિસ્તારોમાં રસ્તાઓના વિકાસ માટે અમારી સરકાર આયોજન કરી રહેલ છે. હાલમાં રાજ્યમાંરૂ.૨૩ હજાર કરોડના જુદા જુદા રસ્તાઓનાં કામો પ્રગતિ હેઠળ છે. ઉત્તરોત્તર વિકાસને વરેલી અમારી સરકાર દ્વારા આગામી વર્ષમાં અંદાજે રૂ.૧૦ હજાર કરોડના રસ્તાઓના કામો હાથ ધરવાનો નિર્ણય કરેલ છે.

**પ્રગતિ હેઠળનાં કામો**

- ૨૦૧ કિલોમીટરના અમદાવાદ - બગોદરા - રાજકોટ હાઇવેને **રૂ.૩૩૫૦ કરોડ**ના ખર્ચે છ - માર્ગીય કરવાની કામગીરી.
- મહાનગરો, બંદરો, ઔદ્યોગિકવિસ્તારો, પ્રવાસન તથા યાત્રાધામોને જોડતા ૮૩૦ કિલોમીટરના ૪૯ રસ્તાઓના અનુભાગોને ફોર-લેન બનાવવાની **રૂ.૨૮૦૧ કરોડ**ની કામગીરી.
- પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના અંતર્ગત ૧૭૫૦ કિલોમીટર અને મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના અંતર્ગત ૪૫૦૦ કિલોમીટર લંબાઇના ગ્રામ્ય રસ્તાઓ અને ૨૦૦ જેટલા પુલો માટે જોગવાઇ **રૂ.૨૨૦૮ કરોડ.**
- ૭૯ રસ્તાના અનુભાગોની ૧૨૫૩ કિલોમીટર લંબાઇને ૭ કે ૧૦ મીટર પહોળા કરવાની **રૂ.૧૫૩૭ કરોડ**ની કામગીરી.
- સરખેજ - ગાંધીનગર હાઇવેને **રૂ.૯૧૩ કરોડ**ના ખર્ચે છ - માર્ગીય કરવાની કામગીરી પૂર્ણતાના આરે.

તા. ૩જી માર્ચ ૨૦૨૨
અંદાજપત્રની રજૂઆત

- વિશ્વ બેન્ક સહાયિત યોજના અંતર્ગત મહેસાણા-પાલનપુર રાજ્ય ધોરીમાર્ગની ફ્લાયઓવર સહિત છ-માર્ગીયકરણની **રૂ.૫૭૦ કરોડ**ની કામગીરી.
- ગાંધીનગર-કોબા-હાંસોલ રોડ (એરપોર્ટરોડ) પર રાજસ્થાન સર્કલ પર **રૂ.૧૩૬ કરોડ**ના ખર્ચે એકસ્ટ્રા ડોઝ કેબલ સ્ટેડ બ્રિજ તેમજ રક્ષા શક્તિ સર્કલ પર **રૂ.૫૦ કરોડ**ના ખર્ચે ફલાય ઓવર બ્રિજના કામો.
- રેલ્વે ક્રોસીંગ પર ઓવરબ્રિજ બાંધવા અંગે:
  - ડેડીકેટેડ ફ્રેઇટ કોરીડોર ઉપર આવતા તેમજ અન્ય રેલ્વે ક્રોસીંગો ઉપર **રૂ.૪૧૦૦ કરોડ**ના ખર્ચે ૭૮ રેલ્વે ઓવર બ્રિજની કામગીરી.
  - રાજ્યમાં ૧ લાખ કરતા વધારે ટી.વી.યુ. ધરાવતા રેલ્વે ક્રોસીંગો ઉપર **રૂ.૫ હજાર કરોડ**ના ખર્ચે ૧૦૦ ઓવર બ્રિજની કામગીરી.
- પી.એમ. ગતિશકિત અંતર્ગત મહત્ત્વના પ્રોજેક્ટ અમદાવાદ-મુંબઇ બુલેટ ટ્રેનના ઇક્વીટી ફાળા માટે જોગવાઇ **રૂ.૧૮૭૦ કરોડ.**
- બગોદરા-તારાપુર-વાસદ રસ્તાની ૧૦૧ કિલોમીટરની લંબાઇને **રૂ.૧૬૫૪ કરોડ**ના ખર્ચે છ-માર્ગીકરણની કામગીરી પૂર્ણતાના આરે.

**નવા કામો**

- દરિયાકાંઠે આવેલ હયાત રસ્તાઓનું અપગ્રેડેશન તેમજ પુલના બાંધકામ સહિત કોસ્ટલ હાઇ-વે વિકસાવવા **રૂ.૨૪૪૦ કરોડ**નું આયોજન જે પૈકી પ્રથમ તબક્કાની કામગીરી માટે જોગવાઇ **રૂ.૨૪૪ કરોડ.**
- આદિજાતિ વિસ્તારમાં ગામમાંથી શાળા તથા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર સુધીના પાકા રસ્તા અને પુલો બનાવવા જોગવાઇ **રૂ.૧૦૫ કરોડ.**
- સુરત ખાતે બહુમાળી વહીવટી ભવનમાં રાજ્ય સરકારની કચેરીઓને કાર્યાન્વિત કરવા ઓફિસ સ્પેસ પેટે જોગવાઇ **રૂ.૧૦૦ કરોડ.**
- આદિજાતિ વિસ્તારના ગિરિમથક સાપુતારાથી શબરીધામ, ઝરવાણી ધોધ થઇને સ્ટેચ્યુ ઓફ યુનિટી-એકતાનગરને જોડતા ૧૦ મીટર પહોળા અને ૨૧૮ કિલોમીટર લંબાઇના રસ્તાને વિકસાવવા માટે **રૂ.૧૬૭૦ કરોડ**નું આયોજન જે પૈકી આ વર્ષે પ્રથમ તબક્કાની કામગીરી માટે જોગવાઇ **રૂ.૯૦ કરોડ.**
- ભરૂચ બાયપાસ પર શ્રવણ ચોકડી પર **રૂ.૪૦૦ કરોડ**ના ખર્ચે ૨ કિલોમીટર લંબાઇનો છ-માર્ગીય એલીવેટેડ કોરીડોર.
- વઘઇ-સાપુતારા રસ્તાની ૪૦ કિલોમીટર લંબાઇને અંદાજિત **રૂ.૧૨૦૦ કરોડ**ના ખર્ચે ચાર-માર્ગીય કરવાનું આયોજન.
- ઉભરાટ ખાતે સુરત અને નવસારી જિલ્લાને જોડતા**રૂ.૩૦૦ કરોડ**ની કિંમતના નવીન પુલની કામગીરીનું આયોજન.

**બંદરો અને વાહન વ્યવહાર બંદરો અને વાહન વ્યવહાર વિભાગ માટે કુલ રૂ.૧૫૦૪ કરોડની જોગવાઇ**

**બંદરો**

બંદર આધારિત વિકાસના સિદ્ધાંતને અપનાવી રાજ્યે બંદર નીતિ થકી નાના મોટા ૪૮ બંદરો તેમજ સંખ્યાબંધ જેટીઓનો વિકાસ કરી દરિયાકાંઠાના વિસ્તારોમાં વિકાસના નવા આયામો સર કરેલ છે. વર્ષ ૨૦૨૦-૨૧માં દેશના કુલ પરિવહનનો ૬૭ ટકા હિસ્સા જેટલો ૩૮૮ મિલિયન મેટ્રીક ટન કાર્ગો પરિવહન કરી નાના બંદરો પર થતા માલ પરિવહનમાં રાજ્યે સર્વોચ્ચ સ્થાન ટકાવી રાખેલ છે.

ગુજરાત મેરીટાઇમ બોર્ડ દ્વારા પી.પી.પી. ધોરણે હજીરા પોર્ટથીડેડીકેટેડ ફ્રેઇટ કોરીડોર સુધી રેલ્વે કનેક્ટિવિટીનો પ્રોજેક્ટ આશરે **રૂ.૧૬૦૦ કરોડ**ના ખર્ચે હાથ ધરવામાં આવેલ છે.

- ભાવનગર જુના બંદર અને નવા બંદરની કનેક્ટિવિટી માટે ભાવનગર શહેરનો ૨૧.૬૦ કિલોમીટરલાંબો રીંગ રોડ **રૂ.૨૯૭ કરોડ**ના ખર્ચે વિકસાવવાનું આયોજન છે.
- જામનગર ખાતે પોર્ટના ટ્રાફિકને સહેલાઇથી હાઇવે સુધી પહોંચાડી શકાય તે માટેના રીંગ રોડ**રૂ.૭૦ કરોડ**ના ખર્ચે વિકસાવવા માટેની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.
- માનનીય વડાપ્રધાનશ્રીની પી.એમ. ગતિ શકિત યોજનાને સાકાર કરવા ગુજરાત મેરીટાઇમ બોર્ડ દ્વારા ગુજરાત પોર્ટ એન્ડ લોજીસ્ટીક કંપની લિમિટેડની રચના કરવામાં આવેલ છે.
- અલંગ ખાતે હયાત કેપેસીટીને બમણી કરવાના ભાગરૂપે માથાવડા ખાતે નવા ૪૫ પ્લોટ બનાવવાનું આયોજન છે.

ફાલ્ગુન ૧૨, શાકે ૧૯૪૩

અંદાજપત્રની રજૂઆત

- ભારત સરકારની સાગરમાલા યોજના અંતર્ગત નવલખી બંદર ખાતે જેટી કન્સ્ટ્રક્શન અને માળખાકીય સુવિધાઓના વિસ્તૃતિકરણ તેમજ નવલખી બંદરના એપ્રોચ રોડને ચાર-માર્ગીય નેશનલ હાઇવે તરીકે વિકસાવવાનું કામ શરૂ કરવામાં આવેલ છે.
- ભાવનગર ખાતે પી.પી.પી. ધોરણે **રૂ.૨૦૦૦ કરોડ**ના સી.એન.જી. ટર્મિનલની કામગીરી શરૂ કરવામાં આવશે. જેના થકી મોટા પ્રમાણમાં પ્રત્યક્ષ અને અપ્રત્યક્ષ રોજગારીની તકો ઉપલબ્ધ થશે.

**વાહન વ્યવહાર**

આર.ટી.ઓ. કચેરીનાં આધુનિકીકરણના ભાગરૂપે કચેરીઓનું નવીનીકરણ તેમજ સમગ્ર પ્રક્રિયાનું કમ્પ્યુટરાઇઝેશન કરવામાં આવેલ છે. આ પ્રક્રિયાને વધુ વેગ આપી અરજદારોને કચેરીની રૂબરૂ મુલાકાત ન લેવી પડે તે માટે વાહનવ્યવહાર સંબંધિત ૨૮ સેવાઓ “ફેસલેસ” કરવામાં આવી છે. આ દસ્તાવેજો એમ-પરિવહન અને ડિજિલોકર સોફ્ટવેર મારફત ઓનલાઇન ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે. વાહનોના ફીટનેસ ટેસ્ટીંગ સુનિશ્ચિત કરવા માટે પી.પી.પી. ધોરણે આધુનિક અને ઓટોમેટિક વાહન ફિટનેસ સેન્ટરો સ્થાપવામાં આવશે. સ્ક્રેપ પોલિસી અંતર્ગત જુના વાહનોના નિકાલ કરવા માટેની સગવડો પણ પી.પી.પી. ધોરણે ઊભી કરવામાં આવશે.

- ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા ગ્રીન એનર્જીને પ્રોત્સાહન આપવા ઝીરો પ્રદૂષણ ધરાવતી ૫૦ ઇલેક્ટ્રીક બસો સાથે બી.એસ.-૬ ધોરણની ૧૨૦૦ નવી બસો પ્રજાની સેવામાં મુકવા માટે જોગવાઇ **રૂ.૩૭૯ કરોડ.**
- ગુજરાત ઇલેક્ટ્રીક વ્હીકલ પોલિસી અંતર્ગત આવતા ચાર વર્ષમાં ૧ લાખ ૧૦ હજાર ટુ વ્હીલર વાહનો માટે વાહન દીઠ મહત્તમ **રૂ.૨૦ હજાર** ૭૦ હજાર થ્રી વ્હીલર માટે વાહન દીઠ મહત્તમ **રૂ.૫૦ હજાર** અને ૨૦ હજાર ફોર વ્હીલર માટે વાહન દીઠ મહત્તમ **રૂ.૧ લાખ ૫૦ હજાર**ની સબસિડી આપવાનો સરકારે નિર્ણય કરેલ છે. જેના માટે આ વર્ષે જોગવાઇ**રૂ.૧૦૬ કરોડ.**
- ડ્રાઇવીંગ લાઇસન્સ માટે સુરત અને વડોદરા ખાતે વધારાના નવા ટેસ્ટ ટ્રેક બનાવવા તેમજ આર.ટી.ઓ. કચેરીઓના આધુનિકીકરણ માટે જોગવાઇ **રૂ.૪૩ કરોડ.**
- મોબાઇલ એપ્લીકેશન દ્વારા બસનો સમય, વર્તમાન લોકેશન તથા ઉપલબ્ધ સીટોની વિગતો તેમજ તમામ બસ સ્ટેશનો પર પબ્લિક ઇન્ફર્મેશન સિસ્ટમ ઉપલબ્ધ કરાવવા જોગવાઇ **રૂ.૨ કરોડ.**

**ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ    ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ માટે કુલ રૂ.૧૫,૫૬૮ કરોડની જોગવાઇ**

સામાજિક અને આર્થિક વિકાસ માટે વીજળી એક પાયાની આવશ્યકતા છે.દેશની સરેરાશ માથાદીઠ વીજ વપરાશ ૧૧૮૧ યુનિટ સામે ગુજરાતમાં માથાદીઠ વીજવપરાશ ૨૧૪૩ યુનિટ છે, જે ગુજરાતના વિકાસને પ્રતિબિંબિત કરે છે. રાજ્યમાં અંદાજે ૧૯ લાખ ઘરોને પાઇપ દ્વારા કુદરતી ગેસનું જોડાણ આપવામાં આવેલ છે, જે ટકાવારીની દ્દષ્ટિએ દેશમાં સૌથી વધારે છે. આ સાથે પાંચ હજાર જેટલા ઔદ્યોગિક એકમો અને આશરે ૧૪ હજાર વ્યાપારી એકમોને કુદરતી ગેસના જોડાણ આપવામાં આવેલ છે. કુદરતી ગેસના આયાત, સ્ટોરેજ, વિતરણ તેમજ વપરાશના ક્ષેત્રે રાજ્ય દેશમાં મોખરાનું સ્થાન ધરાવે છે.

- ખેડૂતોને રાત્રિના બદલે દિવસે ખેતી માટે વીજળી પૂરી પાડવાના ઉદ્દેશથી કિસાન સૂર્યોદય યોજના અંતર્ગત આંતરમાળખાકીય સગવડોના વિકાસ માટે જોગવાઇ **રૂ.૧૪૦૦ કરોડ.**
- બાકી રહેતા તમામ કૃષિવિષયક વીજ જોડાણો આપવાની કામગીરી પૂર્ણ કરવા માટે જોગવાઇ **રૂ.૧૦૪૬ કરોડ.**
- તમામ ગ્રામ પંચાયતોના વોટર વર્કસ માટે વિનામૂલ્યે વીજળી પૂરી પાડવા જોગવાઈ **રૂ.૭૩૪ કરોડ.**
- ગ્રાહકોને સાતત્યપૂર્ણ અને ગુણવત્તાસભર વીજ પુરવઠો પૂરો પાડવાના ઉદ્દેશથી રીવેમ્પ્ડ ડીસ્ટ્રીબ્યુશન સેકટર સ્કીમ અંતર્ગત વીજ વિતરણ માટે માળખાકીય સુવિધાઓનું અપગ્રેડેશન અને સ્માર્ટ મીટરની યોજના માટે જોગવાઇ **રૂ.૧૦૦ કરોડ.**
- વધુ ગુણવત્તાયુક્ત વીજપુરવઠો પૂરો પાડવાના આશયથી રાજ્યમાં ૫૬ નવા સબ-સ્ટેશનો આદિજાતિ વિસ્તારોમાં અને ૩૩ સાગરકાંઠા વિસ્તારોમાં સ્થાપવામાં આવશે.
- ખેતીવાડી ફીડરોની જાળવણી અને વિભાજનની કામગીરી માટે જોગવાઇ **રૂ.૧૧૦ કરોડ.**
- કિસાન હિત ઉર્જા શક્તિ યોજના હેઠળ ઓછી ક્ષમતાના ૫ હજાર ડિસ્ટ્રીબ્યુશન ટ્રાન્સફોર્મર લગાડવાની યોજના માટે જોગવાઇ **રૂ.૬૦કરોડ.**
- આદિજાતિ વિસ્તારોમાં સારા વોલ્ટેજ સાથે વધુ સાતત્યપૂર્ણ અને ગુણવત્તાયુક્ત વીજળી પૂરી પાડવા માટે જોગવાઇ **રૂ.૫૦ કરોડ.**
- એગ્રીકલ્ચર પંપના સોલરાઇઝેશન માટેની પી.એમ.-કુસુમ યોજના અંતર્ગત જોગવાઇ **રૂ.૪૧ કરોડ.**
- અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિઅને ઓછી આવક ધરાવતા પરિવારોને ઘર વપરાશના સીંગલ પોઇન્ટ વીજ જોડાણ માટે જોગવાઇ **રૂ.૨૨ કરોડ.**

**ક્લાઇમેટ ચેન્જ    ક્લાઇમેટ ચેન્જ વિભાગમાટે કુલ રૂ.૯૩૧ કરોડની જોગવાઇ**

તા. ૩જી માર્ચ ૨૦૨૨

અંદાજપત્રની રજૂઆત

તત્કાલીન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીની દીર્ઘદષ્ટિના કારણે વર્ષ ૨૦૦૯માં ક્લાઇમેટ ચેન્જ વિભાગ શરૂ કરનાર ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય બનેલ.

માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ તાજેતરમાં ગ્લાસગો ખાતે યોજાયેલ કોપ-૨૬ આંતરરાષ્ટ્રીય પરિષદ ખાતે નેટ-ઝીરો કાર્બનની દિશામાં લક્ષ્યાંકોની જાહેરાત કરી છે. બિનપરંપરાગત ઉર્જા સ્ત્રોતોનો વિકાસ કરી રાજ્યે ૧૫ હજાર મેગાવોટની ક્ષમતા સ્થાપેલ છે જ્યારે ૩૦ હજાર મેગાવોટના કાર્યો હાલ પ્રગતિ હેઠળ છે.

- ૩ લાખ ઉપરાંત ઘરોમાં સોલર રૂફટોપ સ્થાપી ૧૬૮૦ મેગા વોટની ક્ષમતા મેળવી રાજ્યે સમગ્ર દેશમાં પ્રથમ સ્થાન મેળવેલ છે. વધુ સવા લાખ ઘરોને આ યોજના હેઠળ લાભ આપવા માટે જોગવાઇ **રૂ.૮૨૫ કરોડ.**
- સરકારી શાળા, કોલેજો, હોસ્પિટલોના મકાનો ઉપર સોલર રૂફટોપ સ્થાપિત કરી ૧૦ મેગાવોટની ક્ષમતા ઊભી કરવા માટે જોગવાઇ **રૂ.૩૭ કરોડ.**
- ૯ હજાર વિદ્યાર્થીઓને બેટરી સંચાલિત ટુ-વ્હીલર વાહનો ખરીદવા સહાય આપવા માટે જોગવાઇ **રૂ.૧૧ કરોડ.**

**વન અને પર્યાવરણ** **વન અને પર્યાવરણ વિભાગ માટે કુલ રૂ.૧૮૨૨ કરોડની જોગવાઇ**

પર્યાવરણની સમતુલાની જાળવણી અને વનોનું રક્ષણ તેમજ સંવર્ધન વિકાસ માટે જરૂરી છે. એશિયાઇ સિંહ માટે ગીર રાષ્ટ્રીય ઉદ્યાન અને અભયારણ્ય વિશ્વ પ્રસિદ્ધ છે. વૈશ્વિક સ્તરે પક્ષીઓની વૈવિધ્યતાને માન્યતા આપતા રામસર(ઇરાન) કન્વેન્શનમાં રાજ્યના ચાર જળપ્લાવિત વિસ્તારોનો સમાવેશ થયેલ છે. જે ગૌરવની વાત છે.

- વનો તેમજ ઘાસિયા વિસ્તારોના વિકાસ, સંવર્ધન અને સંરક્ષણની કામગીરી માટે જોગવાઇ **રૂ.૪૮૦ કરોડ.**
- વન વિસ્તાર સિવાયના વિસ્તારોમાં સામાજિક વનીકરણ માટે જોગવાઇ **રૂ.૩૨૫ કરોડ.**
- વન્ય પ્રાણીઓના નિભાવ અને સંરક્ષણ માટે જોગવાઇ **રૂ.૩૨૪ કરોડ.**
- વળતર વનીકરણ તથા અન્ય વન વિકાસની કામગીરીઓ માટે જોગવાઇ **રૂ.૧૫૨ કરોડ.**
- વન ચેતના કેન્દ્ર,નવા ઘાસ ગોડાઉનઅને ઔષધીય વનના કામો માટે જોગવાઇ **રૂ.૧૯ કરોડ.**
- આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણીના ભાગરૂપે ભારતના રાષ્ટ્રીય વૃક્ષ અને સેંકડો વર્ષો સુધી જીવંત રહેનાર વડના વૃક્ષોનું ૭૫ સ્થળોએ વાવેતર કરી ૭૫ **નમો વડ વન**નું નિર્માણ કરવામાં આવશે.
- શિવરાજપુર બીચને બ્લ્યુ ફ્લેગ આંતરરાષ્ટ્રીય બીચ તરીકે માન્યતા મળેલ છે તે જ ધોરણે તીથલ-વલસાડ, માંડવી-કચ્છ, માધવપુર-પોરબંદર અને અહેમદપુર માંડવી-ગીર સોમનાથ ખાતે બ્લ્યુ ફ્લેગ બીચના વિકાસ માટે જોગવાઇ **રૂ.૮ કરોડ.**
- બામ્બુ મિશન યોજના હેઠળ આર્થિક મહત્ત્વ ધરાવતા વાંસનું ૫૮૯૧ હેક્ટરમાં વાવેતર કરવા માટે ખેડૂતોને પ્રોત્સાહિત કરવા જોગવાઇ **રૂ.૨૦ કરોડ.**
- લુપ્ત થતાં તેમજ દુર્લભ પ્રાણીઓ જેવા કે કોરલ રીફ, ડોલ્ફિન, ડુગોંગ તેમજ વરૂના સંરક્ષણ અને સંવર્ધન માટે જોગવાઇ **રૂ.૧ કરોડ.**

**મહેસૂલ** **મહેસૂલ વિભાગ માટે કુલરૂ.૪૩૯૪ કરોડની જોગવાઇ**

મહેસૂલી વહીવટમાં સરળીકરણ માટે સરકારે વિવિધ પ્રક્રિયાઓમાં સુધારા કરી લોકાભિમુખ વહીવટ માટે પગલાં લીધેલ છે. પારદર્શિતા વધારવા એની આર.ઓ.આર (Any-RoR) તથા આઇ-ઓરા(i-ORA)પોર્ટલ પરડિજિટલ સિગ્નેચર અને ક્યુ.આર. કોડ સાથેના મહેસૂલી દસ્તાવેજોની અધિકૃત નકલ સરકારે ઉપલબ્ધ કરાવી છે. આ વ્યવસ્થાથી આશરે ૮ લાખ કરતા વધુ ખેડૂતોને ૭/૧૨, ૮-અ તેમજ હક પત્રકની પ્રમાણિત નકલો ઓનલાઇન પદ્ધતિથી આપવામાં આવેલ છે.

- ડ્રોન ટેકનોલોજીના ઉપયોગથી ગ્રામ્ય વિસ્તારની મિલકતની માપણી કરી પ્રોપર્ટી કાર્ડ આપવા માટે **સ્વામિત્વ યોજના** અમલી.
- મહેસૂલ વિભાગની કચેરીઓ તથા સ્ટાફ ક્વાટર્સ માટે જોગવાઇ **રૂ.૧૮૬ કરોડ.**
- ૪ સબ રજીસ્ટ્રાર કચેરીઓને મોડલરૂપ બનાવવા જોગવાઇ **રૂ.૫ કરોડ.**
- ગુજરાત મહેસૂલ પંચની કચેરી ખાતે ચુકાદાના હુકમો, પ્રોસિડીંગ વિગેરે ડિજિટાઇઝ કરવા માટે જોગવાઇ **રૂ.૧ કરોડ.**

**કાયદો અને વ્યવસ્થા** **ગૃહ વિભાગ માટે કુલ રૂ.૮૩૨૫ કરોડની જોગવાઇ**

નાગરિકોની સુરક્ષા, ભયમુકત વાતાવરણનું સર્જન, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવી એ રાજ્ય સરકારની ફરજ છે. આ માટે રાજ્યની પોલીસને અત્યાધુનિક શસ્ત્ર સરંજામ અને સાધન સામગ્રીથી સુસજ્જ કરવામાં આવેલછે. ક્રાઇમ ઇન્વેસ્ટીગેશનમાં વૈજ્ઞાનિક ઢબે તપાસ કરવા એફ.એસ.એલ.ને નવા શિખર ઉપર પહોંચાડેલ છે. રાજ્ય પોલીસતંત્રને વધુ કાર્યક્ષમ બનાવવા માટે છેલ્લા પાંચ વર્ષમાં જુદા જુદા સંવર્ગોમાં અંદાજે ૨૯ હજારથી વધુ જગ્યાઓ પર ભરતી કરવામાં આવેલ છે. આ ઉપરાંત વિવિધ સંવર્ગની અંદાજે ૧૨ હજાર જગ્યાઓ પર ભરતીની પ્રક્રિયા પ્રગતિમાં છે.

- પોલીસ પેટ્રોલિંગ અને સેવાઓની જાળવણી માટે,૨૨૫૬ વાહનો ખરીદવા જોગવાઇ **રૂ.૧૮૩ કરોડ.**

- ગૃહ વિભાગ હેઠળ વિવિધ સંવર્ગની ૧૦૯૪ નવી જગ્યાઓ ઊભી કરવામાં આવશે. જેના માટે જોગવાઇ **રૂ.૪૧ કરોડ.**
- પોલીસ ખાતા માટે ૪૮ હજારથી વધુ મકાનોનું નિર્માણ કરેલ છે. રહેણાંક અને બિન રહેણાક મકાનોના નિર્માણ માટે જોગવાઇ **રૂ.૮૬૧ કરોડ.**
- જિલ્લા જેલ, સબ જેલ અને સ્ટાફ ક્વાટર્સના નિર્માણ માટે જોગવાઇ **રૂ.૧૫૮ કરોડ.**
- **વિશ્વાસ** પ્રોજેક્ટ તથા અન્ય આઈ.ટી. પ્રોજેક્ટ માટે જોગવાઈ **રૂ.૭૦ કરોડ.**
- ડ્રીમ સિટી સુરત અને ગીફ્ટ સિટી ખાતે નવા પોલીસ સ્ટેશન સ્થાપવામાં આવશે.
- બોર્ડર એરીયાની સિક્યોરીટી વ્યવસ્થાને સુદ્રઢ કરવા માટે કચ્છ જિલ્લામાં ધોરડો, હાજીપીર અને ગાગોદરા આઉટપોસ્ટને પોલીસ સ્ટેશનમાં અપગ્રેડ કરવામાં આવશે.
- ઈ-ગુજકોપ પ્રોજેક્ટ અંતર્ગત હાર્ડવેર અને સોફ્ટવેરની ખરીદી કરવા માટે જોગવાઈ **રૂ.૨૮ કરોડ.**
- હાલની ટુ ફીંગરના સ્થાને ફાઇવ ફીંગર આધારિત ઓટોમેટેડ ફીંગર આઇડેન્ટીફીકેશન સિસ્ટમ ખરીદ કરવા માટે જોગવાઈ **રૂ.૩૪ કરોડ.**
- પોલીસ આધુનિકીકરણ યોજના હેઠળ જોગવાઈ **રૂ.૧૫ કરોડ.**
- બોમ્બ ડીસ્પોઝલ એન્ડ ડીટેકશન સ્ક્વોડની કામગીરી માટે સાધન-સામગ્રીની ખરીદી કરવા માટે જોગવાઈ **રૂ.૫ કરોડ.**
- જેલો તેમજ આનુષંગિક કચેરીઓ ખાતે CCTVલગાડવા જોગવાઇ **રૂ.૩ કરોડ.**
- રેપીડ ડ્રગ ટેસ્ટ માટે મોબાઇલ ડ્રગ ટેસ્ટીંગ એનલાઇઝરની ખરીદી તેમજ સીરોલોજીકલ પદ્ધતિના બદલે લુપ મેડીએટેડ આઇસો થર્મલ એમ્પ્લીફિકેશન સિસ્ટમના સાધનોની ખરીદી માટે જોગવાઇ **રૂ.૨ કરોડ.**

**કાયદા વિભાગ માટે કુલ રૂ.૧૭૪૦ કરોડની જોગવાઇ**

સુલભ, ઝડપી અને બિન ખર્ચાળ ન્યાય વ્યવસ્થા લોકતંત્રના પાયામાં છે. ન્યાયાલયોની સંખ્યા વધારવા તેમજ ન્યાય વ્યવસ્થામાં નવી તકનિક સાથે ઝડપ લાવવા સરકાર કટિબદ્ધ છે. પ્રોસિક્યુશનની કામગીરીને અસરકારક અને કાર્યક્ષમ બનાવવા અદ્યતન ટેકનોલોજી અને આધુનિક માળખાગત સુવિધાઓ સરકારે ઊભી કરેલ છે.

- નવી કોર્ટ બિલ્ડીંગના બાંધકામ માટે જોગવાઇ **રૂ.૪૫ કરોડ.**
- રહેઠાણના મકાનોના બાંધકામ માટે જોગવાઇ **રૂ.૮૩ કરોડ.**
- હયાત કોર્ટ બિલ્ડિંગ તથા રહેણાંકોના મકાનોના મરામત માટે જોગવાઇ **રૂ.૧૨ કરોડ.**
- વકીલોના કલ્યાણ માટેના વેલફેર ફંડમાં બાર કાઉન્સીલ ઓફ ગુજરાતને સહાય આપવા માટે જોગવાઇ **રૂ.૬ કરોડ.**
- પ્રોસિક્યુશનની કામગીરી માટે સરકારી વકીલોને લેપટોપ, પ્રિન્ટરતથા લૉ સોફ્ટવેર આપવા માટે જોગવાઇ **રૂ.૫ કરોડ.**
- ન્યાયતંત્ર માટેની માળખાકીય સુવિધાઓ માટે **રૂ.૨૧૬ કરોડ**ના કામો હાલ પ્રગતિમાં છે.

**રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ**

**રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ માટે કુલ રૂ.૫૧૭ કરોડની જોગવાઇ**

રાજ્યના ભવ્ય ઐતિહાસિક અને સાહિત્યિક વારસા તેમજ સંસ્કૃતિની જાળવણી કરવા અને ખેલકૂદને પ્રોત્સાહન આપવા સરકાર પ્રયત્નો કરી રહી છે. રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે ગુજરાતના ખેલાડીઓ પ્રગતિ કરે તે માટેના પ્રયત્નો ખેલ મહાકુંભ મારફત સરકારે આદર્યા છે. તાજેતરમાં, ટોકીયો-જાપાન ખાતે યોજવામાં આવેલ ઓલિમ્પિક અને પેરાલિમ્પિક્સમાં ગુજરાતના છ ખેલાડીઓએ ભાગ લીધેલ અને પેરા-ટેબલ ટેનીસની રમતમાં સીલ્વર મેડલ મેળવેલ છે. જે આપણા સૌ માટે ગૌરવની વાત છે.

- વર્ષ-૨૦૧૯માં યોજાયેલ ખેલ મહાકુંભમાં ૪૦ લાખ જેવી વિશાળ સંખ્યામાં બાળકો અને યુવાનોએ ૩૬ જેટલી વિવિધ રમતોમાં ભાગ લીધેલ હતો. ખેલ મહાકુંભ અંતર્ગત આગામી વર્ષ માટે જોગવાઇ **રૂ.૭૩ કરોડ.**
- વલસાડ, ગીર-સોમનાથ, બોટાદ, દેવભૂમિ દ્વારકા, મોરબી, મહીસાગર, અરવલ્લી, સુરતઅને નવસારી ખાતે જિલ્લા કક્ષાના સ્પોર્ટસ સંકુલ માટે જોગવાઇ **રૂ.૪૭ કરોડ.**
- જિલ્લા કક્ષાએ સ્પોર્ટસ સ્કૂલ(ડી.એલ.એસ.એસ.)માં ૩૯ શાળાઓના અંદાજે ૪૩૫૦ વિદ્યાર્થીઓને સવલતો પૂરી પાડવા જોગવાઇ **રૂ.૪૩ કરોડ.**
- વડોદરા જિલ્લાના ડેસર ખાતે સ્થપાયેલ સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટી માટે વધુ સુવિધાઓ વિકસાવવા જોગવાઇ **રૂ.૧૦ કરોડ.**

તા. ૩જી માર્ચ ૨૦૨૨

અંદાજપત્રની રજૂઆત

- કલા, સાહિત્ય અને સંસ્કૃતિ ક્ષેત્રની પ્રતિભાશાળી વ્યક્તિઓને અવસર પુરો પાડવા કલા મહાકુંભ અંતર્ગત જોગવાઇ **રૂ.૮ કરોડ.**
- રાજપીપળા અને આહવા ખાતે જિલ્લા કક્ષાની તથા વઘઇ,તરસાડી કોસંબા, ડેડીયાપાડા, ભિલોડા અને ઉમરપાડા ખાતે તાલુકા કક્ષાની અદ્યતન ઇકો ફ્રેડલી સ્માર્ટ ગ્રીન લાયબ્રેરીના નિર્માણ માટે જોગવાઇ **રૂ.૮ કરોડ.**
- સુરત ખાતે રમતગમતની આંતરરાષ્ટ્રીય કક્ષાની અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ સેન્ટર ઓફ એક્સેલન્સના નિર્માણ માટે જોગવાઇ **રૂ.૫ કરોડ.**
- વ્યારા ખાતે ૨૦૦ ખેલાડીઓ માટે હોસ્ટેલના બાંધકામ અને ફોર લેન સિન્થેટીક એથ્લેટીક ટ્રેક સાથેનું ફૂટબોલ ગ્રાઉન્ડ માટે જોગવાઇ **રૂ.૨ કરોડ.**
- પ્રતિભાશાળી ખેલાડીઓને પ્રોત્સાહન આપવા શકિતદૂત યોજના હેઠળ જોગવાઇ **રૂ.૪ કરોડ.**
- છોટાઉદેપુર ખાતે મલ્ટીપર્પઝ ઇન્ડોર હોલ માટે જોગવાઇ **રૂ.૨ કરોડ.**
- આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી અને યોગના પ્રચાર-પ્રસાર માટે જોગવાઇ **રૂ.૨ કરોડ.**

**માહિતી અને પ્રસારણ    માહિતી અને પ્રસારણ વિભાગ માટે કુલરૂ.૧૯૯ કરોડની જોગવાઇ**

રાજ્ય સરકારની કલ્યાણકારી યોજનાઓ, વિકાસલક્ષી નીતિઓ અને કામગીરીની માહિતી જન-જન સુધી પહોંચાડી, લોકો તેનો મહત્તમ લાભ લે તે માટે વિભાગ કાર્યરત છે.

- ગુજરાતી ફિલ્મોના પ્રોત્સાહન માટે જોગવાઇ **રૂ.૨૦ કરોડ.**
- અમરેલી, વલસાડ અને સુરત ખાતે માહિતી કચેરીના બાંધકામ અને સાધનો માટે જોગવાઇ **રૂ.૩ કરોડ.**

**સામાન્ય વહીવટ    સામાન્ય વહીવટ વિભાગ માટે કુલ રૂ.૨૧૪૬ કરોડની જોગવાઇ**

પારદર્શિતા, સંવેદનશીલતા અને લોકાભિમુખ વહીવટ માટે વિકેન્દ્રીકરણ સાથે નવી તકનિકોનો ઉપયોગ કરી બધા કર્મયોગીઓને કાર્યક્ષમ અને ઉત્તરદાયી બનાવવા સરકાર સતત પ્રયત્નશીલ છે. સરકારી ક્ષેત્રે રોજગારીની તકોનું સર્જન કરી યુવા વર્ગને લોકસેવાના સહિયારા પ્રયાસમાં જોડવા માટે છેલ્લાં પાંચ વર્ષમાં ૧ લાખથી વધુ નોકરીઓ આપવામાં આવેલ છે.

- વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ, એ.ટી.વી.ટી. અને અન્ય યોજનાઓ હેઠળસ્થાનિક જરૂરિયાતોના વિકાસના કામો માટે જોગવાઇ **રૂ.૧૩૦૬ કરોડ.**
- સ્પીપા,અમદાવાદ ખાતે ઓફિસર્સ હોસ્ટેલના બાંધકામ માટે જોગવાઇ **રૂ.૫ કરોડ.**
- કર્મયોગીઓને તાલીમ આપી તેમની કાર્યદક્ષતા વધારવાના પ્રયત્નોના ભાગરૂપે તાલીમ સંસ્થાઓના આધુનિકીકરણ અને વિસ્તૃતિકરણ માટે જોગવાઇરૂ.**૧ કરોડ.**
- બિન નિવાસી ગુજરાતીઓ સાથે સંપર્ક સુદ્દઢ બનાવી ગુજરાતના વિકાસમાં તેમને સહભાગી કરવા તેમજ ગુજરાતની અસ્મિતા અને સાંસ્કૃતિક ઓળખને વિદેશોમાં પ્રસારિત કરવા વિવિધ પ્રવૃત્તિઓ માટે જોગવાઇ **રૂ.૩ કરોડ.**

**હવે, હું વર્ષ ૨૦૨૦-૨૧ ની ખરેખર આવક અને ખર્ચની સમીક્ષા હાથ ધરીશ.**

**વર્ષ ૨૦૨૦-૨૧ નો હિસાબ**

વર્ષ ૨૦૨૦-૨૧ દરમિયાન ચોખ્ખી લેવડ-દેવડના કારણે રૂ.**૬૮૬૫.૭૦ કરોડ**ની પુરાંત રહેશે તેવી ધારણા સુધારેલા અંદાજમાં હતી. વર્ષ ૨૦૨૦-૨૧ માટેના હિસાબમાં ચોખ્ખી લેવડ-દેવડના કારણે **રૂ.૧૬૧.૯૯ કરોડ**ની ખાધ દર્શાવે છે.

**(રૂ.કરોડમાં)**

| | | **૨૦૨૦-૨૧ના સુધારેલા અંદાજ** | **૨૦૨૦-૨૧ના હિસાબ** |
|---|---|---|---|
| **(૧)** | **એકત્રિત ફંડ** | | |
| | મહેસૂલી આવક | ૧૩૨૨૯૪.૪૩ | ૧૨૮૧૫૫.૬૬ |
| | મહેસૂલી ખર્ચ | ૧૫૪૨૪૬.૦૫ | ૧૫૦૭૦૩.૫૮ |
| | મહેસૂલી હિસાબ પર પુરાંત | **(-)૨૧૯૫૧.૬૨** | **(-) ૨૨૫૪૭.૯૨** |
| | મૂડીની આવક | ૬૧૨૬૮.૦૦ | ૬૮૯૮૦.૩૦ |
| | લોન અને પેશગીઓ વગેરે સહિત મૂડી ખર્ચ | ૩૭૬૫૦.૬૮ | ૪૫૯૩૬.૩૪ |
| | મૂડી હિસાબ પર ખાધ | **(+)** ૨૩૬૧૭.૩૨ | **(+)**૨૩૦૪૩.૯૬ |
| | **સરવાળો (૧) એકત્રિત ફંડ (ચોખ્ખું)** | **(+)** ૧૬૬૫.૭૦ | **(+)**૪૯૬.૦૪ |
| **(૨)** | **આકસ્મિક ફંડ (ચોખ્ખું)** | - | - |
| **(૩)** | **જાહેર હિસાબ (ચોખ્ખો)** | **(+)**૫૨૦૦.૦૦ | **(-)**૬૫૮.૦૩ |
| | **સરવાળોઃ ચોખ્ખી લેવડ-દેવડ (૧+૨+૩)** | **(+)**૬૮૬૫.૭૦ | **(-)**૧૬૧.૯૯ |

**વર્ષ ૨૦૨૧-૨૨ ના સુધારેલા અંદાજ**

વર્ષ ૨૦૨૧-૨૨ ના અંદાજમાં ચોખ્ખી લેવડ-દેવડના કારણે **રૂ.૫૮૭.૮૮ કરોડ**ની પુરાંત રહેવાની ધારણા હતી. વર્ષના અંતે ચોખ્ખી લેવડ-દેવડના કારણે સુધારેલા અંદાજમાં **રૂ.૬૩૬૯.૭૫ કરોડ**ની પુરાંત રહેવાની ધારણા છે.

**(રૂ.કરોડમાં)**

| | | **૨૦૨૧-૨૨ના અંદાજ** | **૨૦૨૧-૨૨ના સુધારેલા અંદાજ** |
|---|---|---|---|
| **(૧)** | **એકત્રિત ફંડ** | | |
| | મહેસૂલી આવક | ૧૬૭૯૬૯.૪૦ | ૧૬૩૦૨૦.૧૯ |
| | મહેસૂલી ખર્ચ | ૧૬૬૭૬૦.૮૦ | ૧૬૨૩૦૬.૦૮ |
| | મહેસૂલી હિસાબ પર પુરાંત | **(+)**૧૨૦૮.૬૦ | **(+)**૭૧૪.૧૧ |
| | મૂડીની આવક | **૫૦૭૫૧.૦૦** | **૫૯૭૪૬.૧૯** |
| | લોન અને પેશગીઓ વગેરે સહિત મૂડી ખર્ચ | ૫૬૫૭૧.૭૨ | ૫૪૬૮૯.૫૧ |
| | મૂડી હિસાબ પર ખાધ | **(-)** ૫૮૨૦.૭૨ | **(+)**૫૦૫૬.૬૮ |
| | **સરવાળો (૧) એકત્રિત ફંડ (ચોખ્ખું)** | **(-)** ૪૬૧૨.૧૨ | **(+)**૫૭૭૦.૭૯ |
| **(૨)** | **આકસ્મિક ફંડ (ચોખ્ખું)** | **-** | **-** |
| **(૩)** | **જાહેર હિસાબ (ચોખ્ખો)** | **(+)**૫૨૦૦.૦૦ | **(+)**૫૯૮.૯૬ |
| | **સરવાળોઃ ચોખ્ખી લેવડ-દેવડ (૧+૨+૩)** | **(+)**૫૮૭.૮૮ | **(+)**૬૩૬૯.૭૫ |

**વર્ષ ૨૦૨૨-૨૩નો અંદાજ**

**માનનીય અધ્યક્ષ મહોદયા,**

આ સન્માનનીય સભાગૃહને હું જણાવવા માંગું છું કે,અમારી સરકારોએઉચ્ચ વિકાસદર સાથે સમૃદ્ધિના નવા શિખરો સર કરતું અર્થતંત્ર રાજ્યને પૂરું પાડ્યું છે. પ્રજાના સર્વાંગીણ કલ્યાણ તેમજ માળખાકીય સગવડો માટે જરૂરી નાણાકીય ભંડોળ પૂરું પાડી,સામાન્ય માનવીની આશા-આકાંક્ષાઓને અંદાજપત્રોમાં મૂર્તિમંત કરવામાં અમે સફળ થયા છીએ અને તેથી જ રાજ્યની પ્રજાના આશીર્વાદ અમને સતત મળતા રહ્યા છે. રાજ્યના સર્વસમાવેશી વિકાસ માટે ઉપલબ્ધ સંસાધનોનો ઉચિત અને કાર્યક્ષમ ઉપયોગ કરવાની સરકારની વ્યૂહરચના રહી છે. છેલ્લા ૧૫ વર્ષથી અમારી સરકારોએ રેવન્યુ સરપ્લસ બજેટ આપેલ છે અને આ સમયદરમિયાન,કોઇપણ પ્રકારના ઓવરડ્રાફ્ટ લીધા વગર તમામ નાણાકીય જવાબદારીઓ સફળ રીતે પૂર્ણ કરી દેશમાં,ઉચ્ચકક્ષાના નાણાકીય વ્યવસ્થાપનનું એક અનેરું ઉદાહરણ પ્રસ્તુત કરેલ છે. સતત મહેસૂલી પુરાંત અંદાજપત્ર આપવાની રાજ્યની આ પરંપરાને જાળવી રાખી વર્ષ ૨૦૨૨-૨૩ નું અંદાજપત્ર પણ મહેસૂલી પુરાંત અંદાજપત્ર તરીકે રજૂ કરવાનો, નાણા મંત્રી તરીકે, મેં નમ્ર પ્રયાસ કરેલ છે.

વર્ષ ૨૦૨૨-૨૩ ના અંદાજ મુજબ મહેસૂલી હિસાબ પર પુરાંત **રૂ.૧૦૦૫.૮૬ કરોડ** રહેશે. મહેસૂલી હિસાબ સાથે મૂડી હિસાબ અને ચોખ્ખો જાહેર હિસાબ ગણતરીમાં લેતાં વર્ષ ૨૦૨૨-૨૩ નો અંદાજ **રૂ.૬૬૮.૦૯ કરોડ**ની એકંદર પુરાંત દર્શાવે છે.

**(રૂ.કરોડમાં)**

| | | **૨૦૨૨-૨૩ના અંદાજ** |
|---|---|---|
| **(૧)** | **એકત્રિત ફંડ** | |
| | મહેસૂલી આવક | ૧૮૨૦૪૫.૪૬ |
| | મહેસૂલી ખર્ચ | ૧૮૧૦૩૯.૬૦ |
| | મહેસૂલી હિસાબ પર પુરાંત | **(+) ૧૦૦૫.૮૬** |
| | મૂડીની આવક | ૫૧૨૫૧.૦૦ |
| | લોન અને પેશગીઓ વગેરે સહિત મૂડી ખર્ચ | ૫૯૩૯૪.૦૬ |
| | મૂડી હિસાબ પર ખાધ | **(-)**૮૧૪૩.૦૬ |
| | **સરવાળો (૧) એકત્રિત ફંડ (ચોખ્ખું)** | **(-) ૭૧૩૭.૨૦** |
| **(૨)** | **આકસ્મિક ફંડ (ચોખ્ખું)** | **-** |
| **(૩)** | **જાહેર હિસાબ (ચોખ્ખો)** | **(+)** ૭૮૦૫.૨૯ |
| | **સરવાળોઃ ચોખ્ખી લેવડ-દેવડ (૧+૨+૩)** | **(+) ૬૬૮.૦૯** |

તા. ૩જી માર્ચ ૨૦૨૨
અંદાજપત્રની રજૂઆત

**માનનીય અધ્યક્ષ મહોદયા,**
**હવે, હું મારા અંદાજપત્રનો ભાગ-ખ રજૂ કરીશ.**

**વર્ષ ૨૦૨૨-૨૩ના અંદાજો અનુસાર એકંદર પુરાંત રૂપિયા ૬૬૮.૦૯ કરોડની રહેશે.**
**અંદાજપત્રના ભાગરૂપે હવે હું, વર્ષ ૨૦૨૨-૨૩ માટેની કરવેરા અંગેની દરખાસ્ત રજૂ કરું છું.**

કોવિડની વૈશ્વિક મહામારીના કારણે છેલ્લા બે વર્ષમાં રાજ્યના લોકોની આર્થિક પ્રવૃત્તિઓ ઉપર વિપરીત અસર પડેલ છે. આ સંજોગોમાં, મંદ પડેલી આર્થિક પ્રવૃત્તિઓને વેગવંતી બનાવવા, અમારી સરકારે કરવેરાની રાહતો તેમજ અન્ન સલામતિના પગલાઓની જાહેરાત કરેલ છે. મુખ્ય જાહેરાતોમાં,

- અમારી સરકારે પેટ્રોલ અને ડીઝલ ઉપરના મૂલ્ય વર્ધિત વેરામાં અનુક્રમે ૬.૪ ટકા અને ૫.૩ ટકાનો ઘટાડો કરી વેચાણ કિંમતમાં પ્રતિ લિટર રૂપિયા ૭ ની રાહત આપેલ છે.

- પ્રધાનમંત્રી ઉજ્જ્વલ યોજના હેઠળ એલપીજી કનેકશન તથા સ્વ સહાય જૂથ- સખી મંડળની મહિલાઓને લોન માટેના દસ્તાવેજો ઉપર લાગતી સ્ટેમ્પ ડ્યૂટીમાંથી મુક્તિ આપેલ છે.

- કોન્ટ્રાક્ટ કેરેજ બસોને માસિક ધોરણે ભરવાના થતા મોટર વાહન વેરામાંથી મુક્તિ આપેલ છે.

- હોટલ, રેસ્ટોરન્ટસ, વોટરપાર્ક, સિનેમાઘરો-મલ્ટીપ્લેક્ષ અને જિમ્નેશિયમને વર્ષ-૨૦૨૧-૨૨ માટે મિલકત વેરો ભરવામાંથી મુક્તિ આપેલ છે.

- હોટલ, રેસ્ટોરન્ટસ, વોટરપાર્ક, સિનેમાઘરો-મલટીપ્લેક્ષ અને જિમ્નેશિયમને વર્ષ-૨૦૨૧-૨૨ માટે વીજ બિલમાં ફિક્સ ચાર્જ ભરવામાંથી મુક્તિ આપવાની બાબત વગેરેનો સમાવેશ આ રાહતોમાં થાય છે.

**ગુજરાતની વિકાસયાત્રામાં સહભાગી ખમીરવંતા ગુજરાતીઓ અનેક પડકારોનો સામનો કરી પ્રગતિપથ ઉપર ઝડપભેર આગળ વધી રહ્યા છે. માન.વડાપ્રધાનશ્રીના આત્મનિર્ભર ભારતની સંકલ્પનાને ચરિતાર્થ કરી આ વિકાસયાત્રા અવિરત રહે તે માટે આ અંદાજપત્રમાં હયાત વેરાના દરોમાં કોઈપણ જાતનો ફેરફાર નહિ કરવાની અને નવા કોઇ વેરા નહિ નાખવાની હું જાહેરાત કરું છું.**

**વ્યવસાય વેરો** માન.અધ્યક્ષશ્રી,

આ સન્માનનીય ગૃહને જણાવતા મને હર્ષની લાગણી થાય છે કે, સરકારી અને ખાનગી ક્ષેત્રમાં વેતન મેળવતા નવોદિત મધ્યમ વર્ગને રાહત આપવાનું અમે જાહેર કરીએ છીએ. પ્રોફેશન ટેક્સના કાયદા હેઠળ વ્યવસાયવેરાના હયાત માળખામાં રૂપિયા ૬,૦૦૦ થી રૂપિયા ૮,૯૯૯ તથા રૂપિયા ૯,૦૦૦ થી રૂપિયા ૧૧,૯૯૯ સુધીનો માસિક વેતન/પગાર મેળવનાર ઉપરનો અનુક્રમે રૂપિયા ૮૦ તથા રૂપિયા ૧૫૦ નો માસિક વ્યવસાયવેરો નાબૂદ કરી હવે રૂપિયા ૧૨,૦૦૦ સુધીના માસિક પગાર કે વેતન મેળવનાર પગારદારો અને વેતનદારોને વ્યવસાયવેરો ભરવામાંથી સંપૂર્ણ મૂક્તિ આપવાની હું જાહેરાત કરું છું. આ ઘટાડાથી વ્યવસાયવેરો ભરતા મધ્યમ વર્ગના આશરે ૧૫ લાખ કરદાતાઓને રૂપિયા ૧૯૮ કરોડની રાહત મળશે. જેના પરિણામે રાજ્યની સંચિતનીધિની આવકમાં અંદાજે રૂપિયા ૧૦૮ કરોડનો ઘટાડો થશે.આ સિવાયના વ્યવસાયવેરાના દરોમાં ફેરફારની કોઇ દરખાસ્ત નથી.

**સમાપન** વર્ષ ૨૦૨૨-૨૩ના અંદાજપત્રની આખરી પરિસ્થિતિ આ પ્રમાણે રહેશે.

| | | | **( રકમ રૂ. કરોડમાં)** |
|---|---|---|---|
| (૧) | અંદાજ અનુસારની પુરાંત | | (+)૬૬૮.૦૯ |
| (૨) | કરવેરામાં સૂચિત વધારો | (+) ૦૦.૦૦ | |
| (૩) | કરવેરામાં સૂચિત ઘટાડો | (-) ૧૦૮.૦૦ | |
| (૪) | અકંદર અંદાજિત પુરાંત | | (+) ૫૬૦.૦૯ |

ફાલ્ગુન ૧૨, શાકે ૧૯૪૩
અંદાજપત્રની રજૂઆત

**માન.અધ્યક્ષશ્રી,**

ગુજરાતના વિકાસને વેગ આપનાર આ સંતુલિત અને સર્વસમાવેશક બજેટ આ સભાગૃહ સમક્ષ રજૂ કરવાનો મેં પ્રયત્ન કરેલ છે. આ બજેટમાં માળખાકીય સગવડો સાથે માનવ વિકાસ સૂચકાંકો તેમજ સામાજિક સુરક્ષા ઉપર ભાર મૂકવામાં આવેલ છે. મહિલાઓ તેમજ બાળકોના આરોગ્ય અને પોષણ ઉપર વધુ ધ્યાન આપી ૨૧મી સદીના સશકત ગુજરાતના નિર્માણની સાતત્યપૂર્ણ પ્રક્રિયાને વધુ મજબૂત કરવાનો એક સંનિષ્ઠ પ્રયાસ કરેલ છે. ખેતી અને ખેડૂત કલ્યાણ સાથે આદિજાતિ વિસ્તારો અને સાબરકાંઠા વિસ્તારોના વિકાસ ઉપર ભાર મૂકવામાં આવેલ છે. કૌશલ્ય વિકાસ સાથે રોજગારીની નવી તકોનું સર્જન કરી યુવાધનને રાજ્યની વિકાસ યાત્રામાં જોડવાની અમારી નેમ છે. અમે ગુજરાતના દરેક નાગરિકના કલ્યાણ અને આર્થિક વિકાસ માટે કૃતસંકલ્પ છીએ અને આ સભાગૃહ મારફત હું સમૃદ્ધ ગુજરાતના નિર્માણ અને ઉત્તરોત્તર વિકાસનો સંકલ્પ જાહેર કરું છું.

**જય જય ગરવી ગુજરાત,**

**સન્માનનીય સભાગૃહની વિચારણા અર્થે હું આ અંદાજપત્ર રજૂ કરું છું.**

અધ્યક્ષશ્રી : સન ૨૦૨૨-૨૩ના નાણાકીય વર્ષ માટેનું અંદાજપત્ર રજૂ કરવામાં આવે છે.

**અંદાજપત્ર રજૂ કરવામાં આવ્યું.**

**સભાગૃહનું કામકાજ બપોરના ૩-૦૫ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર શુક્રવાર, તા. ૪થી માર્ચ, ૨૦૨૨ના રોજ સવારના ૧૦-૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

તા. ૪થી માર્ચ ૨૦૨૨
તારાંકિત પ્રશ્નો

# ગુજરાત વિધાનસભા

## શુક્રવાર, તા. ૪થી માર્ચ, ૨૦૨૨

## ફાલ્ગુન-૧૩, શાકે ૧૯૪૩

## સભાગૃહ સવારના ૧૦-૦૦ વાગ્યે મળ્યું.

## માનનીય અધ્યક્ષશ્રી ડૉ. નીમાબેન આચાર્ય અધ્યક્ષસ્થાને

## તારાંકિત પ્રશ્નો

### સુરેન્દ્રનગર જિલ્લામાં કાર્યરત ફરતાં પશુ દવાખાના

* ૪૦૬૧૦ **શ્રી પરસોત્તમ સાબરીયા** (ધ્રાંગધ્રા) : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષ દરમિયાન સુરેન્દ્રનગર જિલ્લામાં '૧૦ ગામ દીઠ એક ફરતું પશુ દવાખાનું' યોજના હેઠળ કેટલા ફરતાં પશુ દવાખાનાં કાર્યરત કરવામાં આવ્યા, અને

(૨) તેના દ્વારા વર્ષવાર કેટલા પશુઓને સારવાર પૂરી પાડવામાં આવી ?

**જવાબ**

(૧) ૨૦ (વીસ).

(૨)

| તા.૦૧-૦૧-૨૦૨૦ થી તા.૩૧-૧૨-૨૦૨૦ સુધી | તા.૦૧-૦૧-૨૦૨૧ થી તા.૩૧-૧૨-૨૦૨૧ સુધી |
|---|---|
| ૮,૯૩૯ | ૬૫,૭૧૭ |

**શ્રી પરસોત્તમ ઉ. સાબરિયા :** માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, સુરન્દ્રનગર જિલ્લામાં તાલુકાવાર ૧૦ ગામ દીઠ એક પશુ દવાખાનાઓ કયા કયા ગામમાં કાર્યરત છે. આ દરેક ગામમાં દવાખાનાઓનું આયોજન કયારે કરવામાં આવનાર છે?

શ્રી રાઘવજીભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના વડપણ હેઠળની આ સરકાર રાજ્યના પશુપાલકો અને પશુઓ પ્રત્યે ખૂબ જ સંવેદનશીલ છે. એનું પ્રમાણ ગઇ કાલે જ રાજ્યનું બજેટ નાણામંત્રીશ્રીએ જાહેર કર્યું, એમાં પશુઓ અને પશુપાલકો માટે અઢળક નાણાની જોગવાઇઓ આ બજેટમાં કરવામાં આવી છે. પશુપાલકોને ટૂંકી મુદતના ધિરાણ ઉપર વ્યાજ રાહત માટે ૩૦૦ કરોડ રૂપિયાની જોગવાઇ. મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજના અંતર્ગત આખા રાજ્યની ગૌશાળાઓ, પાંજરાપોળો અને જે સામાજિક ટ્રસ્ટો પશુઓને સાચવે છે, એની નિભાવણી માટે એને આર્થિક સહાય મળી રહે એના માટે ૫૦૦ કરોડ રૂપિયાની જોગવાઇ બજેટમાં આ વખતે પહેલીવાર કરી છે. એટલું જ નહીં, આપણે જે બધા રખડતા અને રઝળતા ઢોરોથી પીડાતા હતા અને ગ્રામ્ય વિસ્તારમાં ઉભા પાકને નુકસાન થતું હતું અને શહેરી વિસ્તારમાં અકસ્માતો થતા હતા, ટ્રાફિક અને વાહન વ્યવહારને નુકસાન થતું હતું એને અટકાવવા માટે પણ બજેટમાં ગ્રામ્ય વિસ્તાર માટે ૫૦ કરોડ રૂપિયા અને શહેરી વિસ્તાર માટે ૫૦ કરોડ રૂપિયા એમ કુલ ૧૦૦ કરોડ રૂપિયાની જોગવાઇ કરી છે. આ જ બતાવે છે કે આ સરકાર પશુઓ અને પશુપાલકો માટે કેટલી સંવેદનશીલ છે. માનનીય સભ્યશ્રીના પ્રશ્નના જવાબમાં જણાવું તો રાજ્યના છેવાડાના પશુપાલકોને ઘરબેઠા એના પશુઓને સારવાર મળી રહે એના માટે રાજ્ય સરકાર દ્વારા રાજ્યમાં કુલ ૪૬૦ જેટલા મોબાઇલ વાહનો મારફતે પશુઓ માટેના દવાખાના અને ૧૦ ગામ દીઠ એક એમ ફરતા પશુ દવાખાનાઓ કાર્યરત કરવામાં આવેલ છે. સુરેન્દ્રનગર જિલ્લામાં વઢવાણ તાલુકામાં બલદાણા, મેમકા અને રાજપરા, લીંબડી તાલુકામાં રળોલ, ચુડા તાલુકામાં ચોકડી, ધ્રાંગધ્રા તાલુકામાં દુદાપુર અને મોટા અંકેવાળિયા, સાયલા તાલુકામાં ઓવનગઢ, દેવગઢ, કોટડા, દસાડા-પાટડી તાલુકામાં ઉપરિયાળા, મીઠાઘોડા, માલવણ, થાનગઢ તાલુકામાં તરણેતર, લખતર તાલુકામાં સવલાણા, ચોટીલા તાલુકામાં સાંગાણી, મોટી મોલડી, મેવાસા, મુળી તાલુકામાં જસાપર અને ટીકસર આમ સુરેન્દ્રનગર જિલ્લામાં કુલ ૨૦ પશુ દવાખાનાઓ કાર્યરત છે. એટલે આ યોજના ખૂબ સફળ થઇ છે. ૧૦ ગામ દીઠ એક પશુ દવાખાનું એવી રીતે આ આયોજન કરવામાં આવ્યું છે.

શ્રી ઘનજીભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ૧૦ ગામ દીઠ એક મોબાઇલ પશુ દવાખાનાનું અમલીકરણ કેવી રીતે કરવામાં આવે છે?

શ્રી રાઘવજીભાઇ પટેલ : ૧૦ ગામ દીઠ એક પશુ દવાખાનાનું અમલીકરણ બહુ વ્યવસ્થિત કરવામાં આવી રહ્યું છે. ૧૦ ગામદીઠ એક પશુ દવાખાનાની યોજના જી.વી.કે.ઇ.એમ.આર.આઇ. મારફત તા. ૨૨-૬-૨૦૨૦થી શરૂ કરવામાં આવેલ છે. વર્ષ ૨૦૨૦-૨૧ સુધીમાં ૪૬૦ મોબાઇલ પશુ દવાખાના રાજ્ય સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલ છે. વાહનો તમામ

એકસરખા બ્રાન્ડિંગવાળા ઉપલબ્ધ થતાં યોજનાની આગવી ઓળખ ઉભી થયેલ છે. આ યોજના મારફત પશુ સારવાર સેવાઓ આખા વર્ષ દરમિયાન રવિવાર સિવાય સવારના ૭ વાગ્યાથી રાત્રિના ૭ સુધી ઘર બેઠા ઉપલબ્ધ છે. જી.પી.એસ.થી વાહનો સુસજ્જ હોવાથી સી.એમ. ડેસ્ક દ્વારા ટાઇમ મોનીટરિંગ પણ થાય છે. આ યોજનામાં મુખ્યમંત્રી નિઃશૂલ્ક પશુ સારવાર યોજના હેઠળ નિઃશૂલ્ક પશુ સારવાર આપવામાં આવે છે. ૪૬૦ વાહનો સરકારશ્રીની માલિકીનાં છે. જેના દ્વારા ૪૬૦૦ થી વધુ ગામોને આ યોજનાનો લાભ મળે છે. માનવ આરોગ્યની જેમ પશુ આરોગ્યમાં ઇમરજન્સી કેસો માટે ૧૯૬૨ ટોલ ફ્રી નંબર ઉપર ડાયલ કરવાથી આ નિયત ગામોમાં ઇમરજન્સી સેવા ઘેરબેઠા પૂરી પાડવામાં આવે છે. આ યોજનામાં મુખ્ય મથક ઉપર દરરોજ સવારે બે કલાક અને ત્યારબાદ રૂટના ગામોમાં અઠવાડિયામાં બે દિવસ સારવાર આપવામાં આવે છે. દરેક વાનમાં એક રજિસ્ટર્ડ વેટનરી પ્રેક્ટિશનર અને ડ્રાઇવર કમ ડ્રેસરની નિમણૂક કરવામાં આવેલ છે. આ યોજનામાં વર્ષ ૨૦૨૦-૨૧માં દૈનિક એવરેજ ૧૦.૭૩ કેસ અને માસિક ખર્ચ એવરેજ પ્રતિ વાહનદીઠ ૧.૨૨ લાખ રૂપિયા થયેલ છે. વર્ષ ૨૦૨૧-૨૨ માં દૈનિક કેસ એવરેજ ૧૭.૫ અને માસિક ખર્ચ એવરેજ પ્રતિ વાહનદીઠ રૂ. ૧.૦૫ લાખ રૂપિયા થયેલ છે. આમ, આ યોજનાનું વ્યવસ્થિત અમલીકરણ થઇ રહ્યું છે.

શ્રી સુખરામભાઇ હ. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, પશુપાલન મંત્રીશ્રીએ આખા રાજયના દવાખાનાની વિગત આપી દીધી. પ્રશ્ન સુરેન્દ્રનગર જિલ્લાનો સિમિત હતો અને સરકારે પોતે કયાં કયાં દવાખાનાં શરૂ કર્યાં, શું શું સેવા મળી શકે એની જાહેરાત કરી તો મારે એ જાણવું છે કે વડોદરા, છોટાઉદેપુર, નર્મદા, દાહોદ એટલે કે આદિવાસી વિસ્તારમાં તમે પશુઓની સારવાર માટે કેટલાં દવાખાનાં શરૂ કર્યાં? પશુ એ અબોલ પ્રાણી છે અને અબોલ પ્રાણી પોતાની વાચા આપી શકતું નથી, ત્યારે આ એક સેવા સારી કહી શકાય તો મારે આપની પાસેથી સ્પેસિફિક જાણવું છે કે આદિવાસી વિસ્તારમાં લક્ષ્યાંક પ્રમાણે કેટલા દવાખાનાં શરૂ કર્યાં અને કેટલા પશુઓને સારવાર મળી?

શ્રી રાઘવજીભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મેં જણાવ્યા પ્રમાણે આ રાજય સરકારે રાજયના તમામ વિસ્તારો એમાંય આદિજાતિ અને પછાત વિસ્તારોમાં તો પશુઓની સારવાર માટે વિશેષ સુવિધા ઉભી કરેલ છે. આ પ્રશ્ન સુરેન્દ્રનગર જિલ્લા પૂરતો હોઇ માનનીય વિપક્ષના નેતાશ્રીએ પૂછેલ પ્રશ્નનો જવાબ અલગ નોટિસથી આપીશું.

શ્રી નૌશાદ ભ. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, અમારા વિપક્ષના નેતા અગ્રણી સુખરામભાઇએ વાત કરી એમ કે પશુઓ અબોલ હોય છે અને પોતાની રીતે પોતાની તકલીફ જણાવી શકતા નથી. પ્રશ્ન સુરેન્દ્રનગર જિલ્લાનો છે અને સુરેન્દ્રનગર જિલ્લામાં ખૂબ વિશાળ સંખ્યામાં પશુપાલકો છે એમાંય ખાસ કરીને હું મારા મત વિસ્તારની વાત કરું તો દસાડા, પાટડી, લખતર, નળકાંઠો એમાં ખૂબ વિશાળ સંખ્યાની અંદર પશુપાલકો નિવાસ કરી રહ્યા છે. મારે આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને જણાવવું છે કે અમારા વિસ્તારમાં એવાં અનેક પશુ દવાખાનાઓ છે જેના કેટલાય સમયથી તાળાં પણ ખોલવામાં આવ્યાં નથી અને ત્યાં ઉભા રહેવાની પણ જગ્યા નથી અને સાવ જર્જરિત અવસ્થાની અંદર આવા પશુદવાખાનાં મારા મત વિસ્તારમાં અને આખા જિલ્લામાં આવેલા છે. મારે આપના માધ્યમથી એ જાણવું છે કે સુરેન્દ્રનગર જિલ્લાની અંદર જે ૨૦ પશુ દવાખાનાઓ છે એ ૨૦ પશુ દવાખાનાઓની અંદર કેટલા પશુ ચિકિત્સકો કાયમી નિમણૂક પામેલા છે રાજય સરકારના રાજય સેવક હોય તેવા, સંવર્ગવાર એનું મહેકમ કેટલું છે અને કેટલી જગ્યાઓ હાલ ખાલી છે? આ ઉપરાંત પણ એક પ્રશ્નના જવાબની હું અપેક્ષા રાખીશ આપની પાસેથી કે છેલ્લાં બે વર્ષની અંદર સુરેન્દ્રનગર જિલ્લાની અંદર સારવાર વગર કેટલા પશુઓના મૃત્યુ થયા? આ પ્રશ્નનો જવાબ આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી અમને જણાવે?

શ્રી રાઘવજીભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્ન સુરેન્દ્રનગર જિલ્લામાં ફરતાં પશુ દવાખાનાં એટલે કે મોબાઇલવાન પશુદવાખાનાં પૂરતો જ છે અને એના માટે માનનીય સભ્યશ્રીને જો માહિતી જોઇતી હશે તો અલગ નોટિસ આપે.

શ્રી નૌશાદ ભ. સોલંકી : મારો વિરોધ છે આની અંદર જે પ્રશ્ન પૂછ્યો છે....

અધ્યક્ષશ્રી : મંત્રીશ્રીએ જવાબ આપ્યો છે. ફ્રેશ નોટિસનું કહ્યું છે. આપ આપી શકશો. માનનીય સભ્યશ્રી નૌશાદભાઇ બેસો. શ્રી પ્રતાપભાઇ..

શ્રી પ્રતાપ દુધાત : શ્રી રાઘવજીભાઇ, એમ લાગે છે કે (અંતરાય) ...

અધ્યક્ષશ્રી : શ્રી પ્રતાપભાઇ, આપ વાત કરો. (અંતરાય) આપ બેસો. આપ ધારો એવો જવાબ ન મળે. મંત્રીશ્રી પાસે પ્રશ્નને અનુકૂળ હોય તેવો જવાબ જ મળે.

શ્રી પંકજભાઇ વિ. દેસાઇ : આમાંથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. પ્રશ્ન સ્પષ્ટ છે. એટલે આ આવી શકે નહીં.

અધ્યક્ષશ્રી : ફ્રેશ નોટિસનું કહેલ છે. એટલે આપની મરજી મુજબના જવાબની આશા રાખી શકો નહીં. ફ્રેશ નોટિસનું કહ્યુ છે આપ આપજો. કયાં વાંધો છે?(અંતરાય) માનનીય પુંજાભાઇ, આવો વિવાદ કરશો તો બીજા ઘણા બધા પ્રશ્નો છે. જયારે એમણે કહ્યું છે કે મોબાઇલ પશુ દવાખાનાનો જ વિષય છે. તો પછી બીજા વિષયનો પ્રશ્ન પૂછવાનો વિષય રહેતો નથી. મેં આપને કહ્યું છે. મંત્રીશ્રી આપને વિશેષ કઇ કહેવાનું છે? આપણે મંત્રીશ્રીને જવાબ માટે ફોર્સ કરી શકતા નથી. એમણે ફ્રેશ નોટિસની વાત કરી છે તો આપણે કરી શકતા નથી. પ્લીઝ બેસો. શ્રી નૌશાદભાઇ, પ્લીઝ આપ બેસો. શ્રી સુખરામભાઇ, તમારા સભ્યને સૂચના આપો આ રીતે બરાબર નથી. પોતાનો જ જવાબ આપવાનો આગ્રહ રાખવો તે બરાબર નથી.

શ્રી સુખરામભાઇ હ. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્ન એટલા માટે ઉપસ્થિત થાય છે કે આ રાજય સરકારના મંત્રીશ્રીઓ પોતાના વિભાગની જે સફળતાઓ છે એને પ્રશ્નના જવાબમાં લાવીને મૂકી દે છે. એમાંથી પ્રશ્ન ઉપસ્થિત થાય છે.

તમે ટૂંકો જવાબ આપશો તો અમારા સભ્યો પ્રશ્ન નહિ કરે. પણ તમે લાંબો જવાબ આપો છો, એટલા માટે પ્રશ્ન ઉભો થાય છે. એટલી અપેક્ષા રાખીએ છીએ કે અમારા સભ્યોના પ્રશ્નનો જવાબ આપે.

અધ્યક્ષશ્રી : આપને જવાબ આપવો છે? આપની વાત ફ્રેશ નોટિસ જ છે ને? શ્રી પ્રતાપભાઇ, ફ્રેશ નોટિસ આપો એમાં વાંધો શું છે? પ્રશ્નને અનુરૂપ હોય તે કરે. મંત્રીશ્રી આપે અલગ વાત છે. પ્રશ્ન નથી તો એનો જવાબ ન મળે. પ્રશ્ન પૂછવાનો છે તો આપ બોલો? બેસો. આપના સભ્ય પ્રશ્ન પૂછે છે. બેસો. શ્રી પ્રતાપભાઇ, બોલો. શ્રી નૌશાદભાઇ, બેસો. મંત્રીશ્રી ઉભા થયા છે. શ્રી નૌશાદભાઇ, આપ બેસો.

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી આ સનિષ્ઠ સભાગૃહને જણાવવા માગું છું કે સ્પીકર સાહેબનું રૂલિંગ એકવાર આવી જાય, માનનીય પ્રતાપભાઇ દુધાતનો નવો પ્રશ્ન પૂછાઇ જાય, એ પછી પ્રશ્નકાળ પૂરો થાય પછી તમે રજૂઆત કરી શકો છો.

અધ્યક્ષશ્રી : શ્રી નૌશાદભાઇ, મેં આપને ૪ વાર કહ્યુ છે. પ્લીઝ આપ બેસો. (અંતરાય) શ્રી પ્રતાપભાઇ, આપને પૂછવાનું છે? તો પૂછો?

શ્રી રાઘવજીભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્ન સુરેન્દ્રનગર જિલ્લાના ફરતાં દવાખાનાને લગતો છે. માનનીય સભ્યશ્રીને કહ્યું કે જવાબ જોઇતો હોય તો અલગ નોટિસ જોઇશે એનાથી આપવા માટે તૈયાર છીએ. આમાંથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**પાટણ જિલ્લામાં સરકારના વિભાગોને જાહેર હેતુ માટે જમીનની ફાળવણી**

* ૪૨૦૦૫ **શ્રી વલ્લભભાઈ કાકડીયા** (ઠક્કરબાપાનગર) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં પાટણ જિલ્લામાં ગુજરાત જમીન મહેસૂલ નિયમો-૧૯૭૨ના વહીવટી હુકમ-૩ હેઠળ સરકારના વિભાગોને જાહેર હેતુ માટે જમીન ફાળવણીની કેટલી દરખાસ્તો મળી, | (૧) ૮૩. |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી દરખાસ્તો મંજૂર કરવામાં આવી, અને | (૨) ૬૪. |
| (૩) મંજૂર કરેલ દરખાસ્તો પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જમીન ફાળવવામાં આવેલ છે ? | (૩) ૪,૩૧,૮૦૨.૧૫ ચો.મી. |

શ્રી વલ્લભભાઇ ગો. કાકડીયા : માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય)

અધ્યક્ષશ્રી : શ્રી સુખરામભાઇ.

શ્રી પંકજભાઇ વિ. દેસાઇ : ના ભાઇ ના, એવું ના હોય.

અધ્યક્ષશ્રી : એકવાર માનનીય મંત્રીશ્રીએ કહી દીધું કે તમે અલગથી નોટિસ આપો. જે પ્રશ્નનો જવાબ હતો તે તેમણે આપી દીધો છે. તેના માટેનો આવી રીતનો આગ્રહ તમે રાખો તે નિયમ મુજબ નથી. બિલકુલ નથી. બિલકુલ નથી. હું પણ મંત્રીશ્રીને જવાબ આપવાનો આગ્રહ કરી શકતી નથી.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : *(xxx) (સતત અંતરાય)

અધ્યક્ષશ્રી : બેસો બધા.

શ્રી પંકજભાઇ વિ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, આ રીતે ઉભા થઇને અમારા મંત્રી માટે આવા શબ્દો વાપરે તે બિલકુલ અયોગ્ય છે. આ ચલાવી લેવાય નહીં.

અધ્યક્ષશ્રી : આપ બેસો.

શ્રી પંકજભાઇ વિ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહનું અવમાન છે.

અધ્યક્ષશ્રી : હું ઉભી છું. આપ બેસો. પ્લીઝ આપ બેસો હું કહું છું. તમને તક આપું છું. આપ બેસો. આપને ચર્ચા કરવાની તક આપું છું. આપ બેસો. આપ બધા બેસો. બેસો આપ. શ્રી નૈશાદભાઇ, પહેલા તો આપ આપની જગ્યા પર જાઓ.

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, ...

શ્રી પંકજભાઇ વિ. દેસાઇ : પહેલા માફી મંગાવો સાહેબ. માફી માગે.

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, જે શબ્દો બોલાયા છે તે માનનીય સભ્યને આપના અધિકારની રૂએ આજના દિવસ માટે સસ્પેન્ડ કરવા જોઇએ. (સતત અંતરાય) આપના અધિકારની રૂએ આપે સસ્પેન્ડ કરવા જોઇએ અને તે શબ્દો તો દૂર કરવા જ જોઇએ. આવું ના બોલાય. એક ધારાસભ્ય તરીકે ચૂંટાઇને આવ્યા છે. તેમના માટે આવું ના બોલાય.

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

## તારાંકિત પ્રશ્નો

શ્રી પંકજભાઇ વિ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, તેમને પ્રજાએ ચૂંટ્યા છે.

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, આ સિસ્ટમ નથી. તમારો વિરોધ હોઇ શકે પણ આ શબ્દો વપરાય? એક ધારાસભ્ય માટે વાપરો છો. આપણા માટે તમે આવા શબ્દો વાપરશો?

શ્રી પંકજભાઇ વિ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, એક સભ્યને તમે *(xxx) કહો છો?

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, આવું ના બોલાય. એ એવું કશું બોલ્યા નથી. એ જે બોલ્યા છે તે બાબતમાં તમારે જે કહેવું હોય તે કહો, પણ તમે આ માનનીય સભાગૃહના દરેક સભ્યને તમે *(xxx) કીધા છે. તમે તમારી જાતને *(xxx) કીધા છે. આવું ના હોઇ શકે. આ રીતે સભાગૃહ ના ચાલી શકે. આપે નિર્ણય લેવો પડશે.

અધ્યક્ષશ્રી : આપ બધા બેસો. અંદર અંદર ક્રોસટોક બંધ કરીને આપ બધા બેસો.

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, આ તેમણે જે શબ્દો વાપર્યા છે તેમાં આપણા બધાનું અપમાન છે. એ શબ્દોની ચર્ચા થઇ શકે. આ શબ્દોનો બચાવ ના થઇ શકે. આ શબ્દોની ચર્ચા થઇ શકે, આ શબ્દોનો બચાવ ના થઇ શકે. આપણે કયા શબ્દોનો બચાવ કરીએ છીએ? આવું ના હોય. આપે કોઇ સ્ટ્રોંગ નિર્ણય લેવો પડે. નહીં તો, આવા શબ્દો કોઇ સંજોગોમાં વાપરી શકાય નહીં. આ ગૃહે આવા શબ્દો કદી સાંભળ્યા નથી. અસંસદીય શબ્દોની અંદર પણ આવા શબ્દો કોઇ બોલ્યું નથી. આવું હોય કઇ? (અંતરાય) પાછું તમે પણ આવું? તમે પણ આવું... આપ પણ આવું બોલશો? આવું ના બોલાય. તમે એટલું તો કબૂલ કરો કે આવું ના બોલાય. આ શબ્દો ના બોલાય. આ શબ્દો ના બોલાય. આ આપણા બધાને લાગુ પડે છે. આ આપણા બધાને લાગુ પડે છે, તમારા સહિત બધાને લાગુ પડે છે. આવા શબ્દોને તમે સમર્થન ન આપશો. તેની ચર્ચા થઇ શકે, હું ના નથી કહેતો. તેની ચર્ચા થઇ શકે, તેની ચર્ચા થઇ શકે પણ આ શબ્દો તો ક્યારેય.... આ લોકશાહી પરંપરામાં આપણે પાર્લામેન્ટરી સિસ્ટમની અંદર...

અધ્યક્ષશ્રી : આપ સૌ બેસો. આપ સૌ બેસો. માનનીય સંસદીય મંત્રીશ્રી રાજેન્દ્રભાઇએ જે વાત કરી છે, શ્રી પુંજાભાઇ, તમે આવા જે શબ્દો બોલ્યા છો, આપ જેવા સિનિયર સભ્ય આવા શબ્દો બોલે તેવી અપેક્ષા ના હોય. ગૃહની અંદર કોઇ પણ સભ્ય માટે આપ આવી વાત કરો એ કોઇ પણ રીતે યોગ્ય નથી. આપ આ શબ્દો પાછા ખેંચો નહીં તો હું રેકોર્ડ ઉપરથી દૂર કરીશ. આપ પાછા ખેંચતા હોય તો ખેંચો. શ્રી પુંજાભાઇ, આપ જે શબ્દો બોલ્યા છો એ માટે આપે દિલગીરી વ્યક્ત કરવી જોઇએ અને આવા શબ્દો કદાચ આક્રોશમાં આપ બોલી ગયા હોય તો પણ દિલગીરી વ્યક્ત કરવી જોઇએ. આપણે ગૃહની અંદર બેઠા છીએ અને ગૃહમાં આવી વાત કરવી એ યોગ્ય નથી. આટલા સિનિયર સભ્ય થઇને આપ આવા શબ્દો વાપરો છો? આપ બેસો, (અંતરાય) આપ બધા બેસો, પ્લીઝ, બધા બેસો.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, મેં જે શબ્દ પ્રયોગ કર્યો છે એ હું પાછા ખેંચું છું અને હું દિલગીરી વ્યક્ત કરું છું પણ, આપના મારફત માનનીય સરકારશ્રીને વિનંતી કરું છું કે, માનનીય ગૃહ મંત્રીશ્રી *(xxx)(અંતરાય) ...

અધ્યક્ષશ્રી : એ ચર્ચા ન થઇ શકે. આપ શબ્દો પાછા ખેંચો છો? દિલગીરી વ્યક્ત કરો છો?

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, દિલગીરી વ્યક્ત કરું છું મેં કહી દીધું છે. *(xxx)

શ્રી પંકજભાઇ વિ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, એમના વિશે કાંઇ પણ ન બોલી શકે. શબ્દો એલાઉ ના કરો.

અધ્યક્ષશ્રી : આપના એ શબ્દો હું રેકોર્ડ ઉપરથી દૂર કરું છું. આવું આપ ન બોલી શકો. કોઇ પણ માનનીય સભ્ય માટે આવી ચર્ચા કરવાનું આપને હું એલાઉ કરતી નથી. પ્લીઝ, આપ બેસો. બધા બેસો, પ્લીઝ આપ બધા બેસો, માનનીય હર્ષભાઇ આપ પણ બેસો, આપણે વિવાદ નથી કરવો. પ્રશ્નોતરીનો અગત્યનો સમય છે. મેં એમને તમારા વતી કહી દીધું છે, આપ બેસો. પ્રશ્ન ક્રમાંક ર. હવે ક્રોસ ટોક બંધ કરો પ્લીઝ, આપ સૌ બેસો, પ્રશ્નોતરીનો અડધો કલાક પૂરો થવા આવ્યો છે તમે પ્લીઝ બેસો, એમણે શબ્દો પાછા ખેંચ્યા છે અને એ પાછળથી જે બોલ્યા છે એ મેં રેકોર્ડ પરથી દૂર કર્યા છે.

શ્રી વલ્લભભાઇ ગો. કાકડીયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મહેસૂલ મંત્રીશ્રી અને માનનીય મુખ્ય મંત્રીશ્રીએ મહેસૂલ મેળાઓનું દરેક જિલ્લામાં શરૂ કરવાનું આયોજન કરેલ છે એ બદલ હું એમને અભિનંદન આપુ છું. માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, વહીવટી હુકમ ૩ હેઠળ સરકારના જાહેર હેતુ માટે જમીન ફાળવવામાં આવે છે તેના સરળીકરણ અને પારદર્શીતા માટે સરકારે ઓનલાઇન શું સિસ્ટમ કરી છે?

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે જાણવા માગ્યું છે અને આપણે બધા જાણીએ છીએ કે મહેસૂલમાં હવે બધું જ ડિજિટિલાઇઝેશન થઇ રહ્યું છે. વહીવટી હુકમ ૩ હેઠળ સરકારના વિભાગ જ્યારે જાહેર હેતુ માટે આ જમીન ફાળવવા માટેની સરળીકરણનો પ્રશ્ન પૂછ્યો છે એના માટે ઓનલાઇન સિસ્ટમની બાબત છે જે આપણા સૌના જાણમાં હોવી જોઇએ. રાજય સરકારના તા.૨૩-૨-૨૦૨૨ના પરિપત્રથી સરકારના વહીવટી વિભાગો તથા તેમના હસ્તકની ખાતા કચેરીઓ સરકારી જમીનની ફાળવણી માટે અને ફાળવણી ઝડપથી થાય અને સમગ્ર રાજયમાં જમીન ફાળવણીના ધોરણોમાં એકસૂત્રતા જળવાય તે માટે કાર્યપદ્ધતિ ઓનલાઇન કરવામાં આવેલી છે અને જે પદ્ધતિ નીચે મુજબ છે. સરકારના વહીવટી વિભાગો તથા તેમના હસ્તકની ખાતાની કચેરીઓ સરકારી જમીન મેળવવા માટે એસ.જી.ટી.પી. આઇઓરા ગુજરાત ડોટ ગવર્મેન્ટ ડોટ ઇન (sgtp.iora gujrat.gov.in) પોર્ટલ પર ઓનલાઇન અરજી કરવાની રહે છે. મામલતદાર સિટી સરવે

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

સુપ્રિન્ટેન્ડન્ટ દ્વારા માગણીવાળી જમીનની સ્થળ મુલાકાત થાય છે, માગણીવાળી જગ્યાએ વર્ગ ૧ અને ૨ ના જવાબદાર અધિકારીની હાજરીમાં તે મુલાકાત હોય છે. મામલતદાર અથવા તો સિટી સરવે સુપ્રિન્ટેન્ડન્ટ દ્વારા નિયત નમૂનામાં તમામ વિગતો પ્રાન્ત અધિકારીને તથા પ્રાન્ત અધિકારીશ્રીએ નિયત નમૂનામાં ઓનલાઇન વિગતો કલેકટરશ્રીને દરખાસ્ત સ્વરૂપે મોકલવાની હોય છે. ગુજરાત જમીન મહેસૂલ નિયમોના વહીવટી હુકમ ૩ હેઠળ ૧ હેકટર એટલે કે ૧૦ હજાર ચોરસ મિટર સુધીની મર્યાદામાં સરકારી જમીન સંબંધિત કલેકટરે પોતાની કક્ષાએ નિયમ અનુસાર નિર્ણય લેવાનો રહે છે. અને ૧ હેકટર કરતા વધુ ક્ષેત્રફળવાળી જમીન અંગે સંબંધિત કલેકટર કચેરી દ્વારા અરજી ચકાસણી કરી નિયત નમૂનામાં ઓનલાઇન દરખાસ્ત મહેસૂલ વિભાગને કરવાની રહે છે, જે અંગે દરેક કલેકટરશ્રીઓના લોગઇન આઇડી પર તૈયાર કરેલ છે તેમાં મોકલી આપવામાં આવે છે.

શ્રી સુરેશભાઇ ધ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, આ વહીવટી વિભાગોને જે જાહેર હેતુ માટે જમીન ફાળવવામાં આવે છે તેમાં ગૌચરની જમીન હોય છે ? અને જો હોય તો સરકારની ગૌચરની નીતિ શું છે ?

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, મહત્ત્વનો પ્રશ્ન છે અને હંમેશા આ સન્માનનીય સભાગૃહની અંદર ગૌચરની બાબતમાં ઘણી બધી ચર્ચાઓ ભૂતકાળમાં પણ થઇ છે પરંતુ આ જે પ્રશ્ન છે કે, ગૌચરની જમીન જે ફાળવવામાં આવે છે તેની નીતિ શું છે એ જાણવી પણ એટલા માટે જરૂરી છે કે, જમીન આપવામાં આવે છે જે પ્રશ્ન છે તેનો જવાબ છે હા અને બીજા પ્રશ્નમાં વહીવટી હુકમ-૩ હેઠળ રાજય સરકારના વિભાગો અથવા ખાતાઓના વડાઓ કચેરીની પ્રવૃત્તિ, કચેરી બાંધકામ માટે ગુજરાત જમીન મહેસૂલ નિયમનના વહીવટી હુકમ-૩ હેઠળ ૧ હેકટર એટલે મેં અગાઉ કહ્યું તેમ ૧૦,૦૦૦ ચો.મીટર સુધીની મર્યાદામાં સરકારી જમીન સંબંધિત કલેકટર તરફથી ઉપરની જમીનની માગણી હોય ત્યારે રાજય સરકાર દ્વારા સરકારી જમીનની ફાળવણી અંગે નિર્ણય લેવામાં આવે છે. આ રીતે વહીવટી હુકમ-૩ હેઠળ જમીન ફાળવવાના પ્રસંગે જો ગૌચરની જમીન આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થાય તો રાજય સરકારના ૯-૩-૨૦૧૬ના સુધારા ઠરાવની નીતિ અનુસાર અનિવાર્ય સંજોગોમાં રાજય સરકારની કચેરીઓ, મકાનો, રસ્તાઓ, પુલ વગેરે જાહેર હિત માટે ગૌચરની જમીનના ઉપયોગના પ્રસંગે ગૌચરના ધોરણો જળવાઇ રહે એ હેતુસર અન્ય સરકારી પડતર જમીન ગૌચર સદરે નીમ કરવાની રહે છે અને આ કિસ્સામાં જમીનની કિંમત તેમજ ૩૦ ટકા જંત્રી કિંમત વસૂલ કરવાની રહેતી નથી.

ડો. સી. જે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, આ જાહેર હેતુ માટે જમીન ફાળવવામાં આવે છે અને માનનીય મંત્રીશ્રીએ કહ્યું રોડ, રસ્તા હું પાટણ જિલ્લામાં જે ૮૩ અરજીઓ મળી અને જે જાહેર હેતુ માટે મંજૂર કરી અને કેટલીક નામંજૂર કરી છે તો જાહેર હેતુ માટે નામંજૂર કેમ કરી ? કારણ કે સરકારી વિભાગો માટે હશે નહીં તો રોડ, રસ્તા માટે હશે. તો કઇ કઇ નામંજૂર કરી અને મંજૂર કરી તેમાંથી ગૌચરમાંથી પસાર થતી હોય અને આપે કહ્યું તેમ ગૌચરની જમીન જેટલી કપાતી હોય એટલી બીજા સરવે નંબરમાં નીમ કરી દેવામાં આવે છે તો નીમ કરી છે કે કેમ ?

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, દરખાસ્ત તો આવા સંજોગોમાં નામંજૂર કરવાનાં જે કારણો છે એમાં આ ખૂબ લાંબો વિષય છે, પ્રશ્ન નાનો છે પણ જેમ આપણે દરેક વખતે પરીક્ષામાં પ્રશ્ન નાનો લાગતો હોય પણ જવાબ વિગતવાર લાંબો આપીએ તો જ પૂરાં માર્કસ મળે.

માનનીય અધ્યક્ષશ્રી, માગણી થયેલ જમીન સ્મશાન સદરે નીમ થયેલી હોય તો, તળાવ સદરની હોવાથી ઓવરલેપ બેવડાતી થતી જમીન હોય તો, લિટિગેશનવાળી જમીનની માગણી હોય તો, માગણી મુજબની જમીન સ્થાનિકે ઉપલબ્ધ ન હોવાથી નગરપાલિકા હસ્તકની જમીનની માગણી અને નગરપાલિકાએ ઉકત જાહેર હેતુ માટે ઉપયોગ કરવાનો હોવાથી અન્ય ખાતાના નામે ચાલતી જમીનની માગણી અને સંબંધિત ખાતાની અનુમતિ ન હોવાના કારણોસર કુલ-૧૯ દરખાસ્તો દફતરે કરવામાં આવેલ છે, જેની વિગતો નીચે મુજબ છે.

- સ્મશાન સદરેની થયેલી જમીનની માગણીવાળી કુલ-૨ દરખાસ્તો દફતરે કરેલ છે.

-તળાવ સદરની જમીનની માગણી આપણે જાણીએ છીએ કે નામદાર સુપ્રીમ કોર્ટે પણ કહ્યું છે કે વોટર બોડી હોય એલોટ ના થઇ શકે. તળાવ સદરની જમીનની માગણીવાળી કુલ-૨ દરખાસ્તો દફતરે કરેલ છે.

-અન્ય જાહેર ખાતાની માગણી બેવડાતી હોય ૩ દરખાસ્તો દફતરે કરેલ છે.

-કોર્ટ કેસ, લિટિગેશન અન્વયે ૧ દરખાસ્ત હાલ પૂરતી અરજી દફતરે કરેલ છે.

-નગરપાલિકામાં નીમવાળી જમીન અંગે ૧ દરખાસ્ત ભવિષ્યમાં નગરપાલિકાના જાહેર હેતુ માટે ઉપયોગી હોય છે દફતરે કરેલ છે.

-અન્ય બાબતો જેવી કે માગણીવાળી જગ્યાએ યોગ્ય ના હોય અથવા સ્થળે પૂરતી જમીન ઉપલબ્ધ ના હોય અને તેની સ્પષ્ટતા ના થતી હોય અન્ય કારણોસર આ ૧૦ દરખાસ્તો દફતરે કરવામાં આવેલી છે.

શ્રી અરવિંદકુમાર ગાં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માંગુ છું કે સરકારી જમીન વહીવટી હુકમ (૩) હેઠળ જમીન ફાળવવા અંગેની શું જોગવાઇ કરવામાં આવેલ છે અને જમીન ફાળવવા સામે કોઇ કિંમત ચૂકવવામાં આવે છે કે કેમ? મારો બીજો પ્રશ્ન એ છે કે શહેરી વિસ્તારમાં યુ.એલ.સી. કાયદા હેઠળ જે જગ્યા સરકાર

હસ્તક થઇ હોય એ જગ્યા સામાજિક ટ્રસ્ટો, એજ્યુકેશન અને આરોગ્યલક્ષી સેવાકીય કામ માટે જો માંગણી કરે તો એમાં સરકાર જગ્યા ફાળવે છે કે કેમ અને ફાળવે તો કઇ કિંમત લઇએ છીએ અને એ જગ્યા કેવી રીતે ફાળવવામાં આવે છે?

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ધારાસભ્યશ્રી અરવિંદભાઇનો પ્રશ્ન અગત્યનો છે. પહેલાં હું બીજા પ્રશ્નનો જવાબ આપી દઉં. બીજો પ્રશ્ન અત્યારે લાગુ પડતો નથી અને વહીવટી હુકમ - (૩) હેઠળ જમીન ફાળવવાની જોગવાઇની જે વાત છે એમાં જમીન મહેસૂલ નિયમો - ૧૯૭૨ના પ્રકરણ - ૨માં વહીવટી હુકમની સમજૂતી આપવામાં આવેલ છે. જેમાં વહીવટી હુકમ - (૩) અન્વયે કલેક્ટર સરકારી જમીન બીજા ખાતાઓને તબદીલ કરી શકે છે. સરકાર કલેક્ટરને રાજ્ય સરકારના બીજા ખાતાઓએ મહેસૂલ વિભાગને સુપરત કરેલ જમીન સ્વીકારવા અંગે અધિકૃત પણ કરે છે. આમ, ગુજરાત જમીન મહેસૂલ નિયમ - ૧૯૭૨ના પ્રકરણ -૨માં જણાવેલ વહીવટી હુકમ - (૩) હેઠળ સરકારી જમીન રાજ્ય સરકારના વિભાગોને કચેરી પ્રવૃત્તિ, કચેરી બાંધકામ, સરકારી શાળા-કૉલેજો, સરકારી દવાખાનાં, આરોગ્ય કેન્દ્રો, આંગણવાડી વગેરે સાર્વજનિક હેતુ માટે તબદીલ કરવામાં આવે છે. મહેસૂલ વિભાગના તા.૧૮/૧/૨૦૦૮ના પરિપત્રથી રાજ્ય સરકારના વિભાગોને કચેરી પ્રવૃત્તિ, કચેરી બાંધકામ માટે કલેક્ટરશ્રી દ્વારા જમીન ફાળવવાના પ્રસંગે જરૂરી સૂચનાઓ પરિપત્રિત કરવામાં આવેલ છે. જેમાં આવી જમીનો કલેક્ટરશ્રીઓ દ્વારા કચેરી પ્રવૃત્તિ તથા કચેરીના બાંધકામ માટે જ આપવી તથા આ પ્રકારની જમીન કોઇ પણ પ્રકારની તબદીલી કે હેતુફેરને પાત્ર થતી નથી. જો તબદીલી કે હેતુફેર થાય તો મહેસૂલ વિભાગને પરત કરવાની રહેશે. વધુમાં આ જમીન અંગે ગામના નમૂના નં - ૭/૧૨માં શ્રી સરકાર તથા બીજા હક્કમાં વિભાગ/ખાતાનું નામ દર્શાવવાનું હોય છે. આ આ પ્રકારે જમીન ફાળવવાના પ્રસંગે આવી જમીન રાજ્ય સરકારના અન્ય વિભાગમાં તથા તેઓ હસ્તકના ખાતાઓની કચેરી પ્રવૃત્તિ, કચેરી બાંધકામ માટે ફાળવવાની થતી હોઇ કોઇ કિંમત વસૂલવામાં આવતી નથી.

શ્રી ચંદનજી ત. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે પાટણ જિલ્લામાં તાલુકાવાર કેટલી જમીન ક્યા હેતુ માટે ફાળવવામાં આવી? બીજું કે બાકી રહેલ ક્યા કારણોસર જમીન ફાળવવામાં આવેલ નહિ અને મંજૂર કરેલ જમીનની વિઘાદીઠ કેટલી રકમ મંજૂર કરવામાં આવી? મારો બીજો પ્રશ્ન એ છે કે અનેક પ્રકારની ઓફિસો માટે લોકોને પાલનપુર અને મહેસાણા જવા માટે મજબુર બનવું પડતું હોય છે. તો એના માટે સરકારી જમીન ફાળવી આ ઓફિસો પાટણમાં ટ્રાન્સફર કરવા માગીએ છીએ કે કેમ?

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, સામાન્ય રીતે આવા પ્રશ્નો સરકાર પક્ષે માનનીય ધારાસભ્યશ્રીઓ પૂછતા હોય છે. હું આપને અભિનંદન આપું છું કે આપે આ પ્રશ્ન પૂછ્યો. આનો જવાબ લાંબો છે. જો આપ કહો તો ટેબલ કરી દઉં અને જો આપ સાંભળવા માંગતા હોય તો સંભળાવું?

શ્રી ચંદનજી ત. ઠાકોર : જવાબ આપો.

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : ફાળવણી કરેલ જમીન ક્ષેત્રનું ક્ષેત્રફળ - ૧૦૦૦૦ ચો.મી.

સંસ્થાની કચેરીનું નામ : પોલીસ અધિક્ષકશ્રી, પાટણ. ફાળવણીનો હેતુ : બાલિસણા પોલીસ સ્ટેશનના કર્મચારી/અધિકારીઓના ક્વાર્ટ્સ અને પરેડ ગ્રાઉન્ડ માટે.

જમીનનું સદર : ગૌચર, પ્રતિ ચોરસ મીટર વસૂલેલી કિંમત : વિનામૂલ્યે, વહીવટી હુકમ - (૩) હેઠળ વિનામૂલ્યે આપવાની થતી હોઇ.

**સિદ્ધપુર**

તા. - સિદ્ધપુર, ગામ - સિદ્ધપુર, ફાળવણી કરેલ જમીન ક્ષેત્રનું ક્ષેત્રફળ - ૫૨૮.૯૬ ચો.મી.

સંસ્થાની કચેરીનું નામ : નોંધણી નિરીક્ષકશ્રી, પાટણની ઓફિસ માટે

ફાળવણીનો હેતુ : સિદ્ધપુર મૉડેલ સબરજિસ્ટ્રાર કચેરીના મકાન બાંધકામ માટે

જમીનનું સદર : શ્રી સરકાર, પ્રતિ ચોરસ મીટર વસૂલેલી કિંમત : વિનામૂલ્યે, એવી જ રીતે સમીમાં દુધખા ગામે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, પાટણ પંચાયત, પાટણ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મકાન બાંધકામ માટે જમીનનું સદર શ્રી સરકાર વહીવટી હુકમ-૩ હેઠળ.

શ્રી જગદીશ ઇ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, પાટણ જિલ્લામાં વર્ષ ૨૦૨૦-૨૧માં કયા વિભાગને કયા હેતુ માટે કેટલી જમીન ફાળવવામાં આવેલ છે?

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : અડધું વાંચ્યું છે. બાકીનું પૂરું કરું. રાધનપુર-નોંધણી નિરીક્ષકશ્રી પાટણ, રાધનપુર મોડલ સબરજિસ્ટ્રાર કચેરીના મકાન બાંધકામ માટે જમીનનું સદર શ્રીસરકાર વહીવટ હુકમ-૩ અન્વયે. કમલીવાડામાં નાયબ પશુપાલન નિયામક ઘનિષ્ઠ પશુ સુધારણા યોજના પાટણ માટે એક હજાર ચોરસ મીટર પશુ દવાખાનાના મકાન બાંધકામ માટે ગૌચરની જમીન અને વિનામૂલ્યે વહીવટી હુકમ-૩ હેઠળ. એવી જ રીતે વારેડા સરસ્વતી તાલુકામાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, જિલ્લા પંચાયત-પાટણ પેટા આરોગ્ય કેન્દ્રના મકાન બાંધકામ માટે જમીનનું સદર શ્રીસરકાર વિનામૂલ્યે વહીવટી હુકમ-૩ હેઠળ. તેવી જ રીતે હારીજમાં મામલતદારશ્રી-હારીજ, તાલુકા સેવા સદનના મકાન બાંધકામ માટે જમીનનું સદર- શ્રીસરકાર વિનામૂલ્યે આપવામાં આવેલ છે.

શ્રી કિરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, આ જમીન ફાળવવાની કામગીરી પૂરી થઈ જાય છે, પણ વર્ષ ૧૯૯૭માં પાટણ જિલ્લો બન્યો, જમીન ફળવાઇ ગઈ, તેમાંથી

મોટાભાગની જમીનોના નકશા હજુ મળ્યા નથી એવી ફરિયાદો છે અને તેના લીધે બાંધકામ થઈ શકતા નથી. જેની માપણી બાકી હોય તે સત્વરે પૂર્ણ કરી અને દા.ત, મહેસૂલી કર્મચારીઓ માટે જમીન ફાળવાઈ ગઈ પણ તેના મકાનો હજુ બન્યા નથી તેના લીધે કર્મચારીઓને તકલીફ થાય છે તો આવું બાંધકામ ઝડપી પૂર્ણ કરવા માગો છો કે નહિ?

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, જે પ્રશ્ન પૂછાયો છે તે સૂચન છે અને ત્યાંના મારા મહેસૂલી કર્મચારીઓને ગમે તેવો આ પ્રશ્ન છે પરંતુ લાગુ પડતો નથી એટલે જવાબ આપવાનો રહેતો નથી. ધન્યવાદ.

**અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં મનરેગા યોજના અંતર્ગત નાણાંની ફાળવણી**

* ૪૦૯૭૪ **શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર** (મોડાસા) : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં વર્ષવાર, જિલ્લાવાર મનરેગા યોજના અંતર્ગત કેટલા નાણાંની ફાળવણી કરવામાં આવી,

(૨) ઉક્ત જિલ્લાવાર ફાળવેલ નાણામાંથી ઉક્ત વર્ષવાર કેટલા માનવદિનની રોજગારી ઉભી થઇ,

(૩) ઉક્ત સ્થિતિએ એક માનવદિનની રોજગારીના દર શું નક્કી કરવામાં આવેલ છે, અને

(૪) ઉક્ત દર ક્યારથી અમલમાં છે ?

**જવાબ**

(૧) મનરેગા યોજના અંતર્ગત ભારત સરકાર દ્વારા મળેલ ગ્રાન્ટ અન્વયે રાજ્ય કક્ષાએથી કોઈપણ પ્રકારની ગ્રાન્ટ જિલ્લાવાર ફાળવવામાં આવતી નથી, પરંતુ જિલ્લાવાર લાભાર્થીના ખાતામાં રકમ સીધી જ ફંડ ટ્રાન્સફર ઓર્ડર (FTO) દ્વારા જમા થાય છે.

(૨) જિલ્લાવાર લાભાર્થીના ખાતામાં રકમ સીધી જ ફંડ ટ્રાન્સફર ઓર્ડર (FTO) દ્વારા જમા થાય છે તે પૈકી ઉક્ત જિલ્લાવાર નાણાંકીય વર્ષવાર નીચેની વિગતે માનવદિનની રોજગારી ઉભી થઇ.

| ક્રમ | જિલ્લો | ઉભી થયેલ માનવદિન રોજગારી | | |
|---|---|---|---|---|
| | | વર્ષ ૨૦૨૦-૨૧ | વર્ષ ૨૦૨૧-૨૨ (તા.૩૧/૧૨/૨૦૨૧ અંતિત) | કુલ |
| ૧ | અરવલ્લી | ૧૮૩૧૭૫૩ | ૨૩૮૭૩૧૬ | ૪૨૧૯૦૬૯ |
| ૨ | સાબરકાંઠા | ૨૦૨૦૧૨૭ | ૧૪૦૭૬૩૪ | ૩૪૨૭૭૬૧ |
| | **કુલ..** | **૩૮૫૧૮૮૦** | **૩૭૯૪૯૫૦** | **૭૬૪૬૮૩૦** |

**નોંધઃ-** મનરેગા સોફ્ટમાં નાણાંકીય વર્ષ મુજબ માહિતી ઉપલબ્ધ

(૩) રૂ. ૨૨૯/-

(૩) તા.૦૧-૦૪-૨૦૨૧ થી.

શ્રી રાજેન્દ્રસિંહ શિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, જિલ્લાવાર લાભાર્થીઓના ખાતામાં રકમ સીધી જ ફંડ ટ્રાન્સફર ઓર્ડર (FTO) દ્વારા જમા થાય છે, પરંતુ અમારા અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા ૯૦ દિવસથી લાભાર્થીઓના લેબરના પૈસા, ફંડ રકમ ટ્રાન્સફર થયેલ નથી તો આ વિલંબ થવાનું કારણ શું અને આ યોજના હેઠળ કામ કર્યાના ૧૪ દિવસમાં જો લાભાર્થીઓને પેમેન્ટ ન ચૂકવવામાં આવે તો તેના મૂળ વેતનના ૫૦ ટકા રકમ લાભાર્થીઓને ચૂકવવાની હોય છે તો આવા વિલંબ થવાના કારણે જે લાભાર્થીઓને રોજગારીની ચૂકવણી ન કરેલ હોય તેને આ એક્ટ પ્રમાણે પેમેન્ટ ચૂકવવા માગો છો કે કેમ? મટીરિયલના પૈસા પણ છેલ્લા છ માસથી ચૂકવવામાં આવ્યા નથી તો આ રકમ ચૂકવવા માગો છો કે કેમ? અને વધતી જતી મોંઘવારીમાં માનવદિન રોજગારીના દરમાં કોઈ વધારો કરવા માગો છો કે કેમ?

શ્રી અર્જુનસિંહ ઉ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછ્યો છે તે મુજબ છેલ્લા ત્રણ મહિનાથી કેન્દ્ર સાથે પત્ર વ્યવહાર થયો છે અને નવી પદ્ધતિ મુજબ આ ગ્રાન્ટની ફાળવણી થવાની છે અને આજે જ તેની વિશેષ બેઠક પણ કેન્દ્રમાં છે. કેન્દ્રના મંત્રીશ્રી સાથે હું સતત સંપર્કમાં છું અને મારા વિભાગના સચિવશ્રીઓ પણ ગ્રાન્ટની ઝડપથી ફાળવણી થાય તેની ચિંતા કરે છે. રૂ. ૧૭૪ કરોડ છેલ્લા ત્રણ મહિનાથી બાકી છે. એ ઝડપથી ચૂકવણી થાય એવો અમારો પ્રયત્ન છે. બીજુ કે ૭ સપ્ટેમ્બર ૨૦૦૫થી જે મનરેગા યોજના અમલમાં આવી ત્યારે રકમ રૂપિયા ૧૦૦/- થી શરૂઆત થયેલી અને છેલ્લે વર્ષ ૨૦૨૧માં રૂપિયા ૨૨૯/- જેવી રકમ પ્રતિદિન આ સરકારમાં ચૂકવવામાં આવે છે.

શ્રી રાજેન્દ્રસિંહ શિ. ઠાકોર : ૫૦ ટકા પ્રમાણે રોજગારી ચૂકવવા માગે છે કે કેમ? આ મારો પ્રશ્ન છે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી.

શ્રી અર્જુનસિંહ ઉ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, નિયમ પ્રમાણે છે, એની પણ ચર્ચા થઇ છે અને હું હમણાં બોલ્યો એમ આજે એની કેન્દ્રમાં વિશેષ બેઠક છે અને ઝડપથી નિર્ણય આવી જશે અને જે છે એ રીતે એ લોકોને મળશે.

## તારાંકિત પ્રશ્નો

શ્રી કિશોર બા. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, વર્ષ ૨૦૨૦-૨૧ના સમય દરમિયાન તાલુકાવાર કુલ કેટલો ખર્ચ થયેલ છે? તેની માહિતી આપે.

શ્રી અર્જુનસિંહ ઉ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, અરવલ્લી જિલ્લામાં, માનનીય સભ્યશ્રીએ જે માહિતી માંગી એમ બાયડ, ભિલોડા, ધનસુરા, માલપુર, મેઘરજ અને મોડાસા, આ ૬ તાલુકામાં તાલુકાવાર જોઇએ તો, બાયડ તાલુકામાં રૂપિયા ૩૨૩ લાખ જેટલો ખર્ચ થયેલ છે. ભિલોડામાં રૂપિયા ૭૫૫ લાખ, ધનસુરામાં રૂપિયા ૧૫૮ લાખ, માલપુરમાં રૂપિયા ૩૬૮ લાખ, મેઘરજમાં રૂપિયા ૨૦૧૯ લાખ અને મોડાસામાં રૂપિયા ૫૩૦ લાખ, એમ કુલ મળીને રૂપિયા ૪૧ કરોડ ૭૬ લાખ જેટલો ખર્ચ થયેલ છે.

શ્રી સુખરામભાઇ હ. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, આ મનરેગા યોજના યુ.પી.એ. સરકાર વખતે ગામડામાં ગરીબોને રોજગારી મળી રહે, સ્થાનિક કક્ષાએ જ રહેવું પડે અને બહાર ન જવું પડે એટલા માટે આ શરૂ કરવામાં આવી. મંત્રીશ્રી આ મોડાસાનો પ્રશ્ન છે એમ કરીને તમે મારો પ્રશ્ન એવોઇડ ન કરતા. આવા પ્રશ્નો માત્ર મોડાસા જિલ્લામાં નથી. દરેક જિલ્લામાં મજૂરો જે મજૂરી કરે છે અને ૬૦ x ૪૦ના ધોરણે જે કામો કરવામાં આવે છે, એ કામો થયાં પછી પણ એને પૈસા ચૂકવાતાં નથી. તો તમારો વિભાગ આ બાબતે શું કરે છે? એની કેટલી તૈયારી છે? કામ થયા પછી કેટલા પૈસા કેન્દ્ર સરકાર પાસેથી માંગવાના છે એની તૈયારી હોવી જોઇએ. મને ચોક્કસ ખબર છે કે, તમારો વિભાગ આમાં ઉણો ઉતર્યો છે. ગામડામાં મજૂરોને ૬૦-૬૦ દિવસ થવા છતાં હજી મજૂરી મળતી નથી, તો આ બાબતે સરકાર એનો ખુલાસો કરે?

શ્રી અર્જુનસિંહ ઉ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વિપક્ષના નેતાશ્રીએ જેમ વાત કરી એમ ગુજરાત સરકાર અને કેન્દ્ર સરકારનો દરેક બાબતમાં પારદર્શિતા આવે એવો નિર્ધાર છે. આગળ કહ્યું એમ, થોડી પારદર્શિતાઓ લાવવા માટે થોડો વિલંબ થયો છે. (અંતરાય) પણ આગળ જણાવ્યું એમ આ સરકારમાં વર્ષ ૨૦૦૫માં જે શરૂઆત થઇ એમાં તબક્કાવાર સુધારા થયા છે. શરૂઆતમાં જે થયું છે એની આપણને બધાને ખબર છે કે ૧૦૦ ટકા જીઓ ટેકિંગ છે. (અંતરાય) શ્રી વિરજીભાઇ, સાંભળો. માહિતી સરસ છે. ઇ-માસ્ટર પણ આ સરકારમાં અમલમાં આવ્યું છે. કેવું થતું હતું એ અમને ખબર છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, આપ પ્રશ્નનો બરાબર જવાબ આપો.

શ્રી અર્જુનસિંહ ઉ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, મેં આગળ કહ્યું એમ થોડો વિલંબ થયો છે અને આજે કેન્દ્રમાં એની વિશેષ બેઠક છે અને ઝડપથી એનો નિર્ણય થઇ જશે.

શ્રી સુરેશભાઇ ધ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી સુખરામભાઇએ જે વાત કરી કે યુ.પી.એ. સરકારમાં મનરેગા યોજના શરૂ કરી હતી. પણ આપણે જોઇએ છીએ કે ગરીબોના પૈસા અંગૂઠા મારી મારી ઠેકેદારો લઇ જતા હતા, એ બંધ કરી અને ડાયરેક્ટ એમને પૈસા ટ્રાન્સફર કરવાનો નિર્ણય લઇ ૧ રૂપિયામાંથી જે ૧૫ પૈસા ગરીબોને જતા હતા, એના બદલે ૧ રૂપિયો પૂરો ગરીબોના ઘરે જવા માંડ્યા એના માટે સરકારશ્રીને અભિનંદન આપું છું. અને આ મનરેગા યોજનામાં વર્ષ ૨૦૨૦-૨૧માં જે માનવદિન ઉત્પન્ન થયા એમાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના કેટલા શ્રમિકોને માનવદિન ઉત્પન્ન કરવામાં આવ્યા છે? કારણ કે આ પૈસા સાચા ગરીબોના ઘરમાં ગયા છે.

શ્રી અર્જુનસિંહ ઉ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, અરવલ્લી જિલ્લામાં બાયડ, ભિલોડા, ધનસુરા, માલપુર, મેઘરજ અને મોડાસા તાલુકાઓમાં અનુસૂચિત જનજાતિ અને અનુસૂચિત જાતિના લોકોને જે મનરેગામાંથી માનવદિન ઉત્પન્ન થયા છે તેમાં અનુસૂચિત જાતિમાં બાયડમાં ૪૩૯૭ માનવદિનને રોજગારી મળી છે, ભિલોડામાં ૧૭૧૬૬ને, ધનસુરામાં ૩૮૯૧ને, માલપુરમાં ૮૩૦૧ને, મેઘરજમાં ૩૧૦૫૨ને, મોડાસામાં ૨૩૨૪૯ને રોજગારી મળી છે. એ જ રીતે અનુસૂચિત જનજાતિમાં બાયડમાં ૭૩૦ માનવદિન, ભિલોડામાં ૧,૭૩,૨૮૩ માનવદિન, ધનસુરામાં ૧૫૦ માનવદિન, માલપુરમાં ૪૨૩૫ માનવદિન, મેઘરજમાં ૨,૫૪,૩૩૩ માનવદિન અને મોડાસામાં ૧૩,૩૨૩ માનવદિન રોજગારી મળી છે.

શ્રી કાન્તિભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, મનરેગા યોજના મજૂરો માટેની યોજના છે. સાથે સાથે હું મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગું છું કે કોંગ્રેસ સરકાર વખતે આ યોજના અમલમાં મૂકાઇ હતી. સાથે સાથે જે ગરીબ લાભાર્થીઓને ડાયરેકટ ખાતામાં મજૂરી આપવામાં આવતી હતી તેના બદલામાં મંત્રીશ્રીને એ કહેવા માગું છું કે તાલુકાફેર અને જિલ્લાફેર બીજા જિલ્લામાં મજૂરોના પૈસા જમા થાય છે તે બંધ કરીને પોતાના જ તાલુકામાં ખાતા ખોલાવીને પૈસા જમા કરવા માગો છો કે કેમ ?

શ્રી અર્જુનસિંહ ઉ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીનું સૂચન છે.

### જૂનાગઢ અને રાજકોટ જિલ્લામાં પશુ દવાખાનાઓનું મંજૂર મહેકમ

* ૪૧૦૧૩ **શ્રી હર્ષદકુમાર રીબડીયા** (વિસાવદર) : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ જૂનાગઢ અને રાજકોટ જિલ્લામાં જિલ્લાવાર પશુ દવાખાના અને પશુ સારવાર કેન્દ્રોમાં સંવર્ગવાર | (૧) પત્રક-અ મુજબ. |

**પત્રક-અ**

**પશુ દવાખાનાનું મંજૂર મહેકમ**

મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

| અ.નં. | જિલ્લાનું નામ | પશુચિકિત્સા અધિકારી (વર્ગ-૨) | ડ્રેસર (વર્ગ-૪) | પટ્ટાવાળા / ડ્રેસર કમ એટેંડન્ટ / એટેંડન્ટ (વર્ગ-૪) |
|---|---|---|---|---|
| ૧ | જૂનાગઢ | ૨૭ | ૦૬ | ૨૦ |
| ૨ | રાજકોટ | ૨૮ | ૧૧ | ૧૫ |

**પ્રાથમિક પશુ સારવાર કેન્દ્રનું મંજૂર મહેકમ**

| અ.નં. | જિલ્લાનું નામ | પશુધન નિરીક્ષક (વર્ગ-૩) | પટ્ટાવાળા (વર્ગ-૪) |
|---|---|---|---|
| ૧ | જૂનાગઢ | ૦૮ | ૦૭ |
| ૨ | રાજકોટ | ૧૯ | ૧૬ |

(૨) તે પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ અને કેટલી ખાલી છે, અને

(૨) પત્રક-બ મુજબ.

**પત્રક-બ**

**પશુ દવાખાનામાં ભરાયેલ અને ખાલી મહેકમની વિગત**

| અ.નં. | જિલ્લાનું નામ | પશુચિકિત્સા અધિકારી (વર્ગ-૨) | | ડ્રેસર (વર્ગ-૪) | | પટ્ટાવાળા / ડ્રેસર કમ એટેંડન્ટ / એટેંડન્ટ (વર્ગ-૪) | |
|---|---|---|---|---|---|---|---|
| | | ભરાયેલ | ખાલી | ભરાયેલ | ખાલી | ભરાયેલ | ખાલી |
| ૧ | જૂનાગઢ | ૧૮ | ૦૯ | ૦૧ | ૦૫ | ૦૪ | ૧૬ |
| ૨ | રાજકોટ | ૧૧ | ૧૭ | ૦૩ | ૦૮ | ૦૭ | ૦૮ |

**પ્રાથમિક પશુ સારવાર કેન્દ્રમાં ભરાયેલ અને ખાલી મહેકમની વિગત**

| અ.નં. | જિલ્લાનું નામ | પશુધન નિરીક્ષક (વર્ગ-૩) | | પટ્ટાવાળા (વર્ગ-૪) | |
|---|---|---|---|---|---|
| | | ભરાયેલ | ખાલી | ભરાયેલ | ખાલી |
| ૧ | જૂનાગઢ | ૦૬ | ૦૨ | ૦૧ | ૦૬ |

(૩) ખાલી જગ્યાઓ પૈકી સંવર્ગવાર કુલ કેટલી જગ્યાઓ એક વર્ષ કરતાં વધુ સમયથી ખાલી છે?

(૩) પત્રક-ક મુજબ.

**પત્રક-ક**

**પશુ દવાખાનામાં એક વર્ષ કરતાં વધુ સમયથી ખાલી જગ્યાની વિગત**

| અ.નં. | જિલ્લાનું નામ | પશુચિકિત્સા અધિકારી (વર્ગ-૨) | ડ્રેસર (વર્ગ-૪) | પટ્ટાવાળા / ડ્રેસર કમ એટેંડન્ટ / એટેંડન્ટ (વર્ગ-૪) |
|---|---|---|---|---|
| ૧ | જૂનાગઢ | ૦૯ | ૦૫ | ૧૬ |
| ૨ | રાજકોટ | ૧૪ | ૦૮ | ૦૭ |

**પ્રાથમિક પશુ સારવાર કેન્દ્રમાં એક વર્ષ કરતાં વધુ સમયથી ખાલી જગ્યાની વિગત**

| અ.નં. | જિલ્લાનું નામ | પશુધન નિરીક્ષક (વર્ગ-૩) | પટ્ટાવાળા (વર્ગ-૪) |
|---|---|---|---|
| ૧ | જૂનાગઢ | ૦૧ | ૦૬ |
| ૨ | રાજકોટ | ૦૯ | ૧૩ |

શ્રી હર્ષદકુમાર મા. રીબડિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પશુપાલન મંત્રીશ્રીએ જે જવાબ આપ્યો છે એમાં અમારા જૂનાગઢ અને રાજકોટમાં પશુચિકિત્સા અધિકારી વર્ગ-૨નું કુલ મંજૂર મહેકમ ૫૫ છે જેની સામે કુલ ખાલી જગ્યાઓ ૨૬ બતાવેલી છે. એવી જ રીતે ડ્રેસર વર્ગ-૪માં મંજૂર મહેકમ ૧૭નું છે તેની સામે ખાલી જગ્યાઓ ૧૩ બતાવેલી છે. પટ્ટાવાળાનું મંજૂર મહેકમ ૩૫ છે તેની સામે ખાલી જગ્યાઓ ૨૪ જેટલી છે. આમ જોઈએ તો ડોકટરોની ખૂબ અછત છે તેથી હું

આ સભાગૃહનું ધ્યાન દોરું છું કે જેમ કોરોનામાં આગોતરું આયોજન ન થઇ શકયું એવી જ રીતે આમાં પણ પશુ પાલકો ચિંતામાં છે. અમારે ત્યાં જેતલવડ ગામમાં હમણાં એક જ રાતમાં ૫૫ જેટલા બકરાઓ મૃત્યુ પામ્યા અને તેમને કયો રોગ હતો તેની પણ ખબર પડી નહીં. એટલે આ પશુઓ છે તે બોલતા નથી, મૂંગા પ્રાણીઓ છે અને તે એમ નથી કહેતા કે મને પેટમાં દુખે છે કે માથુ દુઃખે છે. એટલે જયાં જયાં પશુઓ છે ત્યાં સારી ક્વોલિટીના લેબ હોવા જોઇએ અને તેનો રિપોર્ટ થાય અને દવા મળી રહે એવું થવું જોઇએ. હાલમાં જગ્યાઓ ખૂબ ખાલી છે તો આવો રોગ જયારે આવે ત્યારે તરસ લાગે ત્યારે કૂવો ખોદવા જવું ન પડે એટલા માટે જયાં ડોકટરોની અછત છે અને દવાખાનાઓમાં જે ખામીઓ છે તે દૂર કરવા માગો છો કે કેમ? અને મારા મત વિસ્તાર વિસાવદ-ભેંસાણના ગ્રામ્ય વિસ્તારોમાં હાલ કેટલી જગ્યાઓ ખાલી છે અને તે કયારે ભરવા માગો છો?

શ્રી રાઘવજીભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે વાત કરી તે મુજબ રાજયનું પશુપાલન ખાતું અને પશુ પાલન વિભાગ આ રાજયના પશુ પાલકો અને પશુઓ માટે ચિકિત્સાલક્ષી સેવાઓ ચલાવવામાં ખૂબ કાર્યરત છે. આ સરકાર દ્વારા મૂંગા અને અબોલ પશુઓ અને પ્રાણીઓ માટે કરૂણા એમ્બ્યુલન્સ જેવી લોકપ્રિય સેવા દ્વારા સારવાર કરી રહ્યા છીએ અને આ પશુ ચિકિત્સાલક્ષી સેવાઓને સુદ્રઢ કરવા માટે અનેક યોજનાઓ આ સરકાર દ્વારા ચલાવવામાં આવી રહી છે. પશુઓને વિનામૂલ્યે સારવાર મળી રહે એ માટે મુખ્યમંત્રી નિઃશુલ્ક પશુ સારવાર હેઠળ સને ૨૦૨૨-૨૩ના વર્ષ માટે લગભગ ૨૪ કરોડ રૂપિયાની જોગવાઇ આ બજેટમાં સૂચવવામાં આવી છે. ૪૦ જેટલા નવીન સ્થાઇ પશુ દવાખાના ચાલુ કરવાનું પણ સૂચવવામાં આવેલ છે. આ રીતે પશુઓને પૂરી સારવાર મળી રહે એના માટે તત્કાલિન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ સન ૨૦૨૨થી પશુ આરોગ્ય મેળાઓ દ્વારા પશુઓની સારવાર પશુપાલકોને પૂરી રીતે મળી રહે, વિનામૂલ્યે મળી રહે એના માટેનુ જબરજસ્ત આયોજન કર્યું છે અને અત્યાર સુધી ચાલુ છે.

માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછ્યો કે જૂનાગઢ, ભેંસાણ અને વિસાવદર તાલુકામાં પશુ ડોકટરોની શું સ્થિતિ છે એ જણાવવાની રજા લઉં કે જૂનાગઢ તાલુકામાં ૪ પશુ ચિકિત્સા અધિકારીઓની જગ્યાઓ મંજૂર થયેલ છે જે તમામ જગ્યાઓ ભરાયેલ છે. ભેંસાણ તાલુકામાં ૩ પશુચિકિત્સા અધિકારીઓની જગ્યા મંજૂર થયેલ છે જે પૈકી બે ભરાયેલ છે એક જગ્યા પરવડી પશુ દવાખાનની તા. ૭-૭-૨૦૨૦થી ખાલી છે. એ જ રીતે વિસાવદર તાલુકામાં પાંચ જગ્યાઓ મંજૂર થયેલ છે જે પૈકી બે જગ્યાઓ ભરાયેલ છે અને ત્રણ જગ્યાઓ ખાલી છે એમાં પ્રેમપરા તા. ૫-૪-૨૦૧૬ ખાલી છે. મોટા કોટડા તા.૩૧-૮-૨૦૨૦થી ખાલી છે અને ભલગામ મોટા તા.૩૧-૭-૨૦૨૦થી ખાલી છે.

શ્રી જવાહરભાઇ પે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત પૂછવા માગું છું કે આ અબોલ પશુઓ જેમ માનનીય હર્ષદભાઇએ કહ્યું એમ પોતાનું દુઃખ દર્દ નથી કહી શકતા. માથું દુઃખે છે કે પેટ દુઃખે છે એ કહી શકતાં નથી. એમ ખોટું પણ બોલી શકતા નથી. આ અબોલ પશુઓ માટે આપણા પશુચિકિત્સા અધિકારીઓની જગ્યાઓ ખાલી છે તો સરકાર કયારે ભરવા માગે છે?

| અ.નં. | જિલ્લાનું નામ | પશુચિકિત્સા અધિકારી (વર્ગ-૨) | ડ્રેસર (વર્ગ-૪) | પટ્ટાવાળા/ડ્રેસર કમ એટેંડન્ટ/એટેંડન્ટ (વર્ગ-૪) |
|---|---|---|---|---|
| ૧ | ગાંધીનગર | ૨૩ | ૦૭ | ૧૧ |
| ૨ | મહેસાણા | ૩૧ | ૧૦ | ૧૧ |

**પ્રાથમિક પશુ સારવાર કેન્દ્રનું મંજૂર મહેકમ**

| અ.નં. | જિલ્લાનું નામ | પશુધન નિરીક્ષક | પટ્ટાવાળા (વર્ગ-૪) |
|---|---|---|---|

| | | (વર્ગ-૩) | |
|---|---|---|---|
| ૧ | ગાંધીનગર | ૧૩ | ૧૩ |
| ૨ | મહેસાણા | ૨૦ | ૨૦ |

(૨) તે પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ અને કેટલી ખાલી છે, અને

(૨) પત્રક-બ મુજબ.

**પત્રક-બ**

**પશુ દવાખાનામાં ભરાયેલ અને ખાલી મહેકમની વિગત**

| અ.નં. | જિલ્લાનું નામ | પશુચિકિત્સા અધિકારી (વર્ગ-૨) | | ડ્રેસર (વર્ગ-૪) | | પટ્ટાવાળા/ડ્રેસર કમ એટેંડન્ટ/એટેંડન્ટ (વર્ગ-૪) | |
|---|---|---|---|---|---|---|---|
| | | ભરાયેલ | ખાલી | ભરાયેલ | ખાલી | ભરાયેલ | ખાલી |
| ૧ | ગાંધીનગર | ૨૨ | ૦૧ | ૦૧ | ૦૬ | ૦૧ | ૧૦ |
| ૨ | મહેસાણા | ૨૫ | ૦૬ | ૦૧ | ૦૯ | ૦૪ | ૦૭ |

**પ્રાથમિક પશુ સારવાર કેન્દ્રમાં ભરાયેલ અને ખાલી મહેકમની વિગત**

| અ.નં. | જિલ્લાનું નામ | પશુધન નિરીક્ષક (વર્ગ-૩) | | પટ્ટાવાળા (વર્ગ-૪) | |
|---|---|---|---|---|---|
| | | ભરાયેલ | ખાલી | ભરાયેલ | ખાલી |
| ૧ | ગાંધીનગર | ૦૮ | ૦૫ | ૦૪ | ૦૯ |

(૩) ખાલી જગ્યાઓ પૈકી સંવર્ગવાર કુલ કેટલી જગ્યાઓ એક વર્ષ કરતાં વધુ સમયથી ખાલી છે ?

(૩) પત્રક-ક મુજબ.

**પત્રક-ક**

**પશુ દવાખાનામાં એક વર્ષ કરતા વધુ સમયથી ખાલી જગ્યાની વિગત**

| અ.નં. | જિલ્લાનું નામ | પશુચિકિત્સા અધિકારી (વર્ગ-૨) | ડ્રેસર (વર્ગ-૪) | પટ્ટાવાળા/ડ્રેસર કમ એટેંડન્ટ/એટેંડન્ટ (વર્ગ-૪) |
|---|---|---|---|---|
| ૧ | ગાંધીનગર | ૦૦ | ૦૬ | ૧૦ |
| ૨ | મહેસાણા | ૦૬ | ૦૯ | ૦૭ |

**પ્રાથમિક પશુ સારવાર કેન્દ્રમાં એક વર્ષ કરતાં વધુ સમયથી ખાલી જગ્યાની વિગત**

| અ.નં. | જિલ્લાનું નામ | પશુધન નિરીક્ષક (વર્ગ-૩) | પટ્ટાવાળા (વર્ગ-૪) |
|---|---|---|---|
| ૧ | ગાંધીનગર | ૦૪ | ૦૯ |
| ૨ | મહેસાણા | ૦૩ | ૧૯ |

---------

**તાપી અને નવસારી જિલ્લામાં જમીન ભાડે અથવા વેચાણથી આપવા બાબત**

૪૧૦૬૦ **શ્રી પુનાભાઈ ગામીત** (વ્યારા) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં તાપી અને નવસારી જિલ્લામાં જિલ્લાવાર સરકારી પડતર, ખરાબા અને ગૌચરની કેટલી જમીન ભાડે અથવા વેચાણથી આપવાના હુકમો કરવામાં આવ્યા,

(૧)

| વર્ષ | જિલ્લો | જમીનનું સદર | જમીનનું ક્ષેત્રફળ (ચો.મી.માં) |
|---|---|---|---|
| ૨૦૨૦ | તાપી | ગૌચર | ૧૯૬૦૦ |
| ૨૦૨૧ | તાપી | ગૌચર | ૧૪૭૦૦ |
| | નવસારી | સરકારી | ૪૯૦૦ |

(૨) ઉક્ત સ્થિતિએ ભાડે અથવા વેચાણ આપેલ જમીન અન્વયે સરકારને ઉક્ત જિલ્લાવાર કેટલી આવક

(૨)

| વર્ષ | તાપી (રૂ.માં) | નવસારી (રૂ.માં) |
|---|---|---|

થઇ, અને

(૩) ઉક્ત સ્થિતિએ ભાડે અથવા વેચાણ આપેલ જમીનમાં હેતુફેર ઉપયોગ થવાની કેટલી ફરિયાદો સરકારને મળી ?

| | | |
|---|---|---|
| કુલ આવક | ૧,૧૭,૪૦,૪૦૦/- | ૩૧,૬૭,૦૩૩/- |

(૩) એક પણ નહીં.

- - - - - - - - -

**મોરબી અને સુરેન્દ્રનગર જિલ્લામાં મનરેગા યોજના અંતર્ગત નાણાંની ફાળવણી**

૪૦૯૯૭ **શ્રી લલીતભાઈ કગથરા** (ટંકારા) : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં મોરબી અને સુરેન્દ્રનગર જિલ્લામાં વર્ષવાર, જિલ્લાવાર મનરેગા યોજના અંતર્ગત કેટલા નાણાંની ફાળવણી કરવામાં આવી,

(૨) ઉક્ત જિલ્લાવાર ફાળવેલ નાણામાંથી ઉક્ત વર્ષવાર કેટલા માનવદિનની રોજગારી ઉભી થઇ,

(૩) ઉક્ત સ્થિતિએ એક માનવદિનની રોજગારીના દર શું નક્કી કરવામાં આવેલ છે, અને

(૪) ઉક્ત દર ક્યારથી અમલમાં છે ?

**જવાબ**

(૧) મનરેગા યોજના અંતર્ગત ભારત સરકાર દ્વારા મળેલ ગ્રાન્ટ અન્વયે રાજ્ય કક્ષાએથી કોઇપણ પ્રકારની ગ્રાન્ટ જિલ્લાવાર ફાળવવામાં આવતી નથી, પરંતુ જિલ્લાવાર લાભાર્થીના ખાતા રકમ સીધી જ ફંડ ટ્રાન્સફર ઓર્ડર (FTO) દ્વારા જમા થાય છે.

(૨) જિલ્લાવાર લાભાર્થીના ખાતામાં રકમ સીધી જ ફંડ ટ્રાન્સફર ઓર્ડર (FTO) દ્વારા જમા થાય છે તે પૈકી ઉક્ત જિલ્લાવાર નાણાંકીય વર્ષવાર નીચેની વિગતે માનવદિનની રોજગારી ઉભી થઇ.

| **ક્રમ** | **જિલ્લો** | **ઉભી થયેલ માનવદિન રોજગારી** | | |
|---|---|---|---|---|
| | | **વર્ષ ૨૦૨૦-૨૧** | **વર્ષ ૨૦૨૧-૨૨ (તા.૩૧/૧૨/૨૦૨૧ અંતિત)** | **કુલ** |
| ૧ | મોરબી | ૨૧૫૨૦૭ | ૧૪૦૨૭૭ | ૩૫૫૪૮૪ |
| ૨ | સુરેન્દ્રનગર | ૧૨૨૦૦૬૪ | ૧૩૫૨૩૭૫ | ૨૫૭૨૪૩૯ |
| | **કુલ** | **૧૪૩૫૨૭૧** | **૧૪૯૨૬૫૨** | **૨૯૨૭૯૨૩** |

**નોંધઃ-** મનરેગા સોફ્ટમાં નાણાંકીય વર્ષ મુજબ માહિતી ઉપલબ્ધ હોઇ, નાણાંકીય વર્ષ પ્રમાણે માહિતી તૈયાર કરવામાં

(૩) રૂ. ૨૨૯/-

(૩) તા.૦૧-૦૪-૨૦૨૧ થી.

- - - - - - - - -

**રાજકોટ અને પોરબંદર જિલ્લામાં મનરેગા યોજના અંતર્ગત નાણાંની ફાળવણી**

૪૧૦૦૦ **શ્રી લલિત વસોયા** (ધોરાજી) : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં રાજકોટ અને પોરબંદર જિલ્લામાં વર્ષવાર, જિલ્લાવાર મનરેગા યોજના અંતર્ગત કેટલા નાણાંની ફાળવણી કરવામાં આવી,

(૨) ઉક્ત જિલ્લાવાર ફાળવેલ નાણામાંથી ઉક્ત વર્ષવાર કેટલા માનવદિનની રોજગારી ઉભી થઇ,

**જવાબ**

(૧) મનરેગા યોજના અંતર્ગત ભારત સરકાર દ્વારા મળેલ ગ્રાન્ટ અન્વયે રાજ્ય કક્ષાએથી કોઇપણ પ્રકારની ગ્રાન્ટ જિલ્લાવાર ફાળવવામાં આવતી નથી, પરંતુ જિલ્લાવાર લાભાર્થીના ખાતામાં રકમ સીધી જ ફંડ ટ્રાન્સફર ઓર્ડર (FTO) દ્વારા જમા થાય છે.

(૨) જિલ્લાવાર લાભાર્થીના ખાતામાં રકમ સીધી જ ફંડ ટ્રાન્સફર ઓર્ડર (FTO) દ્વારા જમા થાય છે તે પૈકી ઉક્ત જિલ્લાવાર નાણાંકીય વર્ષવાર નીચેની વિગતે માનવદિનની રોજગારી ઉભી થઇ.

| **ક્રમ** | **જિલ્લો** | **ઉભી થયેલ માનવદિન રોજગારી** | | |
|---|---|---|---|---|
| | | **વર્ષ ૨૦૨૦-૨૧** | **વર્ષ ૨૦૨૧-૨૨ (તા.૩૧/૧૨/૨૦૨૧ અંતિત)** | **કુલ** |
| ૧ | રાજકોટ | ૩૭૫૩૫૧ | ૨૬૫૮૭૨ | ૬૪૧૨૨૩ |
| ૨ | પોરબંદર | ૨૭૨૩૧૩ | ૩૨૪૫૦૫ | ૫૯૬૮૧૮ |

| | કુલ | ૬૪૭૬૬૪ | ૫૯૦૩૭૭ | ૧૨૩૮૦૪૧ |
|---|---|---|---|---|

**નોંધઃ-** મનરેગા સોફ્ટમાં નાણાંકીય વર્ષ મુજબ માહિતી ઉપલબ્ધ હોઇ, નાણાંકીય વર્ષ પ્રમાણે માહિતી તૈયાર કરવામાં આવેલ છે.

(૩) ઉક્ત સ્થિતિએ એક માનવદિનની રોજગારીના દર શું નક્કી કરવામાં આવેલ છે, અને

(૩) રૂ. ૨૨૯/-

(૪) ઉક્ત દર ક્યારથી અમલમાં છે ?

(૩) તા.૦૧-૦૪-૨૦૨૧ થી.

---------

## સુરત અને વડોદરા જિલ્લામાં જમીનોની માપણીમાં આવેલ ક્ષતિઓની સુધારણા

૪૧૦૫૬ **શ્રી આનંદભાઈ ચૌધરી** (માંડવી) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર સુરત અને વડોદરા જિલ્લામાં જિલ્લાવાર રાજ્ય સરકારે ખેતીની જમીનોનું રી-સર્વે (પુનઃ માપણી) કરાવેલ તે સંબંધમાં પ્રમોલગેશન થયા પછી પણ ખેડૂતોની જમીનોની માપણીમાં જણાઇ આવેલ ક્ષતિઓની સુધારણા માટે કેટલી અરજીઓ મળી,

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર સુરત અને વડોદરા જિલ્લામાં જિલ્લાવાર રાજ્ય સરકારે ખેતીની જમીનોનું રી-સર્વે (પુનઃ માપણી) કરાવેલ તે સંબંધમાં પ્રમોલગેશન થયા પછી પણ ખેડૂતોની જમીનોની માપણીમાં જણાઇ આવેલ ક્ષતિઓની સુધારણા માટે મળેલ અરજીઓની વિગત નીચે મુજબ છે.

| જિલ્લો | ૦૧-૦૧-૨૦૨૦ થી ૩૧-૧૨-૨૦૨૦ | ૦૧-૦૧-૨૦૨૧ થી ૩૧-૧૨-૨૦૨૧ | કુલ |
|---|---|---|---|
| સુરત | ૨૮૩ | ૬૦૪ | ૮૮૭ |
| વડોદરા | ૨૬૮૧ | ૪૫૬૭ | ૭૨૪૮ |

(૨) ઉક્ત અરજીઓ પૈકી ઉક્ત જિલ્લાવાર કેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવેલ અને કેટલી અરજીઓ પડતર છે,

(૨) ઉક્ત અરજીઓ પૈકી જિલ્લાવાર નિકાલ કરવામાં આવેલ તથા પડતર અરજીઓની વિગત નીચે મુજબ છે.

| જિલ્લો | નિકાલ થયેલ અરજીઓ | પડતર અરજીઓ |
|---|---|---|
| સુરત | ૮૦૫ | ૮૨ |
| વડોદરા | ૫૪૩૮ | ૧૮૧૦ |

(૩) ઉક્ત પડતર અરજીઓનો નિકાલ ક્યાં સુધીમાં કરવામાં આવશે, અને

(૩) ઉક્ત પડતર અરજીઓનો સત્વરે નિકાલ કરવામાં આવશે.

(૪) આવી ક્ષતિઓની સુધારણા માટેની અરજીઓના નિકાલ માટે જે ખર્ચ થાય તે રાજ્ય સરકાર ભોગવે છે કે ક્ષતિ કરનાર એજન્સી ?

(૪) આવી ક્ષતિ સુધારણા રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવતી હોઇ, ખર્ચનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

## ખેડા અને આણંદ જિલ્લામાં ટેકાના ભાવે મગફળીની ખરીદી

૪૧૦૩૮ **શ્રી કાન્તિભાઈ પરમાર** (ઠાસરા) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ખરીફ-૨૦૨૦ અને ૨૦૨૧ની સીઝનમાં ટેકાના ભાવે મગફળી ખરીદીમાં ખાતેદાર ખેડૂતદીઠ કેટલી મગફળી ખરીદવાનું નક્કી થયેલ છે,

**જવાબ**

(૧) પીએમ-આશા અંતર્ગત પ્રાઈઝ સપોર્ટ સ્કીમ (પીએસએસ) માટેની સુધારેલ માર્ગદર્શિકાની જોગવાઈ મુજબ પ્રતિ દિન, પ્રતિ ખેડૂત મહત્તમ ૨૫૦૦ કિ.ગ્રા.

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત સિઝનમાં ખેડા અને આણંદ જિલ્લામાં તાલુકાવાર કેટલી મગફળી ખરીદવામાં આવી, અને

(૨) ખેડા જિલ્લામાં તાલુકાવાર ટેકાના ભાવે ખરીદાયેલ મગફળીની વિગતો નીચે મુજબ છે.

| જિલ્લો | તાલુકો | ખરીદાયેલ જથ્થો (ક્વિન્ટલ) | |
|---|---|---|---|
| | | ખરીફ-૨૦૨૦ | ખરીફ-૨૦૨૧ |
| ખેડા | કઠલાલ | ૧૯૫.૬૦ | ૦.૦૦ |

| | | | |
|---|---|---|---|
| | કપડવંજ | ૧૧૨૬૦.૫૦ | ૪૪૨૮.૬૦ |
| | નડીઆદ | ૭૨.૬૦ | ૦.૦૦ |
| | મહુધા | ૯૯.૬૦ | ૦.૦૦ |
| | મહેમદાવાદ | ૧૨૭.૮૦ | ૦.૦૦ |
| અન્ય તાલુકામાં ખરીદી થયેલ નથી. | | | |

જ્યારે આણંદ જિલ્લામાં ખરીદી થયેલ નથી.

(૩) ટેકાના ભાવે મગફળી ખરીદ્યા બાદ ખેડૂતો પાસે મગફળીનો જથ્થો વધે તેની ખરીદી માટે ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં ભારત સરકારમાં કે નાફેડમાં રાજ્ય સરકાર દ્વારા કોઈ રજૂઆત કરવામાં આવી છે કે કેમ ?

(૩) ના, જી.

- - - - - - - - -

પોઈન્ટ ઓફ ઓર્ડર

**સભ્યશ્રીને સસ્પેન્ડ કરવા અંગે**

શ્રી પંકજભાઇ વિ. દેસાઇ(મુખ્ય દંડકશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, આજ રોજ પ્રશ્નોત્તરી દરમિયાન વિરોધપક્ષના સભ્યશ્રી પુંજાભાઇ વંશ દ્વારા અશોભનીય રીતે, અસંસદીય શબ્દોનો પ્રયોગ કરીને સભાગૃહની ગરીમાને જે નુકસાન પહોંચાડયું છે, ત્યારે તેમને આ સભાગૃહમાંથી સાત દિવસ માટે સસ્પેન્ડ કરવા માટેનો હું પ્રસ્તાવ રજૂ કરું છું.

શ્રી જીતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય પંકજભાઇએ જે દરખાસ્ત મૂકી છે એને હું ટેકો આપું છું.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આ ગુજરાતનું વિધાનસભાગૃહ ઉચ્ચ કોટીની સંસદીય પ્રણાલીઓને વરેલું છે. આ ખુરશી, એ પક્ષ અને વિપક્ષની સહિયારી ભાગીદારીથી આ ગૃહનું સંચાલન થતું હોય છે. અમે આ ખુરશીનું સન્માન કરીએ છીએ. આપના નિર્ણયોનું સન્માન કરીએ છીએ. કમનસીબે આપે આપેલા આદેશનું ઉલ્લંઘન કરીને સરકાર આ દરખાસ્ત લાવે એ આ ગૃહની કમનસીબી છે. આપના આદેશ પછી અમારા વરિષ્ઠ ધારાસભ્ય માનનીયશ્રી પુંજાભાઇ વંશે ખેલદિલિપૂર્વક દિલગીરી વ્યકત કરી, એ આઘાતનો પ્રત્યાઘાત હતો. સરકારના જવાબદાર મંત્રી, ગૃહમંત્રી, આ ગૃહની અંદર શેરી ગલીની ભાષા બોલતા હતા એનો પ્રત્યુત્તર આપ્યો અને છતાં આપના કહેવાથી એમણે દિલગીરી વ્યકત કરી અને એમ છતાં સરકાર *(xxx) આ ગૃહ ચલાવવાની જવાબદારી એમની હોવા છતાં વિપક્ષના સભ્યોને ટાર્ગેટ કરે એ બિલકુલ વ્યાજબી નથી અને હું આપને વિનંતી કરું છું કે વિપક્ષના સભ્યોનો જે અધિકાર છે, વિપક્ષના સભ્યોનું કામ સરકારની ક્ષતિઓને સુધારવાનું છે, સરકારની નીતિઓને સુધારવાનું છે.

અધ્યક્ષશ્રી : આપની વાત થઇ ગઇ, આટલું બધું ભાષણ ના હોય.. પ્લીઝ આપ બેસો, માનનીય સી.જે. ચાવડાજી..

ડો. સી. જે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહનું સંચાલન સૂચારું થાય એના માટે જેટલી જવાબદારી વિપક્ષની છે એનાથી વિશેષ જવાબદારી સરકારની છે. આઘાત અને પ્રત્યાઘાત ઉભા ન થાય એ વધુ જોવાની જવાબદારી ગૃહના નેતા અને સરકારની છે અને જયારે પ્રશ્ન ઉપસ્થિત થયો ત્યારે આપે આદેશ પણ કર્યો છે, ઓર્ડર કર્યો છે, અધ્યક્ષશ્રીનો ઓર્ડર થયા બાદ અમારા ગૃહના સિનિયર ધારાસભ્ય માનનીય પુંજાભાઇ વંશે દિલગીરી પણ વ્યકત કરી, શબ્દો પાછા ખેંચ્યા પછી એ પ્રશ્ન રહેતો નથી તેમ છતાં સરકાર આને આગળ જ ધપાવવા માગતી હોય અને સરકાર પક્ષે આવો પ્રસ્તાવ લઇને આવવામાં આવતો હોય તો એ શોચનીય કે શોભનીય નથી એમ મને લાગે છે તો હવે આ પ્રસ્તાવ *(xxx) પસાર ના થાય અને અમારા સિનિયર આગેવાન, સિનિયર ધારાસભ્ય એમને જે વિધાનસભામાં પ્રજાના પ્રશ્નો રજૂ કરવાની જે તક છે અથવા તો વધુ સારા પ્રશ્નો રજૂ કરી શકે છે અને સરકાર જવાબ નથી આપી શકતી એને ટૂંકાવવા માગતી હોય એવું મને લાગે છે તો એવું ન થાય એ જોવા ભલામણ છે.

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, અમે માનીએ છીએ કે અમે લોકો નવા સભ્યો છીએ, નવા મંત્રી છીએ, માનનીય પુંજાભાઇ વંશ અમારા વડીલ છે, અમે એમને માર્ગદર્શક માનીએ છીએ, સીનીયર ધારાસભ્ય માનીએ છીએ. વિધાનસભામાં એવી અપેક્ષા સાથે આવીએ છીએ કે અમે એમની પાસેથી કંઇક શીખીએ. અમે કંઇક શીખવાની ભાવના સાથે આવીએ છીએ. એમની ભાષા, જે મને *(xxx) કહ્યું છે એનો મને કોઇ વાંધો નથી. હું સહન કરવા તૈયાર છું. પક્ષ અને મંત્રી તરીકે સહન કરવા તૈયાર છું. પણ આપની પાસે અપેક્ષા રાખું છું, એમણે આરોપ કર્યો કે મેં *(xxx) જેવી ભાષાનો ઉપયોગ કર્યો. હું ગૃહને વિનંતી કરું છું કે મારો આખો વિડિયો પ્લે કરવામાં આવે અને જો મેં કોઇપણ અશિષ્ટ ભાષાનો ઉપયોગ કર્યો હોય તો આપના તરફથી જે કાંઇ નિર્ણય આવશે એ મને મંજૂર છે. પરંતુ આ પ્રકારની ભાષા હું નથી કહેતો, કહેવા માગતો નથી

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

અને ગૃહમાં એ વાત મૂકવા માગતો નથી કે કોનો શું ઇતિહાસ છે. * (xxx) આ પ્રકારની ભાષા, અમને અમારા સંસ્કારમાં આપી નથી.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ બનાવ બન્યો ત્યારે હું ઉપસ્થિત ન હતો પણ જે પ્રમાણે બન્ને પક્ષની રજૂઆત સાંભળી અને માનનીય મંત્રીશ્રી જગદીશભાઇ અને માનનીય ઋષિકેશભાઇએ જે રીતે માહિતી આપી એ સાંભળી છે. પહેલું તો માનનીય સી.જે. ચાવડાજી બોલ્યા કે *(xxx) સરકાર આ નિર્ણય કરે છે એ જ ઉચિત નથી. એ શબ્દો પણ અસંસદીય છે. સરકાર પક્ષ હોય એટલે બહુમતીમાં જ હોય અને સરકાર પક્ષે જ્યારે કોઇપણ વાત હાઉસમાં રજૂ કરે અથવા કોઇપણ ઠરાવ રજૂ કરે ત્યારે સમજી વિચારી પરિપકવતાથી નાછૂટકે આ પ્રકારની દરખાસ્ત અમારા દંડકશ્રી પંકજભાઇએ જ્યારે રજૂ કરી હોય ત્યારે ગૃહમંત્રીશ્રીએ તો નમ્રતાથી વાત કરી કે હું નાનો છું. હું શીખું છું અને શ્રી પુંજાભાઇ અને શ્રી બળદેવજીભાઇને સિનિયર સભ્ય ગણું છું. (અંતરાય) તમને સિનિયર ગણ્યા છે એટલે સિનિયર ગણીએ, કોઇને મોટા ગણીએ અને માન આપીએ એનો અર્થ એવો નથી કે એ વ્યક્તિ બીજી વ્યક્તિનું ગમે તે રીતે, ગમે તે શબ્દોથી, ગમે ત્યારે અપમાન કરે અને વિધાનસભામાં તો હરગિજ આ વસ્તુ ચાલે નહીં. મારે નથી યાદ કરાવવું પણ પહેલા સત્રમાં પણ આ જ શબ્દો વિપક્ષ તરફથી માનનીય હર્ષભાઇ માટે વાપરવામાં આવેલા. એટલે આ લોકો એનાથી ટેવાઇ ગયેલા છે એટલે માનનીય પંકજભાઇની દરખાસ્ત બરાબર છે. વારંવાર કોઇની ટીકા કરીએ અને પછી માફી માગી લેવી અને શબ્દો પાછા ખેંચવા એવી રીતે શબ્દોનો બચાવ ન કરી શકાય. કોઇ સામાન્ય મર્યાદાનો ભંગ કર્યો હોય અને શબ્દો પાછા ખેંચે અને માફી માગો તો ચાલે. પણ અમુક પ્રકારના શબ્દો જે બજારમાં પણ ન બોલી શકાય, જાહેરમાં ન બોલી શકાય એવા શબ્દો વિધાનસભામાં બોલાય એ એકલી સરકાર માટે દુ:ખદ નથી, આ ગૃહ માટે પણ દુ:ખદ છે. એટલે શ્રી પંકજભાઇની દરખાસ્તને અમારા બધા જ સભ્યોનું સમર્થન છે.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, મુખ્ય દંડક, ગુજરાત સરકાર, શ્રી પંકજભાઇ જે દરખાસ્ત લઇને આવ્યા છે એના સંદર્ભમાં મારે એટલું કહેવું છે કે માનનીય સભ્યશ્રી પુંજાભાઇ ૧૯૯૦થી આ સભાગૃહના સભ્ય તરીકે બેસે છે. એમને વિધાનસભાના નિયમોની ખબર હોય. વિધાનસભાના નિયમોના નિયમ-૭૮ માં બહુ સ્પષ્ટ છે કે કોઇના માટે આ પ્રકારના શબ્દોનો ઉલ્લેખ થઇ શકતો નથી. બે રજૂઆત, એક બાજુ એમણે જ્યારે પોતે પોતાના શબ્દો પાછા ખેંચે છે કે હું પાછા ખેંચું છું અને બીજી રજૂઆત માનનીય હર્ષભાઇની, એમણે સ્પષ્ટ કહ્યું કે ક્યાંય મારા સંદર્ભમાં જો આપને એવું લાગતું હોય આ બન્ને આપ જોઇ શકો છો. ગઇ કાલે પણ આ સન્માનનીય સભાગૃહમાં જે પ્રમાણેનું વર્તન થયું હતું, આજે જે પ્રમાણેનું વર્તન થાય છે ત્યારે આ લોકશાહીનું મંદીર છે. આ સંસદીય પ્રણાલિકાનું જતન કરવાની આપણી જવાબદારી છે. અહીંથી ગુજરાતની પ્રજા આપણને જોઇ રહી છે. એવા સંદર્ભમાં આવા નબળા પ્રકારના શબ્દો આ સભાગૃહની અંદર કરીને આપણે ગુજરાતમાં શું મેસેજ મોકલવા માગીએ છીએ? આવા સંજોગોમાં માનનીય પંકજભાઇ, મુખ્ય દંડકશ્રીએ જે દરખાસ્ત મૂકી છે એ દરખાસ્તને હું સમર્થન આપું છું.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, જે ઘટના બની એ મેં મારા સિનિયર મંત્રી અને દંડકશ્રી પાસેથી સાંભળી. સ્વાભાવિક છે કે આ સંસદીય પ્રણાલી મુજબ પવિત્ર ગૃહ છે. શ્રી પુંજાભાઇ સિનિયર સભ્ય છે અને સિનિયર સભ્ય તરીકે એમણે જે શબ્દો વાપર્યા. શબ્દો વાપર્યા પછી સભાગૃહની જે પ્રણાલી રહી છે કે સભ્યશ્રીને શબ્દો પાછા ખેંચવા, માફી માંગવા કે દિલગીરી વ્યક્ત કરવી એના આદેશ કરવામાં આવે છે અને જયારે કોઇપણ સભ્ય દિલગીરી વ્યકત ન કરે, માફી ન માંગે, શબ્દો પાછા ન ખેંચે તો સ્વાભાવિક છે કે સરકાર તરફથી જે પણ પ્રસ્તાવ આવે એ પ્રસ્તાવ બહુમતિ છે એટલે એના જોરે પાસ થઇ જાય પણ જે રીતે (અંતરાય) બહુમતિ છે, છે. તમે જે રીતે શ્રી નીતિનભાઇ કહો છો.(અંતરાય)

અધ્યક્ષશ્રી : શ્રી શૈલેષભાઇ, આપને જે કહેવું હોય એ કહી દો એટલે વિષય પૂરો થાય. આપ જે કહેવા માંગતા હોય એ સ્પષ્ટ કહી દો.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મારી વિનંતી છે કે જે રીતે શ્રી પુંજાભાઇએ દિલગીરી વ્યકત કરી હોય ત્યારે અને એ પણ હાઉસની અંદર છ છ ટર્મથી જીતતા અમારા શ્રી પુંજાભાઇ જેવી વ્યક્તિ જયારે દિલગીરી વ્યકત કરે છે ત્યારે હું પોતે એવું માનું છું કે આ રીતનો પ્રસ્તાવ સરકાર લાવી છે એ પ્રસ્તાવ સરકારે ચોકકસપણે પાછો ખેંચવો જોઇએ, કારણ કે જો મોટું મન નહીં રાખો તમે તો હાઉસ હજી ૩૧મી માર્ચ સુધી શ્રી નીતિનભાઇ, ચલાવવાનું છે અને બંને તરફથી માનો કે અમારા સભ્યશ્રી થયેલી જે ભૂલ છે એ ભૂલનો એમણે જયારે સ્વીકાર કર્યો છે, દિલગીરી વ્યકત કરી છે તો અમારી સરકારશ્રીને વિનંતી છે કે આ પ્રસ્તાવ સરકારશ્રીએ પાછો ખેંચવો જોઇએ, મોટું મન રાખવું જોઇએ અને લોકશાહીનું જો મંદિર હોય તો લોકશાહીના મંદિરનું લાઇવ ટેલીકાસ્ટ કરો તો દૂધનું દૂધ અને પાણીનું પાણી થઇ જશે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : આપ બેસો, મેં આપને તક આપી દીધી છે. આજે જે કાંઇ બીના બની છે અને એમાં શ્રી પુંજાભાઇ વંશે જે વાત કરી છે એ કોઇપણ રીતે યોગ્ય નથી, છતાં પણ જયારે શબ્દો પાછા ખેંચતી વખતે પણ એમણે અસભ્ય શબ્દો વાપર્યા છે, એટલે શાસક પક્ષના દંડકશ્રી પંકજભાઇ જે પ્રસ્તાવ લાવ્યા છે અને મંત્રીશ્રી જિતેન્દ્રભાઇ વાઘાણી, શ્રી નીતિનભાઇ પટેલ અને શ્રી પ્રદિપસિંહ જાડેજાએ સમર્થન આપ્યું છે. (અંતરાય) આપ બેસો. એ મને પણ યોગ્ય એટલા માટે લાગ્યું છે કે વારંવાર

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

આવા શબ્દો વાપરી અને ગૃહની ગરિમાને હાનિ પહોંચાડવામાં આવે છે તો પ્રશ્ન એ છે કે માનનીય સભ્યશ્રી પુંજાભાઇ વંશને પ્રશ્ન કાળ દરમિયાનના વર્તન બદલ સાત દિવસ માટે સસ્પેન્ડ કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : પ્રસ્તાવનો સ્વીકાર કરવામાં આવે છે અને માનનીય સભ્યશ્રી પુંજાભાઇ વંશને સાત દિવસ માટે ગૃહમાંથી સસ્પેન્ડ કરવામાં આવે છે. નેકસ્ટ.

( આ તબકકે સભાગૃહમાં હાજર રહેલા વિરોધ પક્ષના તમામ સભ્યશ્રીઓએ સભાત્યાગ કર્યો. )

**વિધેયકો (સરકારી)**

**સને ૨૦૨૨નું ગુજરાત વિધેયક ક્રમાંક : ૧**

ગુજરાત જમીન પચાવી પાડવા પર (પ્રતિબંધ)(સુધારા) વિધેયક**,** ૨૦૨૨

**ગુજરાત જમીન પચાવી પાડવા પર (પ્રતિબંધ) અધિનિયમ, ૨૦૨૦ વધુ સુધારવા બાબત વિધેયક**

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી **(**મહેસૂલ મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, *રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલા સન ૨૦૨૨ના વિધેયક ક્રમાંક-૧- સન ૨૦૨૨નું ગુજરાત જમીન પચાવી પાડવા પર (પ્રતિબંધ) (સુધારા) વિધેયક આપની અનુમતિથી હું દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : **વિધેયક દાખલ કરવામાં આવે છે.**

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૨૨ના વિધેયક ક્રમાંક-૧- સન ૨૦૨૨નું ગુજરાત જમીન પચાવી પાડવા પર( પ્રતિબંધ) (સુધારા) વિધેયક પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, આજે મને કહેતા ગૌરવ થાય છે કે ગુજરાત જમીન પચાવી પાડવા બાબત અધિનિયમ-૨૦૨૦ માં લાવવામાં આવ્યો હતો. એની કલમ-૨(ગ) માં સુધારા વટહુકમ-૨૦૨૨ જે લાવવામાં આવ્યો તેમાં ઉમેરો કલમ-૨ (ગ) માં જે પરંતુ જે જમીનના સંબંધમાં આ અધિનિયમના આરંભની તારીખે અનુસૂચિત આદિજાતિ અને અન્ય પરંપરાગત વનવાસી, વન અધિકારો માન્ય કરવા બાબત અધિનિયમ-૨૦૦૬ હેઠળ ગ્રાન્ટ માટેની અરજીઓ અનિર્ણિત હોય તેવી જમીનનો લેન્ડ ગ્રેબિંગની જમીનમાં સમાવશે થશે નહિ. આ એક ગુંચવાડો હતો, એના કારણે આપણા આદિવાસી ભાઇઓમાં એક ઉત્તેજના હતી. એનું આ ક્લેરિફિકેશન સરકાર તરફથી જરૂરી હતું, એટલે આ સુધારો એમાં લાવીએ છીએ. કલમ-૯(૧) માં અગાઉ વિશેષ કોર્ટ આપમેળે અથવા કોઇ વ્યક્તિ અથવા જિલ્લા કલેકટરે અધિકૃત કરેલા કોઇ અધિકારી દ્વારા કરાયેલ અરજી પરથી આ અધિનિયમના આરંભ પહેલાના કે તે પછીના જમીન પચાવી પાડવાના કોઇ કહેવાતા કૃત્યને કારણે અથવા પચાવી પાડેલી જમીનની માલિકી અને માલિકી હક્ક અથવા પચાવી પાડેલી જમીનનો કાયદેસરનો કબજો હોવાના સંબંધમાં ઉદ્ભવતા દરેક કેસની ન્યાયિક નોંધ લઇ શકશે. અને તે અંગેની અદાલતી કાર્યવાહી કરી શકશે. અને પોતાને યોગ્ય જણાય તેવા વચગાળાના આદેશો આપતો હુકમો સહિત હુકમ કરી શકશે. એમાં ઉમેરો ૯(૧) ની અંદર ૯(૧)(૧) પરંતુ વિશેષ કોર્ટના અભિપ્રાય મુજબ તેની સમક્ષ દાખલ કરવામાં આવેલી કોઇ અરજી પ્રથમ દર્શનીયરીતે નિરર્થક અથવા ક્ષુલ્લક હોય તો તે વિશેષ કોર્ટ વધુ તપાસ કર્યા સિવાય તે અરજી નામંજૂર કરી શકશે. આ ઉમેરો કરવા સરકાર લાવી છે. એ જ રીતે કલમ-૯(૫) માં જે વિશેષ કોર્ટ જમીન પચાવી પાડનાર સામે દિવાની અને ફોજદારી કાર્યવાહી શરૂ કરવાની હોય તેવા હુકમ અંગે નિર્ણય કરશે. બંને દિવાની અને ફોજદારી કાર્યવાહીઓ પૂરી ન થાય ત્યાં સુધી પોતાનો નિર્ણય અથવા હુકમો આપવા કે નહિ તે વિશેષ કોર્ટની મુનસબી (વિવેક બુદ્ધિ) અનુસાર રહેશે. ફોજદારી કાર્યવાહીમાં દરમ્યાન દાખલ કરવામાં આવેલ પુરાવાનો ઉપયોગ દિવાની જવાબદારી અંગેની અદાલતી કાર્યવાહી કરતી વખતે કરી શકશે. પરંતુ દિવાની કાર્યવાહીમાં રજૂ કરેલો વધારાનો કોઇ પુરાવો હોય તો ફોજદારી જવાબદારી નક્કી કરતી વખતે વિશેષ કોર્ટ દ્વારા વિચારણામાં લેવો જોઇએ નહીં.

માનનીય અધ્યક્ષશ્રી, વિશેષ કોર્ટ સમક્ષ જમીન પચાવી પાડવાનો અથવા તે ગુનામાં મદદ કરવાનો આરોપ જેના ઉપર મૂકવામાં આવ્યો છે તેવી કોઇ વ્યક્તિ બચાવ પક્ષ માટે સક્ષમ રહેશે અને તેની સાથે અથવા ફોજદારી કાર્યવાહીમાં જેની ઉપર તહોમત મૂકવામાં આવ્યું હોય. તેવી તેની સાથેની કોઇ વ્યક્તિ સામે કરેલા તહોમતનું ખંડન કરવા માટે સોગંદપૂર્વક પુરાવો આપી શકશે. પરંતુ તે તેની પોતાની લેખિતમાં વિનંતી સિવાય સાક્ષી તરીકે બોલાવવો જોઇશે નહીં અથવા પુરાવો રજૂ કરવાની તેની નિષ્ફળતાને કોઇ પક્ષકારો અથવા વિશેષ કોર્ટ દ્વારા ટિપ્પણીનો વિષય બનાવવામાં આવે અથવા તે જ કાર્યવાહીમાં તેની અથવા તેની સાથે જેના પર તહોમત મૂકવામાં આવ્યું હોય તેવી કોઇ વ્યક્તિ સામે અનુમાન કરવામાં આવે તે સિવાય, આ **''અનુમાન કરવામાં આવે''** એ અનુમાન કરવામાં એટલે સાક્ષી પોતાની જાતને સાક્ષી તરીકે તપાસશે અને ન તપાસે તો તેની વિરુદ્ધનું અનુમાન થાય તેવી એક ટાઇપોગ્રાફીકલ જે તે વખતે મિસ્ટેક રહી ગયેલી. તે **''નોટ''** શબ્દ તે વખતે હોવો જોઇતો હતો. આ વખતે તેમાં તે શબ્દ ઉમેર્યો છે. કલમ-૯(૭) માં તે મુજબ આપણે પરંતુ ઉમેર્યો. પરંતુ તેણે તેની પોતાની લેખિતમાં વિનંતી સિવાય સાક્ષી તરીકે બોલાવવો જોઇશે નહીં અથવા પુરાવો રજૂ કરવાની તેની નિષ્ફળતાને કોઇ પક્ષકારો દ્વારા અથવા

---

* વિધેયક તા.૨૫મી ફેબ્રુઆરી, ૨૦૨૨ ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

વિશેષ કોર્ટ દ્વારા ટિપ્પણીનો વિષય બનાવવો જોઇશે નહીં. આ જે ''**નહી**'' શબ્દ છે તે વખતે રહી ગયેલો અથવા તે જ કાર્યવાહીમાં તેની અથવા તેની સાથે સાથે જેના પર તહોમત મૂકવામાં આવ્યું હોય તેવી કોઇ વ્યક્તિ સામે કોઇ અનુમાન કરવું જોઇશે નહીં. આ સુધારો લઇને સરકાર આવી છે. તે સાથે કલમ-૯(૭) જમીન પચાવી પાડવાના કોઇ કહેવાતા કૃત્યના સંબંધમાં વિશેષ કોર્ટનું દરેક તારણ જમીન પચાવી પાડવાની હકીકત અને આવી જમીન પચાવી પાડી હોય તેવી વ્યક્તિઓ અંગેનો નિર્ણાયક પુરાવો રહેશે તથા પચાવી પાડેલી કોઇ જમીનના માલિકીહક્ક અને માલિકી અથવા કાયદેસરનો કબજો નક્કી કરવાના સંબંધમાં વિશેષ કોર્ટનો દરેક ચુકાદો આવી જમીનમાં હિત સંબંધ ધરાવતી દરેક વ્યક્તિઓ ઉપર બંધનકર્તા રહેશે. તેમાં કલમ-૯(૭)માં એવો ઉમેરો લાવ્યા છીએ કે, પરંતુ વિશેષ કોર્ટે જાહેર નોટિસથી આ અધિનિયમ હેઠળ કેસની ન્યાયિક નોંધ લીધાની હકીકત નિર્દિષ્ટ કરવી જોઇશે. આવા જાહેરનામામાં વિશેષ કોર્ટ દ્વારા તેમાં નિર્દિષ્ટ કરવામાં આવેલી મુદતની અંદર કોઇ વ્યક્તિ તરફથી મળે તેવો કોઇ વાંધો તેના એટલે કે વિશેષ કોર્ટ દ્વારા વિચારણામાં લેવામાં આવશે તેમ જણાવવું જોઇશે. વધુમાં વિશેષ કોર્ટે જમીનમાં હિત સંબંધ ધરાવતી હોય તેવી વ્યક્તિઓ વિશે પોતાને ખાતરી થયા પછી જમીનમાં હિત સંબંધ હોવાનું જાણીતી અથવા માનવામાં આવતી કોઇ વ્યક્તિ ઉપર અધિનિયમ હેઠળ કેસની ન્યાયિક નોંધ લીધાની નોટિસ બજાવડાવવી જોઇશે.

માનનીય અધ્યક્ષશ્રી, આ ઉપરાંત નામદાર ગુજરાત હાઇકોર્ટમાં આ વિષય ઉપર કલમ-૨૨૬ હેઠળ કેટલીક અપીલો કરીને ચેલેન્જ કરવામાં આવેલ છે. તેના પ્રાવધાનને ચેલેન્જ કરવામાં આવ્યા છે અને તે કારણોસર કેટલીક બાબતોમાં એડવોકેટ જનરલશ્રી સાથે ચર્ચા થયા મુજબ અને તેમનું માર્ગદર્શન લઇને આ કલમ-૧૨(ક) ઉમેરવાની બાબત છે. કારણકે તેમાં અગાઉ અપીલનું પ્રોવિઝન ન હતું. અપીલનું પ્રોવિઝન જ ન હોય તો તે બાબત બંધારણમાં ચર્ચાસ્પદ બની રહે અને આ આખો કાયદો તે કારણસર નીકળી ન જાય તે હેતુથી આમાં અપીલનું પ્રોવિઝન સરકાર લઇને આવી છે. (૧) **કલમ-૧૨(ક) અપીલઃ** આ અધિનિયમ હેઠળ વિશેષ કોર્ટ દ્વારા કરવામાં આવેલા આખરી ચુકાદા અને હુકમથી નારાજ થયેલી કોઇ વ્યક્તિ આવા હુકમની વિરુદ્ધ હાઇકોર્ટને અપીલ કરી શકશે. (૨) આ અધિનિયમ હેઠળ હાઇકોર્ટને વિશેષ કોર્ટ દ્વારા કરવામાં આવેલા ચુકાદા અને હુકમના સંબંધમાં અનુક્રમે દિવાની કાર્યવાહીઓ અથવા ફોજદારી કાર્યવાહીઓમાં અલગ અપીલ કરવી જોઇશે. (૩) આવી દરેક અપીલ વાદગ્રસ્ત ચુકાદો અથવા હુકમ જે તારીખે કર્યો હતો તે તારીખની ત્રીસ દિવસની અંદર કરવી જોઇશે અને દરેક કાર્યવાહીમાં કરવામાં આવેલો ચુકાદો અને હુકમની સંબંધિત તારીખથી ત્રીસ દિવસની મુદત ગણવી જોઇશે. એટલે પ્રાથમિક ત્રીસ દિવસની મુદત સરકારે મૂકવા ધારણા કરી છે. પરંતુ તેમાં આપણે એક વધારાનું પ્રોવિઝન મૂક્યું છે કે, જેથી ત્રીસ દિવસ સફીશીઅન્ટ નથી તે ગ્રાઉન્ડ ઉપર જાય તો નામદાર હાઇકોર્ટને એ સત્તા આપી અને તેમાં એવો સુધારો લાવવા ધાર્યો છે. પરંતુ હાઇકોર્ટને ખાતરી થાય કે, અપીલ કરનારને પૂરતા કારણોસર સદરહુ ૩૦ દિવસની મુદતમાં અપીલ કરવામાંથી અટકાવવામાં આવ્યો હતો તો તે હાઇકોર્ટ અપીલ કરનારને ત્યાર પછીના ૬૦ દિવસની મુદતની અંદર અપીલ કરવાની પરવાનગી આપી શકશે. જો નામદાર હાઇકોર્ટ પરવાનગી આપે તો ૯૦ દિવસની મુદત તેને મળે. એવો જ બીજો એક સુધારો ૪/૧ દિવાની કાર્યવાહીમાં વિશેષ કોર્ટના ચુકાદા અને હુકમ પરથી અપીલ અંગે નિર્ણય કરવામાં હાઇકોર્ટે દિવાની અને કોર્ટને મળેલી હોય એવી તમામ સત્તા વાપરવી જોઇશે કારણ કે આ ફોજદારી દેખાતો આ કાયદો છે, એમાં દિવાની કોર્ટની સત્તા તમામ મળે તે હેતુથી આ સુધારો લાવ્યા છીએ કે દિવાની કોર્ટે દિવાની કાર્યરીતિ અધિનિયમ ૧૯૦૮ હેઠળ મૂળ કોર્ટના હુકમનામા સામેની અપીલ અંગે નિર્ણય કરવામાં જે કાર્યરીતિ અનુસરતી હોય એ કાર્યરીતિ અનુસરવી જોઇશે. ૪/૨ ફોજદારી કાર્યવાહીમાં આ અધિનિયમ હેઠળની કોઇ ફોજદારી જવાબદારી નક્કી કરતા વિશેષ કોર્ટના ચુકાદા અને હુકમ પરથી અપીલ અંગે નિર્ણય કરવામાં હાઇકોર્ટ લાગુ પડતું હોય ત્યાં સુધી વિશેષ કોર્ટ હાઇકોર્ટની હકુમતની સ્થાનિક હદોની અંદરના કેસોની ઇચ્છાથી કાર્યવાહી કરતી સેશન્સ કોર્ટ હોય તે રીતે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ના પ્રકરણ ૨૯થી મળેલી તમામ સત્તા વાપરી શકશે. ૪/૩ આવી કોઇ અપીલ મળેથી હાઇકોર્ટ અપીલ કરનાર પક્ષકારોને સુનાવણીની વાજબી તક આપ્યા પછી પોતાને જણાય તો બહાલ રાખતો સુધારો અથવા જેની સામે અપીલ થયેલી હોય તે હુકમ રદ કરતો અથવા વધારાના પૂરાવા જરૂરી હોય તો તે લીધા પછી નવા હુકમ માટે પોતે ઉચિત ગણે તેવા આદેશ સાથે કેસ પાછો ખેંચી લેતો હોય તેવો હુકમ કરશે.

માનનીય અધ્યક્ષશ્રી, આમ કેટલાક સુધારા અને કેટલાક વધારા સાથે આ કાયદા હેઠળ સરકારે ભૂતકાળમાં પણ એક સફળ પ્રયાસ કર્યો છે તેને કારણે મને એમ કહેવા દો કે આ કાયદાનો જે હેતુ આ સરકાર લઇને આવેલી. ભારતીય જનતા પાર્ટીની આ સરકારે જે ભૂમાફિયાઓ છે એમને કન્ટ્રોલ કરવા માટે, એમને નશ્યત કરવા માટેનો જે પ્રયાસ કર્યો તેને કારણે ઘણી એવી બાબતો છે એનો એક જ દાખલો હું આપવા માગું છું કે, સરકારી જમીનમાં લેન્ડ ગ્રેબિંગ, કારણ કે આ ખાનગી જમીનમાં પણ લેન્ડ ગ્રેબિંગ થાય અને સરકારી જમીનમાં પણ થાય. તો સરકારી જમીનમાં કારણ કે સરકાર આખા ગુજરાત પ્રદેશની અંદર દરેક જગ્યાએ તારની વાડ બાંધીને કે દીવાલ બાંધીને એને સંરક્ષિત કરી શકે નહીં. ગામડાઓમાં અથવા તો દૂર-દરાજની જગ્યાઓમાં કોઇએ આવો કબજો કરી લીધો હોય તો આ લેન્ડ ગ્રેબિંગના ડરથી પણ હવે એવા જે ભૂમાફિયાઓ છે એ અટકશે એ કારણથી આ એક દાખલો પર્યાપ્ત છે અને એ માટે હું અભિનંદન આપું છું મારા પૂર્વના મંત્રી માનનીય પ્રદિપસિંહજીને કારણ કે, આ કાયદો એ વખતે આપ લાવ્યા હતા અને ખૂબ સુંદર રીતે આ કાયદાનો અમલ પણ થયો છે. પરંતુ સુધારો એ શબ્દ જે છે કોઇ માણસે પણ સુધરવું જોઇએ, એકવાર કોઇ ભૂલ કરે, એક વાર અપશબ્દ નીકળી જાય તો ફરી પોતે સુધરવાનું હોય એવી જ રીતે કાયદામાં પણ સંજોગો અનુસાર સુધારા વધારા લાવવા પડે અને એટલે આ સારકારી જમીનનો એક દાખલો વિશેષ કરીને

આપવા માગું છું અને હું મારી જાતને આ બાબતે રોકી શકતો નથી. સરકારી જમીનમાં લેન્ડ ગ્રેબિંગ માટે કુલ ૪૯૯ અરજીઓ મળેલી એ પૈકી ૬૯૪.૮૩ હેક્ટર જમીન લગતની ૧૨૧ અરજીઓ હતી જે કમિટી દ્વારા મંજૂરી કરવામાં આવેલી અને તેમાં ૯૯ એફ.આઇ.આર. દાખલ કરવામાં આવેલી અને ૪૭૮ ઇસમોની સામે કાર્યવાહી કરવામાં આવેલ છે તેમજ ૪૮ કેસોમાં ચાર્જશીટ ફાઇલ કરવામાં આવેલ છે. માનનીય અધ્યક્ષશ્રી, આ હેક્ટરમાં કહ્યું એટલે કદાચ ઘણાંને ખ્યાલ ન પણ આવે, આશરે ૨૮૦૦ વીઘા સરકારી જમીન પર લેન્ડ ગ્રેબિંગ કરવામાં આવેલ એ તમામ અને એકઝટ કહીએ તો ૨૮૬૩ વિઘા જમીન ચોક્કસ રીતે આપણે ખાલી કરાવી શક્યા છીએ. તેનાં અંગે પગલાં લઇ શકયા છીએ અને આ કાયદાના ઘણા ઘણા લાભ થયા છે અને સકસેસ સ્ટોરીમાં જો વાંચીએ તો એક સકસેસ સ્ટોરી તો એવી અદભૂત છે કે, એક સમાજ એક દૂરદરાજનો વ્યકિત જે વિચરતી અને વિમુકત જાતિનો હોય એનું કોણ ? તો એની સરકાર છે. સરકાર એવા વંચિતો માટે છે, સરકાર એવા દૂરદરાજના ગરીબો માટે છે અને હારિજની અંદર જિલ્લા પાટણમાં ગાર્ડનીયા લુહાર સમાજની એક વિચરતી-વિમુકત જાતિ જેને સરકારે વર્ષ ૨૦૧૯માં કલેકટરશ્રીએ પાટણનાને જે કોઇ હોય તેમને અભિનંદન છે કે, મોજે -હારિજ, તાલુકો પાટણનાને ૧૭૬ પૈકી ૫૪ની જમીનમાંથી લાભાર્થી દીઠ ૫૦ ચો.મીટર મુજબ કુલ-૨૨૫૦ ચો. મીટરની જમીન ફાળવેલી. આ ગાર્ડનીય લુહાર સમાજના ૪૫ લાભાર્થીઓને વિના કિંમતે રહેઠાણના પ્લોટ ફાળવવામાં આવેલા. આદરણીય પ્રધાનમંત્રીશ્રીએ આવાસ યોજના હેઠળ આવા આવાસો દરેક ગરીબોને મળે તેનો પ્રયાસ કરવાનો જે મંત્ર લીધો છે તે રૂએ આ જમીન ફાળવવામાં આવી. તેમને મળવાપાત્ર સહાયનો પ્રથમ હપ્તો પણ મંજૂર કરવામાં આવ્યો, તેમના ખાતામાં પણ ડીબીટીથી જમા થઇ ગયા એટલે કોઇ વચેટિયો અંદરથી લઇ જાય નહીં. આ મકાનની પ્લોટવાળી જમીન પણ હું નામ નથી કહેતો નામની જરૂર નથી પરંતુ એ ગેરકાયદેસર ઇસમોએ બિન અધિકૃત કબજો લીધો અને આ લાભાર્થીઓના મકાનનું બાંધકામ પણ થવા દેતા નહોતા. અરજદાર લુહારીયા ભગાભાઇ પ્રતાપભાઇ અને અન્ય અરજદારોએ તા.૨૧-૯-૨૦૨૦ની અરજીથી સવાલવાળી જમીનમાં મકાનોનું કામ ઝડપી ચાલુ થાય એટલે પોલીસ બંદોબસ્ત ગોઠવી આપવા રજૂઆત કરેલી. આ ઉપરથી ખ્યાલ આવ્યો કે આ જમીનમાં લેન્ડ ગ્રેબિંગ થયુ છે અને હું ફરી વખત પુનઃ અભિનંદન આપું છું ભારતીય જનતા પાર્ટીની સરકારને કે આ કાયદો લાવવાથી આ તમામે તમામ જમીન મામલતદારે કબજો ખુલ્લો કરાવ્યો અને તા.૭-૨-૨૦૨૧ના રોજ લાભાર્થીઓને ટૂંક સમયની અંદર આ પ્લોટનો કબજો સુપ્રત કરવામાં આવ્યો. વિચરતા સમુદાયના ૪૫ પરિવારોને સરકારશ્રીની આવાસ યોજના હેઠળ તેમના ઘરનું ઘર મળી રહે, કાગળ ઉપર નહીં તેમને ઘરનું ઘર મળી રહે તેવો સરકારનો પ્રયાસ આ કાયદાની જે ઉપયોગિતા છે તે ઉપયોગિતા જોતા તેની અંદર સરકાર સુધારો-વધારો કરવા લાવી છે. હું અપેક્ષા કરું છું કે વિપક્ષ હાજર હોત અને તેની માહિતી પણ આપવા માગું છું કે, આ કાયદાને વિપક્ષના મિત્રોએ પણ તે વખતે એટલે કદાચ નીકળી ગયા હોય તો મને ખબર નથી. ગયા વખતે પણ તેમણે સંપૂર્ણ સહકાર આપેલો અને સર્વાનુમતે આ બિલ પસાર કરેલુ હતું અને તેમાં સુધારો-વધારો આવતો હોય તો જો મિત્રો હશે તો હું અપેક્ષા કરીશ કે ફરી વખત આ બિલને તે સમર્થન આપશે, ધન્યવાદ.

શ્રી સી. કે. રાઉલજી(ગોધરા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મહેસૂલ મંત્રી માનનીય રાજેન્દ્રભાઇ ત્રિવેદી સાહેબ જે સુધારા વિધેયક લઇને આવ્યા છે તેને હું મારો સંપૂર્ણ ટેકો આપીને મારી વાત રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ ખૂબજ સ્પષ્ટ વાત કરી કે આ કાયદાના ડરથી ગરીબ અને અજ્ઞાત ખેડૂતો જે પોતાની માલિકીની જમીન અને સરકારી પડતર જમીન હોય, ગૌચરની જમીન હોય તે અસામાજીક પ્રવૃત્તિઓ કરતા વ્યકિતઓને ટોળકી બનાવીને કબજો કરતા હોય તેના માટે રાજય સરકાર વર્ષ ૨૦૨૦ની અંદર જે કાયદો બનાવ્યો અને કાયદાના અનુસંધાનમાં કાયદો કાયમ માટે ટકી રહે તેના માટે આ સુધારા વિધેયક ખૂબ અગત્યનું છે અને સુધારા વિધેયકના અનુસંધાનમાં આ રાજય સરકાર ગરીબ અને અજ્ઞાત ખેડૂતોના ભલા માટે અને મોટાભાગે છેક દાંતીવાડાથી ઉમરગામ સુધી જે વિસ્તાર આવ્યો છે તે વિસ્તારમાં મોટાભાગે આદિવાસી ભાઇઓ, બક્ષીપંચ ભાઇઓની વસતી અને ખેતી કરતાં ખેડૂતોના લાભ માટે આ બિલ લાવ્યા છે કારણ કે, મોટા ભાગના જિલ્લાઓમાં ૨૦૦૬ના વન અધિનિયમના કાયદા હેઠળની જે અરજીઓ છે એ ગ્રાન્ટ કરવાની બાકી છે. આવી બાકી અરજીઓનો નિકાલ ન થાય ત્યાં સુધી આ જમીનોની માગણી કરેલી છે. એ લોકો પોતે વર્ષોથી આ જમીન ખેડે છે. આ જમીનો એમને ભવિષ્યમાં મળવાની છે. સરકારશ્રી તરફથી, વનવિભાગ તરફથી કે અન્ય કોઇ કાયદાકીય રીતે આ ખેડૂતો હેરાન ન થાય એ માટે ૨૦૦૬ની જે જમીનો ગ્રાન્ટ કરવાની બાકી છે એવા આદિવાસી ભાઇઓ માટે આ સુધારા વિધેયક ખૂબ જ ઉપયોગી થશે. આવનારા દિવસોમાં આ કાયદાને ટકાવી રાખવા માટે અપીલની જોગવાઇ નહોતી. દરેક જિલ્લામાં કલેક્ટરના અધ્યક્ષપણા હેઠળ આ સમિતિની રચના કરવામાં આવી છે. આ કાયદાના અનુસંધાનમાં કલેક્ટરશ્રીના વડપણ નીચે એની સુનાવણીના ભાગરૂપે વિશેષ કોર્ટ તરીકે જે સત્તાઓ આપી છે એમાં ભવિષ્યમાં દિવાની કોર્ટ અને ફોજદારી કોર્ટના જે કેસો હોય એમાં પણ ‘ વિશેષ કોર્ટે પોતાની સદબુદ્ધિથી નિર્ણય લેવો’ એ શબ્દપ્રયોગ પણ અત્યંત જરૂરી હોવાના નાતે માનનીય મંત્રીશ્રી જે વિધેયક લઇને આવ્યા છે એને હું હૃદયપૂર્વક ટેકો આપું છું. આજે સભાગૃહમાં વિરોધપક્ષના કોઇ સભ્યો નથી છતાં વિરોધપક્ષના અનુસંધાનમાં પણ અગાઉ જ્યારે રાજ્ય સરકારે મહેસૂલ વિભાગમાં જ્યારે જ્યારે સરકાર ગરીબ વ્યક્તિઓને હેરાન ન થાય અને આ લોકોને ડર લાગવો જોઇએ કારણ કે, મોટા ભાગે જમીન માલિકો ગરીબ હોય, અજ્ઞાન હોય એનો લાભ લઇને જમીન પચાવી પાડતા હતા. મને કહેતાં આનંદ થશે કે માનનીય મહેસૂલ મંત્રીએ જે રીતે કહ્યું કે, લગભગ ૬૮૩ હેક્ટર જેટલી જમીન સરકારના અનુસંધાનમાં જે ભૂમાફિયાઓએ પચાવી પાડી હતી અને ૪૯૯ જેટલા ઇસમોની સામે કાયદેસરની કાર્યવાહી કરી છે, ત્યારે ભવિષ્યમાં આવી સરકારી ખાનગી જમીનો કે જે ગરીબ અને અજ્ઞાન

ખેડૂતોની હોય એ પચાવી ના પાડે એટલા માટે કાયદામાં જે સુધારો લઇને આવ્યા છે તેને ફરીથી હું હૃદયપૂર્વક અનુમોદન આપું છું અને સૌ સભ્યશ્રી આ વિધેયકને પસાર કરે.

શ્રી અરવિંદકુમાર ગાં. પટેલ **(**સાબરમતી): માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય ગૃહમાં માનનીય મહેસૂલ મંત્રીશ્રી રાજેન્દ્રભાઇ ત્રિવેદી સાહેબ સન ૨૦૨૨નું વિધેયક ક્રમાંક-૧-સન ૨૦૨૨નું ગુજરાત જમીન પચાવી પાડવા પર (પ્રતિબંધ) (સુધારા) વિધેયક લઇને આવ્યા છે તેમાં હું મારા વિચારો રજૂ કરવા અને તેને સમર્થન આપવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, અમારી ભારતીય જનતા પાર્ટીની લોકાભિમુખ અને જનહિત સુખાકારી માટેની સરકારમાં ગુજરાતના સન્માનનીય પૂર્વ મુખ્યમંત્રીશ્રી, પૂર્વ નાયબ મુખ્યમંત્રીશ્રી અને પૂર્વ ગૃહ અને કાયદા મંત્રીશ્રી જે જમીન પચાવી પાડવા બાબતનો કાયદો વર્ષ ૨૦૨૦માં અમલમાં લાવ્યા હતા એમાં સમય પ્રમાણે સરકારી અધિકારી અને સરકારી વહીવટમાં જે નાની-મોટી ખામીઓ હતી. અને ક્યાંક તેને ઝડપથી પ્રજાના હિતકારી કાર્યો કરી શકે તેના માટેનું જે સુધારા વિધેયક લઇને આવ્યા છે તેને હું હૃદયપૂર્વક આવકારું છું અને અમારી સરકારને હૃદયપૂર્વકના અભિનંદન પાઠવું છું. આ સન્માનનીય સભાગૃહના પૂર્વ મુખ્યમંત્રીશ્રી અને દેશના લોકપ્રિય વડાપ્રધાન માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબનું એક સૂત્ર છે. ''સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો સહકાર અને સૌનો વિશ્વાસ.'' આ સૂત્રને ચરિતાર્થ કરવા માટે આ અમારું વિધેયક તેને સીધું લાગુ પડતું હોય તેવું હું માનું છું. રાજ્યના ગરીબ અને કાયદાની અજ્ઞાનતા ધરાવતા ખેડૂતોની ખાનગી અને સરકારી જમીન ઉપર રાજ્ય સરકારની ખૂબ જ કિંમતી જમીનો ભૂમાફિયાઓ હસ્તક જતી અટકાવવા માટે આવી પ્રવૃત્તિઓ ઉપર નિયંત્રણ લાવવા તેમજ ખોટી રીતે સરકારી જમીન તેમજ ખાનગી માલિકીની જમીન ઉપર અનઅધિકૃત પ્રવૃત્તિઓ અટકાવવા લોકોમાં ડર પેદા થાય તેવા આશયથી રાજ્યમાં એક કડક કાયદો અમલમાં લાવવો આવશ્યક હોવાથી મહામહિમ રાજ્યપાલશ્રીની અનુમતિ મેળવી તા.૨૯/૦૮/૨૦૨૦ના રોજ વટહુકમ બહાર પાડીને કાયદો અમલમાં મૂકવામાં આવ્યો છે. ત્યાર બાદ આ વટહુકમને પુનઃ બિલ સ્વરૂપે વિધાનસભા સમક્ષ આજે રજૂ કરવામાં આવેલ છે. જેને વિધાનસભાગૃહની અનુમતિ મળતાં આ કાયદાને તા.૨૯/૦૮/૨૦૨૦ના દિવસે અમલમાં મૂકવામાં આવેલો. આ કાયદાના અમલ માટે અધિનિયમની કલમ-૧૬થી મળેલ સત્તાની રૂએ રાજ્ય સરકારના તા.૧૬/૧૨/૨૦૨૦થી નિયમો પ્રસિદ્ધ કરેલ અને નિયમોના નિયમ-૪ ની જોગવાઈ અનુસાર આ કાયદા હેઠળ કોઈ પણ વ્યક્તિ કે વ્યક્તિઓના સમૂહ માટે અરજી કરવા માટે આ કાયદામાં અરજી ફી પેટે રૂ. ૨,૦૦૦/- વસૂલી લેવા જોગવાઈ કરવામાં આવેલ છે. આ ફી ઓનલાઇન સ્વીકારી શકાય તે માટે IORA પોર્ટલ ઉપર ઓનલાઈન અરજી કરવા અંગેની સૂચના મહેસૂલ વિભાગ તરફથી તા.૦૮/૦૩/૨૦૨૧થી પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. મારા પૂર્વ વક્તા માનનીય શ્રી સી. કે. રાઉલજીએ આ વાત કરી છે. આ કાયદામાં નાની મોટી જે તકલીફો હતી તેના ઝડપથી અમલ માટે એમણે પણ ઘણાં બધાં સૂચનો કર્યાં છે. રાજ્યમાં એવા પણ પ્રસંગો બનતા હતા કે ધારો કે મારું પોતાનું નામ હોય, એ જ પ્રમાણેનું એવા જ ભળતા નામથી એવા જ ભળતા આધારકાર્ડના પુરાવા ઊભા કરી, અનેક જગ્યાઓ ઉપર ખોટી પાવર ઓફ એટર્ની ઊભી કરી, ૭/૧૨ની અંદર આવા આધાર કાર્ડનો ઉપયોગ કરી, શહેરી વિસ્તારની અંદર કરોડો રૂપિયાની જમીનો આવા ભૂમાફિયાઓ રાતોરાત સબરજિસ્ટ્રારની અંદર રજૂ કરી અને ઘણાં મોટાં પ્રમાણમાં આવાં કામો કરતાં હતાં, તેને રોકવા માટેની અમારી સરકારે આ યોજના બનાવી છે. આ કાયદો વર્ષ ૨૦૨૦માં અમલમાં મૂક્યો છે, ત્યારે ફક્ત અમદાવાદ જિલ્લાની વાત કરું તો આ કાયદામાં ૧૦૯૦ જેટલી અરજીઓ સરકારી જમીન અને પ્રાઈવેટ માલિકી એટલે કે માલિકીની જગ્યા માટે કરી. આ અરજીમાં ખૂબ કિંમતી સરકારી જમીનમાં જે ભૂમાફિયાઓ પોતે કોમર્શિયલ બિલ્ડિંગ બનાવે છે, રહેઠાણના મકાનો બનાવે છે અને બિચારા અજ્ઞાન એવા માણસોને આ સરકારી જમીન રૂ. ૧૫-૨૦ લાખના ખર્ચે વેચાણ આપી રૂ. ૧૦ના ખોટા બાનાખત બનાવી બનાવીને એવી અનેક જગ્યાઓ એમણે વેચી નાખી હતી. એમાં મારી પોતાની વિધાનસભાની અંદર ૩૮ જેટલા જે મકાનો બનતા હતા એમાં એ લાભાર્થીઓએ રકમ રૂપિયા ૧૫ લાખથી રૂપિયા ૨૦ લાખ ભર્યા હતા. મેં પોતે પણ એની અંદર ત્રણ-ચાર અરજીઓ કરી હતી. એમાં એક જગ્યા ઉપર સરકારે ઝડપથી નિર્ણય લઇ, કલેકટર કચેરી અને મામલતદારશ્રીએ ઝડપથી નિર્ણય લઇ અને કામ પણ અટકાવ્યું અને સ્થળ ઉપર એ કામને રોકી અને લાભાર્થીઓએ પોતાનો પરસેવો પાડી બચાવેલા પૈસા ખોટી રીતે વ્યર્થ ન જાય, તે માટે એને રોકી એમના પૈસા જતાં રોકવાનું કામ અમારી અમદાવાદ કલેકટર કચેરી અને અમારા મામલતદારશ્રીએ કર્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ અરજીઓની અંદર ૨૨ જેટલી સરકારી જમીન ઉપર એની અમલવારી કરવામાં આવી છે. ૧૦૬૮ જેટલી પ્રાઈવેટ માલિકીના ખેડૂતોએ પોતે અરજીઓ કરી છે. એમાં ૪૮ જેટલા વ્યકિતઓને પોલીસ કેસ કરવામાં આવ્યો છે. ૨૫૩ ઇસમો સામે કાર્યવાહી પણ પૂર્ણ કરવામાં આવી છે. પણ એમાં માનનીય મંત્રી સાહેબને મારું સૂચન છે કે, આવી અરજીઓ ઉપર ઝડપથી વિચારણા થાય અને દર મહિને એના ઉપરની જે અરજીઓ આવી હોય એને ઝડપથી ધ્યાન ઉપર મૂકવામાં આવે તથા આ મોંઘા ભાવની કિંમતી જમીનો કોઇ હડપી ન જાય, એના ઉપર કોઇ બિલ્ડિંગો ના બનાવી દે અને બિલ્ડિંગો બનાવ્યા પછી કે મકાનો બનાવ્યા પછી ગરીબ પરિવારોએ જે લીધી હોય એમની પોતાની બચાવેલી રકમ પણ જતી રહેતી હોય છે એવું ના થાય, એના માટે ઝડપથી કાર્યવાહી થાય એવી માનનીય મંત્રીશ્રીને હું વિનંતી કરૂ છું. આ કાયદાની જે જોગવાઇ કરી છે એમાં નાના-મોટા જે પ્રશ્નો ઉપસ્થિત થાય છે એવા આ લેન્ડ ગ્રેબિંગ એક્ટની અંદર સ્થાનિક સંસ્થાઓ હોય, ધાર્મિક ચેરિટેબલ સંસ્થાઓ હોય કે ખાનગી વ્યકિતની જમીન હોય એનો પણ સમાવેશ કરવામાં આવેલ છે. એ તમામ જમીનોનો આની અંદર જે સમાવેશ કરવામાં આવ્યો છે એમાં ઝડપથી કાર્યવાહી થાય એવી વિનંતી કરું છું. સાથે સાથે મારા

સાબરમતી વિસ્તારની અંદર રાણીપમાં વર્ષો પહેલાં રાજ્ય સરકારે એક બકરા મંડી માટે જગ્યા આપી હતી. મેં અગાઉ પણ વિધાનસભામાં આ પ્રશ્ન પૂછેલો અને અગાઉના મહેસૂલ મંત્રીશ્રીને પણ રજૂઆત કરેલી કે જે તે વખતે એટલે કે વર્ષ ૧૯૫૬ની અંદર અમારો વિસ્તાર ગ્રામ્ય વિસ્તારમાં આવતો હતો ત્યારે ૮.૫ હેકટર જેટલી જગ્યા રાજ્ય સરકારે બકરા મંડી માટે આપી હતી. આજે એ જમીન ૮.૫ હેકટરની જગ્યાએ ખૂબ મોટી રીતે દબાણ થઇ ગઇ છે. અગાઉ મેં કલેકટરશ્રીને પણ ઘણી વખત રજૂઆત કરી છે. તો માનનીય મંત્રી સાહેબને મારી વિનંતી છે કે આજની વિધાનસભાની અંદર મારી જે રજૂઆત છે, એના ઉપર ઝડપથી નિર્ણય લેવાય અને બાકીનું જે દબાણ થયું છે, એ પણ ઝડપથી દૂર થાય અને સરકાર હસ્તક જગ્યા લેવાય. બીજી મારી ખાસ વિનંતી છે કે, સમસ્ત વિસ્તાર અત્યારે અમદાવાદ શહેરી વિસ્તારની અંદર આવી ગયો હોવાથી આ બકરા મંડીના ઓકસનના આધારે પોલ્યુશનનો પણ ખૂબ મોટો પ્રશ્ન ઉપસ્થિત થતો હોય છે. તો સરકારે એમાં વિચારણા કરી આની જગ્યાએ બહારની સાઇડમાં એટલે કે શહેરી વિસ્તાર સિવાય બહાર કયાંય પણ જગ્યા ફાળવવામાં આવે એવી આપના માધ્યમથી મારી માનનીય મંત્રીશ્રીને રજૂઆત છે. હું આ કાયદાને ખૂબ સ્વીકારું છું અને સરકારને હૃદયપૂર્વક અભિનંદન પાઠવી અને માનનીય મહેસૂલ મંત્રીશ્રીને અભિનંદન પાઠવી મારી વાત પૂર્ણ કરૂ છું.

**શ્રી પિયુષભાઇ દિ. દેસાઇ(નવસારી)** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકારના કાર્યક્ષમ મહેસૂલ મંત્રી આદરણીય શ્રી રાજેન્દ્રભાઇ, ગુજરાત જમીન પચાવી પાડવા પ્રતિબંધ સુધારા વિધયેક બિલ લઇને આવ્યા છે, એમાં મારા વિચારો રજૂ કરવા અને એમને ટેકો આપવા ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ભૂમાફિયાઓના કાળજા કંપી જાય એવું આ બિલ છે એમ કહું તો ખોટુ નથી.

માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૨૦ની અંદર વિધાનસભા ગૃહની સમક્ષ આ રજૂ કરવામાં આવેલ, પરંતુ સમગ્ર વિશ્વમાં કોરોના મહામારી ફેલાતા વિધાનસભા સમક્ષ આ રજૂ કરી શકાયું નહોતું અને એને માટે આ તા.૨૯-૦૮-૨૦૦૦ના રોજ વટહુકમ બહાર પાડીને આ કાયદો અમલમાં મૂકવામાં આવેલ અને હવે પુન: બિલ સ્વરૂપે વિધાનસભા ગૃહમાં રજૂ કરવામાં આવેલ તે વખતે અને એમાં આ વખતે સુધારો કરવામાં આવ્યો છે. જીવન જીવવાના બે રસ્તા છેઃ એક રસ્તો વર્તમાન પરિસ્થિતિને સ્વીકારો અને આનંદ કરો, બીજો રસ્તો વર્તમાન પરિસ્થિતિને બદલવાનો નિર્ધાર કરો. અમારી સરકારે આદરણીય વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી, તત્કાલિન મુખ્યમંત્રી વિજયભાઇ, ઉપમુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ, આદરણીય પ્રદિપસિંહજી, હાલના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ અને મહેસૂલ મંત્રીશ્રી રાજેન્દ્રભાઇ, અમારી આખી સરકારે આ નિર્ણય કર્યો અને નક્કી કર્યું કે પરિસ્થિતિને બદલીને તે પરિસ્થિતિની ઉપલબ્ધી સુધી પહોંચવાનો અમારી સરકારનો આ નિર્ણય છે. અને એટલા જ માટે પાંચ વર્ષ દરમિયાન આપણે અનેક ઐતિહાસિક બિલોના સાક્ષી બન્યા છીએ. અને સરવાળે રાજયનો ઉદ્ધેશ એ લોકોનું ભલું કરવાની ઇચ્છાનો છે. માનનીય અધ્યક્ષશ્રી, બિલોની જે ચર્ચા છે એમાં અનેક વાતો થઇ છે. પણ હું એમ કહું છું કે વર્ષ ૨૦૦૮માં પણ ભારતીય જનતા પાર્ટીની સરકારે સીટ એટલે સ્પેશીયલ ઇન્વેસ્ટિગેશન ટીમ બનાવી હતી. એટલે એ શરૂઆત પણ ભારતીય જનતા પાર્ટીએ કરી હતી એમ કહું તો ખોટું નથી. ખોટી રીતે પૈસા કેમ કમાવા, ખોટા દસ્તાવેજો ઉભા કેમ કરવા, અને જયારે કૃષિ વિકાસ દર ૧૦ ટકા જેટલો ગુજરાતમાં હોય, ગુજરાત રાજય ખેતી ઉપરાંત ઔદ્યોગિક ક્ષેત્રે હરણફાળ ભરતું હોય, ત્યારે ખાનગી માલિકીની જમીનો સરકારી માલિકીની જમીનના ભાવ આસમાને પહોંચતા હોય અને આ રીતે ખાનગી માલિકીની જમીનોમાં છેતરપીંડિના દસ્તાવેજ, બોગસ બાનાખત, સાટાખત, પાવર ઓફ એટર્ની કરાવી લેવા, અપૂરતો અવેજ, એટલે કે જમીનની કિંમત ચૂકવીને જમીન પચાવી પાડવાના કિસ્સાઓ સરકારના ધ્યાન પર કેટલાયે વખતથી આવ્યા છે. અને એને હિસાબે આ કડક કાયદો આપણે બનાવ્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, મારે વિશેષ વાત નથી કરવી. પરંતુ કેટલાક લુખ્ખા તત્વો કોઇના કહેવાથી કોઇની જમીન કિંમતી હોય એમાં ખૂંટા નાખે, ગાય કે ભેંસ બાંધી દે, નાનકડું ઝૂંપડું બનાવી દે, ડિસ્પ્યુટ લેન્ડ બનાવી દે. અને એ જમીન માલિક બીચારો વેંચી ન શકે, અને એ જમીન એ ડખાવાળી અને ડિસ્પ્યુટેડ તરીકે જયારે ઓળખવામાં આવે તેને માટેનો આ ભૂમાફિયા માટેનો જેને કહેવામાં આવે છે કે ખૂબ ઉપયોગી આ કાયદો બન્યો છે એમ કહું તો ખોટું નથી. માનનીય અધ્યક્ષશ્રી, આની અંદર હું એટલા માટે વાત કરું છું, મારે મહેસૂલ મંત્રીને પણ અભિનંદન આપવા છે. મહેસૂલ મેળાની શરૂઆત એ સમગ્ર ગુજરાતમાં અમારા નવસારી જિલ્લાથી થઇ. હું એટલા માટે આ વાત કરું છું કે તે વખતે નવસારી જિલ્લામાં સરકારી અને ખાનગી જમીનમાં લેન્ડ ગ્રેબિંગની કુલ જે અરજીઓ આવી હતી, અમારો જિલ્લો ખૂબ નાનો જિલ્લો છે, છતાં પણ જે ૯ અરજી આવી એની ૩ અરજીઓ તો જયારે મહેસૂલ મેળાની શરૂઆત થઇ ત્યારે કલેકટર પાસે આવી હતી, અને એમાં ૩ ની સામે એફ.આઇ.આર. પણ રજૂ થઇ છે. આ ખૂબ મોટી સિદ્ધિ છે એમ કહું તો ખોટું નથી. ગુજરાતની અંદર અનેક અરજીઓ આના પછી આવી છે. એમાં ૮૧૮ અરજીઓ કમિટી દ્વારા મંજૂર થઇ છે, પરંતુ મારા જિલ્લામાં પણ આ અરજી જે આવી છે એ જોતા એમ કહી શકાય કે આ કાયદાનો જે રીતે અમલ થઇ રહ્યો છે એ નાનામાં નાના માણસને ખૂબ ઉપયોગી થશે એમ કહું તો ખોટું નથી.

માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૨૨માં બિલ લાવવાના હેતુસર મારે એટલા માટે પણ અભિનંદન આપવા છે કે હાઇકોર્ટમાં આદરણીય મહેસૂલ મંત્રીએ જે વાત કરી, તહોમતદાર હોય, કે પક્ષકાર હોય, બન્નેને ન્યાય મળે, અને એટલા માટે એમણે જે વાત કરી છે કે આપણે વિશેષ કોર્ટ દ્વારા, એ જે વિશેષ કોર્ટ છે એ ૬ મહિનામાં ચુકાદો આપે એ ચુકાદામાં નારાજગી હોય તો તેને માટે પણ સરકારે આ બિલમાં વર્ષ ૨૦૨૨માં જે પ્રોવિઝન કર્યું છે તે પણ દાદ માગી લે એવું છે. આ ચુકાદાથી

નારાજ થયેલ વ્યકિત નામદાર હાઇકોર્ટ ચુકાદો આપે એની તારીખથી ૩૦ દિવસમાં અપીલ કરી શકશે. એ ઉપરાંત જો હાઇકોર્ટ ત્યારપછીના સાત દિવસ એને તકલીફ હોય તો એને પરમિશન આપી શકશે. આમ આ ખૂબ મોટો સુધારો કાયદામાં કર્યો છે.

બીજા અનેક સુધારાઓ કાયદામાં થયા છે એને હું સમર્થન આપું છું. આ બિલ દ્વારા ભૂમાફિયાઓ માટે ખૂબ સારો નિર્ધાર કર્યો છે એ ખૂબ અભિનંદનને પાત્ર છે. છેલ્લે અધ્યક્ષ મહોદયા, બે શાયરીઓ કહીને મારી વાત પૂરી કરીશ.

'' હે રકત એટલે ભગવાન હો શકે તો પંછી બનાના અગલે જનમ, બહુત લડતે હૈ ઇન્સાન જમીન ઓર સરહદ કે લીએ.''

જે રીતનું શાસન ચાલી રહ્યું છે એના માટે મારે વાત કરવી છે.

''શાસન છે પ્રતિબદ્ધ જનતા રાખે યકીન, રહેશે સદા સુરક્ષિત જર, જોરુ અને જમીન.''

શ્રી નીતિનભાઇ ર. પટેલ(મહેસાણા) : માનનીય અધ્યક્ષશ્રી, આમ તો મારો પ્રવચન કરવાનો વિચાર નહોતો પણ મને સમયની અનુકૂળતા મળી ગઇ એટલે મને કહેવાની તક મળી છે એ બદલ હું માનનીય મહેસૂલ મંત્રીશ્રી રાજેન્દ્રભાઇનો, આપનો અને માનનીય દુષ્યંતભાઇનો ખૂબ ખૂબ આભાર માનું છું.

કાયદો બનાવવો એ સરકાર પ્રજા માટે કરે છે, પ્રજાનું રક્ષણ કરવું, પ્રજાના જાનમાલ, મિલ્કતની સુરક્ષા કરવી રાજયની સુરક્ષા કરવી વગેરે માટે કાયદો અમલમાં હોય છે. એ કાયદાનો યોગ્ય રીતે અમલ થાય અને એનો લાભ રાજયના દેશના નાગરિકોને મળે એ જોવા માટેનું કામ સરકારનું છે. અમારી ભારતીય જનતા પક્ષની સરકારે હમણાં જ જેમ માનનીય અરવિંદભાઇ પટેલે વાત કરી અને માનનીય સભ્યશ્રી પીયૂષભાઇ તથા માનનીય રાઉલજીએ વાત કરી એ પ્રમાણે અમારી સરકાર જેમ જેમ જમીનોની કિંમતો વધતી જતી હતી એને ધ્યાનમાં રાખીને અસામાજિક તત્વો માથાભારે તત્વો જેને કોઇ રોકી શકે નહિ એવા લોકો પ્રજાને કનડતા હતા તેવા તત્વો એ મોટા પ્રમાણમાં સરકારી જમીન હોય કે ખાનગી જમીન હોય એના ઉપર દબાણ કરવા માંડ્યા હતા. આ પ્રશ્ન આજનો નહોતો, પરંતુ દાયકાઓથી ચાલતો હતો પરંતુ સરકારના ધ્યાન ઉપર આવ્યું અને જયારે જમીનોની કિંમત ખૂબ વધી ગઇ છે. અમદાવાદ, વડોદરા, સુરત કે રાજકોટમાં એક ચોરસ મીટર જમીનનો ભાવ ૫૦ હજાર રૂપિયાથી ૧ લાખ રૂપિયા સુધીનો થયો હોય ત્યારે સ્વાભાવિક છે કે આવા માથાભારે તત્વો ખૂબ મોટો નફો થાય, મોટી રકમ પ્રાપ્ત થાય એ માટે દુષ્કર્મ કરીને ખોટા દસ્તાવેજો ઉભા કરીને જમીનો પચાવી પાડતા હતા. આ કોઇ નાની વ્યકિતઓ નહોતી પરંતુ મોટા ધંધાદારી માણસો હતા. જમીન પચાવવા માટે લેન્ડ ગ્રેબિંગ કરતા હતા. જેમ માનનીય અરવિંદભાઇએ કહ્યું તેમ સરકારી જમીન પચાવવી, ખાનગી જમીન પચાવવા યેનકેન પ્રકારે ખોટા દસ્તાવેજો ઉભા કરીની ખોટી રીતે બાંધકામની પરવાનગી મેળવવાના ખોટા દસ્તાવેજો બનાવવાના અને જે મકાનો લે એના માટે ખોટા દસ્તાવેજો બનાવીને નિર્દોષ નાગરિકોને એ મકાન, દુકાન કે મિલકત વેચાણ આપીને જતા રહેતા હતા. પછી જયારે સરકારના ધ્યાન ઉપર આવે ત્યારે સરકાર કાર્યવાહી કરે ત્યારે એનો લાભ લેનાર હોય એ જતો રહ્યો હોય અને જેના ઉપર પગલાં લેવામાં આવે છે એ નિર્દોષ નાગરિક હોય એને ખબર ન હોય કે આ મને આપેલ છે એ સરકારી જમીન છે કે કોઇ બીજાની ખાનગી જમીન છે. અમારા ઉત્તર ગુજરાત કે ચરોતરમાંથી કે આપના કચ્છમાંથી હજારોની સંખ્યામાં લોકો પરદેશમાં રહે છે.

અધ્યક્ષશ્રી : અત્યારે વિરામનો સમય થયો છે. માનનીય નીતિનભાઇનું પ્રવચન ચાલુ રહેશે.

**(વિરામ બપોરના ૧૨-૦૦થી ૧૨-૩૦)**

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

શ્રી નીતિનભાઇ પટેલ(ક્રમશઃ): માનનીય અધ્યક્ષશ્રી, મારી જે વાત ચાલુ હતી, તેમાં હું ઉલ્લેખ કરતો હતો, ગુજરાતમાંથી આપણા ઘણા ગુજરાતીઓ પરિવાર સહિત પરદેશમાં રહેતા હોય. તેમના બાપ-દાદાના વખતની મિલકત, જમીનો વગેરે ગુજરાતના કોઇ પણ ગામમાં હોય ત્યારે એવા ઘણા કિસ્સા અમારા ધ્યાન ઉપર આવતા હતા કે પરદેશમાં રહેતા આવા વ્યક્તિઓની કિંમતી જમીનો ખોટી પાવર ઓફ એટર્ની, ખોટી નોટરી, ખોટા દસ્તાવેજ આ બધું કરીને મોટી રકમની જમીનો આવા ભૂમાફિયાઓ પચાવી પાડતા હતા. પેલા ભાઇ બે-પાંચ વર્ષે વતનમાં આવે ત્યારે તેમને ખબર પડે કે આ મારી જમીન તો કોઇએ લઇ લીધી અને વેચી મારી અને હવે મારું કંઇ રહેતું નથી. આવા ઘણા ગંભીર પ્રશ્નો અમારા જિલ્લામાં, અમારા વિસ્તારમાં મેં જોયેલા છે અને અનુભવેલા છે. પાછળથી તો આપણી સરકારે દસ્તાવેજ કરવાના, નોટરી કરવાના બધા નિયમો સુધાર્યા. ત્યાં જઇને કેમેરામાં ડોક્યુમેન્ટરી બની જાય, વીડિયો ઉતરી જાય એ પ્રમાણેના દસ્તાવેજ કરવા એવા બધા સુધારા કરેલા પણ એ પહેલાં જે જમીનો ગઇ તેનો ખૂબ મોટો અફસોસ પરદેશમાં રહેતા ગુજરાતીઓને હતો અને પાછળથી તો આપણી ગુજરાત સરકારની કે આપણાં દેશની જે પ્રતિષ્ઠા છે તેનું એ લોકો અવમૂલ્યન કરતા હતા કે ભારતમાં તો મિલકત લેવાય નહીં, ભારતમાં મિલકત લઇએ, અમારું કોઇ જોનાર ન હોય, દેખરેખ રાખનાર ન હોય અને આવા માથાભારે તત્વો આ જમીન પચાવી પાડે અને બારોબાર વેચી મારે આવા ઘણાં કિસ્સા બનતા હતા. એટલે અમારી સરકાર જે તે વખતે આ કાયદો અમલમાં લાવી. મેં શરૂઆતમાં કહ્યું તેમ કાયદો ઘડતી વખતે શક્ય એટલી પૂરેપૂરી ઝીણવટ, કાળજી રાજ્ય સરકાર, જે તે વિભાગ લેતો હોય છે પણ સ્વાભાવિક છે કે નાના મોટા કોઇ પ્રશ્નો રહી જતાં હોય.

માનનીય અધ્યક્ષશ્રી, કોઇ સમાજની, કોઇ વિસ્તારની વ્યક્તિગત, સ્થાનિક જરૂરિયાત હોય અને કાયદામાં તેનું જુદી રીતે અર્થઘટન થતું હોય તો એવું જ અર્થઘટન આદિવાસી કાયદામાં જે અગાઉ ચર્ચા થઇ એ પ્રમાણે આદિવાસી ભાઇઓને વન વિસ્તારમાં ઘણી જમીન ભારતીય જનતા પક્ષની અમારી સરકારે આદિવાસીઓના નામે કરી આપી છે. દસ્તાવેજ કરી આપ્યા છે. એ લોકો તેને પટ્ટા કહે છે. તે પટ્ટા તેમના નામે કર્યા છે. સનદો પણ તેમના નામે આપી દીધી છે અને મોટા પ્રમાણમાં આપી છે. ભૂતકાળની સરકારો જે નહોતી કરી શકી, ભૂતકાળની કોંગ્રેસની સરકારો ગુજરાતમાં હતી, તેમણે આદિવાસીઓના નામે વાતો ઘણી કરી, પણ આદિવાસીઓને સુખી કરવા, આદિવાસીઓ જે જમીન વર્ષો સુધી ખેડે તેના માલિક બનાવવા, તેના ઉપર તેમને કોઇ પણ જાતની લોન વગેરે પ્રાપ્ત થાય એવા દસ્તાવેજો પ્રાપ્ત થાય એવા કોઇ જાતના લાભ થાય એવું કામ કોંગ્રેસની સરકારે નહોતું કર્યું. અમારી ભાજપની સરકાર સમક્ષ આ બધી રજૂઆતો આવી. અમારા આદિવાસી વિસ્તારના ધારાસભ્યશ્રીઓએ સરકારમાં આ બધી હકીકતો મૂકી કે અમારા આદિવાસીઓના આટલા આટલા પ્રશ્નો છે. જમીન ખેડતા હતા, તેના કબજામાં હતી. તે વાવતા હતા, ઉપજ મેળવતા હતા પણ તેનું રેકોર્ડ નહીં બનવાના કારણે દા.ત. અમે કહીએ છીએ કે ગુજરાતની ભારતીય જનતા પક્ષની સરકાર અને કેન્દ્રની નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વવાળી સરકાર ખેડૂતોને ઝીરો ટકા વ્યાજે લોન આપીએ છીએ. જમીનનો માલિક ખેડૂત ન હોય, દસ્તાવેજમાં તેનું નામ ન આવ્યું હોય એટલે તેના ઉપર તેને લોન મળતી નહોતી. લોન ન મળે એટલે ઝીરો ટકા વ્યાજનો લાભ આ ખેડૂતો લઇ શકતા નહોતા.

માનનીય અધ્યક્ષશ્રી, એવી રીતે કૃષિ વિભાગની કે બીજા વિભાગની અથવા અનુસૂચિત જાતિજાતિ વિભાગની ઘણી યોજના એવી હતી કે એની મિલકત ના હોવાને કારણે, એનો રેકોર્ડ ન હોવાને કારણે એ લાભ લઇ શકતા નહોતા, હવે જે સુધારા અમે કર્યા, એમને સનદો આપી, જમીનો આપી એટલે અમારા ભારતીય જનતા પક્ષનું કામ, અમારી ભા.જ.પ. સરકારનું કામ એ ખેડૂતોમાં લોકપ્રિય થયું છે અને આપણે બધા જોઇએ છીએ કે ભૂતકાળમાં મોટા પ્રમાણમાં જે સમાજ અન્ય પક્ષ તરફ હતો એ બધો હવે અમારી સારી કામગીરીને કારણે ભા.જ.પ. તરફ વળ્યો. અમારી ગરીબ લક્ષી, પ્રજાલક્ષી કામગીરી, એમને શિક્ષણ આપ્યું, આરોગ્યની સગવડ આપી, માર્ગ મકાન વિભાગે એક એક આદિવાસી ગામડું ૩૦૦ની વસ્તી ધરાવતું હોય તો પણ એમને પાકા રસ્તા પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનામાં બનાવી આપ્યા. આ બધું જ થઇ ગયું, એમને લાઇટો મળી ગઇ, ઇન્ટરનેટ મળવા માંડયું છે પણ જમીન નહોતી મળી એટલે માલિકી નહોતી મળતી, હજુ પણ નહોતી મળતી, એ બધાની પ્રક્રિયા વન વિભાગમાં જુદી જુદી પદ્ધતિથી ચાલુ છે. હજી એમના નામ ઉપર જમીન ના થઇ હોય, એ દરમિયાન આપણે આ કાયદો લાવ્યા કે જે જમીન સરકારના નામે ચાલે છે તે કોઇ વ્યકિત પાસે હશે તો એને લેન્ડ ગ્રેબિંગ ગણવામાં આવશે એટલે સ્વાભાવિક છે કે આદિવાસી ખેડૂતોના સમાજમાં એક નારાજગી ઉભી થાય, એ વિસ્તારના અમારા ભા.જ.પ.ના ધારાસભ્યશ્રીઓએ, ભા.જ.પ.ના સંસદસભ્યશ્રીઓ, ભા.જ.પ.ના કાર્યકરોએ રાજય સરકારમાં રજૂઆત કરી, મુખ્યમંત્રીશ્રીને રજૂઆત કરી, માનનીય મહેસૂલ મંત્રીશ્રી રાજેન્દ્રભાઇને રજૂઆત કરી, આદિજાતિ મંત્રીશ્રીને રજૂઆત કરી કે આનું નિવારણ કરવું જોઇએ અને મને આનંદ છે કે કાયદા બનાવવા એ પણ સરકારશ્રીનું કામ છે અને જરૂરિયાત પ્રમાણે સંજોગો પ્રમાણે અને પરિસ્થિતિ પ્રમાણે એમાં સુધારા વધારા પણ કરવા જોઇએ, એ સુધારા વધારા કરવાનું કામ, આદિવાસીઓની તકલીફ નિવારણ કરવાનું કામ, આ જેને ના સમજાય એના માટે આ વાત નાની છે પણ હું એમ માનું છું કે, ગુજરાતની પૂર્વની પટ્ટી આદિવાસીઓની છે, એમાં લગભગ ૧૫ ટકા વસ્તી છે એમને જે તકલીફ પડતી હતી એનું નિવારણ અમારા મહેસૂલ મંત્રીશ્રી રાજેન્દ્રભાઇ ત્રિવેદીએ આ કાયદામાં સુધારો કરીને કર્યું છે, તે બદલ તેઓશ્રીને હું ખૂબ ખૂબ અભિનંદન આપુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, એમણે પ્રસ્તાવના મૂકી કે હજારો વીઘા, એકર જમીન આ કાયદો આવ્યા પછી, આ કાયદો હમણાં જ બનાવ્યો છે, માનનીય વિજયભાઇ રૂપાણી મુખ્યમંત્રીશ્રી હતા, માનનીય કૌશિકભાઇ મહેસૂલ મંત્રીશ્રી હતા, શ્રી પ્રદિપસિંહજી કાયદા મંત્રીશ્રી હતા, આ કાયદો હમણાં જ બનાવ્યો છે પણ કાયદાની ઉપયોગિતા સમજો, આ કાયદો બન્યા પછી જે ભૂમાફિયા, સરકારી જમીન પચાવી પાડનારા કે ખાનગી જમીન પચાવી પાડનારાઓમાં એવો ફફડાટ વ્યાપી ગયો છે, અમારી પાસે ઘણા લોકો આવે છે અને આવીને કેવી રજૂઆત કરે છે કે, મારી જમીનનું લેન્ડ ગ્રેબિંગ થયું છે, માફીયા તત્વોએ એનો કબજો જમાવી દીધો છે, અહીંયા સુંદર વાત અમારા માનનીય ધારાસભ્યશ્રીએ વાત કરી કે આવીને ખાલી ભેંસો બાંધી દે, એક છાપરું કરી દે, બે મકાન કરી દે, ખાલી દેખાવ પૂરતો વપરાશ કરી દે અને જેની માલિકીની અસલ જમીન હોય એની પાસે પછી સાદી ભાષામાં કહું તો ''કડદો'' કરે, કે અમે જઇએ પણ અમને આટલા પૈસા આપવા પડશે તો જ અમે આ બધું અમારું ઉપાડીશું નહીં તો તમારી જમીન પચાવી પાડીશું અને ભૂતકાળના કાયદા એવા હતા કે આવા લોકોને રક્ષણ મળતું હતું પણ અમારી ભારતીય જનતા પાર્ટીની સરકારે, કુદરતી ન્યાયનો જે સિદ્ધાંત છે, પ્રજાના જાનમાલનું રક્ષણ કરવાની સરકારની જે બંધારણીય જવાબદારી છે એ બંધારણીય જવાબદારી અમારી સરકારે આગળ વધારી અને હજી તો આ કાયદો લાવવામાં એક વર્ષ પણ નથી થયું, અહીંયા દાખલા આવવા માંડ્યા કે આ કલેકટર પાસે આટલા કેસ ચાલે છે, આ કલેકટર પાસે આટલા કેસ ચાલે છે અને એનું ઝડપથી નિરાકરણ કરવાની કાયદામાં જ જોગવાઇ કરી છે કે કલેકટર, ડી.એસ.પી. અને ડી.ડી.ઓ. ત્રણની સમિતિ છે એમની પાસે અરજી આવે એટલે આટલા દિવસમાં એમણે નિકાલ કરવો જ પડે અને નિકાલ કર્યા પછી સીધું હાઇકોર્ટ સિવાય બીજી કોઇ અપીલ ઓથોરિટી નહીં અને પાસા જેવા કડક કાયદા, ફોજદારી કાયદા, એમાં જેલમાં નાખવાના કાયદા કર્યા છે, એટલે આ બધું જ સરસ રીતે થયું એમાં ફરી શબ્દ વાપરું કે જરૂરીયાત પ્રમાણે સુધારો કરવો પડે એ આદિવાસી સમાજની લાગણીને, માગણીને પૂર્ણ કરવા માટે, આદિવાસીઓને આજે ખૂબ આનંદ થશે કે અમારી વાત આ ગુજરાતની ભારતીય જનતા

પક્ષની સરકારે સ્વીકારી, માન્ય રાખી અને આ વિધાનસભામાં આ બિલનો નંબર જુઓ, ૨૦૨૨ નું પહેલા નંબરનું બિલ આ વિધાનસભામાં પહેલા જ કામકાજના દિવસે મહેસૂલ મંત્રીશ્રી લાવ્યા છે એમને હું ખૂબ ખૂબ અભિનંદન આપીને તેમજ આ સુધારાને આવકારી મારું અનુમોદન આપું છું.

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી ( મહેસૂલ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, આ બિલના જે કાંઇ સુધારા-વધારા લાવ્યો છું એમાં માનનીય સી.કે. રાઉલજી, માનનીય અરવિંદભાઇ પટેલ, માનનીય પિયૂષભાઇ દેસાઇએ પોતાનાં ખૂબ જ સારાં સૂચનો અને મંતવ્યો રજૂ કર્યા અને આ બિલને સમર્થન આપવાની જાહેરાત પણ કરી. પૂર્વ નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે વિશદ્ છણાવટ કરી એમના અનુભવનો નિચોડ આપ્યો. એમણે અચાનક જ બોલવાનું નક્કી કર્યું હશે એમ મને લાગે છે તેમ છતાં એમણે જે આખી વાતને મૂકી એ ખૂબ સરાહનીય છે. કોઇપણ જાતના આગ્રહ વગર જ્યારે માનનીય નીતિનભાઇ સાહેબે આ બધી વિગતો કહી છે એ માટે આ સરકાર અને વ્યક્તિગત મારા તરફથી આપનો ખૂબ ખૂબ આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મને જો વિપક્ષ હાજર હોત તો આનંદ થતો. પણ આ લેન્ડ ગ્રેબિંગનો કાયદો લાવવો કેમ પડ્યો એના મૂળમાં જવાનો ગઇકાલે રાત્રે દોઢ વાગ્યે વિચાર આવ્યો કે કાયદો કેમ લાવવો પડ્યો છે? આપે ઘણાં કારણો આપ્યાં એની સાથે બીજા કારણો ઉમેરવા માગું છું. ગુજરાત એક અદભૂત પ્રદેશ છે. ગુજરાતનો સ્વભાવ સાહસિક છે અને એટલે તો એન.આર.આઇ. થાય છે. તેઓ ત્યાં કામ કરે છે પણ એમની જમીન અહીંયા હોય. મેરે પ્રદેશ કી ધરતી સોના ઉગલે એવું આપણે બધાને કહીએ છીએ. કચ્છ નહીં દેખા નહીં પણ ગુજરાત નહીં દેખા તો કૂછ નહીં દેખા. જહાં મહા નદી હૈ, નર્મદા, તાપી, સાબરમતી, મહીસાગર. છલોછલ અને લબાલબ પાણી ગુજરાતના આ પ્રદેશને મળ્યું છે. ચાહે આપણે સોમનાથ દાદાની કૃપા કહીએ, ચાહે દ્વારકાધીશની કૃપા કહીએ, મહાકાળીની કૃપા કહીએ, માં અંબાની કૃપા કહીએ એવો આ અદભૂત પ્રદેશ. વિદેશથી પણ લોકો આવે અને બીજા પ્રદેશના લોકો પણ ખૂબ મોટી સંખ્યામાં આવે. ગુજરાત નંબર વન એમને એમ નથી કહેવાતું. જ્યાં સરદાર સરોવર ડેમ હોય, જ્યાં ખેતીલાયક સારી જમીન હોય કે ધરતી સારી હોય અને જ્યાં ધરતીમાં ખાણ-ખનીજ હોય.

માનનીય અધ્યક્ષશ્રી, આપનું કચ્છ ખનીજથી હર્યું ભર્યું છે, જ્યાં ખનીજની ખેતી થાય. જ્યાં ખેતી અને આદ્યોગિક ખેતર વધારે હોય એવો આ પ્રદેશ. આદરણીય મોદીજી તત્કાલીન મુખ્યમંત્રીશ્રીએ આખા પ્રદેશને એમણે વાયબ્રન્ટ બનાવ્યો અને એટલે જ વાયબ્રન્ટ ગુજરાત આપણે કહીએ છીએ. આદરણીય અધ્યક્ષશ્રી, ભારતના અન્ય પ્રદેશના લોકો અહીં ફરવા માટે આવે, યાત્રા માટે આવે, નોકરી માટે આવે અને આ બધામાંથી ઘણા બધાને એમ થાય કે ગુજરાત જેવો પ્રદેશ નહીં. રોડ-રસ્તા એટલા સારા કે આજે લોકો વખાણ કરે છે. શ્રી નીતિનભાઇ સાહેબ એમની આટલા વર્ષોની મહેનત, ભારતીય જનતા પાર્ટીની સરકારે આ બધું કર્યું છે. હરણફાળ ભરતું ગુજરાત હોય અને જ્યાં જમીનના ભાવો આસમાને હોય અને એટલે આ જમીન માટે આ લેન્ડ ગ્રેબિંગ શરૂ થયું. આ દૂષણને ડામવા માટેના ભરચક પ્રયાસો ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યા. આજે એની અંદર ઘણા બધા સેકશનો હાઇકોર્ટમાં ચેલેન્જ થયા છે. જ્યાં જેવી વાત આવે છે, અગાઉ પણ કહ્યું કે પરિવર્તન કરવું પોતાની જાતને, વિચાર મંથન કરવું, ક્યાંય ઉણપ ન રહી જાય અને એટલા માટે આપણે આ જ્યાં અત્મનિર્ભર ગ્રામ્ય જીવન હોય, જ્યાં પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના હેઠળ ૧૦,૩૩૨ કરોડ રૂપિયાનું ચૂકવણું ડી.બી.ટી. થી ૬૧ લાખથી વધુ લાભાર્થીને અપાતું હોય, આ કેમ? આ જમીનો મોંઘી કેમ છે? અહીંની જમીનો સારી છે, ઇશ્વરની ખૂબ કૃપા છે આ ધરતી ઉપર અને એમાં છેલ્લાં ૨૫ વર્ષથી સરકાર સારી છે.

માનનીય અધ્યક્ષશ્રી, પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ ૩,૦૬,૨૭૪ આવાસ જરૂરિયાતમંદોને અપાતા હોય તો એ જમીન વગર તો શકય નથી? એ જ રીતે ગત વર્ષ કરતા રૂપિયા ૧૭૦૦૦ કરોડના વધારા સાથે આપણા આદરણીય મુખ્યમંત્રીશ્રી અને આપણા નાણામંત્રીશ્રી કનુભાઇ જયારે રૂપિયા ૨,૪૪,૦૦૦ કરોડ કરતા વધારેનું બજેટ લઇને આવતા હોય એટલે આ પ્રદેશની જમીનની, મકાનની અને ગુજરાત રાજયની અન્ય પ્રદેશો કરતા કિંમત વધારે છે. કેટલાય ગુનાહિત લાલચુ લોકોએ આ સરકારી જમીન હોય કે ખાનગી જમીન હોય સાટાખત, બાનાખત, બનાવટી પાવર ઓફ એટર્ની આવા દસ્તાવેજો બનાવીને અને મારે એકવાર એવું કહેવું પડયું કે નવસારીની અંદર બનાવટી પાવર ઓફ એટર્ની સાઉથ આફ્રિકામાંથી બનાવી બનાવીને અનેક કિસ્સા બન્યા છે. ખરેખર આ ફરજ વિપક્ષના મિત્રોની હોવી જોઇએ. કયાંક અમારી ભૂલ થતી હોય કે કયાંક અમારા અધિકારી ભૂલ કરતા હોય, કયાંય અમારા કર્મચારી ભૂલ કરતા હોય, જે કંઇપણ થતું હોય એને ઉજાગર કરવાનું વિપક્ષનું કામ છે એની જગ્યાએ સરકાર પક્ષના મંત્રી જ શોધીને લાવે ભૂલો. સરકાર પક્ષના મંત્રી અમસ્તા બેસી રહેતા નથી તમામે તમામ મંત્રીઓ અનેક રીતે લોકો પાસેથી કામ કેવી રીતે થાય અને એટલા જ માટે આજે આ જમીન પડાવી લેનારા, બળજબરીથી કબજો કરનારા શક્તિના જોરે, ડાંગના જોરે આવા ભૂમાફિયાઓ મોંઘી કિંમતની જમીન પડાવી લેતા હતા એટલા માટે આ કાયદો આવ્યો અને એમાં લાગ્યું કે આ કાયદામાં સુધારો કરીએ તો આ કાયદો વધારે કડક થાય જેને કારણે ભૂમાફિયાઓ કોઇપણની જમીનમાં પગ મૂકતા પહેલા એને એક હજાર વાર વિચાર કરવો પડે અને એટલા જ માટે જયારે ગઇ વખતે વિપક્ષે આ કાયદામાં સાથ આપ્યો હતો, અનુમોદન આ બિલને આપ્યું હતું. આજેપણ હું માનું છું કે એમનું અનુમોદન તો મનથી છે જ. કાયદાની પકકડ મજબૂત કરવામાં કોઇ છટકબારી ન રહી જાય એટલા માટે એમાં સુધારા પણ કર્યા અને કેટલીક વાતને ડ્રોપ પણ કરી. આજે કેટલીક વાતો મારે કહેવી છે કે જેથી મારો મહેસૂલ વિભાગ ઘણો ગર્વ લઇ શકે. ગુજરાતના લોકોને ખબર પડે કે મહેસૂલના કર્મચારીઓ, અધિકારીઓ ખૂબ પરિશ્રમ પણ ઉઠાવે છે. રાજયના ગરીબ અને કાયદાની અજ્ઞાનતા ધરાવતા ખેડૂતોની ખાનગી માલિકી આ ભૂમાફિયાઓ લખાવી લે. કીધું હોય એક વીઘાનું અને લખાવી લે ચાર વીઘા. આવું થતું હતું એને અટકાવવા માટે

આ બધી જરૂરિયાત ઉભી થઇ છે અને કાયદાનું સ્વરૂપ આપવા માટે તા. ૨૩-૩-૨૦૨૦ના રોજ વિધાનસભા ગૃહ સમક્ષ આ રજૂ કરવામાં આવેલું, પરંતુ સમગ્ર વિશ્વમાં કોરોના મહામારી ફેલાતા મહામારીના અંતર્ગત વિધાનસભા સત્ર મુલત્વી રહેતા આ બિલ વિધાનસભામાં રજૂ ન થઇ શક્યું. હું તો એવું માનું છું કે મેં કશું કર્યું જ નથી. હું તો માત્ર નિમિત્ત બન્યો છું, પણ આનો યશ મારા માથે લખાયેલો હતો. આ કાયદો રાજયમાં તાકીદે અમલમાં લાવવો આવશ્યક હોવાથી તા. ૨૬-૮-૨૦૨૦ના રોજ મંત્રીમંડળની અનુમતિ મેળવી અને મહામહીમ રાજયપાલશ્રીની અનુમતિ મેળવી તા. ૨૯-૮-૨૦૨૦ના રોજ વટહુકમ બહાર પાડીને કાયદો અમલમાં મૂકવામાં આવ્યો. ત્યારબાદ આ વટહુકમને પૂનઃ બિલ સ્વરૂપે વિધાનસભા ગૃહ સમક્ષ રજૂ કરવામાં આવેલ છે જેને વિધાનસભાગૃહની અનુમતિ મળતા આ કાયદો તા. ૨૯-૮-૨૦૨૦થી અમલમાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું મારા સન્માનનીય ગૃહને જણાવવા માગું છું કે લેન્ડ ગ્રેબિંગના કિસ્સામાં સરકારી, સ્થાનિક સંસ્થાઓ, ધાર્મિક ચેરીટેબલ ટ્રસ્ટ, ખાનગી વ્યક્તિની જમીનો આ બધી જમીનોનો સમાવેશ કરવામાં આવેલ છે. આ અધિનિયમના હેતુને પૂરા પાડવા માટે જે જોગવાઇઓ કરી છે એમાં કલેકટરશ્રીના અધ્યક્ષપણા હેઠળ એક સમિતિની રચના તા. ૧૬-૧૨-૨૦૨૦ ના જાહેરનામાથી કરેલી છે. અધિનિયમ કલમ-૭ અંતર્ગત વિશેષ કોર્ટની રચના તા. ૬-૧૧-૨૦૨૦ ના રોજ આપણે કરી અને વિશેષ કોર્ટ ચલાવીને નિર્ણય લેશે અને ઉપરાંત વિશેષ કોર્ટને યોગ્ય જણાય તો સુવોમોટો પણ પોતે કેસ લઇ શકશે. દિવાની કાર્યરીતિ અધિનિયમ- ૧૯૦૮ તથા ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ હેઠળ શિક્ષા પાત્ર હોય તેવા અદાલતી ગુનાની કાર્યવાહી હાથ ધરવાની સત્તા વિશેષ કોર્ટને એટલા માટે આપી કે કારણ એનું એ હતું કે આવી પ્રવૃત્તિ આચરનારા જે દૂષણ છે એને ડામવા માટે એને ભય લાગે, એ કાપી જાય, એટલે આવી પ્રવૃત્તિ આચરનારા માટે ૧૦ વર્ષથી ૧૪ વર્ષની કેદ, ૧૪ વર્ષની કેદ એટલે, હું વકીલ તરીકે અનેકો અનેક ખુન કેસ લડ્યો છું. અને મારા આ વકીલાતના ૪૦ વર્ષના ક્ષેત્રમાં, ૪ વર્ષ હમણાંના ગયા એટલે વકીલાત તો થાય નહીં. પણ ૪૦ વર્ષ દરમ્યાનની પ્રેક્ટિસ દરમ્યાનના વર્ષોમાં અનેક કેસ લડ્યો છું. એમાં સજા પણ થઇ હશે, પણ જયારે ખુનના કેસમાં સજા થાય ત્યારે સામાન્ય રીતે જન્મટીપની સજા થાય પણ જેલમાં ૧૪ વર્ષ ભોગવે એટલે સરકારની અંદર આ માણસ સારો રહ્યો છે. પેરોલ પર ગયો છે તો તેણે કોઇ હિંસક પ્રવૃત્તિ આચરી છે કે નથી આચરી, કોઇ ગુનો કર્યો નથી કર્યો. અને એ ૧૪ વર્ષે એ લગભગ લગભગ છૂટતો હોય છે. એટલી ગંભીર સજાની જોગવાઇ કરવામાં આવેલી છે. અને એ કેસો જે હજુ ચાલ્યા નથી. અને આ કેસો ચાલશે અને ગુનેગારોને સજા થશે. ત્યારપછી લેન્ડ ગ્રેબિંગ કરવાની કોઇ હિંમત નહિ કરી શકે અને એટલે જ આ લેન્ડ ગ્રેબિંગની અરજી કરતા આ અરજી પરત્વે જિલ્લા મહેસૂલી તંત્ર દ્વારા પ્રાથમિક તપાસ હાથ ધરવામાં આવે છે. જેથી અન્યાય ના થાય. આ તપાસ રિપોર્ટના આધારે કલેકટરશ્રીની અધ્યક્ષતાવાળી આ કમિટી આ લેન્ડ ગ્રેબિંગ થયાનું પ્રથમ દ્રષ્ટિએ જણાય તો આવી અરજીને મંજૂર કરીને જવાબદાર ઇસમો સામે એફ.આઇ.આર. દાખલ કરી સ્પેશ્યલ કોર્ટને કેસ તબદીલ કરવામાં આવે છે. મારે આ ખાસ વિગત એટલા માટે આપવી છે કે માનનીય નીતિનભાઇ સાહેબ આપે મને જે એક સજેશન કર્યું કે કેટલી કિંમતની જમીન? તો ગુજરાત લેન્ડ ગ્રેબિંગ એક્ટ હેઠળ કુલ ૧૨,૩૪૨ અરજીઓ મળેલી. એ પૈકીની ૧,૦૧૪.૬૧ હેક્ટર જેટલી જમીન લગતની હતી અને ૮૧૮ અરજી એ કમિટી દ્વારા મંજૂર કરવામાં આવી કે આ ૮૧૮ અરજીમાં ખરેખર લેન્ડ ગ્રેબિંગ દેખાય છે. જેના કારણે ૫૮૬ એફ.આઇ.આર. દાખલ કરવામાં આવી. અને ૨,૨૫૬ ઇસમોની ધરપકડ કરવામાં આવી. એમની સામે કાર્યવાહી કરવામાં આવી. તેમજ ૩૩૬ કેસોમાં ચાર્જશીટ પણ ફાઇલ કરવામાં આવી. આ જે ૨,૨૫૬ ઇસમોની સામે કાયદેસરની કાર્યવાહી થઇ એના કારણે આશરે ૧,૦૭૫ કરોડની લોકો અને સરકારની જમીનો પરત અપાવી શકયા છીએ. અને એમના ચુંગાલમાંથી છોડાવી શકયા છીએ. અને જેમ આપે આદિવાસીની બાબતમાં કહ્યું. ભારતીય જનતા પાર્ટીની સરકાર વર્ષોથી આદિવાસીઓની ચિંતા કરે છે અને બને એટલી એમની સેવા કરે છે. અને એમને કોઇ જાતની તકલીફ ન પડવી જોઇએ એટલે ગુજરાત જમીન પચાવી પાડવા પર ( પ્રતિબંધ) સુધારા વિધેયક જે આ લઇને આવ્યા છે, એમાં અનુસૂચિત જાતિ અને અન્ય પરંપરાગત વનવાસી એમનો જે અધિનિયમ ૨૦૦૬ એના હેઠળ જે અરજી કરેલી હોય તે અનિર્ણિત છે એવી તમામ અરજીઓમાં કોઇ જગ્યાએ લેન્ડ ગ્રેબિંગ દાખલ નહિ થઇ શકે એની ચોક્કસપણે કાળજી લેવામાં આવી છે. જ્યારે ગુજરાત વિધાનસભાનું સત્ર ચાલુ નહોતું એટલે ઉપરોક્ત ઉદેશો સિદ્ધ કરવા ગુજરાત જમીન પચાવી પાડવા પર પ્રતિબંધ સુધારા વટહુકમ. આ વટહુકમ કેમ લાવવો પડ્યો તેનું કારણ ૨૦૨૨ પ્રસિદ્ધ કરવામાં આવેલ. અને આજે સદરહુ વટહુકમને વિધાનસભા ગૃહનું અનુમોદન મળે અને આપ સૌનો સહકાર મળે એ અપેક્ષાએ મારી તમામ માનનીય ધારાસભ્યશ્રીઓને વિનંતી છે કે આ બિલને પાસ કરાવવામાં સહકાર આપે અને આપ સૌએ જે સજેશન્સ કર્યા છે, જે સૂચનો કર્યાં છે તેને ચોક્કસપણે ધ્યાનમાં લઇશું. આપ સર્વેનો આભાર. અને માનનીય અધ્યક્ષશ્રી આપે સમય આપ્યો તે બદલ આપનો પણ આભાર.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૨૨નું વિધેયક ક્રમાંક-૧ સન ૨૦૨૨નું ગુજરાત જમીન પચાવી પાડવા પર (પ્રતિબંધ)(સુધારા)વિધેયકનું બીજુ વાંચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ-૨ થી ૫, કલમ-૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન-૨૦૨૨નું વિધેયક ક્રમાંક-૧-સન ૨૦૨૨નું ગુજરાત જમીન પચાવી પાડવા પર (પ્રતિબંધ) (સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : સન-૨૦૨૨નું વિધેયક ક્રમાંક-૧-સન ૨૦૨૨નું ગુજરાત જમીન પચાવી પાડવા પર (પ્રતિબંધ)(સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને પસાર કરવામાં આવે છે.

**સન ૨૦૨૨નું ગુજરાત વિધેયક ક્રમાંક : ૨**

**ગુજરાત ઓર્ગેનિક એગ્રિકલ્ચરલ યુનિવર્સિટી (સુધારા) વિધેયક, ૨૦૨૨**

**ગુજરાત ઓર્ગેનિક એગ્રીકલ્ચરલ યુનિવર્સિટી અધિનિયમ, ૨૦૧૭ વધુ સુધારવા બાબત વિધેયક.**

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ ( કૃષિ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, * રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૨૨ના વિધેયક ક્રમાંક-૨-સન ૨૦૨૨ના ગુજરાત ઓર્ગેનિક એગ્રિકલ્ચરલ યુનિવર્સિટી (સુધારા) વિધેયકને હું આપની અનુમતિથી દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : **વિધેયક દાખલ કરવામાં આવે છે.**

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૨૨ના વિધેયક ક્રમાંક-૨- સને ૨૦૨૨ના ગુજરાત ઓર્ગેનિક એગ્રિકલ્ચરલ યુનિવર્સિટી (સુધારા) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પ્રાકૃતિક ખેતીની જરૂરિયાત અને આજે આપણે સૌ કોઇ જાણીએ છીએ કે, ગુજરાત સહિત સમગ્ર વિશ્વમાં આજે કુદરતી કૃષિ અને બાગાયતી ખેતીમાં રાસાયણિક ખાતરો અને ઝેરી જંતુનાશક દવાઓના વધુ પડતા ઉપયોગની આડઅસરને કારણે માનવ સ્વાસ્થ્ય જોખમાયું છે. આપણે સૌ જાણીએ છીએ કે, પંજાબમાં કેન્સરના દર્દીઓની સંખ્યા વધુ છે. ત્યાં પંજાબના ભટીન્ડા શહેરથી રાજસ્થાનના બિકાનેર શહેર વચ્ચે એક ટ્રેન ચાલે છે. જેમાં મોટાભાગે કેન્સરના દર્દીઓ જતા હોવાથી તેને કેન્સર ટ્રેન તરીકે ઓળખવામાં આવે છે. આમ દવા અને ખાતરોના આડેધડ વપરાશથી આવી ગંભીર પરિસ્થિતિ પેદા થઇ છે. તદ્ઉપરાંત પર્યાવરણ પણ દૂષિત થયું છે અને તેની સૌથી વધારે અસર આપણી ધરતીમાતા ઉપર થઇ છે. આ રાસાયણિક ખેતીના કારણે ખેડૂતોને ઘણું સહન કરવાનો વારો આવ્યો છે. આ પરિસ્થિતિ સામે લડવા પ્રાકૃતિક ખેતી જ એક વિકલ્પ છે. મહારાષ્ટ્રના એક ખેડૂતપુત્ર શ્રી સુભાષ કાલેકર કે જેઓને ભારત સરકારે પદ્મશ્રીની ઉપાધિ આપી છે. તેઓએ તેમનાં વર્ષોના સંશોધન પરથી તારણ કાઢ્યું કે, જેવી રીતે જંગલમાં વનસ્પતિની વૃદ્ધિ કુદરતી થાય છે ત્યાં કોઇપણ માનવ તેને બહારથી ખાતર કે દવા આપતો નથી છતાં તે વિકસે છે અને ફળ પણ આપે છે. આમ પ્રાકૃતિક ખેતી સર્વશ્રેષ્ઠ ખેતી છે તેવું તેમણે પ્રસ્થાપિત કર્યું છે. આ ખેતી સૌ પ્રથમ પહેલાં મહારાષ્ટ્ર, હિમાચલ પ્રદેશ અને આંધ્ર પ્રદેશમાં શરૂ થઇ અને હવે આપણા ગુજરાતમાં માનનીય રાજ્યપાલશ્રીના માર્ગદર્શન હેઠળ તેની શરૂઆત થઇ છે. વધુમાં કેન્દ્રિય નાણામંત્રીશ્રીએ પણ તેઓના વર્ષ ૨૦૨૨-૨૩ના બજેટ પ્રવચનમાં પ્રાકૃતિક કૃષિને વેગ આપવાની બાબત પર પણ ભાર મૂકેલ છે. હમણાં આણંદ ખાતે કૃષિ વિભાગની પ્રિ-વાયબ્રન્ટ સમિટ યોજાઇ હતી. તેમાં આપણા માનનીય વડાપ્રધાનશ્રી અને આપણા ગુજરાતના પનોતા પુત્ર નરેન્દ્રભાઇ મોદીએ પણ પ્રાકૃતિક ખેતીની ઉપયોગિતા, તેનું મહત્ત્વ અને આ ખેતી ઉપર ભાર મૂકી આપણા ગુજરાતના ખેડૂતો વધુમાં વધુ તે દિશા તરફ વળે તે માટે અનુરોધ કર્યો હતો. આમ સમયની માંગ અને ખેતીની જમીનને બચાવવા આ પ્રાકૃતિક ખેતીની જરૂરિયાત ઉભી થઇ છે.

માનનીય અધ્યક્ષશ્રી, હવે આપને સૌને થાય કે આ પ્રાકૃત્તિક ખેતી એટલે શું? તો આ ખેતી એવી છે કે જેમાં પ્રકૃતિના મૂળભૂત સિદ્ધાંતો આધારીત એક દેશી ગાયના ગોબર અને ગૌમૂત્ર થકી કરવામાં આવતી ખેતી છે. આ ખેતી પદ્ધતિમાં જીવામૃત, બીજામૃત, અચ્છાદાન, વાપસા અને સહજીવન પાકો એ મુખ્ય પાંચ આધારસ્થંભ છે. આ ખેતીમાં જે કાંઇ ઇનપૂટ ખાતર કે દવા વપરાય છે તે બધી જ વસ્તુ કુદરતી હોય છે. જેમ કે દેશી ગાયનું ગૌમૂત્ર, છાણ, પાણી, દેશી ગોળ, ચણાના દાળનો લોટ અને જુદી જુદી વનસ્પતિઓના પાન. આ ખેતીની જમીનમાં પોષક તત્વોનું પ્રમાણ વધે તે માટે અચ્છાદાન અને સહજીવન પાક પદ્ધતિ અપનાવવામાં આવે છે. જો આપણે સરળ શબ્દોમાં સમજવું હોય તો એમ કહી શકાય કે પ્રકૃતિ તરફથી જે કોઇ વસ્તુ

* વિધેયક તા. ૨૫મી ફેબ્રુઆરી, ૨૦૨૨ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

મળેલ છે એવી જ વસ્તુઓનો ઉપયોગ કરી અને કરવામાં આવતી ખેતી એટલે પ્રાકૃત્તિક ખેતી. આપ સૌને થાય કે આ પ્રાકૃત્તિક ખેતી આજે કેમ મહત્ત્વની બની છે? તો આ પ્રાકૃત્તિક ખેતી અપનાવવા પાછળનું સૌથી મહત્ત્વનું જો કોઇ શ્રેષ્ઠ પરિબળ હોય તો આ પદ્ધતિથી ખેડૂતોની જમીન ફળદ્રુપ બને છે. વધુમાં ખેતી માટે ખેડૂતને કોઇ ઇનપૂટને બહારથી ખરીદવાની જરૂર પડતી નથી જેથી ઉત્પાદનનો ખર્ચ છે એ નહીવત થાય છે. ઉપરાંત રસાયણયુક્ત, ઉચ્ચ ગુણવત્તાયુક્ત ખેત પેદાશો મળે છે અને એના ભાવ પણ માર્કેટમાં ખૂબ જ સારા મળે છે. વળી આ ખેતી પદ્ધતિ શીખવા માટે કોઇ ટેકનિકલ શિક્ષણની જરૂર પણ પડતી નથી. આમ, જો કોઇ એવી ખેતી પદ્ધતિ આપણને મળે કે જેમાં ખર્ચ નહીવત હોય, ઉત્પાદન ગુણવત્તાયુક્ત મળતું હોય અને આવક પણ રાસાયણિક ખેતી કે સેન્દ્રીય ખેતી કરતા વધુ હોય તથા ખેત પેદાશો સ્વાસ્થ્ય માટે ગુણકારી હોય તો આપણા ખેડૂતો આ ખેતી અપનાવે તો ખૂબ જ ફાયદાકારક નિવડે છે. માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રાકૃતિક ખેતી આપણા રાજયમાં અપનાવવાથી આપણા ખેડૂતોને ઘણા જ ફાયદાઓ થાય છે જેમ કે, ખેડૂતોની જમીનમાં ભેજ સંગ્રહ વધે છે, ફળદ્રુપતા અને ઉત્પાદન ક્ષમતામાં વધારો થાય છે. વળી આ ખેતીમાં ખેડૂતો માત્ર એક જ દેશી ગાયના ગોબર અને ગૌમૂત્રથી ૩૦ એકર સુધીની જમીનમાં ખેતી કરી શકે છે. આ ખેતી થકી ખેડૂતોને કોઇ લોન લેવી પડતી નથી તેમજ નહીવત ઉત્પાદન ખર્ચ અને વધારે ભાવ મળતા હોવાના કારણે સરવાળે ખેડૂતોને ફાયદો થાય છે. પ્રાકૃતિક ખેતીમાં નહીવત ઉત્પાદન ખર્ચ આવતો હોય માનનીય પ્રધાન મંત્રીશ્રીનો ખેડૂતોને આવક બમણી કરવાનો જે સંકલ્પ છે એ સંકલ્પને સિદ્ધ કરવા આ પદ્ધતિ એક સરળ અને સસ્તો ઉપાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ ખેતીમાં બીજું એક મહત્ત્વનું પરિબળ છે પાણી કે જેના વગર ખેતી શક્ય જ નથી. પરંતુ આ ખેતીમાં ખૂબ જ ઓછા પ્રમાણમાં પાણીની જરૂરિયાત રહે છે જેથી ઓછા પાણીવાળા વિસ્તારોમાં પણ આ ખેતી ખૂબ જ ઉપયોગી બની રહે છે. ખાસ હાલની પરિસ્થિતિ જોતા પર્યાવરણ અને માનવીના સ્વાસ્થ્યનું રક્ષણ, પોષણ અને સંવર્ધન માટે આ ખેતી અતિ આવશ્યક છે. આ ખેતી થકી આપણા ખેડૂતો ખાસ તો આત્મનિર્ભર બને છે તેમજ ગામ અને દેશ માટે સ્વાવલંબનનું નિર્માણ થાય છે. છેલ્લા બે વર્ષથી આ પદ્ધતિથી ખેડૂતો ખેતી કરી રહ્યા છે, જેથી તેમની ખેત પેદાશોના સારા ભાવ મળે તે પણ જરૂરી છે અને તે માટે રાજ્ય સરકારે પ્રાકૃતિક ખેતી સાથે જોડાયેલ ખેડૂતોને પ્રોત્સાહન મળે અને અન્ય ખેડૂતો આ પદ્ધતિ અપનાવે તે માટે સરકારશ્રી દ્વારા પ્રાકૃતિક કૃષિની એક એક યોજના સમગ્ર રાજયમાં અને એક યોજના ડાંગ જિલ્લા માટે રજૂ કરવામાં આવી છે જેમાં દેશી ગાયના નિભાવ માટે ૧.૮૨ લાખ જેટલા ખેડૂતોને તેમજ ડાંગ જિલ્લામાં ખેતીના ઉત્પાદનની ઘટ માટે ૧૩,૪૮૦ ખેડૂતોને આર્થિક સહાય આપવામાં આવી રહી છે. કૃષિ વિભાગ હેઠળ આત્મા પ્રોજેકટ દ્વારા રાજયના તમામ જિલ્લાઓમાં પ્રાકૃતિક ખેતીની શિબિરો, મેળા, પ્રદર્શન અને ખાસ વેચાણ કેન્દ્રો શરૂ કરવામાં આવી રહ્યાં છે, જે અંતર્ગત માનનીય રાજયપાલશ્રી અને માનનીય મુખ્યમંત્રીશ્રીની પ્રેરક ઉપસ્થિતિમાં મહાત્મા મંદિર ગાંધીનગર ખાતે વર્ષ ૨૦૧૯માં ૧૦ હજારથી વધુ ખેડૂત અને અધિકારીઓ સાથે એક દિવસની સુભાષ પાલેકર પ્રાકૃતિક કૃષિ કાર્યશાળાના મેગા સેમિનારનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત માનનીય રાજયપાલશ્રી અને માનનીય મુખ્યમંત્રીશ્રીની અધ્યક્ષતામાં સુભાષ પાલેકર પ્રાકૃતિક કૃષિ કાર્યશાળાનો ૭ દિવસનો રેસિડેન્શિયલ ખેડૂતો અને અધિકારીઓ સાથે મળી કુલ-૨૧,૮૬૧ જેટલા તાલીમાર્થીઓને સતત ૭ દિવસ તાલીમ આપીને માસ્ટર ટ્રેનર કરવામાં આવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજા તબક્કામાં તાલીમ પામેલા માસ્ટર ટ્રેનર દ્વારા રાજયમાં રસ ધરાવતા ખેડૂતોને દરેક તાલુકામાં બે દિવસની તાલીમ આપી ૨,૭૨,૦૩૨ જેટલા ખેડૂતોને પ્રાકૃતિક ખેતી વિષે પ્રશિક્ષિત કરવામાં આવ્યા છે. રાજયના ડાંગ જિલ્લાને ખૂબ જ ટૂંકાગાળામાં સો ટકા રસાયણમુકત ખેતી કરતો જિલ્લો જાહેર કરવામાં આવ્યો છે જે આપણાં રાજય માટે ખૂબ જ ગૌરવની વાત છે. નાના ખેડૂતોની ખેત પેદાશો ઉંચા ભાવે વેચાય તે ઉદ્દેશથી સરકારે ૩૩ જિલ્લાઓમાં કુલ-૧૦૦ જેટલા ખેડૂત ઉત્પાદન સંગઠનો એફપીઓ બનાવ્યા છે. રાજય સરકાર દ્વારા રાજયનો પહેલો પ્રાકૃતિક ખેતીની પેદાશનો સ્ટોલ સેકટર-૨૧ ગાંધીનગર ખાતે આમ જનતા માટે માનનીય રાજયપાલશ્રી દ્વારા ખુલ્લો મૂકાયો છે. હાલમાં જ આપણા કેન્દ્રના ગૃહમંત્રી અને આપણા ગુજરાતના પનોતા પુત્ર શ્રી અમિતભાઇ શાહ માનનીય કેન્દ્રીય ગૃહમંત્રીની સાથે આ પ્રાકૃતિક કૃષિ કાર્યક્રમમાં રાજય સરકાર દ્વારા પ્રાકૃતિક કૃષિની ઓળખ આપવા પ્રાકૃતિક કૃષિ લોગો, પ્રાકૃતિક ખેતીના ખેત-પેદાશોના ખરીદ-વેચાણ માટે મોબાઇલ એપ્લિકેશન અને પ્રાકૃતિક કૃષિની ખેત-પેદાશોના શહેરી વિસ્તારમાં વેચાણ માટે ઇ-વિકલ્પનું લોન્ચિંગ કરવામાં પણ આવેલ છે જેથી આવનારા સમયમાં ખેડૂતોને વેચાણ કે માર્કેટિંગની સમસ્યામાંથી મુકિત મળે તેમજ શહેરીજનોને સરળતાથી આ ખેત પેદાશો ઘરઆંગણે મળી શકે.

માનનીય અધ્યક્ષશ્રી, જો પ્રાકૃતિક ખેતી આ રાજયના ખેડૂતો અપનાવે તો સ્વભાવિક છે કે યુરિયા, ડીએપી જેવા રાસાયણિક ખાતરોનો વપરાશ ઓછો થશે જેના કારણે ખાતર ઉપરની સબસિડીમાં પણ સરકારને રાહત મળશે. વધુમાં જંતુનાશક દવાનો વપરાશ ઓછો થવાના પરિણામે વિદેશોમાં રસાયણમુકત ખેત પેદાશોની નિકાસ વધશે, જેના કારણે આપણી સરકારની રેવન્યુ પણ વધશે. આપણા રાજયના નાગરિકોને રસાયણમુકત આહાર મળવાના કારણે સ્વાસ્થ્ય સુધરશે, આરોગ્ય જળવાશે જેથી સ્વસ્થ અને નિરામય સમાજનું નિર્માણ થશે. પ્રાકૃતિક ખેતી અપનાવવા માટે રાજયના ખેડૂતોને ગામે ગામ પ્રાકૃતિક કૃષિ અંગે જાગૃતતા આવે તે માટે મોટા પાયે દરેક માધ્યમોના ઉપયોગ થકી પ્રાકૃતિક કૃષિ અંગે સ્ટાફ અને ખેડૂતોને જાણકારી પણ આપવામાં આવે છે. દરેક ગામમાં ખેડૂતો પ્રાકૃતિક ખેતી કરતા થાય, દરેક ગામમાં મોર્ડન ફાર્મ બને તે માટેના પ્રયત્નો પણ કરવામાં આવી રહ્યા છે. જે ખેડૂતો પ્રાકૃતિક ખેતી કરી રહ્યાં છે તેમના વાવેતર વિસ્તારમાં વધારો થાય તે માટેના પણ પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. ખેડૂતોના રસાયણમુકત ખેત પેદાશોના વેચાણ અને માર્કેટિંગ માટે ગ્રામ્ય કક્ષાએ

ગ્રામ હાર્ટ પણ શરૂ કરવામાં આવી રહ્યા છે. પ્રાકૃતિક કૃષિના વિકાસ માટે રૂપિયા ૧૦૦ કરોડના ખર્ચે પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડની રચના કરી તેના દ્વારા સમગ્ર રાજયના પ્રાકૃતિક કૃષિને પ્રોત્સાહન મળે તેવા પ્રયત્નો પણ હાથ ધરવામાં આવી રહ્યા છે. પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધ્યો છે અને હજુ વિસ્તાર વધે તે માટે પગલાં લેવામાં આવી રહ્યાં છે. જયારે આજે આપણા રાજયમાં મને કહેતા આનંદ થાય છે કે, આપણાં સૌની પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવાના પ્રયત્નના નિર્ધારના કારણે રાજયમાં આ ખેતીને ઉત્તમ પ્રતિસાદ મળ્યો છે, જેના પરિણામ સ્વરૂપ આજે લગભગ ૨.૫ લાખ એકર વિસ્તારમાં ગુજરાતમાં આજે આ પ્રાકૃતિક ખેતી ખેડૂતો અપનાવી રહ્યા છે. રાજયમાં પ્રાકૃતિક કૃષિમાં સંશોધન થાય, વિસ્તરણની પ્રવૃત્તિઓ હાથ ધરાય તેમજ રાજયની ઓર્ગેનિક કૃષિ યુનિવર્સિટીમાં પ્રાકૃતિક કૃષિનું શિક્ષણ પ્રાપ્ત થાય તે માટે આ ઓર્ગેનિક યુનિવર્સિટી ખાતે પ્રાકૃતિક ખેતી પદ્ધતિ પર યોગ્ય સંશોધન થાય જેથી પ્રાકૃતિક કૃષિ પદ્ધતિને વૈજ્ઞાનિક પીઠબળ મળી રહે અને તેની જરૂરી ભલામણો ખેડૂતોને મળી રહે તેમજ તેનો અભ્યાસક્રમ સ્નાતક અને અનુસ્નાતક કક્ષાએ ઉમેરી શકાય. એ માટે કૃષિ વિભાગ દ્વારા આઠ સભ્યોની કમિટી બનાવી અભ્યાસક્રમ તૈયાર કરવા માટે પ્રયત્નો હાથ ધરવામાં આવેલ છે. આમ, રાજ્ય સરકાર ખેડૂતોની સમૃદ્ધિ બાબતે સંવેદનશીલ છે. નવીન આયામો સમયાંતરે બહાર પાડી ખેડૂતો માટે કલ્યાણકારી નિર્ણયો લઇ રહી છે અને લેતી રહેશે ત્યારે હું આપના થકી વિનંતી કરું છું કે સભાગૃહના તમામ સભ્યો સરકારના આ વિધેયકને સમર્થન આપે. આ અધિનિયમમાં જે સુધારાની જોગવાઇઓ છે એના વિશે મારે થોડો પ્રકાશ પાડવો છે.

અધિનિયમની કલમ - ૩(૪) - 'યુનિવર્સિટીનું મુખ્યમથક ગાંધીનગર ખાતે રહેશે' જે મૂળ જોગવાઇ હતી. જેમાં 'ગાંધીનગર'ના બદલે 'હાલોલ, જિ.પંચમહાલ' શબ્દ ઉમેરવો. હાલોલ ખાતે સરકારી જમીનની ઉપલબ્ધતા પણ છે તેમજ આદિજાતિ વિસ્તારમાં પ્રાકૃતિક ખેતી માટે અનુકૂળ જમીન અને પ્રાકૃતિક વન્ય પેદાશો માટેની અનુકૂળતા હોવાના કારણે આ સુધારો કરવા માટે નિર્ણય લીધો છે.

નવી જોગવાઇ ઉમેરી કલમ - (૧૧-ક) 'એગ્રિકલ્ચર ટૅકનૉલૉજી મેનેજમેન્ટ એજન્સી (આત્મા) અને સ્ટેટ એગ્રિકલ્ચર મેનેજમેન્ટ એન્ડ એક્ષ્ટેન્શન ટ્રેઇનિંગ ઈન્સ્ટિટ્યૂટ (SAMETI), ગુજરાત રાજ્યના નિયામક.' રાજ્યમાં પ્રાકૃતિક ખેતીના પ્રચાર અને પ્રસાર માટે મુખ્ય ભૂમિકા હોવાથી નિયામકશ્રી (આત્મા), ગુજરાત રાજ્યને યુનિવર્સિટીના સંચાલક મંડળમાં સમાવેશ કરવા માટે અનિવાર્ય હોવાથી આ સુધારો લાવવામાં આવ્યો છે.

કલમ - ૧૧(૩)માં 'હોદ્દાની રૂએ સભ્યો હોય તે સિવાયના સભ્યોના હોદ્દાની મુદ્દત ૨ વર્ષની રહેશે તેના બદલે ૩ વર્ષની મુદ્દત કરવામાં આવેલ છે.' આ સુધારો એટલા માટે સૂચવ્યો છે કે યુનિવર્સિટીના સંચાલક મંડળના બિન સરકારી સભ્યોના અનુભવનો લાભ આ યુનિવર્સિટીને મળે તેમજ રાજ્યની અન્ય કૃષિ યુનિવર્સિટીઓમાં જોગવાઇ છે તેને અનુરૂપ સુધારો સૂચવાયેલ છે.

કલમ - ૧૭(૨)માં 'પશુપાલન' શબ્દ પછી 'આત્મા' શબ્દ ઉમેરવો. આ ઉમેરો એટલા માટે કર્યો છે કે રાજ્યમાં પ્રાકૃતિક ખેતીના પ્રચાર અને પ્રસાર માટે મુખ્ય ભૂમિકા હોવાથી નિયામકશ્રી (આત્મા), ગુજરાત રાજ્યને યુનિવર્સિટીના વિસ્તરણ પરિષદમાં પ્રાકૃતિક ખેતીને લગતા ખેડૂતલક્ષી કાર્યક્રમોમાં વિસ્તરણને લગતા સૂચનો અને સુધારા સૂચવવાં માટે સભ્ય તરીકે સમાવેશ કરવા માટે આ સુધારો સૂચવેલ છે.

કલમ - ૨૪(૨) કુલપતિ પાત્ર થવા માટે કોઇ વ્યક્તિ ઓછામાં ઓછું શૈક્ષણિક સંશોધન અને વહીવટી અનુભવ સહિત કૃષિ વિકાસમાં શૈક્ષણિક ઉત્કૃષ્ટતા ધરાવતા હોવા જોઇએ અને તેમણે નેતૃત્ત્વ ગુણ સિદ્ધ કરેલ હોવા જોઇશે. તેની ઉંમર ૬૫ વર્ષ થયેલી હોવી જોઇએ નહિ. કૃષિ ક્ષેત્રે શિક્ષણ, સંશોધન અને વહીવટ એમ ત્રણેય ક્ષેત્રે અનુભવ ધરાવતા રાજ્ય અને રાજ્ય બહારના તજજ્ઞ ઉમેદવારોની બહોળી પસંદગી મળી રહે તે હેતુથી આ સુધારો સૂચવેલ છે. આ સુધારો રાજ્યની અન્ય કૃષિ યુનિવર્સિટી મુજબ સૂચવેલ છે.

કલમ - ૨૪(૮) 'રાજ્ય સરકાર' શબ્દ બદલવો. રાજ્યની અન્ય કૃષિ યુનિવર્સિટી અનુસાર અને વહીવટી સરળતા માટે સુધારો સૂચવેલ છે. એમ આ વિધેયકમાં મેં જણાવ્યા પ્રમાણેના સુધારા સૂચવેલ છે. હું સભાગૃહના સૌ સન્માનનીય સભ્યશ્રીઓને વિનંતી કરું છું કે આ સુધારો એટલા માટે લાવ્યા છીએ કે રાજ્યની પ્રાકૃતિક ખેતીને વધુ વેગ મળે. વધુમાં વધુ ખેડૂતો પ્રાકૃતિક ખેતી અપનાવતા થાય અને એના પરિણામે ખેતીની જમીનની ફળદ્રુપતા વધે, ખેતીની ઉત્પાદકતા વધે, ગુણવત્તાયુક્ત ઉત્પાદન મળે અને એના પરિણામે લોકોનું સ્વાસ્થ્ય પણ સુધરે અને એના માટે આ સુધારો અમે સભાગૃહ સમક્ષ લાવ્યા છીએ. હું સભ્યશ્રીઓને અનુરોધ કરું છું કે આ સુધારો સર્વસંમતિથી પસાર કરે.

શ્રી બાબુભાઇ ભી. બોખીરિયા**(**પોરબંદર**)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી રાઘવજીભાઈ આજે ગુજરાત ઓર્ગેનિક એગ્રિકલ્ચરલ યુનિવર્સિટી અધિનિયમ, ૨૦૧૭માં જે સુધારો લાવ્યા છે તેને હું સમર્થન આપું છું અને મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આમ તો માનવજાતિએ શરૂઆતનો કોઈ વ્યવસાય અપનાવ્યો હોય તો તે ખેતી છે. આજથી ૫૦ વર્ષ પાછળ જશો તો બધા ખેડૂતો પ્રાકૃતિક ખેતી જ કરતા હતા. આપણને સૌને ખબર છે કે મનુષ્ય પહેલાં પ્રશ્નો ઊભા કરે અને ત્યાર બાદ તેનો ઉકેલ શોધવા નીકળે છે. આજથી ૨૬૦ વર્ષ પહેલાં જ્યારે ઔદ્યોગિક ક્રાંતિ શરૂ થઈ ત્યારે આપણને બધાને ખબર હતી કે આનાથી માનવજાતને ખૂબ જ ફાયદો થશે અને ફાયદો પણ થયો પરંતુ તેની પર્યાવરણ પર જે અસર થઈ તેમાં વૈજ્ઞાનિકો એમ કહે છે કે બીમારીના લીધે જે માણસો મરે છે તેના કરતા વધારે માણસો પર્યાવરણના ફેરફારના લીધે મૃત્યુ

પામે છે. એવી જ રીતે આપણે જે ઓર્ગેનિક ખેતી કરતા હતા તેના બદલે રાસાયણિક ખાતર માટેની ખેતી તરફ શા માટે આવ્યા? માનનીય અધ્યક્ષશ્રી, આપ ડૉક્ટર છો અને મનુષ્ય જીવન અને આખી સૃષ્ટિ ઉપર જોશો તો ડાર્વિનના ઉત્ક્રાંતિવાદમાં સર્વાઈવલ ઓફ ફિટેસ્ટ એટલે કે જે જીવ જન્મે તેમાં એનો પોતાનો શક્તિશાળી જીવ હોય તે જીવતો રહે અને નબળો જીવ પ્રભુને પ્યારો થાય છે. ખાસ કરીને જે એન્ટિબાયોટિકની શોધ એટલે કે પેનિસિલિનની શોધ પછી માનવ જિંદગી કુદરતના ક્રમમાંથી તૂટી અને માનવ જીવન લંબાયું પણ ખરું અને મૃત્યુ દર ઓછો થયો. આમ કરતા કરતા ધીમે ધીમે જે માનવ વસતિ વધી તે માનવ વસતિને અનાજ પૂરું પાડવા માટે મનુષ્યએ રાસાયણિક ખાતર અને પેસ્ટીસાઈડનો ઉપયોગ શરૂ કર્યો. આપણને સૌને ખબર છે કે પહેલા આપણે પ્રાકૃતિક ખેતી કરતા ત્યારે પશુપાલન પણ હોય અને ખેતી પણ હોય. વસતિ ઓછી હતી એટલે અનાજની જરૂરિયાત પણ ઓછી હતી એટલે આપણે પ્રાકૃતિક ખેતી પણ કરતા. પ્રાકૃતિક ખેતીમાં જ્યારે રોગ આવે ત્યારે જો આપણા પાકમાં ઈયળ આવી હોય તો આપણને ખ્યાલ છે કે ચકલા અને કાબર ઈયળ વીણી લે અને ૧૦-૧૫ દિવસ બાદ ખેતરમાંથી ઈયળ જતી રહી હોય. હવે આપણે જે પેસ્ટીસાઈડ છાંટવાનું શરૂ કર્યું તેના પરિણામે પક્ષીઓ પાકને બચાવતા હતા તેને પણ પાકના રોગના લીધે છાંટવામાં આવેલ પેસ્ટીસાઈડના લીધે તેનું પણ મૃત્યુ થયું અને દિવસે દિવસે પરિસ્થિતિ બગડતી જાય છે. તેના લીધે આજે ફરીથી પરિસ્થિતિ એવી આવી કે આ બંનેનો ઉપયોગ કર્યા પછી આજે આપણે જે ખોરાક આહારમાં લઈએ છીએ તેના લીધે માણસ તંદુરસ્ત દેખાતો હોય તેને પણ હાર્ટ એટેક આવે, કોઈ પણ જાતનું વ્યસન ન હોય છતાં તેને કેન્સર પણ થાય છે. આ સાથે સાથે મનુષ્યની ફર્ટિલિટી પર પણ અસર થઈ છે. આ અસરના લીધે વિશ્વના ઘણા બધા દેશોમાં જનસંખ્યા ઘટતી જાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ બધું સામે આવ્યું તો તેનો ઉકેલ શું? તેના ઉકેલ માટે વિશ્વભરના વિચારકો, સંશોધકો, વૈજ્ઞાનિકોએ જુદી જુદી ખેત પધ્ધતિઓ ઉપર સફળ પ્રયોગો કરીને તેઓએ નક્કી કર્યું કે આપણે સજીવ ખેતી તરફ જઈશું તો આ રોગોમાંથી બહાર નીકળી શકીશું. આ બધી વસ્તુઓને ધ્યાનમાં રાખીને આપણે વર્ષ-૨૦૧૫માં ગુજરાત સરકાર દ્વારા સજીવ ખેતીની નીતિ અમલમાં લાવ્યા. ત્યાર બાદ વર્ષ-૨૦૧૭માં ગુજરાત સરકારે ગુજરાત ઓર્ગેનિક એગ્રિકલ્ચર યુનિવર્સિટી અધિનિયમ, ૨૦૧૭ લાવ્યા તેમાં માનનીય મંત્રીશ્રી સુધારા લઈને આવ્યા છે. આના માટે થઈને હાલ આણંદમાં કૃષિ યુનિવર્સિટી ખાતે ગુજરાત એગ્રિકલ્ચર યુનિવર્સિટી અનુસ્નાતક કક્ષાનો એમ.એસ.સી. ઈન ઓર્ગેનિક ફાર્મિંગનો અભ્યાસ પણ ચાલુ છે. આપણા રાજ્યના મહામહિમ રાજ્યપાલ માનનીય શ્રી આચાર્ય દેવવ્રતજીએ જુલાઈ વર્ષ ૨૦૧૯માં કાર્યભાર સંભાળતાની સાથે જ પોતાનો જે સ્વઅનુભવ હતો અને એને જે પુરવાર કર્યો હતો એ મોડલને આપણા ગુજરાતના ખેડૂતોએ અપનાવે એના માટેના પ્રયાસો કર્યા છે. એના માટે ૪થી સપ્ટેમ્બર, વર્ષ ૨૦૧૯ નારોજ મહાત્મા મંદિર ખાતે માનનીય રાજ્યપાલશ્રી અને માનનીય મુખ્યમંત્રીશ્રીની પ્રેરક ઉપસ્થિતિમાં શ્રી સુભાષ પાલેકર, પ્રાકૃતિક કૃષિ કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. આની અંદર લગભગ ૧૦ હજાર જેટલા ખેડૂતો, કાર્યકરો અને અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ સિવાય પણ ૧૧ ડિસેમ્બર, વર્ષ ૨૦૧૯ દરમિયાન માનનીય રાજ્યપાલશ્રી અને માનનીય મુખ્યમંત્રીશ્રીની અધ્યક્ષતામાં પ્રાકૃતિક શાળાનું વડતાલ ખાતે આયોજન કરવામાં આવ્યું હતું અને એનું ટી.વી. ઉપર અને બધી જગ્યાએ પ્રસારણ કરવામાં આવ્યું હતું અને ખેડૂતો ભાગ લે એના માટે આહવાન કર્યું હતું. જેથી કરીને દરેક ખેડૂત સુધી આ પ્રાકૃતિક ખેતી પહોંચી જાય. હમણા માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે, આપણો જે ઓર્ગેનિક ખોરાક હશે, જે પ્રાકૃતિક ખોરાક હશે, જે અનાજ હશે એના ભાવ પણ વધારે આવશે. આના માટે પણ આજે આહાર મહોત્સવ, ફાર્મ ફ્રેસ ફેસ્ટિવલ અને કાયમી બજાર શ્રૃંખલા માટે નેચરલ શોપ માટેની રાજય સરકારે શરૂઆત કરી છે. ત્યારે હું ફરીથી માનનીય મંત્રીશ્રી જે સુધારા બીલ લાવ્યા છે એને સમર્થન કરું છું અને મારી વાત પૂરી કરું છું.

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર(હાલોલ) : માનનીય અધ્યક્ષશ્રી, આજે સમગ્ર દેશમાં ઓર્ગેનિક એગ્રીકલ્ચર યુનિવર્સિટી એ પ્રથમ આપણા રાજ્યમાં શરુ થઇ છે, એવી માહિતી મારી પાસે છે. એટલે આપણે સૌ ગૌરવ લઇ શકીએ કે સમગ્ર દેશની અંદર ઓર્ગેનિક યુનિવર્સિટીની શરૂઆત પહેલી આપણી રાજ્ય સરકારે કરી છે. ઓર્ગેનિક કૃષિ ક્ષેત્રે ગુજરાત રાજ્યે પહેલ કરી, સમગ્ર દેશને પ્રેરણા આપેલ છે. આપણા પ્રધાનમંત્રી આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ અને ભારતીય જનતા પાર્ટીની આપણી સરકારે ઓર્ગેનિક ક્ષેત્રે દેશને જ નહી, સમગ્ર વિશ્વને એક રાહ ચીંધ્યો છે. માનવ આરોગ્યની જાળવણી થાય તે માટે ખાદ્ય સામગ્રી શુદ્ધ હોવી અત્યંત આવશ્યક છે. આખું જગત ખાદ્યસામગ્રીના ભેળસેળ તથા રાસાયણિક અને જંતુનાશક વપરાશના લીધે ઝેરી તત્ત્વોની હાજરી જણાઇ આવવાથી દુઃખી છે. તેની અસર સીધી માનવ આરોગ્ય ઉપર થાય છે. આનો એક જ માત્ર ઉપાય ઓર્ગેનિક અને પ્રાકૃતિક પદ્ધતિ માનવજાત નહીં, પરંતુ જીવસૃષ્ટિની સમતુલા જાળવવા માટે ચાલકબળ સાબિત થાય તેવી પૂરી શક્યતાઓ છે. ગુજરાત અને દેશભરમાં આપણા ગુજરાત રાજ્યના નામદાર રાજ્યપાલશ્રીએ પણ પ્રાકૃતિક ખેતીને ઉત્તેજના મળે તે માટે ગુજરાત રાજ્યમાં પણ તેમની પ્રેરણાથી, એમના આવ્યા પછી જીવામૃત આધારિત પ્રાકૃતિક ખેતીનો પ્રારંભ કરાવ્યો છે.

માનનીય અધ્યક્ષ મહોદયા, આપણા ગુજરાત રાજ્યમાં જયાં આપણી ચારેય કૃષિ યુનિવર્સિટીઓ છે ત્યાં અખતરાઓ પણ થાય છે. આ ચારેય કૃષિ યુનિવર્સિટીઓમાં રાસચણિક પદ્ધતિ, ઓર્ગેનિક પદ્ધતિ અને પ્રાકૃતિક પદ્ધતિના પ્લોટો ઉભા કરીને અખતરાઓ કરેલ છે. જેનાથી સ્પષ્ટ થયેલ છે કે, પ્રાકૃતિક ખેતીથી ઉત્પન્ન થતું ઉત્પાદન શુદ્ધ હોય છે અને ગુણવત્તાલક્ષી તેમજ ઉત્પાદનમાં પણ વધુ માત્રા હોય છે અને બજારમાં શુદ્ધ ખાદ્યચીજોના ભાવો પણ સારા મળતા હોય છે તે સ્પષ્ટ બન્યું છે.

ઓર્ગેનિક ક્ષેત્રે જે આપણી રાજ્ય સરકાર કરવા જઇ રહી છે જેના માટે રાજ્ય સરકારે પણ યોજનાઓ બનાવી છે કે જેનો લાભ ખેડૂતોને મળે અને ખેડૂતો પ્રાકૃતિક કૃષિ સારી રીતે કરી શકે એના માટે રાજ્ય સરકારે સાત પગલાં ખેડૂત કલ્યાણનાં, એમાં મુખ્યમંત્રી પાક સંગ્રહ યોજના, કિસાન પરિવહન યોજના, પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોને ગાયના નિભાવ ખર્ચમાં સહાય, ફળ શાકભાજીના છૂટક વિક્રેતાને વિનામૂલ્યે છત્રીનું વિતરણ, રાજયના સિમાંત ખેડૂતો અને ખેત મજૂરોને પરંપરાગતના બદલે સ્માર્ટ હેન્ડ ટૂલ્સ કીટ્સ આપવાની યોજના, તારની વાડની યોજના, આ રીતે ''સાત પગલાં ખેડૂત કલ્યાણનાં'' યોજના પણ આપણી રાજ્ય સરકારે અમલમાં મૂકી છે. રાજ્ય સરકારે કૃષિ આરોગ્ય ક્ષેત્રે ઓર્ગેનિક ક્ષેત્રે જે કામ કરવાની વાત કરી તેની સાથે યોજનાઓ પણ બનાવી છે કે જેનાથી ખેડૂતો ઉપર આર્થિક ભારણ આવે નહીં અને આ યોજનાઓનો પારદર્શક રીતે લાભ મળે તેના માટે ઓન લાઇન આઇ કિસાન પોર્ટલ ઉપર તેનું રજિસ્ટ્રેશન થાય અને એનો લાભ ખેડૂતોને મળે એ રીતે પારદર્શી આયોજન આપણી રાજયની સરકારે કર્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણા પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે ખેડૂતોની સૌથી પહેલી ચિંતા કરી અને પ્રધાનમંત્રી કિસાન સન્માન નીધિ હેઠળ વાર્ષિક ૬ હજાર રૂપિયા દરેક ખેડૂત ખાતેદારને બે-બે હજારના ૩ હપ્તામાં મળે એ રીતે આર્થિક રીતે પણ એને સહાય આપવાની યોજના આપણી કેન્દ્ર સરકારે અમલમાં મૂકી છે અને તેનો લાભ પણ આપણા ખેડૂત મિત્રોને થાય છે. ખેતી પ્રવૃત્તિ કરતા કિસાનોની પાસે મોટી જમીનો ન હોય, પણ નાની નાની જમીનોના ટૂકડા હોય તેવા સિમાંત અને અર્ધ સિમાંત, તેમજ નાના ખેડૂતો પ્રાકૃતિક ખેતી કરી પોતાના રોકડિયા પાકો, ખાદ્યાનો, પ્રાકૃતિક રીતે પકવીને સારી આવકો મેળવે તે માટે પ્રોત્સાહન આપવા માટે આ સાત પગલાં કિસાન કલ્યાણ યોજના પણ મૂળભૂત રીતે પ્રાકૃતિક ખેતીને ઉત્તેજન આપવાનાં ભારતીય જનતા પાર્ટીની સરકારના હેતુ સ્પષ્ટ છે. એની સાથે સમગ્ર દુનિયામાં ભારત કૃષિ પ્રધાન દેશ તરીકે ઓળખાય છે. ત્યારે ભારત દેશમાં અને ગુજરાત રાજયમાં કૃષિ પ્રવૃતિ સાથે સંકળાયેલો કૃષભ સમાજ પોતાની ખેતી પ્રવૃત્તિ પૂરા હર્ષ ઉલ્લાસ અને સંતોષ સાથે કરતો રહે તે માટે શાસક તરીકે તેમના ઉત્સાહમાં કાયમ ઉમેરો કરતા રહેવું પડે. અને આર્થિક આયોજનના માધ્યમથી તેમને પૂરક શક્તિ પૂરી પાડતી રહેવી પડે. એ આપણા આદરણીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ અને કૃષિ મંત્રીશ્રી રાઘવજીભાઇ પટેલ પોતાના કર્તવ્ય દ્વારા ગુજરાતના ખેડૂત આલમ માટેના નિર્ણયો દ્વારા પ્રતિબદ્ધતા બતાવે છે. ગઇ કાલે આ સન્માનનીય સદનમાં વર્ષ ૨૦૨૨-૨૩ના અંદાજપત્રની રજૂઆતમાં કૃષિ પ્રવૃતિને વેગ આપવા માટે ખુબ માતબર રકમની જોગવાઇ પણ કરી છે તે એનું ઉત્તમ ઉદાહરણ છે. આ બિલ એવા સમયે આ સન્માનનીય સદનમા આવ્યું છે કે જયારે સમગ્ર જગતના મોટાભાગના દેશો વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઇઝેશન, વિશ્વ વ્યાપાર સંસ્થા સાથે જોડાયેલા છે. અને આ જોડાયેલા સભ્ય દેશો એકબીજા દેશમાં ઉત્પાદિત થતી ચીજોની આયાત અને નિકાસ ખૂબ જ મોટા પ્રમાણમાં કરી રહ્યા હોય ત્યારે બે ત્રણ બાબતો ધ્યાનમાં રાખવા જેવી હોય છે. એક તો ખાદ્ય ચીજો શુદ્ધ અને ગુણવત્તાલક્ષી હોવી જોઇએ. માનવી માટે આરોગ્યની સલામતીનો અન્ય કોઇ વિકલ્પ નથી હોતો. હર કોઇ વ્યક્તિ ખાદ્ય ચીજ શુદ્ધ હોવી જોઇએ તેવો આગ્રહી હોય છે. સમગ્ર દુનિયા આજે રાસાયણિક અને પ્રેસ્ટિસાઇડથી વાઝ આવી ગઇ છે. તેવા સંજોગોમાં ગુજરાત સમગ્ર દેશ અને દુનિયાને પ્રેરણા પૂરી પાડી શકે તેવી પ્રવૃત્તિઓને ઉત્તેજન આપવા માટે આપણી સરકાર આ ઐતિહાસિક નિર્ણય કરીને, આ વિધેયક લઇને આ સન્માનનીય સભાગૃહમાં આવી છે. તેના માટે રાજ્ય સરકારને અને મંત્રીશ્રીને પણ અભિનંદન આપું છું. અહીંયા આ સન્માનનીય સભાગૃહમાં વાત થઇ, ચર્ચા પણ થઇ કે પ્રાકૃતિક કૃષિને ખેડૂતો સામૂહિક ધોરણે અપનાવતા થાય તે હેતુથી તા. ૨૧-૧૧-૨૦૨૧ના રોજ માનનીય રાજયપાલશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રીની ઉપસ્થિતિમાં આપણું ડાંગ પ્રાકૃતિક ડાંગ એ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં ડાંગ જિલ્લાને રાજયનો સર્વ પ્રથમ રાસાયણિક ખેતી મુકત પ્રાકૃતિક જિલ્લા તરીકે જાહેર પણ કરવામાં આવ્યો છે. અને જિલ્લાના પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોને આર્થિક સહયોગ કરવાના અને પ્રોત્સાહિત કરવાના હેતુથી સંપૂર્ણ રસાયણ મુકત ડાંગ જિલ્લા અંતર્ગત પ્રાકૃતિક કૃષિ કરતા ખેડૂતો માટે નાણાકીય સહાય યોજના માટે આશરે રૂપિયા ૩૧.૫૧ કરોડની જોગવાઇ સાથે અમલી કરવામાં આવી છે. આ બાબતે ગુજરાત સમગ્ર દેશમાં એક રોલ મોડલ સ્ટેટ બને તે હેતુથી ગુજરાતની આગવી ઓળખ સમા વાયબ્રન્ટ ગુજરાત ૨૦૨૨ના ભાગ રૂપે સેકટરવાર યોજવામાં આવેલ પ્રિ-વાયબ્રન્ટ ઇવેન્ટના ભાગરૂપે તા. ૧૪મી ડિસેમ્બરથી ૧૬મી ડિસેમ્બર દરમિયાન આણંદ કૃષિ યુનિવર્સિટી ખાતે એગ્રીકલ્ચર ક્ષેત્રની પ્રિ-વાયબ્રન્ટ ઇવેન્ટ યોજવામાં આવી હતી. આ ઇવેન્ટના ભાગરૂપે તા. ૧૬ડિસેમ્બર, ૨૦૨૧ના રોજ આદરણીય પ્રધાનમંત્રીશ્રીની વર્ચુઅલ ઉપસ્થિતિમાં તેમજ કેન્દ્રના ગૃહ અને સહકાર મત્રીશ્રી અને આદરણીય રાજયપાલશ્રી અને આદરણીય કેન્દ્રીય કૃષિ મંત્રીશ્રી તથા આદરણીય મુખ્યમંત્રી સહિત અગ્રગણ્ય મહાનુભાવોની હાજરીમાં અમૂલ આણંદ ખાતે પ્રાકૃતિક કૃષિ ઉપર નેશનલ કોન્કલેવ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં આદણીય પ્રધાનમંત્રીશ્રીએ ઉદબોધન પણ કરેલ હતું અને પ્રાકૃતિક કૃષિને વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણથી ચકાસીને સમગ્ર દેશના એક પ્રચલિત ખેતી પદ્ધતિ બનાવવા ઉપર ભાર મૂકયો હતો. જયારે ભારત સરકાર દ્વારા આગામી નાણાકીય વર્ષ દરમિયાન સન ૨૦૨૨-૨૩ના બજેટમાં રાજયની કૃષિ યુનિવર્સિટીના અભ્યાસક્રમમાં પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ, ઝીરો બજેટ પદ્ધતિ અને ઓર્ગોનિક ફાર્મિંગના વિષયને અભ્યાસક્રમમાં સમાવેશ કરવા માટે આદરણીય રાજયપાલશ્રીનાં સૂચનો અને માર્ગદર્શન મુજબ ભારત સરકારના પ્રતિનિધિઓ અને વૈજ્ઞાનિકોનો સમાવેશ કરીને કમિટીની રચના કરવાનું સૂચવ્યું હતું અને આ કમિટી દ્વારા ૧ માર્ચ, ૨૦૨૨ સુધીમાં આ વિષયનો જરૂરી અભ્યાસક્રમ તૈયાર કરવા નક્કી કરવામાં આવેલ હતો. નેચરલ ફાર્મિંગના સ્નાતક અને અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમ અને સેલેબસ નક્કી કરવા માટે નીતિ આયોગના સભ્યશ્રી ડો. નિલમ પટેલના વડપણ હેઠળ આઠ સભ્યોની નિષ્ણાંત સમિતિની રચના પણ કરવામાં આવી છે. આ

રીતે આપણું રાજય ગૌરવ લઇ શકે કે સમગ્ર દેશની અંદર આપણા રાજયે પ્રથમ જયારે ઓર્ગેનિક યુનિવર્સિટીની શરૂઆત કરી છે, ત્યારે આના માટે રાજય સરકારને અને ખાસ મારા મત વિસ્તાર હાલોલની અંદર જયારે હેડ કવાર્ટર નક્કી કરીને ત્યાં યુનિવર્સિટી ચાલુ કરી છે ત્યારે જગ્યાની જરૂરિયાત છે એ પ્રમાણેની જગ્યા પણ ત્યાં આગળ પ્રાપ્ત થયેલ છે. અત્યારે ત્યાં કામ ચાલી રહ્યું છે ત્યારે રાજય સરકારનો આદરણીય મુખ્યમંત્રીશ્રીનો તથા કૃષિ મંત્રીશ્રીનો આ તકે આભાર પણ માનું છું અને આ આ વિધેયકને હું સમર્થન આપું છું.

શ્રી મહેશકુમાર ક. રાવલ(ખંભાત) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી કૃષિ પુત્ર છે અને તેઓ આ કૃષિ સુધારા બિલ ગૃહમાં લઇને આવ્યા છે ત્યારે એના સમર્થનમાં હું મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનવ જીવનમાં આપણને જન્મ આપનારી માતા અને જન્મ પછી માતા તથા બાળકનું ભરણ પોષણ કરવાવાળી આપણી ધરતી માતા એના કરતા આ વિશ્વમાં મોટો કોણ હોઇ શકે? એટલે કે ધરતી આપણી માતા છે અને આપણે તેના સંતાન છીએ. આ ધરતી માતા સાથે લોભ અને અજ્ઞાનતાને કારણે માણસનો વ્યવહાર બદલાય ગયો છે. વધારે ઉત્પાદનની લાલચમાં માણસે કૃત્રિમ ખાતર જંતુનાશક દવાઓનો ઉપયોગ કર્યો છે અને ધરતી માતાને અનેક સમસ્યાઓથી હેરાન કરી આ કારણે જમીનની ઉત્પાદકતા વધી નહિ પરંતુ ઘટી ગઇ.

માનનીય અધ્યક્ષશ્રી, ઈ.સ. ૧૯૨૧માં અલ્બર્ટ હાવર્ટ જેઓ સજીવ ખેતીના પિતા કહેવાય છે અને તેમની પત્નીએ પણ સજીવ ખેતીને પ્રોત્સાહન આપવા માટે બ્રિટનમાં એક સંસ્થાની સ્થાપના કરી છે. ઇ.સ. ૧૯૪૦માં વૈજ્ઞાનિક જે.આઇ. રોડેલએ અલ્બર્ટ હાવર્ટથી પ્રભાવિત થઇને અમેરીકામાં પણ સજીવ ખેતીના અભ્યાસ માટે રોડેલ સંસ્થાની સ્થાપના કરી છે. આપણા દેશમાં પણ શ્રી સુભાષ પાલેકર જેમને હમણાં જ કેન્દ્ર સરકાર દ્વારા પદ્મશ્રી એવોર્ડથી સન્માનીત કરવામાં આવ્યા છે. તેઓએ આ વિષય ઉપર અનેક પુસ્તકો લખ્યા છે અને એ પુસ્તકોમાંથી પ્રેરણા લઇને આપણી રાજ્ય સરકાર અને આપણા કૃષિપ્રધાને જાગૃતતા બતાવી છે ત્યારે હું રાજ્ય સરકારને અને કૃષિમંત્રીશ્રીને અભિનંદન આપું છું. વર્ષ ૧૯૯૫થી ગુજરાતમાં જયારથી ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી ત્યારથી એ સરકારના કેબિનેટ કૃષિ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા સાહેબ બન્યા ત્યારથી આ રાજ્યમાં ખેડૂતોને જાગૃત કરવા માટે, ખેડૂતોની ખેતી સુદ્રઢ બને એ માટે ભરઉનાળે પણ કૃષિ રથનું આયોજન કરી અને કૃષિના જ્ઞાતાઓ-વૈજ્ઞાનિકોને ગામડે ગામડે ફરતા કર્યા છે. ત્યારથી લઇને આજ દિન સુધી આ રાજ્યની ભારતીય જનતા પાર્ટીની સરકાર હરહંમેશ ખેડૂતના હિત માટે સદા અગ્રેસર રહી છે. આધુનિક સમયમાં દરેક વ્યવસાયમાં નવી પદ્ધતિ અને નવા અવસરોના લીધે બદલાવ આવી રહ્યો છે. ખેતી એ અનાદિકાળથી માનવજાતનો મુખ્ય વ્યવસાય રહ્યો છે. પરંતુ સમય સાથે તેમાં પણ આજે અનેક પરિવર્તનો થયા છે. આજે ખેડૂત પરંપરાગત ખેતીથી વધુ ઉત્પાદન, સારું આર્થિક વળતર અને પ્રકૃતિનું પણ જતન થાય એવી પ્રાકૃતિક ખેતીની નવી પદ્ધતિઓ તરફ વળ્યો છે અને તેમાં પણ એ સફળ થઇ રહ્યો છે. સજીવ ખેતી એટલે ખેતીની નવી પદ્ધતિ જેમાં યુરિયા કે બીજાં કોઇ પણ પ્રકારના રાસાયણિક ખાતરો તેમજ રાસાયણિક ઝેરી જંતુનાશકોનો ઉપયોગ કરવામાં આવતો નથી. પાકના પોષણ માટે છાણીયું ખાતર, અળસીયાનું ખાતર, કમ્પોસ્ટ ખાતર વગેરે તથા પાક સંરક્ષણ માટે ગૌમૂત્ર, લીમડાનું દ્રાવણ, છાશ વગેરે આપવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, સજીવ ખેતીથી શું ફાયદા થાય? તો પાક ઉત્પાદનની ગુણવત્તા અને ઉત્પાદકતા જળવાઇ રહેવાથી ખાતરનો ખોટો ખર્ચ થતો નથી. જમીન, પાણી અને પર્યાવરણને નુકસાન થતું નથી. પાક ઉત્પાદનની ગુણવત્તા વધુ હોય છે. જમીનની ઉત્પાદકતા અને ફળદ્રુપતા જળવાઇ રહે છે અને તેમાં વધારો પણ થાય છે. જમીનની તંદુરસ્તી લાંબા સમય સુધી જળવાઇ રહે છે. ઉત્પાદન ગુણવત્તાયુક્ત હોઇ બજારભાવ પણ સારો મળે છે. લાંબાગાળે ઉત્પાદનયુક્ત હોઇ બજારભાવ વધારે મળે છે. ખેતરમાં જ ઉત્પન્ન થયેલા ઘાસચારો વગેરેને કહોવડાવીને તેનો ખાતર તરીકે ઉપયોગ કરવામાં આવતો હોઇ ખાતર ખર્ચ પણ ઓછો થાય છે. રોગ-જીવાતના નિયંત્રણ માટે કૃષિ રસાયણનો ઉપયોગ ન કરવાથી પાક ઉત્પાદન ગુણવત્તાસભર હોઇ મનુષ્યની તંદુરસ્તીને પણ નુકસાન થતું નથી. ગુજરાતમાં એક કહેવત છે અને દરેક કહેવત દરેક ઘરમાં બોલવામાં આવે છે કે પાણી આવે તે પહેલાં પાળ બાંધો. પાણી પહેલાં બંધ બાંધો એવું તો આપણે બધા કહીએ છીએ. આનો અર્થ એ છે કે ઇલાજ કરતાં પહેલાં પરેજી રાખવી બહેતર બની રહે છે. ખેતી સાથે જોડાયેલી સમસ્યાઓ વિકરાળ બની જાય તે પહેલાં મોટા કદમ ઉઠાવવાનો આ સાચો સમય છે. ગુજરાત સરકાર આ બાબતે શ્રેષ્ઠ કામગીરી કરી રહી છે. જે આપણા સૌના માટે ગૌરવની વાત કહી શકાય. આપણે ત્યાં ઋગવેદ અને અથર્વેદથી માંડીને આપણા પુરાણો સુધી કૃષિ પારાશર અને કાશ્યપિય કૃષિ સુક્ત જેવા પ્રાચીન ગ્રંથો સુધી અને દક્ષિણમાં તામિલનાડુના સંત તિરુવલ્લુવરજીથી માંડીને ઉત્તરમાં કૃષક કવિ ઘાઘ સુધી આપણી ખેતી અંગે કેટલીક બારીકીઓથી સંશોધન થયા છે. જેમ એક શ્લોક છે કે-

ગોહિતઃ ક્ષેત્રગામી ચઃ કાલજ્ઞો બીજ તત્પરઃ,
વિતન્દ્રઃ સર્વ સશ્યાઢ્ય, કુશકો ન અવસીદતિ.

આનો અર્થ એવો થાય છે કે જે ગોધનનું, પશુધનનું હિત જાણતો હોય, મોસમ અને સમય બાબતે જાણતો હોય, બીજ બાબતે જાણકારી ધરાવતો હોય અને આળસ કરતો ન હોય તેવો ખેડૂત ક્યારેય પરેશાન થતો નથી. ગરીબ બનતો નથી. આ એક શ્લોક પ્રાકૃતિક ખેતીનું સૂત્ર પણ છે અને પ્રાકૃતિક ખેતીની તાકાત પણ બતાવે છે. તેમાં જેટલાં પણ સાધનોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે પ્રાકૃતિક સ્વરૂપે ઉપલબ્ધ છે. આ રીતે માટીને કેવી રીતે ઉપજાઉ બનાવાય. કયારે કયા પાકને પાણી આપવામાં આવે, પાણીની બચત કેવી રીતે થઇ શકે તેના ઘણા સૂત્રો આપવામાં આવ્યા છે. એક ખૂબ જ પ્રચલિત શ્લોક છે કે

ગુજરાત ઓર્ગેનિક એગ્રિકલ્ચરલ યુનિવર્સિટી (સુધારા) વિધેયક, ૨૦૨૨

''નૈરત્યાર્થ હિ ધાન્યાનાં જલં ભાદ્રે વિમોચયેત્
મૂલ માત્રાન્તુ સંસ્થાપ્ય કારયેજ્ઞ્ત- મોક્ષણમ્''

આનો અર્થ એવો થાય છે કે પાકને બિમારીથી બચાવીને તંદુરસ્ત બનાવવા માટે ભાદરવા મહિનામાં પાણી કાઢી નાંખવું જોઇએ. માત્ર મૂળ માટે જ પાણી ખેતરમાં રહેવું જોઇએ. કવિ ઘાઘે પણ લખ્યું છે કે

''ગેહુ બાંહે, ચના દલાયે, ધાન ગાહેં, મક્કા નિરાયે, ઉખ કસાયે.''

આનો અર્થ એવો થાય છે કે ખૂબ ઠંડી પડવાથી ઘઉં, ચૂંટવાથી ચણા અને વારંવાર પાણી આપવાથી અનાજ અને નીંદામણ કરવાથી મકાઇ તેમજ પાણી છોડયા પછી શેરડીનું વાવેતર કરવાથી પાક સારો થાય છે. તમે કલ્પના કરી શકો છો કે આશરે બે હજાર વર્ષ પહેલાં તામિલનાડુના સંત તિરૂવલ્લુવરજીએ પણ ખેતી સાથે જોડાયેલા કેટલા બધા સૂત્રો આપ્યા હતા. તેમણે કહ્યું હતું કે

તોડિ- પુક્રુડી કછચા ઉણક્કિન,
પિડિથેરૂવુમ વેંડાદ્ સાલપ પડુમ.

આનો અર્થ એવો થાય કે જમીન સૂકી હોય તો પા ભાગની જમીન ઓછી કરીને વાવેતર કરવામાં આવે તો ખાતર વગર પણ ખૂબ જ અનાજ પાકે છે. પ્રાકૃતિક ફાર્મિંગથી જેમને સૌથી વધુ ફાયદો થશે તે છે તે આપણા રાજયના અનેક નાના ખેડૂતો, એવા ખેડૂત કે જેમની પાસે ૨ હેકટર કરતા ઓછી જમીન છે અને તેમાંથી મોટા ભાગના ખેડૂતો કેમિકલ અને ફર્ટિલાઇઝર પાછળ વધુ ખર્ચ કરે છે. આવા ખેડૂતો જો પ્રાકૃતિક ખેતી તરફ વળશે તો તેમની સ્થિતિ વધુ સારી બનશે. આજે રાજય સરકારને આગ્રહ કરવા માગું છું કે તે પ્રાકૃતિક ખેતીને જન આંદોલન બનાવવા માટે આગળ આવે. મારું વિનમ્ર સૂચન છે કે, આ અમૃત મહોત્સવમાં દરેક પંચાયતનું ઓછામાં ઓછું એક ગામ ચોક્કસપણે પ્રાકૃતિક ખેતી સાથે જોડાય. આવો પ્રયાસ આપણે સૌ કરી શકીએ છીએ અને હું વિધાનસભાના માધ્યમથી ખેડૂત ભાઇઓને પણ કહેવા માગું છું. હું એવુ નથી કહેવા માગતો કે તમારી પાસે જો એક એકર જમીન હોય કે પાંચ એકર જમીન હોય તો તમામ જમીન પર આ પ્રયોગ કરો. તમારે થોડો અનુભવ જાતે કરવો જોઇએ. જમીનનો થોડો ભાગ લો, અડધું ખેતર લો, ચોથા ભાગનું ખેતર લો, એક હિસ્સો નક્કી કરો અને તેમાં પ્રયોગ કરો. જો ફાયદો દેખાય તો થોડો થોડો વિસ્તાર વધારો. એક-બે વર્ષમાં તમે આખા ખેતરમાં ધીરે ધીરે આગળ વધો. વ્યાપ વધારતા જાવ, રોકાણ કરનારા તમામ સાથીઓને મારો આગ્રહ છે કે વર્તમાન સમય ઓર્ગેનિક અને પ્રાકૃતિક ખેતીમાં તેમના ઉત્પાદનોના પ્રોસેસિંગમાં મોટા રોકાણો કરે. તેનો માત્ર આપણો દેશ જ નહીં પણ સમગ્ર વિશ્વનું બજાર પ્રતિક્ષા કરી રહ્યું છે. આપણે આવનારી શકયતાઓ અંગે આજથી જ કામ કરવાનું છે. આ સુવર્ણકાળમાં દુનિયા માટે આહાર, સુરક્ષા અને પ્રકૃતિ સાથે બહેતર સમન્વયના ઉપાયો ભારતે જ આપવાના છે. આજે આપણે સૌ ભારતને આત્મનિર્ભર બનાવવાનું સપનું આપણે સજાવી રહ્યા છીએ. ભારત ત્યારે જ આત્મનિર્ભર બની શકે કે જયારે તેની ખેતી આત્મનિર્ભર બને. દરેકે દરેક ખેડૂત આત્મનિર્ભર બને અને આવું ત્યારે જ થઇ શકે કે જયારે બિન કુદરતી ખાતર અને દવાઓને બદલે આપણે ધરતી માતાની માટીનું સંવર્ધન કરીએ. ગોબર-ધનથી કરીએ, પ્રાકૃતિક તત્વોથી કરીએ. દરેક દેશવાસી, દરેક ચીજના હિત માટે, દરેક જીવના હિત માટે પ્રાકૃતિક ખેતીને જન આંદોલન બનાવાશે એવા વિશ્વાસની સાથે હું ગુજરાત ઓર્ગેનીક કૃષિ યુનિવર્સિટી (સુધારા ) વિધેયકને મારું સમર્થન આપું છું અને મારી વાતને પૂર્ણ કરું છું.

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ(ભરૂચ) : માનનીય અધ્યક્ષશ્રી, પહેલા તો આપનો આભાર માનું છું. માનનીય મંત્રીશ્રી જે સુધારા વિધેયક લઇને આવ્યા છે એમાં હું મારી બે-ત્રણ વાત કરીશ.

માનનીય અધ્યક્ષશ્રી, આ જે કેમિકલને બધું થાય છે એ બધું મારા જિલ્લામાં થાય છે. જેટલા ફર્ટીલાઇઝર થાય છે એ બધાજ ઓલમોસ્ટ એગ્રો ઇન્ડસ્ટ્રીઝ બધી અંકલેશ્વર અને સરાઉન્ડિંગમાં છે. એમના જયારે સેમિનાર થાય છે ત્યારે બે સેમિનારમાં જવાનો મને મોકો મળ્યો છે. એ લોકો ડિસ્પ્લે કરતા હોય છે, પોતાની દવાનો અને એની શું શું અસરો થાય છે, પહેલામાં પહેલી વાત કે કેળાની લૂમ હોય છે એ ઝાડ ઉપરથી ઉતારીને સીધી ત્યાં આગળ કેમિકલ ભરેલું એક ડ્રમ હોય છે એ ડ્રમની અંદર બોળીને સીધી એ ટ્રેમાં લોડ થાય છે. વેરી નેકસ્ટ ડે, બીજા જ દિવસે એનો યલો ઓરીજનલ કલર આવી જાય છે. કેળા પાકે છે કે નહીં પણ દેશભરમાં આ કેળા જાય છે. ભરુચ જિલ્લાની આજુબાજુના કોઇપણ ખેતરમાં કેળા કપાતા હોય ત્યારે ત્યાં ઉભા રહીએ તો ત્યાં એક મોટું કેમિકલ ભરેલું ડ્રમ હોય અને એ ડ્રમમાં કેળા બોળીને પછી આખી ટ્રકો લોડ થાય છે. માર્કેટમાં જેટલા ફ્રૂટ મળે છે, દા.ત. ઑરેન્જ, એના ઉપર આખો કલર સ્પ્રે થાય છે. આ બધાં ઝાડ પર સ્પ્રે કરે એટલે ઑરેન્જ કલર આખો આવી જાય અને એકદમ રૂપાળું દેખાય. પણ એ કેમિકલ હોય છે. જે સ્પ્રે કરવાથી એનો રંગ આવી જાય છે. એવી જ વસ્તુ એપલમાં હોય છે. આજે આપણે માર્કેટમાં જોઇએ તો ખૂબ એપલ જોવા મળે છે. પણ પહેલાંના એપલ જોઇએ તો એના કલરમાં ડિફરન્સ આવતો હતો. હવે તો ૧૦૦ ટકા કલર, આ લોકો કોન્સન્ટ્રેશન એવું કરે છે કે જેનાથી એ ફ્રુટનો કલર ઓરિજિનલ પ્રાપ્ત થાય. બીજી વાત કે એપલની ઉપર વેક્સ પણ લગાવવામાં આવે છે. ૫-૬ દિવસ સુધી લારીવાળો તડકાની અંદર રોડ ઉપર ઉભો રહે તો પણ એના ફ્રુટને કશું થતું નથી. એ એટલા માટે નથી થતું કે એના ઉપર એક વેક્સ ટાઇપનું મટિરિયલ એના ઉપર લગાવવામાં આવે છે. જેથી કરીને એ ફ્રુટ એવુંને છ દિવસ સુધી રહે. કોઇ કાપીને કે ટેસ્ટ કરીને નથી લેતું, બધા જ ઉતાવળમાં હોય છે અને જે પ્રકારે જે ફ્રૂટ મળે છે એ પ્રકારે એ જાય છે. આજે જોઇએ તો અળસિયા એકદમ નીચે જતા રહ્યાં. આજે અળસિયા ભાગ્યે જ કોઇ ખેતરની અંદર જોવા મળશે. એનું કારણ એ છે કે જેટલી દવાઓ મારીએ છીએ એ દવાઓ

બધી જમીન પર જાય છે. ઉદાહરણ તરીકે નિંદામણ હવે કોઇ હાથથી કરતું જ નથી. નિંદામણની દવા જ આવે છે. ખાલી એને ગનથી સ્પ્રે કરો અને બીજા દિવસે વાળી લો એટલે બધું નિંદામણ ત્યાંથી નીકળી જાય છે. પણ એ જે જીવાતો છે એ મૃત્યું પામે છે અને એ ચકલી ખાય છે. આજે સમસ્યા એ થઇ છે કે ચકલી પણ એ મરેલું જીવડું ખાય છે એના કારણે એના શરીરમાં પણ એવા બેકટેરિયા અને એવા પ્રકારના કેમિકલ્સ એના શરીરમાં જાય છે. આજે કોઇ નાના બાળકની ચોપડી જોઇએ તો ચોપડીનાં પાછલાં પાનાં ઉપર લખેલું હોય છે સેવ અર્થ. ધરતી બચાવો, હવા બચાવો, પાણી બચાવો, આજે બધી પરિસ્થિતિ બચાવમાં આવી ગઇ છે. એનું મૂળ કારણ આ છે. કારણ કે સેવ અર્થ, સેવ વોટરની પરિસ્થિતિમાં આજે આપણે જીવી રહ્યા છીએ. પ્રશ્ન એ છે કે આવનારી પેઢીને આપણે શું આપવાના છીએ? કોઇપણ શાકભાજી લો, ભીંડા, કોબીજ, કુલાવર, રીંગણ બધાં જ ઢગલાબંધ કેમિકલ વાળા હોય છે. આ બધું ટેસ્ટ થયેલું છે. આ બાબતેનો એકાદ રિપોર્ટ પણ જો અહીંયા લાવીને સભ્યશ્રીઓને આપવામાં આવે તો ખબર પડે કે કેટલી માત્રામાં એની અંદર કેમિકલ્સ હોય છે. અનાજના જેટલા પણ ટેસ્ટિંગ કર્યા છે એનો મારી પાસે એક રિપોર્ટ છે. અનાજને પણ પરમિશન લિમિટથી વધારે કેમિકલ્સ હોય છે. માનનીય મંત્રીશ્રીએ જે વાત કરી કે આપણને કેન્સર થાય છે એ માન્ય લિમિટથી વધારે ઘઉં, ચોખાની અંદર માત્રા વધારે હોવાના કારણે છે. આવી જ રીતે કઠોળ જેવા કે ચણા, રાજમા વગેરેમાં પણ આવા ટેસ્ટ થયા છે અને એ ટેસ્ટના આધારે એની અંદર ખૂબ વધારે પ્રમાણમાં આપણને કેમિકલ્સ જોવા મળે છે. જે મનુષ્ય માટે ખતરારૂપ છે. માટે જે બિલ આપ લઇને આવ્યા છો એ માટે વિશેષ અભિનંદન આપીશ. વિશેષ અભિનંદન રાજ્યપાલશ્રીને આપીએ કે એમણે આ પ્રાકૃતિક ખેતીની મુવમેન્ટ થકી આંદોલન શરૂ કર્યું. થેન્ક યુ.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ ( કૃષિ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત ઓર્ગેનિક એગ્રિકલ્ચરલ યુનિવર્સિટી (સુધારા) વિધેયક અંગેના આ મારા પ્રસ્તાવ ઉપર સન્માનનીય સભ્યશ્રીઓ શ્રી બાબુભાઇ બોખીરિયા, શ્રી જયદ્રથસિંહ પરમાર, શ્રી મહેશભાઇ રાવલ, શ્રી દુષ્યંતભાઇ પટેલ આ બધાએ સમર્થન આપ્યું છે એટલા માટે હું સન્માનનીય સભ્યશ્રીઓનો આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, કૃષિ અને ઋષિની સંસ્કૃતિ ધરાવતા આ દેશમાં હજારો વર્ષોથી પ્રાકૃતિક ખેતી થઇ રહી છે એવા સમયે ફરીથી આપણે દેશમાં અને ગુજરાતમાં આ ખેતીનો વ્યાપ વધે અને એના પરિણામે સન્માનનીય સભ્યશ્રીઓને અમે જે લાભો દર્શાવ્યા છે, એ ફાયદાઓ થાય. રાજયમાં પ્રાકૃતિક ખેતીના શિક્ષણ, સંશોધન અને વિસ્તરણનો વધુ પ્રચાર અને પ્રસાર થાય તે હેતુથી આ ગૃહ સમક્ષ માનનીય અધ્યક્ષશ્રી, હું આ સુધારા વિધેયક લાવ્યો છું ત્યારે હું સન્માનનીય સૌ સભ્યશ્રીઓને વિનંતી કરું છું કે આ બિલ સર્વાનુમતે પસાર કરે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી રાઘવજીભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૨૨ના વિધેયક ક્રમાંક-૨-સન ૨૦૨૨નું ગુજરાત ઓર્ગેનિક એગ્રિકલચરલ યુનિવર્સિટી(સુધારા) વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ-૨ થી ૧૬, કલમ-૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

શ્રી રાઘવજીભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૨૨ના વિધેયક ક્રમાંક-૨-સન ૨૦૨૨નું ગુજરાત ઓર્ગેનિક એગ્રિકલચરલ યુનિવર્સિટી(સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : સન ૨૦૨૨ના વિધેયક ક્રમાંક-૨-સન ૨૦૨૨નું ગુજરાત ઓર્ગેનિક એગ્રિકલ્ચરલ યુનિવર્સિટી(સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

**સભાગૃહનું કામકાજ બપોરના ૧-૫૨ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સોમવાર, તા. ૭મી માર્ચ, ૨૦૨૨ના રોજ બપોરના ૧૨-૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

તા. ૭મી માર્ચ ૨૦૨૨
તારાંકિત પ્રશ્નો

**ગુજરાત વિધાનસભા**
**સોમવાર, તા. ૭મી માર્ચ, ૨૦૨૨**
**ફાલ્ગુન-૧૬, શાકે ૧૯૪૩**
**સભાગૃહ બપોરના ૧૨-૦૦ વાગ્યે મળ્યું.**
**માનનીય અધ્યક્ષશ્રી ડૉ. નીમાબેન આચાર્ય અધ્યક્ષસ્થાને**

**તારાંકિત પ્રશ્નો**

**ખેડા અને ભરૂચ જિલ્લામાં ગેરકાયદેસર સંગ્રહ કરેલ ખાદ્યાન્ન અને ખાદ્યતેલ જપ્ત કરવા પાડેલ દરોડા**

* ૪૧૧૭૯ **શ્રી કાળાભાઈ ડાભી** (કપડવંજ) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૧૨/૨૦૨૧ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર ખેડા અને ભરૂચ જિલ્લામાં જિલ્લાવાર ગેરકાયદેસર સંગ્રહ કરેલ ખાદ્યાન્ન અને ખાદ્યતેલ અંગે કેટલા દરોડાઓ પાડવામાં આવ્યા, અને

**જવાબ**

(૧) ગેરકાયદેસર સંગ્રહ કરેલ ખાદ્યાન્ન અને ખાદ્યતેલ અંગે પાડેલ દરોડાની વિગત નીચે મુજબ છે.

| જિલ્લો | વર્ષ | દરોડાની સંખ્યા |
|---|---|---|
| ખેડા | ૨૦૨૦ | ૧ |
| | ૨૦૨૧ | ૩ |
| ભરૂચ | ૨૦૨૦ | ૦ |
| | ૨૦૨૧ | ૦ |

**પ્રશ્ન**

(૨) ઉક્ત વર્ષવાર, જિલ્લાવાર કેટલી કિંમતનો કયા પ્રકારના ખાદ્યાન્ન અને ખાદ્યતેલનો કેટલો જથ્થો રાજ્યસાત કરવામાં આવ્યો ?

**જવાબ**

(૨) ખેડા જિલ્લામાં ખાદ્યાન્નનો નીચે મુજબનો જથ્થો રાજ્યસાત કરેલ છે.

| વર્ષ | ખાદ્યાન્ન | જથ્થો (કિ.ગ્રા.) | કિંમત (રૂ.) |
|---|---|---|---|
| ૨૦૨૦ | ઘઉં | ૧૬૨૫૦ | ૯૧૦૦૦/- |
| | ચોખા | ૪૭૫૦ | ૨૮૯૭૫/- |
| | **કુલ** | **૨૧,૦૦૦** | **૧,૧૯,૯૭૫/-** |
| ૨૦૨૧ | ઘઉં | ૪૭૨૫ | ૮૧૫૬૨/- |
| | ચોખા | ૨૫૦ | ૭૮૧૫/- |
| | બાજરી | ૩૦ | ૬૬૦/- |

શ્રી કાળાભાઇ ર. ડાભી : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન એ છે કે ખેડા અને ભરૂચ જિલ્લામાં અનાજ અને ખાદ્યતેલના વેપારીઓ નફાખોરી માટે સંગ્રહાખોરી કરે છે તે જગજાહેર છે. રાજ્ય સરકારે આ દૂષણને ડામવા માટે અનાજ અને ખાદ્યતેલનો જથ્થો જપ્ત કરીને સંતોષ માનવાને બદલે આ દૂષણને ડામવા માટે અસરકારક પગલાં ભરવાં જોઇએ અને આ માટે નાગરિક પુરવઠા વિભાગ અસરકારક નીતિ ઘડવા માંગે છે કે કેમ? અને મારો બીજો પ્રશ્ન એ છે કે ગેરકાયદેસર સંગ્રહાખોરી કરનારની સામે શાં પગલાં લેવામાં આવ્યાં અને દરોડા કઇ તારીખે પાડવામાં આવ્યા? અને એ દિવસે કેટલો જથ્થો ઉપલબ્ધ મળ્યો?

શ્રી નરેશભાઇ મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અમારા શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની આગેવાનીમાં મંત્રી તરીકે હું આ વિધાનસભા ગૃહની અંદર પહેલીવાર જવાબ આપી રહ્યો છું એટલે હું ધન્યતા અનુભવું છું. સભ્યશ્રીની લાગણી છે કે ગરીબોને મળતો કોઇપણ જથ્થો હોય એમાં ગેરરીતિ ન થાય એ પ્રકારની એમની ચિંતા છે. એમની ચિંતા વ્યાજબી છે પરંતુ સભ્યશ્રીને જણાવતા આનંદ થાય છે કે અમારી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની આગેવાની વાળી સરકાર અમારા પંડિત દીનદયાળજી જે એકાત્મ માનવવાદની અંદર પણ જયારે અંત્યોદયની ચિંતા કરી છે કે છેવાડાના વ્યક્તિને બે ટંકનું ભોજન મળે, એ બે ટંકનું ભોજન લઇને શાંતિથી જીવી શકે એ પ્રકારની વ્યવસ્થા જયારે ભારતીય જનતા પાર્ટીની સરકારે કરી હોય ત્યારે આ જે પ્રશ્ન છે એ વેપારીઓનો છે. અમારી દુકાનોનો પ્રશ્ન નથી, પણ એફ.પી.એસ.માંથી પણ કોઇ જથ્થો વેપારીને ત્યાં પહોંચી જાય અને એની ગેરરીતિ ન થાય એની ચિંતા પણ અમારી સરકાર કરે છે. પરંતુ અમે આ ખેડા અને ભરૂચ જિલ્લાની અંદર તપાસ કરી છે ત્યારે ફકત ખેડા જિલ્લાની અંદર ૨૦૨૦ અને ૨૦૨૧માં તપાસ દરમિયાન ચારેક ગુનાઓ અમને જાણવા મળેલ છે અને એના પાછળ અમે પૂરતી કાર્યવાહી કરી છે અને એમાં પણ જે કાર્યવાહી કરી એ પ્રમાણે જે રીતે ગેરરીતિ થઇ છે એ બહુ ઓછા પ્રમાણમાં થઇ છે એટલે સભ્યશ્રીની જે ચિંતા છે એમાં અમે ખૂબ આગળ વધી રહ્યા છીએ.

## તારાંકિત પ્રશ્નો

શ્રી મહેશકુમાર ક. રાવલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે તા. ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં ખેડા અને ભરૂચ જિલ્લામાં ગેરકાયદેસર સંગ્રહ કરેલ ખાદ્યાન્ન અને ખાદ્યતેલ જપ્ત કરવા માટે કેટલી તપાસો કરવામાં આવી? અને ક્ષતિવાળી જણાયેલ તપાસોમાં વર્ષવાર કેટલો જથ્થો કબજે લેવામાં આવ્યો હતો? તેમજ કેટલો જથ્થો રાજ્યસાત કરવામાં આવ્યો?

શ્રી નરેશભાઇ મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અમારા શ્રી મહેશભાઇએ જે પ્રશ્ન ઉપસ્થિત કર્યો છે ખેડા જિલ્લામાં વર્ષ ૨૦૨૦માં એક તપાસ થઇ છે અને ગુનો પણ એક પકડાયો છે અને વર્ષ ૨૦૨૧માં ૩. એમણે જે પ્રશ્ન ઉપસ્થિત કર્યો છે કે કેટલો જથ્થો પકડાયો અને રાજયસાત કેટલો કરવામાં આવ્યો છે? તો જે તે સમયે અમારા અધિકારીઓ એ જથ્થાને પકડતા હોય ત્યારે એની આકારણી બીજી રીતે પણ થતી હોય છે પરંતુ જયારે ન્યાયની પ્રક્રિયામાં અમે આગળ વધીએ છીએ ત્યારે ફરી તપાસ દરમિયાન જે વસ્તુ નીકળે છે એનો જથ્થો અમે રાજયસાત કરીએ છીએ, એમાં વર્ષ ૨૦૨૦ની અંદર ૯૧,૦૦૦ રૂપિયાનો ઘઉંનો જથ્થો હતો અને ચોખાનો જથ્થો ૨૮,૯૭૫ રૂપિયાનો હતો અને અને વર્ષ ૨૦૨૧માં ઘઉંનો જથ્થો ૮૧,૫૬૨ રૂપિયાનો હતો. ચોખાનો જથ્થો એ ૭,૮૧૫ રૂપિયાનો હતો. બાજરી એ ફકત ૩૦ કિલો એટલે ૬૬૦ રૂપિયાનો જથ્થો હતો. આમ આ તમામ રૂપિયાની વાત કરી તે રાજ્યસાત કરવામાં આવી છે.

શ્રી લલીતભાઇ કગથરા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે આ તેલના ભાવ જે કૂદકે ને ભૂસકે વધી રહ્યા છે. મગફળી જ્યારે ખેડૂતોના ઘરમાં આવે ત્યારે ૮૦૦ રૂપિયામાં કોઇ ધણી ન થાય. અત્યારે તેલ માર્કેટમાં મળે નહિ. મારો પ્રશ્ન એ છે કે આમાં કોઇ મિકેનિઝમ કરવા માગો છો? સંગ્રહખોરો ઉપર કોઇ કન્ટ્રોલ કરવા માગો છો કે નહીં? આનાથી ગરીબ માણસોને જે તેલ નથી મળતું. ખેડૂત કરગરે છે અને ખેડૂતોને મગફળીના ભાવ નથી મળતા. આમાં જે અસમાનતા છે એમાં કોઇ મિકેનિઝમ લાવવા માગો છો કે નહિ?

શ્રી નરેશભાઇ મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અમારા શ્રી કાળુભાઇ ડાભીએ પ્રશ્ન ઉપસ્થિત કરેલ હતો તે ફકત ખાદ્યાન અને ખાદ્યતેલ ઉપર છે અને ગેરકાયદેસર પૂરતો છે.(અંતરાય)

અધ્યક્ષશ્રી : આપે પ્રશ્ન પૂછેલ છે તો જવાબ સાંભળી લો.

શ્રી નરેશભાઇ મ. પટેલ : ગેરકાયદેસર પ્રશ્ન છે. શ્રી લલીતભાઇએ જે પ્રશ્ન ઉપસ્થિત કર્યો છે તે પ્રશ્ન તેરમાં નંબરનો આવે છે. તેનો ચોક્કસ રીતે હું જવાબ આપવાનો પ્રયત્ન કરીશ.

શ્રી અરૂણસિંહ અ. રણા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે તા. ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં ખેડા, ભરૂચ જિલ્લામાં પુરવઠા તંત્ર દ્વારા કેટલી વ્યાજબી ભાવની દુકાનોની તપાસ કરવામાં આવેલ છે? તે અન્વયે શું કાર્યવાહી કરવામાં આવેલ છે?

શ્રી નરેશભાઇ મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અમારા શ્રી અરૂણસિંહે પ્રશ્ન ઉપસ્થિત કરેલ છે તે એક્ચ્યુઅલી આ વેપારીઓ માટે છે. અમારી એફ.પી.એસ.ની તપાસનો પ્રશ્ન નથી, તેમ છતા જવાબ તૈયાર છે. શ્રી અરૂણસિંહને ચોક્કસ ખાતરી આપું છું કે જે વેપારી પાછળની તપાસ હતી તે ફક્ત ખેડા જિલ્લાની હતી. એમાં ૪ લોકો ગુનાઇત કૃત્ય કરતા દેખાયા છે, એની પાછળ પૂરેપૂરી કાર્યવાહી કરી છે.

શ્રી ભગાભાઇ ધા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, આમ તો પ્રશ્ન સભ્યશ્રી લલીતભાઇએ પૂછી લીધેલ છે, પણ મારે મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે ખેડૂતોના ખેતરોમાં મગફળી તૈયાર થાય અને ખેડૂતોના ઘરમાં આવે. ખેડૂતોની મગફળીની વેપારીઓ દ્વારા એપીએમસી મારફતે ખરીદી થઇ જાય. ત્યારે મગફળી ૨૧,૦૦૦, ૨૨૦૦૦ રૂપિયામાં કોઇ લેવા તૈયાર ન હોય. ખેડૂતોના ઘરમાંથી મગફળી પૂરી જતી રહે, ત્યાર પછી તેલના ભાવ આસમાને જાય છે, તેના માટે સરકારે આના ઉપર કન્ટ્રોલ રાખવા માટે કોઇ નીતિ બનાવી છે કે નહિ તે હું જાણવા માગું છું?

શ્રી નરેશભાઇ મ. પટેલ : આ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. તેમ છતા મારા ૧૩માં નંબરના પ્રશ્નનો સમય થશે ત્યારે ચોક્કસ રીતે સંતોષ થાય તે રીતે જવાબ આપીશ.

શ્રી કેસરીસિંહ જે. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ખાદ્યતેલ, ખાદ્ય તેલીબિયા અનાજ ઉપરના લાઇસન્સ મેળવવા માટે કઇ અરજી કરવી પડે?

શ્રી નરેશભાઇ મ. પટેલ : અમારા શ્રી કેસરીસિંહે પ્રશ્ન ઉપસ્થિત કર્યો છે તે લાઇસન્સની બાબતનો છે, પણ જોવા જઇએ તો ગેરકાયદેસર પ્રશ્ન છે, તેમ છતા મારી પાસે થોડી માહિતી છે. ખાદ્યતેલ અને તેલીબિયા અનાજ ઉપર...

અધ્યક્ષશ્રી : મંત્રીશ્રી પહેલીવાર જવાબ આપે છે. માનનીય મંત્રીશ્રી, આ ગેરકાયદેસર નહિ, પણ આમાંથી આ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી તેમ કહો.

શ્રી નરેશભાઇ મ. પટેલ : હું એ જ વાત કરવા જઇ રહ્યો છું. ૧૩માં નંબરના પ્રશ્ન ઉપર આ પ્રશ્ન ઉપસ્થિત થવાનો છે. તે સમયે હું સભ્યશ્રીને સંતોષ થાય તે રીતે જવાબ આપવાનો પ્રયત્ન કરીશ.

### મહેસાણા જિલ્લામાં આંગણવાડી કેન્દ્રોને વીજ કનેક્શન

* ૪૦૬૫૪ **શ્રી અજમલજી ઠાકોર** (ખેરાલુ) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|

## તા. ૭મી માર્ચ ૨૦૨૨

## તારાંકિત પ્રશ્નો

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મહેસાણા જિલ્લામાં તાલુકાવાર કેટલા આંગણવાડી કેન્દ્રોને વીજ કનેક્શન આપવામાં આવ્યા છે,

(૨) ઉક્ત સ્થિતિએ વીજ કનેક્શન આપવામાં આવ્યા ન હોય તેવા આંગણવાડી કેન્દ્રો કેટલા છે, અને

(૩) ઉક્ત બાકી રહેતા આંગણવાડી કેન્દ્રોમાં ક્યાં સુધીમાં વીજ કનેક્શન આપવામાં આવશે ?

(૧) તા.૩૧-૧૨-૨૦૨0ની સ્થિતિએ મહેસાણા જિલ્લાના તમામ આંગણવાડી કેન્દ્રો વીજ કનેક્શન ધરાવતા હતા. આથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૨) એક પણ નહીં.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

શ્રી અજમલજી વ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, મારા ખેરાલુ-૨૦ વિધાનસભાના સતલાસણા અને ખેરાલુ તાલુકાનાં ગામડાંઓના તળાવો સાબરમતી જળાશય યોજનાના પાણીથી ભરવાની કામગીરીને આ ભારતીય જનતા પાર્ટીની સરકારે એક મિનિટ, એક મિનિટ...

અધ્યક્ષશ્રી : ખાલી પ્રશ્ન પર આવો.

શ્રી અજમલજી વ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, તેના ઉપર જ આવી જાઉં છું. એક જ મિનિટ. ભારતીય જનતા પાર્ટીની સરકારે ૧૩૧ કરોડની કામગીરી માટે સૈદ્ધાંતિક મંજૂરી આપી છે તે બદલ માનનીય ગૃહના નેતાશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ અને માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલનો આભાર માનું છું.

અધ્યક્ષશ્રી : આપ પ્રશ્ન પર આવો.

શ્રી અજમલજી વ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આવી ગયો, આવી ગયો. સૈદ્ધાંતિક મંજૂરી આપવા બદલ વિધાનસભાના મતદારો વતી તેમનો આભાર માનું છું.

અધ્યક્ષશ્રી : આપ બેસો. આપ બેસો.

શ્રી અજમલજી વ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, મહેસાણા જિલ્લામાં આંગણવાડીના વીજ કનેક્શન તાલુકાવાર કેટલા છે અને આ આંગણવાડી કેન્દ્રોમાં ઉપલબ્ધ વીજળી ઉપકરણો જેવા કે, પંખા, બલ્બ, ટ્યૂબલાઇટ બગડે તો તેના રિપેરિંગ કે બદલવા માટેની શું જોગવાઇ છે?

શ્રીમતી મનીષા વકીલ : માનનીય અધ્યક્ષશ્રી, મહેસાણા જિલ્લામાં આંગણવાડી કેન્દ્રોમાં વીજ કનેકશનની સુવિધા સો ટકા છે. સભ્યશ્રી જાણવા માગતા હતા કે અલગ અલગ તાલુકામાં કેટલા કેટલાં વીજ કનેકશન આપ્યાં છે? તો તેના પ્રશ્નમાં જણાવું તો કડી તાલુકામાં ૨૬૭, ખેરાલુ તાલુકામાં ૧૨૨, મહેસાણા તાલુકામાં ૩૬૨, જોટાણા તાલકામાં ૮૦, વિસનગર તાલુકામાં ૨૪૬, વડનગર તાલુકામાં ૧૭૦, વિજાપુર તાલુકામાં ૨૮૭, સતલાસણા તાલુકામાં ૯૮, ઉંઝા તાલુકામાં ૧૭૦, બેચરાજી તાલુકામાં ૧૧૮ એમ કુલ મળીને ૧૯૨૦ વીજ કનેકશન મહેસાણા જિલ્લામાં આંગણવાડી કેન્દ્રોમાં આપ્યાં છે. માનનીય સભ્યશ્રી જાણવા માગતા હતા કે, તેના ઉપકરણો બગડે તો તેના માટે શું સુવિધા આપવામાં આવે છે? તો તેના જવાબમાં જણાવું તો આંગણવાડી કેન્દ્રોમાં ઉપલબ્ધ વીજ ઉપકરણો જેવા કે પંખા, બલ્બ, ટ્યૂબલાઇટ વગેરે બગડે તો તેના રિપેરિંગ અને બદલવા માટે આંગણવાડી દીઠ વાર્ષિક કન્ટિજન્સી ગ્રાન્ટ જે હોય છે તે ૨,૦૦૦ રૂપિયા આપવામાં આવે છે અને મીની આંગણવાડી માટે ૧૦૦૦ રૂપિયા આપવામાં આવે છે.

શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રથમ તો મહિલા અને બાળ વિકાસના મંત્રીશ્રી સૌ પ્રથમવાર આ સભાગૃહમાં મંત્રીશ્રી તરીકે જવાબ આપી રહ્યા છે માટે ખૂબ ખૂબ શુભેચ્છા આપું છું. હું આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, આ સરકારે જે આંગણવાડીઓ બનાવી છે તે સારી રીતે ચાલી રહી છે. નાના નાના ભૂલકાંઓ આ આંગણવાડીમાં આવીને સારું એવું શિક્ષણ લઇ રહ્યા છે. આંગણવાડી કેન્દ્રોનું વીજ બિલનું કેવી રીતે કરવામાં આવે છે અને તેના માટેની કઇ પદ્ધતિ નક્કી કરવામાં આવી છે?

શ્રીમતી મનીષા વકીલ : માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં વીજ બિલનું ચૂકવણું વીજ કંપની દ્વારા જે બિલ આપવામાં આવે તે મુજબ આંગણવાડીના કાર્યકર વીજ બિલ કલેકશન સેન્ટર પર જઇને લાંબી લાઇનમાં ઉભા રહીને કરતા હતા. તેની રસીદ સી.ડી.પી.ઓ. સમક્ષ રજૂ કર્યા બાદ તેનું ચૂકવણું કરવામાં આવતું હતું. જેના લીધે આંગણવાડી કાર્યકર બહેનોને દૂર-દૂર જઇને વીજ બિલ ભરવામાં ભારે હાલાકી ભોગવવી પડતી હતી અને બિલ ભરવમાં મોડું થાય તો તે આંગણવાડી કેન્દ્રનું વીજ કનેકશન કપાઇ જતું હતું, તેને ફરીથી ચાલુ કરવા માટે ખૂબ અઘરું પડતું હતું. આ બધી તકલીફોનો હવે અંત આવ્યો છે. તા. ૧-૪-૨૦૧૮ અને તા. ૭-૧૨-૨૦૧૯ના ઠરાવથી તમામ આંગણવાડી કેન્દ્રાના વીજ બિલના રકમની ચૂકવણી સીધી ગુજરાત ઉર્જા નિગમ અને ટૉરેન્ટ પાવર લિમિટેડ કંપનીને એડવાન્સરૂપે રાજ્ય કક્ષાએથી કરવાનો નિર્ણય લીધો છે અને આંગણવાડી કાર્યકર બહેનોને જે હાલાકી પડતી હતી તેમાંથી મુક્તિ આપી છે. પ્રત્યેક આંગણવાડી દીઠ રૂપિયા ૨૦૦ પ્રતિમાસ લેખે જે તે વીજ કંપનીને ગુજરાત સરકાર એડવાન્સમાં જ વીજ બિલનું ચૂકવણું કરે છે. તેમજ વર્ષના અંતે આ વીજ બિલનું મેળવણું કરીને તેને સરભર કરવામાં આવે છે. ચાલુ વર્ષ ૨૦૨૧-૨૨માં વીજ બિલની ચૂકવણી માટે રાજ્ય સરકાર દ્વારા રૂપિયા ૩૧૦.૮૦ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે.

શ્રી અશ્વિનભાઇ લ. કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી, આજે તારીખ ૭મી માર્ચ છે. યુનોએ ૭મી માર્ચને વિશ્વ આદિવાસી દિવસ તરીકે જાહેર કરેલ છે. જેથી કરીને આ ગૃહના સૌ સભ્યોને, માનનીય અધ્યક્ષશ્રીને, અમારા પક્ષના નેતાશ્રીને,

તારાંકિત પ્રશ્નો

ગુજરાતના મુખ્યમંત્રીશ્રીને તથા સૌ સભ્યોને હું જે મત વિસ્તારમાંથી આવું છું, હું જે સમાજમાંથી આવું છું તેના વતી સૌને જય આદિવાસી અને જય જોહાર. માનનીય અધ્યક્ષશ્રી, મારે મંત્રીશ્રીને પૂછવાનું છે કે, મહેસાણા જિલ્લામાં જે આંગણવાડી કેન્દ્રો આવેલાં છે એ આંગણવાડી કેન્દ્રોને વીજળી કનેકશન પૂરેપૂરું મળી ગયેલ છે તો મારે એ જાણવું છે કે મહેસાણા જિલ્લામાં કુલ કેટલી આંગણવાડી સરકારી મકાનમાં બેસે છે અને કેટલી આંગણવાડી ખાનગી મકાનમાં બેસે છે?

શ્રીમતી મનીષા વકીલ : માનનીય અધ્યક્ષશ્રી, મહેસાણા જિલ્લામાં ટોટલ ૧,૯૨૦ આંગણવાડીઓ છે એ જે આંગણવાડી કેન્દ્રો છે એમાંથી ૧,૮૦૫ અને જે વીજ કનેકશન ભાડાના મકાનોમાં છે એમાં ૧૦૦ છે અને અન્ય ૧૫ છે એમ કરીને કુલ ૧૯૨૦ની સંખ્યા છે.

શ્રીમતી સીમાબેન અ. મોહીલે : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી સૌ પ્રથમ મંત્રીશ્રીને શુભેચ્છા અને અભિનંદન પાઠવું છું કે પહેલીવાર આપ મંત્રી તરીકે પ્રશ્નોના જવાબ આપી રહ્યા છો. માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, આંગણવાડીના વીજ કનેકશન આપવા માટે શું પ્રક્રિયા કરવામાં આવે છે અને, એમાં શું સુવિધાઓ આપવામાં આવે છે?

શ્રીમતી મનીષા વકીલ : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકાર દ્વારા પોતાના મકાન ધરાવતા આંગણવાડીને વીજ કનેકશન માટે સો ટકા સ્ટેટ બર્ડનમાંથી ખર્ચ કરવામાં આવે છે. સી.ડી.પી.ઓ. દ્વારા એક વીજ કનેકશનના રુપિયા ૫,૦૦૦ મુજબ વીજ કંપનીને ચૂકવણું કરવામાં આવે છે. ત્યાર બાદ વીજ કંપની દ્વારા આંગણવાડી કેન્દ્રમાં વીજ મિટર અને કનેકશન જોડાણ આપવામાં આવે છે. આંગણવાડી કેન્દ્રમાં વીજ કનેકશન આપવા માટે સંબંધિત વીજ કંપની દ્વારા અંતર અને સ્થળ સર્વે કરીને પ્લાન એસ્ટીમેટ આપવામાં આવે છે. બાળકો સારી રીતે બેસે, આંગણવાડીના કાર્યકરો રોજબરોજની કામગીરી સુગમતાપૂર્વક કરી શકે એ માટે નવું આંગણવાડીનું મકાન બને, ત્યારે લાઇટ ફિટિંગની કામગીરી ટ્યૂબલાઇટ એલ.ઇ.ડી. વગેરે જેવી ઉપકરણની સુવિધા પણ આપવામાં આવે છે.

શ્રી સુખરામભાઇ હ. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, આંગણવાડીના ૧૦૦ મકાન ભાડામાં ચાલે છે તો નવા મકાનો બનાવવા માટેનું કોઇ પ્રોવિઝન તમે કર્યું છે કે કેમ? અને આ આંગણવાડીમાં કામ કરતી બહેનો વખતો વખત રાજય સરકારને પોતાનો માનદ પગાર વધારવા માટે રજૂઆત કરતી હોય છે ત્યારે આ બહેનોનો માનદ પગાર વધારવા માટે સરકારે કોઇ નિર્ણય લીધો છે કે કેમ એ મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે?

શ્રીમતી મનીષા વકીલ : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીએ જે વાત કરી છે એ એમનું સૂચન છે. એમણે બીજી જે વાત કરી છે એ માટે એને લગતી અલગથી નોટિસ આપશે તો એનો પણ જવાબ આપવામાં આવશે.

શ્રી સુખરામભાઇ હ. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, આંગણવાડીના ૧૦૦ મકાનો બનાવવાના બાકી છે અને તમારી પાસે માહિતી પણ છે તો એને નવા બનાવવા માટેની દરખાસ્ત આવીને પડી છે તો એમાં કોઇ નિર્ણય લેવા માગો છો કે નહીં?

શ્રીમતી મનીષા વકીલ : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીને જણાવું કે આ પ્રશ્ન વીજ કનેકશન માટેનો છે અને આંગણવાડીના બાંધકામ માટેનો આપ અલગથી નોટિસ આપીને પ્રશ્ન પૂછશો તો આપને ચોક્કસ જવાબ આપીશ.

શ્રી ભરતજી સો. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્ન બાળકોને અને આંગણવાડીને લગતો હોય ત્યારે આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, મહેસાણા જિલ્લામાં હાલ ૨૦૦ કરતા વધારે આંગણવાડીના મકાનો જર્જરિત છે અને તેના કારણે નાના બાળકો ખુલ્લા મેદાનમાં અને ઝાડ નીચે બેસે છે તો આંગણવાડીના મકાનો રીપેરીંગ કરવા અથવા નવા બનાવવા માગો છો કે કેમ?

શ્રીમતી મનીષા વકીલ : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીએ પાછો સેઇમ જ પ્રશ્ન પૂછ્યો છે જે આગળ સુખરામભાઇએ પૂછ્યો હતો એજ તો અલગથી નોટિસ આપશો તો ચોક્કસ જવાબ આપીશ. આ પ્રશ્ન ફકત વીજ કનેકશન માટેનો છે. આપ અલગથી નોટિસ આપજો આપને જવાબ મળી જશે. (અંતરાય)

અધ્યક્ષશ્રીઃ કોણ બોલ્યું ભાઈ? (અંતરાય) કોણ બોલે છે આ, આ રીતે બેઠા બેઠા બોલવું એ યોગ્ય નથી અને પ્લીઝ આવી કોઇ કોમેન્ટ વચ્ચે ન કરો, પ્રશ્નોતરીને ચાલવા દો.

**સુરત જિલ્લામાં આદિજાતિ કન્યાઓને લગ્ન પ્રસંગે સહાય**

* ૪૦૬૪૦ **શ્રી વી. ડી. ઝાલાવાડીયા** (કામરેજ) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૧૨/૨૦૨૧ની સ્થિતિએ સુરત જિલ્લામાં આદિજાતિ કન્યાઓને લગ્ન પ્રસંગે સહાય આપવાની કુંવરબાઇના મામેરા યોજના અમલમાં છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા તો, ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત જિલ્લામાં આ યોજના અંતર્ગત કેટલી આદિજાતિ કન્યાઓને લાભ આપવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) હા.

(૨)

| ક્રમ | વર્ષ | લાભાર્થીઓ |
|---|---|---|
| ૧ | ૨૦૨૦-૨૧ | ૩૫૦ |

| | | |
|---|---|---|
| ૨ | ૨૦૨૧-૨૨ (૩૧-૧૨-૨૦૨૧ અંતિત) | ૫૫૭ |
| | **કુલ** | **૯૦૭** |

શ્રી વી.ડી. ઝાલાવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નનો જવાબ મળી ગયો છે પણ આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે, આદિજાતિ કન્યાઓને લગ્ન પ્રસંગે મળતી સહાય મેળવવા માટે લાભાર્થીઓને ફોર્મ ક્યાંથી મેળવવાનું રહે છે અને લાભની પ્રક્રિયા શું છે?

શ્રીમતી નિમિષાબેન સુથારઃ માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનીય ગૃહમાં રાજયકક્ષાના મંત્રી તરીકે આજે પ્રથમ વખત જવાબ આપવાનો મોકો મળ્યો છે. આદરણીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ અમને અને અમારા કેબિનેટ મંત્રીશ્રી નરેશભાઇ પટેલ સાહેબનો અને આખી ટીમનો હું ખૂબ ખૂબ આભાર માનું છું. માનનીય સભ્યશ્રીનો પ્રશ્ન જે છે આદિજાતિ કન્યાઓને લગ્ન પ્રસંગે મળતી સહાય.

માનનીય અધ્યક્ષશ્રી, આદિજાતિ આપણી કન્યાઓ જે છે તેને કુંવરબાઇનું મામેરું યોજના અંતર્ગત જિલ્લા કક્ષાએથી મદદનીશ કમિશનર આદિજાતિ વિકાસની કચેરી તેમજ તાલુકા કક્ષાએ મદદનીશ આદિજાતિ વિકાસ અધિકારી પાસેથી તેમનું અરજીનું ફોર્મ લેવાનું હોય છે અને આ ફોર્મની સાથે આવકનું પ્રમાણપત્ર, જાતિનું પ્રમાણપત્ર, જન્મનું પ્રમાણપત્ર અને લગ્નના પ્રમાણપત્ર સાથે જે અરજદારો છે, જે લાભાર્થી છે તેને અરજી ફોર્મ સાથે સંપૂર્ણ યાદી, જે માહિતી છે તે ભરીને કચેરીમાં રજૂ કરવાની હોય છે અને તેના લાભ આપવાની જે પ્રક્રિયા છે તે તાલુકાના મદદનીશ આદિજાતિ વિકાસ અધિકારી દ્વારા આ જે અરજી આપેલી છે તેની સાથે જે પુરાવા આપેલા છે તેની ચકાસણી કરીને પાત્રતા ધરાવતા જે અરજદારો છે તે પૈકીની જે ભલામણ છે તે જિલ્લા કક્ષાએ મદદનીશ કમિશનર આદિજાતિ વિકાસની કચેરીથી મોકલવામાં આવે છે અને ત્યાર બાદ જિલ્લા કક્ષાએ જે મંજૂરી માટેની પ્રક્રિયા છે તે પૂર્ણતઃ ચકાસણી કર્યા બાદ કન્યાનાં ખાતામાં નાણાં સીધા જમા કરવામાં આવે છે.

શ્રીમતી ઝંખનાબેન હિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રથમ મંત્રીશ્રી પ્રથમ વખત આ ગૃહમાં જવાબ આપી રહ્યાં છે તે બદલ તેમને અભિનંદન આપુ છું અને મારે મંત્રીશ્રી પાસેથી એ જાણવુ છે કે, આ કુંવરબાઇનું મામેરૂં યોજનાના આર્થિક સહાયના છેલ્લાં ક્યારે સુધારા કરવામાં આવ્યા? અને કયા કયા સુધારાઓ કરવામાં આવ્યા? અને લાભાર્થીઓને કઇ રીતે આ રકમ ચૂકવવામાં આવે છે?

શ્રીમતી નિમિષાબેન સુથારઃ માનનીય અધ્યક્ષશ્રી, કુંવરબાઇનું મામેરું યોજના જે છે તે નાનામાં નાનો વર્ગ એટલે આદિવાસી દીકરીઓ જે છે તેના લગ્નની સહાય માટેનું છે અને આ સહાય વખતો વખત સરકારશ્રીમાં વિચારણા અર્થે તેમાં વધારો કરવામાં આવ્યો. વર્ષ ૨૦૧૨ના ઠરાવથી પહેલાં રૂપિયા ૫,૦૦૦ મળતા હતા, તેમાં વધારો કરીને રૂપિયા ૧૦,૦૦૦ની આર્થિક સહાય કરવામાં આવી અને તેના પછી વર્ષ ૨૦૧૪-૧૫માં કુટુંબની પહેલાં પ્રથમ કુંવરબાઇનું મામેરું યોજના અંતર્ગત એક દીકરીને સહાય આપવામાં આવતી હતી, પરંતુ આ યોજના નીચે સુધી પહોંચે, ગરીબ વર્ગની દીકરીઓ, કન્યાઓ જે છે તેને લગ્ન પ્રસંગમાં સહાય મળે તે હેતુથી સરકારશ્રીએ બે દીકરીઓને આ નાણાકીય સહાય આપવાનો નિર્ણય કર્યો. તેના પછી તા.૧૭-૫-૨૦૨૧થી જે રૂપિયા ૧૦,૦૦૦નો વધારો કર્યો હતો, તેમાં પણ આ આર્થિક સહાયમાં બે હજારનો વધારો કર્યો અને ટોટલ ૧૨,૦૦૦ રૂપિયા આ દીકરીઓને આપવામાં આવે છે. મને કહેતા આનંદ થાય છે કે, જે પણ આદિવાસી દીકરીઓ છે તેના લગ્ન જયારે થવાના હોય છે અને આર્થિક રીતે જે બોજો હોય તે બોજો દૂર કરવા માટે સરકારશ્રીની જે નેમ છે તે પ્રમાણે જે સહાય છે તે સીધે સીધી કન્યાના ખાતામાં ઇ-પેમેન્ટથી જમા થાય છે.

શ્રી ઋત્વિકભાઇ લ. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, માનનીય મંત્રીશ્રીના વિભાગમાં આ બધી યોજનાઓ ચાલે છે તે યોજનાઓના ફોર્મ કયાં ભરવા, કેવી રીતે ભરવા, સહાય કેટલી છે, કયારે સુધારા થયા આની સત્તા પક્ષના ધારાસભ્યોને પણ ખબર નથી તો સામાન્ય લોકાને આની ખબર કયાંથી પડવાની ?

અધ્યક્ષશ્રી : આપ આપના પ્રશ્ન ઉપર આવો.

શ્રી ઋત્વિકભાઇ લ. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે આવી ખાનગી રાહે જે યોજનાઓ ચાલતી હોય એની જાણકારી ગૃહને મળે અને લોકોને મળે એના માટે આપ કાંઇ કરવા માંગો છો કે કેમ?

શ્રી નિમિષાબેન સુથાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછ્યો કે આ યોજનામાં ક્યાંથી અને કેવી રીતે સહાય મળે એનો જવાબ આ અગાઉ પણ મેં આપ્યો છે. તેમ છતાં આપને ખબર ન હોય તો કહીશ કે કુંવરબાઇનું મામેરું યોજના અંતર્ગત અનુસૂચિત જનજાતિની કન્યાઓને આર્થિક સહાય માટેની આ યોજના છે અને એની પાત્રતાના ધોરણમાં ગ્રામ્ય વિસ્તારમાં વાર્ષિક આવક રૂ.૧,૨૦,૦૦૦/- હોય અને શહેરી વિસ્તારમાં વાર્ષિક આવક રૂ.૧,૫૦,૦૦૦/- હોય એવા તમામ લાભાર્થીઓને આ યોજનાનો લાભ આપવામાં આવે છે. (સભ્યશ્રી ઋત્વિકભાઇ પોતાની જગ્યા પર ઊભા થતા)

અધ્યક્ષશ્રી : આપ બેસો, મંત્રીશ્રી જવાબ આપે છે. (અંતરાય)

શ્રીમતી નિમિષાબેન સુથાર : આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા જે તે જિલ્લામાં આદિજાતિ વિકાસ કમિશનર કચેરીમાંથી ફોર્મ લેવામાં આવે છે. એવી જ રીતે તાલુકા કક્ષાએ પણ આદિજાતિ વિકાસ કમિશનર કચેરીમાંથી ફોર્મ મેળવી

અરજદારના પુરાવા તરીકે કુટુંબની આવકનો દાખલો, જાતિનો દાખલો, રહેઠાણનો પુરાવો, વર અને વધુની ઉંમરના પુરાવા જોડવાના હોય છે. આ ઉપરાંત રેશન કાર્ડની નકલ, લગ્નની નોંધણીનું પ્રમાણપત્ર અને એની સાથે વર અને વધુના લગ્નની કંકોત્રીની નકલ અને (અંતરાય) (સભ્યશ્રી ઋત્વિકભાઇ પોતાની જગ્યા પર ઊભા થતા)

અધ્યક્ષશ્રી : આપનો પ્રશ્ન હતો કે યોજના શું છે? એનો જવાબ જાણી લો. મંત્રીશ્રી જવાબ આપે છે એ આપ જાણી લો. આપે પૂછ્યું છે કે યોજના શું છે એ જણાવો? એ યોજના બરાબર સમજાવી રહ્યા છે. શ્રી ઋત્વિકભાઇ આપ બેસો. (સભ્યશ્રી ઋત્વિકભાઇ મંત્રીશ્રી તરફ હાથ લાંબા કરીને બોલતા) આ રીતે હાથ લાંબા કરીને મંત્રીશ્રી સાથેનું વર્તન બરાબર નથી. આપ બેસો. (સતત અંતરાય)

શ્રીમતી નિમિષાબેન સુથાર : આ યોજના પ્રત્યે ધારાસભ્યશ્રીની ખૂબ લાગણી હોઇ અને સરકારશ્રી પણ સંવેદનશીલતાથી આ યોજના સાથે જોડાયેલ હોઇ સરકાર દીકરીઓનું મામેરું કરે છે અને આ યોજના અનુસૂચિત જનજાતિની દીકરીઓ માટે છે. પાત્રતાના ધોરણો મેં આપી દીધા છે. આ યોજનાનું નિયત ફોર્મ વિગતો સાથે વિકાસ કમિશનરમાં આપવાથી આ યોજનાનો લાભ સીધો જ લાભાર્થીના ખાતામાં જમા થઇ જાય છે.

શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ : માનનીય અધ્યક્ષશ્રી, હું સૌ પ્રથમ રાજ્ય કક્ષાના આરોગ્યમંત્રીશ્રી આ સભાગૃહમાં પ્રથમ વખત જવાબ આપી રહ્યા છે ત્યારે હું એમને ખૂબ શુભેચ્છાઓ આપું છું. સાથો-સાથ કહેવા પણ માગું છું કે સરકારશ્રી ખૂબ જ સરસ કામ કરી રહ્યાં છે. આરોગ્ય વિભાગ હોય કે મહિલા અને બાળ વિકાસ વિભાગ હોય. આ વિભાગની ઘણી બધી યોજનાઓનો લાભ સૌથી વધુ કોઇ લેતાં હોય તો એ કૉંગ્રેસના સભ્યો અને કૉંગ્રેસના લોકો લે છે. એ અમે જાતે જોયું છે. માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગું છું કે કુંવર બાઇનું મામેરું યોજનાનો ઉદ્દેશ શું છે અને આ યોજનાનો લાભ કોને મળવાપાત્ર છે?

શ્રીમતી નિમિષાબેન સુથાર : માનનીય અધ્યક્ષશ્રી, કુંવરબાઇનું મામેરું યોજનાનો મોટામાં મોટો ઉદ્દેશ એ લગ્ન પ્રસંગે અનુસૂચિત જનજાતિની કન્યાઓને આર્થિક સહાય મળી રહે એ છે. જ્યારે ગરીબ, આદિવાસી પરિવારની દીકરીઓના લગ્ન લેવાના હોય ત્યારે મોંઘવારીના કારણે આર્થિક સહાય કેવી રીતે આપવી એવો સંવેદનાથી ભરપૂર ઉદ્દેશ આ યોજના થકી સરકારશ્રીનો છે.કુંવરબાઈના મામેરા યોજનામાં ગ્રામ્ય વિસ્તારમાં જે કુટુંબની વાર્ષિક આવક મર્યાદા રૂ. ૧ લાખ ૨૦ હજાર અને શહેરી વિસ્તારમાં રૂ. ૧ લાખ ૫૦ હજાર આવક ધરાવનારને સહાય આપવામાં આવે છે. વધુમાં, પ્રથમ તો આ યોજના અંતર્ગત એક દીકરીને સહાય આપવામાં આવતી હતી પરંતુ હવે આ યોજના અંતર્ગત બે દીકરીઓને લાભ આપવામાં આવે છે.

**ભરૂચ અને નર્મદા જિલ્લામાં રાઇટ ટુ એજ્યુકેશન એક્ટ હેઠળ પ્રવેશ**

* ૪૧૧૯૭ **શ્રી સંજયભાઈ સોલંકી** (જંબુસર) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૧૨/૨૦૨૧ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર ભરૂચ અને નર્મદા શહેર/જિલ્લાવાર રાઇટ ટુ એજ્યુકેશન એક્ટ અન્વયે કેટલી ખાનગી શાળાઓમાં કેટલા બાળકોને પ્રવેશ આપવાપાત્ર થતો હતો,

**જવાબ**

(૧)

| જિલ્લો | ભરૂચ | | નર્મદા | |
|---|---|---|---|---|
| શૈક્ષણિક વર્ષ | ૨૦૨૦-૨૧ | ૨૦૨૧-૨૨ | ૨૦૨૦-૨૧ | ૨૦૨૧-૨૨ |
| આર.ટી.ઈ. એક્ટ અન્વયે પ્રવેશ આપવાપાત્ર ખાનગી શાળાઓની સંખ્યા | ૨૭૫ | ૨૮૦ | ૪૪ | ૪૩ |
| આર.ટી.ઈ. એક્ટ અન્વયે પ્રવેશ આપવાપાત્ર બાળકોની સંખ્યા | ૩૨૫૩ | ૨૭૮૮ | ૨૮૮ | ૨૧૦ |

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત વર્ષવાર, શહેર/જિલ્લાવાર કેટલી ખાનગી શાળાઓમાં કેટલા બાળકોને પ્રવેશ આપવામાં આવ્યો, અને

(૨)

| જિલ્લો | ભરૂચ | | નર્મદા | |
|---|---|---|---|---|
| શૈક્ષણિક વર્ષ | ૨૦૨૦-૨૧ | ૨૦૨૧-૨૨ | ૨૦૨૦-૨૧ | ૨૦૨૧-૨૨ |
| આર.ટી.ઈ. એક્ટ | ૨૪૧ | ૨૨૭ | ૪૪ | ૪૩ |

| | | | | |
|---|---|---|---|---|
| અન્વયે પ્રવેશ ફાળવેલ ખાનગી શાળાઓની સંખ્યા | | | | |
| આર.ટી.ઈ. એક્ટ અન્વયે પ્રવેશ આપેલ બાળકોની સંખ્યા | ૧૭૪૨ | ૧૮૪૭ | ૨૩૮ | ૧૮૬ |

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત એક્ટની જોગવાઇનું પાલન ન કરનાર કઇ શાળાઓ સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

શ્રી સંજયભાઇ જે. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, ભરૂચ અને નર્મદા જિલ્લામાં રાઇટ ટુ એજ્યુકેશન એક્ટ હેઠળ પ્રવેશ મેળવવા માટે કેટલી અરજીઓ મળી? અને રાઇટ ટુ એજ્યુકેશન એક્ટ હેઠળ વિદ્યાર્થીઓએ ખોટી રીતે પ્રવેશ મેળવેલ હોય તેવી કેટલી ફરિયાદ મળી?

શ્રી જીતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, ભરૂચ અને નર્મદા જિલ્લામાં વર્ષ ૨૦૨૦-૨૧ માં કુલ ૬,૮૯૦ વિદ્યાર્થીઓને રૂ. ૩,૦૦૦ લેખે રૂ. ૨ કરોડ ૬ લાખ ૭૦ હજાર, શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨ માં કુલ ૮,૭૩૭ વિદ્યાર્થીઓને રૂ. ૩,૦૦૦ લેખે રૂ. ૨ કરોડ ૬૨ લાખ ૧૧ હજારની આનુષંગિક સહાય ચૂકવવામાં આવી છે. આવી કોઈ ફરિયાદ મળી નથી પરંતુ આર.ટી.ઈ. માં જેટલા પણ એડમિશન આપવાના થાય છે એ રાજ્યની ભારતીય જનતા પાર્ટીની માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈના નેતૃત્વવાળી સરકાર આપી રહી છે. મને જણાવતાં આનંદ થાય છે કે રાજ્યની સરકારે તો ઈનિશિયેટીવ લીધું છે, પણ માનનીય સભ્યશ્રી જ્યારે વિપક્ષના સભ્ય તરીકે બોલી રહ્યા છે ત્યારે મને દુઃખ થાય છે કે પંજાબ, કેરળ અને આંધ્ર પ્રદેશમાં હજુ પણ આર.ટી.ઈ. એક્ટની અમલવારી પણ થઈ નથી, એટલે ગરીબ વિદ્યાર્થીઓની તેઓ ચિંતા કરે છે ત્યારે એમની સરકારોમાં તો આર.ટી.ઈ. એક્ટનો અમલ પણ થતો નથી. ભરૂચ અને નર્મદા જિલ્લામાં જેટલી પણ અરજીઓ મળી છે તેમાં નિયમ મુજબ ૨૫ ટકા પ્રમાણે એમને એડમિશન આપવામાં આવે છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આર.ટી.ઈ.નો આ કાયદો યુ.પી.એ.ની સરકારમાં ગરીબ અને મધ્યમવર્ગના લોકો કે જેમને ખાનગી શાળામાં ફી પોસાતી નથી તેમના માટે યુ.પી.એ.ના ચેરપર્સન માનનીય સોનિયા ગાંધી અને વડાપ્રધાનશ્રી મનમોહનસિંહ લાવ્યા હતા તેમને અભિનંદન આપું છું. માનનીય જીતુભાઈએ પ્રશ્નોત્તરી દરમિયાન રાજકીય ટિપ્પણી કરી છે એટલે મારે આપના માધ્યમથી એમને કહેવું છે કે ક્યા રાજ્યમાં શું ચાલે છે એ નહિ પરંતુ ગુજરાત રાજ્યમાં શું ચાલે છે તેની ચર્ચા કરવી જોઈએ અને તેના ઉપર લંબાણપૂર્વક વિચાર કરવો જોઈએ. માનનીય મંત્રીશ્રીએ જે રીતે વાત કરી કે રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ હેઠળ ૨૫ ટકા એડમિશન ખાનગી શાળાઓમાં આપવામાં આવે છે. તેમના જવાબમાં તેમણે સ્પષ્ટપણે કહ્યું છે કે રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ હેઠળ શાળાઓ નક્કી કરવામાં આવે છે કે આ શાળાઓએ રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ હેઠળ આટલા એડમિશન આપવાના રહેશે. સરકારના જવાબમાં સરકારે જણાવ્યું છે કે ભરૂચ જિલ્લામાં વર્ષ ૨૦૨૦-૨૧માં ૨૭૫ શાળાઓ નક્કી કરવામાં આવી હતી, તેની સામે ૩,૨૫૩ વિદ્યાર્થીઓને, વર્ષ ૨૦૨૧-૨૨માં ૨૮૦ શાળાઓમાં ૨,૭૮૮ વિદ્યાર્થીઓને એડમિશન આપવાનું હતું. નર્મદા જિલ્લામાં વર્ષ ૨૦૨૧-૨૧માં ૪૪ શાળાઓમાં ૨૮૮ વિદ્યાર્થીઓને, વર્ષ ૨૦૨૧-૨૨માં ૪૩ શાળાઓમાં ૨૧૦ વિદ્યાર્થીઓને એડમિશન આપવાનું હતું. સરકાર એક બાજુ એવું કહે છે કે ફલાણા રાજ્યમાં એવું થતું નથી પણ તમારા રાજ્યમાં શું થાય છે, તમે શું કરો છો તેના આંકડા આપવા માગું છું. આપે આપેલા જવાબમાં છે કે, ભરૂચ જિલ્લામાં વર્ષ ૨૦૨૦-૨૧ માં ૨૭૫ શાળઓને એડમિશન આપવા માટે રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ હેઠળ પ્રોવિઝન હતું, પરંતુ ૨૪૧ શાળાઓએ જ એડમિશન આપ્યા. તો ૩૪ શાળાઓએ કેમ ન આપ્યા, હું એ પ્રશ્ન માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું. એવી રીતે વર્ષ ૨૦૨૦-૨૧માં ૨૮૦ શાળાઓ હતી, ફકત ૨૨૭ શાળાઓએ જ રાઈટ ટુ એજ્યુકેશન માટે એડમિશન આપ્યા, એટલે ૫૩ શાળાઓએ એડમિશન ન આપ્યા. આમ, ઓવર ઓલ આપણે વર્ષ ૨૦૨૦-૨૧ અને વર્ષ ૨૦૨૧-૨૨માં આપણે જોઈએ તો ભરૂચની અંદર ૧,૫૧૧ વિદ્યાર્થીઓને ઓછા એડમિશન આપવામાં આવ્યા છે. એનું કારણ શું છે? બીજુ, નર્મદાની અંદર, ભરૂચ અને નર્મદા જિલ્લો એ આદિવાસી વિસ્તારનો જિલ્લો છે. આદિવાસી એક્ટ હેઠળ આદિવાસીઓ મળતી સવલતો મુજબ આપણે આદિવાસીની વાત કરીએ છીએ પણ આ જિલ્લાની અંદર જ ૯૪૧ વિદ્યાર્થીઓને એડમિશન ઓછા આપવામાં આવ્યા છે. આ શાળાઓએ રાઈટ ટુ એજ્યુકેશન એક્ટનો અમલ કર્યો નથી. ઓછા એડમિશનો આપ્યા છે. તો સરકારે આ શાળાઓ સામે શું પગલાં લીધાં અને લેવા માંગે છે? મારો પ્રશ્ન એ જ છે. બીજુ, માનનીય મંત્રીશ્રી રાજ્યની ચિંતા કરે છે ત્યારે મારે એમને કહેવું છે કે, આજની વિધાનસભાની આ બુકલેટની અંદર વર્ષ ૨૦૨૦-૨૧માં ૯૮,૩૧૨ વિદ્યાર્થીઓને રાઈટ ટુ

એજ્યુકેશનમાં એડમિશન મળવું જોઇએ, એની સામે ૧૯,૩૨૩ વિદ્યાર્થીઓને એડમિશન ઓછુ મળ્યું છે. વર્ષ ૨૦૨૧-૨૨માં આ રાજ્યની અંદર ૭૫,૫૦૩ વિદ્યાર્થીઓને એડમિશન મળવું જોઇએ, એની સામે ૧૧,૩૨૮ વિદ્યાર્થીઓને ઓછુ એડમિશન મળ્યું છે. એનાથી વધારે હું કહીશ કે, રાઇટ ટુ એજ્યુકેશનની અંદર ભારતીય જનતા પાર્ટીની સરકારની અંદર ખાનગી શાળાઓની સંખ્યાઓ વધી રહી છે ત્યારે વર્ષ ૨૦૨૦-૨૧માં જે ૯૮,૩૧૨ એડમિશન હતા, એની સામે વર્ષ ૨૦૨૧-૨૨માં ૭૫,૫૦૩ એડમિશનો થયા. એનો મતલબ એ કે એની અંદર પણ ૨૦,૦૦૦ કે ૨૨,૦૦૦ કરતાં વધારે સંખ્યાઓ ઘટી છે. રાઇટ ટુ એજ્યુકેશનમાં જયારે શાળાઓની સંખ્યા વધતી હોય તો વિદ્યાર્થીઓની સંખ્યા વધવી જોઇએ. એની જગ્યાએ આ સરકારમાં શાળાઓની સંખ્યા વધે છે અને વિદ્યાર્થીઓની સંખ્યા ઘટે છે. તો એનું શું કારણ છે? માનનીય મંત્રીશ્રી લંબાણપૂર્વક જવાબ આપશે.

શ્રી જીતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્ય શ્રી શૈલેષભાઇએ ભરૂચ જિલ્લાની વાત કરી છે ત્યારે મારે જણાવું છે કે, ભરૂચ જિલ્લામાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧માં ૨૫ ટકા મુજબ ૩,૨૫૩ અને શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨માં ૨,૭૮૮ જગ્યાઓ ઉપલબ્ધ હતી. જેની સામે વર્ષ ૨૦૨૦-૨૧માં કુલ ૩,૮૧૮ અરજીઓ મળેલી, જે પૈકી ૨,૨૫૭ અરજીઓ જીલ્લા કક્ષાએ માન્ય અને ૧,૫૬૧ અરજીઓ અમાન્ય થઇ હતી છે. તે જ રીતે વર્ષ ૨૦૨૧-૨૨માં ૩,૯૨૮ અરજીઓ મળી હતી, જે પૈકી ૩,૨૬૯ અરજીઓ જિલ્લા કક્ષાએ માન્ય અને ૬૫૯ અરજીઓ અમાન્ય થઇ હતી. માન્ય અરજીઓ પૈકી વર્ષ ૨૦૨૧-૨૨માં ૨૫ ટકા લેખે ઉપલબ્ધ જગ્યાઓ ઉપર ૧,૮૬૮ બાળકોને પ્રવેશ ફાળવવામાં આવ્યો. પરંતુ ૧,૭૪૨ બાળકોએ આર.ટી.ઇ. હેઠળ પ્રવેશ મેળવેલ છે. માન્ય અરજીઓ પૈકી વર્ષ ૨૦૨૧-૨૨માં ૨૫ ટકા લેખે ઉપલબ્ધ જગ્યાઓ ઉપર ૨,૦૭૫ બાળકોને પ્રવેશ ફાળવવામાં આવ્યો, પરંતુ ૧,૮૪૭ બાળકોએ આર.ટી.ઇ. હેઠળ પ્રવેશ મેળવેલ. આર.ટી.ઇ. હેઠળની પ્રવેશ પ્રક્રિયા દરમિયાન પ્રવેશપાત્ર તમામ શાળાઓની વિગતો વેબપોર્ટલ ઉપર મૂકવામાં આવે છે. પરંતુ વાલીઓ દ્વારા ચોક્કસ પસંદગી મુજબની શાળાઓ એ કયારેક પસંદ કરવામાં આવતી હોય છે. આથી અન્ય શાળાઓમાં જગ્યા ખાલી હોવા છતાં વાલીઓ દ્વારા આવી શાળા પસંદ કરવામાં આવતી નથી, એટલે ખાલી રહેતી હોય છે. ઉપરાંત ૬ કિ.મી. કરતાં દૂરની શાળામાં જગ્યા ખાલી હોય, ૬ કિ.મી.ની અંતરની મર્યાદાના કારણે શાળામાં ખાલી જગ્યા હોવા છતાં પ્રવેશ ફાળવી શકાતો નથી. રાજ્ય સરકારે આ પ્રકારનો નિયમ એટલા માટે બનાવ્યો છે કે નાનું બાળક છે પહેલા ધોરણમાં ભણવા જવાનું છે એમને દૂર જવામાં મુશ્કેલી ન સર્જાય એટલા માટે આ પ્રકારનો નિયમ બનાવ્યો છે.વધુમાં મારે સ્પષ્ટતા કરવી છે, આર.ટી.ઇ. રૂલ્સ મુજબ ધોરણ ૧ થી ૫ માટે એક કિલોમીટર, ધોરણ ૬ થી ૮ માટે ૩ કિલોમીટર સુધીમાં શાળા ઉપલબ્ધ કરાવવાની હોય છે. તેમ છતાં ગરીબ બાળકોને આર.ટી.ઇ. હેઠળ વધુમાં વધુ લાભ મળે તે હેતુથી રાજ્ય સરકાર દ્વારા ૬ કિલોમીટર સુધીમાં આવેલ શાળામાં પ્રવેશ ફાળવી આપવામાં આવે છે. તેનાથી વધુ દૂરના અંતરની શાળામાં નાના બાળકને પ્રવેશ આપવો તે યોગ્ય નથી. કેટલાક વિદ્યાર્થીઓ આર.ટી.ઇ.માં પ્રવેશ ફાળવ્યા બાદ પણ પ્રવેશ નથી મેળવતા તેનાં કેટલાંક કારણો ધ્યાનમાં આવ્યાં છે. બાળકે પસંદ કરેલી શાળાઓ પૈકી અગ્રતા મુજબ આર.ટી.ઇ. હેઠળ પ્રવેશ ફાળવવામાં આવે છે, આથી ઘણીવાર પ્રથમ ક્રમની પસંદ કરેલ શાળા, કોઇ વાર વાલીનો પણ પસંદ કરેલો ક્રમ હોય કે બીજો દીકરો કે દીકરી બીજે ભણતા હોય તો એને ત્યાં મળે તો સારું એવી એમની પસંદગી હોય છે, પણ એ પસંદ કરેલા ક્રમમાં તેઓ આગ્રહ રાખતા હોય, પણ કયારેક ત્યાં એમને નિયમોનો કારણે પ્રવેશ મળી શકતો નથી, મેં કહ્યું તેમ એનો નાનો ભાઇ કે બહેન જે અભ્યાસ કરતા હોય એવી શાળામાં અગ્રતાક્રમ મુજબ એમને આર.ટી.ઇ. હેઠળ પ્રવેશ ન મળતા ફાળવેલ શાળામાં પ્રવેશ લેતા નથી. બાળકને આર.ટી.ઇ. હેઠળ પોતાના રહેઠાણથી ૬ કિલોમીટરની ત્રિજ્યા વર્તુળની અંદર પ્રવેશ ફાળવવાની જોગવાઇ છે તેમ છતાં આર.ટી.ઇ. હેઠળ બાળકની પસંદગી મુજબની શાળા ફાળવવા છતાં શાળા રહેઠાણથી ઘણીવાર દૂર હોય તેથી તે અન્ય શાળામાં સ્વેચ્છાએ પ્રવેશ લઇ લેતા હોય છે. છતાં પણ માનનીય સભ્યશ્રી આપના ધ્યાનમાં આવી કોઇ પણ વસ્તુ હોય અને મારા ધ્યાનમાં મૂકશે તો રાજયની સરકાર માનનીય ભૂપેન્દ્રભાઇના નેતૃત્વ વાળી સરકાર સ્પષ્ટ માને છે કે ગરીબ બાળકો જે આર.ટી.ઇ. હેઠળ ભણાવવાને પાત્ર છે, એમને એડમિશન મળવા પાત્ર છે, એમાં કોઇ પણ સ્કૂલમાં મોટો માણસ હોય કે નાનો માણસ હોય તેને પ્રવેશ આપવા માટે રાજય સરકાર બંધાયેલી છે અને તે પ્રકારે અમે કામ પણ કરીશું. એમણે પ્રશ્ન રાજય વ્યાપી કર્યો છે, શાળાઓ પહેલા કેટલી હતી, હું પણ રાજકીય ટીકા ટિપ્પણીમાં આ પ્રશ્નોત્તરીમાં જવા માગતો નથી. તમારા વખતે કેટલા વિદ્યાર્થીઓ અને કેટલી સ્કૂલો હતી, કેટલા છોકરાઓ ભણતા હતા, કેટલા વિદ્યાર્થીઓ માટે શું વ્યવસ્થા હતી, (અંતરાય) એમણે પૂછયું છે એટલા માટે કહું છું. માનનીય નરેન્દ્રભાઇએ શરૂઆત કરી પ્રવેશોત્સવ, ગુણોત્સવ, કન્યા કેળવણીની, તમારા વખતમાં કેટલાનું એડમિશન થતું હતું, કેટલા અભણ રહ્યા છે, કેમ આ રાજયની જનતા શિક્ષિત નથી થઇ, અમારા પૂર્વ મુખ્યમંત્રીશ્રી પણ અહીંયા બેઠા છે, એ પહેલાના તમામ મુખ્યમંત્રીશ્રીઓ, શ્રી કેશુભાઇ, શ્રીમતી આનંદીબેન, શ્રી વિજયભાઇ, શ્રી ભૂપેન્દ્રભાઇ, શ્રી નરેન્દ્રભાઇ, એ પ્રકારનું શિક્ષણનું વાતાવરણ ઉભું કર્યું હતું. શ્રી ભૂપેન્દ્રસિંહજી બેઠા છે, જે વાતાવરણ બનાવ્યું એના કારણે સંખ્યા વધી છે. એમની વ્યવસ્થા અમે આર.ટી.ઇ. એકટ મુજબ કરી છે. સિનિયર સભ્ય છે એટલે મારે કહેવું જોઇએ કે જે વ્યવસ્થાઓ અમે કરીએ છીએ એ બાળક એ આપણા સૌનું બાળક છે, એમાં રાજનીતિ ન હોઇ શકે, એ ભણે, ગણે અને આ દેશમાં પોતાનું કોન્ટ્રિબ્યુશન અને સહયોગ આપે એ માટે રાજય સરકાર કટિબદ્ધતાથી આગળ વધી છે અને અત્યારે પણ આગળ વધી રહી છે. એટલે આ બાબતમાં આપ અલગથી નોટિસ આપશો તો આમાં આખો દિવસ ચર્ચા ચાલે એમ છે. એટલે આપણે સૌ સાથે મળીને શિક્ષણની બાબતમાં, બાળકો એ ગરીબ હોય કે મધ્યમ વર્ગનો હોય કે કોઇ પણ હોય, એ આપણું બાળક છે તે પ્રમાણે

જયાં પણ તમને એમ લાગે કે રાજય સરકારનું ધ્યાન દોરવા જેવું છે તો સરકાર તૈયાર છે અને અમે એ પ્રકારે કયારેય ભૂતકાળમાં ભેદભાવ કર્યો નથી અને અત્યારે પણ કરવા માગતા નથી. અને બાળકોને ભણાવવા માટે એ પ્રકારનું વાતાવરણ ઉભું કરવા માટે આપણે સૌ સહયોગી બનીએ એટલી જ વિનંતી છે.

શ્રી યોગેશ પટેલ(માંજલપુર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગું છું કે રાજયમાં ખાનગી શાળાઓને છેલ્લાં બે વર્ષથી ગ્રાન્ટ મળતી નથી અને સ્કૂલો ચલાવવાનું પણ અઘરું પડે છે. તો આ ગ્રાન્ટ વહેલી તકે છોડવા માગે છે કે કેમ?

શ્રી જીતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રી મને કોઇ સ્પેસિફિક સ્કૂલની માહિતી આપશે કે આ પ્રકારની ગ્રાન્ટ મળી નથી તો ચોકકસ એ શાળા હોય કે અન્ય કોઇ શાળા હોય એમને સમયસર ગ્રાન્ટ મળી જાય એના માટેની વ્યવસ્થા રાજય સરકાર કરશે.

શ્રી અભેસિંહ મો. તડવી : આપના મારફત હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે આર.ટી.ઇ. એકટ, ૨૦૦૯ પ્રમાણે પ્રવેશ આપવા માટે અગ્રતાક્રમ શું છે?

શ્રી જીતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી અભેસિંહ તડવીએ જે પ્રશ્ન કર્યો છે, એમાં નીચે મુજબના પ્રવેશ આર.ટી.ઇ.એકટ હેઠળ આપવામાં આવે છે. અનાથ બાળક હોય, સામાન્ય સંરક્ષણની જરૂરિયાતવાળું બાળક હોય, બાળગૃહોના બાળક હોય, બાળ મજૂર સ્થળાંતરિત મજૂરના બાળકો હોય, મંદબુદ્ધિ, સેરીબ્રલ પાલ્સીના દર્દી હોય, ખાસ જરૂરિયાતવાળા બાળકો, શારીરિક રીતે વિકલાંગ અને વિકલાંગ ધારા, ૨૦૧૬ની કલમ ૩૪(૧)માં દર્શાવ્યા મુજબના તમામ દિવ્યાંગ બાળકો એ.આર.ટી.ની સારવાર લેતા તમામ બાળકો એટલે એન્ટી રીટ્રોવાયરલ થૈરેપીની સારવાર લેતા બાળકો, લશ્કરમાં, દેશ માટે શહીદ થયેલા, લશ્કરી, અર્ધ લશ્કરી અને પોલીસ જવાનના બાળકો. ખૂબ સંવેદનાથી આપણી સલામતી કરનાર જે લોકો છે એમના બાળકોને આમાં પ્રવેશ અપાય છે. જે માતા પિતાને એક માત્ર સંતાન હોય અને એ સંતાન માત્ર દીકરી હોય મને આનંદ છે કે માનનીય નરેન્દ્રભાઇએ કન્યા કેળવણી દીકરીને ભણાવવાની શરૂઆત કરી અને એના કારણે રાજયમાં અને દેશમાં અનેક પ્રકારના આયામો દીકરીઓ ભણે એના માટે થયા એના માટેની પણ ખાસ જોગવાઇ રાજય સરકાર હસ્તકની સરકારી આંગણવાડીમાં અભ્યાસ કરતા બાળકો જે બાળકો જરૂરિયાતમંદ છે સરકારી આંગણવાડીમાં અભ્યાસ કરે છે. શ્રમિક, મધ્યમ વર્ગ અને મજદુર લોકોના બાળકો છે એમની પણ વ્યવસ્થા કરી છે. ૦ થી ૨૦ અંક ધરાવતા તમામ કેટેગરી એસ.સી. , એસ.ટી. અને એસ.ઇ.બી.સી., જનરલ તથા અન્ય બી.પી.એલ. કુટુંબના બાળકો, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના બાળકો, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ તથા અન્ય પછાત વર્ગ વિચરતી જાતિના બાળકો, જનરલ કેટેગરી વિનાના વર્ગના બાળકો. જયારે આદિવાસીની અહીંયા વાત કરીએ છીએ ત્યારે માનનીય અશ્વિનભાઇએ જે વાત મૂકી કે આજે વિશ્વ આદિવાસી દિવસ છે. તેઓ મારા મિત્ર છે સાથી છે અને મને એમ હતું કે કોંગ્રેસના કોઇ સભ્યશ્રી એને કરેકટ કરશે સુધારશે પણ એ ન થયું એ દિવસ ૯મી ઓગસ્ટ છે. આજનો દિવસ વિશ્વ આદિવાસી દિવસ નથી. મને દુઃખ થાય છે કે આદિવાસીઓના નામે ચિંતા કરીને માત્ર આદિવાસીઓના ભોળા લોકોના વોટ લેવા માટેની રાજનીતિ કરતાં હોય એવું ફલિત થાય છે. માનનીય વિરોધપક્ષના નેતા પણ અહીંયા બેઠા છે તેમ છતાં કોઇપણ એમાં સુધારો ન કરે. મને લાગે છે કે તમને આદિવાસીઓની ચિંતા નથી, આદિવાસીઓનો દિવસ કયો છે એની ચિંતા નથી, એમના પ્રશ્નોની ચિંતા નથી. આજનો દિવસ ૭મી માર્ચ, ૨૦૨૨નો દિવસ છે. પાલ, દરડોવા ચીંનડીયા તમારો મત વિસ્તાર વિજયનગરની વાત છે. તમે જયાંથી ચૂંટાઇને આવો છો. વિજયનગર ખાતે આદિવાસીઓના શોષણ અને અત્યાચાર થયા હતા. તેમજ દેશને આઝાદી અપાવવા માટે દેશમાં સ્વતંત્ર સંગ્રામ થયો હતો, જેમાં અંગ્રેજો સામે શ્રી મોતીલાલ તેજાવતના નેતૃત્વમાં આપણું ગૌરવ કહી શકાય કે અંગ્રેજો સામેની લડાઇમાં આદિવાસીઓના અનેક લોકોએ શહાદતો વહોરી હતી અને હું માનું છું કે માનનીય નરેન્દ્રભાઇએ ગોવિંદ ગુરુજીને પણ સાચી શ્રદ્ધાંજલિ આપવાનું કામ કર્યું હતું. ૧૨૦૦ આદિવાસી શુરમાઓ ભારત સલામત રહે એ માટે શહીદ થયા હતા. ૧૦૦ વર્ષની શતાબ્દિ ઉજવાઇ રહી છે. એ શહીદ વિરોને શ્રદ્ધાંજલિ આપું છું અને માનનીય નરેન્દ્રભાઇએ આદિવાસીઓની ચિંતા કરીને વનબંધુ કલ્યાણ યોજના મૂકી ત્યારે વિરોધપક્ષના લોકોને આદિવાસીનો દિવસ કયો છે એ ખબર નથી.

શ્રી અશ્વિનભાઇ લ. કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શિક્ષણમંત્રીશ્રીએ આદિવાસીની વાત કરી છે. મને પણ ખબર છે કે ૯મી ઓગસ્ટ વિશ્વ આદિવાસી દિવસ છે પણ આજે જે દડવાવ ખાતે ૧૨૦૦ આદિવાસીઓએ શહાદત વ્હોરી હતી મારે એ શબ્દ કહેવાનો રહી ગયો હતો. પણ તમને એક વાત કરું કે આ ૧૨૦૦ આદિવાસીઓ આઝાદીની લડત લડ્યા હતા ત્યારે આનો ઇતિહાસ લખાયો નહોતો. આના ઇતિહાસની શોધ ગુજરાતના માજી મુખ્યમંત્રી અમરસિંહ ચૌધરીએ કરી હતી અને ઇતિહાસ ન લખાયા બદલ ખેદ વ્યક્ત કર્યો હતો. સૌ પ્રથમ જે જગ્યાએ શહીદ સ્મારક બનાવવામાં આવ્યું છે, જે જગ્યાએ ૧૨૦૦ આદિવાસીઓએ શહીદી વ્હોરી હતી, એ જગ્યાએ સ્મારક બનાવવામાં આવ્યું નથી. રાજકારણ કરીને જે જગ્યાએ શહીદ સ્મારક બનાવવું જોઇએ તેનાથી ૫ કિલોમીટર દૂર બનાવ્યું છે. જે રાજકારણ કર્યું છે, તમે લોકોએ કર્યું છે. અમે લોકોએ રાજકારણ કર્યું નથી.

અધ્યક્ષશ્રી : માનનીય અશ્વિનભાઇ, ઘણા બધા સભ્યશ્રીઓને પ્રશ્નો પૂછવા છે. આપણે વિષય ડાઇવર્ટ ન કરીએ. અત્યારે તે ચર્ચા ન કરીએ. આપે કહ્યું એ બરાબર છે. (અંતરાય) મેં નામ એનાઉન્સ કર્યું છે. માનનીય આનંદભાઇ ચૌધરી. (અંતરાય) શ્રી અશ્વિનભાઇ, આપ બેસો. વાત પૂરી થઇ ગઇ છે. શ્રી આનંદભાઇ, આપ પ્રશ્ન પૂછો.

ફાલ્ગુન ૧૬, શાકે ૧૯૪૩

તારાંકિત પ્રશ્નો

શ્રીઆનંદભાઇ મો. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું. હમણાં તેમના જવાબમાં કહ્યું કે આર.ટી.ઇ.માં એડમિશન માટે ૬ કિલોમીટરના અંતરે સ્કૂલો જે દૂર પડે છે. તો કોંગ્રેસના સમયમાં જે વર્ગ શાળાઓ કરી હતી કે બાળકને પહેલાં ધોરણમાં, બીજાં ધોરણમાં આવે એડમિશન મળી જાય અને ફળિયામાં ભણે. તો જે મર્જ કરવાનો પ્રશ્ન આવ્યો છે, ચાર કિલોમીટર, પાંચ કિલોમીટર એ કરવાનું કારણ શું અને ૬,૦૦૦ જેટલી સ્કૂલો બંધ છે કરી છે તે શરૂ કરવા માગો છો કે કેમ?

શ્રી જીતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, મેં કહ્યું તેમ આર.ટી.ઇ. એક્ટની જોગવાઇઓ અને નિયમો એ તમામ વિદ્યાર્થીઓના હિતમાં નિર્ણય લેવાતો હોય છે. તેમાં અડમિશન લેવા માટેની બાબત છે અને એટલા માટે એમણે દૂર જવાનું હોય છે. બાકી રાજ્યની સરકારમાં જ્યાં પણ શાળાઓ નજીક છે ત્યાં ભણી જ શકતા હોય છે, પણ તેમને આર.ટી.ઇ. એક્ટની જોગવાઇમાં લાભ મળે તેના માટે દૂર જતાં હોય છે. જે નિયમો બનાવ્યા છે તે મુજબ કાર્યવાહિ થઇ રહી છે.

શ્રી અરૂણસિંહ અ. રણા : માનનીય અધ્યક્ષશ્રી, ભરૂચ અને નમદા જિલ્લામાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧ અને વર્ષ ૨૦૨૧-૨૨ માટે ૩,૦૦૦ રૂપિયા લેખે વિદ્યાર્થીઓને ચૂકવવાની થતી આનુષાંગિક સહાય હેઠળ તાલુકાવાર કેટલા વિદ્યાર્થીઓને કુલ કેટલી આનુષંગિક સહાય ચૂકવવામાં આવે છે?

શ્રી જીતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, ભરૂચ જિલ્લામાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧માં કુલ ૬,૮૯૦ વિદ્યાર્થીઓને ૩,૦૦૦ રૂપિયા લેખે સહાય ચૂકવવામાં આવી, જેની રકમ ૨,૦૬,૭૦,૦૦૦ રૂપિયા થાય છે અને વર્ષ ૨૦૨૧-૨૨માં ૮,૭૩૭ વિદ્યાર્થીઓને સહાય ચૂકવવામાં આવી જેની રકમ ૨,૬૬,૧૧,૦૦૦ રૂપિયા થાય છે. આમોદ, અંકલેશ્વર, ભરૂચ, હાંસોટ, જંબુસર, નેત્રંગ, વાગરા, વાલીયા, જગડીયા આ બધા તાલુકાની મારી પાસે વિગત છે. આપ કહો તો હું ટેબલ ઉપર મૂકી દઇશ અને માનનીય સભ્યશ્રીને સંપૂર્ણ વિગત જોઇતી હોય તો એ પણ આપી શકું તેમ છું.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : માનનીય અધ્યક્ષશ્રી, હું જાણવા માગું છું કે આર.ટી.ઇ. એક્ટ નીચે કોઇ પણ બાળકને ભણવાનો અધિકાર આપતી યુ.પી.એ. સરકારનું જે બિલ પાસ થયું છે અને તેને સરકારે સ્વીકાર્યું છે. હું અભિનંદન આપીશ, પરંતુ નર્મદા અને ભરૂચ જિલ્લામાંથી જે લોકો મજૂરી કરવા માટે સૌરાષ્ટ્રમાં આવે છે અને તેના બાળકનો ત્યાં જન્મ થાય છે અને નોંધણી થતી નથી એવા બાળકોને સ્કૂલોમાં એડમિશન મળતું નથી. આવા બાળકોને એડમિશન આપવા માટે સરકાર વિચારણા કરે છે કે કેમ? જે જગ્યાએ મજૂરી કરતા હોય ત્યાં પણ તેને કદાચ નોંધણી ન થઇ હોય તો એડમિશન કરાવવા માગો છે કે કેમ? દેવીપૂજક સમાજમાં અને આદિવાસી સમાજમાં આવા ઘણા બનાવો બન્યા છે. તો તેને તમે શિક્ષણ આપવા માગો છો કે કેમ?

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, રાજયની સરકાર બધાને શિક્ષણ આપવા માગે છે. રાજય સરકાર દ્વારા વાલીને મુખ્યમંત્રી આવાસ યોજના કે અન્ય સરકારી આવાસ યોજનામાં આવાસ મળ્યું હોય કે અન્ય સંજોગોના કારણે રહેઠાણ બદલવું પડયું હોય, અંગ્રેજી અને અન્ય માધ્યમમાં પ્રવેશ બાદ વિદ્યાર્થીને ભણવામાં મુશ્કેલી પડી હોય, વિદ્યાર્થીને ગંભીર માંદગી, હૃદય, કીડની, કેન્સર જેવી બીમારી હોય, માતા-પિતાના છૂટાછેડા, માતા-પિતા પૈકી ગમે તે એકનું અવસાન વગેરે કારણોસર આધાર-પુરાવા મેળવીને જિલ્લાની અંદર તેમજ અન્ય જિલ્લામાં શાળા ફેરબદલી કરી આપવામાં આવે છે. ચાહે મજૂર હોય કે અન્ય જિલ્લામાં ગયા હોય, ઘણા લોકો મધ્ય અને દક્ષિણમાંથી સૌરાષ્ટ્રમાં પણ આવે છે એમને ત્યાં આવ્યા પછી એ જે નીતિ નિયમ છે એ પ્રમાણે એ અરજી કરે તો સરકાર પ્રાયોરિટી આપીને એ નિયમમાં એમને પણ એડમીશન મળે એના માટેની વ્યવસ્થા કરે છે. કયાંય પણ આપના ઘ્યાનમાં આવું કોઇ હોય તો ધ્યાન દોરજો, નિયમ પ્રમાણે એકટની જે જોગવાઇ છે એ પ્રમાણે તમામને લાભ મળે એના માટેની ચિંતા રાજય સરકાર કરશે.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : માનનીય અધ્યક્ષશ્રી, જેની જન્મની નોંધ નથી થઇ એવા લોકોને આપવા માગો છો કે કેમ?

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, ચોક્કસ આપ અમને લીસ્ટ આપજો, અમે સામેથી એમનો સંપર્ક કરીશું અને એમને નિયમની જોગવાઇમાં મળવાપાત્ર હશે તો એનો રસ્તો કાઢવો પડશે. માનનીય વિરજીભાઇ, કોઇ રસ્તો નીકળતો હશે તો પણ એ બાળક ભણે એની ચિંતા રાજયની સરકાર કરશે.

શ્રી જીતેન્દ્ર ર. સુખડિયા : માનનીય અધ્યક્ષશ્રી, આર.ટી.ઇ. એક્ટ હેઠળ જે વિદ્યાર્થીઓએ શાળા પ્રવેશ મેળવ્યો છે, એમને શાળા ફેરબદલી કરવી હોય તો એના માટેની કોઇ જોગવાઇ કરેલ છે કે કેમ?

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય જીતુભાઇએ જે પ્રશ્ન પૂછ્યો છે. હમણાજ મેં આખી વિગત આપી છે એ જ પ્રમાણે એની જોગવાઇઓ છે અને એ પ્રમાણે વિદ્યાર્થીઓનું શિફટિંગ થતું હોય તો મેં જે નિયમ કહ્યા એ પ્રમાણેની જોગવાઇમાં એમને એ પ્રવેશ આપવામાં આવે છે.

### સુરેન્દ્રનગર અને મોરબી જિલ્લામાં રાઇટ ટુ એજ્યુકેશન એક્ટ હેઠળ પ્રવેશ

* ૪૧૧૨૦ **શ્રી નૌશાદ સોલંકી** (દસાડા) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૧૨/૨૦૨૧ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર સુરેન્દ્રનગર અને મોરબી શહેર/જિલ્લાવાર

**જવાબ**

(૧)

| જિલ્લો | સુરેન્દ્રનગર | મોરબી |
|---|---|---|

## તારાંકિત પ્રશ્નો

રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ અન્વયે કેટલી ખાનગી શાળાઓમાં કેટલા બાળકોને પ્રવેશ આપવાપાત્ર થતો હતો,

| શૈક્ષણિક વર્ષ | ૨૦૨૦-૨૧ | ૨૦૨૧-૨૨ | ૨૦૨૦-૨૧ | ૨૦૨૧-૨૨ |
|---|---|---|---|---|
| આર.ટી.ઈ. એક્ટ અન્વયે પ્રવેશ આપવાપાત્ર ખાનગી શાળાઓની સંખ્યા | ૨૨૯ | ૨૨૭ | ૧૮૯ | ૧૯૧ |
| આર.ટી.ઈ. એક્ટ અન્વયે પ્રવેશ આપવાપાત્ર બાળકોની સંખ્યા | ૧૫૩૬ | ૧૧૭૭ | ૧૮૫૭ | ૧૪૫૭ |

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત વર્ષવાર, શહેર/જિલ્લાવાર કેટલી ખાનગી શાળાઓમાં કેટલા બાળકોને પ્રવેશ આપવામાં આવ્યો, અને

(૨)

| જિલ્લો | સુરેન્દ્રનગર | | મોરબી | |
|---|---|---|---|---|
| શૈક્ષણિક વર્ષ | ૨૦૨૦-૨૧ | ૨૦૨૧-૨૨ | ૨૦૨૦-૨૧ | ૨૦૨૧-૨૨ |
| આર.ટી.ઈ. એક્ટ અન્વયે પ્રવેશ ફાળવેલ ખાનગી શાળાઓની સંખ્યા | ૨૨૯ | ૨૨૭ | ૧૭૨ | ૧૬૮ |
| આર.ટી.ઈ. એક્ટ અન્વયે પ્રવેશ આપેલ બાળકોની સંખ્યા | ૧૪૮૫ | ૧૧૪૩ | ૧૭૯૦ | ૧૨૯૯ |

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત એક્ટની જોગવાઇનું પાલન ન કરનાર કઇ શાળાઓ સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

શ્રી નૌશાદ ભ. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શિક્ષણમંત્રીશ્રીએ હમણાં જ અગાઉના પ્રશ્નમાં વાત કરી આ એ જ પ્રકારનો પ્રશ્ન છે ત્યારે સમગ્ર ગુજરાત અને ગુજરાતના સીમાડા બહારના ક્ષેત્રને આવરી લે છે ત્યારે ખૂબ વિસ્તૃત જવાબ એમણે આપ્યા છે, એટલે આ જે આર.ટી.ઈ. એકટ આવ્યો એ ૧૪ વર્ષના બાળકને ગુજરાતની અંદર ધોરણ-૧થી ૮ સુધી એને મફતમાં શિક્ષણ પ્રાપ્ત કરવાનો અધિકાર આપતો કાયદો કેન્દ્રની કોંગ્રેસની સરકાર વખતે લાવ્યા હતા એટલે હું એ સરકારને અભિનંદન પાઠવું છું. મારે એમની પાસેથી જાણવું છે કે જે પ્રમાણે હમણા છેલ્લા દોઢ-બે વર્ષની અંદર સમગ્ર ગુજરાતે મહામારીની અંદર સમગ્ર ગુજરાતમાં મહામારીમાં મોંઘવારીએ પણ માજા મૂકી છે. બેરોજગારીએ હાહાકાર મચાવ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, નાના ધંધા રોજગારો સાવ મરણપથારીએ આવ્યા છે, ત્યારે ગુજરાતની તમામ સરકારી અને ખાનગી શાળાઓની અંદર ગુજરાતની જનતાને આ સત્ર માટે તમે શિક્ષણ ફી માફ કરવા માગો છો કે કેમ એ એક પ્રશ્ન અને બીજો પ્રશ્ન કે કેન્દ્રની કોંગ્રેસની સરકારે જે તે વખતે વર્ષ ૨૦૦૯ની અંદર આ આર.ટી.ઈ. એકટ પસાર કર્યો હતો તો ગુજરાતમાં આનો અસરકારક અમલ તમે કયારથી ચાલુ કર્યો એ મારે માનનીય શિક્ષણમંત્રીશ્રીના માધ્યમથી જાણવું છે? અને ત્રીજો પ્રશ્ન કે જે પ્રકારે મારા સુરેન્દ્રનગર જિલ્લાની અંદર

ગત વર્ષે જે વિદ્યાર્થીઓને શિક્ષણનો પ્રવેશ આપવામાં આવ્યો ત્યારે એની અંદર ૩૦૦થી ૩૫૦ વિદ્યાર્થીઓનો મોટો ઘટાડો થયો છે તો એ ઘટાડો થયો છે એનાં કારણો શું છે એ માનનીય શિક્ષણમંત્રીશ્રી આપના માધ્યમથી જણાવવા કૃપા કરશે?

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, એમણે જે સૌથી પહેલી વાત કરી એ આ પ્રશ્નમાંથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી, પણ જયારે જયારે જેવી જેવી પણ જરૂર પડી છે, ત્યારે એ પરિસ્થિતિની અંદર રાજયની સરકારે નિર્ણયો લીધા છે એટલે અલગથી એ નોટિસ પાઠવશે તો એનો જવાબ ચોક્કસ હું આપી શકીશ કારણ કે એમણે જે પ્રશ્ન પૂછયો છે એ પ્રશ્ન આ પ્રશ્નમાંથી ઉપસ્થિત થતો નથી. બીજી એમણે જે વાત કરી તો મેં અગાઉ પણ કહ્યું છે કે રાજયની સરકારે અમે તો અમલવારી કરી છે પણ એમના જે લોકો છે એમણે એ અમલવારી કરી નથી. વર્ષ ૨૦૧૨થી રાજયની સરકારમાં અમલવારી થઇ છે. વધારાની એમણે જે વાત કરી છે કે વિદ્યાર્થીઓને કેમ ઓછી....

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

અતારાંકિત પ્રશ્નો

(તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

**દહેગામ તાલુકામાં સામુહિક વન નિર્માણ યોજના હેઠળ વાવેતર**

૪૦૬૭૩ **શ્રી બલરાજસિંહ ચૌહાણ** (દહેગામ) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકામાં સામુહિક વન નિર્માણ યોજના હેઠળ નાણાંકીય વર્ષ ૨૦૨૦-૨૧ અને ૨૦૨૧-૨૨માં કેટલા રોપાનું વાવેતર કરવામાં આવેલ છે,

(૨) તેમાં મુખ્યત્વે કયા પ્રકારના રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૩) તે પાછળ ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧)

| **વર્ષ** | **વાવેતર કરેલ રોપા (સંખ્યામાં)** |
|---|---|
| ૨૦૨૦-૨૧ | ૩૩,૨૦૦ |
| ૨૦૨૧-૨૨ (તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ) | ૩૦,૦૦૦ |

(૨) તેમાં મુખ્યત્વે લીમડા, પ્લેટોફોર્મ, કાશીદ, કણજી, ગુલમહોર, ગરમાળો, બોરસલ્લી, નીલગીરી, દેશી બાવળ જેવા પ્રકારના રોપાનું વાવેતર કરવામાં આવેલ છે.

(૩)

| **વર્ષ** | **થયેલ ખર્ચ (રૂ. લાખમાં)** |
|---|---|
| ૨૦૨૦-૨૧ | ૪૪.૦૨ |
| ૨૦૨૧-૨૨ (તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ) | ૩૨.૭૩ |

---------

**કચ્છ જિલ્લામાં વિદ્યાર્થી પહેલ યોજના**

૪૦૬૭૬ **માલતી મહેશ્વરી** (ગાંધીધામ) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લામાં વર્ષ ૨૦૨૦-૨૧માં કેટલી સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને વિદ્યાર્થી પહેલ યોજનાનો લાભ આપવામાં આવ્યો, અને

(૨) આ અંતર્ગત વર્ષ ૨૦૨૦-૨૧ માં ઉક્ત શાળાઓને કેટલી નાણાંકીય સહાય પૂરી પાડવામાં આવી ?

**જવાબ**

(૧) કચ્છ જિલ્લામાં વર્ષ ૨૦૨૦-૨૧માં ૯૯ સરકારી માધ્યમિક અને ૧૦ સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાઓને વિદ્યાર્થી પહેલ યોજનાનો લાભ આપવામાં આવ્યો.

(૨) આ અંતર્ગત વર્ષ ૨૦૨૦-૨૧ માં શાળા દીઠ રૂ.૧,૦૦,૦૦૦/- (એક લાખ)ની સહાય પેટે ઉક્ત શાળાઓને કુલ રૂ. ૧,૦૯,૦૦,૦૦૦/- (એક કરોડ નવ લાખ) નાણાંકીય સહાય પૂરી પાડવામાં આવી.

---------

**રાજયમાં રેશનિંગ અનાજ ઘઉં અને ચોખાનો જથ્થો**

૪૧૪૧૫ **શ્રી પરેશ ધાનાણી** (અમરેલી) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૧૨/૨૦૨૧ની સ્થિતિએ છેલ્લાં બે

**જવાબ**

(૧) તા.૩૧/૧૨/૨૦૨૧ની સ્થિતિએ છેલ્લાં બે

વર્ષમાં રાજ્યમાં ત્રિમાસિક રેશનિંગ અનાજ ઘઉં, ચોખાના કેટલા જથ્થાની જરૂરિયાત હતી,

(૨) તે અન્વયે કેન્દ્ર દ્વારા ઉક્ત સમયગાળામાં ત્રિમાસિક કેટલા ઘઉં, ચોખાનો કેટલો જથ્થો ફાળવ્યો, અને

(૩) ફાળવેલ જથ્થા પૈકી કેટલો જથ્થો રાજ્ય સરકાર દ્વારા ઉપાડવામાં આવ્યો ?

વર્ષમાં રાજ્યમાં ત્રિમાસિક રેશનિંગ અનાજ ઘઉં, ચોખાના જથ્થાની જરૂરિયાતનું પત્રક-૧ સામેલ છે.

(૨) તે અન્વયે કેન્દ્ર દ્વારા ઉક્ત સમયગાળામાં ત્રિમાસિક ઘઉં, ચોખાના ફાળવેલ જથ્થાનું પત્રક-૨ આ સાથે સામેલ છે.

(૩) ફાળવેલ જથ્થા પૈકી રાજ્ય સરકાર દ્વારા ઉપાડવામાં આવેલ જથ્થાનું પત્રક-૨ આ સાથે સામેલ છે.

**પત્રક-૧**

તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા ૨ વર્ષમાં રાજ્યમાં ત્રિમાસિક રેશનીંગ અનાજ, ઘઉં, ચોખાની નીચે મુજબ જરૂરીયાત હતી

**જાન્યુઆરી-૨૦૨૦થી ડીસેમ્બર-૨૦૨૦**

(આંકડા મે. ટનમાં)

| ક્રમ | માસ | જરૂરીયાત | |
|---|---|---|---|
| | | ઘઉં | ચોખા |
| ૧ | જાન્યુઆરી-૨૦૨૦ થી માર્ચ-૨૦૨૦ | ૩૬૩૪૫૬.૮૫૬ | ૧૫૪૦૩૬.૧૭૯ |
| ૨ | એપ્રિલ-૨૦૨૦ થી જૂન-૨૦૨૦ | ૩૫૯૪૦૫.૨૨૮ | ૧૫૨૩૦૨.૬૧૭ |
| ૩ | જુલાઈ-૨૦૨૦ થી સપ્ટેમ્બર-૨૦૨૦ | ૩૬૦૮૭૮.૯૩૩ | ૧૫૨૯૩૩.૨૯૩ |
| ૪ | ઑક્ટોબર-૨૦૨૦ થી ડિસેમ્બર-૨૦૨૦ | ૩૬૬૯૭૮.૫૩૪ | ૧૫૫૫૪૨.૬૧૭ |
| | **કુલ** | **૧૪૫૦૭૧૯.૫૫૦** | **૬૧૪૮૧૪.૭૦૫** |

**જાન્યુઆરી-૨૦૨૧ થી ડીસેમ્બર-૨૦૨૧**

| ક્રમ | માસ | જરૂરીયાત | |
|---|---|---|---|
| | | ઘઉં | ચોખા |
| ૧ | જાન્યુઆરી-૨૦૨૧ થી માર્ચ-૨૦૨૧ | ૩૯૫૮૫૬.૧૫૯ | ૧૬૭૯૧૧.૬૫૭ |
| ૨ | એપ્રિલ-૨૦૨૧ થી જૂન-૨૦૨૧ | ૩૮૬૯૧૪.૫૮૮ | ૧૬૪૦૭૭.૭૩૨ |
| ૩ | જુલાઈ-૨૦૨૧ થી સપ્ટેમ્બર-૨૦૨૧ | ૩૮૪૨૦૩.૮૦૪ | ૧૬૨૯૩૩.૦૨૨ |
| ૪ | ઑક્ટોબર-૨૦૨૧ થી ડિસેમ્બર-૨૦૨૧ | ૩૭૪૭૦૮.૫૮૫ | ૧૭૨૧૭૭.૮૪૧ |
| | **કુલ** | **૧૫૪૧૬૮૩.૧૩૫** | **૬૬૭૧૦૦.૨૫૧** |

**પત્રક-૨**

ત્રિમાસિક ઘઉં અને ચોખાની તા.૦૧-૦૧-૨૦૨૦ થી તા.૩૧-૧૨-૨૦૨૦ સુધીની કેન્દ્ર સરકાર ફાળવણી અને ઉપાડની માહિતી દર્શાવતું પત્રક

(આંકડા મે. ટનમાં)

| ક્રમ | માસ | ફાળવણી | | ઉપાડ | |
|---|---|---|---|---|---|
| | | ઘઉં | ચોખા | ઘઉં | ચોખા |
| ૧ | જાન્યુઆરી-૨૦૨૦ થી માર્ચ-૨૦૨૦ | ૪૧૬૪૦૪.૮૩૦ | ૧૭૮૪૫૯.૨૧૫ | ૩૪૩૭૫૪.૮૩૦ | ૧૪૬૪૦૯.૨૧૫ |
| ૨ | એપ્રિલ-૨૦૨૦ થી જૂન-૨૦૨૦ | ૪૧૬૪૦૪.૮૩૦ | ૧૭૮૪૫૯.૨૧૫ | ૩૮૩૦૦૮.૯૭૦ | ૧૬૨૭૬૯.૩૪૭ |
| ૩ | જુલાઈ-૨૦૨૦ થી સપ્ટેમ્બર-૨૦૨૦ | ૪૧૫૧૩૮.૩૦૬ | ૧૭૦૧૬૩.૮૩૨ | ૨૯૮૨૪૨.૫૯૫ | ૧૧૪૬૮૩.૮૩૨ |
| ૪ | ઑક્ટોબર-૨૦૨૦ થી ડિસેમ્બર-૨૦૨૦ | ૪૦૪૨૮૨.૯૭૦ | ૧૭૩૨૬૪.૧૪૦ | ૩૮૮૭૦૪.૮૩૦ | ૧૬૨૦૫૯.૨૧૫ |
| | **કુલ** | **૧૬૫૨૨૩૦.૯૩૬** | **૭૦૦૩૪૬.૪૦૨** | **૧૪૧૩૭૧૧.૨૨૬** | **૫૮૫૯૨૧.૬૦૯** |

ત્રિમાસિક ઘઉં અને ચોખાની તા.૦૧-૦૧-૨૦૨૧ થી તા.૩૧-૧૨-૨૦૨૧ સુધીની કેન્દ્ર સરકાર ફાળવણી અને ઉપાડની માહિતી દર્શાવતું પત્રક

| ક્રમ | માસ | ફાળવણી | | ઉપાડ | |
|---|---|---|---|---|---|
| | | ઘઉં | ચોખા | ઘઉં | ચોખા |

(આંકડા મે. ટનમાં)

| ક્રમ | માસ | ફાળવણી | | ઉપાડ | |
|---|---|---|---|---|---|
| | | ઘઉં | ચોખા | ઘઉં | ચોખા |
| ૧ | જાન્યુઆરી-૨૦૨૧ થી માર્ચ-૨૦૨૧ | ૩૮૦૦૩૯.૨૫૦ | ૧૬૨૮૭૩.૯૯૦ | ૩૭૫૦૩૯.૨૫૦ | ૧૬૧૮૯૦.૯૯૦ |
| ૨ | એપ્રિલ-૨૦૨૧ થી જૂન-૨૦૨૧ | ૩૮૦૦૩૯.૨૫૦ | ૧૬૨૮૭૩.૯૯૦ | ૩૧૯૪૦૭.૦૩૮ | ૧૪૫૭૨૩.૯૯૦ |
| ૩ | જુલાઈ-૨૦૨૧ થી સપ્ટેમ્બર-૨૦૨૧ | ૩૮૦૦૩૯.૨૫૦ | ૧૬૨૮૭૩.૯૯૦ | ૩૭૯૯૩૫.૦૫૦ | ૧૬૨૬૪૦.૩૨૦ |
| ૪ | ઑક્ટોબર-૨૦૨૧ થી ડિસેમ્બર-૨૦૨૧ | ૩૮૦૦૩૯.૨૫૦ | ૧૬૨૮૭૩.૯૯૦ | ૩૭૯૫૧૪.૩૯૦ | ૧૬૨૮૭૩.૯૯૦ |
| | **કુલ** | **૧૫૨૦૧૫૭.૦૦૦** | **૬૫૧૪૯૫.૯૬૦** | **૧૪૫૩૮૯૫.૭૨૮** | **૬૩૩૧૨૯.૨૯૦** |

- - - - - - - - -

**સુરેન્દ્રનગર અને બોટાદ જિલ્લાની શાળાઓમાં ઓરડાઓની ઘટ**

૪૧૧૨૩ **શ્રી ઋત્વિકભાઈ મકવાણા** (ચોટીલા) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૧૨/૨૦૨૧ની સ્થિતિએ સુરેન્દ્રનગર અને બોટાદ જિલ્લામાં જિલ્લાવાર સરકારી પ્રાથમિક શાળાઓમાં કેટલા ઓરડાઓની ઘટ છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ઉક્ત જિલ્લાવાર કેટલા નવા ઓરડા બાંધવામાં આવ્યા, અને

(૩) તમામ ધોરણના વિદ્યાર્થીઓ માટે જુદા-જુદા ખૂટતા ઓરડાઓ ક્યાં સુધીમાં બનાવવામાં આવશે ?

**જવાબ**

(૧)

| જિલ્લો | ઘટતા ઓરડાની સંખ્યા |
|---|---|
| સુરેન્દ્રનગર | ૫૦૮ |
| બોટાદ | ૧૧૯ |

(૨)

| જિલ્લો | વર્ષ ૨૦૧૯-૨૦માં નવા બનાવેલ ઓરડાની સંખ્યા | વર્ષ ૨૦૨૦-૨૧માં નવા બનાવેલ ઓરડાની સંખ્યા |
|---|---|---|
| સુરેન્દ્રનગર | ૩૮ | ૦ |
| બોટાદ | ૪૬ | ૦ |

(૩) આગામી વર્ષોમાં તબક્કાવાર ઝડપથી.

- - - - - - - - -

**મિશન સ્કૂલ્સ ઑફ એક્સલન્સ પ્રોજેક્ટ**

૪૦૬૯૫ **શ્રી કાંતીભાઈ બલર** (સુરત ઉત્તર) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૧૨/૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં "મિશન સ્કૂલ્સ ઓફ એક્સલન્સ પ્રોજેક્ટ" શું છે, અને

**જવાબ**

(૧) ગુજરાતમાં ૩૩ જિલ્લા, ૨૫૪ બ્લોક, ૩૨૪૭ ક્લસ્ટરમાં અંદાજિત ૩૫,૧૩૩ જેટલી ધો.૧ થી ૧૨ની સરકારી શાળાઓ છે.

- આ સરકારી શાળાઓ પૈકી ૫૦ ટકા શાળાઓ, એટલે કે ૧૫૦ થી વધુ વિદ્યાર્થી ધરાવતી તમામ સરકારી શાળાઓને આગામી પાંચ વર્ષોમાં તબક્કાવાર સ્કૂલ્સ ઑફ એક્સેલેન્સ તરીકે વિકસાવવામાં આવશે. જેમાં રાજ્યના સરકારી શાળાના લગભગ ૯૦% થી વધુ વિદ્યાર્થીઓ લાભાન્વિત થશે.
- સ્કૂલ્સ ઑફ એક્સેલેન્સ અંતર્ગત તમામ શાળાઓને ભૌતિક અને ડિઝિટલ માળખાગત સુવિધાઓથી સજ્જ કરવામાં આવશે. આ શાળાઓમાં અભ્યાસ કરતા દરેક વિદ્યાર્થીને વૈશ્વિક સ્તરનું શિક્ષણ મળી રહેશે.
- સ્કૂલ્સ ઑફ એક્સેલેન્સના અમલીકરણનું સુચારૂ મોનિટરીંગ ગાંધીનગર ખાતેના કમાન્ડ એન્ડ કંટ્રોલ

(૨) તેનાથી શિક્ષણને, શાળાઓને અને વિદ્યાર્થીઓને શું ફાયદો થશે ?

સેન્ટરથી કરવામાં આવશે.

(૨)

- ભારત સરકારની NEP-૨૦૨૦ અનુસાર સ્કૂલ્સ ઑફ એક્સેલેન્સ થકી રાજ્યની સરકારી શાળાના વિદ્યાર્થીઓ ૨૧મી સદીના કૌશલ્યો સાથે ભવિષ્યલક્ષી શિક્ષણ મેળવી શકશે અને સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં ઉત્તમ દેખાવ કરી શકશે.
- સ્કૂલ્સ ઑફ એક્સેલેન્સના મુખ્ય ધ્યેયોમાં દરેક શાળા ગુણોત્સવ ૨.૦ માં A+ ગ્રેડ પ્રાપ્ત કરે તેમજ દરેક વિદ્યાર્થીઓ પાયાનું વાચન-લેખન ગણન કેળવે અને વિદ્યાર્થીઓ ધોરણ અનુરૂપ અધ્યયન કેળવે તેનું ખાસ આયોજન કરવામાં આવશે.
- સ્કૂલ્સ ઑફ એક્સેલેન્સ અંતર્ગત દરેક શાળાને આધુનિક માળખાકીય સુવિધાઓ જેમ કે પૂરતા ઓરડા, લાયબ્રેરી, લેંગ્વજ લેબ, STEM લેબ વગેરે અને ડિજિટલ સંસાધનો જેમ કે ટેબલેટ-લેપટોપ, કોમ્પ્યુટર લેબ, જ્ઞાનકુંજ વગેરે સુવિધાઓથી સજ્જ કરવામાં આવશે. જેથી કરીને વિદ્યાર્થીઓને ઉચ્ચકક્ષાની શૈક્ષણિક સુવિધાઓનો લાભ મળે.

---------

**બનાસકાંઠા અને કચ્છ જિલ્લામાં કાર્યરત આંગણવાડીઓ**

૪૧૦૭૫ **શ્રી નથાભાઇ પટેલ** (ધાનેરા) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ બનાસકાંઠા અને કચ્છ જિલ્લામાં જિલ્લાવાર કેટલી આંગણવાડીઓ કાર્યરત છે, | (૧) બનાસકાંઠા જિલ્લામાં - ૩૩૬૫ આંગણવાડીઓ.<br>કચ્છ જિલ્લામાં - ૨૧૧૬ આંગણવાડીઓ. |
| (૨) તે પૈકી જિલ્લાવાર કેટલી આંગણવાડીઓને પોતાના મકાનો છે, | (૨) બનાસકાંઠા જિલ્લામાં - ૩૧૭૭ આંગણવાડીઓને.<br>કચ્છ જિલ્લામાં - ૧૬૦૯ આંગણવાડીઓને. |
| (૩) કેટલી આંગણવાડીઓ ભાડાના મકાન કે અન્ય જગ્યાએ ચાલે છે, અને | (૩) બનાસકાંઠા જિલ્લામાં - ૧૮૮ આંગણવાડીઓ.<br>કચ્છ જિલ્લામાં - ૫૦૭ આંગણવાડીઓ. |
| (૪) ઉક્ત સ્થિતિએ જે આંગણવાડીઓને પોતાનું મકાન નથી તેમને સત્વરે મકાન આપવા છેલ્લા બે વર્ષમાં સરકારે શું પગલાં લીધા ? | (૪) આંગણવાડી માટે જમીન મળ્યેથી વિવિધ સરકારી યોજનાઓ અંતર્ગત બાંધકામ માટેની કામગીરી હાથ ધરવામાં આવે છે. |

---------

**વડોદરા જિલ્લામાં આદિજાતિ માટે આવાસ યોજના**

૪૦૬૩૯ **શ્રી કેતનભાઇ ઇનામદાર** (સાવલી) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં આદિમ જૂથ લોકોને વ્યક્તિગત ધોરણે આવાસ આપવાની યોજના અમલમાં છે તે હકીકત સાચી છે, અને | (૧) હા. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત જિલ્લામાં આ યોજના અંતર્ગત કેટલી સહાય આપવામાં આવેલ છે ? | (૨) અરજીઓ મળેલ ના હોઇ સહાય આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

અતારાંકિત પ્રશ્નો

**રાજ્યમાં ખાદ્યતેલના વધતા જતા ભાવો પર અંકુશ**

૪૧૦૬૯ **ગેનીબેન ઠાકોર** (વાવ) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે. -

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં સીંગતેલ અને કપાસીયા તેલનો છૂટક (૧ કિ.ગ્રા.) અને જથ્થાબંધ (૧૫ કિ.ગ્રા) નો માસવાર ભાવ શો હતો,

(૨) ઉક્ત ખાદ્યતેલના વધતા જતાં ભાવોને અંકુશમાં રાખવા સરકારે કયા પગલાં લીધા, અને

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા બે વર્ષના સીંગતેલ અને કપાસીયા તેલના છૂટક (૧ કિ.ગ્રા) અને જથ્થાબંધ (૧૫ કિ.ગ્રા.) માસવાર ભાવ અંગેની વિગત પત્રક-૧ અને પત્રક-૨ મુજબની છે.

(૨) સીંગતેલ અને કપાસીયા તેલ સહિતના ખાદ્યતેલના ભાવો અંકુશમાં રાખવા ભારત સરકાર દ્વારા વખતોવખત જરૂરી સૂચના, પરિપત્રો બહાર પાડવામાં આવે છે અને તે હેઠળ જરૂરી જણાયે સૂચના/પરિપત્રો રાજ્ય સરકાર દ્વારા બહાર પાડવામાં આવે છે.

- રાષ્ટ્રીય સ્તરે ભારત સરકાર દ્વારા આયાતી ક્રુડ સોયાબીન તેલ, પામોલીન તેલ અને સનફ્લાવર તેલ પરનો ૧૫ ટકા વેરો ઘટાડીને ૧૦ ટકા કરેલ અને ત્યાર બાદ ઘટાડીને ૨.૫ ટકા કરેલ છે. જેમાં ઓક્ટોબર-૨૦૨૧ માં ફરીથી વધુ ઘટાડો કરીને ''શૂન્ય'' કરવામાં આવ્યો છે.
- ભારત સરકાર દ્વારા આયાતી રીફાઇન્ડ પામોલીન તેલને ''પ્રતિબંધિત'' કેટેગરીમાંથી ''મુક્ત'' કેટેગરીમાં મુકવામાં આવેલ છે.
- ભારત સરકાર દ્વારા ખાદ્યતેલોમાં આત્મનિર્ભર બનવા માટે તાજેતરમાં ''રાષ્ટ્રીય ખાદ્યતેલ મિશન'' ની જાહેરાત કરી છે. જે દેશમાં તેલીબીયાનું ઉત્પાદન વધારી ખાદ્યતેલમાં આત્મનિર્ભર થવા માટેનું નોંધપાત્ર પગલું પુરવાર થશે.
- ખાદ્યતેલોની ગેરકાયદેસરની સંગ્રહખોરી રોકવા ખાદ્યતેલના ઉત્પાદકો અને વેપારીઓ પાસેના ખાદ્યતેલના સાપ્તાહિક જથ્થાની વિગતો માટે ભારત સરકારનું પોર્ટલ કાર્યરત કરવામાં આવેલ છે. જેમાં જિલ્લા સ્તરેથી જથ્થાની વિગતો દર્શાવવા માટેની જરૂરી સૂચના આપવામાં આવેલ છે. જે અનુસાર પોર્ટલ પર ડેટા એન્ટ્રી કરવામાં આવે છે અને તેનું મોનિટરીંગ પણ કરવામાં આવે છે.
- ભારત સરકાર દ્વારા ખાદ્યતેલ અને ખાદ્યતેલિબિયાંના વધતા જતાં ભાવોને અંકુશમાં રાખવા માટે તા.૦૩/૦૨/૨૦૨૨ના રોજ નીચે મુજબ સ્ટોક લિમિટ દાખલ કરેલ છે. જે ૩૦/૦૬/૨૦૨૨ સુધી અમલમાં રહેશે.

| નં. | આવશ્યક ચીજવસ્તુનું નામ | છુટક | જથ્થાબંધ | જથ્થાબંધ ઉપભોક્તા (છૂટક દુકાનોની મોટી શ્રૃંખલા) | |
|---|---|---|---|---|---|
| | | | | છુટક | જથ્થાબંધ |
| ૧ | ખાદ્યતેલ | ૩૦ ક્વિંટલ | ૫૦૦ ક્વિંટલ | ૩૦ ક્વિંટલ | ૧૦૦૦ ક્વિંટલ |
| ૨ | ખાદ્ય-તેલીબિયાં | ૧૦૦ ક્વિંટલ | ૨૦૦૦ ક્વિંટલ | -- | |

વર્ષમાં બે વખત જન્માષ્ટમી અને દિવાળીના તહેવારો દરમ્યાન બીપીએલ અને અંત્યોદય રેશનકાર્ડ ધારકોને રીફાઇન્ડ કપાસીયા તેલના પાઉચનું રાહત દરે (મુક્ત બજારના વર્તમાન ભાવથી નીચા દરે) કાર્ડદીઠ ૧ લીટર પ્રમાણે વિતરણ કરવામાં આવે છે. જેમાં વર્ષ ૨૦૨૧-૨૨થી આ યોજનાનો વ્યાપ બમણો કરીને ઉપર જણાવેલ કાર્ડધારકો સિવાયના રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા-૨૦૧૩ (એનએફએસએ) હેઠળ સમાવિષ્ટ તમામ કુટુંબોને આવરી લઇ વર્ષમાં બે વખત જન્માષ્ટમી અને દિવાળીના તહેવારો દરમ્યાન રીફાઇન્ડ કપાસીયા તેલના પાઉચનું રાહત દરે (મુક્ત બજારના વર્તમાન ભાવથી નીચા દરે) કાર્ડદીઠ ૧ લીટર પ્રમાણે વિતરણ કરવામાં આવે છે.

- વર્ષ ૨૦૨૦ દરમ્યાન અંદાજિત કુલ ૭૫.૩૦ લાખ (પંચોતેર લાખ ત્રીસ હજાર) પાઉચનું વિતરણ કરવામાં આવેલ છે.
- વર્ષ ૨૦૨૧ દરમ્યાન અંદાજિત કુલ ૧૩૦.૫૦ લાખ (એક સો ત્રીસ લાખ પચાસ હજાર) પાઉચનું વિતરણ કરવામાં આવેલ છે.

(૩) ઉક્ત લીધેલ પગલાં બાદ ભાવોમાં કેટલો ઘટાડો થયો ?

(૩) ખાદ્યતેલના ભાવવધારાના મુખ્યત્વે કારણો જોતાં કોવિડ-૧૯ વૈશ્વિક મહામારીના કારણોસર જે તે સમયે કામ કરતા મજુરોની અછત, કાચા માલની ખરીદી, માલ પરિવહનની મુશ્કેલીને લીધે આંતરરાષ્ટ્રીય બજારોમાં ખાદ્યતેલ જેવા કે સીંગતેલ, કપાસિયા તેલનો ભાવ વધારો છે. પરંતુ ખંડ (૨)ની વિગતોએ દર્શાવેલ પગલાંના કારણોસર એકંદરે ભાવોમાં ખાસ વધારો થયેલ નથી. ભાવો અંકુશમાં રહેલ છે.

**પત્રક-૧**

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમરેલી અને ભાવનગર જિલ્લામાં અવેશીનીયા મરીના પ્રકારના વૃક્ષો નીચેની વિગતે દરિયાકાંઠાના વિસ્તારમાં રોપવામાં આવેલ છે.

| વર્ષ | જિલ્લાનું નામ (રોપાની સંખ્યા લાખમાં) | | કુલ |
|---|---|---|---|
| | અમરેલી | ભાવનગર | |
| ૨૦૨૦-૨૧ | ૦ | ૧૩.૦૦ | ૧૩.૦૦ |
| ૨૦૨૧-૨૨ (તા.૩૧-૧૨-૨૦૨૧ સુધીમાં) | ૦ | ૪.૩૮ | ૪.૩૮ |

---------

**નવસારી અને વલસાડ જિલ્લામાં ગેરકાયદેસર સંગ્રહ કરેલ ખાદ્યાન્ન અને ખાદ્યતેલ જપ્ત કરવા પાડેલ દરોડા**

૪૧૨૧૦ **શ્રી અનંતકુમાર પટેલ** (વાંસદા) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર નવસારી અને વલસાડ જિલ્લામાં જિલ્લાવાર ગેરકાયદેસર સંગ્રહ કરેલ ખાદ્યાન્ન અને ખાદ્યતેલ અંગે કેટલા દરોડાઓ પાડવામાં આવ્યા, અને

**જવાબ**

(૧) ગેરકાયદેસર સંગ્રહ કરેલ ખાદ્યાન્ન અને ખાદ્યતેલ અંગે પાડવામાં આવેલ દરોડાની વિગત નીચે મુજબ છે.

| જિલ્લો | વર્ષ | દરોડા |
|---|---|---|
| નવસારી | ૨૦૨૦ | ૦૦ |
| | ૨૦૨૧ | ૦૧ |
| | **કુલ** | **૦૧** |
| વલસાડ | ૨૦૨૦ | શૂન્ય |

(૨) ઉક્ત વર્ષવાર, જિલ્લાવાર કેટલી કિંમતનો કયા પ્રકારના ખાદ્યાન્ન અને ખાદ્યતેલનો કેટલો જથ્થો રાજ્યસાત કરવામાં આવ્યો ?

(૨) સને:૨૦૨૧માં નવસારી જિલ્લામાં ઉક્ત તપાસ દરમ્યાન ઘઉં ૯૭,૫૭૫/- કિ.ગ્રા. રકમ ૩,૨૦,૨૭,૯૬૩/- નિયમોનુસાર સીઝર કરવામાં આવેલ છે અને કાર્યવાહી હાલ ચાલુમાં છે.

---------

**ભાવનગર અને અમરેલી જિલ્લામાં કાર્યરત આંગણવાડીઓ**

૪૧૧૬૨ **શ્રી કનુભાઇ બારૈયા** (તળાજા) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ભાવનગર અને અમરેલી જિલ્લામાં જિલ્લાવાર કેટલી આંગણવાડીઓ કાર્યરત છે,

(૨) તે પૈકી જિલ્લાવાર કેટલી આંગણવાડીઓને પોતાના મકાનો છે,

(૩) કેટલી આંગણવાડીઓ ભાડાના મકાન કે અન્ય જગ્યાએ ચાલે છે, અને

(૪) ઉક્ત સ્થિતિએ જે આંગણવાડીઓને પોતાનું મકાન નથી તેમને સત્વરે મકાન આપવા છેલ્લા બે વર્ષમાં સરકારે શું પગલાં લીધા ?

**જવાબ**

(૧) ભાવનગર જિલ્લામાં - ૧૫૯૧ આંગણવાડીઓ.
અમરેલી જિલ્લામાં - ૧૬૧૬ આંગણવાડીઓ.

(૨) ભાવનગર જિલ્લામાં - ૧૩૬૬ આંગણવાડીઓને.
અમરેલી જિલ્લામાં - ૧૧૮૫ આંગણવાડીઓને.

(૩) ભાવનગર જિલ્લામાં - ૨૨૫ આંગણવાડીઓ.
અમરેલી જિલ્લામાં - ૪૩૧ આંગણવાડીઓ.

(૪) આંગણવાડી માટે જમીન મળ્યેથી વિવિધ સરકારી યોજનાઓ અંતર્ગત બાંધકામ માટેની કામગીરી હાથ ધરવામાં આવે છે.

---------

**નર્મદા જિલ્લામાં કૃષિ વૈવિધ્યકરણ યોજનાના લાભાર્થીઓ**

તા. ૭મી માર્ચ ૨૦૨૨

અતારાંકિત પ્રશ્નો

૪૧૯૪૬ **શ્રી જીતેન્દ્ર સુખડીઆ** (સયાજીગંજ) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ કૃષિ વૈવિધ્યકરણ યોજના અંતર્ગત વર્ષ ૨૦૨૧-૨૨માં નર્મદા જિલ્લામાં કેટલા લાભાર્થીને લાભ આપવામાં આવ્યો, અને

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાના ખેડૂતોને કીટમાં કયા પ્રકારના લાભો આપવામાં આવ્યા ?

**જવાબ**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ કૃષિ વૈવિધ્યકરણ યોજના અંતર્ગત વર્ષ ૨૦૨૧-૨૨માં નર્મદા જિલ્લામાં ૫૫૨૫ લાભાર્થીને લાભ આપવામાં આવ્યો.

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાના ખેડૂતોને કીટમાં દુધી, કારેલા, ભિંડા, ટામેટા અને રીંગણના બિયારણ પૈકી કોઇ એક બિયારણ તથા યુરીયા અને પ્રોમ ખાતર અને તાલીમનો લાભ આપવામાં આવ્યો.

---------

**રાજયમાં સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત કેન્દ્ર સરકારે ફાળવેલ રકમ**

૪૧૧૬૮ **શ્રી કાતિંભાઇ સોઢા પરમાર** (આણંદ) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત કેન્દ્ર સરકાર પાસે રાજ્ય સરકારે કેટલી રકમની માંગણી કરી,

(૨) તે પૈકી વર્ષવાર કેન્દ્ર સરકાર દ્વારા કેટલી રકમ ફાળવવામાં આવી,

(૩) ઉકત સ્થિતિ એ તે પૈકી વર્ષવાર કેટલી રકમનો ખર્ચ થયો અને કેટલી રકમ વણવપરાયેલી રહી, અને

(૪) રકમ વણવપરાયેલ રહી હોય તો તેના કારણો શાં છે ?

**જવાબ**

(૧)

| વર્ષ | માંગણી કરેલ રકમ (રૂ. લાખમાં) |
|---|---|
| ૨૦૨૦-૨૧ | ૧૧૮૦૬૧.૫૪ |
| ૨૦૨૧-૨૨ (તા. ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ) | ૧૧૮૦૬૧.૫૩ |

(૨)

| વર્ષ | ફાળવેલ રકમ (રૂ. લાખમાં) |
|---|---|
| ૨૦૨૦-૨૧ | ૮૭૧૭૪.૬૪ |
| ૨૦૨૧-૨૨ (તા. ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ) | ૬૪૧૭૨.૩૫ |

(૩)

| વર્ષ | ખર્ચ (રૂ. લાખમાં) | વણવપરાયેલ રકમ (રૂ. લાખમાં) |
|---|---|---|
| ૨૦૨૦-૨૧ | ૯૭૪૩૪.૦૮ | ૦ |
| ૨૦૨૧-૨૨ (તા. ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ) | ૪૪૧૪૨.૪૯ | ૦ |

(૪) સને ૨૦૧૯-૨૦ અને ૨૦૨૦-૨૧ અંતિત વણવપરાયેલ રકમ, ત્યારબાદના નાણાંકીય વર્ષ અનુક્રમે ૨૦૨૦-૨૧ અને ૨૦૨૧-૨૨માં પુરેપુરી વપરાઇ ગયેલ હોય, વણવપરાયેલ રકમનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**નર્મદા જિલ્લામાં કન્યા સાક્ષરતા નિવાસી શાળાઓ**

૪૧૯૪૦ **શ્રીમતી સીમાબેન મોહીલે** (અકોટા) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નર્મદા જિલ્લામાં તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ કેટલી કન્યા સાક્ષરતા નિવાસી શાળાઓ કાર્યરત છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ આ શાળાઓમાં કેટલી વિદ્યાર્થિનીઓ અભ્યાસ કરે છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ નર્મદા જિલ્લામાં ૦૧ કન્યા સાક્ષરતા નિવાસી શાળા કાર્યરત છે.

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત કન્યા સાક્ષરતા નિવાસી શાળામાં ૩૯૯ વિદ્યાર્થિનીઓ અભ્યાસ કરે છે.

---------

**પંચમહાલ જિલ્લામાં સંકલિત ડેરી વિકાસ યોજના**

અતારાંકિત પ્રશ્નો

૪૧૯૪૯ **શ્રી સી. કે. રાઉલજી** (ગોધરા) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં સંકલિત ડેરી વિકાસ યોજના અમલમાં છે કે કેમ, અને | (૧) હા. |
| (૨) જો હા, તો આ યોજના હેઠળ ૨૦૨૧-૨૨ના વર્ષમાં ઉક્ત સ્થિતિએ કુલ કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે ? | (૨) ઉક્ત યોજના હેઠળ ૨૦૨૧-૨૨ના વર્ષમાં ઉક્ત સ્થિતિએ કુલ ૩૩૮ લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે. |

- - - - - - - - -

**જૂનાગઢ જિલ્લામાં વન્યપ્રાણીઓના હુમલાથી મૃત્યુ પામેલ પશુઓ માટે ચૂકવેલ સહાય**

૪૧૮૩૪ **શ્રી બાબુભાઇ વાજા** (માંગરોળ) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર વન્યપ્રાણીઓ દ્વારા ખેડૂતોના પશુઓ પર હુમલો કરી મારી નાંખવાના કેટલા બનાવ નોંધાયા,

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર વન્ય પ્રાણીઓ દ્વારા ખેડૂતોના પશુઓ પર હુમલો કરી મારી નાંખવાના બનાવની વિગતો નીચે મુજબ છે.

| વર્ષ | ક્રમ | તાલુકો | બનાવ |
|---|---|---|---|
| તા.૦૧-૦૧-૨૦૨૦ થી તા. ૩૧-૧૨-૨૦૨૦ | ૧ | જૂનાગઢ | ૧૫૪ |
| | ૨ | ભેંસાણ | ૧૪૯ |
| | ૩ | માંગરોળ | ૪૫ |
| | ૪ | કેશોદ | ૦૮ |
| | ૫ | વંથલી | ૭૩ |
| | ૬ | માણાવદર | ૦૧ |
| | ૭ | વિસાવદર | ૨૮૨ |
| | ૮ | મેંદરડા | ૯૩ |
| | ૯ | માળિયા-હાટીના | ૧૭૮ |
| તા. ૦૧-૦૧-૨૦૨૧ થી તા.૩૧-૧૨-૨૦૨૧ | ૧ | જૂનાગઢ | ૧૬૭ |
| | ૨ | ભેંસાણ | ૧૧૫ |
| | ૩ | માંગરોળ | ૧૦૦ |
| | ૪ | કેશોદ | ૦૫ |
| | ૫ | વંથલી | ૬૧ |
| | ૬ | માણાવદર | ૦૧ |
| | ૭ | વિસાવદર | ૨૭૯ |
| | ૮ | મેંદરડા | ૧૫૭ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) ઉક્ત સ્થિતિએ તાલુકાવાર બનેલ બનાવમાં મૃત્યુ પામેલ પશુ માટે કેટલા ખેડૂતોને કેટલી રકમ સહાય ચૂકવવામાં આવી અને કેટલા ખેડૂતોને સહાય ચૂકવવાની બાકી છે, | (૨) પત્રક મુજબ. |
| (૩) ઉક્ત સહાય ચૂકવવાની બાકી હોય તો તેના કારણો શું છે, અને | (૩) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ વહીવટી કારણોસર સહાય ચૂકવવાની બાકી હતી. |
| (૪) ક્યાં સુધીમાં આ સહાય ચૂકવવામાં આવશે ? | (૪) હાલની સ્થિતિએ તમામ સહાય ચૂકવી દેવામાં આવેલ છે. |

**પત્રક**

| ક્રમ | વર્ષ | તાલુકો | બનાવોની સંખ્યા | સહાય ચૂકવવામાં આવેલ ખેડૂતોની સંખ્યા | ચૂકવેલ સહાયની રકમ | સહાય ચૂકવવાની બાકી ખેડૂતોની સંખ્યા |
|---|---|---|---|---|---|---|
| ૧ | તા.૦૧-૦૧-૨૦૨૦ થી તા.૩૧-૧૨-૨૦૨૦ | જૂનાગઢ | ૧૫૪ | ૧૫૪ | ૯૭૨૩૫૦/- | ૦ |
| | | ભેંસાણ | ૧૪૯ | ૧૪૯ | ૧૦૨૩૦૦૦/- | ૦ |
| | | માંગરોળ | ૪૫ | ૪૫ | ૨૪૨૫૦૦/- | ૦ |
| | | કેશોદ | ૦૮ | ૦૮ | ૧૨૦૦૦૦/- | ૦ |
| | | વંથલી | ૭૩ | ૭૩ | ૧૩૮૯૦૦૦/- | ૦ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | | માણાવદર | ૦૧ | ૦૧ | ૧૬૦૦૦/- | ૦ |
| | | વિસાવદર | ૨૮૨ | ૨૮૨ | ૨૦૯૩૩૦૦/- | ૦ |
| | | મેંદરડા | ૯૩ | ૯૩ | ૯૩૪૫૦૦/- | ૦ |
| | | માળિયા-હાટીના | ૧૭૮ | ૧૭૮ | ૧૭૮૩૫૦૦/- | ૦ |
| ૨ | તા.૦૧-૦૧-૨૦૨૧ થી તા.૩૧-૧૨-૨૦૨૧ | જૂનાગઢ | ૧૬૭ | ૧૬૭ | ૧૦૬૯૧૦૦/- | ૦ |
| | | ભેંસાણ | ૧૧૫ | ૧૧૫ | ૬૦૭૨૦૦/- | ૦ |
| | | માંગરોળ | ૧૦૦ | ૧૦૦ | ૬૨૩૫૦૦/- | ૦ |
| | | કેશોદ | ૦૫ | ૦૦ | ૦૦/- | ૦૫ |
| | | વંથલી | ૬૧ | ૩૫ | ૬૯૫૦૦૦/- | ૨૬ |
| | | માણાવદર | ૦૧ | ૦ | ૦/- | ૦૧ |
| | | વિસાવદર | ૨૭૯ | ૨૭૯ | ૧૮૯૩૧૦૦/- | ૦ |
| | | મેંદરડા | ૧૫૭ | ૧૫૭ | ૧૬૭૧૫૦૦/- | ૦ |
| | | માળિયા-હાટીના | ૧૨૪ | ૧૨૪ | ૮૮૨૭૦૦/- | ૦ |

---------

**ભરૂચ જિલ્લામાં "પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના" અંતર્ગત અનાજ વિતરણ**

૪૧૮૮૭ **શ્રી અરૂણસિંહ રણા** (વાગરા) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં "પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના" અંતર્ગત રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ હેઠળ કેટલા અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવ્યું ?

**જવાબ**

તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં "પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના" અંતર્ગત રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ હેઠળ ૩૫૮૨૩.૧૯૬ મે. ટન અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવ્યું.

---------

**ખેડા અને આણંદ જિલ્લાની ડમ્પીંગ સાઇટ પર પ્રદૂષણના નિયમોનું પાલન**

૪૧૩૮૯ **શ્રી ઇન્દ્રજીતસિંહ પરમાર** (મહુધા) : **માનનીય પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૦૧-૦૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા અને આણંદ જિલ્લામાં ડમ્પીંગ સાઇટો ઉપર પ્રદૂષણના નિયમોનું પાલન થાય છે કે નહીં તે બાબતે ક્યારે અને કોના દ્વારા તપાસ કરવામાં આવી, અને

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત ડમ્પીંગ સાઇટ પર પ્રદૂષણના નિયમોનું પાલન થતું ન હોય તો તેના સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

**જવાબ**

(૧) તા.૦૧-૦૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા અને આણંદ જિલ્લાની ડમ્પીંગ સાઇટો ઉપર પ્રદૂષણના નિયમોનું પાલન થાય છે કે નહીં તે બાબતે ક્યારે અને કોના દ્વારા તપાસ કરવામાં આવી તેની વિગતો પત્રક-અ મુજબ આ સાથે સામેલ છે.

(૨) તા.૦૧-૦૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા અને આણંદ જિલ્લામાં ડમ્પીંગ સાઇટ પર પ્રદૂષણના નિયમોનું પાલન થતું ન હોય તેના સામે કરવામાં આવેલ કાર્યવાહીની વિગતો પત્રક-બ મુજબ આ સાથે સામેલ છે.

**પત્રક-અ**

**ખેડા જિલ્લામાં આવતી નગરપાલિકાઓની ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની નડીયાદ ખાતેની પ્રાદેશિક કચેરીના અધિકારીઓ દ્વારા તપાસ કરવામાં આવી તેની વિગતો**

| ક્રમ | નગરપાલિકાનું નામ | તપાસની સંખ્યા | તપાસની તારીખ |
|---|---|---|---|
| ૧ | ખેડા નગરપાલિકા | ૧ | ૨૭-૦૭-૨૦૨૧ |
| ૨ | કપડવંજ નગરપાલિકા | ૨ | ૨૮-૦૯-૨૦૨૦ અને ૧૧-૧૦-૨૦૨૧ |
| ૩ | નડીયાદ નગરપાલિકા | ૩ | ૦૯-૧૨-૨૦૨૧, ૧૯-૦૭-૨૦૨૧ અને ૨૨-૦૭-૨૦૨૦ |
| ૪ | ચકલાસી નગરપાલિકા | ૨ | ૧૯-૦૭-૨૦૨૧ અને ૦૫-૦૯-૨૦૨૦ |
| ૫ | મહુધા નગરપાલિકા | ૧ | ૨૨-૦૯-૨૦૨૧ |
| ૬ | ડાકોર નગરપાલિકા | ૧ | ૩૧-૦૭-૨૦૨૧ |
| ૭ | કણજરી નગરપાલિકા | ૧ | ૦૨-૦૨-૨૦૨૧ |

| | | | |
|---|---|---|---|
| ૮ | મહેમદાબાદ નગરપાલિકા | ૧ | ૧૨-૦૮-૨૦૨૧ |
| ૯ | ઠાસરા નગરપાલિકા | ૧ | ૦૨-૦૮-૨૦૨૧ |
| ૧૦ | કઠલાલ નગરપાલિકા | ૧ | ૨૨-૧૧-૨૦૨૧ |

| **આણંદ જિલ્લામાં આવતી નગરપાલિકાઓની ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની આણંદ ખાતેની પ્રાદેશિક કચેરીના અધિકારીઓ દ્વારા તપાસ કરવામાં આવી તેની વિગતો** | | | |
|---|---|---|---|
| **ક્રમ** | **નગરપાલિકાનું નામ** | **તપાસની સંખ્યા** | **તપાસની તારીખ** |
| ૧ | સોજીત્રા નગરપાલિકા | ૨ | ૨૨-૦૩-૨૦૨૧ અને ૨૧-૧૨-૨૦૨૧ |
| ૨ | ઓડ નગરપાલિકા | ૧ | ૨૨-૧૨-૨૦૨૧ |
| ૩ | બોરસદ નગરપાલિકા | ૧ | ૨૧-૧૨-૨૦૨૧ |
| ૪ | ઉમરેઠ નગરપાલિકા | ૧ | ૨૨-૧૨-૨૦૨૧ |
| ૫ | પેટલાદ નગરપાલિકા | ૪ | ૨૦-૦૧-૨૦૨૨, ૨૦-૧૨-૨૦૨૧, ૦૮-૦૬-૨૦૨૧ અને ૦૧-૧૨-૨૦૨૦ |
| ૬ | બોરીયાવી નગરપાલિકા | ૧ | ૨૨-૧૨-૨૦૨૧ |
| ૭ | ખંભાત નગરપાલિકા | ૧ | ૧૮-૧૨-૨૦૨૧ |
| ૮ | કરમસદ નગરપાલિકા | ૧ | ૨૨-૧૨-૨૦૨૧ |
| ૯ | આંકલાવ નગરપાલિકા | ૧ | ૨૨-૧૨-૨૦૨૧ |
| ૧૦ | આણંદ નગરપાલિકા | ૭ | ૨૦-૦૧-૨૦૨૨, ૨૯-૧૧-૨૦૨૧, ૧૫-૧૧-૨૦૨૧, ૦૪-૧૦-૨૦૨૧, ૦૮-૦૬-૨૦૨૧, ૦૮-૦૪-૨૦૨૧, અને ૨૯-૦૮-૨૦૨૦ |

**પત્રક-બ**

| **ખેડા જિલ્લામાં આવતી નગરપાલિકાઓ** | | |
|---|---|---|
| **ક્રમ** | **નગરપાલિકાનું નામ** | **કરવામાં આવેલ કાર્યવાહી** |
| ૧ | ખેડા નગરપાલિકા | તા.૨૧-૦૮-૨૦૨૧ના રોજ કારણદર્શક નોટીસ પાઠવેલ છે. |
| ૨ | કપડવંજ નગરપાલિકા | તા.૦૨-૧૧-૨૦૨૦ના રોજ કારણદર્શક નોટીસ પાઠવેલ છે. |
| ૩ | નડીયાદ નગરપાલિકા | તા.૨૧-૦૧-૨૦૨૨, ૦૭-૦૮-૨૦૨૧ અને ૧૧-૦૮-૨૦૨૦ના રોજ કારણદર્શક નોટીસ પાઠવેલ છે. |
| | | તા.૨૮-૦૨-૨૦૨૦ના રોજ નોટીસ ઓફ ડાયરેક્શન પાઠવેલ છે. |
| ૪ | ચકલાસી નગરપાલિકા | તા.૦૭-૦૮-૨૦૨૧ અને ૦૯-૧૦-૨૦૨૦ના રોજ કારણદર્શક નોટીસ પાઠવેલ છે. |
| ૫ | મહુધા નગરપાલિકા | તા.૧૪-૧૦-૨૦૨૧ના રોજ કારણદર્શક નોટીસ પાઠવેલ છે. |
| ૬ | ડાકોર નગરપાલિકા | તા.૨૧-૦૮-૨૦૨૧ના રોજ કારણદર્શક નોટીસ પાઠવેલ છે. |
| ૭ | કણજરી નગરપાલિકા | તા.૧૯-૦૩-૨૦૨૧ના રોજ કારણદર્શક નોટીસ પાઠવેલ છે. |
| ૮ | મહેમદાબાદ નગરપાલિકા | તા.૨૪-૦૯-૨૦૨૧ના રોજ કારણદર્શક નોટીસ પાઠવેલ છે. |
| ૯ | ઠાસરા નગરપાલિકા | તા.૨૧-૦૮-૨૦૨૧ના રોજ કારણદર્શક નોટીસ પાઠવેલ છે. |
| **આણંદ જિલ્લામાં આવતી નગરપાલિકાઓ** | | |
| **ક્રમ નં.** | **નગરપાલિકાનું નામ** | **કરવામાં આવેલ કાર્યવાહી** |
| ૧ | સોજીત્રા નગરપાલિકા | તા.૧૧-૦૫-૨૦૨૧ના રોજ કારણદર્શક નોટીસ પાઠવેલ છે. |
| ૨ | પેટલાદ નગરપાલિકા | તા.૩૧-૦૧-૨૦૨૨ અને ૨૮-૦૬-૨૦૨૧ના રોજ કારણદર્શક નોટીસ પાઠવેલ છે. |
| ૩ | આણંદ નગરપાલિકા | તા.૨૮-૦૬-૨૦૨૧, ૨૦-૦૫-૨૦૨૧ અને ૨૪-૦૯-૨૦૨૦ના રોજ કારણદર્શક નોટીસ પાઠવેલ છે.<br>તા.૨૨-૧૦-૨૦૨૧ના રોજ લીગલ નોટીસ પાઠવેલ છે. |

\- - - - - - - -

**સુરત જિલ્લામાં સંકલિત ડેરી વિકાસ યોજના**

૪૧૯૪૮ **શ્રી વિવેક પટેલ** (ઉધના) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

તા. ૭મી માર્ચ ૨૦૨૨

અતારાંકિત પ્રશ્નો

(૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ સુરત જિલ્લામાં સંકલિત ડેરી વિકાસ યોજના અમલમાં છે કે કેમ, અને

(૧) હા.

(૨) જો હા, તો આ યોજના હેઠળ ૨૦૨૧-૨૨ના વર્ષમાં ઉક્ત સ્થિતિએ કુલ કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે ?

(૨) ઉક્ત યોજના હેઠળ ૨૦૨૧-૨૨ના વર્ષમાં ઉક્ત સ્થિતિએ કુલ ૭૭૮ લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે.

- - - - - - - - -

**અન્ન અને નાગરિક પુરવઠા વિભાગના નિગમોમાં કોન્ટ્રાક્ટથી કર્મચારીઓની ભરતી**

૪૧૦૮૫ **શ્રી શીવાભાઈ ભુરીયા** (દિયોદર) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ અન્ન અને નાગરિક પુરવઠા વિભાગના તાબા હેઠળના નિગમોમાં કર્મચારીઓની ભરતી કોન્ટ્રાક્ટ/આઉટસોર્સીંગથી કરવામાં આવે છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા કર્મચારીઓની ભરતી કોન્ટ્રાક્ટ/આઉટસોર્સીંગથી કરવામાં આવી, અને

(૩) કોન્ટ્રાક્ટ/આઉટસોર્સીંગથી ભરતી કરવાના કારણો શા છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) અન્ન અને નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ હેઠળ કાર્યરત ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લિ.માં વર્ષ ૨૦૨૦માં કુલ-૪૨૯ તેમજ વર્ષ ૨૦૨૧ માં કુલ-૬૦૬ માનવબળની આઉટસોર્સીંગથી સેવાઓ ટેકાના ભાવે મગફળી, તુવેર, ચણા, રાયડા, ઘઉં, મકાઇ, બાજરી, ડાંગર વિગેરેની ખરીદી તથા જાહેર વિતરણ વ્યવસ્થાને લગત કામગીરી માટે જુદા જુદા સમયગાળા માટે લેવામાં આવેલ છે.

(૩)

- જાહેર વિતરણ વ્યવસ્થા અંતર્ગત અનાજ તેમજ અન્ય આવશ્યક ચીજવસ્તુઓના જથ્થાનો ઉપાડ નાગરિક પુરવઠા નિગમના ૨૫૦ ગોડાઉનોમાં સંગ્રહ, રાજ્યની ૧૭,૦૦૦ જેટલી વાજબી ભાવની દુકાનો સુધી ડોરસ્ટેપ ડીલીવરી કરીને રાજ્યના ૭૦ લાખ કુટુંબોની ૩.૪૫ કરોડ જનસંખ્યાને દર માસે વિતરણ કરવા માટે માનવબળની જરૂરિયાત હોવાથી.
- કોરોના મહામારીમાં "પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના" અંતર્ગત એપ્રિલ-૨૦૨૦ થી નવેમ્બર-૨૦૨૦ તથા મે-૨૦૨૧ થી ચાલુ માસ ફેબ્રુઆરી-૨૦૨૨ સુધી વિનામૂલ્યે અનાજ વિતરણની કામગીરીને પહોંચી વળવા માટે માનવબળની જરૂરિયાત હોવાથી.
- રાજ્યના ખેડૂત ખાતેદારો પાસેથી સ્થાનિકે નાગરિક પુરવઠા નિગમના ગોડાઉન, એ.પી.એમ.સી. ખાતે હાજર રહીને ટેકાના ભાવે ઘઉં, ડાંગર, મકાઈ, બાજરી, મગફળી, તુવેર, ચણા, રાયડા વિગેરેની ખરીદીની કામગીરી કરવા માટે માનવબળની જરૂરિયાત હોવાથી.
- ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લિ., ની મુળ કામગીરીમાં છેલ્લા બે વર્ષમાં બમણાંથી ત્રણ

ગણા જેટલો વધારો થવા સામે નિગમના મંજૂર થયેલ ૧૪૩૧ ના મહેકમ સામે વર્ષ ૨૦૨૦માં ફક્ત ૫૮૦ તેમજ વર્ષ ૨૦૨૧માં ફક્ત ૫૦૩ નું માનવબળ કાર્યરત હોવાથી સરકારશ્રી દ્વારા સોંપાયેલ કામગીરીને પહોંચી વળવા સામે હયાત માનવબળ ખૂબ જ ઓછુ હોવાથી, નિગમ દ્વારા આઉટસોર્સીંગ એજન્સી મારફતે જરૂરી માનવબળની સેવાઓ જુદા જુદા સમયગાળા માટે મેળવવામાં આવેલ છે.

- - - - - - - - -

## અરવલ્લી જિલ્લામાં કૃષિ વૈવિધ્યકરણ યોજનાના લાભાર્થીઓ

૪૧૯૪૫ **શ્રી અરવિંદકુમાર પટેલ** (સાબરમતી) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ કૃષિ વૈવિધ્યકરણ યોજના અંતર્ગત વર્ષ ૨૦૨૧-૨૨માં અરવલ્લી જિલ્લામાં કેટલા લાભાર્થીને લાભ આપવામાં આવ્યો, અને

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાના ખેડૂતોને કીટમાં કયા પ્રકારના લાભો આપવામાં આવ્યા ?

**જવાબ**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ કૃષિ વૈવિધ્યકરણ યોજના અંતર્ગત વર્ષ ૨૦૨૧-૨૨માં અરવલ્લી જિલ્લામાં ૪૨૦૦ લાભાર્થીને લાભ આપવામાં આવ્યો.

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાના ખેડૂતોને મકાઈનું બિયારણ તથા યુરીયા અને પ્રોમ ખાતર અને તાલીમનો લાભ આપવામાં આવ્યો.

- - - - - - - - -

## જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લાની શાળાઓમાં ઓરડાઓની ઘટ

૪૧૧૩૩ **શ્રી પ્રવિણભાઇ મુસડીયા** (કાલાવડ) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જિલ્લાવાર સરકારી પ્રાથમિક શાળાઓમાં કેટલા ઓરડાઓની ઘટ છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ઉક્ત જિલ્લાવાર કેટલા નવા ઓરડા બાંધવામાં આવ્યા, અને

(૩) તમામ ધોરણના વિદ્યાર્થીઓ માટે જુદા-જુદા ખૂટતા ઓરડાઓ ક્યાં સુધીમાં બનાવવામાં આવશે ?

**જવાબ**

(૧)

| જિલ્લો | ઘટતા ઓરડાની સંખ્યા |
|---|---|
| જામનગર | ૩૦૨ |
| દેવભૂમિ દ્વારકા | ૧૮૫ |

(૨)

| જિલ્લો | વર્ષ ૨૦૧૯-૨૦માં નવા બનાવેલ ઓરડાની સંખ્યા | વર્ષ ૨૦૨૦-૨૧માં નવા બનાવેલ ઓરડાની સંખ્યા |
|---|---|---|
| જામનગર | ૮ | ૬૪ |
| દેવભૂમિ દ્વારકા | ૨૦ | ૧૪ |

(૩) આગામી વર્ષોમાં તબક્કાવાર ઝડપથી.

- - - - - - - - -

## ડાંગ જિલ્લામાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ હેઠળ અનાજ વિતરણ

૪૧૮૯૧ **શ્રી વિજયભાઇ પટેલ** (ડાંગ) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ ડાંગ જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ હેઠળ કેટલા અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવ્યુ, અને

(૨) કયા પ્રમાણભાવથી વિતરણ કરવામાં આવ્યું ?

**જવાબ**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ ડાંગ જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ હેઠળ કુલ ૧૩૧૮૨.૧૫૨ મે. ટન અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવ્યું છે.

(૨) નીચે મુજબના સમયગાળા માટે નીચે દર્શાવેલ પ્રમાણભાવથી અનાજનું વિતરણ કરવામાં આવેલ છે.

(અ) માહે ફેબ્રુઆરી-૨૦૨૧ થી નવેમ્બર-૨૦૨૧ સુધી.

| યોજના | અનાજનો | જથ્થો | ભાવ પ્રતિ |
|---|---|---|---|

| | પ્રકાર | (કિ.ગ્રા.) | કિલો (રૂ.) |
|---|---|---|---|
| એએવાય (AAY) (કાર્ડ દીઠ) | ઘઉં | ૨૫.૦૦૦ | ૨.૦૦ |
| | ચોખા | ૧૦.૦૦૦ | ૩.૦૦ |
| | **કુલ** | ૩૫.૦૦૦ | |
| અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) (વ્યક્તિ દીઠ) | ઘઉં | ૩.૫૦૦ | ૨.૦૦ |
| | ચોખા | ૧.૫૦૦ | ૩.૦૦ |
| | **કુલ** | ૫.૦૦૦ | |

માહે ડિસેમ્બર-૨૦૨૧ થી જાન્યુઆરી-૨૦૨૨ સુધી.

| **યોજના** | **અનાજનો પ્રકાર** | **જથ્થો (કિ.ગ્રા.)** | **ભાવ પ્રતિ કિલો (રૂ.)** |
|---|---|---|---|
| એએવાય (AAY) (કાર્ડ દીઠ) | ઘઉં | ૧૫.૦૦૦ | ૨.૦૦ |
| | ચોખા | ૨૦.૦૦૦ | ૩.૦૦ |
| | **કુલ** | ૩૫.૦૦૦ | |
| અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ઘઉં | ૨.૦૦૦ | ૨.૦૦ |
| | ચોખા | ૩.૦૦૦ | ૩.૦૦ |
| | **કુલ** | ૫.૦૦૦ | |

- - - - - - - - -

**ખેડા જિલ્લામાં ''પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના'' અંતર્ગત અનાજ વિતરણ**

૪૧૮૯૫ **શ્રી કેસરીસિંહ સોલંકી** (માતર) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ ખેડા જિલ્લામાં છેલ્લા એેક વર્ષમાં ''પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના'' અંતર્ગત રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ હેઠળ કેટલા અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવ્યું ?

**જવાબ**

તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ ખેડા જિલ્લામાં છેલ્લા એેક વર્ષમાં ''પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના'' અંતર્ગત રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ હેઠળ ૬૫૪૧૯.૩૧૨ મે. ટન અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવ્યું.

- - - - - - - - -

**પાટણ જિલ્લામાં તોલમાપ તંત્ર દ્વારા વ્યાપારી એકમો સામે કાર્યવાહી**

૪૧૯૩૯ **શ્રી રમણભાઇ પટેલ** (વિજાપુર) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તોલમાપ તંત્ર દ્વારા પાટણ જિલ્લામાં કેટલા વ્યાપારી એકમો સામે તોલમાપના સાધનો સમય મર્યાદામાં ખરાઇ ન કરાવવા બાબતે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી, અને

(૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કસૂરવારો સામે શાં પગલા લેવામાં આવ્યા ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તોલમાપ તંત્ર દ્વારા પાટણ જિલ્લામાં ૩૩૧ વ્યાપારી એકમો સામે તોલમાપના સાધનો સમય મર્યાદામાં ખરાઇ ન કરાવવા બાબતે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી, અને

(૨) તે અન્વયે કસૂરવારો સામે ગુજરાત કાનુનીમાપ વિજ્ઞાન (અમલીકરણ) નિયમો-૨૦૧૧ના નિયમ-૧૪ અંતર્ગત કાયદેસરની કાર્યવાહી કરી નિયમ-૨૪ અંતર્ગત રૂપિયા, ૧,૮૬,૨૦૦/- (અંકે રૂપિયા એક લાખ છ્યાસી હજાર બસો) ગુન્હા માંડવાળ ફી પેટે વસૂલ કરેલ છે.

- - - - - - - - -

**ખેડા અને મહીસાગર જિલ્લાની શાળાઓમાં ઓરડાઓની ઘટ**

૪૧૧૭૭ **શ્રી કાન્તિભાઇ પરમાર** (ઠાસરા) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ખેડા અને મહીસાગર જિલ્લામાં જિલ્લાવાર સરકારી પ્રાથમિક શાળાઓમાં કેટલા ઓરડાઓની ઘટ છે,

**જવાબ**

(૧)

| **જિલ્લો** | **ઘટતા ઓરડાની સંખ્યા** |
|---|---|
| ખેડા | ૧૦૮૯ |

| | |
|---|---|
| મહીસાગર | ૬૩૦ |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ઉક્ત જિલ્લાવાર કેટલા નવા ઓરડા બાંધવામાં આવ્યા, અને

(૨)

| જિલ્લો | વર્ષ ૨૦૧૯-૨૦માં નવા બનાવેલ ઓરડાની સંખ્યા | વર્ષ ૨૦૨૦-૨૧માં નવા બનાવેલ ઓરડાની સંખ્યા |
|---|---|---|
| ખેડા | ૬૫ | ૯૦ |
| મહીસાગર | ૨૫ | ૨૩ |

(૩) તમામ ધોરણના વિદ્યાર્થીઓ માટે જુદા-જુદા ખૂટતા ઓરડાઓ ક્યાં સુધીમાં બનાવવામાં આવશે ?

(૩) આગામી વર્ષોમાં તબક્કાવાર ઝડપથી.

---------

**જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ હેઠળ પ્રવેશ**

૪૧૧૩૬ **શ્રી ચિરાગભાઈ કાલરીયા** (જામજોધપુર) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧/૧૨/૨૦૨૧ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર જામનગર અને દેવભૂમિ દ્વારકા શહેર/જિલ્લાવાર રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ અન્વયે કેટલી ખાનગી શાળાઓમાં કેટલા બાળકોને પ્રવેશ આપવાપાત્ર થતો હતો,

(૧)

| જિલ્લો | જામનગર | | દેવભૂમિ દ્વારકા | |
|---|---|---|---|---|
| શૈક્ષણિક વર્ષ | ૨૦૨૦-૨૧ | ૨૦૨૧-૨૨ | ૨૦૨૦-૨૧ | ૨૦૨૧-૨૨ |
| આર.ટી.ઈ. એક્ટ અન્વયે પ્રવેશ આપવાપાત્ર ખાનગી શાળાઓની સંખ્યા | ૩૩૯ | ૩૪૧ | ૧૬૫ | ૧૬૮ |
| આર.ટી.ઈ. એક્ટ અન્વયે પ્રવેશ આપવાપાત્ર બાળકોની સંખ્યા | ૨૨૩૯ | ૧૬૫૭ | ૮૬૭ | ૬૫૧ |

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત વર્ષવાર, શહેર/જિલ્લાવાર કેટલી ખાનગી શાળાઓમાં કેટલા બાળકોને પ્રવેશ આપવામાં આવ્યો, અને

(૨)

| જિલ્લો | જામનગર | | દેવભૂમિ દ્વારકા | |
|---|---|---|---|---|
| શૈક્ષણિક વર્ષ | ૨૦૨૦-૨૧ | ૨૦૨૧-૨૨ | ૨૦૨૦-૨૧ | ૨૦૨૧-૨૨ |
| આર.ટી.ઈ. એક્ટ અન્વયે પ્રવેશ ફાળવેલ ખાનગી શાળાઓની સંખ્યા | ૩૩૨ | ૩૨૧ | ૧૬૫ | ૧૬૮ |
| આર.ટી.ઈ. એક્ટ અન્વયે પ્રવેશ આપેલ બાળકોની સંખ્યા | ૨૧૨૫ | ૧૫૯૮ | ૮૪૩ | ૫૯૫ |

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત એક્ટની જોગવાઈનું પાલન ન કરનાર કઈ શાળાઓ સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**પંચમહાલ જિલ્લામાં ગંગાસ્વરૂપા આર્થિક સહાય યોજના**

૪૧૯૬૯ **શ્રીમતી સુમનબેન ચૌહાણ** (કાલોલ) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગંગાસ્વરૂપા આર્થિક સહાય યોજના અન્વયે પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર કેટલી અરજીઓ મળી,

(૧)

| તાલુકાનું નામ | મળેલ અરજીઓ | તાલુકાનું નામ | મળેલ અરજીઓ |
|---|---|---|---|
| ઘોઘંબા | ૧૧૮૩ | જાંબુઘોડા | ૧૯૫ |
| ગોધરા | ૧૪૪૯ | કાલોલ | ૧૮૪૧ |
| ગોધરા(શહેર) | ૭૩૫ | મોરવા હડફ | ૮૪૪ |

| | | | |
|---|---|---|---|
| હાલોલ | ૭૭૫ | શહેરા | ૫૯૬ |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ નામંજૂર થઈ, અને

(૨)

| તાલુકાનું નામ | નામંજૂર અરજીઓ | તાલુકાનું નામ | નામંજૂર અરજીઓ |
|---|---|---|---|
| ઘોઘંબા | ૦ | જાંબુઘોડા | ૦ |
| ગોધરા | ૦ | કાલોલ | ૦ |
| ગોધરા(શહેર) | ૦ | મોરવા હડફ | ૦ |
| હાલોલ | ૦ | શહેરા | ૦ |

(૩) તેમાં કેટલી રકમની સહાય મંજૂર કરી ?

(૩) લાભાર્થી દીઠ પ્રતિ માસ રૂ. ૧૨૫૦/- ની સહાય મંજૂર કરી.

- - - - - - - - -

**બનાસકાંઠા અને કચ્છ જિલ્લામાં રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ હેઠળ પ્રવેશ**

*૪૧૦૭૯ **શ્રી કાન્તીભાઈ ખરાડી** (દાંતા) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧/૧૨/૨૦૨૧ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર બનાસકાંઠા અને કચ્છ શહેર/જિલ્લાવાર રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ અન્વયે કેટલી ખાનગી શાળાઓમાં કેટલા બાળકોને પ્રવેશ આપવાપાત્ર થતો હતો,

(૧)

| જિલ્લો | બનાસકાંઠા | | કચ્છ | |
|---|---|---|---|---|
| શૈક્ષણિક વર્ષ | ૨૦૨૦-૨૧ | ૨૦૨૧-૨૨ | ૨૦૨૦-૨૧ | ૨૦૨૧-૨૨ |
| આર.ટી.ઈ. એક્ટ અન્વયે પ્રવેશ આપવાપાત્ર ખાનગી શાળાઓની સંખ્યા | ૩૦૯ | ૩૨૮ | ૩૭૦ | ૩૭૦ |
| આર.ટી.ઈ. એક્ટ અન્વયે પ્રવેશ આપવાપાત્ર બાળકોની સંખ્યા | ૧૯૨૩ | ૧૬૪૧ | ૨૧૩૯ | ૨૧૭૦ |

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત વર્ષવાર, શહેર/જિલ્લાવાર કેટલી ખાનગી શાળાઓમાં કેટલા બાળકોને પ્રવેશ આપવામાં આવ્યો, અને

(૨)

| જિલ્લો | બનાસકાંઠા | | કચ્છ | |
|---|---|---|---|---|
| શૈક્ષણિક વર્ષ | ૨૦૨૦-૨૧ | ૨૦૨૧-૨૨ | ૨૦૨૦-૨૧ | ૨૦૨૧-૨૨ |
| આર.ટી.ઈ. એક્ટ અન્વયે પ્રવેશ ફાળવેલ ખાનગી શાળાઓની સંખ્યા | ૨૭૩ | ૨૮૧ | ૨૯૦ | ૩૧૦ |
| આર.ટી.ઈ. એક્ટ અન્વયે પ્રવેશ આપેલ બાળકોની સંખ્યા | ૧૭૪૯ | ૧૪૮૩ | ૧૯૪૩ | ૧૯૬૩ |

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત એક્ટની જોગવાઈનું પાલન ન કરનાર કઈ શાળાઓ સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

**નસવાડી તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ**

*૪૧૯૦૨ **શ્રી અભેસિંહ તડવી** (સંખેડા) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લાના નસવાડી તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ અને ૨૦૨૧-૨૨માં કેટલા હેક્ટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૧)

| વર્ષ | વાવેતર (હેક્ટર) |
|---|---|
| ૨૦૨૦-૨૧ | ૨૬૦ |
| ૨૦૨૧-૨૨ (તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ) | ૧૯૫ |

(૨)તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

(૨)

| વર્ષ | ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|
| ૨૦૨૦-૨૧ | ૧૨૦.૫૯ |
| ૨૦૨૧-૨૨ (તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ) | ૬૫.૩૬ |

---------

**રાજ્યમાં ઓનલાઈન શોપીંગમાં છેતરપીંડીનો ભોગ બનેલ ગ્રાહકો**

૪૨૦૩૩ **શ્રી જિગ્નેશકુમાર મેવાણી** (વડગામ) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં ઓનલાઈન શોપીંગથી છેતરપીંડીનો ભોગ બનેલ ગ્રાહકો માટે કોઈ એજન્સી-કેન્દ્ર કે બ્રાન્ચની શરૂઆત કરવામાં આવી છે કે કેમ, | (૧) રાજ્યમાં છેતરપીંડીનો ભોગ બનેલ કોઈ પણ ગ્રાહકો માટે ગ્રાહક સુરક્ષા અધિનિયમ-૨૦૧૯, હેઠળ રાજ્ય કક્ષાએ રાજ્ય ગ્રાહક તકરાર નિવારણ કમીશન અને જિલ્લા કક્ષાએ જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ કમિશનની રચના કરવામાં આવેલ છે. જે હેઠળ ઓનલાઈન શોપીંગથી છેતરપીંડીનો ભોગ બનેલ ગ્રાહકો પણ ફરીયાદ કરી શકે છે. આ કમિશનોમાં ઓનલાઈન કેસો દાખલ કરવા માટે ઈ-દાખિલ પોર્ટલ પણ શરૂ કરવામાં આવેલ છે. |
| (૨) જો હા, તો તેની કામગીરી હાલ શું છે ? | (૨) ગ્રાહક સુરક્ષા અધિનિયમ-૨૦૧૯ કાયદાની સરળતા માટે અને ગ્રાહકોના કેસોનો ઝડપી રીતે ન્યાયિક નિકાલ આવે તે માટે જિલ્લા કક્ષાએ જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ કમિશન તથા રાજ્ય કક્ષાએ રાજ્ય ગ્રાહક તકરાર નિવારણ કમિશન કાર્યરત છે. |

---------

**તાપી જિલ્લામાં વન અધિકાર હેઠળ જંગલની જમીન**

૪૧૯૫૨ **શ્રીમતી સંગીતાબેન પાટીલ** (લીંબાયત) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તાપી જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વન અધિકાર અધિનિયમ-૨૦૦૬ હેઠળ જંગલ જમીન મેળવવા માટે કેટલી વ્યક્તિગત દાવા અરજીઓ મળેલ છે, | (૧) શૂન્ય. |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) મંજૂર અરજીઓ પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા વ્યક્તિગત દાવેદારોને જંગલ જમીનના આદેશપત્ર આપવામાં આવ્યા ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**પાટણ અને મહેસાણા જિલ્લામાં રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ હેઠળ પ્રવેશ**

૪૧૦૮૯ **શ્રી કીરીટકુમાર પટેલ** (પાટણ) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૧૨/૨૦૨૧ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર પાટણ અને મહેસાણા શહેર/જિલ્લાવાર રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ અન્વયે કેટલી ખાનગી શાળાઓમાં કેટલા બાળકોને પ્રવેશ આપવાપાત્ર થતો હતો,

**જવાબ**

(૧)

| જિલ્લો | પાટણ | | મહેસાણા | |
|---|---|---|---|---|
| શૈક્ષણિક વર્ષ | ૨૦૨૦-૨૧ | ૨૦૨૧-૨૨ | ૨૦૨૦-૨૧ | ૨૦૨૧-૨૨ |
| આર.ટી.ઈ. એક્ટ અન્વયે પ્રવેશ આપવાપાત્ર ખાનગી શાળાઓની સંખ્યા | ૧૦૧ | ૧૦૭ | ૨૨૩ | ૨૨૮ |
| આર.ટી.ઈ. એક્ટ | ૮૫૬ | ૭૭૨ | ૨૦૭૬ | ૧૬૦૬ |

| | | | | |
|---|---|---|---|---|
| અન્વયે પ્રવેશ આપવાપાત્ર બાળકોની સંખ્યા | | | | |

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત વર્ષવાર, શહેર/જિલ્લાવાર કેટલી ખાનગી શાળાઓમાં કેટલા બાળકોને પ્રવેશ આપવામાં આવ્યો, અને

(૨)

| **જિલ્લો** | **પાટણ** | | **મહેસાણા** | |
|---|---|---|---|---|
| **શૈક્ષણિક વર્ષ** | **૨૦૨૦-૨૧** | **૨૦૨૧-૨૨** | **૨૦૨૦-૨૧** | **૨૦૨૧-૨૨** |
| આર.ટી.ઈ. એક્ટ અન્વયે પ્રવેશ ફાળવેલ ખાનગી શાળાઓની સંખ્યા | ૧૦૧ | ૧૦૭ | ૨૨૦ | ૨૧૩ |
| આર.ટી.ઈ. એક્ટ અન્વયે પ્રવેશ આપેલ બાળકોની સંખ્યા | ૬૬૬ | ૬૯૮ | ૧૮૪૩ | ૧૪૫૪ |

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત એક્ટની જોગવાઇનું પાલન ન કરનાર કઇ શાળાઓ સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

**તાપી જિલ્લામાં કન્યા સાક્ષરતા નિવાસી શાળાઓ**

૪૧૯૪૩ **શ્રી પ્રવિણભાઈ ઘોઘારી** (કરંજ) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તાપી જિલ્લામાં તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ કેટલી કન્યા સાક્ષરતા નિવાસી શાળાઓ કાર્યરત છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ આ શાળાઓમાં કેટલી વિદ્યાર્થિનીઓ અભ્યાસ કરે છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ તાપી જિલ્લામાં ૦૩ કન્યા સાક્ષરતા નિવાસી શાળાઓ કાર્યરત છે.

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત કન્યા સાક્ષરતા નિવાસી શાળાઓમાં ૧૦૩૨ વિદ્યાર્થિનીઓ અભ્યાસ કરે છે.

- - - - - - - - -

**અરવલ્લી જિલ્લામાં ''પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના'' અંતર્ગત અનાજ વિતરણ**

૪૧૮૮૮ **શ્રી હિતુ કનોડીયા** (ઇડર) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ અરવલ્લી જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં ''પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના'' અંતર્ગત રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ હેઠળ કેટલા અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવ્યું ?

**જવાબ**

તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ અરવલ્લી જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં ''પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના'' અંતર્ગત રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ હેઠળ ૩૨૬૨૪.૯૦૦ મે. ટન અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવ્યું.

- - - - - - - - -

**પાટણ અને મહેસાણા જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં સુવિધા**

૪૧૦૯૧ **શ્રી ચંદનજી ઠાકોર** (સિધ્ધપુર) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ પાટણ અને મહેસાણા જિલ્લામાં જિલ્લાવાર કેટલી સરકારી અને ખાનગી પ્રાથમિક શાળાઓમાં વીજળી, કંપાઉન્ડ વોલ, પીવાના પાણી અને શૌચાલયની સુવિધાઓ ઉપલબ્ધ નથી, અને

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત શાળાઓમાં ખૂટતી સુવિધાઓ ક્યાં સુધીમાં ઉપલબ્ધ કરાવવામાં આવશે ?

**જવાબ**

(૧) પત્રક મુજબ.

(૨) સરકારી શાળાઓના સંબંધમાં ખૂટતી સુવિધાઓ આગામી વર્ષોમાં તબક્કાવાર ઝડપથી ઉપલબ્ધ કરાવવામાં આવશે.

ખાનગી શાળાઓના સંબંધમાં ખૂટતી સુવિધાઓ ઉપલબ્ધ

કરાવવા જિલ્લા કક્ષાએથી શાળા મંડળોને સૂચના આપવામાં આવેલ છે.

**પત્રક**

| જિલ્લાનું નામ | વીજળીની સુવિધા વગરની શાળાની સંખ્યા | | કંપાઉન્ડ વોલની સુવિધા વગરની શાળાની સંખ્યા | | પાણીની સુવિધા વગરની શાળાની સંખ્યા | | શૌચાલયની સુવિધા વગરની શાળાની સંખ્યા | |
|---|---|---|---|---|---|---|---|---|
| | **સરકારી** | **ખાનગી** | **સરકારી** | **ખાનગી** | **સરકારી** | **ખાનગી** | **સરકારી** | **ખાનગી** |
| પાટણ | ૦૦ | ૦૦ | ૯૨ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| મહેસાણા | ૦૦ | ૦૦ | ૦૫ | ૧૭ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |

- - - - - - - - -

## અમદાવાદ અને બોટાદ જિલ્લામાં રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ હેઠળ પ્રવેશ

૪૧૧૧૮ **શ્રી રાજેશકુમાર ગોહિલ** (ધંધુકા) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૧૨/૨૦૨૧ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર અમદાવાદ અને બોટાદ શહેર/જિલ્લાવાર રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ અન્વયે કેટલી ખાનગી શાળાઓમાં કેટલા બાળકોને પ્રવેશ આપવાપાત્ર થતો હતો,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત વર્ષવાર, શહેર/જિલ્લાવાર કેટલી ખાનગી શાળાઓમાં કેટલા બાળકોને પ્રવેશ આપવામાં આવ્યો, અને

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત એક્ટની જોગવાઈનું પાલન ન કરનાર કઈ શાળાઓ સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

**જવાબ**

(૧)

| જિલ્લો | અમદાવાદ | | બોટાદ | |
|---|---|---|---|---|
| **શૈક્ષણિક વર્ષ** | **૨૦૨૦-૨૧** | **૨૦૨૧-૨૨** | **૨૦૨૦-૨૧** | **૨૦૨૧-૨૨** |
| આર.ટી.ઈ. એક્ટ અન્વયે પ્રવેશ આપવાપાત્ર ખાનગી શાળાઓની સંખ્યા | ૧૫૫૪ | ૧૫૭૭ | ૮૫ | ૭૭ |
| આર.ટી.ઈ. એક્ટ અન્વયે પ્રવેશ આપવાપાત્ર બાળકોની સંખ્યા | ૧૭૮૮૮ | ૧૪૩૮૯ | ૭૭૦ | ૪૮૧ |

(૨)

| જિલ્લો | અમદાવાદ | | બોટાદ | |
|---|---|---|---|---|
| **શૈક્ષણિક વર્ષ** | **૨૦૨૦-૨૧** | **૨૦૨૧-૨૨** | **૨૦૨૦-૨૧** | **૨૦૨૧-૨૨** |
| આર.ટી.ઈ. એક્ટ અન્વયે પ્રવેશ ફાળવેલ ખાનગી શાળાઓની સંખ્યા | ૧૫૫૪ | ૧૫૭૭ | ૮૫ | ૭૭ |
| આર.ટી.ઈ. એક્ટ અન્વયે પ્રવેશ આપેલ બાળકોની સંખ્યા | ૧૫૪૬૮ | ૧૨૩૭૨ | ૬૯૬ | ૪૧૯ |

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

## ગાંધીનગર અને માણસા જિલ્લામાં ગંગાસ્વરૂપા આર્થિક સહાય યોજના

૪૧૧૧૦ **શ્રી સુરેશકુમાર પટેલ** (માણસા) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં જિલ્લાવાર ગંગાસ્વરૂપા આર્થિક સહાય યોજનાના કુલ કેટલા લાભાર્થીઓ નોંધાયેલા છે,

(૨) ઉક્ત લાભાર્થીઓને કેટલી સહાય ચૂકવવામાં આવે છે,

(૩) ઉક્ત સહાયના દરો ક્યારથી અમલમાં છે,

**જવાબ**

(૧)

| જિલ્લો | નોંધાયેલ લાભાર્થીઓ |
|---|---|
| ગાંધીનગર | ૩૪૦૭૦ |
| મહેસાણા | ૫૫૯૧૭ |

(૨) લાભાર્થી દીઠ પ્રતિ માસ રૂ. ૧૨૫૦/-

(૩) તા.૦૧-૦૪-૨૦૧૯ થી

(૪) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષોમાં ઉક્ત લાભાર્થીઓને સમયસર સહાય ન મળતી હોવા અંગેની કેટલી ફરિયાદો મળી, અને

(૪)

| જિલ્લો | ફરિયાદો |
|---|---|
| ગાંધીનગર | ૫૭ |
| મહેસાણા | ૫૧ |

(૫) મળેલ ફરીયાદો અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી ?

(૫) નિયમાનુસાર નિકાલ કરેલ છે.

- - - - - - - - -

**દેવભૂમિ દ્વારકા અને જામનગર જિલ્લામાં સરકારી શાળાઓમાં શિક્ષકોની મંજૂર જગ્યાઓ**

૪૧૧૩૯ **શ્રી વિક્રમભાઈ માડમ** (ખંભાળિયા) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ દેવભૂમિ દ્વારકા અને જામનગર જિલ્લામાં જિલ્લાવાર કેટલી સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ આવેલી છે,

(૨) ઉક્ત જિલ્લાવાર ઉક્ત શાળાઓમાં શિક્ષકોની કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે,

(૩) ઉક્ત મંજૂર જગ્યાઓ પૈકી કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ કયા કારણોસર ખાલી છે, અને

(૪) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

**જવાબ**

(૧)

| ક્રમ | જિલ્લાનું નામ | માધ્યમિક (૯, ૧૦) | ઉચ્ચતર માધ્યમિક (૧૧,૧૨) | સળંગ એકમ (૯ થી ૧૨) |
|---|---|---|---|---|
| ૧ | દેવભૂમિ દ્વારકા | ૨૭ | ૦૩ | ૧૨ |
| ૨ | જામનગર | ૨૦ | ૦૬ | ૧૦ |

(૨) આ સાથે સામેલ પત્રક-અ મુજબ

(૩) આ સાથે સામેલ પત્રક-બ મુજબ.

(૩) વહીવટી અનુકૂળતા અનુસાર ભરવામાં આવશે.

**પત્રક-અ**

**દેવભૂમિ દ્વારકા અને જામનગર જિલ્લામાં શિક્ષકોની મંજૂર જગ્યાઓ**

| ક્રમ | જિલ્લાનું નામ | માધ્યમિક શાળા (૯-૧૦) | સળંગ એકમ ધરાવતી શાળા (૯ થી ૧૨) | | ઉચ્ચતર માધ્યમિક શાળા (ધો. ૧૧,૧૨) |
|---|---|---|---|---|---|
| | | | માધ્યમિક વિભાગ | ઉચ્ચતર માધ્યમિક વિભાગ | |
| ૧ | દેવભૂમિ દ્વારકા | ૮૩ | ૫૬ | ૫૫ | ૧૫ |
| ૨ | જામનગર | ૪૬ | ૪૬ | ૫૮ | ૩૦ |

**પત્રક-બ**

**ઉક્ત મંજૂર જગ્યાઓ પૈકી ભરાયેલ અને ખાલી જગ્યાઓ**

| ક્રમ | જિલ્લાનું નામ | માધ્યમિક શાળા (૯-૧૦) | | સળંગ એકમ ધરાવતી શાળા (૯ થી ૧૨) | | | | ઉચ્ચતર માધ્યમિક શાળા (૧૧-૧૨) | | ખાલી હોવાના કારણો |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | માધ્યમિક વિભાગ | | ઉચ્ચતર માધ્યમિક | | | | |
| | | ભરાયેલી જગ્યા | ખાલી જગ્યા | ભરાયેલી જગ્યા | ખાલી જગ્યા | ભરાયેલી જગ્યા | ખાલી જગ્યા | ભરાયેલી જગ્યા | ખાલી જગ્યા | |
| ૧ | દેવભૂમિ દ્વારકા | ૫૭ | ૨૬ | ૪૫ | ૧૧ | ૩૨ | ૨૩ | ૧૩ | ૦૨ | વય નિવૃત્તિના કારણે અને નવી શાળાઓ મંજૂર થવાથી. |
| ૨ | જામનગર | ૪૨ | ૦૪ | ૩૧ | ૧૫ | ૪૪ | ૧૪ | ૨૭ | ૦૩ | સ્વૈચ્છિક/વયનિવૃત્તિના કારણે ખાલી છે. |

- - - - - - - - -

**સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ હેઠળ પ્રવેશ**

૪૧૧૦૩ **શ્રી જશુભાઈ પટેલ** (બાયડ) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૧૨/૨૦૨૧ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર સાબરકાંઠા અને અરવલ્લી શહેર/જિલ્લાવાર રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ અન્વયે કેટલી ખાનગી શાળાઓમાં કેટલા બાળકોને પ્રવેશ આપવાપાત્ર થતો હતો,

**જવાબ**

(૧)

| જિલ્લો | સાબરકાંઠા | | અરવલ્લી | |
|---|---|---|---|---|
| શૈક્ષણિક વર્ષ | ૨૦૨૦-૨૧ | ૨૦૨૧-૨૨ | ૨૦૨૦-૨૧ | ૨૦૨૧-૨૨ |
| આર.ટી.ઈ. એક્ટ અન્વયે પ્રવેશ | ૨૦૧ | ૨૦૨ | ૧૧૦ | ૧૧૧ |

| | | | | |
|---|---|---|---|---|
| આપવાપાત્ર ખાનગી શાળાઓની સંખ્યા | | | | |
| આર.ટી.ઈ. એક્ટ અન્વયે પ્રવેશ આપવાપાત્ર બાળકોની સંખ્યા | ૧૩૬૯ | ૮૦૩ | ૮૯૪ | ૭૧૮ |

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત વર્ષવાર, શહેર/જિલ્લાવાર કેટલી ખાનગી શાળાઓમાં કેટલા બાળકોને પ્રવેશ આપવામાં આવ્યો, અને

(૨)

| જિલ્લો | સાબરકાંઠા | | અરવલ્લી | |
|---|---|---|---|---|
| શૈક્ષણિક વર્ષ | ૨૦૨૦-૨૧ | ૨૦૨૧-૨૨ | ૨૦૨૦-૨૧ | ૨૦૨૧-૨૨ |
| આર.ટી.ઈ. એક્ટ અન્વયે પ્રવેશ ફાળવેલ ખાનગી શાળાઓની સંખ્યા | ૨૦૧ | ૨૦૨ | ૧૦૭ | ૯૮ |
| આર.ટી.ઈ. એક્ટ અન્વયે પ્રવેશ આપેલ બાળકોની સંખ્યા | ૧૦૮૮ | ૭૨૫ | ૭૨૩ | ૬૧૮ |

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત એક્ટની જોગવાઈનું પાલન ન કરનાર કઈ શાળાઓ સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**સાબરકાંઠા જિલ્લામાં સંકલિત ડેરી વિકાસ યોજના**

૪૧૯૫૧ **શ્રી રાજેન્દ્રસિંહ ચાવડા** (હિંમતનગર) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં સંકલિત ડેરી વિકાસ યોજના અમલમાં છે કે કેમ, અને

(૨) જો હા, તો આ યોજના હેઠળ ૨૦૨૧-૨૨ના વર્ષમાં ઉક્ત સ્થિતિએ કુલ કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) હા,

(૨) ઉક્ત યોજના હેઠળ ૨૦૨૧-૨૨ના વર્ષમાં ઉક્ત સ્થિતિએ કુલ ૧૮૧ લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે.

**મોરબી અને રાજકોટ જિલ્લામાં ગેરકાયદેસર સંગ્રહ કરેલ ખાદ્યાન્ન અને ખાદ્યતેલ જપ્ત કરવા પાડેલ દરોડા**

૪૧૧૨૭ **શ્રી લલીતભાઈ કગથરા** (ટંકારા) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર મોરબી અને રાજકોટ જિલ્લામાં જિલ્લાવાર ગેરકાયદેસર સંગ્રહ કરેલ ખાદ્યાન્ન અને ખાદ્યતેલ અંગે કેટલા દરોડાઓ પાડવામાં આવ્યા, અને

(૨) ઉક્ત વર્ષવાર, જિલ્લાવાર કેટલી કિંમતનો કયા પ્રકારના ખાદ્યાન્ન અને ખાદ્યતેલનો કેટલો જથ્થો રાજ્યસાત કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) ગેરકાયદેસર સંગ્રહ કરેલ ખાદ્યાન્ન અને ખાદ્યતેલ અંગે પાડેલ દરોડાની વિગત નીચે મુજબ છે.

| જિલ્લો | વર્ષ | દરોડા |
|---|---|---|
| મોરબી | ૨૦૨૦ | શૂન્ય |
| | ૨૦૨૧ | શૂન્ય |
| રાજકોટ | ૨૦૨૦ | શૂન્ય |
| | ૨૦૨૧ | ૦૧ |

(૨) રાજકોટ જિલ્લામાં તપાસ દરમ્યાન સનેઃ ૨૦૨૦માં ૦(શૂન્ય) તથા સને: ૨૦૨૧માં ઘઉં : ૩૦૦ કિ.ગ્રા. રકમ રૂ.૪૮૦૦/- ચોખા : ૪૫૦ કિ.ગ્રા. રકમ રૂ.૯૯૦૦/- તથા તુવેરદાળ : ૫૧૦૦ કિ.ગ્રા. રકમ રૂ.૪,૫૯,૦૦૦ એમ કુલ રૂ.૪,૭૩,૭૦૦/- ની રકમનો જથ્થો સીઝર કરવામાં આવેલ છે તથા આ અંગે આગળની કાર્યવાહી હાલમાં ચાલુ છે.

**સુરત અને ડાંગ જિલ્લામાં રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ હેઠળ પ્રવેશ**

તા. ૭મી માર્ચ ૨૦૨૨

અતારાંકિત પ્રશ્નો

૪૧૨૦૧ **શ્રી આનંદભાઈ ચૌધરી** (માંડવી) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** — **જવાબ**

(૧) તા.૩૧/૧૨/૨૦૨૧ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર સુરત અને ડાંગ શહેર/જિલ્લાવાર રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ અન્વયે કેટલી ખાનગી શાળાઓમાં કેટલા બાળકોને પ્રવેશ આપવાપાત્ર થતો હતો,

(૧)

| જિલ્લો | સુરત | | ડાંગ | |
|---|---|---|---|---|
| શૈક્ષણિક વર્ષ | ૨૦૨૦-૨૧ | ૨૦૨૧-૨૨ | ૨૦૨૦-૨૧ | ૨૦૨૧-૨૨ |
| આર.ટી.ઈ. એક્ટ અન્વયે પ્રવેશ આપવાપાત્ર ખાનગી શાળાઓની સંખ્યા | ૧૩૩૨ | ૧૩૬૯ | ૧૩ | ૧૩ |
| આર.ટી.ઈ. એક્ટ અન્વયે પ્રવેશ આપવાપાત્ર બાળકોની સંખ્યા | ૨૦૪૬૬ | ૧૪૨૨૪ | ૨૪ | ૨૬ |

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત વર્ષવાર, શહેર/જિલ્લાવાર કેટલી ખાનગી શાળાઓમાં કેટલા બાળકોને પ્રવેશ આપવામાં આવ્યો, અને

(૨)

| જિલ્લો | સુરત જિલ્લો | | ડાંગ | |
|---|---|---|---|---|
| શૈક્ષણિક વર્ષ | ૨૦૨૦-૨૧ | ૨૦૨૧-૨૨ | ૨૦૨૦-૨૧ | ૨૦૨૧-૨૨ |
| આર.ટી.ઈ. એક્ટ અન્વયે પ્રવેશ ફાળવેલ ખાનગી શાળાઓની સંખ્યા | ૧૦૪૫ | ૧૦૯૮ | ૧૩ | ૧૩ |
| આર.ટી.ઈ. એક્ટ અન્વયે પ્રવેશ આપેલ બાળકોની સંખ્યા | ૧૩૩૯૨ | ૧૨૦૩૦ | ૨૪ | ૨૬ |

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત એક્ટની જોગવાઈનું પાલન ન કરનાર કઈ શાળાઓ સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**દાંતા તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ**

૪૧૮૯૯ **શ્રી શશીકાન્ત પંડ્યા** (ડીસા) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** — **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના દાંતા તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ નાણાંકીય વર્ષ ૨૦૨૦-૨૧ અને ૨૦૨૧-૨૨માં કેટલા હેક્ટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૧)

| વર્ષ | વાવેતર (હેક્ટરમાં) |
|---|---|
| ૨૦૨૦-૨૧ | ૧૩૫૫ |
| ૨૦૨૧-૨૨ (તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ) | ૫૦૫ |

(૨) તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

(૨)

| વર્ષ | ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|
| ૨૦૨૦-૨૧ | ૫૦૭.૧૦ |
| ૨૦૨૧-૨૨ (તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ) | ૮૨.૩૬ |

---------

**રાજ્યમાં આવેલ વન્ય પ્રાણીઓના અભયારણ્યો**

૪૧૯૫૪ **શ્રી ગોવિંદભાઈ પરમાર** (ઉમરેઠ) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** — **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં કુલ કેટલા વન્ય પ્રાણીઓના અભયારણ્યો જાહેર થયા છે,

(૧) ૨૩ (ત્રેવીસ)

(૨) કયા જિલ્લામાં કયા વન્ય પ્રાણીઓનું

(૨) પત્રક સામેલ છે.

અભયારણ્ય આવેલા છે, અને

(૩) આ વન્ય પ્રાણી અભયારણ્ય હેઠળ કુલ કેટલો વિસ્તાર આરક્ષિત છે ?

(૩) ૧૬,૬૨૨.૨૨ ચો.કિ.મી.

**પત્રક**

| અ.નં. | અભયારણ્યનું નામ | જિલ્લાનું નામ | આરક્ષિત વિસ્તાર (ચો.કિ.મી.) | મુખ્ય વન્યપ્રાણીઓ |
|---|---|---|---|---|
| ૧ | મિતિયાળા | અમરેલી | ૧૮.૨૨ | સિંહ, દિપડા, ચિત્તલ, ચિંકારા, સાંભર, નીલગાય |
| ૨ | પાણીયા | અમરેલી | ૩૯.૬૪ | સિંહ, દિપડા, ચિત્તલ, ચિંકારા, સાંભર, નીલગાય |
| ૩ | નળ સરોવર | અમદાવાદ / સુરેન્દ્રનગર | ૧૨૦.૮૨ | યાયાવર પક્ષીઓ, જળચર પક્ષીઓ |
| ૪ | બાલારામ-અંબાજી | બનાસકાંઠા | ૫૪૪.૭૮ | રીંછ, દિપડા, ઝરખ, નીલગાય |
| ૫ | જેસોર | બનાસકાંઠા | ૧૮૦.૬૨ | રીંછ, નીલગાય, ઝરખ, જંગલી બિલાડી |
| ૬ | રતનમહાલ | પંચમહાલ | ૫૫.૬૫ | રીંછ, ચિંકારા, ચૌસીંગા, દીપડા, ઝરખ |
| ૭ | પૂર્ણા | ડાંગ | ૧૬૦.૮૪ | દિપડા, વાંદરા, ભેંકરૂ, ચિત્તલ |
| ૮ | ગાગા | જામનગર | ૩.૩૩ | જળચર પક્ષીઓ |
| ૯ | ખીજડીયા | જામનગર | ૬.૦૫ | કુંજ, જળચર પક્ષીઓ |
| ૧૦ | દરિયાઈ અભયારણ્ય | જામનગર | ૨૯૪.૯૬ | દરિયાઈ જીવસૃષ્ટી, પરવાળા ડોલ્ફીન |
| ૧૧ | બરડા | પોરબંદર | ૧૯૨.૩૧ | દિપડા, નીલગાય, હરણ, જંગલી બિલાડી |
| ૧૨ | ગીર | જૂનાગઢ / અમરેલી / ગીર સોમનાથ | ૧૧૫૩.૪૨ | સિંહ, દિપડા, ચિત્તલ, ચિંકારા, ચૌસીંગા |
| ૧૩ | ગીરનાર | જૂનાગઢ | ૧૭૮.૮૭ | સિંહ, દિપડા, સાંભર, ચિત્તલ |
| ૧૪ | ઘુડખર | કચ્છ / સુરેન્દ્રનગર / મહેસાણા / બનાસકાંઠા / રાજકોટ | ૪૯૫૩.૭ | ઘુડખર, નીલગાય, વરૂ, ચિંકારા, રણ લોંકડી |
| ૧૫ | કચ્છ રણ | કચ્છ | ૭૫૦૬.૦૮ | ઘુડખર, નીલગાય, વરૂ, ચિંકારા, સુરખાર |
| ૧૬ | કચ્છ ઘોરાડ | કચ્છ | ૨.૦૩ | ઘોરાડ, ચિંકારા, ખડમોર, હુબારા બસ્ટાર્ડ |
| ૧૭ | નારાયણ સરોવર | કચ્છ | ૪૪૪.૧૯ | ચિંકારા, નીલગાય, ઝરખ, રણ બિલાડી, ખડમોર, હેણોતરો |
| ૧૮ | થોળ | મહેસાણા | ૬.૯૯ | જળચર પક્ષીઓ |
| ૧૯ | શુલપાણેશ્વર | નર્મદા | ૬૦૭.૭ | રીંછ, વાંદરા, દિપડા, ચોસીંગા, ઉડતી ખિસકોલી, ભેકરૂ |
| ૨૦ | જાંબુઘોડા | પંચમહાલ | ૧૩૦.૩૮ | દિપડા, રીંછ, ઝરખ, ચોસીંગા |
| ૨૧ | પોરબંદર પક્ષી | પોરબંદર | ૦.૦૯ | યાયાવર પક્ષીઓ, જળચર પક્ષીઓ |
| ૨૨ | હિંગોળગઢ | રાજકોટ | ૬.૫૪ | ચિંકારા, નીલગાય, ઝરખ, શિયાળ |
| ૨૩ | રામપરા | રાજકોટ | ૧૫.૦૧ | નીલગાય, ચિંકારા, શિયાળ |
| **કુલ ૨૩ અભયારણ્ય** | | | **વિસ્તાર – ૧૬૬૨૨.૨૨ ચો.કિ.મી.** | |

- - - - - - - - -

## આણંદ અને નર્મદા જિલ્લામાં ગેરકાયદેસર સંગ્રહ કરેલ ખાદ્યાન્ન અને ખાદ્યતેલ જપ્ત કરવા પાડેલ દરોડા

૪૧૧૭૫ **શ્રી પુનમભાઈ પરમાર** (સોજીત્રા) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર આણંદ અને નર્મદા જિલ્લામાં જિલ્લાવાર ગેરકાયદેસર સંગ્રહ કરેલ ખાદ્યાન્ન અને ખાદ્યતેલ અંગે કેટલા દરોડાઓ પાડવામાં આવ્યા, અને | (૧) શૂન્ય. |
| (૨) ઉક્ત વર્ષવાર, જિલ્લાવાર કેટલી કિંમતનો કયા પ્રકારના ખાદ્યાન્ન અને ખાદ્યતેલનો કેટલો જથ્થો રાજ્યસાત કરવામાં આવ્યો ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

તા. ૭મી માર્ચ ૨૦૨૨

અતારાંકિત પ્રશ્નો

**છોટાઉદેપુર જિલ્લામાં વન અધિકાર હેઠળ મંજૂર દાવાઓ**

૪૧૮૮૩ **શ્રી મોહનસિંહ રાઠવા** (છોટાઉદેપુર) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં છોટાઉદેપુર જિલ્લામાં તાલુકાવાર વન અધિકાર અધિનિયમ અન્વયે આવેલ દાવાઓ પૈકી પ્રાંત કક્ષાની કમિટીમાં કેટલા દાવાઓ મંજૂર થયા, કેટલા નામંજૂર થયા અને કેટલા મંજૂર કરવાના બાકી છે, | (૧) તા.૩૧-૦૧-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં છોટાઉદેપુર જિલ્લામાં તાલુકાવાર વન અધિકાર અધિનિયમ અન્વયે પ્રાંત કક્ષાની કમિટીમાં એક પણ દાવો મળેલ નથી, તેથી મંજૂર-નામંજૂર કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૨) ઉક્ત સ્થિતિએ જિલ્લાકક્ષાની કમિટીમાં તાલુકાવાર કેટલા દાવાઓ રજૂ થયેલા છે અને વર્ષવાર કેટલા નિકાલ થયા અને કેટલા બાકી છે, | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) બાકી રહેવાના કારણો શું છે, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) આ દાવાઓનો નિકાલ કેટલા સમયમાં થશે ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**સુરેન્દ્રનગર જિલ્લામાં તોલમાપ તંત્ર દ્વારા પેટ્રોલ/ડીઝલ પંપની તપાસ**

૪૧૯૩૮ **શ્રી પરસોત્તમ સાબરીયા** (ધ્રાંગધ્રા) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તોલમાપ તંત્ર દ્વારા સુરેન્દ્રનગર જિલ્લામાં કેટલા પેટ્રોલ/ડીઝલ પંપની તપાસણી કરવામાં આવી, | (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તોલમાપ તંત્ર દ્વારા સુરેન્દ્રનગર જિલ્લામાં ૧૫૫ પેટ્રોલ/ડીઝલ પંપની તપાસણી કરવામાં આવી. |
| (૨) તે પૈકી કેટલા એકમોમાં ક્ષતિ માલૂમ પડી, અને | (૨) તે પૈકી ૦૫ એકમોમાં ક્ષતિ માલૂમ પડી. |
| (૩) આવા એકમો સામે શી કાર્યવાહી કરવામાં આવી ? | (૩) આવા એકમો સામે ગુજરાત કાનુનીમાપ વિજ્ઞાન (અમલીકરણ) નિયમો-૨૦૧૧ના નિયમ-૧૪ અંતર્ગત ગુન્હો નોંધી નિયમ-૨૪ અંતર્ગત રૂપિયા ૧૪,૦૦૦/- (અંકે રૂપિયા ચૌદ હજાર)ગુન્હા માંડવાળ ફી વસુલ કરવામાં આવી. |

---------

**મહિસાગર જિલ્લામાં ગંગાસ્વરૂપા આર્થિક સહાય યોજના અન્વયે મળેલ અરજીઓ**

૪૧૯૬૮ **શ્રી જીગ્નેશકુમાર સેવક** (લુણાવાડા) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગંગાસ્વરૂપા આર્થિક સહાય યોજના અન્વયે મહિસાગર જિલ્લામાં તાલુકાવાર કેટલી અરજીઓ મળી,

**જવાબ**

(૧)

| તાલુકાનું નામ | મળેલ અરજીઓ | તાલુકાનું નામ | મળેલ અરજીઓ |
|---|---|---|---|
| લુણાવાડા | ૨૨૫૧ | કડાણા | ૫૩૪ |
| ખાનપુર | ૪૦૯ | બાલાસિનોર | ૧૧૦૮ |
| સંતરામપુર | ૧૪૧૫ | વિરપુર | ૫૧૨ |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ નામંજૂર થઈ, અને

(૨)

| તાલુકાનું નામ | નામંજૂર અરજીઓ | તાલુકાનું નામ | નામંજૂર અરજીઓ |
|---|---|---|---|
| લુણાવાડા | ૪ | કડાણા | ૧ |
| ખાનપુર | ૧ | બાલાસિનોર | ૪૭ |
| સંતરામપુર | ૭ | વિરપુર | ૦ |

(૩) તેમાં કેટલી રકમની સહાય મંજૂર કરી ?

(૩) લાભાર્થી દીઠ પ્રતિ માસ રૂ.૧૨૫૦/-ની સહાય મંજૂર કરી.

---------

**આણંદ જિલ્લામાં ''પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના'' અંતર્ગત અનાજ વિતરણ**

## અતારાંકિત પ્રશ્નો

૪૧૮૯૬ **શ્રી મહેશકુમાર રાવલ** (ખંભાત) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ આણંદ જિલ્લામાં છેલ્લા એેક વર્ષમાં ''પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના'' અંતર્ગત રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ હેઠળ કેટલા અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવ્યું ?

**જવાબ**

તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ આણંદ જિલ્લામાં છેલ્લા એેક વર્ષમાં ''પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના'' અંતર્ગત રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ હેઠળ ૬૦૩૧૬.૯૮૩ મે. ટન અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવ્યું.

---------

### રાજકોટ અને પોરબંદર જિલ્લામાં રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ હેઠળ પ્રવેશ

૪૧૧૩૦ **શ્રી લલિત વસોયા** (ધોરાજી) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૧૨/૨૦૨૧ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર રાજકોટ અને પોરબંદર શહેર/જિલ્લાવાર રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ અન્વયે કેટલી ખાનગી શાળાઓમાં કેટલા બાળકોને પ્રવેશ આપવાપાત્ર થતો હતો,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત વર્ષવાર, શહેર/જિલ્લાવાર કેટલી ખાનગી શાળાઓમાં કેટલા બાળકોને પ્રવેશ આપવામાં આવ્યો, અને

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત એક્ટની જોગવાઇનું પાલન ન કરનાર કઇ શાળાઓ સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

**જવાબ**

(૧)

| જિલ્લો | રાજકોટ | | પોરબંદર | |
|---|---|---|---|---|
| શૈક્ષણિક વર્ષ | ૨૦૨૦-૨૧ | ૨૦૨૧-૨૨ | ૨૦૨૦-૨૧ | ૨૦૨૧-૨૨ |
| આર.ટી.ઈ. એક્ટ અન્વયે પ્રવેશ આપવાપાત્ર ખાનગી શાળાઓની સંખ્યા | ૯૪૦ | ૯૬૨ | ૧૨૧ | ૧૧૧ |
| આર.ટી.ઈ. એક્ટ અન્વયે પ્રવેશ આપવાપાત્ર બાળકોની સંખ્યા | ૭૯૨૯ | ૫૯૨૬ | ૭૮૬ | ૫૦૬ |

(૨)

| જિલ્લો | રાજકોટ | | પોરબંદર | |
|---|---|---|---|---|
| શૈક્ષણિક વર્ષ | ૨૦૨૦-૨૧ | ૨૦૨૧-૨૨ | ૨૦૨૦-૨૧ | ૨૦૨૧-૨૨ |
| આર.ટી.ઈ. એક્ટ અન્વયે પ્રવેશ ફાળવેલ ખાનગી શાળાઓની સંખ્યા | ૯૪૦ | ૯૬૨ | ૧૧૪ | ૧૦૨ |
| આર.ટી.ઈ. એક્ટ અન્વયે પ્રવેશ આપેલ બાળકોની સંખ્યા | ૭૬૨૫ | ૫૪૬૬ | ૭૧૧ | ૪૭૧ |

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

### બનાસકાંઠા અને કચ્છ જિલ્લામાં ગેરકાયદેસર સંગ્રહ કરેલ ખાદ્યાન્ન અને ખાદ્યતેલ જપ્ત કરવા પાડેલ દરોડા

૪૧૦૭૪ **શ્રી ગુલાબસિંહ રાજપૂત** (થરાદ) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર બનાસકાંઠા અને કચ્છ જિલ્લામાં જિલ્લાવાર ગેરકાયદેસર સંગ્રહ કરેલ ખાદ્યાન્ન અને ખાદ્યતેલ અંગે કેટલા દરોડાઓ પાડવામાં આવ્યા, અને

**જવાબ**

(૧) ગેરકાયદેસર સંગ્રહ કરેલ ખાદ્યાન્ન અને ખાદ્યતેલ અંગે પાડવામાં આવેલ દરોડાની વિગત નીચે મુજબ છે.

| જિલ્લો | વર્ષ | દરોડા |
|---|---|---|
| બનાસકાંઠા | ૨૦૨૦ | ૦૧ |
| | ૨૦૨૧ | ૦૪ |
| | **કુલ** | **૦૫** |
| કચ્છ | ૨૦૨૦ | ૦૧ |
| | ૨૦૨૧ | ૦૧ |

| | |
|---|---|
| **કુલ** | **૦૨** |

(૨) ઉક્ત વર્ષવાર, જિલ્લાવાર કેટલી કિંમતનો ક્યા પ્રકારના ખાદ્યાન્ન અને ખાદ્યતેલનો કેટલો જથ્થો રાજ્યસાત કરવામાં આવ્યો ?

(૨) બનાસકાંઠા જિલ્લામાં નીચે મુજબનો જથ્થો રાજ્યસાત કરેલ છે.

| વર્ષ | ખાદ્યાન્ન / ખાદ્યતેલ | જથ્થો (કિ.ગ્રામ / લીટર) | કિંમત (રૂ.) |
|---|---|---|---|
| ૨૦૨૦ | કપાસીયા તેલ | ૭૫ / ૦૦ લીટર | ૭,૪૦૦ / ૦૦ |
| | **કુલ** | **૭૫ લીટર** | **૭,૪૦૦ / ૦૦** |
| ૨૦૨૧ | ઘઉં | ૫૯,૧૫૦ / ૦૦ (કિ.ગ્રામ) | ૪,૮૪,૦૦૦ / ૦૦ |
| | ચોખા | ૪૧,૩૫૦ / ૦૦ (કિ.ગ્રામ) | ૫,૯૨,૬૫૦ / ૦૦ |
| | **કુલ** | **૧,૦૦,૫૦૦ / ૦૦ (કિ.ગ્રામ)** | **૧૦,૭૬,૬૫૦ / ૦૦** |

કચ્છ જિલ્લામાં નીચે મુજબનો જથ્થો રાજ્યસાત કરેલ છે.

| વર્ષ | ખાદ્યાન્ન | જથ્થો (કિ.ગ્રામ) | કિંમત (રૂ.) |
|---|---|---|---|
| ૨૦૨૦ | ઘઉં | ૫,૨૦૦ / ૦૦ | ૧,૦૪,૦૦૦ / ૦૦ |
| | ચોખા | ૪,૪૦૦ / ૦૦ | ૯૨,૪૦૦ / ૦૦ |
| | અન્ય | ૫૫૦ / ૦૦ | ૨૨,૦૦૦ / ૦૦ |
| | **કુલ** | **૧૦,૧૫૦ / ૦૦** | **૨,૧૮,૪૦૦ / ૦૦** |
| ૨૦૨૧ | ઘઉં | ૮,૮૫૦ / ૦૦ | ૧,૪૧,૬૦૦ / ૦૦ |

- - - - - - - - -

**અમદાવાદ શહેરમાં રાષ્ટ્રીય અન્ન સલામતી યોજના હેઠળ લાભાર્થી કુટુંબો**

૪૧૮૮૯ **શ્રી કનુભાઈ પટેલ** (સાણંદ) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ અમદાવાદ શહેરમાં છેલ્લા એક વર્ષમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા હેઠળ કેટલા લાભાર્થી કુટુંબોને સમાવવામાં આવ્યા, અને

(૨) તેની જનસંખ્યા કેટલી છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિ◌ેએ અમદાવાદ શહેરમાં છેલ્લા એક વર્ષમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા હેઠળ ૨૯,૮૭૪ લાભાર્થી કુટુંબોને સમાવવામાં આવ્યા છે.

(૨) ૨૯,૮૭૪ લાભાર્થી કુટુંબોની જનસંખ્યા ૧,૩૨,૪૦૯ છે.

- - - - - - - - -

**ભાવનગર જિલ્લામાં રાષ્ટ્રીય અન્ન સલામતી યોજના હેઠળ લાભાર્થી કુટુંબો**

૪૧૮૮૫ **શ્રી કેશુભાઈ નાકરાણી** (ગારિયાધાર) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા હેઠળ કેટલા લાભાર્થી કુટુંબોને સમાવવામાં આવ્યા, અને

(૨) તેની જનસંખ્યા કેટલી છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિ◌ેએ ભાવનગર જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા હેઠળ ૧૬,૭૭૪ લાભાર્થી કુટુંબોને સમાવવામાં આવ્યા છે.

(૨) ૧૬,૭૭૪ લાભાર્થી કુટુંબોની જનસંખ્યા ૭૦,૪૦૧ છે.

- - - - - - - - -

**અમરેલી જિલ્લામાં રાષ્ટ્રીય અન્ન સલામતી યોજના હેઠળ લાભાર્થી કુટુંબો**

૪૧૮૯૦ **શ્રી જે. વી. કાકડિયા** (ધારી) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા હેઠળ કેટલા લાભાર્થી કુટુંબોને સમાવવામાં આવ્યા, અને

**જવાબ**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિ◌ેએ અમરેલી જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા હેઠળ ૧૧,૯૨૩ લાભાર્થી કુટુંબોને સમાવવામાં આવ્યા છે.

(૨) તેની જનસંખ્યા કેટલી છે ?

(૨) ૧૧,૯૨૩ લાભાર્થી કુટુંબોની જનસંખ્યા ૪૧,૮૪૭ છે.

- - - - - - - - -

**તાપી અને નવસારી જિલ્લામાં ગંગાસ્વરૂપા આર્થિક સહાય યોજના**

| | ૨૦૨૦-૨૧ | ૨૦૨૧-૨૨ | ૨૦૨૦-૨૧ | ૨૦૨૧-૨૨ |
| કલોલ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ |
| ગાંધીનગર | ૦૦ | ૦૦ | ૦૫ | ૦૦ |
| દહેગામ | ૦૦ | ૦૦ | ૦૨ | ૦૦ |
| માણસા | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ |

- - - - - - - - -

સભ્યશ્રીનું સસ્પેન્શન રદ કરવા અંગે

શ્રી શૈલેષ મ. પરમાર **(**વિપક્ષના ઉપનેતાશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, ૪થી માર્ચને શુક્રવારના દિવસે વિધાનસભા ગૃહમાં સરકારશ્રી દ્વારા શ્રી પુંજાભાઇ વંશને ૭ દિવસ માટે સસ્પેન્ડ કરવાનો જે પ્રસ્તાવ લાવવામાં આવ્યો હતો અને એને આપે અનુમતિ આપી હતી. ત્યારબાદ આપશ્રીને અમારા વિપક્ષના નેતા શ્રી સુખરામભાઇ અને અમારું ડેલિગેશન આપની ચેમ્બરમાં રૂબરૂ મળવા આવ્યું હતું અને આપને રજૂઆત પણ કરી હતી ૭ દિવસનું સસ્પેન્શન છે એને આપ સરકારને અપીલ કરો કે એ પાછું ખેંચે એવી વિનંતી પણ અમે આપને કરી હતી. આપે અમારા ડેલિગેશનને બાંહેધરી આપી હતી કે હું સરકાર અને મુખ્યમંત્રીશ્રી સાથે ચર્ચા કરીને આ અંગે યોગ્ય નિર્ણય થાય એવું ચોક્કસ આ દિશામાં વિચારીશ. આપના દ્વારા સરકારશ્રીને વિનંતી છે કે આજે આ અંગે યોગ્ય નિર્ણય લઇ અને એમની દરખાસ્ત પાછી ખેંચે.

શ્રી પંકજભાઇ વિ. દેસાઇ **(**મુખ્ય દંડકશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, વિરોધપક્ષના નેતા, ઉપનેતા, શ્રી પરેશભાઇ અને વિપક્ષના આગેવાનોએ માનનીય અધ્યક્ષશ્રી સમક્ષ શ્રી પુંજાભાઇ વંશના સસ્પેન્શન બાબતે પુનઃવિચારણા કરવા જે વિનંતી કરી છે અને ત્યારબાદ શાસક પક્ષ અને વિરોધ પક્ષ બન્નેએ આ બાબતે પરામર્શ કર્યો છે અને સર્વાનુમતિ સધાઇ છે. અમારા પક્ષના નેતા અને ભાઇશ્રી હર્ષભાઇએ પણ સંમતિ આપી છે કે શ્રી પુંજાભાઇ વંશનું સસ્પેન્શન આજથી રદ કરવામાં આવે. તદનુસાર હું પ્રસ્તાવ રજૂ કરું છું કે શ્રી પુંજાભાઇ વંશનું સસ્પેન્શન આજથી રદ કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

**પોઇન્ટ ઓફ ક્લેરિફિકેશન**

શ્રી કુબેરભાઇ ડીંડોર ( માનનીય રાજ્યકક્ષાના સંસદીય મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ક્લેરિફિકેશન છે. આપણી પ્રશ્નોત્તરીની ચર્ચામાં સભાગૃહના સન્માનનીય સભ્યશ્રી અશ્વિનભાઇ કોટવાલે કહ્યું કે આજે યુનેસ્કોએ જાહેર કરેલો આદિવાસી દિવસ છે. આજના દિવસે સાબરકાંઠા જિલ્લામાં વિજયનગર તાલુકાના દડવા વાવ મુકામે દેશને આઝાદી અપાવવા માટે ૭મી માર્ચ, ૧૯૨૨ના દિવસે મોતીલાલ તેજાવતના નેતૃત્વમાં સ્વાતંત્ર્ય સંગ્રામ જે થયો હતો એમાં ૧૨૦૦ જેટલા આદિવાસી સમાજના લોકોએ શહીદી વ્હોરી હતી. એટલે આજે ૧૦૦મી શ્રદ્ધાંજલિનો દિવસ છે. એટલે શ્રી અશ્વિનભાઇ કોટવાલે ગૃહની કાર્યવાહીમાં જે વાત મૂકી છે એ ૯મી ઓગસ્ટની વિશ્વ આદિવાસી દિવસની વાત મૂકી છે એ સુધારો કરવામાં આવે.

અધ્યક્ષશ્રી : માનનીય અશ્વિનભાઇ કોટવાલે જે વાત મૂકી એમાં ઓલરેડી એમણે ક્લેરિફિકેશન કર્યું છે અને એ સુધારો આપણે કરીએ છીએ.

શ્રી અશ્વિનભાઇ લ. કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પણ જાણું છું કે ૯મી ઓગસ્ટ એ વિશ્વ આદિવાસી દિવસ છે. મારો કહેવાનો ભાવાર્થ છે કે ૯મી ઓગસ્ટના દિવસે જ્યારે વિશ્વ આદિવાસી દિવસ મનાવવા જઇ રહ્યા છીએ ત્યારે આજે એને ૧૦૦ વર્ષ થયાં છે. દડવા વાવ ખાતે જે ૧૨૦૦ જેટલા લોકોએ શહીદી વ્હોરી હતી એ આદિવાસી તરીકે મેં ઉલ્લેખ કર્યો હતો. માનનીય મંત્રીશ્રીએ જે વાત મૂકી છે એની સાથે હું સંમત છું.

અધ્યક્ષશ્રી : એ શહીદોને આપણે સૌ શ્રદ્ધાંજલિ આપીએ.

**રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા(પહેલો દિવસ)**

**અધ્યક્ષશ્રી :** રાજ્યપાલશ્રીના સંબોધન માટે તારીખ ૨જી માર્ચ, ૨૦૨૨ના રોજ માનનીય સભ્યશ્રી રાકેશભાઇ શાહ તરફથી જે આભાર પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો છે અને જેને માનનીય સભ્યશ્રી અભેસિંહ તડવીએ અનુમોદન આપ્યું છે તે આ પ્રમાણે છે.

રાજ્યપાલશ્રીને નીચે મુજબનો સંદેશો પાઠવવો-

'' અમો, આ સત્રમાં એકત્ર થયેલા ગુજરાત વિધાનસભાના સભ્યો, રાજ્યપાલશ્રીએ આ સભાગૃહ સમક્ષ કરેલા સંબોધન બદલ તેમનો આભાર માનીએ છીએ.''

હવે માનનીય સભ્યશ્રીઓ પોતાના સુધારા એક પછી એક રજૂ કરે.

( આ તબકકે માનનીય સભ્યશ્રી વિરજીભાઇ કુમ્મર, શ્રી અંબરીશભાઇ ડેર અને શ્રી પ્રતાપભાઇ દુધાતે ઉભા થઇને પ્લે કાર્ડ બતાવતા)

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : માનનીય અધ્યક્ષશ્રી, મારા જિલ્લામાં રેતી અને માટી માટે બહુ મોટા આંદોલનો થઇ રહ્યા છે.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી વિરજીભાઇ, પ્લીઝ આપ બેસો. આપણો બીજો પ્રશ્ન આભાર પ્રસ્તાવની ચર્ચા શરૂ થઇ ગઇ છે. આપ રુબરુ આવીને મારી સાથે વાત કરી લેજો. કંઇપણ હશે તો આપણે બેસીને ચર્ચા કરી લઇશું. (અંતરાય) (સતત અંતરાય) આપ આવજો. રુબરુ ચર્ચા આપણે કરી લઇશું મારી ચેમ્બરમાં આવજો. પ્લીઝ, એની ચર્ચા અત્યારે ન હોય. આવો કોઇ પોઇન્ટ ઓફ ઓર્ડર બનતો નથી. ગૃહનું કામ ચાલુ છે.

શ્રી પંકજભાઇ વિ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, સભાગૃહમાં કોઇપણ સભ્યશ્રી દ્વારા આવા પ્રકારનું પ્રદર્શન ગૃહની હદમાં કરી શકાતું નથી આથી ત્રણેય સભ્યશ્રીઓને જરૂરી સૂચના આપવા વિનંતી.

અધ્યક્ષશ્રી : માનનીય વિરજીભાઇ, અહીંયા ગૃહની અંદર આપ સૌ  નિયમો જાણો છો. છતાં પણ આવી રીતે અહીંયા પોસ્ટરો લઇને આવીને પ્રદર્શિત કરો છો એ આપના જેવા સિનિયર સભ્ય માટે યોગ્ય નથી અને ફરીથી કયારેય પણ તમારા દ્વારા આવી રજૂઆતો ન થાય એના માટે હું આપને સૂચના આપું છું. નેકસ્ટ.

**રાજ્યપાલશ્રીના સંબોધન ઉપરના સુધારા**

શ્રીમતી ગેનીબેન ન. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો નીચે મુજબનો  સુધારા ક્રમાંક-૧ રજૂ કરું છું.

" રાજયમાં ગરીબ પરિવારો, મહિલાઓને રંજાડતા તત્વોને નાથવા માટે ગુજસીટોક, લેન્ડ ગ્રેબિંગ, ગુંડા નાબૂદી જેવા નવીન કાયદાઓ અમલમાં હોવા છતાં તેના અસરકારક અમલીકરણ બાબતનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી."

સુધારા ક્રમાંક-૧ રજૂ કરવામાં આવ્યો.

શ્રી ગુલાબસિંહ પી. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો નીચે મુજબનો સુધારા ક્રમાંક-૨ રજૂ કરું છું.

" એકલવ્ય મોડેલ રેસીડેન્શિયલ સ્કૂલ અને ગર્લ્સ લિટરસી રેસિડેન્શિયલ સ્કૂલમાં કેટલા વિદ્યાર્થી- વિદ્યાર્થીનીઓ અભ્યાસ કરે છે. તે બાબતનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી. "

સુધારા ક્રમાંક - ૨ રજૂ કરવામાં આવ્યો.

શ્રી નથાભાઇ હે. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો નીચે મુજબનો સુધારા ક્રમાંક-૩ રજૂ કરું છું.

"સન ૨૦૨૦-૨૧ દરમિયાન રાજયના વીજ મથકો દ્વારા ૨૦૯૪૮ મિલિયન યુનીટસ વીજ ઉત્પાદન હાંસલ કરાયું છતાં પણ ખાનગી વીજ કંપનીઓ પાસેથી શા માટે વીજળી ખરીદવામાં આવે છે, તે બાબતનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી. "

સુધારા ક્રમાંક - ૩ રજૂ કરવામાં આવ્યો.

શ્રી કાન્તિભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો નીચે મુજબનો સુધારા ક્રમાંક-૪ રજૂ કરું છું.

" કોરોના કાળમાં ખાનગી કન્સ્ટ્રકશન પ્રોજેકટમાં કુલ કેટલા શ્રમયોગીઓ કામ કરતા હતા અને કેટલા શ્રમયોગીઓ તેમના વતન ગયા અને કેટલા પરત નથી આવ્યા, તે બાબતનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી. "

સુધારા ક્રમાંક - ૪ રજૂ કરવામાં આવ્યો.

શ્રી ચંદનજી ત. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો નીચે મુજબનો સુધારા ક્રમાંક -૮ રજૂ કરું છું.

"ગુજરાતમાં વખતોવખત ખાસ કાર્યક્રમો, અભિયાનો તથા યોજનાઓ દ્વારા વંચિત સમુદાયના લોકોનું જીવનધોરણ ઉંચું લાવવાના કરેલ પ્રયાસોથી કેટલા લોકોનું જીવનધોરણ ઉંચું લાવવામાં આવ્યું તે બાબતનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી. "

સુધારા ક્રમાંક -૮ રજૂ કરવામાં આવ્યો.

શ્રી ભરતજી સો. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો નીચે મુજબનો સુધારા ક્રમાંક - ૯ રજૂ કરું છું.

"બનાસકાંઠા જિલ્લાના પાલનપુર ખાતે બિનચેપી રોગોના સ્ક્રિનિંગથી સારવાર સુધીની સેવાઓ તદ્દન નિઃશૂલ્ક પૂરી પાડવાનો શુભારંભ કરેલ છે જેનો રાજયના અન્ય જિલ્લાઓમાં કયારથી શુભારંભ કરવામાં આવશે તે બાબતનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી. "

સુધારા ક્રમાંક - ૯ રજૂ કરવામાં આવ્યો.

## રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા(પહેલો દિવસ)

શ્રી અશ્વિનભાઇ લ. કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો નીચે મુજબનો સુધારા ક્રમાંક - ૧૦ રજૂ કરું છું.

" નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ માટે વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત કરેલ નાણાકીય જોગવાઈ અંતર્ગત આજદિન સુધીમાં કેટલો ખર્ચ થયો તે બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી. "

સુધારા ક્રમાંક - ૧૦ રજૂ કરવામાં આવ્યો.

શ્રી જશુભાઇ શી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો નીચે મુજબનો સુધારા ક્રમાંક - ૧૧ રજૂ કરું છું.

"વર્ષ ૨૦૨૧-૨૨ દરમિયાન જાન્યુઆરી-૨૦૨૨ સુધીમાં કુલ ૫૬ લાખ બાળકોમાંથી ૨૪.૮૦ લાખ બાળકોને ફિલ્ડ વર્કર મારફતે સ્ક્રિનિંગ કરી સુપોષિત કરવામાં આવ્યા, પરંતુ બાકી રહેલા બાળકોને કેટલા સમયમાં સુપોષિત કરવામાં આવશે તે બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી. "

સુધારા ક્રમાંક - ૧૧ રજૂ કરવામાં આવ્યો.

ડો. સી. જે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો નીચે મુજબનો સુધારા ક્રમાંક - ૧૨ રજૂ કરું છું.

" વતનપ્રેમ યોજના અંતર્ગત  દાતાઓ તરફથી કુલ કેટલી રકમનું દાન મળ્યું તે બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી. "

સુધારા ક્રમાંક - ૧૨ રજૂ કરવામાં આવ્યો.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો નીચે મુજબનો સુધારા ક્રમાંક - ૧૩ રજૂ કરું છું.

" પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) અંતર્ગત ૮.૬૧ લાખ આવાસોના આયોજન સામે ૫.૭૨ લાખ જેટલા આવાસોની કામગીરી પૂર્ણ થયેલ છે. પરંતુ બાકી રહેલા આવાસોની કામગીરી કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે તે બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી. "

સુધારા ક્રમાંક - ૧૩ રજૂ કરવામાં આવ્યો.

શ્રી લાખાભાઈ ભી. ભરવાડ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો નીચે મુજબનો સુધારા ક્રમાંક - ૧૪ રજૂ કરું છું.

"ધો. ૯થી ૧૨ના અભ્યાસક્રમોમાં પ્રાકૃતિક ખેતી વિષય દાખલ કરવાનો નવતર પ્રયોગ અને સર્જનાત્મક પહેલ ક્યારથી શરૂ કરવામાં આવી તે બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી. "

સુધારા ક્રમાંક - ૧૪ રજૂ કરવામાં આવ્યો.

શ્રી ઇમરાન યુ. ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો નીચે મુજબનો સુધારા ક્રમાંક - ૧૫ રજૂ કરું છું.

" સ્માર્ટ સિટી  મિશન અંતર્ગત ૩૩૯ પ્રોજેક્ટ પૈકી ૨૧૨ પ્રોજેક્ટ પૂર્ણ થયા છે પરંતુ બાકીના પ્રોજેક્ટ કેટલા સમયમાં પૂર્ણ થશે તે બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી.           "

સુધારા ક્રમાંક - ૧૫ રજૂ કરવામાં આવ્યો.

શ્રી શૈલેષ મ. પરમાર: માનનીય અધ્યક્ષશ્રી, હું મારો નીચે મુજબનો સુધારા ક્રમાંક - ૧૬ રજૂ કરું છું.

"રોજગાર ભરતી અંતર્ગત સામાન્ય વહીવટ વિભાગ દ્વારા સમયબદ્ધ ભરતીનું આયોજન કરવામાં આવ્યું પરંતુ કેટલીક ભરતીઓમાં પરીક્ષાના પેપરો ફુટવા, પરીક્ષાઓ રદ કરવી અને ફરીથી પરીક્ષાઓ લેવાના નિર્ણયો ભવિષ્યમાં ન બને તે માટે સરકારે લીધેલાં પગલાં બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી. "

સુધારા ક્રમાંક - ૧૬ રજૂ કરવામાં આવ્યો.

શ્રી ઋત્વિકભાઇ લ. મકવાણા :  માનનીય અધ્યક્ષશ્રી, હું મારો નીચે મુજબનો સુધારા ક્રમાંક - ૧૭ રજૂ કરું છું.

" પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના અન્વયે અન્ન સલામતી કાયદા હેઠળ કેટલા રેશનકાર્ડ બંધ કરી દેવાયા છે તે બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી. "

સુધારા ક્રમાંક - ૧૭ રજૂ કરવામાં આવ્યો.

શ્રી લલીતભાઇ કગથરા :માનનીય અધ્યક્ષશ્રી, હું મારો નીચે મુજબનો સુધારા ક્રમાંક - ૧૮ રજૂ કરું છું.

" ખેડૂતોને સ્માર્ટ ફોન ખરીદીમાં સહાય આપવા અંતર્ગત કુલ કેટલા ખેડૂતોને આવી સહાય આપવામાં આવશે કે અપાઇ તે બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી. "

સુધારા ક્રમાંક - ૧૮ રજૂ કરવામાં આવ્યો.

શ્રી મહમદજાવીદ અ. પીરઝાદા :  માનનીય અધ્યક્ષશ્રી, હું મારો નીચે મુજબનો સુધારા ક્રમાંક - ૧૯ રજૂ કરું છું.

" સરકાર દ્વારા મહિલાલક્ષી યોજનાઓ માટે કેટલી નાણાકીય ફાળવણી કરવામાં આવી અને તેમાંથી કેટલી રકમ વપરાઇ તે બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી. "

સુધારા ક્રમાંક - ૧૯ રજૂ કરવામાં આવ્યો.

શ્રી પ્રવિણભાઇ ન. મુસડિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો નીચે મુજબનો સુધારા ક્રમાંક -૨૦ રજૂ કરું છું.

" પંડિત દીનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના અંતર્ગત કુલ કેટલા લાભાર્થીઓએ આવાસ સહાય માટે અરજીઓ કરી તે બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી. "

સુધારા ક્રમાંક -૨૦ રજૂ કરવામાં આવ્યો.

તા. ૭મી માર્ચ ૨૦૨૨

રાજયપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા(પહેલો દિવસ)

શ્રી હર્ષદકુમાર મા. રીબડિયા : : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો નીચે મુજબનો સુધારા ક્રમાંક -૨૨ રજૂ કરું છું.

" તાઉ-તે વાવાઝોડામાં પશુપાલકો પશુઓ અને માછીમારોનું સમયસર સ્થળાંતર કરવામાં આવ્યું પરંતુ કેટલી જાનહાનિ થઈ તે બાબતનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી. "

સુધારા ક્રમાંક - ૨૨ રજૂ કરવામાં આવ્યો.

શ્રી બાબુભાઇ કા. વાજા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો નીચે મુજબનો સુધારા ક્રમાંક- ૨૩ રજૂ કરું છું.

'' માછીમારી કરતી બોટોમાં માછીમારોની સુરક્ષા માટે લાઇફ સેવિંગ જેકેટ, જી.પી.એસ.જેવાં સાધનો પૂરાં પડાય છે, પરંતુ પાકિસ્તાન મરીન દ્વારા થતા માછીમારોના અપહરણને રોકવા સરકારે લીધેલાં પગલાં બાબતો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.''

સુધારા ક્રમાંક-૨૩ રજૂ કરવામાં આવ્યો.

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો નીચે મુજબનો સુધારા ક્રમાંક- ૨૪ રજૂ કરું છું.

'' રાજ્યમાં રોજગારીની ઉજવળ તકો અંતર્ગત ખાનગી કે સરકારી કેવા પ્રકારની રોજગારી ઉભી કરાઇ, તે બાબતનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.''

સુધારા ક્રમાંક-૨૪ રજૂ કરવામાં આવ્યો.

શ્રી ભગાભાઇ ધા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો નીચે મુજબનો સુધારા ક્રમાંક- ૨૫ રજૂ કરું છું.

'' તાઉ-તે વાવાઝોડાના કારણે ખેતી અને બાગાયત પાકોમાં કુલ કેટલું નુકસાન થયું, તે બાબતનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી. ''

સુધારા ક્રમાંક-૨૫ રજૂ કરવામાં આવ્યો.

શ્રી મોહનલાલ મા. વાળા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો નીચે મુજબનો સુધારા ક્રમાંક- ૨૬ રજૂ કરું છું.

'' શિક્ષણ સહાય યોજના હેઠળ નોંધાયેલા બાંધકામ શ્રમિકોના બે બાળકોને સહાય અંતર્ગત કુલ કેટલા બાળકોને આ સહાયના લાભો અપાયા, તે બાબતનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી. ''

સુધારા ક્રમાંક-૨૬ રજૂ કરવામાં આવ્યો.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો નીચે મુજબનો સુધારા ક્રમાંક- ૨૮ રજૂ કરું છું.

'' પંચાયત વિભાગની વિવિધ ૧૭ સંવર્ગની ભરતી પ્રક્રિયા કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે, તે બાબતનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી. ''

સુધારા ક્રમાંક-૨૮ રજૂ કરવામાં આવ્યો.

શ્રી પ્રતાપ દુધાત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો નીચે મુજબનો સુધારા ક્રમાંક- ૨૯ રજૂ કરું છું.

'' રાજયના ખેડૂતોને પાક સંગ્રહ સ્ટ્રકચર બનાવવા મુખ્યમંત્રી પાક સંગ્રહ સ્ટ્રકચર યોજના અંતર્ગત કુલ કેટલા ખેડૂતોને આ સહાય ચૂકવાઇ તે બાબતનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી. ''

સુધારા ક્રમાંક-૨૯ રજૂ કરવામાં આવ્યો.

શ્રી અંબરીશભાઇ ડેર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો નીચે મુજબનો સુધારા ક્રમાંક- ૩૦ રજૂ કરું છું.

''નારી અદાલતોમાં કુલ કેટલા કેસોનો નિકાલ બાકી છે તે બાબતનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી. ''

સુધારા ક્રમાંક-૩૦ રજૂ કરવામાં આવ્યો.

શ્રી પુનમભાઇ મા. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો નીચે મુજબનો સુધારા ક્રમાંક- ૩૧ રજૂ કરું છું.

'' કુપોષણ મુકત ગુજરાત અભિયાન અંતર્ગત ૨૦૨૧-૨૨ના વર્ષમાં કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો તે બાબતનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી. ''

સુધારા ક્રમાંક-૩૧ રજૂ કરવામાં આવ્યો.

શ્રી અજીતસિંહ પ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો નીચે મુજબનો સુધારા ક્રમાંક- ૩૨ રજૂ કરું છું.

'' હળપતિ જાતિના લાભાર્થીઓ માટે મકાનોના લક્ષ્યાંકો સામે કેટલા લાભાર્થીઓને મકાન અપાયા, બાકીના મકાનોની કામગીરી કયારે પૂર્ણ થશે તે બાબતનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી. ''

સુધારા ક્રમાંક-૩૨ રજૂ કરવામાં આવ્યો.

શ્રી વજેસિંગભાઇ પા. પણદા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો નીચે મુજબનો સુધારા ક્રમાંક- ૩૩ રજૂ કરું છું.

'' આદિજાતિઓના સર્વાંગી વિકાસ માટેની વનબંધુ યોજના અંતર્ગત કેટલાં કામો હાથ ધરાયા, તે પૈકી કેટલા પૂર્ણ થયા અને તે પાછળ કેટલો ખર્ચ થયો તે બાબતનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી. ''

સુધારા ક્રમાંક-૩૩ રજૂ કરવામાં આવ્યો.

શ્રી મોહનસિંહ છો. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો નીચે મુજબનો સુધારા ક્રમાંક- ૩૪ રજૂ કરું છું.

'' આદિવાસીઓની વન અધિકાર અધિનિયમ-૨૦૦૬ અન્વયે કુલ કેટલા દાવાઓની અરજીઓ મળી, તે બાબતનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી. ''

સુધારા ક્રમાંક-૩૪ રજૂ કરવામાં આવ્યો.

રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા(પહેલો દિવસ)

શ્રી સંજયભાઇ જે. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો નીચે મુજબનો સુધારા ક્રમાંક- ૩૬ રજૂ કરું છું.

'' સરદાર સરોવર બંધનું કામ પૂર્ણ થયું, પરંતુ નાની મોટી સબ કેનાલોના કામો કયાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે, તે બાબતનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી. ''

સુધારા ક્રમાંક-૩૬ રજૂ કરવામાં આવ્યો.

શ્રી પુનાભાઇ ઢે. ગામિત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો નીચે મુજબનો સુધારા ક્રમાંક- ૩૭ રજૂ કરું છું.

'' 'કૌશલ્યા' ધી સ્કીલ યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવેલ છે પરંતુ તે કયારથી કાર્યરત થશે તે બાબતનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.''

સુધારા ક્રમાંક-૩૭ રજૂ કરવામાં આવ્યો.

શ્રી સુનિલભાઇ ર. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો નીચે મુજબનો સુધારા ક્રમાંક- ૩૮ રજૂ કરું છું.

'' વ્હાલી દીકરી યોજના અંતર્ગત કુલ કેટલી રકમની સહાય અપાઇ તે બાબતનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.''

સુધારા ક્રમાંક-૩૮ રજૂ કરવામાં આવ્યો.

શ્રી રાકેશભાઇ જ. શાહ(એલીસબ્રિજ): માનનીય અધ્યક્ષશ્રી, નમસ્કાર. આ મહામહીમ્ રાજ્યપાલશ્રીએ સભાગૃહ સમક્ષ કરેલ સંબોધન બદલ તેમનો આભાર માનવાની મને જે તક મળી છે એ બદલ પક્ષના નેતા અને સન્માનનીય સી.એમ. સાહેબ તથા સભાગૃહના મારા સાથી સભ્યોનો હ્રદયપૂર્વક આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, જોગાનુજોગ આપણે સૌ જાણીએ છીએ કે આ આઝાદીનું ૭૫મું વર્ષ એટલે કે આઝાદીનો અમૃત મહોત્સવ આપણે સૌ ઉજવી રહ્યા છીએ. જે આઝાદી મેળવવામાં જે લોકોના સ્વજનોનો અમૂલ્ય ફાળો હતો. તે તમામ સ્વાતંત્ર્ય સેનાની પૂજ્ય મહાત્મા ગાંધીજી હોય, આદરણીય લોહપુરુષ સરદાર વલ્લભભાઇ પટેલ, પૂજ્ય રવિશંકર મહારાજ નામી અનામી તમામ સ્વાતંત્ર્ય સેનાનીનો હું હ્રદયપૂર્વક આભાર માનું છું અને શ્રદ્ધાપૂર્વક નમન કરું છું. સાથે સાથે હું અભિનંદન આપુ છું ગુજરાતના નાણામંત્રી કનુભાઇએ બે દિવસ પહેલાં વર્ષ ૨૦૨૨-૨૩ નું રૂપિયા ૨ લાખ ૪૩ હજાર કરોડથી વધુ રકમનું બજેટ રજૂ કર્યું છે. આપના બજેટથી ગુજરાતના વિકાસની ગતિને વધુ વેગ મળવાનો છે. આ જનજનને સ્પર્શતું બજેટ સમૃદ્ધ ગુજરાતના સ્વપ્નને સાકાર કરતા બજેટને હું આવકારું છું. જ્યારે ગુજરાતની વાત આવે છે ત્યારે શાંતિ, સલામતિ, સમૃદ્ધિની તો વાત આવે છે, પણ છેલ્લા ઘણા સમયથી અઢી દાયકાથી ભાજપનું શાસન એટલે ગુજરાતની વાત આવે, એટલે સુશાસનની વાત આવે છે. એ ભૂલી ન શકાય. (અંતરાય) ના જ ભૂલી શકાય. ૨૫ વર્ષથી થાય છે. એનો શ્રેય અગર કોઇને જાય છે તે(અંતરાય) મને બોલવાતા નહિ. મારા વતી નામ નીકળશે તો તમને તકલીફ થવાની છે. એનો શ્રેય કુશળ દીર્ઘદ્રષ્ટીપૂર્ણ આદરણીય આજના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી તત્કાલીન મુખ્યમંત્રી હતા ત્યારથી આ વિકાસનો પાયો નાખ્યો છે. એના ઉપર પૂર્વ મુખ્યમંત્રીશ્રી આનંદીબેન પટેલ હોય, શ્રી વિજયભાઇ રૂપાણી સાહેબ હોય, શ્રી નીતિનભાઇ પટેલ કે આજના મુખ્યમંત્રી આદરણીય ભૂપેન્દ્રભાઇ હોય એક સુંદર ઇમારત રચવા જઇ રહ્યા છે. આપણે સૌ જોઇ રહ્યા છીએ. જે રીતે નામદાર રાજ્યપાલે તેમના પ્રવચનની વિગતો આપણી સમક્ષ મૂકી હતી. એનો આભાર પ્રસ્તાવમાં વિગતોમાં અમુક વિગતો ઉંડીને આંખે વળગે છે. એમાં ઉલ્લેખ કર્યો છે કે જે રીતે આંતરરાષ્ટ્રીય ઘટનાઓ એમાં આંતકવાદ વકરી રહ્યો છે. આદરણીય નરેન્દ્રભાઇ ગુજરાતના મુખ્યમંત્રી હતા, ત્યારથી આંતકવાદ વિરોધી કૃત્યોને, આવું કામ કરનાર લોકોને એક પડકાર ફેક્યો હતો. મને યાદ છે, હું અમદાવાદ શહેરમાંથી આવું છું. ૨૦૦૮ની ૨૬મી જુલાઇ અમદાવાદ શહેર અને રાજ્ય માટે ઘોર કાળો દિવસ હતો. મહાનગરના ભીડભાડવાળા વિસ્તારોમાં શ્રેણીબદ્ધ બોંબ ધડાકાથી શહેર ગુંજી ઉઠ્યું હતું, રક્તરંજિત થઇ ચૂક્યું હતું. ઓહો.. નહીં મિત્રો એ દિવસ જોયા હોત તો તમને ખ્યાલ આવ્યો હોત. આજે અહીં બેઠેલા બે મહાનુભાવોને યાદ કરું છું. આજના કેબિનેટ મંત્રીશ્રી પ્રદીપભાઇ પરમાર અને આ આતંકવાદીઓએ એ વિસ્તારને ન્હોતો છોડ્યો કે જયાં રુગ્ણાલય હોય, હોસ્પિટલ હોય, સિવિલ હોસ્પિટલ કે જયાં આ આતંકવાદી ઘટનામાં ૫૦થી વધારે એટલે કે ૫૬ લોકો માર્યા ગયા હતા અને ૨૫૦ લોકો ઘાયલ થયા હતા તેમની સેવા કરવા માટે તે ગયા હતા. તે પોતે પણ તેનો ભોગ બન્યા હતા. તેમની નજર સમક્ષ પણ તેમણે મોતને જોયું હતું.

શ્રી પ્રતાપ દુધાત : (બેઠાબેઠા ) સરકાર કોની હતી?

શ્રી રાકેશભાઇ જ. શાહ : માનનીય અધ્યક્ષશ્રી, આતંકવાદીઓને પકડવાના... સરકાર કોની હતી નહીં. તમારા શાસનમાં શું થયું હતું તેની તમને ખબર હોવી જોઇએ. શ્રી પ્રતાપ, મિત્ર તારી બેસી બેસીને ચર્ચા કરવાની જે ચેષ્ટા છે, માનનીય અધ્યક્ષ સાહેબ આપને એક વિનંતી કરું છું કે, આ પ્રકારની વાતો ન કરે. ઇતિહાસ ખોલીશું તો તમારા શાસનમાં શું શું થયું હતું તેની નોંધ નીકળશે.

અધ્યક્ષશ્રી : બેઠા બેઠા કોઇએ પણ કોમેન્ટ કરવી નહીં.

શ્રી રાકેશભાઇ જ. શાહ : આતંકવાદીઓને બિરિયાની કોણ ખવડાવતું હતું ત્યાં? તે સમગ્ર દેશને ખબર છે.

અધ્યક્ષશ્રી : શ્રી રાકેશભાઇ આપ ક્રોસટોક નહીં કરીને આપનું પ્રવચન ચાલુ રાખો. મેં એમને સૂચના આપી છે. બેઠા બેઠા કોઇપણ કોમેન્ટ ના કરો.

શ્રી રાકેશભાઇ જ. શાહ : માનનીય અધ્યક્ષ મહોદય, આતંકવાદ જેવી ઘટનાની ચર્ચા થતી હોય ત્યારે આવી કોમેન્ટો કરવાની? તેના જનેતા કોણ છે? તમે લોકો જ છો. મારે તો માત્ર એટલું જ કહેવું છે કે, તે શ્રી પ્રદીપભાઇ પરમાર હોય કે આજના

પૂર્વ ગૃહ રાજ્યમંત્રીશ્રી પદીપસિંહ જાડેજા હોય. શ્રી પ્રદીપસિંહની તો ઓળખાણ જ સિવિલના એક કાર્યકર્તા તરીકેની હતી. તે પોતે પણ તે વખતે હાજર હતા. હું વાત એ કહેવા માગતો હતો કે, તે આતંકવાદીઓના જે બદઈરાદા હતા તેમને તે વખતે મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ હોય અને પૂર્વ ગૃહ રાજ્યમંત્રી આદરણીય અમિતભાઇએ પાતાળમાંથી શોધી કાઢ્યા હતા અને તેમને જવાબ આપ્યો હતો. ગુજરાત જ નહીં પણ સમગ્ર દેશમાં આતંકવાદી પ્રવૃતિઓ ના થવી જોઇએ, તેના માટે પોલીસની વિશેષ ટીમો બનાવી હતી. તેના માટે વિશેષ અદાલતો બનાવી, તે બધા કેસની ટ્રાયલ ચાલી અને અંતે ૪૯ આરોપીઓને જ્યારે સજા ફરમાવી ત્યારે તેમાંથી ૩૮ લોકોને ફાંસીની સજા અને ૧૧ આરોપીઓને મૃત્યુદંડની જોગવાઇ કરવામાં આવી હતી. આ ઐતિહાસિક ચુકાદાએ સિદ્ધ કરી બતાવ્યું છે કે, રાષ્ટ્ર વિરોધી પ્રવૃતિ તે ગુજરાતમાં હોય કે દેશમાં હોય આ સરકાર સાંખી લેવા માગતી નથી. આ તબક્કે ગુજરાતની જાબાંઝ પોલીસ ટીમને અભિનંદન આપું છું. ગત વર્ષની મહામહિમ રાજ્યપાલશ્રીએ વાત કરીને આપણી સમક્ષ જે પ્રવચન મૂક્યું છે તેમાં તેમણે કોરોનાની વૈશ્વિક મહામારી તરફ આપણું ધ્યાન દોર્યું છે. હું એટલા માટે એ મહામારીને યાદ કરું છું કે તે સમયે સમગ્ર દેશ અને દુનિયામાં આ મહામારી ફેલાઇ હતી. ત્યારે ગુજરાત અને દેશમાં, ગુજરાતમાં મુખ્યમંત્રી અત્યારે આદરણીય ભૂપેન્દ્રભાઇ છે અને તે વખતે શ્રી વિજયભાઇ રૂપાણીની સરકાર હતી. તેમાં જે જે કામગીરી થઇ છે તેમાં મફત રસીકરણ, સમગ્ર દેશ અને દુનિયામાં જ્યાં રસીકરણ થયું ન્હોતું તે પહેલાં ગુજરાતમાં કામગીરી થઇ છે. જે રીતે આંકડાકીય માહિતી છે તેમાં ૧૮ વર્ષથી ઉપરના ૯૯.૦૩ ટકા લોકોએ પ્રથમ ડોઝ લઇ લીધો છે. માત્ર ૦.૦૭ ટકા લોકો જ બાકી છે. તે પછી બીજો ડોઝ ૯૫.૦૫ ટકા લોકોએ નિયત સમયમાં લઇ લીધો છે. ૮ કોર્પોરેશન, ૧૦ જિલ્લા અને ૧૭ હજાર ગામડામાં તો પ્રથમ ડોઝ સો ટકા પૂર્ણ થઇ ગયો છે. હું એટલા માટે કહું છું કે, સમગ્ર વિશ્વના મોટા મોટા દેશોમાં રસીકરણમાં સમસ્યાઓ ઉભી થતી હતી. ત્યારે ગુજરાતનું નેતૃત્વ અને ગુજરાતના આરોગ્યમંત્રી અને તેમની ટીમે જે કામગીરી કરી છે તેને કાબિલે તારીફ છે. વિકસિત દેશોની સરખામણીમાં ગુજરાતે કામ કર્યું છે. હું આ તબકકે એક વિગત એટલા માટે ટાંકવા માગું છું કે, યુ.એન.મહેતા ઇન્સ્ટિટ્યૂટ ઓફ કાર્ડિયોલોજી રિસર્સ સેન્ટર જે કોવિડની કામગીરી કરતું હતું તેને આ કોવિડ-૧૯ દરમ્યાન એક્સલન્સ ઇન હોસ્પિટલ મેનેજમેન્ટ ઇકોનોમિક ટાઇમ્સ હેલ્થ કેરનો એવોર્ડ મળ્યો છે. તેના ઉપરથી જ આપણને ખબર પડી શકે કે કોવિડના સમયમાં આ સરકારે શું શું કામગીરી કરી છે. મેં વાત કરી કે, સુશાસન અને અઢી દાયકાથી જ્યારે રાજ કરતા હોય ત્યારે સુશાસન એ ગુજરાતનો પર્યાય થઇ ચૂક્યો છે. આઝાદી મળી ત્યારે નાગરિકોને કલ્પના હતી કે સુશાસન મળશે, પણ દુઃખ સાથે કહેવું પડશે કે ત્યારે નાગરિકોને સ્વરાજ્ય તો મળ્યું હતું પણ સુરાજ્ય ન્હોતું મળ્યું. સમય જતો ગયો અને અટલજીની સરકાર આવી કે પછી વર્ષ ૨૦૧૪થી માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીની સરકાર આવી ત્યારે એક સુશાસનનો અહેસાસ આ દેશે કર્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું એટલા માટે આ ઘટનાને અને સુશાસનની વ્યવસ્થાને યાદ કરું છું કે, જ્યારે દેશના તમામ રાજ્યો વચ્ચે સુશાસનની સ્પર્ધાનો એક સૂચકાંક બન્યો છે જેમાં ગુજરાત દેશમાં પ્રથમ નંબરે રહ્યું છે જે ગુજરાત માટે ગૌરવની વાત છે. આ સરકારે ગુડ ગવર્નર્સ દ્વારા મીનીમમ ગવર્મેન્ટ અને મેક્સિમમ ગવર્નન્સ આપી અને પ્રજાની અપેક્ષા ઉપર ખરી ઉતરી અને પૂરતી નિષ્ઠાથી ગુજરાતની સરકારે કામ કર્યું છે. એના સુશાનની વાત કરું તો સુશાનનો તાજો જ દાખલો જોઇએ તો અત્યારે જે રશિયા અને યુક્રેનનું યુદ્ધ ચાલી રહ્યું છે આપણે સૌ એનાથી માહિતગાર છીએ. યુદ્ધ એની ચરમસીમા પર છે ત્યારે યુક્રેનમાં વસતા ગુજરાતી હોય કે ભારતીય હોય એ નાગરિક હોય, વિદ્યાર્થી કે વિદ્યાર્થિની હોય એમને પોતાના વતનમાં પરત લાવવા માટે દુનિયાના કોઇ પણ દેશ કરતા જો શ્રેષ્ઠ કામગીરી કરી હોય તો દેશના વડા પ્રધાન આદરણીય નરેન્દ્રભાઇ મોદીએ કરી છે અને નાગરિકો પરત આવી પણ રહ્યા છે. મને યાદ આવે છે એ દિવસો કે જ્યારે વડા પ્રધાન વિદેશના પ્રવાસે જતા હતા ત્યારે સામેવાળા મશ્કરી કરતા હતા કે વિદેશમાં જાય છે. દિલ્હીમાં આવે ત્યારે એમ કહે કે ભારતના પ્રવાસે આવ્યા છે. એજ એમનો પ્રવાસ, એજ એમના સંબંધો આજે કામ આવ્યા છે. જે દીકરો કે દીકરી યુક્રેનથી પાછા આવ્યા છે એને પૂછી લેજો કે આદરણીય વડા પ્રધાનના પ્રયત્નોથી એ પોતાના ઘરે હેમખેમ પરત ફરી રહ્યા છે. તમે એની સરખામણી કરો છો? તમારા સમયમાં જે તે સમયે વડા પ્રધાનને કોઇ પૂછતું પણ ન હતું. ખૂણામાં ઉભા રાખતા હતા ખૂણામાં, આમ તો કહી શકાય કે •(xxx) આજે એક સંબંધોએ સમગ્ર વિશ્વના વડાઓએ નરેન્દ્રભાઇના પ્રયત્નોને બિરદાવ્યા છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય શ્રી રાકેશભાઇ, આપ આવા શબ્દો વાપરી શકતા નથી આપના આ શબ્દો હું રેકોર્ડ ઉપરથી દૂર કરું છું. (અંતરાય) મેં રેકોર્ડ ઉપરથી શબ્દો દૂર કર્યા છે.

શ્રી રાકેશભાઇ જ. શાહ : કોઇના માન સન્માનની ચર્ચા થાય છે. દેશના વડાપ્રધાન વિદેશ જતા હતા ત્યારે તમે બોલતા હતા ત્યારે અપમાન નહોતું થતું? (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય રાકેશભાઇ, ક્રોસટોક નથી કરવાની, આપનું પ્રવચન કરો. મેં આપને કહી દીધું છે કે, આપ જે બોલ્યા એ શબ્દો હું રેકોર્ડ ઉપરથી દૂર કરું છું. માનનીય સભ્યશ્રી આપ બેસો. શ્રી વિક્રમભાઇ, આપ બેસો. શબ્દો રેકોર્ડ ઉપરથી દૂર કર્યા છે.

શ્રી રાકેશભાઇ જ. શાહ : માનનીય અધ્યક્ષશ્રી, મારી કહેવાની વાત એટલી જ હતી કે જ્યારે દેશના વડા પ્રધાન વિદેશ પ્રવાસે જતા હતા ત્યારે એમના માટે જે ભાષા વાપરતા હતા ત્યારે અપમાન યાદ નહોતું આવતું? માનનીય અધ્યક્ષશ્રી, હું એટલા

• માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

માટે સુશાનની વાત કરું છું કે, ત્રિરંગાનું માન સન્માન સમગ્ર વિશ્વએ જોયું હોય તો આ શ્રી નરેન્દ્રભાઇના નેતૃત્વમાં જોયું છે. જે રીતે યુક્રેનની સમસ્યા થઇ છે ત્યાંના વડાઓ સાથે સંપર્ક કરી જરૂરી ફ્લાઇટો વધારી વધુમાં વધુ લોકો પરત આવી જાય એના માટેના પ્રયત્નો કર્યા છે ત્યારે એનો હૃદયપૂર્વકનો આભાર. (અંતરાય)

અધ્યક્ષશ્રી : બેઠાં બેઠાં કોમેન્ટ ના કરો.

શ્રી રાકેશભાઇ જ. શાહ : તમારે સાંભળવું હોય તો સાંભળી લો કે જ્યારે ત્રિરંગાના માન સન્માન માટેની વાત કરું તો આજે જે લોકો અને વિદ્યાર્થીઓ યુક્રેનથી પાછા આવ્યા છે એમણે આપેલા સ્ટેટમેન્ટથી હું કહું છું કે, પાકિસ્તાનના વિદ્યાર્થીઓ પણ પરત આવવા માટે ભારતના ત્રિરંગાને લપેટીને ફર્યા આને ત્રિરંગાનું માન સન્માન કહેવાય. પાછા આવવા માટે ભારતનો ત્રિરંગો લપેટીને પાકિસ્તાનના વિદ્યાર્થીઓ ફરેલા એનો અર્થ એટલો જ છે કે વિશ્વ જાણે છે કે આજે ભારત શાંતિપ્રિય તો છે જ પણ આજે ભારતની પરિસ્થિતિ એટલી સુંદર બની ગઇ છે કે દુનિયાના બધા દેશોએ એનું માન સન્માન કરવું પડે. ફ્રાન્સના વડાપ્રધાને પણ કહ્યું છે કે, ભારતને શીખામણ આપવાની જરૂર નથી. જ્યારે ફ્રન્સના વડા પ્રધાન સમજી શકે છે એ વાતને તમે નથી સમજી શકતા એ વાતનું દુઃખ છે. ભારતના અવાજ ઉપર સમગ્ર વિશ્વને આનંદ છે. આઝાદી પછીના સુશાસનના શ્રેષ્ઠ સમયે આ યુક્રેન રિશયા માટે હું બીજી એક વાત કહીશ કે ત્રિરંગાનો વિઝા તરીકે ઉપયોગ થઇ રહ્યો છે. ભારત માટે (અંતરાય) સુશાસનની ચર્ચા ચાલે છે તમને નહીં ખબર પડે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય રાકેશભાઇ, એ લોકોને જવાબ આપ ન આપો. એમને મેં સૂચના આપી છે આપ આપનું પ્રવચન ચાલુ રાખો.

શ્રી રાકેશભાઇ જ. શાહ : માનનીય અધ્યક્ષશ્રી, એમને સૂચના આપો. એમને ખબર નથી કે ભારતીવાસીઓને બચાવવા માટે દેશના વડાપ્રધાને કરેલી કાર્યની સામે રશિયાએ પોતે ૬ કલાક યુદ્ધ બંધ રાખ્યું હતું એના કારણે ભારતના લોકો ત્યાંથી ભારત પરત ફરી શક્યા. આ કર્યું છે ત્યારે જેને વિદેશ નીતિની સમજણ નથી પડતી એવાં તમારાં સૂચનો હતાં. માનનીય અધ્યક્ષશ્રી, વાત એટલી છે કે જ્યારે લડાઇ પુતિને શરૂ કરી ત્યારે બાઇડનને પડી રહી છે ગાળો અને ડંકો મોદીનો વાગી રહ્યો છે અને આગમાં ચમચાઓ સળગી રહ્યા છે.

અધ્યક્ષશ્રી : આપની બે મિનિટ બાકી છે.

શ્રી રાકેશભાઇ જ. શાહ : માનનીય અધ્યક્ષશ્રી, હું એટલા માટે કહું છું કે, છેલ્લાં કેટલાંય વર્ષથી સુશાસનમાં આ ગુજરાત અને દેશની જનતાએ જોયુ છે કે, એ ભવ્ય રામ મંદિર હોય, કાશ્મીર હોય કે ત્રિપલ તલાક પણ જ્યારે નીકળી ગયા છે ત્યારે કોઇ મુદ્દા ના રહ્યા હોય ત્યારે હાંફળા ફાંફળા થયેલા અમારા મિત્રોને (અંતરાય) તમારો સમય આવે ત્યારે બોલી જજો. તમારા વખતમાં કેટલા કૌભાંડો થયા તમને યાદ હોવું જોઇએ. હું ફરી એક વખત ગુજરાતના મુખ્યમંત્રી અને નાણામંત્રીને અભિનંદન આપું છું કે, તેમણે નિર્ણાયક તરીકે સંવેદનશીલ સરકાર દ્વારા એ કરુણા અભિયાન એટલે અબોલ પશુથી માંડીને જનજનની સુરક્ષા માટેની જે કાળજી લીધી છે તે માટે તેમને અભિનંદન આપું છું. ગુજરાત માથાદીઠ આવક અને ખર્ચમાં દેશમાં મોખરે રહ્યું છે. ઘણા બધા એવોર્ડો પણ ગુજરાતને મળી રહ્યા છે. ગુજરાતની ગૌરવની ગાથામાં મારે વાત કરવી છે કે, વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયે પ્રસિદ્ધ કરેલા Logistic and Across the State index - માલ સામાનનું પરિવહન. માલ-સામાનનું પરિવહન ત્યારે જ વધે કે ગુજરાતમાં કામધંધા અને ઉદ્યોગ વધ્યા છે તેમાં પણ ગુજરાત અગ્રસ્થાને રહ્યું છે. આત્મનિર્ભર ભારતની સાથે પણ આત્મનિર્ભર ગુજરાત એ ગુજરાતની સરકાર કરી રહી છે.

"આવો હમ ઇતને વિકાસ કે દીપ જલાયે કિ હર તરફ ખુશિયો કે ફૂલ ખીલે,
હર કોના ઇસ ધરતી કા હમ સબ સાથ મિલકર પ્રકાશમાન કરકે ચલે."

અંતમાં માનનીય રાજયપાલશ્રીના સંબોધનમાં આભારમાં એટલુ જ જરૂર કહીશ કે છેલ્લા અઢી દાયકાથી આ સરકાર જનતાની સાથે રહી છે. ગુજરાતની સાડા છ કરોડની જનતા જાણે છે કે, આ સરકાર દ્વારા "સૌનો સાથ, સૌનો વિકાસ, સૌના પ્રયાસ અને સૌના વિશ્વાસને" જોડીને ગુજરાતને એક નવી ઉંચાઇ પર મૂકયુ છે એકવીસમી સદીમાં આ રાષ્ટ્રને પરમ વૈભવોની એક અગ્રેસરમાં આપણું ગુજરાત આગળ વધ્યું છે જેનુ પણ મને ગર્વ છે.

અધ્યક્ષશ્રી : શ્રી ઋત્વિકભાઇ, આપ બેસો. આપની જગ્યા ઉપરથી વારંવાર ઉભા ના થાવ.

શ્રી રાકેશભાઇ જ. શાહ : માનનીય અધ્યક્ષશ્રી, આપ સૌ આ બાબતે મારી સાથે હશો એ આશા અને અપેક્ષાથી આપને વિનંતી કરું છું કે, માનનીય રાજયપાલે તેમના અમૂલ્ય સંબોધન માટે આપણે સૌ સાથે મળી હૃદયપૂર્વકનો આભાર માની અને આપે મૂકેલા સુધારાને પરત ખેંચો.

શ્રી અભેસિંહ મો. તડવી(સંખેડા) : માનનીય અધ્યક્ષશ્રી, ચૌદમી વિધાનસભા દશમા સત્રના પ્રારંભે મહામહિમ રાજયપાલશ્રીએ ગુજરાત વિધાનસભાને સંબોધન કરવા બદલ આ ગૃહના સન્માનીય સભ્યશ્રી રાકેશભાઇ શાહ આભાર પ્રસ્તાવ લઇને આવ્યા છે આ પ્રસ્તાવને હું સમર્થન આપી અને મારા વિચારો વ્યકત કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજયપાલશ્રીએ તેઓના સંબોધનમાં ભારત દેશને મળેલ આઝાદીના ૭૫ વર્ષ પૂર્ણ થવાના પ્રસંગે સમગ્ર ભારત વર્ષમાં આ વર્ષને આઝાદીના અમૃત મહોત્સવ તરીકે ઉજવવામાં આવી રહ્યું છે, ત્યારે આઝાદી મેળવવામાં જે મહાનુભાવોએ પોતાનું અમૂલ્ય યોગદાન આપેલ છે તેવા પૂજ્ય મહાત્મા ગાંધીજી, સરદાર વલ્લભભાઇ પટેલ, રવિશંકર મહારાજ અને સ્વાતંત્ર્ય સેનાનીઓને હું અંતઃકરણપૂર્વક વંદન કરું છું.

તા. ૭મી માર્ચ ૨૦૨૨

## રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા(પહેલો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, આજે ગુજરાતમાં ૨૫ વર્ષથી ભારતીય જનતા પાર્ટીની સરકાર લોકકામ કરી રહી છે. ૨૫ વર્ષથી લોકોની જે માગણીઓ હતી, લાગણીઓ હતી તે લાગણીઓને મૂર્તિમંત કરવા માટે અગાઉની સરકારોએ જે કામ નથી કર્યું તે કામ અમારી ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે. સૌનો સાથ, સૌનો વિકાસ અને સૌના વિકાસના મંત્ર સાથે અમારી સરકાર, શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબની સરકાર અને આ નવુ મંત્રી મંડળ કામ કરી રહ્યું છે. " સર્વજન હિતાય, સર્વજન સુખાય" આ મંત્રને સાથે રાખીને આ ભારતીય જનતા પાર્ટની સરકાર સાડા છ કરોડની જનતાની સેવા કરી રહી છે. અગાઉ શ્રી મોદી સાહેબ, શ્રીમતી આનંદીબેન પટેલ સાહેબ, શ્રી વિજયભાઇ રૂપાણી સાહેબ અને શ્રી નીતિનભાઇની સરકારે ૧૫૦૦ જેટલા નિર્ણયો આ પ્રજાને આપ્યા છે ત્યાર પછી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની સરકારે પણ સો દિવસની અંદર ૧૨૧ જેટલા પ્રજાને લાગે, પ્રજાને યોગ્ય લાગે એવા નિર્ણયો કરીને આ સરકાર ખૂબ સારું કામ કરી રહી છે. હું આદિજાતિ વિભાગ ઉપર હું બોલી રહ્યો છું. ત્યારે આ રાજ્યની પારદર્શક, નિર્ણાયક સરકાર દ્વારા સંવેદનશીલતા સાથે સર્વ સમાવેશક, સમતોલ વિકાસ કરીને આદિજાતિ વિસ્તારમાં સારું કામ કરી રહી છે. મારા અંબાજીથી ઉમરગામ સુધી ૧૪ જિલ્લા, ૫૩ તાલુકા અને ૫,૮૭૨ ગામડાંઓમાં ૯૦ લાખથી વધુ આદિવાસી સમાજના લોકો વસે છે. એ વખતના મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન મોદી સાહેબને મારે અભિનંદન આપવા છે કે આદિવાસી સમાજનો સર્વાંગી વિકાસ કરવા માટે વનબંધુ કલ્યાણ યોજના કલમ - ૪૪ હેઠળ આ વિધાનસભા ગૃહમાં લાવ્યા હતા અને તે વખતે રૂ. ૧૫,૦૦૦/- કરોડનું પેકેજ જાહેર કર્યું હતું. આદિવાસી સમાજના દીકરાઓ ભણી શકે, જ્ઞાન મેળવી શકે, એમને રસ્તા મળે, પાણી મળે, આવાસ મળે, સિંચાઇ મળે એ હેતુથી ૧૦ મુદ્દાનો કાર્યક્રમ લાવ્યા હતા અને તે વખતે ૧૦ વર્ષમાં લગભગ રૂ.૧,૦૦,૦૦૦ કરોડ આદિવાસી સમાજ માટે વપરાયા છે અને સમાજને લાભ થયો છે. ગામડે-ગામડે રસ્તા નહોતા, વીજળી નહોતી, પાણી નહોતું. આ સરકારના ૨૫ વર્ષના વહીવટમાં પાણી મળ્યું છે, પાણીની ટાંકીઓ બની છે. રસ્તા મળ્યા, વીજળી મળી, આવાસ મળ્યા છે. આદિવાસીનો દીકરો શાળાએ જતો થયો છે. મોદી સાહેબને ગુજરાતના આદિવાસીઓના મસીહા કહીએ તો પણ ખોટું નથી. આદિવાસીના દીકરાઓની જો કોઇએ ચિંતા કરી હોય તો એ હાલના વડાપ્રધાન મોદી સાહેબે કરી છે. આદિવાસીનો દીકરો પાયલોટ બન્યો છે, મામલતદાર બન્યો છે, કલેક્ટર બન્યો છે. મારા વિસ્તારની વાત કરું તો ખાસ કરીને નર્મદા જિલ્લા ખાતે ૧૩૭ કરોડના ખર્ચે રાષ્ટ્રીય કક્ષાનું આદિવાસી વીર સ્વાતંત્ર્ય સેનાનું મ્યુઝિયમ ઊભું કર્યું છે. કેન્દ્ર સરકારે એકલવ્ય મૉડેલ શાળા આપી છે. ૩૦૦ કરોડના ખર્ચે નર્મદા જિલ્લામાં બિરસા મુંડા યુનિવર્સિટી બનાવી છે. મારે ખેડૂતોની વાત કરવી છે. પહેલાં ખેડૂતોની ચિંતા કોઇ કરતું નહોતું. અમારી સરકારે આવીને ખેડૂતોની ચિંતા કરી. ખેડૂતોને ભાલીયા ઘઉં, ગીરની કેસર કેરી, કૃષ્ણ કમોદ, ઇસબગુલ, મગફળી, ૭૭ ટકા દીવેલાનું ઉત્પાદન, કપાસ, વરિયાળી માટે રૂપિયા ૩૦૪૮ કરોડ જેટલા ટેકાના ભાવ આપીને સમગ્ર ગુજરાતના ખેડૂતોને મજબૂત કર્યા છે. કૉંગ્રેસના રાજમાં આવું થયું નથી. મારે પાણી પુરવઠાની પણ વાત કરવી છે. ' નલ સે જલ' યોજના દ્વારા આખા ગુજરાતમાં રૂપિયા ૧૭૦૦ કરોડના ખર્ચે દરેક ફળિયાંમાં પાણી આપ્યું છે. પહેલાં આદિવાસી વિસ્તારની ચિંતા કોઇએ નહોતી કરી. છોટા ઉદેપુર જિલ્લાની વાત કરું તો રૂ. ૧૦૦૦ કરોડના ખર્ચે સંખેડા, નસવાડી, જેતપુર અને કવાંટ વિસ્તારમાં પણ પાણીની વ્યવસ્થા કરી છે. શ્રી સુખરામભાઇના વિસ્તારમાં પણ પાણીની વ્યવસ્થા કરી છે. દાહોદને પણ પાણી આપ્યું છે. નર્મદા જિલ્લામાં, ઉચ્છલ જિલ્લામાં, નિઝર જિલ્લામાં મોટી-મોટી યોજનાઓ બનાવીને અમારી સરકારે પાણી આપ્યું છે. નર્મદા, જળસંપત્તિ અને પાણી પુરવઠા વિભાગની વાત કરું છું ત્યારે આ વિસ્તારમાં ૧૫૦૦ કરોડની નલ સે જલ યોજના પ્રગતિ હેઠળ છે. સિંચાઇ વિભાગની વાત કરું તો ઉદવહન યોજનાઓ મારફતે ખેડૂતોની ચિંતા કરી છે. કૉંગ્રેસને બોલવાનો અધિકાર નથી. ખેતરોમાં પાણી આવ્યું છે. આ વિસ્તારમાં ખૂબ સારું કામ થયું છે. નર્મદાની વાત હોય કે સ્ટેચ્યુ ઓફ યુનિટીની વાત હોય આ બધા વિસ્તારમાં ભારતીય જનતા પાર્ટીની સરકારે ખૂબ સારી વ્યવસ્થા કરી છે. તેના કારણે આ વિસ્તારમાં અમારો આદિવાસી સમાજ ફુલ્યો-ફાલ્યો છે. આખા વિસ્તારમાં ખેડૂતોની વાત હોય કે નર્મદાની વાત હોય ત્યારે આખા સૌરાષ્ટ્રને હરિયાળું બનાવ્યું છે. નર્મદા જિલ્લામાં નર્મદા માતાએ આખો બંધ બનાવ્યો છે ત્યારે આપણા શ્રી મોદી સાહેબને અભિનંદન આપવા પડે. કેનાલના જે કામો બાકી હતાં, તેમાં સૌરાષ્ટ્રની સમી યોજના હોય, ભાવનગર, અમરેલી, રાજકોટ અને કચ્છ સુધી પાણી પહોંચાડવાનું કામ અમારી ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે. (અંતરાય) તમે ચિંતા ન કરો, તમે ત્યાં જ બેસવાના છો. યાદ કરવું પડે કે આ ભારતીય જનતા પાર્ટીની સરકાર લોકો વચ્ચે ગઈ છે, લોકો સાથે રહી છે, લોકોની વાત સાંભળી છે અને આ વિસ્તારોમાં અમે કામ કર્યું છે. અમારા મંત્રીઓ ગામે ગામ પ્રવાસ કરે, લોકો વચ્ચે જાય, ગરીબ કલ્યાણ મેળા થાય, લોકોને લાભ આપે. આ વિસ્તારમાં ગરીબ કલ્યાણ મેળા થયા છે. તમારા વિસ્તારમાં કૉંગ્રેસ વખતનો એક પણ દાખલો હોય તો આપો. હું અહીંયા રાજીનામું આપવા તૈયાર છું. અમારી સરકારે પુરાવા આપ્યા. તમે પુરાવા આપો અને આ વિસ્તારમાં જે કામ થયું છે તે ખરેખર આનંદને પાત્ર છે. વિધવા પેન્શનની વાત હોય ત્યારે અમે લોકો વચ્ચે જઈએ તો શ્રી મોદી સાહેબનું ભલું કરજો એવું આ વિધવા બહેનો કહે છે જે સત્ય હકીકત છે. તમે લોકો વચ્ચે ગયા નથી. અમારા વિધાનસભા વિસ્તારમાં અમારા મંત્રીઓ અને અમે જાતે જઈએ છીએ. અમારા પ્રભારી મંત્રી શ્રીમતી નિમિષાબેન પણ અમારા વિસ્તારમાં આવ્યા હતા ત્યારે લોકોની સાથે વાતો કરી અને પૂછ્યું. રૂ. ૫૦૦ કરોડની યોજનાઓનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ એમના હાથે થયું છે. બોડેલીમાં રૂ. ૪ કરોડના ખર્ચે પી.એચ.સી. ખુલ્લું મૂક્યું છે. લોકો ત્યાં આવી શકે, ડૉક્ટર પાસે તેમના રોગોનું નિદાન કરાવી શકે. આવી વ્યવસ્થા આ પહેલા ક્યારેય પણ અમે જોઈ નથી. તમે દવાખાના જુઓ, અત્યારે સારા સારા દવાખાના બને છે. પહેલા બનતા ન હતા. તે વખતની વાત કરું છું જ્યારે લોકો ખાટલામાં લઈને દવાખાને જતા હતા. અત્યારે સારા સારા રસ્તાઓના લીધે ૧૦૮ દબાવો એટલે ૧૦૮

ખમખમ કરતી આવી જાય. સાચી વાત સ્વીકારવી પડે. માનનીય રાજ્યપાલશ્રીના સંબોધનમાં રાજ્યના પ્રજાની કલ્યાણ સાથે રાજ્ય સરકારે બનાવેલી યોજનાઓનું નિરૂપણ કરીને રાજ્યની પ્રજાને પાયાની જરૂરિયાતો, સુખાકારીની યોજનાઓના અમલ માટે રાજ્ય સરકાર પ્રયત્નશીલ છે તેવી પ્રતીતિ કરાવેલ છે. માનનીય નરેન્દ્રભાઈ મોદીના મંત્ર ''સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ''ને આધાર બનાવીને આપણે સૌ ગુજરાતના વિકાસ માટે પ્રયત્નશીલ રહીને સાડા છ કરોડ ગુજરાતીઓના કલ્યાણ અને સમૃધ્ધિ માટે કટિબદ્ધ બનીએ તે સંવેદના સાથે હું રાજ્યપાલશ્રીના આભાર પ્રસ્તાવને સમર્થન આપું છું.

શ્રી સુખરામભાઇ હ. રાઠવા(વિરોધપક્ષના નેતાશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્યના નામદાર રાજ્યપાલશ્રીના પ્રવચન ઉપર આભાર પ્રસ્તાવ માનનીય સભ્ય શ્રી રાકેશભાઇ શાહ લઇને આવ્યા છે અને જેને ટેકો આપવા અમારા શ્રી અભેસિંહભાઇ તડવીએ થોડાક રણકા સાથે વાત કરી છે. એમાં મારા વિચારો, મારી પાર્ટીનો બેઝ સરકારના ધ્યાન ઉપર લાવવા માટે આપણા સૌના આ વિધાનસભા ગૃહમાં, વિપક્ષ તરીકે પહેલી વખત મને પણ ચાન્સ મળ્યો છે ત્યારે મને એ વાતનું દુ:ખ થાય છે કે, માનનીય રાજ્યપાલશ્રીના અગાઉના જે પ્રવચનો છે, આગલા વર્ષનું જે પ્રવચન છે એનો પણ અભ્યાસ કર્યો. ચાલુ વર્ષે એમણે જે અભિભાષણ આપ્યું છે એનો પણ અભ્યાસ કર્યો. *(xxx) સોરી, સોરી, મેં સોરી કહી દીધું.

અધ્યક્ષશ્રી : શ્રી સુખરામભાઇ, આપના શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરું છું. આપ પ્રવચન ચાલુ રાખો.

શ્રી સુખરામભાઇ હ. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યમાં કોરોના મહામારીમાં આપણા ગુજરાતે ઘણું બધું ગુમાવ્યું છે. આપણા રાજ્યની આર્થિક સ્થિતિ પણ નબળી થઇ. તેમ છતાં કોરોના કાળમાં જે સગવડતા આ રાજ્ય સરકારે કરી હતી, એ ઘણી અપૂરતી હતી એમ કહી શકીએ. શ્રી નીતિનભાઇ સાહેબ, આપ મંત્રી હતા. તમારા શહેરોમાં બધી સગવડતાઓ હતી, અમારાં ગામડાઓમાં ન હતી અને એના કારણે અમારાં ગામડામાં ઘણાં બધાં માણસો મરી ગયાં, મોતને ભેટી ગયા. અમારા બધાની અપેક્ષાઓ એવી હતી કે, કોરોનાકાળમાં જે માણસો મરી ગયા છે, એના માટે રાજ્ય સરકાર જે સહાય ચૂકવે છે, એ રકમ રૂપિયા ૫૦ હજાર સુધી ચૂકવે છે. અમારી માંગણી હતી કે, જેનું જેનું મૃત્યુ થયું છે એના કુટુંબને રકમ રૂપિયા ૪ લાખ સહાય આપવી જોઇએ. સરકારે એના આંકડા છૂપાવ્યા. કોરોનાકાળમાં જે ડોકટરો, નર્સો અને બધા સ્ટાફે જે કામ કર્યું અને મોતને ભેટ થયા, હું એમને સલામ કરુ છું. *(xxx) આ વાત સરકાર, માનનીય રાજ્યપાલ મહોદયશ્રી, જો અંદર લાવેલ હોત તો મને એમ થતું કે, હું આ અભિભાષણ છે એને ટેકો આપું. હું ટેકો આપી શકતો નથી.

અધ્યક્ષશ્રી : માનનીય શ્રી જીતુભાઇ.

શ્રી જીતેન્દ્રભાઇ સ. વાઘાણી: માનનીય અધ્યક્ષશ્રી, *(xxx) આવું કોઇ કયારેય સરકાર તરફથી થયું નથી. એ પ્રકારનું રેકર્ડ ઉપર જાય એ પણ ઠીક નથી.

અધ્યક્ષશ્રી : શ્રી સુખરામભાઇ, આપના આ શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરૂ છું.

શ્રી સુખરામભાઇ હ. રાઠવા : ઓ.કે., ઓ.કે. માનનીય અધ્યક્ષશ્રી, આ જે કોરોનાકાળમાં આપણે રેમડેસીવીર ઇન્જેકશનની વાત કરીએ, ઓક્સિજનની વાત કરીએ, વેન્ટિલેટરની વાત કરીએ, મેં પહેલા કહ્યું એમ, શહેરી વિસ્તારમાં આ બધી સગવડતાઓ થઇ હશે. અમારા ગામડાની હોસ્પિટલોમાં રેમડેસીવીર ઇન્જેકશન નહીં, વેન્ટિલેટર નહી અને એના કારણે આપણા ગુજરાતના તેમજ અમારા આદિવાસી વિસ્તારના ઘણા બધા ઇસમોનું મોત થયું. સરકાર વેન્ટિલેટર અને ઓક્સિજન પૂરા પાડવામાં નિષ્ફળ ગઇ છે. આપણે વાતો કરીએ છીએ કે, અમે કોરોના કાળમાં આટલી સેવા કરી. એ દિવસો અમને યાદ આવે. મારા ગામડાનો મજૂર જે અંકલેશ્વર કે સુરત તરફ રહેતો હતો તે ચાલતો આવે, અને ચાલતા આવતો હતો તો તેને બસમાં બેસવાની સગવડતા પણ નહીં, એવી સ્થિતિમાં જયારે અમારો આદિવાસી પરપ્રાંતમાં એટલે મધ્યપ્રદેશમાં પણ જાય એ વખતે જે દશા હતી એ દશા આજે નજર સમક્ષ આવે ત્યારે માત્ર વાતો કરવાથી, વાહ વાહ કરવાથી એ પ્રસંગ ભૂલી શકાય એમ નથી. આઝાદીના અમૃત મહોત્સવની વાત કરીએ છીએ. આઝાદી કોણે અપાવી હતી? પૂજ્ય મહાત્મા ગાંધીના વડપણ હેઠળ ભારતના સૌ નાગરિકોએ ભેગા થઇને આ આઝાદી મેળવી હતી, અને આઝાદીના અમૃત મહોત્સવના પ્રોગ્રામ હેઠળ સરકાર જે ઉજવણી કરી રહી છે તે ઉજવણી માત્ર સરકારના ખર્ચે અને જોખમે તમારા પક્ષની વાહ વાહી કરવા માટે થઇ રહી છે એવું નગ્ન સત્ય દેખાઇ રહ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, નર્મદાનું પાણી આખા ગુજરાતમાં જાય, નર્મદા યોજના બનાવવામાં માત્ર તમારી સરકારનો સિંહ ફાળો છે એવું નહીં માનતા, આ યોજના બનાવવા માટે જે તે વખતના બધા જ મુખ્યમંત્રીશ્રીઓએ મહેનત કરી છે. અને ૮૫ મીટર સુધીનો ડેમ અમારી સરકારે તમને બનાવીને આપ્યો હતો અને એ ડેમનું પાણી આપણે વાપરીએ છીએ. મને એ વાતનું દુ:ખ થાય, સુજલામ સુફલામ યોજનામાં રાજકોટ હોય સૌરાષ્ટ્ર હોય કે પોરબંદર હોય, તમે પાણી આપો આનંદ થાય. એ પણ ગુજરાતવાસીઓ છે. (અંતરાય) ''સૌની'' યોજના. અમે ત્યાં નદી કાંઠે વસીએ, કેનાલની બાજુમાં રહીએ, અભેસિંગભાઇ ભૂલી ગયા, તમારા અને મારા વિસ્તારના કયા ખેડૂતને પાણી મળે છે? નર્મદાની કેનાલમાંથી ઉપર લિફ્ટ કરીને પાણી આપવાની વાત ચાલતી હતી. અને લિફ્ટ ઇરિગેશન કરીને એ પાણી ખેડૂતોને આપવું જોઇએ તે સરકારે નથી આપ્યું. હું એટલું ચોક્કસ જણાવીશ કે આ બધી યોજના માટે જે તે વખતે ચર્ચાઓ થઇ હતી તેનો આચાર્ય દેવદત્ત સાહેબના ભાષણમાં ઉલ્લેખ

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

નથી તેનું મને દુ:ખ થાય છે. તમે બધા જ પાણી વાપરો, અમે તરસે મરીએ, અમારો ખેડૂત ખેતી માટે તડપે તો તેના માટે બે શબ્દ આ ભાષણમાં કહ્યાં હોત તો આ દરખાસ્તને હું ટેકો આપી શક્યો હોત.

અમારા અભેસિંગભાઇએ આદિજાતિ વિસ્તારના વિકાસની વાત કરી, ઘણી વખત આપણે આદિવાસીઓના નામ પર વાત કરીએ છીએ. માનનીય નરેશભાઇ પણ છે, આ વનબંધુ તમે આદિવાસીને કહો છો, વનવાસી કહો છો. મૂળ તો આપણે આદિવાસી છીએ. વનબંધુ એટલે ધારો કે તમારું ગામ એક સ્પેસિફિક ગામ હોય. એમાં બધી જ જાતના માણસો રહેતા હોય તો તેને તમે વનબંધુ કહો છો? નથી ગણતા ને? તેનું ક્લેરિફિકેશન કરજો. આદિવાસી વિસ્તારમાં વનબંધુ કલ્યાણ યોજના હેઠળ તમે જે કામો કરો છો એ કામો કેવાં પ્રકારના થાય છે એની સરકારે તપાસ કરાવવી જોઇએ. વનબંધુમાં રસ્તાઓ બને, પાણીનાં કામો થાય, રોજગારી માટેનાં પણ કામો થાય છે. પણ જે વન અધિનિયમ ૨૦૦૫ હેઠળ સરકારે જમીન આપી, યુ.પી.એ. ની સરકાર આ કાયદો લાવેલી. આ રાજયમાં લાખોની સંખ્યામાં હજુ આદિવાસીઓના કેસ પડતર છે. શા માટે રિવ્યુ કરતા નથી? જિલ્લાનું તંત્ર શા માટે દબાવીને બેઠું છે? અને જેને જમીન અપાઇ છે તેને રેવન્યુ રાહે દાખલ થવી જોઇએ તે આજ દિવસ સુધી થઇ નથી. અને તેના કારણે આદિવાસી એના પર લોન કે સબસિડી લઇ શકતો નથી. આ બાબતમાં જો આનો ઉલ્લેખ કર્યો હોત તો મને આનંદ થયો હોત. નર્મદા-તાપી-પારની વાત થઇ, અમારા માનનીય ધારાસભ્યશ્રીઓ પુનાભાઇ, શ્રી અનંતભાઇ, શ્રી આનંદભાઇ ચૌધરી, બે ત્રણ દિવસથી એ વિસ્તારમાં અમારા શ્રી જીતુભાઇ મંત્રીશ્રીના વિસ્તારમાં મિટિંગ થાય છે તમને પણ ખબર હશે. આ નર્મદા-તાપી-પાર યોજનાની જે લીંક યોજના છે તેનું સત્ય શું છે? અને તેના સત્ય માટે સરકારે શ્વેતપત્ર બહાર પાડવું જોઇએ. ઘણી વખત રાજકીય અવલોકનો થાય છે. આ પક્ષ લાવ્યો કે તે પક્ષ લાવ્યો, પરંતુ આજે આદિવાસીઓમાં અજંપો છે, માનનીય મંત્રીશ્રી તમારા વિસ્તારમાં પણ અજંપો છે ત્યારે સાચી વાત આદિવાસી ભાઇઓને કરવી પડશે નહિતર, આજે જે અજંપાભરી પરિસ્થિતિ છે તેમાંથી તમે પણ બાકાત નથી રહેવાના એની તકેદારી તમારે રાખવી પડશે.

માનનીય અધ્યક્ષશ્રી, સૌની યોજનાની વાત થઇ, પીવાના પાણીની વાત થઇ. નળથી જળ આપવાની વાત પણ સરકારે કરી છે. પરંતુ એનું અમલીકરણ કેવું થાય છે એની મારે વાત કરવી છે. આપણે ગામડામાં જઇને જોઇએ અમારા કાવરા, ચીમલી અને સાડલી ગામો છે ત્યાં ઘરની બાજુમાં સ્ટેન્ડ ઉભા કરી દીધા છે એ પણ પ્રગતિ પૂરી થઇ ગઇ એમ બતાવવા માટે ઉભા કરી દીધા છે. ટાંકીઓ બની નથી. ચાર વર્ષ પહેલા ટાંકા અમુક જગ્યાએ બની ગયા એમાં આજે પાણી ટકશે ખરું? સરકારનું પાણી પુરવઠા બોર્ડ છે એ એનો જવાબ આપે. નીચ વાસમાં ટાંકી બનાવવામાં આવે છે એનું પાણી ઉપરવાસમાં કેવી રીતે પહોંચશે એ તપાસનો વિષય છે. જે એજન્સી કામ કરે છે એ હલકી ગુણવત્તાવાળુ મટિરિયલ પાઇપ વગેરે વાપરેલ છે તેથી એ તૂટી જવાનો ભય છે. કવાંટ તાલુકામાં ડુંગરાળ વિસ્તારના ૩૫ જેટલા ગામો આવેલા છે. ગઇ વિધાનસભામાં પણ આની રજૂઆત કરી હતી. એ વિસ્તારમાં પાણી જઇ શકે તેમ નથી. એ વિસ્તારમાં નર્મદાનું પાણી કેવી રીતે આપવું એના માટે યોજના બનાવવાની વાત હતી પરંતુ એ થઇ નથી. આ ૩૫ જેટલા ગામોમાં પીવાના પાણીની વ્યવસ્થા ઉભી કરી હતી હોત તો મને આનંદ થયો હોત.

માનનીય અધ્યક્ષશ્રી, આ ભારતીય જનતા પાર્ટીની સરકારમાં યુવાનોને રોજગારીની તકો ઉભી કરવી જોઇએ એટલી કરી નથી. એમના હાથમાં આવેલ તકો સરકાર દ્વારા લેવાતી વખતોવખતની પરીક્ષાના પેપર લીક થવાના કારણે પરીક્ષાઓ રદ કરવી પડી છે. સન ૨૦૧૬માં મુખ્ય સેવિકાની ભરતી, તલાટી કમ મંત્રીની ભરતી, ટેટની પરીક્ષા, નાયબ ચીટનીસ, વનરક્ષકની પરીક્ષા, સચિવાલયના કલાર્કની પરીક્ષા આવા કુલ ૧૧ જેટલા કાંડ થયા છે એમાં જે જવાબદાર લોકો છે એની સામે પગલાં લેવામાં આ સરકાર ઉણી ઉતરી છે એવું કહી શકાય. આપણી પાસે સરકારી સારી ગુણવત્તાવાળો પ્રેસ છે તેમ છતાં ખાનગી પ્રેસ પાસે પેપર છપાવીએ છીએ તો ખાનગી પ્રેસમાં શા માટે છપાવીએ છીએ? ત્યાંના કર્મચારી કે માલિક હોય એની સાથે મેળાપીપણું તો સરકારનું નથી ને? એ તપાસનો વિષય છે.

માનનીય અધ્યક્ષશ્રી, ચોમાસામાં ભારે વરસાદ થયો એટલે ખેડૂતોને સહાય આપવા માટે સરકારે રણનીતિ બનાવી એમાં પણ આપણે ઉણા ઉતર્યા છીએ. સૌરાષ્ટ્ર કાઠીયાવાડ, કચ્છ અને છેલ્લે આદિવાસી વિસ્તાર પણ બાકાત ન રહ્યો. બધે જ વધારે વરસાદ થયો. સરકારે ખેડૂતોને સહાય આપવાની યોજના બનાવી એમાં પણ વ્હાલા દવલાની નીતિ થઇ. જે અરજીઓ આવી એની ચકાસણી કરવામાં આવી એમાં તંત્રે જે કામ કરવું જોઇએ એ બરાબર નહિ કરવાના કારણે જે સાચા લાભાર્થીઓ હતા એમને લાભ ન મળ્યો અને જે ભાજપના આગેવાનો કે કાર્યકરો હતા એના માણસો ફાયદો લઇ ગયા આના અમારી પાસે અનેક દાખલાઓ છે. કચ્છ અને બીજા વિસ્તારમાંથી આજના દિવસે પણ અમારી પાસે ફરિયાદો આવે છે કે અમને વળતર મળ્યું નથી.

માનનીય અધ્યક્ષશ્રી, સ્મોલ સ્કેલ ઇન્ડસ્ટ્રિઝનું ડેવલપમેન્ટ કરવા માટે ત્યાં નવી રોજગારી ઉભી થાય એના માટે રાજય સરકારે વધારાના પેકેજની જાહેરાત કરી અને કહ્યું કે અમે એને ઉભા કરીશું પરંતુ આ બાબત બજેટમાં પણ નથી અને માનનીય રાજયપાલશ્રીના પ્રવચનમાં પણ નથી. બજેટમાં તો બોલીશું, આ તો માનનીય રાજ્યપાલશ્રીના પ્રવચનમાં નથી એટલા માટે અમે સમર્થન આપી શકતા નથી. ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જે બગડી રહી છે, તેના માટે પરિણામલક્ષી કામ કરવા માટે પોલીસનો વધારાનો સ્ટાફ ભરવાનો થાય, ઉચ્ચ અધિકારીનો સ્ટાફ ભરવાનો થાય, નવા પોલીસ સ્ટેશનો ઉભા કરવાના થાય તેની વાત રાજ્યપાલના અભિભાષણમાં નથી. આપણે સૌ જાણીએ છીએ કે ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થા તૂટી ભાંગી છે અને તેનું કારણ આ રાજયમાં નશીલા દ્રવ્યો, દારું, ડ્રગ્સ વારંવાર પકડાય છે. પકડાયા

પછી જે વાહતુક કરનાર માણસ છે, કાં તો ટ્રકનો ડ્રાઇવર છે તેના પર કેસ કરવામાં આવે છે. તેના મૂળ સુધી આપણે ક્યાં ગયા છીએ? આપણે આ ગાંધીના ગુજરાતને પેલું ‘ઉડતા પંજાબ’ કહીએ છીએ એવું બનાવવું છે? આપણો ગુજરાતનો દરિયા કિનારો છે એ કિનારા ઉપર જે બંદરો આવેલા છે, જેટી આવેલી છે. એ જેટીઓ ઉપર જે માલ આવે છે તેની ચકાસણી સરકારનું તંત્ર હોય તો કરી શકે પણ પ્રાઇવેટ બંદર હોવાના કારણે તેની ચકાસણી તમે કરી શકતા નથી, પરિણામે ડ્રગ્સ જેવા નશીલા પદાર્થો ગુજરાતમાં પેસે છે. તેની તપાસનો છેડો ક્યાં જાય છે? સરકારે તપાસ કરી હોય, મંત્રીશ્રી જ્યારે જવાબ આપે તો ચોક્કસ અપેક્ષા રાખું કે કોણ કોણ સંડોવાયેલું છે? શા માટે પકડતા નથી? ગુજરાતના યુવાનોને જે નુકસાન કરે છે એ બાબત સરકારે ધ્યાન રાખવું જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, સુરતમાં પોલ્યુશન બોર્ડની જે ચકાસણી થવી જોઇએ એ ન થઇ તેના કારણે માનવ મૃત્યુ થયા, મારી સ્થળ પરની મુલાકાત પણ હતી. મેં નજરે જોયું છે આ તંત્ર. જે કામ કરવું જોઇએ એ થયું નથી. કાં તો સરકારની તેના પર પકડ નથી તેમ કહી શકીએ. ઘણી બધી જી.આઇ.ડી.સી.ઓમાંથી જે ગંદું પાણી વહે છે તે નદીઓમાં અને દરિયામાં ઠાલવવામાં આવે છે. જેના કારણે પર્યાવરણને નુકસાન થઇ રહ્યું છે તે બાબતે નામદાર રાજ્યપાલે કંઇક કરવાની વાત કરી હોત તો મને આનંદ થયો હોત કે ગુજરાતને પ્રદૂષણ મુક્ત કરવા માટે અમે આ પ્રયત્ન કરી રહ્યા છીએ, તેવું કંઇ જણાતું નથી એટલા માટે હું આ અભિભાષણને ટેકો આપી શકતો નથી.

માનનીય અધ્યક્ષશ્રી, જે ચર્ચાઓ થઇ તેને જોતાં અમારા સભ્યશ્રી જે વાત કરતા હતા એ ધ્યાને લઇને રેમડેસિવીર ઇન્જેક્શનની વાત હું ભૂલતો હતો, ફરી મને યાદ આવ્યું. અમારી પાર્ટીના પ્રમુખ પાસે નહોતા આવ્યા પણ તમારી પાર્ટીના પ્રમુખની ઓફિસમાં પહોંચ્યા હતા. એ તમારી વ્યવસ્થા હતી. મારી વાત અહીંયા પૂરી કરું છું.

શ્રી આત્મારામ પરમાર(ગઢડા) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત વિધાનસભાના સભ્ય અને મારા પરમ મિત્ર ભાઇશ્રી રાકેશભાઇ રાજ્યપાલશ્રીના સંબોધન માટેનો જે આભાર પ્રસ્તાવ લઇને આવ્યા છે અને ભાઇશ્રી અભેસિંહભાઇ તડવીએ જેને સમર્થન આપ્યું છે તે અંગે મારા વિચારો વ્યક્ત કરુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, વિપક્ષના નેતા ભાઇશ્રી સુખરામભાઇ રાઠવાએ પોતાના પ્રવચનની શરૂઆત કરી ત્યારે એમણે કહ્યું કે વિપક્ષના નેતા તરીકે આ મારું પ્રથમ પ્રવચન છે. અમારા શ્રી નરેશભાઇ કેબિનેટ મંત્રીએ જવાબ આપવાની શરૂઆત કરી ત્યારે એમણે કહ્યું કે કેબિનેટ મંત્રી તરીકે હું પ્રથમ વખત જવાબ આપી રહ્યો છું. એ જ પ્રમાણે શ્રીમતી મનીષાબેન વકીલ અને શ્રી નિમિષાબહેને પણ પોતાના પ્રથમ મંત્રી તરીકેના જવાબો આપીને આ ગૃહની કારકિર્દીની આજે શરૂઆત કરી છે, તમને બધાને હું અભિનંદન આપું છું. આજે મને છેલ્લી પાટલી યાદ આવે છે. મારી શરૂઆત આ ગૃહમાં છેલ્લી પાટલી ઉપરથી થઇ હતી કારણ કે હું વિધાનસભાની પેટા ચૂંટણીમાં જીત્યો હતો. છેલ્લી પાટલીથી શરૂ કરેલી મુસાફરી ટ્રેઝરી બેંચની પહેલી પાટલીમાં પણ આવી અને માનનીય અધ્યક્ષશ્રી, આપ જયાં બેઠા છો ત્યાં ડેપ્યુટી સ્પીકર તરીકે બેસવાનો મને લ્હાવો પણ મળ્યો. મારે આજે એ વાત કરવી છે કે આ ગુજરાતમાં સુખ, શાંતિ અને સલામતિને લીધે આજે ગુજરાત સમગ્ર દેશમાં ઘણી બાબતોમાં નંબર-વન છે, એફ.ડી.આઇ. કહી શકાય, વિદેશી મૂડી રોકાણમાં ગુજરાત નંબર-વન છે, એજ રીતે ગુજરાત ઔદ્યોગિક રોકાણમાં સમગ્ર રાષ્ટ્રનું ગ્રોથ એન્જિન છે. ઉદ્યોગો હંમેશા એવી જગ્યાએ જાય કે જયાં શાંતિ અને સલામતિ હોય કારણ કે જયારે પૈસાનું રોકાણ થાય અને એ રોકાણમાંથી વળતર મળી શકે એવી જો કોઇ આખા દેશમાં ભૂમી હોય તો ગુજરાત ફળદ્રુપ ભૂમી છે એમ કહેવામાં મને વાંધો નથી. આજે ગુજરાતની એ પ્રકારની પરિસ્થિતિ છે, જે રીતે શ્રી નરેન્દ્રભાઇ મોદીએ આ ગુજરાતના આધુનિક વિકાસનો જે પાયો નાખ્યો છે એના લીધે આજે ગુજરાત એ દિવ્ય ગુજરાત અને ભવ્ય ગુજરાત થઇ રહ્યું છે. આખા દેશમાંજ નહીં, પણ સમગ્ર વિશ્વમાં કહી શકાય કે ગુજરાત સુશાસનમાં પણ નંબર વન છે. હું ગૃહ વિભાગની જયારે વાત કરી રહ્યો છું ત્યારે આ શ્રી ગાંધીબાપુના ગુજરાતમાં, સરદાર વલ્લભભાઇના ગુજરાતમાં, શ્રી રવિશંકર મહારાજના ગુજરાતમાં અને જેમણે આ ગુજરાતમાં મુખ્યમંત્રી તરીકે શાસન કર્યું એવા શ્રી નરેન્દ્રભાઇ મોદીના ગુજરાતમાં આજે શાંતિ, સલામતિ, સમૃદ્ધિ અને વિશ્વાસનું વાતાવરણ પેદા થયું હોય એનો યશ કોઇને જતો હોય તો એ ભારતીય જનતા પાર્ટીને જાય છે. અહીંયા મારે એ વાત કરવી છે કે માનનીય રાકેશભાઇએ એમના પ્રવચનમાં ૧૪-૧૫ વર્ષ પહેલાનો ઉલ્લેખ કર્યો. સન ૨૦૦૮માં સમગ્ર ગુજરાતમાં એક પ્રકારની એવી પરિસ્થિતિ પેદા થઇ કે આતંકવાદીઓ અને જે લોકો દેશના હિત વિરુદ્ધની પ્રવૃતિઓ કરનારા લોકો હતા, એમણે સમગ્ર ગુજરાતને તહસ-નહસ અને ખેદાન-મેદાન કરવાનું કાવતરું કર્યું, અમદાવાદમાં અનેક લોકોની જિંદગી એમાં હોમાઇ, સુરતમાં પણ દરેક જગ્યાએ બોમ્બ બ્લાસ્ટના કાવતરા કર્યા હતા, પણ કયાંક ટેકનિકલ પ્રોબ્લેમના લીધે એ નિષ્ફળ ગયા. આજે મારે એટલા માટે કહેવું પડે છે કે આ દેશમાં સીમાડાઓમાંથી આ દેશને જે રીતે વિઘટન કરવાની પેરવીઓ થઇ રહી છે એને રોકવાના પ્રયત્નો તે દિવસોમાં થયા અને એનું આજે પરિણામ જોઇએ છીએ. એવા અનેક લોકોને ફાંસીના ફંદા સુધી પહોંચાડવામાં આ ગુજરાતની સરકાર સક્ષમ થઇ છે અને આગામી દિવસોમાં એમને એમના કર્મના ફળ પણ મળવાના છે. મારે ગૃહ વિભાગની ચર્ચામાં કહેવું છે કે આ દેશમાં અત્યારની જે સુશાસનની પરિસ્થતિ છે. દેશના સીમાડા આજે મજબૂત છે. છાશવારે છમકલા કરનારા, છાશવારે ગોળીબાર કરનારા, છાશવારે ક્યાંક બોંબ ધડાકા કરનારા આજે દેશના માટે ભૂતકાળનો વિષય બની ગયા છે. ગુજરાતમાં છેલ્લાં ઘણાં વર્ષોથી જ્યારે ભારતીય જનતા પાર્ટીનું શાસન છે, ત્યારે હું એમ કહીશ કે એક વખતના દાદાઓ ગુજરાતમાં જે ફરતા હતા, જે લોકોએ ગુજરાતને બાનમાં લીધું હતું, એવા દાદાઓ ખતમ થઇ ગયા છે. ક્યાંક જેલમાં ગયા છે અથવા ઉપર ગયા છે. હવે અહીંયા બે જ દાદાઓ છે. એક સાળંગપુરવાળા હનુમાન દાદા અને બીજા અમારા દાદા ભગવાનના

## તા. ૭મી માર્ચ ૨૦૨૨

## રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા(પહેલો દિવસ)

અમારા શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ. હમણાં માનનીય રાકેશભાઇએ રસીકરણની વાત કરી. માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ પણ રસીકરણની વાત કરી. ગુજરાત અને દેશમાં રસીકરણના માધ્યમથી લોકોની જિંદગી બચાવવાનું અભિયાન શરૂ થયું ત્યારે રસીકરણનો વિરોધ કરનારા કેટલાક લોકો હતા. એ બધા પછી રસીકરણ કરાવવા માટે લાઇનમાં આવી ગયા હતા. અમે રસીકરણ કરીને લોકોની જિંદગી બચાવી છે. મને વર્ષો પહેલાનો પ્રસંગ યાદ આવે છે. તે વખતે રસીકરણ ન હતું પરંતુ ઇમર્જન્સીના સમયમાં ખસીકરણ હતું. આ બધાને ખબર છે. પણ અમે રસીકરણના માધ્યમથી લોકોની જિંદગી બચાવી એટલા માટે ગૃહ વિભાગમાં કહેવું પડે છે કે ગુજરાત એ સરહદી રાજ્ય છે. લાંબો દરિયાકિનારો પણ છે અને એટલા માટે ગૃહ વિભાગને સતત જાગૃત અને એલર્ટ રાખવું પડે એ સ્વભાવિક છે. એની કામગીરીના લીધે, એની સફળતા છે એના લીધે આજે આપણા દેશમાં જે ડ્રગ્સના પેડલરો છે એને પકડી શકાયા છે અને એ આ સરકારની મોટામાં મોટી સફળતા છે. એને આપણે બિરદાવવી પડે. જો આટલું બધું ડ્રગ્સ ગુજરાતની અંદર ઘૂસી ગયું હોત તો ગુજરાતના યુવાનોની હાલત આવતા દિવસોમાં કેવી હોત?

શ્રી ઇમરાન યુ. ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, ખસીકરણ એ અસંસદીય શબ્દ છે એનો ઉલ્લેખ અહીંયા ન થઇ શકે.

શ્રી આત્મારામ પરમાર : મહેરબાની કરીને બેસી જાઓ તો સારું, છેડવાની જરૂર નથી. મહાત્મા ગાંધીજીના ગુજરાતની પરિસ્થિતિ કેવી હતી? કોંગ્રેસના શાસનમાં અહિંસાના પુજારી મહાત્મા ગાંધીજીના પોરબંદરની બહાર બોર્ડ લાગ્યું હતું કે કાયદો અને વ્યવસ્થાની હદ અહીંયા પૂરી થાય છે. માનનીય રાકેશભાઇ જે પ્રસ્તાવ લઇને આવ્યા છે તેને હું મારું સમર્થન આપું છું.

શ્રી સુરેશભાઇ ધ. પટેલ(મણીનગર) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના સભ્ય આદરણીય રાકેશભાઇ શાહ માનનીય રાજ્યપાલશ્રીનો આભાર પ્રસ્તાવ લઇને આવ્યા છે એને હું મારું સમર્થન આપું છું અને મારી વાત રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણા ગુજરાતના શહેરોની વાત કરીએ તો અત્યારે લગભગ ૪૮ ટકા જનસંખ્યા શહેરોમાં વસે છે. આપણે આ છેલ્લાં ૨૦-૨૫ વર્ષથી ગામડાની અગાઉના શાસકોના સમયમાં જે દુર્દશા થઇ. હું ગામડામાં જન્મેલો, ગામડામાં મોટો થયેલો, ગામડામાં ભણેલો અને પછી શહેરમાં આવ્યો એટલે એનાથી હું ખૂબ વાકેફ છું. કોઇપણ માણસ જયારે ગામડાંમાં રહેતો હોય અને એની અંદર કોઇ ગામમાં રસ્તા નહીં, મુખ્ય રસ્તાઓ તો હતા જ નહીં એના પછી ગામડામાં મને યાદ છે કે અમારી આજુબાજુના ગામવાળા કુવામાંથી પાણી ભરવા માટે અમારા ગામમાં આવતા. પાણીની દશા એટલી ખરાબ કે લોકોને પીવાના પાણી માટે પણ વલખા મારવા પડતા. હું પોતે છ કિલોમીટર ચાલીને બાજુના ગામની સ્કૂલમાં ભણવા જતો હતો અને કાયદો અને વ્યવસ્થા તો હું માનું છું ત્યાં સુધી આ ગૃહમાં કેટલીયે વાર ચર્ચા થયેલી છે કે પહેલાના શાસનમાં કાયદો અને વ્યવસ્થા જેવી કોઇ ચીજ નહોતી. મારે તેની તલવાર હતું અને લોકો ભયભીત હતા. કેટલાય રાજકીય મર્ડરો થયેલા. કેટલાય લોકો ઉપર ગામોગામ હુમલા થયેલા આ સ્થિતિ મેં મારી મેં મારી આંખે નિહાળી છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય નૌશાદભાઇ અને શ્રી ઋત્વિકભાઇ કોમેન્ટ કરવાનું બંધ કરે પ્લીઝ.

શ્રી સુરેશભાઇ ધ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, વિપક્ષના મિત્રો વચ્ચે બોલે છે.

અધ્યક્ષશ્રી : મેં સૂચના આપી છે.

શ્રી સુરેશભાઇ ધ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ શાસનમાં કદાચ કોઇએ ગુનો કર્યો હોય પણ ભારતીય જનતા પાર્ટીની આ સરકાર ગમે તે સરકાર રહી હોય તો ગુનેગારોને પકડી અને તાત્કાલીક એને શિક્ષા કરવાનો પ્રયત્ન અમારી સરકાર કરે છે. પહેલામાં અને અત્યારમાં આટલો ફરક છે. પહેલા ગુનેગારો પ્રધાનોની ગાડીઓમાં ફરતા હતા એના દાખલા પણ આપણે પેપરમાં વાંચ્યા છે અને અત્યારે અમારી સરકારમાં એવો એક પણ દાખલો નથી. હું જયારે આ વાત કરું છું ત્યારે ગામડાની અંદર લોકો રોજીરોટી માટે ગામડાઓ જયારે તૂટ્યા એટલે શહેર તરફ વળ્યાં અને છેલ્લાં ૨૦-૨૫ વર્ષથી લોકો જયારે આવતા હતાં, ત્યારે એ વખતની ગુજરાત સરકારે કોઇ પ્રયત્ન કર્યો નહીં. આદરણીય નરેન્દ્રભાઇ મોદી જયારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે એમણે વર્ષ ૨૦૦૯માં મુખ્યમંત્રી સ્વર્ણિમ જયંતિ યોજના શરૂ કરી તો ગામડાંમાંથી ખૂબ લોકો આવતા હતા એટલે શહેરોમાં પણ ઘસારો શરૂ થઇ ગયો હતો અને શહેરોની પણ વ્યવસ્થા એટલી ખરાબ હતી, એના કારણે શહેરોમાં ભીડભાડ, ઝૂંપડપટ્ટી અને જયાં મકાન બાંધવું હોય ત્યાં બધા બિલ્ડરો બાંધી દે, કોઇ આયોજન નહીં એને કારણે શહેરોમાં તકલીફ થઇ આદરણીય વડાપ્રધાન અને એ વખતના મુખ્યમંત્રીશ્રીએ વર્ષ ૨૦૦૯માં આ યોજના શરૂ કરી અને એના પછી શહેરોમાં જયારે પૈસા આપવાના ચાલુ કર્યા એને કારણે રોડ, રસ્તા, બ્રિજ, બાગબગીચા, પીવાનું પાણી, ભૂગર્ભ જળ વ્યવસ્થા, સ્વચ્છતા, તળાવ બ્યુટિફિકેશન, ફ્લાય ઓવર બ્રિજ અને આ બધો જ વિકાસ થવા માંડયો. હું એક દાખલો આપું. અત્યારે જયારે કોરોનાની મહામારી આવી અને એ વખતે આપણે જોયું હતું કે શહેરોમાં વિકાસ તો થયો, પણ જે ગામડાં તુટેલાં હતાં એનો પણ વિકાસ થયો અને એને કારણે કોરોનામાં ઘણા લોકોએ પોતાનાં ગામડાના મકાનો સાફસૂફી કરાવ્યા અને ગામડે પોતે રહેવા ગયા હતા આવા પણ દાખલા છે. શહેરમાં એકબાજુ આપણા વિરોધ પક્ષના નેતા કહે છે શહેરમાં ખૂબ સારી વ્યવસ્થા હતી અને હમણા જયારે વિષય આવશે ત્યારે કહેશે કે વિકસિત દેશો કરતા પણ ભારતે વધારે લોકોની ચિંતા કરી છે એના લેખિતમાં આંતરરાષ્ટ્રીય દાખલાઓ છે. આંતરરાષ્ટ્રીય દાખલાઓ છે કે ભારતે કોરોના મહામારીને આખી દુનિયામાં સારામાં સારી રીતે ટેકલ કરવામાં આદરણીય નરેન્દ્રભાઇના નેતૃત્વમાં સફળ રહ્યું છે. એવું બધા આંતરરાષ્ટ્રીય દેશોએ કહ્યું છે. આ શહેરી યોજનાઓને કારણે

સુરત મહાનગરપાલિકાને દેશના બીજા નંબરનું સૌથી સ્વચ્છ શહેર તરીકેનો એવોર્ડ મહામહીમ્ રાષ્ટ્રપતિ દ્વારા આપેલો છે. ગાંધીનગર મહાનગરપાલિકાને દેશનું સૌથી સ્વચ્છ પાટનગરનો એવોર્ડ મળેલ છે.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય શ્રી વિક્રમભાઇ માડમ..

શ્રી વિક્રમભાઇ અ. માડમ(ખંભાળીયા) : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યપાલશ્રીના પ્રવચનમાં રાકેશભાઇ શાહ જે પ્રસ્તાવ લઇને આવ્યા છે, એમાં મારા વિચારો વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મેં આખી બુક વાંચી. સરકારની સિદ્ધિઓ, ગુડ ગવર્નન્સ અને ઘણુ બધુ છે. મને એ કયાંય જાણવા ન મળ્યું કે ગુડ ગવર્નન્સની અંદર મારા વિસ્તારમાં ધરમપુર ગામ છે. જેની વસતિ ૨૦,૦૦૦ લોકોની છે. ત્યાં તલાટી મંત્રી સરાજાહેર પંચાયત જેવી પવિત્ર જગ્યા ઉપર બેસીને દારું પીવે અને આખા ગુજરાતની અંદર વીડિયો વાયરલ થાય. પ્રતિષ્ઠિત ચેનલો દેખાડે. પોલીસ સ્ટેશને એને બોલાવે. તા. ૧૦-૫-૧૯ ના રોજ પોલીસ એને બોલાવે. પોલીસ સ્ટેશનની ડાયરીમાં કેસ નં. ૧૮ની નોંધ છે. છે. બ્લડ રિપોર્ટ કરવા મોકલ્યા પછી એનું કયાંય નામોનિશાન નથી. કયાં ગયો કેસ? આ તલાટી મંત્રી પાસેથી રાજ્યના મંત્રી, હું કોઇ ગુજરાત સરકારના રાજ્યો નથી કહેતો. રાજ્યના મંત્રીશ્રીએ શીખવા જેવું છે. ૪-૪ મહિનામાં ૬-૬ વાર બદલી થઇને એ જગ્યાએ આવીને બેસે. આને બચાવનાર કોણ છે? આ તલાટી મંત્રી વાસ્મોના પૈસા ઉઘરાવે. ૩ ગામમાં એની બદલી થાય અને પછી દબાણ આવે ત્યારે ગમન કરેલ પૈસાઓ સરકારી તિજોરીમાં, બેંક ઓફ બરોડામાં જમા થાય. નંબર જોઇતા હશે તો મારી પાસે છે, તારીખ જોઇતી હશે તો મારી પાસે છે. છતા મંત્રીનું કાઇ ન થાય. અહી આખી ગુજરાત સરકાર બદલાઇ જાય, પણ તલાટી મંત્રીને કોઇ બચાવી ન શકે. એને રક્ષણ આપનાર કોણ છે? આ ગુડ ગવર્નન્સ છે? આ ગુડ ગવર્નન્સ હોય તો મારે આપને પૂછવું છે કે ધારાસભ્ય પૂછે? મંત્રીશ્રીને કાગળ લખે, જિલ્લા પંચાયતના સભ્ય પૂછે. મંત્રીશ્રી જવાબ ન આપે. આચારસંહિતા હોવા છતા એમના ઓર્ડર નીકળે. કલેકટરને કહીએ કે આ કેવી રીતે ઓર્ડર નીકળ્યો? આચારસંહિતા છે તો બદલી કેવી રીતે થાય? બદલી રોકાઇ જાય. ૩-૩ મહિનાઓ સુધી બદલી પેન્ડિંગ રહે. ફરીથી પાછો ત્યાં આવી જાય. સમજાતું નથી. એક પાર્ટીના જિલ્લાના પ્રમુખ અને આગેવાનો જાહેરમાં અભિનંદન આપે. મંત્રીશ્રી પાછા આવી ગયા છે. મને નવાઇ લાગે છે કે આ મંત્રીને રક્ષણ કોણ આપે છે? આપના માધ્યમથી સરકારશ્રીનું ધ્યાન દોરું છું કે ૪૮ કલાકની અંદર આ મંત્રી ઉપર કાનૂની પગલાં લેવામાં નહિ આવે, ધારાસભામાંથી એની બદલી કરવામાં નહિ આવે તો હું આ વિધાનસભા ગૃહની અંદર કાળી પટ્ટી બાંધીને વિરોધ વ્યક્ત કરવા માટે આવીશ. હું મારા અધિકારનો ઉપયોગ કરીશ. કોણ આને બચાવે છે, શા માટે બચાવે છે? ઓન રેકર્ડ ગુનેગારને કેવી રીતે બચાવે છે. જેને સસ્પેન્ડ કરવાનો હોય એને પ્રમોશન કેવી રીતે આપે છે? આ તો જાણવા જેવી વાત છે. બીજી ગુડ ગવર્નન્સની વાત. હમણાં મંત્રીશ્રીએ વડાપ્રધાન વિષે કહ્યુ. વડાપ્રધાન એ આપણા સૌના હોય છે. વડાપ્રધાન કોઇ પાર્ટીના નથી હોતા. વડાપ્રધાનનું માન સન્માન બધાએ જાળવવાનું છે. હું બહું નાનો હતો ત્યારે એક ચોકીદાર પિક્ચર જોયું હતું. એમાં બહુ સરસ કડી છે અને બચપણથી મગજમાં છે. આ દુનિયા નહિ હે જાગીર કીસીકી, સબ હે ચોકીદાર. કુછ આકે ચલે ગયે, કુછ જાને કો તૈયાર, ખબરદાર, ખબરદાર. કોઇએ પોતાના મનમાં ન વિચારવું જોઇએ કે અમે પરમેનન્ટ છીએ. અહીયા કેટલા આવ્યા અને કેટલા ચાલ્યા ગયા. કયારે કોનો જવાનો વારો આવશે એ સમય નક્કી કરશે. મારે એમાં પડવું નથી. જે યુક્રેનની અંદરથી લઇ આવવાની વાત કરે છે. વર્ષ ૨૦૧૧માં લીબિયા યુદ્ધની અંદર ખાડી યુદ્ધ ચાલતું હતું. હું સાંસદ હતો. ૧૮,૦૦૦ લોકોને ભારતની અંદર સહી સલામત લઇ આવ્યા હતા. બધાનો ઉપયોગ કર્યો હતો. આઇ.એન.એસ. આદિત્ય, આઇ.એન.એસ. મૈસુર, હેલીકોપ્ટર, ૨૫ એરક્રાફ્ટ સહી સલામત. અમારા આદરણીય નેતાશ્રી શક્તિસિંહ ગોહિલે ૧૯ ફેબ્રુઆરીએ દિલ્હીમાં પ્રેસ કોન્ફરન્સ કરીને કહ્યું હતું કે, બધા એરપોર્ટ ખુલ્લા છે, ૨૪ તારીખ સુધી યુદ્ધની કોઇ શક્યતા નથી. મહેરબાની કરીને જે ભારતીયો ફસાયા છે, બાકીના બધા દેશો લઇ આવ્યા છે. આપણે પણ ભારતીઓને લઇ આવવા જોઇએ. વારંવાર કમ્પેર થાય છે પાકિસ્તાન-બાંગ્લાદેશ, પાકિસ્તાન-બાંગ્લાદેશ. પાકિસ્તાન-બાંગ્લાદેશ સાથે આપણી કમ્પેર ન હોય. આપણી કમ્પેર તે અમેરિકા સાથે હોય, આપણી કમ્પેર ફ્રાન્સ સાથે હોય, આપણી કમ્પેર તે વિકસિત દેશો સાથે હોય. આ ભૂતપૂર્વ વડાપ્રધાન વિશે જે વાત કરવામાં આવી હતી તેમની આ સિદ્ધિ છે. કયાં ગયા હતા આપણે? મેં કહ્યું તેમ ૧૯ તારીખે શક્તિસિંહે પ્રેસ પણ કરી હતી. વડાપ્રધાન કાર્યાલયને એલર્ટ પણ કર્યા હતા. ૨૪ તારીખે યુદ્ધ થયું ત્યાં સુધી આપણે કંઇ કરી શક્યા નથી. આ જ ગુડ ગવર્નન્સ હોય, આ જ સરકારે સારું કામ કર્યું હોય અને ઘણાબધા મિત્રોએ સિદ્ધિ વર્ણવી. મને સમજાતું નથી કે, આટલી બધી સિદ્ધિ હતી તો હિન્દુસ્તાનમાં ન બન્યો હોય તેવો બનાવ મારા ગુજરાતમાં બન્યો, આખી સરકારને ઘરે બેસાડી દેવામાં આવી. આટલી બધી સારી સિદ્ધિઓ હતી તો આટલો બધો દંડ શા માટે? કદાચ કોઇ એકનો ગુનો હોઇ શકે, હું કોઇને ગુનેગાર નથી કહેતો. ગાંધીજીની મૂર્તિ આપણા માથા ઉપર છે. શ્રી ગાંધીજી આપણા માટે સન્માનનીય છે, વિશ્વ માટે સન્માનનીય છે. મારે આપના મારફતે સરકારને પૂછવું છે, મને જવાબ આપજો કે ગાંધીજીના ગુજરાતની અંદર ગોડસેના પૂતળાં મૂકાય? મારા જામનગરની અંદર ગોડસેના પૂતળાં મૂકાય. વારંવાર રજૂઆત કરીએ પણ કોઇ અસર ન થાય. ગોડસેનું પૂતળું મૂકનારને કંઇ ન થાય પણ તે પૂતળું તોડી નાંખનારને જેલની અંદર પૂરી દેવામાં આવે. ગાંધીની ગાથાઓ ગવાય. અત્યારે જામનગરમાં ગાંધી ગાથાઓ ગવાય છે. ગાંધી ગાથા ગવાય તેનો વાંધો નહીં. ગોડસેની ગાથાઓ ગવાય છે. ગોડસેની વકૃત્વ સ્પર્ધા થાય અને તેની અંદર ગુજરાત સરકારની સ્કૂલની અંદર તેની સ્પર્ધા થાય અને તેમાં ઇનામો આપવામાં આવે. આવતા દિવસોમાં નકકી કરી લેવું પડશે કે આ ગાંધીનું ગુજરાત છે કે ગોડસેનું ગુજરાત છે? ગુજરાત સરકારે પોતાની જાતે નક્કી કરી જાહેર કરવું જોઇએ. આવતા દિવસની અંદર ભવિષ્યમાં અમને ખબર પડે કે આ ગુજરાત છે તે ગાંધીનું

ગુજરાત છે કે ગોડસેનું છે. જેના નામે ઘણી બધી વાતો થઇ. નહેરુજીના વખાણ તમે ન કરી શકો પણ સરદાર પટેલના વખાણ થયા, ગાંધીજીના વખાણ થયા. સરદાર પટેલનું એરપોર્ટ કયાં ચાલ્યું ગયું, સરદાર પટેલનું સ્ટેડિયમ કોના નામે થઇ ગયું? આટલી વિશ્વ વિભૂતિ હોય તો તેના નામે બીજા બનાવોને? આ ગુડ ગવર્નન્સ છે? આદરણીય શિક્ષણમંત્રીએ બહુ સારી વાત કરી કે, ગુજરાતના બાળકો છે, તેનું ભવિષ્ય જોવું તે આપણી ફરજ છે, પણ તે બાળકો ભણીને જાય પછી તેની નોકરીનું ભવિષ્ય જોવું તે કોની ફરજ છે? એકવાર નહીં, બે વાર નહીં, પાંચ-પાંચ વાર નહીં, પણ નવ-નવ વાર પેપરકાંડ થાય અને છતાં કોઇ જાતનું પરિણામ નહીં. આવું તો મેં આખા દેશમાં કયાંય નથી સાંભળ્યું. દસ વર્ષ સુધી સાંસદ હતો. આખા દેશની અંદર ઘણા બધા નેતાઓને મળ્યો, ઘણા બધા રાજ્યોની ચર્ચાઓ જોઇ, ઘણી બધી જગ્યાએ ઘણાબ ધા બનાવો બન્યા. આવા બનાવો તો નથી જોયા. કોઇની સગાઇ તૂટી ગઇ, કોઇના લગ્ન અટકી ગયા, કોઇનું ઘર વેખવિખેર થઇ ગયું. હજારો યુવાનોની જિંદગી બરબાદ થઇ ગઇ. જામનગરમાં મારી સંસ્થામાં આજે ૮૦૦ દીકરા દીકરીઓ છેલ્લા ચાર મહિનાથી મહેનત કરે છે, પ્રયત્ન કરે છે. જેવી એકઝામની તારીખ આવે પછી તારીખ બદલાઇ જાય, પેપર લીક થઇ જાય. કારણો શું, આ બાળકોના ભવિષ્યનું શું? આ બાળકો આપણા નથી તો કોના છે? તેના ઉપર એકશન શા માટે ન લેવાય. તેના ઉપર એકશન લેવાવા જોઇએ. ગુનેગારોને સજા થવી જોઇએ. કોરોનાની વાત કરીએ તો તેમાં રસીકરણ થયું તેની ઘણીબધી ચર્ચા થઇ. ભૂતકાળમાં કોંગ્રેસના રાજમાં ઘણા બધા રસીકરણ થયા હતા. આટલા ઢોલ નથી પીટ્યાં. દસ હજાર મૃત્યુ સરકાર ઓફિશ્યલી દેખાડે છે. ૯૦ હજારને સહાય ચૂકવી. માનનીય અધ્યક્ષશ્રી, આપણે સૌ જાણીએ છીએ કે, જે કરોડપતિ હોય, જેણે પંદર, વીસ, પચ્ચીસ લાખ રૂપિયા ખર્ચ્યા છે છતાં તે તેના સ્વજનને નથી બચાવી શક્યા તેવા લોકોએ અરજી કરી છે? એવા લોકોએ અરજી નથી કરી. ગામડામાં ઘણા લોકો પાસે અમે ફોર્મ ભરાવવા માટે ગયા. તેમણે ના પાડી કે વિક્રમભાઇ બાપ મરી ગયો, મા મરી ગઇ, ભાઇ મરી ગયો તો હવે આ કાગળીયા કરવાનો શું મતલબ? સરકાર કાંઇ આપવાની નથી. સરકારે આપી આપીને આપ્યું શું? ભેંસ મરે તો રૂપિયા ૫૦ હજાર, માણસ મરે તો રૂપિયા ૫૦ હજાર. દુઃખદ ઘટના છે, દુઃખદ ઘટના છે. આંકડો કેટલો છે એ આજે પણ સાચો આંકડો તો નથી આવતો પણ વાસ્તવિકતા તો એ છે કે આંકડાઓમાં વિસંગતતા છે. સાચા માણસોને નથી મળતું અમે મહેનત કરી છે. જામનગર ગુરુ ગોવિંદસિંહ હોસ્પિટલ છે ત્યાં હજારો દર્દીઓ રાજકોટથી, મોરબીથી, જૂનાગઢથી, સોમનાથથી આવ્યા અને ૮-૮ અને ૧૦-૧૦ કલાક સુધી લાઇનમાં કોરોનાના દર્દીઓ ઉભા રહ્યા એમને ઓક્સિજન ન મળે, મહેનત કરીને ઓક્સિજન પહોંચાડીએ ત્યાં રસ્તામાં કેસ ફેલ થઇ જાય એ સરકારી ચોપડે નોંધાય પણ નહીં અને જે કેસ સરકારી ચોપડે નોંધાયો નથી એને તમે સહાય કેવી રીતે કરશો? ક્યારેક તો વિચારો એવા લોકો આજે દરદર ભટકે છે કે વિક્રમભાઇ, અમારું કોણ અમારો કેસ તો ચોપડે નોંધાયો જ નથી અને અમારો ભાઇ તો સ્થળ પર કે દવાખાને પહોંચ્યો જ નથી રસ્તામાં જ મૃત્યુ પમ્યો છે. આવા લોકો માટે શું? આવા લોકો માટે કોઇ વ્યવસ્થા નથી. ગુડ ગવર્નન્સની વાતો તો ઘણી સાંભળી, ગામડાઓમાં ઘણી પીડાઓ અને વેદનાઓ છે. ઘણી બધી સ્કૂલો જે તમે લોકોએ જ બનાવી હતી, વાડી શાળા, વાડી શાળામાં ભણે છે કોણ? ગામડાંના ગરીબ લોકો, ગામડાંના ખેડૂતો, ગામડાંના મજૂરો. કોઇ કરોડપતિનો દીકરો ત્યાં ભણવા જતો નથી. આને બંધ કરવાનું કારણ શું? આ કિલોમિટરના નિયમો કોણે બનાવ્યા? આ સ્કૂલો ખાલી થઇ ગઇ એનું શું? આ સ્કૂલો ખાલી થઇ છે ત્યાં અત્યારે દારુના ધંધાર્થીઓ, ખોટા ધંધા કરવાવાળા ધંધાર્થીઓ એ સ્કૂલોનો કબજો લઇને બેસી ગયા છે. ત્યાં ન થવાનાં કામો થાય છે એની જવાબદારી કોની? શા માટે ગામડાંના આ બાળકો પાસેથી શિક્ષણ ઝૂંટવી લેવામાં આવ્યું? જો આ ગુડ ગવર્નન્સ હોય તો એ મજૂરોની ચિંતા કરવાની જરૂર હતી, એ ગરીબોની ચિંતા કરવાની જરૂર હતી, જેમનું કોઇ નથી એમની ચિંતા કરવાની જરૂર હતી, ત્યાં એવા જ લોકો ભણે છે કે જેમની પાસે કોઇ વ્યવસ્થા નથી. હું જ્યાંથી ચૂંટાઇને આવું છું એ ભાણવડ ધારાસભા મત વિસ્તાર ખંભાળિયા એ ભાણવડની અંદર બરડો ડુંગર છે. એનો એક ભાગ પોરબંદરમાં છે અને એક ભાગ છે એ ભાણવડમાં અમારી પાસે છે. ત્યાંની સડકોની હાલત તો જુઓ? ડૂંગર ઉપરથી એકધારું પાણી પડે છે, ગમે તેવી સડક બનાવો સડક તૂટી જાય છે. શનિદેવનું મંદિર આવેલું છે ત્યાં આખા દેશમાંથી શ્રદ્ધાળુઓ આવે છે. એક એક વર્ષ સુધી રસ્તો રિપેર નથી થતો રસ્તો બંધ પડ્યો છે. ડાઇવરઝન કાઢી કાઢીને ચાલવું પડે છે આ ગુડ ગવર્નન્સ છે? આને આપ ગુડ ગવર્નન્સ કહેતા હોય તો મારે આને બીજી શું વ્યાખ્યા આપવી? મારી મર્યાદાઓ છે, હું એક સામાન્ય ધારાસભ્ય છું પણ સરકારને કહું છું કે ગુડ ગવર્નન્સ જો કરવી હોય તો એ લોકોની ચિંતા કરોને? બરડા ડુંગરના આદિવાસીઓ એ માલધારીઓ છે એમની મુશ્કેલીઓ, એમની વેદનાઓ, એમની પીડાઓ જે છે એની સામે તો ધ્યાન આપો. ગાંધીજીની જન્મભૂમિ છે પોરબંદર અને મેં કહ્યું તેમ એક છેડો પોરબંદરમાં આવે છે અને એક છેડો મારા ભાણવડમાં આવે છે એની ચિંતા કોણ કરશે? આપ સત્તા ઉપર બેઠાં છો એની ચિંતા જો આપ નહીં કરો તો કોણ કરશે?

અધ્યક્ષશ્રી : બે મિનિટમાં આપ પૂરું કરો.

શ્રી વિક્રમભાઇ અ. માડમ : માનનીય અધ્યક્ષશ્રી, આપ સત્તા ઉપર બેઠાં છો ત્યારે આપની ફરજ છે. આવતી કાલે કોણ આવશે, કોણ રહેશે કોણ નહીં રહે એ કોઇ નક્કી નથી કરી શકતું. હમણાં ૩ દિવસ પછી પરિણામ આવશે, ક્યાંક પેજ પ્રમુખોની વાતો થાય છે, ક્યાંક મજબૂતીની વાતો થાય છે, કયાં છે દિલ્હીના પેજ પ્રમુખો? ક્યાં છે પંજાબના પેજ પ્રમુખો? જ્યાં આખી સરકારના ૨૮૨ સાંસદો ઉતરી પડે છે ત્યાં ૩ સીટ આવે છે, ૭ સીટ આવે છે. પેજ પ્રમુખો કાંઇ કરી શકતા નથી. જે દિવસે જનતા ઇચ્છશે ત્યારે સારા સારા શાસકોને આ જનતાએ ઉથલાવીને નાંખી દીધા છે અને એટલા માટે જ ફરીથી કહું છું

અને એ પંક્તિ ફરીથી બોલું છું કે, દુનિયા નહીં હે જાગીર કીસી કી સબ હે ચોકીદાર, કુછ તો આકર ચલે ગયે કુછ જાને કો તૈયાર. એ યાદ રાખજો. યહા તો *(xxx) ફરિયાદ કરીએ છીએ તો તપાસ પણ એજ કરે છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય વિક્રમભાઇ, આપ જે બોલો છો *(xxx) એ અસંસદિય શબ્દો છે એ રેકોર્ડ ઉપરથી હું દૂર કરું છું.

શ્રી વિક્રમભાઇ અ. માડમ : માનનીય અધ્યક્ષશ્રી, અસંસદિય લાગતો હોય તો કાઢી નાંખો મને વાંધો નથી.

અધ્યક્ષશ્રી : એ શબ્દો હું રેકોર્ડ ઉપરથી દૂર કરું છું.

શ્રી વિક્રમભાઇ અ. માડમ : માનનીય અધ્યક્ષશ્રી, એક મિનિટ આપો. જેની ફરિયાદ અમે કરીએ છીએ એની તપાસ પણ એ જ કરે છે અને એ એને ક્લીનચીટ આપી દે છે. જે તલાટી મંત્રીની હું વાત કરું છું એની ફરિયાદ છે અને જે લોકો એને છાવરે છે એ તપાસ કરીને કહી દે છે કે, ક્લિનચીટ છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : મનનીય અધ્યક્ષશ્રી, હું શ્રી વિક્રમભાઇને વચ્ચે ખલેલ કરવા નહોતો માગતો એટલે વચમાં મેં પોઇન્ટ ઓફ ઓર્ડર ઉભો નહતો કર્યો. માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર ગૃહમાં એ વિષય આવે છે અને આવવાનો છે કે, કોરોનામાં જે વ્યક્તિઓ મૃત્યુ પામ્યા આપણા ગુજરાતીભાઇ, બહેનો, માતાઓ કે કોઇ પણ એમને ૫૦ હજાર રૂપિયાની જે સહાય આપવામાં આવે છે એ મારી જાણકારી અને સમજ પ્રમાણે આ રકમ ગુજરાત સરકારે નક્કી નથી કરી, આ ૫૦ હજાર રૂપિયા આપવા એ નામદાર સુપ્રીમ કોર્ટે આખા દેશ માટે નિર્ણય કર્યો છે એટલે એ રૂપિયા ૫૦ હજાર ઓછા છે વધારે છે એની કોઇ ટીકા ટિપ્પણ મારી દ્રષ્ટીએ કરવી એ નામદાર સુપ્રીમ કોર્ટના ચુકાદા અને આદેશની અવગણના બરાબર ગણવું જોઇએ. એટલે આજે પણ નહીં અને આખા સત્ર દરમ્યાન આ ૫૦ હજાર અંગે કોઇ ટીકા ન કરે એવી મારી વિનંતી છે.

અધ્યક્ષશ્રી : વિરામનો સમય થયો છે, સભાગૃહ ૩.૦૦ વાગ્યે ફરી મળશે.

**(વિરામ બપોરના ૨.૩૦થી ૩.૦૦)**

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

શ્રી વી.ડી. ઝાલાવાડિયા(કામરેજ) : માનનીય અધ્યક્ષશ્રી, ચૌદમી ગુજરાત વિધાનસભાના દશમા સત્રના પ્રારંભે મહામહિમ રાજયપાલશ્રીએ જે ગુજરાત વિધાનસભાને સંબોધન કરવા બદલ માનનીય ધારાસભ્યશ્રી રાકેશભાઇ શાહ જે આભાર પ્રસ્તાવ લઇને આવ્યા છે અને માનનીય ધારાસભ્યશ્રી અભેસિંહજી તડવીએ પ્રસ્તાવને અનુમોદન આપેલ છે ત્યારે આ પ્રસ્તાવને હું સમર્થન સાથે મારા વિચારો વ્યકત કરવા ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજયપાલશ્રીએ તેઓશ્રીના સંબોધનમાં ભારત દેશને મળેલી આઝાદીના ૭૫ વર્ષ પૂર્ણ થવાના પ્રસંગે સમગ્ર ભારત વર્ષમાં આ વર્ષને આઝાદીના અમૃત મહોત્સવ વર્ષ તરીકે ઉજવવામાં આવી રહ્યું છે, ત્યારે આઝાદી મેળવવામાં જે મહાનુભાવોએ પોતાનું અમૂલ્ય યોગદાન આપેલ છે, તેવા પૂજ્ય મહાત્મા ગાંધીજી, સરદાર વલ્લભભાઇ પટેલ તેમજ રવિશંકર મહારાજ અને સ્વાતંત્ર્ય સેનાનીઓને હું અંતઃકરણપૂર્વક વંદન કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજરોજ મહામહીમ્ રાજયપાલશ્રીના સંબોધન પરની ચર્ચામાં ભાગ લેતા હું ઉર્જા વિભાગની કામગીરી પર પ્રકાશ પાડવા માગું છું. છેલ્લાં ૨૦-૨૨ વર્ષથી ગુજરાતમાં એક ફ્રન્ટ લાઇન સ્ટેટ બન્યું જે જ્ઞાતિ, જાતિ, ધર્મ વગેરેના નામે રાજનીતિ થતી હતી ત્યારે ગુજરાતે વિકાસના મુદ્દે રાજનીતિ શરૂ કરી અને આજે ગુજરાત તે પૂરા દેશ માટે સર્વાંગી વિકાસનું રોલ મૉડેલ બન્યું છે. એટલે આજે આખા દેશમાં ગુજરાત મૉડેલ શબ્દ પ્રચલિત થયો છે. વિકાસ બાબતે ગુજરાત ટ્રેન્ડ સેન્ટર બન્યું છે જેનું આજે ભારતના અન્ય ભાગોમાં અનુકરણ કરવામાં આવી રહ્યું છે. આપણા માનનીય દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીજીએ ગુજરાતના મુખ્યમંત્રી પદે રહીને છેવાડાના માનવીઓના દુઃખ, દર્દ ઘટાડવા માટે જે જે યોજનાઓ ઘડી હતી તે સફળ યોજનાઓ આજે આખા હિન્દુસ્તાનમાં સફળતાપૂર્વક આયોજન રીતે તત્કાલીન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીજીએ અમૃતમ કાર્ડ યોજના શરૂ કરી હતી. આજે આયુષ્યમાન કાર્ડ યોજના દ્વારા પૂરા દેશની અંદર તેમની સેવા લઇ રહ્યા છે. તેવી જ રીતે આ દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીજીએ ગુજરાતના ઘરે ઘરે વીજળી પહોંચાડવા માટે જ્યોતિ ગ્રામ યોજના શરૂ કરી ગુજરાતના લગભગ ૧૮,૦૦૦ ગામોમાં નિયમિત વીજળી પૂરી પાડી છે. આજે આ યોજનાનું મોટું સ્વરૂપ કરી માનનીય મોદીજીએ સંપૂર્ણ હિન્દુસ્તાનની અંદર આ યોજના લાગુ કરી ભારતના સાડા છ લાખ ગામોને વીજળી પૂરી પાડવાનુ કામ કર્યું છે અને ૨૦૧૮ સુધીમાં ભારતના તમામ ગામોને વીજળીથી સજ્જ કર્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, બાકી તો આપણે સૌ સારી રીતે જાણીએ છીએ કે કોંગ્રેસના રાજમાં વીજ કાપના ડરથી સુરજ આથમે તે પહેલાં વાળું કરવાનું આયોજન કરતા હતા. મને ખ્યાલ છે મારા બાળપણની અંદર, મારા ગામમાં વીજળી નહોતી અને ત્યારે માત્ર અને માત્ર જે લોકો મત લેવા માટે આવતા ત્યારે મતદારો તેને એટલી જ વાત કરતા હતા કે અમને સાંજે વાળું સમયે વીજળી મળે અમે મત તમને આપીશું, પણ ત્યારની સરકારને કોઇ પણ યોજના હોય એની અમલવારી કરતા નહોતી આવડતી. આ દેશના વડાપ્રધાન અને તત્કાલીન મુખ્યમંત્રી આ શ્રી નરેન્દ્રભાઇ મોદીજીએ આ ગુજરાતનું સુકાન સંભાળ્યું ત્યારથી આ એક એક યોજનાની અમલવારી કરી અને પ્રજા સુધી પહોંચે તે રીતનું આયોજન કર્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, બાકી તો આપણે સૌ

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

સારી રીતે જાણીએ છીએ કે કોંગ્રેસના રાજમાં વીજકાપના ડરથી ... (સભ્યશ્રી બળદેવજીભાઇ ઠાકોર વચ્ચે બોલતાં)

અધ્યક્ષશ્રી : શ્રી બળદેવભાઇ, આપનો વારો આવશે. આપ બેઠા-બેઠા વચ્ચે ન બોલશો.

શ્રી વી.ડી. ઝાલાવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્રમાં એમનું શાસન હતું ત્યારે ૧૮,૦૦૦ ગામડાંઓમાં લાઇટ નહોતી. આ આ દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ આ દેશનું સુકાન સંભાળ્યું અને ૧૮,૦૦૦ ગામડાંઓમાં ૨૦૧૯માં વીજળી આપવાનું કામ કર્યું છે. વીજળી જતી રહે એ તો ખરું પણ સરપંચશ્રી જી.ઇ.બી.ની ઓફિસમાં ફોન કરે ત્યારે જી.ઇ.બી.ના અધિકારીઓને જાણ થતી કે આ ગામમાં વીજળી ગઇ છે. ત્યાં સુધી અધિકારીઓને ખબર નહોતી પડતી અને આજે વીજળી ગઇ હોય તો ત્રણ-ચાર દિવસ સુધી ગામમાં લાઇટ ચાલુ થતી હતી. કારણ કે, અમરેલી જિલ્લાનું સાવરકુંડલા મારું ગામ છે. અમે જ્યારે નાના હતા ત્યારે અમારા ગામમાં વીજ લાઇન જ નહોતી. સાવરકુંડલા અને લીલીયામાં જ્યારે પ્રકાશ પડતો હોય એ જોઇને અમે સપનું જોતા હતા કે અમારા ગામમાં ક્યારે લાઇટ આવશે? જ્યારથી ભાજપે ગુજરાતમાં સત્તાનું સુકાન સંભાળ્યું ત્યારથી લાંબાગાળાનું આયોજન કરી જી.ઇ.બી. જ નહિ પણ યુ.જી.વી.સી.એલ., પી.જી.વી.સી.એલ., ડી.જી.વી.સી.એલ. અને એમ.જી.વી.સી.એલ. એમ તમામ હિસ્સાઓ એક કરી ઉત્તમ મેનેજમેન્ટનું ઉદાહરણ આપ્યું છે. એના થકી વહીવટમાં સરળીકરણ થયું છે. વીજળીને લગતા સ્થાનિક પ્રશ્નો સુધી તંત્ર પહોંચી શક્યું છે. સમસ્યા સમજી શક્યું છે. મારી વિધાનસભાની વાત કરું તો મને યાદ છે કે આજથી ૧૫ વર્ષ પહેલાં માત્ર બે સબ ડિવિઝન હતા અને આજે હું ગર્વ લઉં છું કે મારી વિધાનસભામાં આજે ૧૧ થી ૧૨ સબ ડિવિઝન કાર્યરત છે

શ્રી બળદેવજી ચં. ઠાકોર**(**કલોલ) : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યપાલશ્રીના પ્રવચન ઉપર હું મારા વિચારો વ્યક્ત કરવા ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર પ્રવચનમાં ગુડ ગવર્નન્સની વાત થઇ એના પરથી મારે આપના દ્વારા યાદ કરાવવું છે કે આ રાજ્યમાં ખેડૂતની જમીન બચાવવા સરકાર લેન્ડ ગ્રેબિંગ નામનો એક કાયદો લાવ્યા અને કોંગ્રેસના તમામ આગેવાનોએ આ કાયદાને સમર્થન આપ્યું હતું. એ એટલા માટે આપ્યું હતું કે ખેડૂતની જમીન કોઇ ખોટા ખેડૂત લખાવી ન જાય. એની ઉપર કબજો ન કરી જાય. કલોલ તાલુકામાં મોટી ભોયણ નામનું એક ગામ છે. એ ગામના સરપંચ પોતાના ઘરની આગળ પડાળી બાંધીને ભેંસ બાંધે છે અને એ ભેંસ બાંધવાથી એ સરપંચ ઉપર લેન્ડ ગ્રેબિંગના કાયદાની ફરિયાદ દાખલ થાય. એનાથી આગળ વાત કરું તો કલોલ તાલુકાના સાંતેજ ગામમાં ગામતળની જમીનમાં ૨૭ રબારી સમાજના લોકોએ ઘર બનાવ્યા હતા. એક બિલ્ડરને જવા માટે રસ્તો બનાવવા માટે એ ઘર પાડી નાંખ્યા હોત તો વાંધો નહોતો પણ સરકારી તંત્રનો દૂરુપયોગ કરી, કાયદાનું ખોટું અર્થઘટન કરી અને ૨૭ રબારી સમાજના ઘરના માલિકો ઉપર લેન્ડ ગ્રેબિંગ થયું. કાયદો ગરીબ માણસની જમીન કોઇ પચાવી ન જાય એના માટેનો હતો. મારે દુ:ખ સાથે માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવું છે કે અરવિંદ મિલ અમારા વિસ્તારમાં આવેલ છે. એક તળાવ અને ૪૫,૦૦૦ ચો.મી. જમીન ઉપર એણે ગેરકાયદેસર કબજો કરેલો છે. એની ઉપર લેન્ડ ગ્રેબિંગ લાગતું નથી. સ્કાયલાર્ક નામની કંપની ૧૦ વીઘાના તળાવનો કબજો કરી ૧૦ ફૂટ ઉપર ઘન કચરો નાંખી એનો કબજો કરેલ છે. ઘન કચરો નાંખીને કબજો કરેલો છે એના ઉપર લેન્ડ ગ્રેબિંગ લાગતો નથી. ભોયણ ગામમાં રામા મલ્ટીએ ગૌચરનું દબાણ કર્યું છે તેના ઉપર લેન્ડ ગ્રેબિંગ લાગતો નથી. જે.કે. લક્ષ્મી સિમેન્ટ ૧૦ વર્ષથી ગૌચરમાં ફેક્ટરી બનાવી સિમેન્ટનું પ્રોડક્શન કરે છે. મેં જ્યારે સંકલનમાં પ્રશ્ન કર્યો એટલે મને જાણવા મળ્યું કે સરકારમાં દરખાસ્ત ચાલે છે. મેં પૂછ્યું શેની? તો કહે ગૌચરની જગ્યાએ બીજે જમીન લઈ આપવાની છે. મારે મંત્રીશ્રીનું ધ્યાન દોરવું છે કે ગાંધીનગરમાં અમે એક હજાર વારના પ્લોટમાં મકાન બનાવીએ અને એક હજાર વાર જમીન અમે તેમને બીજે આપીશું તો ચાલશે? જો તમે આવી દરખાસ્ત ચલાવશો, એ દરખાસ્તને તમે મંજૂરી આપશો તો ગામડે ગામડે લોકો ગૌચરમાં મનફાવે તેમ દબાણ કરી અને તમારી પાસે દરખાસ્ત ચલાવશે કે આની જગ્યાએ અમે તમને બીજી જગ્યાએ જમીન આપીશું. જો આ ચલાવવાનું હોય, આ દરખાસ્ત તમારે મંજૂર કરવાની હોય તો મારે તમને કાંઈ વધારે કહેવું નથી. હાજીપુર ગામમાં સર્વે નંબર ૧૧૬૪માં એક લાખ વાર જગ્યાનો નંબર છે. શ્રીસરકાર થઈ ગયેલ છે અને અંદર ક્લબ હાઉસ ઊભું છે તેના ઉપર લેન્ડ ગ્રેબિંગ લાગતો નથી. મારે આપના દ્વારા સરકારનું ધ્યાન દોરવું છે કે આને ગુડ ગવર્નન્સ કહેવાય? આપણા નવા વરાયેલા મંત્રી પણ એક દિવસ બોલ્યા કે ઇંડાની લારી ઊભી રાખશો કે કોઈ લારી ઊભી રાખશો તો પણ લેન્ડ ગ્રેબિંગ લાગશે. ૫૦-૫૦ હજાર વાર જમીન લોકો ખાઇ ગયા તો તેના ઉપર લેન્ડ ગ્રેબિંગ લાગતો નથી પણ ક્યાંક લારીઓ ઊભી રાખી અને કોઈ તેનું જીવન ગુજારવા માટે નાનો ધંધો કરે તો તેના ઉપર લેન્ડ ગ્રેબિંગ લાગે છે. આને તમે ગુડ ગવર્નન્સ કહેવાના હોય તો મારે બીજું કાંઈ વધારે કહેવું નથી. દિવસે દિવસે બેરોજગારી વધતી જાય છે. વિદ્યાર્થીઓ તલાટી, કલાર્ક કે બીજી પરીક્ષાની તૈયારી કરી અને પરીક્ષા આપવા જાય ત્યાં પેપર ફૂટી જાય છે. કેટલા પૈસા વ્યર્થ જાય છે?

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં કેટલી સરકારો આવે અને જાય પણ સુપર સી.એમ. તરીકે ઓળખાતા વર્ષોથી સી.એમ.ની ઓફિસમાં નોકરી કરે છે એમને રિટાયરમેન્ટ જેવું છે જ નહિ. ૧૩-૧૩ વર્ષથી માનીતા અધિકારીઓને એક્ષટેન્શન મળતું રહે છે. એમને પૂછ્યા વગર કોઈ નિર્ણય થઈ શકે નહિ. આવી પરિસ્થિતિમાં તમે આ ગુજરાતને ગુડ ગવર્નન્સ કહેશો? ઘણા બધા અધિકારીઓ રીટાયર્ડ થઈને ઘરે પહોંચી ગયા પણ માનીતા અધિકારીઓએ વર્ષોથી અડ્ડો જમાવ્યો છે. આ સમયે દુઃખ સાથે એક વાત કરું. અમારા માનનીય વિક્રમભાઈ સરદાર પટેલ સ્ટેડિયમ માટે બોલ્યા. સ્ટેડિયમનું નામ જતું રહ્યું અને મોદી સાહેબના નામે સ્ટેડિયમ બની ગયું. સરદારના નામે આપણે વાતો કરવી અને આવા લોખંડી મહાપુરુષનું નામ બદલી અને પોતાનું નામ રાખી ગુજરાતમાં વાહ-વાહ કરવી એ ગુડ ગવર્નન્સ કહેવાતું નથી.

ફાલ્ગુન ૧૬, શાકે ૧૯૪૩

## રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા(પહેલો દિવસ)

શ્રી વિરજીભાઇ ઠુમ્મર(લાઠી):માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાકેશભાઈ મહામહીમ્ રાજ્યપાલશ્રીએ કરેલા અભિભાષણનો આભાર પ્રસ્તાવ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ તો એક મિનિટ મોડા પહોંચવા બદલ માફી માગું છું. હું બ્લોક નંબર ૧૪ માં ગયો હતો. ત્યાંથી બ્લોક નંબર ૧૨માં આવ્યો. બધા જ ફ્લોર ઉપર લોક માર્યા છે. ત્યાંથી આ બાજુ આવી શકાતું નથી એટલે મોડો પડ્યો. અહીં લિફ્ટ પણ મોડી થઈ. કોરોના જતો રહ્યો છે એટલે બધા બ્લોક ખોલી નાંખવામાં આવે. બજેટ સત્ર ચાલી રહ્યું છે ત્યારે ધારાસભ્યોને કોઈ અધિકારીઓને મળવા જવાનું થાય તો એટલી બધી મુશ્કેલીઓ ઊભી થાય છે એટલે આપના મારફત વિધાનસભા ગૃહમાં એક સભ્ય તરીકે વિનંતી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, કોંગ્રેસે જે જૂનું સચિવાલય બનાવ્યું હતું અને એક વિભાગમાંથી બધા જ વિભાગમાં જઇ શકાય એ પ્રકારની પરિસ્થિતિ પાછી નિર્માણ કરવામાં આવે. મહામહીમ્ રાજ્યપાલશ્રીએ ગયા વર્ષે કરેલું એમનું પ્રવચન અને આ વર્ષે એમણે કરેલ પ્રવચન બંને વચ્ચે ભારે મોટુ અંતર દેખાઇ રહ્યું છે. મહામહીમ્ રાજ્યપાલશ્રીએ ગયા વખતે આરોગ્ય માટે જે પ્રવચન કર્યું હતું ત્યારે ૯,૨૩૧ પેટા કેન્દ્રો, ૧,૪૯૯ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને ૩૬૭ સામૂહિક આરોગ્ય કેન્દ્રો, રાજ્યના દુર્ગમ વિસ્તારમાં આવા આરોગ્ય કેન્દ્રો સ્થાપી વધારાના આરોગ્ય માટેનાં સેન્ટરો ઉભાં કરવાની વાત કરી હતી. આજે એમનું પ્રવચન વાંચ્યું તો મહામહીમ્ રાજ્યપાલશ્રીએ જે પ્રવચન કર્યું છે એમાં કેટલા આરોગ્ય કેન્દ્રો ઉભા થયા છે? એનો કોઇ ઉલ્લેખ નથી. એમાં કેટલા ડોકટરો મૂકવામાં આવ્યા એનો કોઇ ઉલ્લેખ નથી. મારા સામે બેઠેલા મિત્રો વાતો કરે છે કે, કોગ્રેંસે કંઇ ના કર્યું, કોંગ્રેસે વીજળી ના આપી, કોંગ્રેસની દેનના કારણે આજે આ વિધાનસભા ગૃહમાં આવી ઝબકતી વીજળી છે. એ મારા મિત્રો ભૂલી ન જાય. તમે તો પ્રાઇવેટ લોકોને આપી દીધું છે. આટલા બધા પાવર સ્ટેશનો ઉભાં કરવા માટેનું સૌભાગ્ય જો કોઇને પ્રાપ્ત થયું હોય તો કોંગ્રેસ સરકારને પ્રાપ્ત થયું છે. એક એક ગામડાની ગલીઓ સુધી તે વખતે વીજળીની લાઇનો ઉભી કરી છે, એમાં કદાચ જયોતિગ્રામના નામે તમે વાહવાહી લૂંટો છો. લૂંટો એનો વાંધો નથી. પરંતુ કોંગ્રેસે કંઇ કર્યું નથી એવી વાત કરી કોંગ્રેસને કહેવા માગે છો ત્યારે મહામહીમ્ રાજ્યપાલશ્રીના ગયા વખતના પ્રવચન ઉપર પણ આવવા માગું છું. ગયા વખતે મહામહિમ રાજ્યપાલશ્રીએ પોતાના પ્રવચનમાં એવું કહ્યું હતું કે, શ્રમિક કલ્યાણ અને રોજગારમાં ૧,૦૦૬ ટ્રેનો મારફત ૧૪,૬૪,૪૦૩ અંતરિયાળ વિસ્તારના શ્રમિકોને તેમના વતનમાં મોકલવામાં આવ્યા. તે પૈકી ૫૫૪ ટ્રેનો મારફત ૮,૦૫, ૪૯૫ શ્રમિકોને ઉત્તર પ્રદેશમાં મોકલવા માટેનાં કુલ ૨૩૬ સેન્ટર હોમ દ્વારા શ્રમિકોના ભોજન અને સેવાઓ પૂરી પાડવાનું કામ મારી સરકારે કર્યું છે. એવું મહામહીમ્ રાજ્યપાલશ્રી ગયા વખતે બોલ્યા હતા. આ વખતમાં ઉલ્લેખ થયો નથી. તાજેતરમાં પાંચ રાજ્યોની ચૂંટણી ચાલી રહી છે. આ ગૃહના તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન ત્યાં ભાષણ કરે છે કે, કોંગ્રેસે કરેલા કૃત્ય, મહારાષ્ટ્રની સરકારે કરેલા કૃત્યના કારણે કોરોના વાઇરસના વાઇરસ લઇને ઉત્તરપ્રદેશ અને પંજાબમાં લોકો આવ્યા અને એના કારણે કોરોના ફેલાયો છે. માનનીય અધ્યક્ષશ્રી, આખું ગુજરાત ગોટે ચડ્યું છે અને હું પણ ગોટે ચડ્યો છું કે તમે રેલીઓ ઉભી કરો અને તમારા પ્રવચનમાં તમે આટલી બધી વાહવાહી લો. આજે એ લોકો એમના વતનમાં પહોંચ્યા અને દેશના વડાપ્રધાન એમ કહે કે, કોગ્રેંસે મફત ટિકિટ આપી અને કોરોના વાઇરસને ઉત્તર પ્રદેશમાં ફેલાવવાનું પાપ કર્યું છે. વડાપ્રધાન આ શબ્દો બોલ્યા છે. તો હવે મારે મહામહીમ્ રાજ્યપાલજીને કેવી રીતે અભિનંદન આપવા? મહામહીમ્ રાજ્યપાલજી તમારી પાસે આવા શબ્દો બોલાવવામાં આવે છે અને શબ્દો બોલાવ્યા પછી તેની અમલવારીમાં આ સરકાર માત્ર પુષ્પા બજેટ, પુષ્પા બજેટ, રૂપાળુ બજેટ. શ્રી કનુભાઇ તો મારા મિત્ર છે. અમે પી.એ.સી. કમિટિમાં સાથે કામગીરી કરી છે. બહુ અભ્યાસુ છે, પણ *(xxx) એ બાબતમાં મહામહીમ્ રાજ્યપાલશ્રીને કેટલું કહેવામાં આવ્યું હશે?

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી.

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી (સંસદીય બાબતોના મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, આવી રીતે કહીને માનનીય મંત્રીશ્રીનું અપમાન કરી શકાય નહીં. આ અપમાન જ કહેવાય. આવા શબ્દો જે વાપરો છો એવા ન વાપરી શકાય. આ અસંસદીય શબ્દો છે. આપ બીજી રીતે કહી શકો. *(xxx) એ જે વક્રોકિત છે, આવી વક્રોકિત ન થઇ શકે.

અધ્યક્ષશ્રી : માનનીય વિરજીભાઇ, માનનીય મંત્રીશ્રી માટે આપે જે ઉલ્લેખ કર્યો છે, એ રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવે છે.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શ્રી કનુભાઇ બહુ અભ્યાસુ છે એમ હું કહેવા માગું છું. માનનીય શ્રી રાજેન્દ્રભાઇ તો આપની ચેર ઉપર રહી ચૂક્યા છે. કદાચ મારા શબ્દોમાં કોઇ ફેરફાર હોય તો એમાં પોતે સુધારો કરે, એમાં મને વાંધો નથી. પરંતુ ખરેખર ઊર્જા માટેની કામગીરી કરવાની એમની જે તક છે, એનો લોકો સુધી લાભ પહોંચે એના માટે હું તો એમની પાર્ટીને કહેવા માગું છું કે હજી થોડી સ્વતંત્રતા આપો, તમે વધારે વખાણ કરી શકશો. માનનીય મહામહીમ્ રાજ્યપાલશ્રીના ગયા વખતના પ્રવચનમાં કહેવામાં આવ્યું હતું કે, રોજગારીની ઉપલબ્ધિ કરવા માટે છેલ્લાં બે વર્ષમાં મારી સરકારે ૫,૧૮,૧૦૪ યુવાનોને રોજગારીની તકો આપી છે. આ વખતના પ્રવચનમાં, છેલ્લાં બે વર્ષમાં ૨ લાખ યુવાનોને નોકરી આપવાની મારી સરકારે એના વિભાગ મારફતમાં લખ્યું છે. રાજયની રોજગાર કચેરી માટે નોંધણી કરી છે. કેટલાને તમે તકો આપી છે એ તો કહો? ગુજરાતના યુવાનો ગોટે ચડ્યા છે. પરીક્ષા આપવા જાય અને અહીંયા પહોંચે. એના મમ્મી-પપ્પાએ ગમે

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

ત્યાંથી ઉછીના પાછીના કરીને એની ટિકિટ હોય અને તે અહીંયા આવે તો કહે પેપર ફૂટી ગયું. કેટલાક પેપર ફોડવા છે? માનનીય અધ્યક્ષશ્રી, આ કેટલાક પેપર ફોડવા છે તે હું પૂછવા માગું છું. આ યુવાનો જે દેશનું ભવિષ્ય છે, રોજ વાતો કરે છે કે અમે આમ કર્યું, ખેડૂતોને વીજળી મળતી નથી. આજે આપના મારફત ઊર્જા મંત્રીશ્રીને કહેવા માગું છું કે લોડ શેડિંગના નામે મારા વિસ્તારના ખેડૂતો તલ વાવી શકયા નથી તેનું દુ:ખ અનુભવી રહ્યું છે. લોડ શેડિંગના કારણે વીજળી મળતી નથી. અને એના કારણે ખેડૂતો તલનું ઉત્પાદન લાવી શકે તેમ નથી. ખેડૂતોને પડયા ઉપર પાટુ લાગી રહ્યું છે. ખેડૂતો માટે સૂર્યોદય યોજના લાવ્યા છે. એનો ઉલ્લેખ પણ કર્યો છે. અને એના ઉદ્‌ઘાટનો કર્યા, એવડા મોટા ઉદ્‌ઘાટન કર્યા કે એની વાત ના કરો. હમણા માનનીય મુખ્યમંત્રીશ્રી અમરેલી આવ્યા હતા, ગરીબ કલ્યાણ મેળાની એક કીટ આપી. ગરીબ કલ્યાણ મેળામાં કદાચ વીસ લાખની કીટ આપી હશે. તો પચાસ લાખનો તો તમારા ટેન્ટમાં જ ખર્ચ થઇ ગયો. તો એટલા બધા ખર્ચ કરવાને બદલે ગરીબ માણસોને વધારે પૈસા આપો. આવા ટેન્ટ ન કરો. જો તમે ગાંધી અને સરદારની ભૂમિનો ઉલ્લેખ કરતા હો તો ગાંધીજીએ આ દેશને સ્વતંત્રતા અપાવી અને ઘણા લોકો એમ કહે કે અમે છોડયું છે. આપના મારફત આ હાઉસને કહેવા માગું છું. ગાંધી અને સરદાર વલ્લભભાઇ પટેલ આફ્રિકામાંથી આ દેશને સ્વતંત્રતા અપાવવા માટે આવ્યા ત્યારે એમને પૈસાની જરૂર હતી અને અંગ્રેજો સામે આંદોલન શરૂ કરવું હતું ત્યારે મોતીલાલ નહેરુને મળવા ગયા, અને મોતીલાલજીને કહ્યું કે અમને પચીસ હજાર રૂપિયા આપો તો અમે આ દેશમાં ચળવળ ઉભી કરવા માગીએ છીએ. ત્યારે મોતીલાલ નહેરુએ એમ કહ્યું કે પચીસ હજાર નહીં મારી કોરી ચેક બૂક લઇ જાઓ અને આ દેશને સ્વતંત્રતા અપાવો.

માનનીય અધ્યક્ષશ્રી, તે વખતે ગાંધીજીની કેટલી આવક હતી એ આ ગૃહને કહેવા માગું છું, અર્થતંત્રના પ્રવાહો, રજની કોઠારીનું લખેલું પુસ્તક છે એ પુસ્તકમાં ઉલલેખ થયો છે કે ગાંધીજીની તે વખતની આવક ૮૫ લાખ પાઉન્ડની હતી. અને સરદાર વલ્લભભાઇ પટેલની તે વખતની આવક ૬૫ લાખ પાઉન્ડની હતી અને સરદાર વલ્લભભાઇ જે દિવસે ગુજરી ગયા ત્યારે ૧૩૬ રૂપિયા એમના ઘરેથી નીકળ્યા હતા એવું મણીબેનની આત્મકથામાં મણીબેનના શબ્દોમાં મેં વાંચ્યું છે. છોડ્યું તો એ લોકોએ કહેવાય. અને ત્યારે આ દેશ સ્વતંત્ર થયો હતો. અને રજની કોઠારીના પુસ્તકમાં લખાયું છે કે અંગ્રેજોને આ દુનિયામાંથી કાઢવા માટેની ચળવળ કરનાર ગાંધીજી અને સરદાર વલ્લભભાઇ પટેલે આ દેશને સ્વતંત્રતા અપાવી અને આ દેશને સ્વતંત્રતા અપાવ્યા પછી ૧૨૦ દેશો અંગ્રેજોએ તે વખતે છોડયા. અને ત્યારે કોંગ્રેસની સત્તા આ દેશમાં આવી અને કોંગ્રેસની સત્તા આવી તેના કારણે દેશ એક મહત્ત્વનો દેશ બન્યો છે. તે દિવસે જો કોંગ્રેસની સરકાર ન આવી હોત તો ૧૨૦ દેશોની સાથે આપણો દેશ પણ ભાંગીને ભૂકો થઇ ગયો હોત. આ તે વખતે રજની કોઠારીના પુસ્તકમાં લખ્યું છે તે મારા મિત્રો વાંચી લે. કોંગ્રેસની સત્તા આવી, અને એમણે કરેલા કાર્યો આવડી મોટી ઇસરો સંસ્થા, આવડી મોટી સરદાર સરોવર યોજના કે જેનું પાણી અત્યારે તમે ''સૌની'' યોજના મારફત પૂરું પાડવાની વાત કરો છો તેનો જશ જો કોઇ લઇ શકે તેમ હોય તો તે વખતના વડાપ્રધાન જવાહર લાલ નહેરુ ને હું સેલ્યુટ કરું છું કે જેમણે સરદારનું નામ આપ્યું. તમે સરદાર પટેલનું સ્ટેચ્યુ બનાવ્યું, એક પાટીદાર આગેવાન તરીકે હું ગૌરવ અનુભવું છું. પણ સરદાર વલ્લભભાઇ પટેલ, એમણે કરેલા કાર્યો ઉપર આ સરકાર ચાલવા માગે છે કે કેમ? એનો કોઇ ઉલ્લેખ આ ગૃહમાં આચાર્ય દેવવ્રતજીએ કર્યો છે કે કેમ? મને તો કયાંય દેખાતું નથી. સરદાર વલ્લભભાઇ પટેલનો એમણે નામ જોગ ઉલ્લેખ કર્યો છે એમાં પહેલા ફકરામાં લખ્યું છે, રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી, અખંડ ભારતના નિર્માતા સરદાર વલ્લભભાઇ પટેલ અને મૂક સેવક રવિશંકર મહારાજ, એનો ઉલ્લેખ કર્યો છે.

અધ્યક્ષશ્રી: આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય સભ્યશ્રી બચુભાઇ ખાબડ

શ્રી બચુભાઇ મ. ખાબડ(દેવગઢબારીઆ) : માનનીય અધ્યક્ષશ્રી, મહામહિમ્ રાજયપાલશ્રીના સંબોધન પરના આભાર પ્રસ્તાવ રજૂ કરનાર માનનીય સભ્યશ્રી રાકેશભાઇ શાહ અને તેને અનુમોદન આપનાર અભેસિંહભાઇ તડવીને હું મારું સમર્થન આપું છું અને એ અંગે મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આઝાદી કા અમૃત મહોત્સવ આ દેશને આઝાદી અપાવનાર પૂજય મહાત્મા ગાંધીજી, સરદાર વલ્લભભાઇ પટેલ તથા શ્રી રવિશંકરજી અને શહીદોને આજે યાદ કરીને મારી વાત શરૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, પશુપાલન વિશે રાજયના આર્થિક અને સામાજિક વિષયમાં પશુપાલન અને ડેરી ક્ષેત્રે આગવું યોગદાન ખાસ કરીને પશુપાલન પ્રવૃત્તિ સાથે સંકળાયેલા રાજયના લાખો કુટુંબો માટે આર્થિક ઉપાર્જન માટે પશુપાલન એ સચોટ અને સરળ વિકલ્પ છે. પશુપાલન ખાતાની અગત્યની યોજનાઓ વિશે હું જણાવવા માગું છું.

રાજયના ગ્રામ્ય અર્થતંત્રમાં પશુપાલન, પશુધન માટે ૨૬૮.૯૩ લાખ પેદાશોની અગત્યતાને ધ્યાન રાખી પશુપાલકોના કલ્યાણ માટે અનેક લોકપ્રીય આયામો રાજય વ્યાપી રાજય આરોગ્ય મેળા મોખરાનું સ્થાન ધરાવે છે. આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદી ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે પશુ આરોગ્ય, પશુ સંવર્ધનનો લોકોને લાભ મળી શકે એવા શુભ આશયથી વર્ષ ૨૦૦૩માં રાજયવ્યાપી પશુ આરોગ્ય મેળાઓની શરૂઆત કરી હતી. વર્ષ ૨૦૦૫થી કૃષિ મહોત્સવ સાથે પણ પશુ આરોગ્ય અભિયાનમાં પશુઓને મેડીસીન સારવાર, કૃમિ નાશક દવાઓ, રસીકરણ જેવી નિઃશુલ્ક સારવારની સુવિધામાં મળતી થઇ હતી. વર્ષ ૨૦૦૨-૦૩થી ૨૦૨૧ સુધીના સમયગાળા દરમિયાન ૬૭,૬૦૦થી વધુ આરોગ્ય મેળાઓનું આયોજન થયેલ છે. જેમાં કુલ ૨.૭૩ કરોડથી વધુ નિઃશુલ્ક પશુ સારવાર કરવામાં આવી હતી. આ મેળાઓ થકી કુલ ૪૨ લાખથી વધુ પશુપાલકોને લાભ આપવામાં આવ્યો છે.

ફાલ્ગુન ૧૬, શાકે ૧૯૪૩

## રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા(પહેલો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, પશુ આરોગ્યની સેવાઓ ઘેર બેઠા મળવાથી પશુ સ્વાસ્થયમાં સુધારો થતાં તથા વૈજ્ઞાનિક જાણકારી મળી અને લોક જાગૃતિમાં આવતા પશુઓમાં જોવા મળતાં ચેપી રોગચાળાની સંખ્યામાં ખૂબ મોટો ઘટાડો થયેલ છે. દસ ગામ દીઠ એક ફરતું દવાખાનુ, પશુ આરોગ્ય મેળામાં ઉપલબ્ધ મળતી નિઃશુલ્ક સારવાર તથા આપવામાં આવતી પશુ ચિકિત્સા સેવાઓ રાજ્યના વધુ ગામોમાં ઉપલબ્ધ કરી શકાય તેથી રાજ્ય સરકાર દ્વારા દસ ગામ દીઠ એક ફરતા દવાખાનાની સુવિધા ઉભી કરીને એક નવતર યોજના અમલમાં મૂકવામાં આવી. આ યોજના હેઠળ રાજ્યના ૪૬૦૦થી વધુ ગામોને આવરી લઇને છેલ્લા બે વર્ષમાં ૪૬૦ ફરતા પશુ દવાખાના પી.પી. ધોરણે રાજ્યમાં કાર્યરત કરવામાં આવ્યા છે. ફરતા પશુ દવાખાના માટે મંજૂર થયેલ ગામોમાં મુખ્ય મથક ઉપર રોજ રોજ અને નક્કી કરેલા બાકી નવ ગામો અઠવાડિયામાં બે વાર રૂટ પ્રમાણે ઘર બેઠા સારવાર આપવામાં આવે છે તેમજ આકસ્મિક સારવાર માટે જે રીતે માનવ માટે ૧૦૮ છે એવી પશુ માટે આ રાજ્ય સરકારે ૧૦૮ જે ૧૯૬૨ ઉપર ફોન કરીએ તો તે ગામમાં ઘર બેઠા વિના મૂલ્યે સારવાર આપવાનું કામ અમારી સરકાર કરી રહી છે. આ તમામ વાહનો ઉપર જી.પી.એસ. ની સુવિધા હોવાથી માનનીય મુખ્યમંત્રીશ્રીના ડેસ્ક બોર્ડ મારફતે એ યોજનાનો રીઅલ ટાઇમ મોનિટરિંગ પણ કરવામાં આવે છે. આદરણીય નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વ હેઠળની કેન્દ્ર સરકારે આખા દેશમાં ફરતા દવાખાનાની સેવાઓનો વ્યાપ વધારવા રાજ્યોને અનુરોધ કર્યો હતો. એને ગુજરાત સરકારે ૧૨૭ ફરતા દવાખાના માટે કેપીટલ ખર્ચ પેટે રૂપિયા ૮૮૯ લાખની સો ટકા સહાય ભારત સરકારે આપણને ઉપલબ્ધ કરાવેલી છે. મુખ્યમંત્રી નિઃશુલ્ક પશુ સારવાર યોજના વર્ષ ૨૦૧૪-૧૫થી અમલમાં મૂકવામાં આવી છે. એમાં પશુઓના સ્વાસ્થય તથા દૂધમાં વધારો ખૂબ મોટા પ્રમાણમાં થયો છે. આ યોજના હેઠળ રાજ્ય સરકાર હસ્તકની પ્રત્યેક વેટરનરી પોલિટેકનિક માટે વાર્ષિક ૩ લાખ રૂપિયા અને ફરતા પશુ દવાખાના માટે વાર્ષિક બે લાખ અને પશુ દવાખાનાના પ્રાથમિક સારવાર કેન્દ્રો મારફત વાર્ષિક ૫૦ હજાર રૂપિયાની દવા ઉપલબ્ધ કરાવવામાં આવી છે. આ યોજના હેઠળ માલિક વિહોણા પશુઓને આકસ્મિક પશુ સારવાર માટે ૩૭ જેટલી કરુણા એમ્બ્યુલન્સ ૧૯૬૨માં પણ નિઃશુલ્ક સારવાર આપવાનું રાજ્ય સરકારના માધ્યમથી કામ કરવામાં આવે છે.

આદરણીય નરેન્દ્રભાઇ મોદીએ આ દેશના પશુ પાલકોની ખૂબ ચિંતા કરીને તા.૧૧-૯-૨૦૧૯ના રોજ ભગવાન શ્રીકૃષ્ણની જન્મભૂમિ ગોકુલ મથુરાથી ખરવા મુવાસા રોગને સંપૂર્ણ નાશ કરવા રસીકરણનો શુભારભ કરાવેલો જેનો અંદાજીત ૧૩ કરોડ રૂપિયા ખર્ચ થનાર છે અને ખરવા મુવાસાના રોગને ૨૦૩૦ સુધી સંપૂર્ણ નાશ કરવાનો સંકલ્પ કરેલ છે.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, આપ બે મિનિટમાં પૂરું કરો.

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, સ્વરોજગારના હેતુસર પશુપાલન વ્યવસાય માટે ૧૨ દૂધાળા પશુઓ અને ડેરી ફાર્મ માટે પણ સરકાર પાંચ વર્ષ માટે ૧૨ ટકા જેટલી સહાય, ૭.૫ ટકા ગીર-કાંકરેજ માટે, કેટલશેડ માટે ૧.૫ લાખ રૂપિયા, પશુપાલનની યોજનાની રાજ્યમાં થયેલ હકારાત્મક અને સામાજીક, આર્થિક અસરના કારણે પશુ આરોગ્ય મેળા, રસીકરણ અભિયાન વિવિધ યોજનાઓના લીધે ૨૦૦૩માં રોગચાળાની સંખ્યા ૧૬૧ હતી, આજે એ ઘટીને માત્ર ૩૦ રહેવા પામેલી છે. એમ આપણાં મેળાઓના લીધે પશુઓને ખૂબ મોટો ફાયદો થાય તેના માટેની ચિંતા કરી છે. છેલ્લાં ૨૦ વર્ષના સમયગાળા દરમ્યાન સમગ્ર દેશમાં દૂધ ઉત્પાદનમાં સરેરાશ ૭.૧ ટકા વાર્ષિક વધારો નોંધાયેલ છે. જ્યારે માત્ર ગુજરાતમાં આ સમયગાળા દરમ્યાન ઉત્પાદનમાં સરેરાશ ૯.૯૧ ટકાનો વાર્ષિક વધારો નોંધાયેલ છે. રાજ્યમાં વર્ષ ૧૯૯૫માં ઉત્પાદન ૪૪.૫૯ લાખ મેટ્રિકટન હતું, જે આજે ૧૫૮ લાખ મેટ્રીકટન દૂધ ઉત્પાદનમાં વધારો થયેલો છે. ઉત્પાદનમાં વધારો થતાં વર્ષ ૨૦૦૨થી માથાદીઠ દૂધની ઉપલબ્ધતા ૨૯૧ મિલીગ્રામ પ્રતિદિન હતી જે આજે વર્ષ ૨૦૨૧-૨૨માં ૬૬૩ મિલીગ્રામ થઇ છે.

માનનીય અધ્યક્ષશ્રી, પશુપાલકોને મદદરૂપ થવા કિસાન કલ્યાણના સાત પગલાં યોજનાના માધ્યમથી દેશી ગાય ધરાવનાર પશુપાલકને માસિક ૯૦૦ રૂપિયા લેખે સહાય આપવાનો નિર્ણય રાજ્ય સરકારે કરીને પશુપાલકને, ખેડૂતની આર્થિક સમસ્યામાં સુધારો કરેલ છે.

શ્રી કીરીટકુમાર ચી. પટેલ(પાટણ) : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજ્યના નામદાર રાજ્યપાલશ્રીના પ્રવચન ઉપર સભ્યશ્રી જે આભાર પ્રસ્તાવ લઇને આવ્યા છે તેના ઉપર મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રવચન મેં વાંચ્યું. તેમાં સૌથી પહેલાં એવું લખ્યું છે કે ગુજરાત સરકાર એટલે સુખ, શાંતિ, સલામતી અને સ્થિર શાસનનો પર્યાય. મને લાગે છે કે જો સ્થિર શાસન હોત તો આ ૧૧ મહિના બાકી હતા અને બધાને બદલી દીધા એ શું ઉત્તમ સ્થિર શાસનનો નમૂનો છે? બીજી બાબત કે શાંતિ. આ રાજ્યની અંદર કેવી શાંતિ પ્રવર્તી રહી છે કે દિનદહાડે એક દીકરીના ગળા ઉપર છરી મૂકીને તેની હત્યા થતી હોય. દરરોજ ૧૦થી વધુ લોકો આત્મહત્યા કરતા હોય આ બધા જે લક્ષણો છે એ શું સુખ, શાંતિ કે સલામતીના છે? સૌથી મહત્ત્વની બાબત તો એ છે કે સમગ્ર પ્રવચનમાં ગુજરાતનો વિકાસ થયો હોય તો માત્ર નરેન્દ્રભાઇ મોદીએ કર્યો છે એવું જ લખ્યું છે. ભલે તમે કોંગ્રસનું નામ ન લો પણ આ રાજ્યના ભાજપના પણ મુખ્યમંત્રી હતા. માનનીય આનંદીબેન હતા, માનનીય કેશુભાઇ હતા. શ્રી નરેન્દ્રભાઇ મોદીની સરકારે વિકાસ કર્યો પણ કઇ રીતે કર્યો? જ્યારે કોંગ્રેસનું શાસન હતું ત્યારે ૮,૦૦૦ કરોડ રૂપિયાનું દેવું હતું. શ્રી કેશુભાઇના શાસનમાં ૧૦,૦૦૦ કરોડ રૂપિયાનું દેવું થયું અને આજે આ ગુજરાતની અંદર ૩ લાખ ૫૦ હજાર કરોડ રૂપિયાથી પણ વધુનું દેવું આ શ્રી નરેન્દ્રભાઇ મોદીની વિકાસશીલ સરકાર લાવી છે. એ વિકાસ કર્યો છે અને આજે વિકાસ બહુ ઝડપી ગતિએ આગળ વધી રહ્યો છે. કઇ રીતે કે આ રાજ્યના વેરાની અંદર ૧૭ ટકાથી પણ વધુનો આવકની અંદર વધારો થતો હોય અને દર વર્ષે ૫૧,૦૦૦ કરોડ રૂપિયાથી પણ વધુનું દેવું આ રાજ્યના માથા ઉપર, ગુજરાતની પ્રજા ઉપર વધતું હોય તો શું આ સાચા અર્થમાં વિકાસ કહી શકાય?

તા. ૭મી માર્ચ ૨૦૨૨

રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા(પહેલો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, મૂડી રોકાણની વાત થઇ. તેમાં લખવામાં આવ્યું છે કે આ રાજ્યમાં દેશની અંદર સૌથી વધુમાં વધુ મૂડી રોકાણ જો આવ્યું હોય તો એ ગુજરાતનું છે. આ બાબત તદન ખોટી છે. સૌથી વધુ મૂડી રોકાણ એ તામિલનાડુનું છે. પ્રવાસનની વાત કરી, જે હમણાં જ વર્ષ ૨૦૨૧નો ઇન્ડિયન ટુરીઝમ સ્ટેટેસ્ટિક રિપોર્ટ જે આવ્યો. આ કેન્દ્ર સરકારના આંકડાઓ છે. તેની અંદર પણ કોઇ જગ્યાએ ૧થી ૧૦ની અંદર ગુજરાતનું સ્થાન નથી. વર્લ્ડ હેરીટેજની વાત કરી છે તેમાં મારા પાટણની રાણીની વાવની આજે શું પરિસ્થિતિ છે એ તમે સારી રીતે જોઇ શકો છો. પ્રવાસીઓ માટે ત્યાં ટોઇલેટની પણ વ્યવસ્થા નથી. સુશાસનની વાત કરી, હમણાં જ બે દિવસ પહેલા પંચાયત વિભાગની અંદર જુનીયર એન્જિનિયરની જાહેરાત આવી, એની અંદર મીનીમમ ક્વોલિફિકેશન એ ડિપ્લોમા રાખવામાં આવી. જે વિદ્યાર્થી ડિગ્રી એન્જિનિયરની પરીક્ષા પાસ કરી છે કે એનાથી વધુ પાસ છે એમને પરીક્ષા આપવા દેવામાં ના આવે અને જે વિદ્યાર્થીઓએ ડિપ્લોમા પરીક્ષા પાસ કરી છે એમને પરીક્ષા આપવા દેવામાં આવે તો શું આ સુશાસન છે? આ રાજયના લાખો કરોડો ઉચ્ચ શિક્ષણ પામેલા વિદ્યાર્થીઓ છે એ વિદ્યાર્થીઓને બેકાર ના બતાવવામાં આવે આ તદ્દન ગેરકાયદેસર વાત છે. નામદાર સુપ્રીમ કોર્ટે પણ આ બાબતે હિમાચલ પ્રદેશની અંદર જજમેન્ટ આપેલું છે, એટલે ખરેખર આ સુશાસન હોય તો લાખો યુવાનો માટે એ બહુ *(xxx) છે. તમે ઘણા બધા વિકાસની વાત કરી છે, વિકાસશીલ ગુજરાતની વાત કરી, આ પ્રવચનની અંદર કોઇ જગ્યાએ ...

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય સભ્યશ્રી અક્ષયકુમાર પટેલ.

શ્રી અક્ષયકુમાર ઇ. પટેલ(કરજણ) : માનનીય અધ્યક્ષશ્રી, રાજયપાલશ્રીના અમૂલ્ય સંબોધન ઉપર ગૃહના સદસ્યશ્રી રાકેશભાઇ શાહ પ્રસ્તાવ લઇને આવ્યા છે અને તેને ગૃહના સદસ્યશ્રી અભેસિંહભાઇ તડવીએ ટેકો આપ્યો છે તેના ઉપર હું મારું મંતવ્ય વ્યકત કરું છું અને અનુમોદન આપું છું.

**પોઇન્ટ ઓફ ઓર્ડર**

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, હમણાં માનનીય સભ્યશ્રી કીરીટભાઇ પટેલ બોલી રહ્યા હતા અને તેમનું પ્રવચન ચાલું હતું એટલે એમને ડિસ્ટર્બ કરવા નહોતો માગતો, કારણ કે એ ખૂબ સારું પ્રવચન કરતા હોય છે. એમણે *(xxx) એ જે વાત કરી એ શબ્દો કાઢી નાખવા જોઇએ. એ અસંસદીય શબ્દો છે.

અધ્યક્ષશ્રી : *(xxx) એવા શબ્દો જે માનનીય સભ્યશ્રી કિરીટભાઇ પટેલ બોલ્યા છે એ શબ્દો હું રેકર્ડ ઉપરથી દૂર કરું છું.

શ્રી અક્ષયકુમાર ઇ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન યોજના ઉપર વાત કરું. આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ છે ગ્રામ્ય વિસ્તારોમાં સ્વચ્છતાનું સ્તર ઉચું લાવવા, ગ્રામ લોકોના આરોગ્યમાં સુધારો કરવા અને વધુ સારા સ્વસ્થ સમાજનું નિર્માણ કરવા મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન અંતર્ગત કચરાનું ડોર ટુ ડોર કલેકશન થાય, ગ્રામ્ય વિસ્તારોની શેરીઓની સફાઇ થાય, સફાઇની કામગીરી યોગ્ય રીતે થાય, લોકોની બીમારીનું પ્રમાણ ઘટે, પાણીજન્ય અને સફાઇ સંબંધિત રોગચાળાનો અંકુશ આવે, સફાઇ વેરો, ગટર વેરો નાખવાનું પંચાયતોને પ્રોત્સાહન મળે, ગ્રામ પંચાયતોનું સશકિતકરણ થાય અને લોકોની સફાઇ પ્રત્યે સભાનતા અને જાગૃતતા આવે એ માટે માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબે પહેલ કરી અને જાગૃતતા લાવી તેમજ સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ માટે ગ્રામ પંચાયતોને સફાઇના સાધનો પૂરાં પાડી એકત્રિત કરેલ કચરો લેન્ડફીલ સાઇટ સુધી લઇ જવા પરિવહન સહાય આપીને તથા ઉકરડા વ્યવસ્થા કરીને ઉકરડા મુકત ગામ બનાવવા માટે સફાઇને લગતા કામો હાથ ધરીને સફાઇ ક્ષેત્રે રોજગારીનું સર્જન કરીને વધુ સશકત સમાજનું નિર્માણ થાય એવો આ યોજનાનો ઉદ્દેશ છે. આ યોજનાની શરૂઆત વર્ષ ૨૦૧૪-૧૫માં કરવામાં આવેલ છે. વર્ષ ૨૦૧૪-૧૫માં ડોર ટુ ડોર કચરાનું કલેકશન કરીને તથા ગામની શેરીઓની સફાઇ કરીને લેન્ડફીલ સાઇટ સુધી કચરો લઇ જવા માટે રાજય સરકારે તમામ ગ્રામ પંચાયતોને વ્યકિતદીઠ બે રૂપિયા આપવામાં આવતા હતા, પરંતુ તમામ ગ્રામ પંચાયતને વર્ષ ૨૦૨૧-૨૨માં વ્યકિતદીઠ માસિક ચાર રૂપિયાનો વધારો કરીને આપવાનો ઠરાવ કરવામાં આવેલ છે. આ યોજના અંતર્ગત મળેલી ગ્રાન્ટનો ખર્ચ તમામ ગ્રામ પંચાયતોને ડોર ટુ ડોર કચરાનું કલેકશન કરવા માટે સફાઇનાં સાધનો આપવા માટે, એકત્રિત કરેલો કચરો લેન્ડફીલ સાઇટ સુધી લઇ જવા પરિવહન સહાય માટે જરૂરી વ્યવસ્થા, માણસો, સાધનો, ટ્રેકટર, આઉટસોર્સીસની વ્યવસ્થા કરવા માટે થાય છે. ચાલુ નાણાકીય વર્ષમાં યોજના અંતર્ગત રૂ.૧૭૫.૨૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. રુર્બન પ્રોજેકટની વાત કરીએ તો રાજય સરકારે ગ્રામ વિસ્તારમાં શહેર જેવી માળખાકીય સુવિધા પૂરી પાડવા માટે રુર્બન માળખાકીય સુવિધા આયોજન અંતર્ગત ઇન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટ પ્લાનની યોજના વર્ષ ૨૦૦૯-૧૦માં અમલમાં મૂકવામાં આવેલ છે. ગામડાઓને શહેરની સમકક્ષ તમામ સુવિધાઓ મળે તે માટે અને ગામ અને શહેર વચ્ચેની ખાઇ દૂર કરવાના અભિગમ સાથે રાજય સરકારે રુર્બન પ્રોજેકટ હાથ ધર્યો છે. આત્મા ગામડાનો પણ સુવિધા શહેરની એ પરિકલ્પના પૂર્ણ થઇ છે. આ પ્રકારનો અભિગમ અપનાવનાર ગુજરાત રાજ્ય સમગ્ર ભારત દેશમાં સર્વપ્રથમ રાજ્ય છે. ૧૦ હજારથી વધુ વસતિ ધરાવતા ૧૧૮ ગામો-તાલુકા મથકો, ૧૦ હજારથી ઓછી વસતિ ધરાવતા ૮૨ ગામો અને આદિજાતિ વિસ્તારના ૭ હજારની વસતિ ધરાવતા ૫૫ ગામો મળી કુલ ૨૫૫ ગામોનો સમાવેશ કરવામાં આવેલ છે. હાલ પૂરતું ભૂગર્ભ ગટર માળખું પૂરું પાડવાનું આયોજન કરેલ છે. પૂર્ણ થયેલ

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

પ્રોજેક્ટને ૫ લાખ લેખે ૫ વર્ષ સુધી ઓપરેશન અને મેન્ટેનન્સ માટે ગ્રાન્ટ ફાળવવામાં આવે છે. પ્રથમ તબક્કામાં સમાવિષ્ટ ગામો પૈકી ભૂગર્ભ ગટરના ૭૨ ગામો પૂર્ણ કરવામાં આવેલ છે અને ૭ ગામો હાલ પ્રગતિ હેઠળ છે. બીજા તબક્કામાં સમાવિષ્ટ ૧૭૬ ગામોની દરખાસ્ત સબમિશનમાં છે. રુર્બન પ્રોજેક્ટ હેઠળ વર્ષ ૨૦૨૧-૨૨માં ૩,૯૦૦ લાખની જોગવાઇ પણ કરવામાં આવેલ છે. ૧૫માં નાણા પંચની વાત કરીએ તો ૫ વર્ષ એટલે કે સને ૨૦૨૫-૨૬ સુધી રાજ્યને કુલ રૂપિયા ૧૫,૬૦૦ કરોડની માતબર રકમ કેન્દ્ર સરકાર તરફથી મળનાર છે. જે પૈકી રાજ્ય સરકાર દ્વારા અત્યાર સુધીની મળેલ રૂપિયા ૪,૩૭૬ કરોડની ગ્રાન્ટ પંચાયતોના ખાતામાં જમા કરવામાં આવેલ છે. ૧૫માં નાણા પંચ અંતર્ગત ચાલુ વર્ષે રૂપિયા ૨,૩૨૫.૧૫ કરોડના કુલ ૩૯,૫૦૯ જેટલા કામોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત પૂરા કરવામાં આવેલ છે. નાણા પંચની ગ્રાન્ટમાંથી થનાર તમામ કામો માટે આયોજન તૈયાર કરવાથી લઇને ચૂકવણા કરવા સુધીની તમામ કામગીરી ઇ-ગ્રામ સ્વરાજ પોર્ટલ મારફતે ઓન લાઇન કરવામાં આવે છે. ૧૫માં નાણા પંચની ગ્રાન્ટમાંથી સ્ટ્રોમ વોટર ડ્રેનેજ, પાકા રસ્તા, ગામના મુખ્ય માર્ગ ઉપર ફૂટપાથ, હાટ બજાર, આંગણવાડી, સેનિટેશન અને ખુલ્લામાં શૌચ મુક્તિની જાળવણી માટેનાં કામો, પીવાનું પાણી પૂરું પાડવું, વરસાદી પાણીનો સંગ્રહ અને પાણીના શુદ્ધીકરણ વગેરે કામો કરી શકાય છે. ભારતીય જનતા પાર્ટીની સરકાર દ્વારા ગુજરાતની અંદર નવીન ગ્રામ પંચાયતોના ઘર યોજના હેઠળ ૨૫ વર્ષથી જૂની ગ્રામ પંચાયતો માટે ગ્રામ પંચાયતની વસતિના આધારે ગ્રાન્ટ ફાળવણી કરવામાં આવે છે. ૧૦ હજારથી વધુ વસતિવાળી પંચાયતને ૨૨ લાખ રૂપિયા, ૫ હજારથી વધુ વસતિવાળી પંચાયતને ૧૮ લાખ રૂપિયા અને ૫ હજારથી ઓછી વસતિ ધરાવતી પંચાયતને રૂપિયા ૧૪ લાખ જેટલી ગ્રાન્ટ પંચાયત ઘર બનાવવા સરકાર ફાળવે છે.

શ્રી ભરતભાઇ કી. પટેલ(વલસાડ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજ્યપાલશ્રીનો આભાર પ્રસ્તાવ ગૃહના માનનીય સભ્યશ્રી રાકેશભાઇ શાહ લઇને આવ્યા છે અને જેને ધારાસભ્યશ્રી તડવીજીએ અનુમોદન આપેલ છે તેને હું મારું સમર્થન આપું છું અને માનનીય રાજ્યપાલશ્રીએ સિંચાઇ અને જળ વ્યવસ્થાપન યોજના બાબતે જે રજૂઆત કરી છે તેના ઉપર મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણા રાજ્યના રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી કે જેઓ એક ખેડૂત છે અને પ્રાકૃતિક અને સજીવ ખેતીના હિમાયતી છે. ખેડૂતોને લગતી દરેક સમસ્યાના અભ્યાસુ છે. એમના મત પ્રમાણે ગુજરાત એક સમયે પાણીની અછત ધરાવતા રાજ્ય તરીકે ઓળખાતું હતું. પાણી એ વિકાસની પ્રથમ શરત છે. ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને દેશના વડાપ્રધાન આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના મતે પાણી એ પરમેશ્વરનો પ્રસાદ છે ત્યારે પાણીના એકેએક ટીંપાનો વિવેકપૂર્વક ઉપયોગ કરવા માટે આહવાન કરેલ છે. તેમણે ચીંધેલા માર્ગે ગુજરાત રાજ્યે જળસંચય અને જળ વ્યવસ્થાપન ક્ષેત્રે દેશને નવી રાહ ચીંધી છે. જળ એટલે પાણી અને પાણી એટલે જળ એ સૃષ્ટિને મળેલી અમૂલ્ય ભેટ છે. જળ એ જ જીવન છે એમ કહીએ તો જરા પણ અતિશયોક્તિભર્યું નથી. માનવ, પશુ, પક્ષી, વૃક્ષો તમામ જીવસૃષ્ટિ માટે પાણી અનિવાર્ય છે. વર્તમાન યુગમાં મનુષ્ય જયારે પોતાની સુખસુવિધાઓની પાછળ આંધળી દોટ મૂકી રહ્યો છે ત્યારે પણ માઠાં પરિણામો દેખાઇ રહ્યા છે. જીવ સૃષ્ટિનો આધાર એવા પાણીનો બેફામ ઉપયોગ થઇ રહ્યો છે જેને કારણે જળસંકટની વિકટ પરિસ્થિતિ થઇ છે. ભૂગર્ભ જળ દિનપ્રતિદિન નીચે જઇ રહ્યા છે. આ અગાઉના શાસનમાં જો ધ્યાન આપવામાં આવ્યું હોત તો ખેડૂતોને જે કપરી પરિસ્થિતિમાંથી પસાર થવું પડે છે એ ન થવું પડયું હોત. છેલ્લાં ઘણાં વર્ષોથી સરકાર જળસંચય માટે પ્રયત્ન કરે છે. સરદાર સરોવર ડેમની ઉંચાઇ વધારી, સૌની યોજના એ બધા જ આના ઉદાહરણ છે. સરકાર અને સમાજના સહિયારા પ્રયત્ન થકી આપણે જળરૂપી જીવનને બચાવી રહ્યા છીએ. ખેતી અને પાણી એકબીજાના પર્યાય છે. જો પાણી હોય તો જ ખેડૂત ખોરાક, ઘાસચારો, બળતણ, અનાજ ઉત્પન્ન કરી નાણાં કમાઇ શકે છે. એટલે જે કહેવત છે ખેડ, ખાતર અને પાણી નસીબ લાવે તાણી. ખેતીના બીજા બધા પરિબળો અનુકૂળ હોય, પરંતુ પાણી જ ન હોય તો એકડા વિનાના મીંડા જેવી પરિસ્થિતિ સર્જાય છે. જુદાજુદા પાકના ઉત્પાદન માટે પાણીની ઘણી જરૂરિયાત છે. વિશ્વમાં પીવાલાયક પાણીનો જથ્થો બે ટકા કરતા પણ ઓછો છે. વિશ્વમાં પાણીનો કુલ વપરાશનો ૭૦ ટકા હિસ્સો ખેતીમાં વપરાય છે. ૨૦ ટકા ઇન્ડસ્ટ્રિઝમાં અને ૧૦ ટકા જેટલો ઘરેલું વપરાશ થાય છે. માણસની રોજની પીવાના પાણીની જરૂરિયાત ૩ થી ૪ લિટર છે. જયારે એક દિવસનું ફૂડ તૈયાર કરવામાં બે હજારથી પાંચ હજાર લિટર પાણી વપરાય છે. પ્રાચીન કાળમાં પાણીના સંગ્રહ માટે તળાવ, વાવ, કૂવા બનાવવામાં આવ્યા હતા, પણ આ તળાવ, વાવ, કૂવા પુરાઇ ગયા હતા. હાલની ભારતીય જનતઆ પાર્ટીની સરકારે આ તળાવ, કૂવા, નદી ઉંડી કરી જેથી કરીને આ સુંદર આયોજન થકી ઉનાળાના દિવસોમાં પાણી મળી રહે એવી સુવિધા ઉપલબ્ધ થઇ રહે છે. જળસંચય ક્ષેત્રે રાજયમાં થયેલી વિવિધ કામગીરીની વાત કરીએ તો ગુજરાતના ખેડૂતોને સિંચાઇની સુવિધા પૂરી પાડીને ખેડૂતોની આવક બમણી કરવાના મકકમ નિર્ધાર સાથે ભા.જ.પા. સરકાર આગળ વધી રહી છે. સરકારના પ્રયાસોના સુલભ પરિણામો ખેડૂતોને મળી રહ્યાં છે. ભારત દેશ ખેતી પ્રધાન દેશ છે અને ખેડૂતોનું હિત ધ્યાને લઇ સરકારશ્રીએ અનેક પગલાં લીધાં છે. જેથી કરીને આજે ખેડૂતો આર્થિક રીતે નિર્ભર છે. જળસંચય ક્ષેત્રે ગુજરાત રાજયએ કરેલી કામગીરી દેશમાં નમૂનારૂપ કરેલી કામગીરી તરીકે બિરદાવવામાં આવે છે. હજારો ચેકડેમ, ખેત તલાવડીઓ, બોરીબંધ, તળાવો ઉંડા કરવાનું અભિયાન, જૂની કેનાલો મરામત કરવાનું, આધુનિક ટપક અને સુક્ષ્મ સિંચાઇ પદ્ધતિથી સુજલામ સુફલામ યોજના હેઠળ ક્ષાર નિયંત્રણ યોજના વગેરે યોજનાના સુંદર પરિણામો મળ્યાં છે. જળસંચય અભિયાનને લીધે ગુજરાતમાં પાણીના તળ ઉંચા આવતા ખેત ઉત્પાદનમાં મોટાપાયે વૃદ્ધિ થયેલી છે. વિવિધ વિભાગો હેઠળ માર્ચ-૨૦૨૧ સુધીમાં ૧,૮૬,૩૯૮ જેટલા ચેકડેમોનાં કામો પૂર્ણ થતાં આશરે ૪,૭૨,૫૭૨

હેકટર વિસ્તારને સીધી અને આડકતરી રીતે સિંચાઇના લાભો મળ્યા છે. ચાલુ વર્ષે ૨૦૨૧-૨૨ દરમિયાન અને ૨૦૨૨ સુધીમાં વિવિધ યોજનાઓ થકી રાજયમાં ૧૩૮ નાના ચેકડેમો, ૫૯ મોટા ચેકડેમો મળી ૧૯૭ ચેકડેમો પૂર્ણ થયા છે. આ ઉપરાંત ૯૩ ચેકડેમ તથા ૮૭ મોટા ચેકડેમનું કામ પ્રગતિ હેઠળ છે. આ તમામ ચેકડેમો પૂર્ણ થતાં આગામી વર્ષે લગભગ ૩,૯૦૦ હેકટર જેટલા વિસ્તારને સિંચાઇનો સીધો લાભ મળશે. તળાવો ઉંડા કરવા, નહેરો સાફસફાઇ કરવા, મરામત કરવા, જાળવણી કરવી, નદીઓ પુનર્જીવિત કરવી વગેરે જેવા પરંપરાગત જળસ્ત્રોતના નવિનીકરણનાં કામો તથા ચેકડેમો, તળાવો, ખેત તલાવડી, રેનવોટર હાર્વેસ્ટિંગ જેવાં કામો હાથ ધરવામાં આવેલ છે. ૫૬,૬૯૮ કામો ૧૫૬.૯૩ લાખ શૈક્ષણિક સંસ્થાઓ.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય શ્રી લલિતભાઇ.

શ્રી લલીતભાઇ કગથરા(ટંકારા) :માનનીય અધ્યક્ષશ્રી, આજે ગૃહમાં રાજ્યપાલશ્રી પોતાનું પ્રવચન લઇને આવ્યા તેમાં ભાઇશ્રી રાકેશભાઇએ આભાર પ્રસ્તાવ લઇને આવ્યા છે, તેમાં મારું મંતવ્ય વ્યક્ત કરવા ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ઘણા સમયથી વિચારુ છું કે સુશાસનની વ્યાખ્યા શું? મને સમજાતું નથી. ધોળા દિવસે કોડભરી દીકરી એનાં મા-બાપની સામે એક નરાધમ ગળું કાપી નાખે. આને સુશાસન કહેવાય? રાજકોટમાં ક્રાઇમબ્રાન્ચ પૈસા ઉઘરાવે, એ ખંડણી લે અને ભાજપના વરીષ્ઠ ધારાસભ્યશ્રીએ સરકારમાં ફરિયાદ કરવી પડે. આને સુશાસન કહેવાય? હું સમજી શકતો નથી. મારા મત વિસ્તારમાં રવાપર ગામમાં ખેડૂતોને બાપ-દાદાના વખતના આપેલા વાડા એ જો કોઇ રાજકારણી, બિલ્ડર અડધા ભાવે લઇ લે પછી રેગ્યુરલાઇઝ થઇ જાય. ખેડૂતના રેગ્યુરલાઇઝ ન થાય. આને સુશાસન કહેવાય? મને આ સમજાતું નથી. એટલા માટે કહેવા ઉભો થયો છું કે સુશાસનની વ્યાખ્યા નક્કી કરી લો. તમારા ૨૭ વર્ષના સાશન પછી તમારે આ ગૃહમાં ગુંડા ધારો લાવવો પડે. તો *(xxx) આને સુશાસન કહેવાય? વર્ષ ૧૯૯૫માં મેં પણ ભાજપમાં એકડો-બગડો કર્યો હતો. તે દિવસે ભય, ભૂખ, ભ્રષ્ટાચાર મીટાવવાના નામે ગુજરાતમાં શાસન લેવાની વાત હતી. એ ભય, ભૂખ, ભ્રષ્ટાચાર ફુલ્યોફાલ્યો હોય તેને સુશાસન કહેવું? હું આપના માધ્યમથી ગૃહમાં કહેવા માગું છું કે સારું થયું. આપે હમણાં ગ્લોબલ સમિટ હતી તે કોરોનાના કારણે બંધ રહી. નહિતર એબીજી કંપની આવીને ૨૩,૦૦૦ કરોડના એમ.ઓ.યુ. કરી સરકારના પૈસા પાણી થઇ જાત. આ ટેક્સ પેયરના પૈસા એબીજી જેવી કંપનીઓ એમઓયુ કરી જાય અને બેન્કને લૂંટીને જતી રહે એને સુશાસન કહેવું? આ દેશના કરોડરજ્જુ એવા મીડિયમ અને સ્મોલ સ્કેલ ઇન્ડસ્ટ્રિઝ છે. આજે મારો મોરબીનો સિરામિક ઇન્ડસ્ટ્રિઝ ૫૦ ટકા ઉદ્યોગો બંધ થઇ રહ્યા છે. એને બચાવો, એને સહાય આપો, એના ગેસના ભાગ ઘટાડો એને સુશાસન કહેવાય. નહિ કે બીજા માટે લાલ જાજમ પાથરી મોટા મોટા ઉદ્યોગો લઇ આવ્યા પછી રિલાયન્સ જેવા નાના ઉદ્યોગકારોને લૂંટે છે. આ ક્રૂડનો ભાવ ૧૧૮ રૂપિયા, ૭૬ રૂપિયા ડોલરનો ભાવ છે. આ પ્લાસ્ટિકના દાણાના ધંધામાં નાના ઉદ્યોગકારો મરી રહ્યા છે. આને બચાવો એને સુશાસન કહેવાય. આ ગૃહમાં તમામ સાથી મિત્રો વાતવાતમાં આપણા વડાપ્રધાન મુરબ્બી શ્રી નરેન્દ્રભાઇને અભિનંદન આપતા હતા. મને મન થયું કે હું પણ અભિનંદન આપું. શેના? *(xxx)એના અભિનંદન આપું? મને એ સમજાતું નથી. હું ગૃહમાં કહેવા માગું છું કે ગુજરાતે આપને ૨૭-૨૭ વર્ષથી શાસન આપ્યું છે. એક નાના ઉદ્યોગકારની, ગરીબ માણસોની જ્યાં નોકરી મળી શકે તેવા ઉદ્યોગોને તમે બચાવો. આજે મારા મોરબીનો સિરામિક ઉદ્યોગ ૬ લાખ લોકોને રોજગારી આપે છે. આ દેશમાં કરોડો રૂપિયાનું હૂંડિયામણ કમાવીને આપે છે. આવા ઉદ્યોગકારોને બચાવશો તો એ કરોડરજ્જુ બનશે. લાખો લોકોને રોજગારી આપશે. નહિતર તમે ૭-૭ વાર પેપર લીધા કરશો અને અને પેપર ફૂટ્યા કરશે. એટલા માટે હું એમ કહેવા માગું છું કે, આપણા ગુજરાત રાજ્યમાં ખરેખર જો સુશાસન લઇ આવવું હોય અને જયારે પ્રજાએ તમને આંધળો પ્રેમ કર્યો હોય ત્યારે તે પ્રેમનું તમારે પરિણામ આપવું હોય તો નાના અને મિડલ કલાસ ઉદ્યોગોને પ્રોત્સાહન આપો. ગામડે ગામડે તમે જી.આઇ.ડી.સી. બનાવો. નાના નાના ઉદ્યોગો ઉભા થશે તો શહેરીકરણ તરફ જે આંધળી દોટ છે, ગામડા ઉજ્જડ થઇ રહ્યા છે અને સાચ અર્થમાં શ્રી કેશુભાઇ પટેલનું ગોકુળિયું ગામ બને તે અભ્યર્થના સાથે મારી વાત પૂરી કરું છું.

શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા(જામનગર (ઉત્તર) : માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં તો શ્રી કિરીટભાઇ પટેલે તેમના પ્રવચનમાં સરકાર ખોટી છે તેવા શબ્દનો પ્રયોગ કર્યો હતો તેના માટે આપને વિનંતી છે કે, તે રેકર્ડ ઉપરથી દૂર થાય.

અધ્યક્ષશ્રી : હું રેકર્ડ જોઇ લઇશ.

શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, મહામહીમ્ રાજ્યપાલશ્રીના સંબોધન ઉપર આભાર પ્રસ્તાવ શ્રી રાકેશભાઇ શાહ લઇને આવ્યા છે અને તેમાં મારા સાથી સદસ્યએ સંબોધન આપ્યું છે તેમાં મારા વિચારો વ્યક્ત કરવા માટે ઉભો થયો છું. અમારા સૌરાષ્ટ્રના શ્રી લલિતભાઇ હમણાં બહુ જોરજોરથી બોલતા હતા. ભૂતકાળની વાત કરું તો મારે પાણી પુરવઠા વિભાગ ઉપર ખાસ કરીને વાત કરવી છે. લલિતભાઇ બધી વાત યાદ કરવા માટે જ ખાસ ઉભો થયો છું. વર્ષો પહેલાં એટલે કે જે સરકાર હતી તેમાં કૂવાના પાણી સૂકાયા, ત્યારે કૂવામાં ઉતરીને વાટકે વાટકે આપણે પાણી ભરતા હતા. જળાશયો સૂકાયા ત્યારે સૌરાષ્ટ્રમાં ટ્રેન મારફત આપણે પાણી આપતા હતા. તેનો પણ એક ઇતિહાસ છે. ડંકીઓ સૂકાઇ, ભૂ-જળ પીવાલાયક ન હતા ત્યારે ટેન્કરો મારફતે પાણી આવતા હતા. તેમાં બેડાં યુદ્ધ પણ થતા હતા. સુશાસન કોને કહેવાય શ્રી લલિતભાઇ? આજે ગામડાની પરિસ્થિતિ આપણે બધાએ જોઇ છે. તેમાં તમે અને હું બધા આવી ગયા. આ કોઇ રાજકીય વાત નથી. રોડ-રસ્તા, આરોગ્ય અને શિક્ષણ એ ગામડાની પ્રાથમિક જરૂરિયાત છે. તેમાંય ખાસ કરીને પાણી ખૂબ અગત્યનું છે. ભારતીય જનતા

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

પાર્ટીએ છેલ્લા વીસ-પચ્ચીસ વર્ષમાં પીવાના પાણી માટે અદ્ભુત કામગીરી કરેલ છે. લોકોને શુદ્ધ અને પીવાલાયક પાણી પૂરતા પ્રમાણમાં મળી રહે તે માટે દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી સાહેબ તથા તે પછીના મુખ્યમંત્રી જોઇએ તો તેમાં શ્રીમતી આનંદીબેન પટેલ હોય, શ્રી વિજયભાઇ રૂપાણી હોય કે પછી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ હોય તેઓ સતત ચિંતા કરી રહ્યા છે. દેશના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે જળ જીવન મિશન અંતર્ગત હર ઘર નલસે જલ. ૨૦૨૪ સુધીમાં સમગ્ર દેશમાં ઘરે ઘરે નળથી પાણી મળે તેના માટે ખાસ કરીને આયોજન કરેલ છે. તેના માટે રાજ્ય સરકારે પણ તેમાં મુખ્યમંત્રી હોય કે તે વિભાગના મંત્રી હોય તેમણે વર્ષ ૨૦૨૨ સુધીમાં સમગ્ર ગુજરાતમાં સો ટકા ઘરને નળના જોડાણ આપી વ્યક્તિદીઠ જે ૭૦ લિટર પાણી આપવાનું હતું, તેમાં વધારો કરી સો ૧૦૦ લિટર પાણી મળી રહે તેવી જોગવાઇ કરી છે. લોકોને પીવાના પાણીની પ્રાથમિકતા આપી છેલ્લાં ઘણાં વર્ષોના બજેટમાં સારી એવી જોગવાઇ કરેલ છે. ચાલુ વર્ષે પણ માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ તેમજ રાજ્યના નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ પાણી પુરવઠા વિભાગમાં ૫,૪૫૧ કરોડ રૂપિયાની જોગવાઇ કરેલ છે. તેના માટે હું માનનીય મુખ્યમંત્રીશ્રી અને નાણામંત્રીશ્રીને અભિનંદન આપું છું. છેલ્લાં વર્ષમાં પાણી પુરવઠા વિભાગ દ્વારા ગ્રેડ મારફત નિર્માણ થયેલ માળખાકીય સુવિધાની વાત કરું. રાજયમાં ૩,૦૪૩ કિલોમિટર બલ્ક પાઇપલાઇનનું આયોજન રાજ્ય સરકારે કરેલ છે. ૨૬૬ જેટલા પાણી શુદ્ધીકરણના પ્લાન્ટ નિર્માણ કરેલ છે. રાજ્યમાં કુલ ૧૩,૮૭૪ ગામો અને ૨૩૮ શહેરોને અંદાજે ૩૨૦ કરોડ લિટર પીવાનું પાણી પૂરું પાડવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયના ૯,૯૦૪ જેટલા ગામો ૧૭૪ જેટલા શહેરોને નર્મદા પાઇપલાઇન આધારીત જૂથ યોજનામાં જોડી દેવામાં આવેલ છે. કેટલાક વ્યક્તિગત ગામોની યોજનાઓ, બોર, કૂવા, હેન્ડપંપ દ્વારા પણ સુંદર કામગીરી કરવામાં આવેલ છે. ગામોની પાણીની વ્યવસ્થા વાસ્મોની અમલવારી રાજય સરકાર દ્વારા અમલમાં મૂકવામાં આવેલ છે અને એમાં ૧૦ ટકા લોકફાળો પણ લેવામાં આવતો હતો તેને બદલે હવે શ્રમદાન તરીકે દરેક ગામમાં નળ મારફત ઘરે ઘરે પાણી પહોંચે એવી વ્યવસ્થા ઉભી કરવામાં આવેલ છે. અનુસૂચિત જાતિ વિસ્તારના ગામોમાં ૪૦ ટકા વસતિ હોય અથવા ૨૫૦ વ્યક્તિથી વધારે હોય ત્યાં પણ ૧૦ ટકા લોકફાળો આપવામાંથી મુક્તિ અપાયેલ છે. આદિજાતિ વિસ્તારોમાં પણ ૧૦ ટકા લોકફાળો આપવામાંથી મુક્તિ કરાયેલ છે. પીવાના પાણીના સોર્સ ઉભા કરી સ્થાનિક જરૂરિયાત મુજબ દરિયાના ખારા પાણીને મીઠું કરવા ચાર સ્થળે ડિસેલિનેશન પ્લાન્ટ ઉભા કરવામાં આવ્યા છે. ભાવનગર જિલ્લાના ઘોઘા ગામે ૭ કરોડ લિટરનો પ્લાન્ટ સ્થાપવામાં આવેલ છે. ગીર સોમનાથ જિલ્લામાં વડોદરા (ઝાલા)ગામે ૩ કરોડ લિટરનો અને અમારા દેવભૂમિ દ્વારકાનું હરસિદ્ધિ માતાજીનું ગાંધવી ગામ છે ત્યાં પણ ૭ કરોડ લિટરનો અને આપના જિલ્લામાં કચ્છ જિલ્લામાં માંડવી ખાતે પણ ૧૦ કરોડ લિટરનો પ્લાન્ટ સ્થાપવામાં આવેલ છે આમ, કુલ ૨૭ કરોડ લિટર દૈનિક ક્ષમતાવાળા ડિસેલિનેશન પ્લાન્ટની કામગીરી પ્રગતિ હેઠળ છે, જેનું ખાત મુહૂર્ત પણ દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ કરેલ છે. રાજ્ય સરકારે તા. ૨૮-૫-૨૦૦૦થી નવી નીતિ અમલમાં મૂકી ગટરના પાણીને શુદ્ધ કરી પુનઃ ઉપયોગમાં લઇ શકાય એવી વ્યવસ્થા ઉભી કરેલ છે. આ પાણીથી સિંચાઇ થઇ શકે તથા બાગ બગીચા માટે વાપરી શકાય જેને લીધે શુદ્ધ પાણી બચાવી શકાય. ગાંધીનગર શહેર માટે પણ રૂપિયા ૨૪૦ કરોડની જોગવાઇ કરી દરરોજ ૨૪ કલાક પાણી મળી રહે એવી વ્યવસ્થા કરી છે. આભાર.

શ્રી જશુભાઇ શી. પટેલ(બાયડ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાકેશભાઇ શાહ જે માનનીય રાજયપાલશ્રીના પ્રવચન પર આભાર માનતો પ્રસ્તાવ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજયપાલશ્રી ખૂબ ખેડૂતોના હમદર્દ અને ખાસ કરીને ઓર્ગેનિક ખેતીના હિમાયતી છે ત્યારે માનનીય રાજયપાલ સાહેબે એમના પ્રવચનમાં ખેડૂતોની કોઇ ચિંતા કરી હોય એવું મને ક્યાંય લાગ્યું નથી. હાલની રાજયની કરોડરજ્જુ ગણો કે આ રાજયનું ગ્રામ્ય અર્થતંત્ર ગણો તો એ ખેડૂતો છે. ખેડૂતો થકી આ રાજય ચાલે છે અને આપણે બધા જ સવાર સાંજ બે ટાઇમ ખાઇએ છીએ એના માટેનું જો અનાજ પકવતા હોય તો આ ખેડૂતો પકવે છે ત્યારે એમની ચિંતા કરવી જોઇએ એવું હું માનું છું. આપણે સવાર સાંજ જમીએ છીએ ત્યારે એમનું પકવેલું અનાજ એમના પરસેવાની મહેનતની કમાણી આપણે ખાઇ રહ્યા છીએ ત્યારે આપણે એમની ચિંતા કરવી જોઇએ. એમનો વીજળીનો પ્રશ્ન હોય, એમના દેવાનો પ્રશ્ન હોય, દેવુ માફ કરવાનું અમારા કોંગ્રેસના સંકલ્પ પત્રમાં અમે કહ્યું છે. તમે કહ્યું હતું કે જે વીજ બીલ આવે એના ૫૦ ટકા અમે માફ કરીશું, પણ આજ સુધી તમારી સંવેદનશીલ સરકારે આ ખેડૂતો બાબતે કોઇ ચિંતા કરી નથી એવું મને દેખાય છે. તમારે એમનું દેવુ માફ કરવું જોઇએ. બે વર્ષ લોકડાઉન હોય, જી.એસ.ટી.નો માર પડ્યો હોય, કોરોનામાં ગ્રામ્ય વિસ્તારના ખેડૂતોની કમર તૂટી ગઇ છે ત્યારે એ માટે ચિંતા કરી હોય એવું મને ક્યાંય દેખાતું નથી. ખેત પેદાશોના ભાવ ખૂબ ઓછા મળે છે, ઘણી વખત ટેકાના ભાવ નક્કી થાય છે પણ એ બજાર ભાવ કરતા પણ ઓછા હોય છે અને હું જાણું છું કારણ કે હું માર્કેટયાર્ડનો ચેરમેન છું, ૧,૦૦૦ રૂપિયા ટેકાના ભાવ હોય અને ૧૪૦૦ રૂપિયે બજારમાં મગફળી ખરીદાતી હોય તો હું એવું માનું છું કે ખેડૂતોની મજાક થઇ રહી હોય એવું મને દેખાય છે ત્યારે એની ચિંતા કરવી જોઇએ. ખેડૂતોને બેઠા કરવા હોય તો એમના ખેતીના ઓજારો પરનો ટેક્સ પણ ઓછો કરવો જોઇએ એવું હું માનું છું અને એ માટે માનનીય રેવન્યુ મંત્રી સાહેબને હું વિનંતી કરુ છું. કે રી-સરવેની અરજીનો જે પ્રશ્ન છે તે વારંવાર એક્સ્ટેઇન કરી અને તેમને જો સુખી કરવાની વાત હોય તો તેના નક્કર ઉકેલની જરૂર છે તેવું હું માનું છું. ત્યાર પછી આપણે આગળ જઇએ તો સહકારી પ્રવૃત્તિઓની અંદર ખાસ હું સહકારી જીવ છું. ગામડામાં વસતા લોકોનું જીવન ધોરણ આ કોરોના વખતે, લોક ડાઉન વખતે જે ખરાબ પરિસ્થિતિ હતી ત્યારે તેમનું જીવન, તેમનુ કુટુંબ નભ્યું હોય તો પશુપાલનના ધંધાથી નભ્યું હતું. એક લીટર દૂધ ભરવાવાળાને પણ સીધા પૈસા મળે, તેનુ ઢોર બિમાર થાય,

તેનુ પશુ બિમાર થાય તો અમારી સહકારી ડેરીઓ તેની કમાણીના દૂધના વેચાણાના પૈસામાંથી તેની દવા થાય છે. માત્ર સરકારી દવાખાનાઓ માહિતીમાં રચ્યા પચ્યા હોય છે, પણ જો આ ડેરીઓ મારફતે પશુ પાલનનો ધંધો કરવાવાળા જો તેમનુ પશુ બિમાર થાય તો સરકારે ગ્રાન્ટ ઇન એઇડ કરી અને તેમના પગાર, તેમની જીપોના ખર્ચ, તેમની દવાના ખર્ચનું પ્રોવિઝન જો તેમણે વિચાર્યું હોત તો ગામડાનાં અર્થતંત્રની આર્થિક બાબતો થોડી મજબૂત થઇ હોત એવુ મારું માનવું છે અને મારું નમ્ર સૂચન છે. માનનીય અધ્યક્ષશ્રી, મારા સ્થાનિક પ્રશ્નો પણ ખૂબ છે વારંવાર તેની હું રજૂઆત કરું છું.

અધ્યક્ષશ્રી : એક મિનિટમાં પૂરું કરો.

શ્રી જશુભાઇ શી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અમે છેવાડાના લોકો છીએ અમારે ત્યાં ખાસ કરીને આઝાદીનાં ૭૫ વર્ષ પૂરાં કરતા હોઇએ તો મારા બન્ને તાલુકાઓમાં મારા માલપુર તાલુકામાં આર્ટસ, કોમર્સ, સાયન્સ કોલેજ નથી આ બાબતે જીતુભાઇ સાહેબને વારંવાર રજૂઆત કરી છે કે અમે છેવાડાના વતની છીએ અમને કોલેજ આપો. બાયડની અંદર સાયન્સ કોલેજ, મોડાસાની અંદર ૧૧, ૧૨માં ભણતાં હોય તેના બાળકોને કયાં જવું? કોલેજની અંદર ૧૧,૧૨માં અમારા એક હજાર કે બે હજાર વિદ્યાર્થીઓ ભણતા હોય તો માત્ર બે જ કલાસ B .S .C .ના હોય તો હું માનું છું કે તે ચાલે નહીં તે તેમનો હક્ક છે અને તેમને કોલેજ આપવી જોઇએ. મારા વિસ્તારમાં વારંવાર હું રજૂઆત કરતો આવ્યો છું પણ ભગવાન જાણે હું કોંગ્રેસનો છું એટલા માટે અન્યાય થતો હોય તો હું એવુ વિચારું કે મારે હવે ઘરે બેસી જવું જોઇએ કે જેથી મારા વિસ્તારના લોકોને કોંગ્રેસી હોવાના નાતે અન્યાય થાય છે એ અન્યાયમાંથી મુકિત મળે. છેલ્લે એક વાત કરું તો મોડાસાથી નડિયાદ જવાનો જે રસ્તો છે તેનો ધનસુરા, બાયડ અને બેમઇ જેવા ગામોના ગીચ વિસ્તારમાંથી પસાર થાય છે ત્યારે તેના બાયપાસની સગવડ હોવી જોઇએ.

શ્રી કનુભાઇ ક. પટેલ(સાણંદ) :માનનીય અધ્યક્ષશ્રી, મહામહીમ્ રાજયપાલશ્રીના સંબોધનમાં પ્રસ્તાવ રજૂ કરનાર સભ્યશ્રી રાકેશભાઇ શાહ અને તેમના પ્રસ્તાવને ટેકો આપનાર સભ્યશ્રી અભેસિંહભાઇ તડવીને હું મારું સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં તો હું આ ભારતીય જનતા પાર્ટીની સરકારને ખૂબ જ અભિનંદન આપવા માગું છું કે આ વખતના બજેટની અંદર મારા સાણંદ, બાવળા અને વિરમગામ વિસ્તારના જે ૩૩ જેટલા ગામો હતા અને તે સિંચાઇથી થોડા વંચિત હતા તો તેના માટે થઇને સ્પેશ્યલ યોજના બનાવીને ૨૫ કરોડ રૂપિયા જે ફાળવ્યા છે તે બદલ હું ખૂબ ખૂબ અભિનંદન અને આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે લલિતભાઇ હમણા જ આ ગૃહની અંદર અત્યારે તેઓ બહાર ગયા છે પણ સુશાસન શું કહેવાય તેનો જવાબ હું આપવા માગું છું. વડાપ્રધાન બન્યા બાદ માત્ર ૧૭ દિવસની અંદર નર્મદાના ડેમની ઉંચાઇની મંજૂરી આપી તેને સુશાસન કહેવાય. દરેક ખેડૂતના એકાઉન્ટમાં ૬,૦૦૦ રૂપિયા દર વર્ષે પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના હેઠળ આપવામાં આવે છે તેને સુશાસન કહેવાય. વિધવા બહેનોની ચિંતા કરી અને વિધવા બહેનોના સીધા તેના એકાઉન્ટમાં પૈસા જમા થાય તે વિધવાની ચિંતા કરી તેને સુશાસન કહેવાય. નાની નાની દીકરીઓ હોય તે ભણે અને તે ૧૮ વર્ષની ઉંમરની થાય ત્યારે વ્હાલી દીકરી યોજનામાં તેના એકાઉન્ટમાં એક લાખ રૂપિયા સુધીની માતબર રકમ જમા થાય આને સુશાસન કહેવાય. વૃદ્ધોની પણ ચિંતા કરી છે. ૬૦ વર્ષથી ઉપરના વૃદ્ધો હોય અને જયારે તેમના એકાઉન્ટમાં વૃદ્ધ સહાય પેન્શન યોજના હેઠળ તેમને યોજનાનો લાભ મળે આને સુશાસન કહેવાય છે. નર્મદાનું પાણી નર્મદાથી છેક કચ્છ સુધી પહોંચાડયું તેને સુશાસન કહેવાય. ડાયરેકટ તેમના વખતે એક રૂપિયો મોકલે અને ૮૫ પૈસા ખવાઇ જતા હતા અને માત્ર ૧૫ પૈસા પહોંચતા હતા. જયારે અત્યારે બેનિફિશિયરી એકાઉન્ટથી દરેકના ખાતામાં પૈસા જમા થાય છે તેને સુશાસન કહેવાય. કુપોષણ મુકત ગુજરાત બન્યું છે આને સુશાસન કહેવાય છે. પ્રધાનમંત્રી આવાસ યોજના, મુખ્યમંત્રી આવાસ યોજના થકી ગરીબોને તેમના ઘરમાં રહેવા માટે તેમને ઘર મળે આને સુશાસન કહેવાય છે. ખેડૂતોની ચિંતા કરીને એમને વધુ ને વધુ વીજ કનેક્શન આપ્યા અને હવે દિવસે પણ લાઇટ આપે છે એને સુશાસન કહેવાય. એમના સમયે જમવા સમયે જ લાઇટ મળતી હતી અને એ વખતે પણ ઘણા બધા ટોણા મારતા હતા કે જમવાના સમયે તો લાઇટ આપો. જ્યોતિગ્રામ યોજનાથી ૨૪ કલાક વીજળીનો લાભ મળે છે એને સુશાસન કહેવાય. દિવ્યાંગોની ચિંતા કરી એમના માટે પણ યોજનાઓ બનાવી એને સુશાસન કહેવાય. ગરીબ હોય અને એમને હોસ્પિટલનો નાનો-મોટો ખર્ચ આવી જાય ત્યારે એ ખર્ચ ચૂકવવા માટે એમને જમીન વેચવી પડતી હતી. એની ચિંતા કરીને ગરીબોને પાંચ લાખ સુધી હોસ્પિટલનો ખર્ચ આપીએ છીએ એને સુશાસન કહેવાય. બધાની ચિંતા કરી, પશુ-પક્ષીઓની પણ ચિંતા કરવામાં આવી અને પશુઓ માટે પણ એમ્બ્યુલન્સની વ્યવસ્થા કરી એને સુશાસન કહેવાય. આપણે નદીઓનું જતન કરતા હોઇએ છીએ. નર્મદા માતાને યાદ કરતા મને એક પંક્તિ યાદ આવે છે. ''પવિત્ર તેરા જલ હૈ, જલ હૈ તો જીવન હૈ, જીવન હૈ તો હર પલ હૈ,

મા નર્મદા તુઝસે હી આજ ઔર તુઝસે હી કલ હૈ.''

આપણા યશસ્વી વડાપ્રધાન મોદી સાહેબના ગુજરાતના કાર્યકાળ દરમિયાન જળ એ જ જીવન અને એના માટે જ્યારે નર્મદા ડેમની ઉંચાઇ વધારીને સમગ્ર ગુજરાતને આ નર્મદાનું પાણી સિંચાઇ માટે અને પીવા માટે પહોંચાડવામાં આવે છે. 'હર ઘર નલ' દ્વારા આ સિંચાઇ માટે દરેક ખેડૂતના ખેતરમાં પાણી પહોંચે છે અને દરેકને પીવાલાયક શુદ્ધ પાણી એમના ઘર સુધી પહોંચે છે. એના માટે ૨૦૧૭માં નર્મદા કંટ્રોલ ઓથોરિટી દ્વારા ૧૩૮.૬૮ મીટર બંધની ઉંચાઇ વધારવાનો નિર્ણય લેવાયો. આવી ઘણી બધી નર્મદા યોજના હેઠળ આપણે ખૂબ જ સિદ્ધિ પ્રાપ્ત કરી છે. ત્યારબાદ હું મારા વિસ્તારની થોડી રજૂઆતો પણ આપની સમક્ષ રજૂ કરું છું. આપણા રાજ્યપાલ પ્રાકૃતિક ખેતીને ખૂબ જ પ્રોત્સાહન આપે છે અને સમગ્ર ગુજરાત નહિ, પણ

સમગ્ર ભારતમાં પ્રાકૃતિક ખેતીથી ખેડૂત પોતાની આવક કેવી રીતે બમણી કરી શકે એ માટે એમનો પૂરતો પ્રયાસ રહ્યો છે. પ્રાકૃતિક ખેતીથી ઓછા ખર્ચે પાકમાં વધારો થાય અને જમીનના પ્રદૂષણને અટકાવી શકાય છે. હાલની આપણી જીવનશૈલીમાં આપણે બધા જોઇએ છીએ કે પેસ્ટિસાઇડ્સનો ઉપયોગ કરવાથી શરીરને ખૂબ જ નુકસાન થાય છે એ માટે પણ આપણે પ્રાકૃતિક ખેતી તરફ વળવું જોઇએ અને તેનાથી ખેડૂતની આવકમાં પણ વધારો થવાનો છે. મારો વિસ્તાર ઘઉં અને ડાંગર પકવતો વિસ્તાર છે ત્યારે મારા વિસ્તાર તરફથી આપને એક રજૂઆત કરું છું કે અમારે ત્યાં ટપક પદ્ધતિથી પાણી આપવામાં આવે છે. મારા વિસ્તારમાં ડાંગરનો પાક થતો હોવાથી પાણી વધારે જોઇતું હોવાથી ખેડૂતને પાઇપ આપવામાં આવે એવી મારી રજૂઆત છે. આપણે વન અને પર્યાવરણની વાત કરીએ તો કોનો કાર્પસ નામના વૃક્ષ અત્યારે ઘણાં બધાં લોકો વાવે છે. એનાથી ઘણું બધું નુકસાન થઇ રહ્યું છે. જેમ કે અસ્થમા, એલર્જી અને આરોગ્ય માટે પણ હાનિકારક છે. શરદી, ખાંસી અને અન્ય રોગો થઇ શકે છે. આ ઝાડ પર પશુ-પક્ષી કે મધમાખી પણ બેસતાં નથી. એમાં ફળ - ફૂલ પણ નથી આવતા.

શ્રીમતી ગેનીબેન ન. ઠાકોર(વાવ) : માનનીય અધ્યક્ષશ્રી, મહામહીમ્ રાજ્યપાલ આભાર પ્રસ્તાવ લઇને આવ્યા છે અને આ આભાર પ્રસ્તાવને આ ગૃહના સભ્ય રાકેશભાઇ શાહ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, શ્રી કનુભાઇ કહેતા હતા કે કોનો કોર્પસ વૃક્ષ ઉપર પક્ષીઓ પણ બેસતાં નથી. તમે ભૂતકાળમાં કહેતા હતા કે કોંગ્રેસે બાવળ વાવ્યા છે. એની દરેક વસ્તુ ઉપયોગમાં આવે છે. તમે જ કહો છો કે તમારા રાજમાં પક્ષીઓ પણ ના બેસે એવા વૃક્ષોનું વાવેતર કરી રહ્યા છો. આરોગ્ય, શિક્ષણ, પાણી અને પાયાની સુવિધા આ બધું જ લોકોને મળતું હોય ત્યારે એને સુશાસન કહી શકાય. આજે પણ પ્રાથમિક શાળાઓમાં બનાસકાંઠામાં ૧૫૦૦થી ૧૬૦૦ ઓરડાઓની ઘટ છે. ઘણી બધી શાળાઓ ૧૦-૧૦ વર્ષથી ચાલે છે પણ તેમાં એક પણ રૂમ ન હોય, એ શાળાઓમાં આજે પણ બાળકો પતરા નીચે બેસીને અભ્યાસ કરે તેવી ખરાબ હાલત છે. પાંજરાપોળ અને ગૌશાળાઓના નામથી ખૂબ મોટી વાતો ગૌમાતાના નામે કરવામાં આવે. આ માનનીય રાજ્યપાલશ્રીના પ્રવચનમાં રજિસ્ટર્ડ ગૌશાળા હોય કે પાંજરાપોળ હોય જેમ રાજસ્થાનની સરકાર પશુદીઠ સબસિડી આપે છે તેવી રીતે આ રાજ્ય સરકારે કોઈ જોગવાઈ કરી નથી. લેન્ડ ગ્રેબિંગ જેવા કાયદાને કોંગ્રેસ પાર્ટીએ સમર્થન આપ્યું છે. અમે પણ માનીએ છીએ કે ભૂ-માફિયાઓ સામે કંટ્રોલ હોવો જોઇએ પણ આ રાજ્ય સરકારે પગલાં લેવાં માટે ભૂ-માફિયાના પ્રકાર અલગ અલગ છે. કોઈ રોજગારી માટે ડમ્પર રેત લઈને જતા હોય અને બે કે ત્રણ ટન વધારે ભરેલ હોય તો તેને રોયલ્ટી ચોરી ગણવામાં આવે. મારા મત વિસ્તારમાં ભારતમાતા સિક્સ લેન રોડનું કામ ચાલુ છે. ગૌચરની જમીન હોય, સરકારી પડતર હોય, તળાવ હોય તેમાં ત્રણ મીટરથી વધારે જે કોઈ જમીન સરકારે આપી હોય તેનાથી વધારે ખોદી શકાતી નથી. ૧૦-૧૫ મીટર સુધી જમીન ખોદી અને ખારું પાણી આવી ગયું ત્યાં સુધી આ રવિ કન્સ્ટ્રક્શન અને કે.આર.સી. નામની આઉટ સ્ટેટની જે કોઈ કંપનીઓ છે એ કંપનીઓએ બનાસકાંઠામાં રસ્તાઓને સુખાકારીના બદલે હાનિ પહોંચાડી છે. વારંવાર સંકલન સમિતિમાં કહ્યું, કલેક્ટરને વાત કરી કે ચોમાસામાં જ્યારે આ ભરાશે ત્યારે મોટી મુશ્કેલી થશે પણ કોઈ વાત સાંભળવામાં આવતી નથી.

માનનીય અધ્યક્ષશ્રી, પછાત વર્ગોના નિગમોમાં અરજીઓ પ્રમાણે બજેટની ફાળવણી રાજ્ય સરકાર દ્વારા પૂરતા પ્રમાણમાં કરવામાં આવી નથી. યુવાનોને રોજગારી મળે એ ઉદ્દેશથી મા-બાપે પેટે પાટા બાંધીને દીકરા-દીકરીઓને ભણાવ્યા હોય છે ત્યારે ૧૧ મહિનાના કોન્ટ્રાક્ટ બેઝથી મળેલી નોકરી કોઈ પણ ખાતામાં ભ્રષ્ટાચારનું સૌથી મોટું દૂષણ છે. એમની કોઈ જવાબદારી થતી નથી એટલે જે રીતે તેને કોણ વધારે પૈસા આપે છે એ રીતે જતા રહે. છે. તેની કોઈ લાંબા સમયની ગેરેંટી હોતી નથી. પારદર્શક રીતે અને જવાબદારીપૂર્વક કામ કરી શકતા નથી. જેટલા અધિકારીઓ નિવૃત્ત થાય છે તેટલી રેગ્યુલર જગ્યાઓ ભરવામાં આવતી નથી. તેના કારણે કોન્ટ્રાક્ટ બેઝ ઉપર ચાલતા કર્મચારીઓનું એજન્સીઓ મારફતે શોષણ થાય છે. પ્રધાનમંત્રી આવાસ યોજનાની વાત કરીએ તો ગુજરાતમાં જેટલી માંગણી છે અને જે રીતે આવાસની ફાળવણી કરવામાં આવે છે તેમાં પણ ગેરરીતિઓ થાય છે. સાચા લાભાર્થીઓને લાભ મળતો નથી.

માનનીય અધ્યક્ષશ્રી, જો આપણે આરોગ્યની વાત કરીએ તો હમણાં રસીકરણ માટે ખૂબ મોટા દાવા કરવામાં આવેલા. મારી પોતાની જાણમાં છે. જે કાંઈ રસીકરણ આપવામાં આવ્યું છે તેમાં અત્યારે તો સ્ટેપ બાય સ્ટેપ ઘણા ઊંચા આંકડા લઈ જવામાં આવ્યા છે પણ * (xxx) આજે પણ હું બતાવું કે કેટલા લોકોને રસી આપી નથી.

શ્રી જીતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ગેનીબેને જે રીતે વાત કરી કે રસીના ખોટા આંકડા બતાવી દીધા એ પ્રકારની વાત બિલકુલ ગેરવાજબી છે. એમની પાસે આધાર પુરાવા હોય તો આપે નહિતર મને લાગે છે કે એમણે પોતે જ શબ્દો પાછા ખેંચવા જોઇએ.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, શ્રીમતી ગેનીબેન જે વાત કરી રહ્યા છે એ બિલકુલ ઓફિશિયલ છે. ટી.વી. માધ્યમથી છાપામાં જે લોકો (વચ્ચેથી અટકાવતાં)

શ્રી જીતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, ટી.વી. માધ્યમ ન અપાય.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, જે લોકો ગુજરી ગયા છે તે લોકોના રસીકરણના પ્રૂફ આપવામાં આવે છે. તેમાં કોઈ સરકારની ટીકાની વાત નથી. જે સાચી વાત છે એ ગેનીબેન રજૂ કરે છે. તેમાં કશું ખોટું નથી.

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

તા. ૭મી માર્ચ ૨૦૨૨

રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા(પહેલો દિવસ)

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી ઋષિકેશભાઇ.

શ્રી ઋષિકેશ ગ. પટેલ (આરોગ્ય મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, શ્રીમતી ગેનીબેને જે વાત કરી. લગભગ પહેલો ડોઝ ૯૮,૯૯ ટકા અને બીજો ૯૬ ટકાની આજુબાજુ. એટલે સમગ્ર ૧૦ કરોડ અને ૩૪ લાખ જેટલું રસીકરણ આપણે પૂરુ કર્યું છે. એમાં ગેનીબેનનું અને માનનીય શ્રી શૈલેષભાઇનું કહેવું એવું છે, કયાંક આધારકાર્ડના આધારે, કયાંક કોઇ ગુજરી ગયું હોય એનું. આમાં ભૂલ કયાં થાય છે કે કોઇએ ખોટું આધારકાર્ડ

આપી દીધું. ૧૦ કરોડ અને ૩૪ લાખમાં જે ટી.વી. અને પ્રચાર અને પ્રસાર માધ્યમમાં જૂજ કહેવાય, બે આંકડે પણ ન પહોંચે એવા કેટલાક કેસ ધ્યાનમાં આવ્યા છે. એમાં સમગ્ર ગુજરાતનું રસીકરણ ખોટી રીતે થયું છે એ કહેવું એ ગુજરાતનું અપમાન કર્યા બરાબર છે. આરોગ્ય વિભાગના કર્મચારીઓએ કરેલી મહેનત અને ૧૦ કરોડ ૩૪ લાખની આજુબાજુ જેને રસીકરણ કર્યું છે એમના માટે આ કલંકરૂપ અને લગભગ એમના અપમાન જેવું ગણાય એવું મારુ માનવું છે.

અધ્યક્ષશ્રી : માનનીય ગેનીબેને જે રીતે સ્ટેટમેન્ટ કર્યું અને જે રીતે અહીંયા માનનીય જીતુભાઇ અને માનનીય આરોગ્ય મંત્રીશ્રીએ વાત કરી છે, એ જોતાં આટલા મોટા કરોડોના વેકિસનેશનમાં કદાચ આવી કોમ્પ્યુટર મિસ્ટેક અથવા નાની મિસ્ટેક થતી હોય એના માટે થઇને આપણે આરોગ્ય વિભાગના કર્મચારીઓ ઉપર લાંછન લગાવીએ એ યોગ્ય નથી. આપ આપના શબ્દો પાછા ખેંચો, એ ખૂબ સારુ લાગશે. ગેનીબેને જે વાત કરી છે એના જે શબ્દો છે એ હું રેકર્ડ ઉપરથી દૂર કરુ છું. માનનીય શ્રી અજમલજી ઠાકોર.

શ્રી અજમલજી વ. ઠાકોર(ખેરાલુ) : માનનીય અધ્યક્ષશ્રી, મહામહીમ્ રાજ્યપાલશ્રીએ ગુજરાત વિધાનસભાને સંબોધન કરવા બદલ માનનીય ધારાસભ્ય શ્રી રાકેશભાઇ શાહ, જે આભાર પ્રસ્તાવ લઇને આવ્યા છે અને માનનીય ધારાસભ્યશ્રી અભેસિંહભાઇ તડવીએ પ્રસ્તાવને જે અનુમોદન આપેલ છે તેને હું સમર્થન આપું છું તેમજ પશુપાલન ઉપર પણ મારા વિચારો વ્યકત કરુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યના આર્થિક અને સામાજિક વિકાસમાં પશુપાલન અને ડેરી ક્ષેત્રનું આગવું યોગદાન છે. ખાસ કરીને, પશુપાલન પ્રવૃતિ સાથે સંકળાયેલા રાજ્યના લાખો કુટુંબોના આર્થિક ઉપાર્જન માટે પશુપાલન એક સચોટ અને સરળ વિકલ્પ છે. આપણા આખા દેશમાં આપણું ગુજરાત રાજ્ય દૂધ ઉત્પાદનમાં પ્રથમ ક્રમે છે. હાલમાં, ગુજરાત રાજ્યના ૨૨ જિલ્લામાં સહકારી દૂધ ઉત્પાદન સંઘોની દૈનિક દૂધ એકત્રિત કરવાની ક્ષમતા ૨૯૨.૨૭ લાખ લિટરની છે. જાન્યુઆરી વર્ષ ૨૦૨૨ અંતિત પશુ આરોગ્ય ક્ષેત્રે ૫૦.૩૪ લાખ પશુ સારવાર અને ૪,૧૨૬ પશુ આરોગ્ય મેળાની કામગીરી થયેલી છે. ભારત સરકારના રાષ્ટ્રીય ગોકુળ મિશન હેઠળ મળેલ સહાયથી ફ્રોઝન સિમેન સ્ટેશન, પાટણ ખાતે તૈયાર થયેલ છે અને સેકસ સિમેન લેબોરેટરીનું ઇ-લોકાર્પણ તારીખ ૧૪-૧૨-૨૦૨૧ના રોજ માનનીય રાજયપાલશ્રી, ગુજરાત રાજ્ય અને માનનીય મંત્રીશ્રી, પશુપાલન, ડેરી અને મત્સ્યોદ્યોગ વિભાગ રાજય સરકારના વરદ્ હસ્તે, માનનીય મંત્રીશ્રી કૃષિ, પશુપાલન અને ગૌસંવર્ધન તેમજ રાજ્ય કક્ષાના મંત્રીશ્રી, પશુપાલન અને ગૌ સંવર્ધન રાજ્ય સરકારની ઉપસ્થિતિમાં આણંદ ખાતે થયું હતું. આ લેબોરેટરીમાં ઉત્પાદન થનાર સિમેન ડોઝના ઉપયોગથી ૮૫ થી ૯૦ ટકા ગાયોને વાછરડીઓ અને ભેસોને પાડીઓનો જ જન્મ થશે. એટલે કે *(xxx)

અધ્યક્ષશ્રી : આપે કરેલા શબ્દો અસંસદીય છે અને હું રેકર્ડ ઉપરથી દૂર કરું છું.

શ્રી અજમલજી વ. ઠાકોર : નહીં, માનનીય અધ્યક્ષશ્રી, એ તો એક સર્વસામાન્ય શબ્દ છે.

અધ્યક્ષશ્રી : માનનીય નીતિનભાઇ.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે વાત કરી છે એ એક વૈજ્ઞાનિક વાત છે. આપણા વૈજ્ઞાનિકોએ, આપણા પશુપાલન વિભાગે એ પ્રકારની વ્યવસ્થા અમલમાં મૂકી છે કે જેના દ્વારા પશુઓને આ બીજારોપણ કરવામાં આવે તો, કે જેના દ્વારા, જે રીતે પશુઓને આ બીજારોપણ કરવામાં આવે તો પાડાના બદલે પાડીનો જન્મ થાય એવી વૈજ્ઞાનિક વ્યવસ્થા આપણે કરી દીધી છે. એટલે કોઇ કહેવત એમણે નથી કીધી. આ વ્યવસ્થા કરી છે, પાડો આવે તો બિન ઉપયોગી થતો હતો અને પાડી આવે તો ઉપયોગી થાય એ દ્રષ્ટિએ આપણા ગુજરાતના કૃષિ વિભાગ અને પશુપાલન વિભાગે આ વૈજ્ઞાનિક પ્રક્રિયા ચાલુ કરી છે એનો તેઓશ્રીએ ઉલ્લેખ કર્યો છે અને આ કહેવત નહીં પણ હકીકત છે એટલે પશુપાલન વિભાગને ખરેખર અભિનંદન આપવા જોઇએ અને આવકારવા જોઇએ.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રીએ જાહેર કરેલા અસંસદીય શબ્દોની યાદીમાં સમાવેશ થયેલો છે કે *(xxx) એ અસંસદીય છે અને એ શબ્દો દૂર કરવા જોઇએ. સભ્યશ્રીએ મૂળ કહેવતના સ્વરૂપમાં બીજી વાત કીધેલી છે. અને જે અસંસદીય શબ્દોની યાદી માનનીય અધ્યક્ષશ્રી તરીકે માનનીય રાજેન્દ્રભાઇ હતા એમણે બહાર પાડેલા છે તેમાં આવા શબ્દો, જે શ્રી પુંજાભાઇ બોલ્યા તે શબ્દોનો ઉલ્લેખ જ નથી એમ છતાં પણ રૂલિંગ આપવામાં આવ્યું છે. એટલે મારો કહેવાનો મતલબ એ છે કે આપણી પ્રણાલી મુજબ જે વસ્તુને આપણે અસંસદીય ગણી છે એને આપણે ન જ બોલવું જોઇએ. પછી એ તો અમે પણ કહી શકીશું કે આ ફલાણું છે અને અમે આ રીતે બોલીએ છીએ. એટલે એ પ્રણાલી ખોટી પડશે. અને આપે જયારે રૂલિંગ આપી દીધું કે આ શબ્દો દૂર કરું છું, પછી એની આ હાઉસમાં ચર્ચા જ ન હોય.

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

## ફાલ્ગુન ૧૬, શાકે ૧૯૪૩

## રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા(પહેલો દિવસ)

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ તો હું સ્પષ્ટતા કરું છું. માનનીય અધ્યક્ષશ્રીના નિર્ણયને ચેલેન્જ નથી કરતો. તમારે અભ્યાસ કરવો હોય તો તમને પણ છૂટ છે. આપણા પશુપાલક વૈજ્ઞાનિકોએ આ રીસર્ચ કર્યું અને એનું બીજારોપણ થાય તો પાડાના બદલે પાડી આવે એ આપણે કરવાના છીએ અને કરી રહ્યા છીએ. એટલે એમાં કોઇ અસંસદીય શબ્દ નથી અને માનનીય સી. જે. ચાવડાજીને તમે પૂછી શકો છો કે સાચું છે કે નહીં. બીજી વાત હું નહીં કરું. આ હકીકત છે અને વૈજ્ઞાનિક સંશોધન આપણે અમલમાં મૂક્યું છે.

અધ્યક્ષશ્રી : એમણે પોઇન્ટ ઓફ ક્લેરિફિકેશન કર્યું છે.

શ્રી અજમલજી વ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં આ પદ્ધતિ પશુપાલન વ્યવસાયમાં આગામી દિવસો-માં વધુમાં વધુ ફાયદારૂપ બની રહેશે. આઝાદીનો અમૃત મહોત્સવ અંતર્ગત આત્મ નિર્ભર ગામ નેત્રા તા. ૧૮-૧૯ અને ૨૦ નવેમ્બર ૨૦૨૧, ત્રી દિવસીય કાર્યક્રમની ઉજવણી નિમિત્તે સો દૂધ ઘર, ગોડાઉનનું ખાત મૂહુર્ત, કુલ ૩ પશુ દવાખાનાનું લોકાર્પણ, ઘનિષ્ઠ પશુ સારવાર યોજના હેઠળ કુલ ૧૦ ૩૫ કેન્દ્રોના કામોનું ખાત મૂહુર્ત કરવામાં આવ્યું. બાર દૂધાળા ડેરી ફાર્મ, બકરા એકમ, વિદ્યુત સંચાલિત ચાપ કટર, કેટલ શેડ બાંધકામ સહાયના કુલ ૧૬૫ લાભાર્થીઓને પ્રતિકાત્મક ચેક વિતરણ કરવામાં આવ્યા. ખેડૂતો અને પશુ પાલકોની હરહંમેશ ચિંતા કરતી આ ભા.જ.પ. સરકારે શ્રેષ્ઠ પશુપાલક પુરષ્કાર યોજના અંતર્ગત તાલુકા કક્ષાએ ૩૮૦ શ્રેષ્ઠ પશુપાલકોને પુરસ્કાર જેમાં પ્રથમ ઇનામ દસ હજાર રૂપિયા અને દ્વિતીય ઇનામ ૫ હજાર રૂપિયા, એ પેટે કુલ ૨૭.૩૫ લાખ રૂપિયા પુરસ્કાર અને પ્રમાણપત્રો એનાયત કરવામાં અવ્યા, એ જ પ્રકારે જિલ્લામાં પણ શ્રેષ્ઠ પશુપાલકોને ૫૯ પશુપાલકોને પુરસ્કાર જેમાં પ્રથમ ઇનામ ૧૫ હજાર અને બીજું ઇનામ ૧૦ હજાર રૂપિયા એમ કુલ ૨૭.૩૪ લાખ રૂપિયાના પુરસ્કાર અને પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી **<p a g e** જિતેન્દ્રભાઇ સ. વાઘાણી ( શિક્ષણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયના મહામહીમ્ રાજયપાલશ્રીના અભિભાષણ પર આ સન્માનનીય ગૃહના સદસ્ય આદરણીય શ્રી રાકેશભાઇ શાહ આભાર પ્રસ્તાવ લઇને આવ્યા છે અને આદરણીય અભેસિંહભાઇ તડવીએ જેને ટેકો આપ્યો છે તેના સમર્થનમાં હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ભારતના બંધારણના અનુચ્છેદ ૧૭૬(૧) મુજબ ભારતના માનનીય રાષ્ટ્રપતિ, માનનીય રાજયપાલશ્રી, સામાન્ય ચૂંટણીઓ થાય તે પછી ગૃહની પ્રથમ બેઠક મળે ત્યારે અને દરેક વર્ષના પ્રથમ સત્રમાં મળનાર બેઠકમાં સંબોધન કરતા હોય છે. ગૃહની પ્રથમ બેઠક મળે ત્યારે અને દરેક વર્ષના પ્રથમ સત્રમાં મળનાર બેઠકમાં સંબોધન કરતા હોય છે. મારી પહેલા આદરણીય આત્મારામભાઇ, શ્રી સુરેશભાઇ, આદરણીય વી.ડી. ઝાલાવાડીયા, શ્રી બચુભાઇ, શ્રી અક્ષયભાઇ, શ્રી ભરતભાઇ, શ્રી ધર્મેન્દ્રસિંહ, કનુભાઇ, અજમલજી તથા માનનીય વિપક્ષના નેતા તથા બીજા અનેક સભ્યશ્રીઓએ ચર્ચા કરી. કેટલાકે સરકારની વાત માનનીય રાજયપાલશ્રીના પ્રવચનમાં મૂકી છે તેમની પણ વાતો રાજયની જનતા સુધી પહોંચે એ માટે કરી છે અને કેટલાક વિપક્ષના લોકોએ રાજકીય અવલોકનો પણ કર્યા છે. લોકશાહીની આ સન્માનનીય ગૃહમાં લોકશાહી ઢબે આ બધી જ વાતો એ અધિકારની રૂએ સભ્યશ્રીઓ કરતા હોય છે એ પ્રમાણે બધાએ વાત મૂકી છે.

છેલ્લે જે વાત થતી હતી એમાં હું વાત કરું તો માનનીય નીતિનભાઇ સાચા, અમારા શ્રી અજમલજી ઠાકોર પણ સાચા અને શ્રીમતી ગેનીબેન અને શ્રી શૈલેષભાઇ વિપક્ષના સભ્યો પણ સાચા. એટલા માટે કે માનનીય નીતિનભાઇએ બહું સરસ વાત કરી માનનીય શૈલેષભાઇએ પણ સરસ વાત કરી. ઘણાં વર્ષોથી સારાં સમાચારની રાહ જોતા હોય અને ન આવે તો એમને પાડો જ દેખાય. અહીંયા સારા સમાચારની રાહ સતત આવતી હોય છે એટલે પાડી જ દેખાય. હજી મને એવું લાગે છે કે આવા સમાચાર વર્ષ ૨૦૨૨માં તમને મળવાના નથી એટલે એ પ્રકારનું તમને દેખાય એવું મને લાગે છે.

માનનીય અધ્યક્ષશ્રી, મહામહીમ્ રાજયપાલશ્રીનું પ્રવચન સરકારની પ્રવર્તમાન નીતિઓ, કાર્યક્રમો, ઉપલબ્ધીઓ અને ભવિષ્યની યોજનાઓનું મહત્ત્વની પરિસ્થિતિનો દસ્તાવેજ છે. આપણા બંધારણની પરંપરા છે. આપણી જમણી અને ડાભી બાજુ બેઠેલા તમામ સન્માનનીય નેતાઓ આ બંધારણીય પદ ઉપરથી રજૂ થતા વિચારો ગરિમા પૂર્ણ રીતે સાંભળતા હોય છે એ આ ગૃહની પરંપરા રહી છે. કમનસીબે વારંવાર આ પરંપરા સાચવવામાં વિપક્ષ ઉણો ઉતર્યો છે. હું આ તબક્કે ગુજરાતની જનતાને અભિનંદન આપવા માગું છું. જનતાને પ્રશંસા, અભિવાદન એટલા માટે આપવા પડે કે ગુજરાતની પ્રજા લોકતાંત્રિક મૂલ્યો અને બંધારણીય પરંપરાઓનું સન્માન ન કરનાર વિપક્ષને ૨૭ વર્ષથી સત્તાથી બહાર રાખ્યા છે. ગુજરાતની જનતાના વિઝનને ખૂબ ખૂબ અભિનંદન આપું છું કે એ કદાચ પહેલા ઓળખી ગયા હતા કે કોંગ્રેસ એક એવી લોકશાહીની પરંપરાનું જતન એ રાજયમાં કરી શકશે.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંથી ઘણી બધી ચર્ચા થઇ. માનનીય રાજયપાલશ્રી જયારે પ્રવચન આપવા આવ્યા ત્યારે વિપક્ષના સભ્યોના ચહેરા પર નિરાશા દેખાતી હતી. હારની સ્વીકૃતિ બતાવતી હતી જે આજે પણ એ દેખાય રહી છે. ભૂતકાળમાં રાજયની અંદર જ્ઞાતિ જાતિમાં ભેદભાવ ઉભા કરીને સત્તા સ્થાને બેસવા માટેના અનેક પ્રયાસો કર્યા તો પણ રાજયની શાણી જનતાએ વર્ષ ૨૦૧૭માં ન બેસવા દીધા અને વર્ષ ૨૦૧૯માં ફરી એક વખત ૨૬ માંથી ૨૬ એ ભારતીય જનતા પાર્ટીને માનનીય નરેન્દ્રભાઇના નેતૃત્વમાં આપી. હવે મને એવું લાગે છે કે વર્ષ ૨૦૨૨માં પણ એમનું મન બની ગયું છે કે અમે બેસવાના નથી એટલા માટે કદાચ ફ્રસ્ટ્રેશન આપણે અહીંયા જોઇ રહ્યા છીએ.

તા. ૭મી માર્ચ ૨૦૨૨

રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા(પહેલો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, વિપક્ષના સન્માનનીય નેતા મારા વડીલ મિત્ર પણ છે એમણે કાયદો અને વ્યવસ્થાની વાત કરી છે, પાણીની વાત કરી છે એ સિવાય અનેક વિષય ઉપર ચર્ચા કરી છે. માનનીય લલીતભાઇએ વાત કરી છે, રોજગારીની વાત પણ થઇ છે. બહેનશ્રી ગેનીબહેન, શ્રી વિરજીભાઇ ઠુમ્મર, ભાઇશ્રી જશુભાઇ વગેરે વાત કરી છે. મને કહેતા આનંદ થાય છે કે અહીંયા કોરોનાની પણ વાત કરવામાં આવી છે. કોરોનાની વેક્સિન એ શ્રી નરેન્દ્રભાઇએ બનાવી એટલે નહિ લેવી આ પ્રકારની વાત કોંગ્રેસના દેશના જે નેતા છે એમણે કરી. અને પછી એ લાઇનમાં પણ ઉભા રહી ગયા. મને કહેતા આનંદ થાય છે કે ૧૭૫ કરોડ ડોઝ. ૧૦ કરોડ ડોઝ રાજ્યમાં અને દેશમાં ૧૭૫ કરોડથી પણ વધારે ડોઝ. આટલો વિશાળ દેશ. વિવિધ જ્ઞાતિ, સંપ્રદાય એમની વચ્ચે આ દેશની જનતાએ માનનીય નરેન્દ્રભાઇનો કોલ સ્વીકાર્યો અને એમણે રસી પણ લીધી. હું માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ, ભાઇશ્રી ઋષિભાઇ આરોગ્ય મંત્રી અને પૂર્વ મુખ્યમંત્રી આદરણીય વિજયભાઇ અને શ્રી નીતિનભાઇ અહીં હાજર છે ત્યારે વિશેષ અભિનંદન આપું છું કે ૧૦ કરોડથી પણ વધારે ડોઝ. ૫ કરોડ ડોઝ ૧૪૫ દિવસની અંદર. એ પહેલાં મેં કહ્યુ એમ આ પ્રકારના ડોઝ આપીને માનનીય મુખ્યમંત્રીશ્રીએ આ રાજ્યની જનતાને સુરક્ષાનું કવચ પૂરું પાડ્યું.

માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણ, આરોગ્ય, ઉદ્યોગ, ઇન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ, મહિલા બાળકલ્યાણ, અનુસૂચિત જાતિ, જનજાતિ, અન્ય પછાત વર્ગો, વંચિતોનો વિકાસ, યુવાનોના કૌશલ્ય નિર્માણની વાત, નારી સશક્તિકરણની વાત અને રોજગારીની વાત કરી છે. ગુજરાત પહેલાં કોંગ્રેસના શાસનમાં કેવી સ્થિતિમાં હતું અને આજે કેવું છે એ આપણે કહીએ એવું નથી. વિદેશમાંથી અને અન્ય રાજ્યોમાંથી, કોંગ્રેસના રાજ્યોમાંથી પણ લોકો આવે અને રાજ્યના વિકાસની વાહવાહી કરીને જાય છે. ગુજરાતમાં બેરોજગારીની વાત કરી છે. ભારત સરકારના આંકડા જે છે, કાર્યક્રમ અમલીકરણ મંત્રાલય હેઠળની જુલાઇ-૨૦૨૧માં પ્રસિદ્ધ થયેલ Periodic Labor Force Surveyના વાર્ષિક અહેવાલ હેઠળ ભારતમાં બેરોજગારીનો દર ૪.૮ ટકા છે જયારે ગુજરાતમાં માત્ર ૨.૦ ટકા છે. આ યુવાનોને રોજગારી આપવાનું કામ રાજ્યમાં વાઇબ્રન્ટ ગુજરાત. ગામડું જીવંત રહે. ૨૪ કલાક વીજળી, સ્વરોજગારી, આત્મનિર્ભર ભારત. આ માત્ર વાતો નથી. એ હકીકતો ધરતી ઉપર ઉતારી છે. તેના કારણે રાજ્યનો વિકાસ થયો છે અને રાજયની જનતા સતત ભારતીય જનતા પાર્ટીને આશીર્વાદ આપી રહી છે. હ્યુમન ડેવલપમેન્ટ ઇન્ડેક્સની વાત કરીએ તો ગુજરાત આ તમામ માપદંડોમાં અવ્વલ નંબર પર રહ્યું છે. જેમના કારણે અહીંથી સુશાસનની વાત કરી છે ત્યારે મારે કહેવું છે કે સમગ્ર દેશમાં સ્પર્ધામાં સૂચક આંકમાં ગુજરાત પ્રથમ રહ્યું છે. માટે મુખ્યમંત્રી આદરણીય ભૂપેન્દ્રભાઇ પટેલ અને પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિનભાઇ પટેલને હું વિશેષ અભિનંદન આપું છું કે રાજ્ય આ પ્રકારની ઉંચાઇઓ સાથે નિકાસ ક્ષેત્રમાં પણ નં.૧ રહ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપ સુવિદિત છો. દેશમાં આદરણીય વડાપ્રધાન જે રીતે નેતૃત્વ કરે છે, પડકારોમાં પણ વિકાસ છૂપાયેલો છે એ અભિગમ સાથે આત્મનિર્ભર ભારતનો મંત્ર માનનીય વડાપ્રધાને સમગ્ર દેશને આપ્યો અને મને કહેતા આનંદ થાય છે કે માનનીય મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ આત્મનિર્ભર ગુજરાતનો સંકલ્પ સાર્થક કરવા માટે આગળ વધી રહ્યા છે. કોઇ પણ રાજ્યના વિકાસ માટે Demographic dividend એટલે કે working class of the society એ મહત્ત્વનું પરિબળ હોય છે. કોઇ પણ રાજ્યની સાથોસાથ રાજ્યના વિકાસમાં demographic dividend એ સૌથી મહત્ત્વનો ભાગ ભજવે છે. વર્તમાન ભારતીય જનતા પાર્ટીની સરકારના નેતૃત્વમાં ભારત દેશનો demographic dividend, વિશ્વમાં સૌથી ઉંચા સ્તરે છે. કોઇ પણ દેશમાં કદાચ ૧૦૦૦ વર્ષે આ પ્રકારનો વખત આવતો હોય છે એ સુવર્ણ ભારતનો વખત નરેન્દ્રભાઇ અને અમિતભાઇ શાહના નેતૃત્વમાં આપણે ભોગવી રહ્યા છીએ. માનનીય ભૂપેન્દ્રભાઇના નેતૃત્વમાં અનેકવિધ નીતિઓ, યોજનાઓ, વહીવટી પ્રતિબદ્ધતા અને સેવાનું સરળીકરણ, રસીકરણ, જેવા સામાન્ય જનતાને અસર કરે એવા અનેક અસરકારક નિર્ણયો લઇને સામાન્ય જનતાને અડચણ ન થાય, એવા પ્રયત્નો કરીને નીતિ અને નિયમોમાં ફેરફાર પણ કર્યા છે. એના માટે સવિશેષ માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇને હું અભિનંદન આપવા માગું છું. અનેક પોલીસીઓ, સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ પોલીસી-૨૦, એનઇપી ૨૦-૨૦, નવી શિક્ષા નીતિ, એક રીવોલ્યુશન શિક્ષણનું કઇ રીતે થઇ શકે એવું વિઝન એ નરેન્દ્રભાઇએ દેશને આપ્યું. આ ગૃહને જણાવતા મને આનંદ થાય છે કે કોઇ શાસક પક્ષના નેતા વડાપ્રધાન એ કોઇ નીતિ જાહેર કરે, વિવિધ વિચારવાળી સરકારો એ દેશમાં શાસન કરતી હોય અને એક પણ હરફ ઉચ્ચાર્યા વગર વિરોધ કર્યા વગર નવી જે નીતિ છે, શિક્ષા નીતિ એનો અમલ થાય એ દેશના ઇતિહાસમાં પ્રથમ વખત બની રહ્યું છે અને મને સંપૂર્ણ ભરોસો છે, એમના આધાર ઉપર આ દેશ અને રાજય એ અનેક રીતે પ્રગતી કરવાનું છે ત્યોર સોફ્ટ પાવર અને હાર્ડ પાવરની ચર્ચાઓ થતી હોય છે ત્યારે આ દેશની સરકારે પોખરણનું અણુ પરિક્ષણ કરવાનું હોય, સર્જીકલ સ્ટ્રાઇક કરવાની હોય, ૩૭૦ની કલમ દૂર કરવાની હોય, સીએએનો કાયદો લાવવાનો હોય ત્યારે દુઃખ સાથે કહેવું પડે કે કોંગ્રસ અને કોંગ્રેસના નેતાઓ એ દુશ્મન દેશ પાકિસ્તાનની ભાષા બોલે કે તમારી પાસે હોય તો પુરાવા આપો, સૈન્યનું મનોબળ તોડવાનું કામ એ વિપક્ષ કરે, વિચારોથી શામાં હોઇ શકે એ એમનો અધિકાર છે પણ દેશની વાત આવે ત્યારે પણ આ પ્રકારની માનસિકતાએ આ દેશની જનતાએ જોઇ છે અને એટલા માટેજ પાકિસ્તાનમાં જઇને આપણું લશ્કર એ આતંકવાદીઓનો ખાત્મો બોલાવીને પાછા આવે અને કોંગ્રેસના દેશના નેતાઓ પૂરાવા માગે, આ પ્રકારની નીમ્ન કક્ષાની રાજનીતિ અને વિચારો એ કયારેય સહન ના થઇ શકે એ પ્રકારે કોંગ્રેસ અને એમના આગેવાનો કામ કરે છે ત્યારે માનનીય રાજયપાલશ્રીએ એમના પ્રવચનમાં (અંતરાય)જેમ ભારતીય જનતા પાર્ટીની સરકાર...

## રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા(પહેલો દિવસ)

અધ્યક્ષશ્રી : શ્રી બાબુભાઇ, આપ બેઠા બેઠા સતત કોમેન્ટો કરો છો એ યોગ્ય નથી અને હું આપને સૂચના આપું છું કે આપ બેઠા બેઠા બોલવાનું બંધ કરો, ગૃહની કાર્યવાહીમાં ડિસ્ટબ થાય છે, આપ બેઠા બેઠા વાત ના કરો. પ્લીઝ.. આપ બેઠા બેઠા વાત ના કરો...પ્લીઝ આપ બેઠા બેઠા વાત ના કરો.

શ્રી જીતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું અમારા વિકાસની વાતો કરતો હોવ ત્યારે મારે કોંગ્રેસને પણ એક બાબતની મહત્ત્વની ઉપલબ્ધિ માટે અભિનંદન આપવા છે. રાજય અને દેશના વિકાસની હરણફાળ અમારી સરકારમાં થઇ રહી છે, ત્યારે દેશની આઝાદીના પાંચ દાયકા પહેલા જો કદાચ ભા.જ.પ.ની સરકાર હોત તો ભારતની દારૂણતા અંગેની, ગરીબી દર્શાવતી ફિલ્મ સ્લમ ડોગ મિલેનિયર એ બતાવવાનો અને બનાવવાનો મોકો એ કદાચ વિદેશી લોકોને ના મળ્યો હોત. એનો જો કોઇને શ્રેય આપવો હોય તો હું કોંગ્રેસને આપીશ કે એમના કારણે આ પ્રકારની દારૂણ સ્થિતિ ૫૦-૫૦ વર્ષ સુધી રાજય કર્યા પછી પણ એ દેશે ભોગવી છે. ગુજરાતની ઉપલબ્ધિઓ અહીંયા મહાત્માજીની વાત થઇ છે. ગાંધીજીની ગ્રામ સ્વરાજયથી સુરાજય સુધીની કલ્પના એ માત્ર કલ્પના ના રહે, ગાંધીજીએ કહ્યું હતું કે કોંગ્રેસને વીખી નાખો કારણ કે કોંગ્રેસ આઝાદી પછી જે દિશામાં આગળ વધી રહી હતી એ એમને ખબર પડી ગઇ હતી. આજે ગાંધીજીની વાતો કરે છે, મહાત્મા ગાંધીનું મંદિર વિશ્વમાં કયાંય હોય તો એ ગુજરાતમાં છે. સાબરમતી આશ્રમ. હું સ્વીકારું છું કે કોંગ્રેસના વખતનો છે. પણ એનું ડેવલપમેન્ટ ઝીરો હતું. મને કહેતા આનંદ થાય છે કે શ્રી નરેન્દ્રભાઇ અને શ્રી અમિતભાઇએ ૧ હજાર કરોડ રૂપિયા નાખીને એનું ડેવલપમેન્ટ વિચાર્યું છે. આ મહાત્મા ગાંધીને સાચી શ્રદ્ધાંજલિ છે. સમગ્ર વિશ્વ એમને યાદ કરે. સરદાર સાહેબ તો એ જાણે ભારતીય જનતા પાર્ટીના થઇ ગયા હોય એ પ્રકારની નીતિઓ જોવા મળે છે. સ્ટેચ્યૂ ઓફ યુનિટી, અમારા સાથી શ્રી વિરજીભાઇએ કહ્યું કે અભિનંદન આપું છું. હું તો અમારી સરકાર શ્રી નીતિનભાઇ, શ્રી પ્રદીપસિંહભાઇ તમને આમંત્રણ આપીએ છીએ કે આવો આપણે જોવા જઇએ. અજાયબીમાં નામ આવે એવું છે. સરદાર સાહેબને સન્માન આપવા માટે ૧૮૨ મિટર ઉંચાઇ છે. ગેનીબેન, એની નીચે ઉભા રહી જુઓ તો તમારી ડોક રહી જાય એ પ્રકારનું દ્રશ્ય, પણ ઉપરથી ના પાડે એટલે બેન બોલી ન શકે, મજા તો એમને પણ આવી હશે. જે પ્રકારે સમગ્ર વિશ્વમાંથી ટૂરિઝમ ક્ષેત્રે લોકો આવી રહ્યા છે, શ્રી નરેન્દ્રભાઇનો દ્રષ્ટિકોણ અને વિઝન એ સરદાર સાહેબને સાચી શ્રદ્ધાંજલિ હોય એવું બનાવ્યું. સરદાર સાહેબ અમારા, એમના નહીં. હવે ગાંધીજીની વાત કરે પણ સરદાર સાહેબની નહીં કરે. અમે કહીએ છીએ કે ગાંધી અને સરદાર ગુજરાતના છે અને હવે દેશ એવું કહે છે કે ગાંધી અને સરદારના ગુજરાતની સાથે સાથે શ્રી નરેન્દ્રભાઇ મોદી અને શ્રી અમિતભાઇ શાહનું ગુજરાત છે. આ ગૌરવ દેશ અને રાજ્યને અપાવવાનું શ્રેય અમારી પાર્ટીને જાય છે. અહીંથી યુક્રેનની વાત થઇ. યુક્રેન અને રશિયાના યુદ્ધની વચ્ચે માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇએ અમને જવાબદારી સોંપી. હું અને શ્રી રાજુભાઇ અને અમારો વિભાગ કેન્દ્રની સરકારના સંપર્કમાં રહીને શ્રી નરેન્દ્રભાઇ, શ્રી અમિતભાઇ, શ્રી એસ.જયશંકર, વિદેશ મંત્રી, ગુજરાતીઓને પાછા લાવવા માટેની યોજના ઓપરેશન ગંગા મિશન શ્રી નરેન્દ્રભાઇએ આદર્યું. ૧૫ હજારથી વધારે ભારતીયો પાછા આવ્યા. ૮૦૦થી વધારે ગુજરાતના વિદ્યાર્થીઓ પાછા લાવવાનું શ્રેય શ્રી નરેન્દ્રભાઇ, શ્રી અમિતભાઇ અને ભૂપેન્દ્રભાઇને જાય છે. મેં એમની આંખોમાં હર્ષના આંસુ જોયા છે. હું ત્યાં ગયેલો છું. વાતો કરીને નીકળી જવું, છટકી જવું, આવવું નહીં, ટીકા કરવી. તા. ૧૫-૨-૨૦૨૨ના રોજ એસ.ઓ.પી. બહાર પાડી કે જેમને આવવું હોય એ આવી જાય. પણ વિપક્ષને હંમેશા નકારાત્મકતા દેખાતી હોય છે. આવા વખતે પણ નકારાત્મકતા? અહીંથી વાત થઇ એટલે મારે કહેવું છે કે યુદ્ધ હોય એ કાંઇ સમય-ઘડી કહીને કરતા હોય છે? યુક્રેન અને રશિયાના ઝઘડાઓ છે એ વર્ષોથી છે. મેં એ વિદ્યાર્થીઓ સાથે વાત કરી છે. એમણે કહ્યું કે અમને એવું કહેતા હતા કે આવું તો બહુ થાય છે પણ નીકળવાની આવશ્યકતા નથી ભલે ભારત સરકારે કહ્યું હોય. ત્યાંની સ્થિતિનું આકલન કર્યા વગર દેશ બદનામ થાય એ પ્રકારની વાતો રાજ્યમાં પણ થઇ છે અને દેશમાં પણ થઇ છે. એમના મનમાં જો સંવેદના હોત, યુક્રેનના વિદ્યાર્થીઓ ગાંધીનગર અને અમદાવાદમાં આવ્યા, તમને ખબર હતી આવ્યા પણ એમની સાર-સંભાળ લેવા કે આવકારવા વિપક્ષના લોકો નથી આવ્યા એવું મને દુઃખ છે. અહીંયા વાતો કરો છો? યુદ્ધના મેદાનમાંથી ભારતનો ધ્વજ હાથમાં લઇને નીકળે, અમરેલીનો એક વિદ્યાર્થી તમારે સરનામું જોઇતું હોય તો હું આપી શકું એમ છું. એમણે મને વાત કરી, ભારતના વિદ્યાર્થીઓ, ગુજરાતના વિદ્યાર્થીઓ નીકળતા હતા, ભારતીયો નીકળતા હતા, છ કલાક માટે યુદ્ધ એ રશિયાએ રોકયું કે ઇન્ડિયનો નીકળી રહ્યા છે, આવું દ્રશ્ય એ આઝાદીના ઇતિહાસમાં પહેલી વખત વખત દુનિયાએ જોયું. એમના ધ્યાનમાં હોય તો કહે કે આવા યુદ્ધના મેદાનમાંથી ભારતીઓને, ગુજરાતીઓને લાવવા માટે ભારતનો ધ્વજ (અંતરાય) આ રશિયાના એમ્બેસીએ કહ્યું એની વાત કરું છું. હું પુરાવા સાથે વાત કરી શકું છું. એ છોકરાનો નંબર મારી પાસે છે. તમારે જોઇતો હોય તો આવજો. એમણે કહ્યું કે બસમાં ધ્વજ રાખજો. ભારતનો ધ્વજ, આપણી આન, બાન અને શાનને સન્માન આપવાનું કામ એ કોઇએ કર્યું હોય તો અહીંથી આપણા સભ્ય બનીને દેશમાં પહોંચ્યા છે એ શ્રી નરેન્દ્રભાઇએ કર્યું છે. આનંદ ભટ્ટ એ દીકરાનું નામ છે, એ વ્યવસ્થાનો મેઇલ કરે, એમ્બેસી જવાબ આપે અને ધબાધબી બોલતી હોય, ફાઇટર જેટ એ ત્યાં ઉડતા હોય, ઓપરેશનો ચાલુ હોય, એવા વખતે યુદ્ધના મેદાનમાંથી લાવવાનું ગૌરવ એ માનનીય વડાપ્રધાને આપ્યું છે, ત્યારે હું માનનીય મોદીજીનો, માનનીય અમિતભાઇ શાહનો, માનનીય જયશંકરજીનો અને માનનીય આપણા મુખ્યમંત્રી જેમણે દિલ્હી અને મુંબઇથી રાજ્ય સરકારના મહેમાન બનાવીને એ વિદ્યાર્થીઓને લાવ્યા અને અહીંયા અમે ગયા, પ્રાઇવેટ વાહન બાંધીને, એમનાં મા-બાપને ચિંતા ના થાય એ પ્રકારે ઘરે પહોંચાડયા એ દ્રશ્ય આજે પણ મનમાંથી જતું નથી કે કદાચ જનતાએ અમને જે બેસાડયા છે એ આ આશીર્વાદ લેવા માટે બેસાડયા છે. એક બાજુ પરિવારવાદ છે અને અમે એવું કહીએ છીએ કે એ અમે

પરિવારભાવથી ચાલી રહ્યા છીએ. આ બે તફાવત એ અમને જોવા મળ્યો. અમને આનંદ છે કે આટલું કરી શકયા છીએ અને હજી પણ બાકી છે. એના પ્રયાસો એ સતત અમે લાવી રહ્યા છીએ. માનનીય રાજયપાલશ્રીએ એમના પ્રવચનમાં એક મહત્ત્વની વાત કરી છે, હું વિનમ્રતાપૂર્વક ધ્યાન દોરવા માગું છું, અમદાવાદનો સિરિયલ બોમ્બ બ્લાસ્ટના કેસનો ચૂકાદો, ૨૬ જુલાઇ ૨૦૦૮ના રોજ બનેલ આતંકી ઘટના, જેમાં અમદાવાદ શહેરમાં લગભગ ૭૦ મિનિટમાં અલગ અલગ સ્થળોએ બોમ્બ ધડાકામાં ૫૬ નિર્દોષ વ્યકિતઓના મૃત્યુ થયા હતા. ૨૪૪ જેટલી વ્યકિતઓ ઈજાગ્રસ્ત થઇ, એજ દિવસે સુરત ખાતે પણ ૧૫ સ્થળે પ્લાન્ટ થયેલ બોમ્બ મળી આવ્યા. બુલેટની જૈટે આ તમામ આરોપીઓ પ્રતિબંધિત ઈસ્લામિક મુવમેન્ટ ઓફ ઈન્ડિયાના સીમીના સભ્યો હતા. તેઓએ ઈન્ડિયન મુજાહીદ્દિન નામનું સંગઠન બનાવીને અલગ અલગ સ્થળોએ બોમ્બ ધડાકા કર્યા હતા. નિર્દોષ નાગરિકોને મોતના ઘાટ ઉતારવાનું કૃત્ય એ આતંકવાદીઓ દ્વારા કરવામાં આવ્યું, એનો મુખ્ય સુત્રધાર યાસીન ભટકલ હતો જેના ઉપર અનેક ગુનાઓ પણ લાગેલા છે. તાલીમ પાવાગઢના જંગલોમાં, વાગમોર કેરળમાં આપવામાં આવી, અમારા પ્રદિપસિંહ જાડેજા, પ્રદીપસિંહ પરમાર, સિવિલ હોસ્પિટલ, અમદાવાદમાં એ હાજર હતા અને ક્ષણની અંદર બ્લાસ્ટ થયો, એ દર્દીઓની ખબર અંતર પૂછવા માટે જતા હતા. હું અભિનંદન આપું છું આ ભારતીય જનતા પાર્ટીના અમારા એ વખતના આગેવાનો અને જે અત્યારે અહીંયા બેઠા છે. સાહેબ, હિંમત જોઇએ આવા સ્થળે જવાની. આ અમારા સંસ્કારો છે, આ વિચારો છે, બ્લાસ્ટ માટે અનેક એરિયા નક્કી કરવામાં આવ્યા હતા, આખા અમદાવાદમાં સન્નાટો, સૂન્ન થઇ ગયું. મને કહેતા આનંદ છે એ વખતના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી, એ વખત રાજયના ગૃહ રાજયમંત્રીશ્રી અમિતભાઇ શાહ આ વખતના વડાપ્રધાન અને ગૃહમંત્રી છે. એ પગેરું શોધવા માટે પોલીસની ટીમ બનાવી. સ્પેશ્યલ કોર્ટમાં કેસ ચાલ્યો. એના પુરાવા, સાક્ષીઓ એટલા મજબૂત આપ્યા કે માનનીય ન્યાયાલય દ્વારા ૧૧ ને આજીવન કેદ, ૩૮ લોકોને ફાંસીની સજા ઈતિહાસમાં પહેલી વખત આપવામાં આવી છે. દુઃખ થાય કે સાડા છ કરોડની જનતાની લાગણી હતી. આ સ્થિતિની અંદર ગુજરાતમાં આવું બને, પણ મને કહેતા દુઃખ થાય છે કે વોટબેન્કની રાજનીતિ માટે થઇને કોંગ્રેસે હરફસુદ્ધા ઉચાર્યો નથી. ન્યાયાલય ચુકાદો આપતી હોય ત્યારે શેની બીક છે? તમને કયાં તકલીફ થાય છે. ન્યાયાલયે ન્યાય આપ્યો છે. ન્યાયલય અનેક ચુકાદા આપતા હોય છે, ત્યારે તમે દોડી દોડીને આવો છો. રામમંદિરના ચુકાદામાં ન આવો, આ ચુકાદામાં ન આવો. હું અપીલ કરું છું કે આવો સાથે મળીને તમને નરેન્દ્રભાઇ મોદી સાથે વાંધો હોય, શ્રી અમિત શાહ સાથે વાંધો હોય, પૂર્વ મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન સાથે વાંધો હોય, શ્રી વિજયભાઇ રૂપાણી સાથે વાંધો હોય, શ્રી પ્રદીપસિંહ સાથે વાંધો હોય, વાંધો હોઇ શકે. રાખો. સાર્વજનિક બાબતો છે, ત્યારે પોલીસને અને વહીવટી તંત્રને અભિનંદન આપવા માટે આ સભાગૃહમાં પ્રસ્તાવ લાવો. અભિનંદન આપીએ. અમે એને ટેકો આપીએ. વોટબેંકની રાજનીતિ કરવી છે. તકલીફો થાય છે. અમે તૈયાર છીએ. અભિનંદન આપો. રામ મંદિર વખતે નહિ, આ બ્લાસ્ટ કાંડમાં નહિ. આ પ્રકારની રાજનીતિ સદૈવ કરે છે, ત્યારે વર્ષ ૧૯૯૮, ૨૦૦૨, ૨૦૦૭, ૨૦૧૨, ૨૦૧૭ અને હવે ૨૦૨૨, ૨૦૨૪ માં પણ ફરી પાછા આવવાના નથી.

"થી નાવ બડી કમજોર, ખેવૈયા કા પતા નહિ, લગે સબ સાથ મે ડૂબને. અકેલે મેં મજા નહિ".

માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રકારની સ્થિતિ હું કોંગ્રેસની જોઇ રહ્યો છું. અમારે વિપક્ષને જવાબ નથી આપવો. અમારે સાડા છ કરોડની જનતા જનાર્દનને જવાબ આપવો છે. જેમ મન મનાવીને ૨૦૨૨ માં પણ ભાજપના વિચારોને મૂર્તિમંત કરવા માટે, એને જીતાડવા માટે બેઠી છે, ત્યારે મારે એટલું જ કહેવું છે કે, તમે સળગતા રહો આગની જેમ, અમે ખીલતા રહીએ કમળની જેમ. કભી થે હમ અકેલે, ભલા, તબ નહિ ડરે. ખૂબ ઓછા લોકો હતા તે દિવસે પણ અમને ડર નહોતો. અમારો વિચાર ભારતમાતા વિશ્વગુરુના સ્થાને પહોંચે, છેવાડાના માનવીને વિકાસના ફળો મળે. એ વિકાસના ફળોની અંદર એમનો નવો ઉદય થાય આ ભાવ સાથે કામ કરીએ છીએ ત્યારે કભી થે હમ અકેલે, ભલા, તબ નહિ ડરે. આજ હોવે ઇતને સારે, તો અબ ડર કેસા. આ જનાર્દનના આશીર્વાદ છે, ત્યારે રાજ્યપાલશ્રીનું પ્રવચનને સંપૂર્ણપણે સમર્થન આપું છું. આ જેમની વાત છે એ વાતને હું વિશ્વાસ અપાવું છું કે આગામી દિવસોમાં ભારતીય જનતા પાર્ટી એ તેજ ગતિથી હરણફાળ ભરીને શ્રી ભૂપેન્દ્રભાઇના નેતૃત્વમાં વિકાસની નવી ક્ષિતિજો તરફ લઇ જઇશું. ભારત માતા કી જય, વંદે માતરમ્.

**સભાગૃહનું કામકાજ સાંજના ૪-૫૯ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર મંગળવાર, તા. ૮મી માર્ચ, ૨૦૨૨ના રોજ સવારના ૧૦-૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

| પુસ્તક ૮૫ | વિષય સૂચિ | ચોથી શ્રેણી |
|---|---|---|
| **સભ્યનું નામ** | **વિષય** | **પેજ નં.** |
| અક્ષયકુમાર ઈ. પટેલ | રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા(પહેલો દિવસ) | 546 |
| | કવાંટ તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ | 450 |
| | રાજ્યમાં ખેલ મહાકુંભ યોજનાની અમલવારી | 124 |
| | વડોદરા જિલ્લામાં વ્યક્તિગત શૌચાલય | 308 |
| અજમલજી ઠાકોર | મહેસાણા જિલ્લામાં આંગણવાડી કેન્દ્રોને વીજ કનેક્શન | 403 |
| | મહેસાણા જિલ્લામાં પશુપાલકોને ખાણદાણ સહાય | 311 |
| | મહેસાણા જિલ્લામાં સહકારી મંડળીઓને જમીનની ફાળવણી | 354 |
| | મોડાસા તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ | 468 |
| | રાજ્યમાં પેરા સ્પોર્ટ્સ એશિયન ગેમ્સમાં વિજેતા દિવ્યાંગ ખેલાડીઓને પુરસ્કાર | 158 |
| | રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા(પહેલો દિવસ) | 553 |
| અજીતસિંહ ચૌહાણ | મહિસાગર અને નર્મદા જિલ્લામાં પશુ દવાખાનાઓનું મંજૂર મહેકમ | 343 |
| | મહિસાગર અને પંચમહાલ જિલ્લામાં પકડાયેલા નશીલા પદાર્થો | 180 |
| | મહિસાગર અને પંચમહાલ જિલ્લામાં પકડાયેલા નશીલા પદાર્થો | 212 |
| | મહીસાગર અને આણંદ જિલ્લામાં મનરેગા યોજના અંતર્ગત નાણાંની ફાળવણી | 298 |
| | મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં ગંગાસ્વરૂપા આર્થિક સહાય યોજના | 482 |
| | મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં જમીન ભાડે અથવા વેચાણથી આપવા બાબત | 375 |
| | મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ હેઠળ પ્રવેશ | ૪૨૬ |
| | મહીસાગર અને વલસાડ જિલ્લામાં કાર્યરત આંગણવાડીઓ | 515 |
| | મહીસાગર જિલ્લામાં લીમડી ગામે જી.આઇ.ડી.સી. બનાવવાની કામગીરી | 121 |
| અનંતકુમાર પટેલ | નવસારી અને ડાંગ જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં સુવિધા | 518 |
| | નવસારી અને વલસાડ જિલ્લાની શાળાઓમાં ઓરડાઓની ઘટ | 439 |
| | નવસારી અને વલસાડ જિલ્લામાં કાર્યરત જી.આઇ.ડી.સી. | 136 |
| | નવસારી અને વલસાડ જિલ્લામાં ખનિજની કાર્યરત લીઝો | 189 |
| | નવસારી અને વલસાડ જિલ્લામાં ગેરકાયદેસર સંગ્રહ કરેલ ખાદ્યાન્ન અને ખાદ્યતેલ જપ્ત કરવા પાડેલ દરોડા | 487 |
| | નવસારી અને વલસાડ જિલ્લામાં જમીનોની માપણીમાં આવેલ ક્ષતિઓની સુધારણા | 301 |
| | નવસારી અને વલસાડ જિલ્લામાં ટેકાના ભાવે મગફળીની ખરીદી | 377 |
| | નવસારી અને વલસાડ જિલ્લામાં પશુ દવાખાનાઓનું મંજૂર મહેકમ | ૩૪૫ |
| અંબરીશભાઇ ડેર | અમરેલી અને ભાવનગર જિલ્લામાં ચેરના વૃક્ષો | 486 |
| | અમરેલી અને રાજકોટ જિલ્લામાં ટેકાના ભાવે મગફળીની ખરીદી | 297 |
| | અમરેલી જિલ્લામાં સાગરખેડુ યોજના અન્વયે શાળા / કોલેજો | 438 |
| | રાજ્યમાં મામલતદાર સંવર્ગની ખાલી જગ્યાઓ બાબત | 342 |
| | રાજુલા અને જાફરાબાદ શહેરની ગટર યોજનાની નબળી કામગીરી | 205 |
| | વીર મેઘમાયા બલિદાન પુરસ્કાર યોજના અન્વયે મળેલ દરખાસ્તો | 170 |
| | અમરેલી અને ભાવનગર જિલ્લામાં પશુ દવાખાનાઓનું મંજૂર મહેકમ | 374 |
| અભેસિંહ તડવી | છોટા ઉદેપુર જિલ્લામાં આદિજાતિ કન્યાઓને લગ્ન પ્રસંગે સહાય | 450 |
| | છોટા ઉદેપુર જિલ્લામાં પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજના અંતર્ગત જળસંગ્રહના કામો | 295 |
| | છોટાઉદેપુર જિલ્લામાં “પર ડ્રોપ મોર ક્રોપ” અંતર્ગત ખેડૂતોને લાભ | 135 |

| | | |
|---|---|---|
| | નસવાડી તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ | ૪૯૬ |
| | રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા(પહેલો દિવસ) | 534 |
| અરૂણસિંહ રણા | ભરૂચ જિલ્લામાં "પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના" અંતર્ગત અનાજ વિતરણ | 490 |
| | ભરૂચ જિલ્લામાં આદિજાતિ કન્યાઓને લગ્ન પ્રસંગે સહાય | 444 |
| | ભરૂચ જિલ્લામાં કૃત્રિમ બીજદાનથી જન્મેલ વાછરડીઓથી પશુપાલકોને લાભ | 313 |
| | ભરૂચ જિલ્લામાં જી.આઇ.ડી.સી. માટે જમીનની ફાળવણી | 355 |
| | ભરૂચ જિલ્લામાં સ્ટુડન્ટ પોલીસ કેડેટની તાલીમ | 165 |
| અરવિંદ પટેલ | ધરમપુર તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ | 421 |
| | રાજ્યના ટોક્યો પેરાલોમ્પિક્સમાં પસંદગી પામેલ ખેલાડીઓ | 157 |
| | વલસાડ જિલ્લામાં વન અધિકાર હેઠળ જંગલની જમીન | 476 |
| અરવિંદ રાણા | અમદાવાદ અને સુરત શહેરમાં સસ્તા ભાડા પર આવાસો ઉપલબ્ધ કરાવા બાબત | 152 |
| | તાપી જિલ્લામાં આદર્શ નિવાસી શાળા માટે સરકારી જમીનની ફાળવણી | ૩૫૪ |
| | તાપી જિલ્લામાં કૃષિ વૈવિધ્યકરણ યોજનાના લાભાર્થીઓ | 466 |
| | સુરત જિલ્લામાં પશુ આરોગ્ય મેળા | 312 |
| અરવિંદકુમાર ગાં. પટેલ | ગુજરાત જમીન પચાવી પાડવા પર (પ્રતિબંધ)(સુધારા) વિધેયક, ૨૦૨૨ | 388 |
| | અરવલ્લી જિલ્લામાં કૃષિ વૈવિધ્યકરણ યોજનાના લાભાર્થીઓ | 493 |
| | રાજ્યમાં ડીપ્લોમાં ઇન્ફર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજી | 446 |
| | રાજ્યમાં સેક્સ શોર્ટેડ સીમેન લેબોરેટરીની સ્થાપના | 274 |
| અશ્વિનભાઈ કોટવાલ | અન્ન અને નાગરિક પુરવઠા વિભાગના નિગમોમાં કોન્ટ્રાક્ટથી કર્મચારીઓની ભરતી | 434 |
| | સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં ગંગાસ્વરૂપા આર્થિક સહાય યોજના | 484 |
| | સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં પશુ દવાખાનાઓનું મંજૂર મહેકમ | 275 |
| | રાજ્યમાં પશુચિકિત્સા અધિકારી વર્ગ-૨ જગ્યાઓ | 325 |
| | સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં સુવિધા | 516 |
| | સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં કાર્યરત જી.આઇ.ડી.સી. | 198 |
| | સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં જમીન ભાડે અથવા વેચાણથી આપવા બાબત | 361 |
| | સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં પકડાયેલા નશીલા પદાર્થો | 153 |
| આત્મારામ પરમાર | રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા(પહેલો દિવસ) | 537 |
| | બોટાદ જિલ્લામાં આંગણવાડી કેન્દ્રોને ગેસ કનેક્શન | 435 |
| | બોટાદ જિલ્લામાં પોલીસ વિભાગ માટે રહેણાંકના મકાનો | 138 |
| | બોટાદ જિલ્લામાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ હેઠળ અનાજ વિતરણ | 485 |
| | બોટાદ જિલ્લામાં હક્ક પત્રક નોંધોનો નિકાલ | 280 |
| આનંદભાઈ ચૌધરી | સુરત અને ડાંગ જિલ્લામાં કાર્યરત આંગણવાડીઓ | 524 |
| | સુરત અને વલસાડ જિલ્લામાં પકડાયેલા નશીલા પદાર્થો | 225 |
| | સુરત અને ડાંગ જિલ્લામાં રાઇટ ટુ એજ્યુકેશન એક્ટ હેઠળ પ્રવેશ | 502 |
| | સુરત અને નર્મદા જિલ્લામાં કાર્યરત જી.આઇ.ડી.સી. | 202 |
| | સુરત અને માંડવી જિલ્લામાં ગંગાસ્વરૂપા આર્થિક સહાય યોજના | 456 |
| | સુરત અને વડોદરા જિલ્લામાં ખનિજની કાર્યરત લીઝો | 163 |
| | સુરત અને વડોદરા જિલ્લામાં જમીનોની માપણીમાં આવેલ ક્ષતિઓની સુધારણા | 382 |
| | સુરત અને વલસાડ જિલ્લામાં જમીન ભાડે અથવા વેચાણથી આપવા બાબત | 316 |
